
# નમસ્કાર મંત્ર સિદ્ધિ




લેખક :-
શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ શાહ

શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહ
અમૃત-મહોત્સવ ગ્રંથમાલા-પુષ્પ અગિયારમું

# નમસ્કાર-મન્ત્રસિદ્ધિ

: લેખક :
ભારતજ્યોતિ, ગુર્જરમણિ, અધ્યાત્મવિશારદ, વિદ્યાભૂષણ,
મંત્રમનીષી, શતાવધાની પંડિત

**શ્રી ધીરજલાલ ટોકરશી શાહ**

: પ્રસ્તાવના :
પ. પૂ. સાહિત્ય-કલા-રત્ન
આચાર્ય શ્રી વિજયયશોદેવસૂરિજી મહારાજ

卐

નરેન્દ્ર પ્રકાશન : મુંબઈ-૯

પ્રકાશક :
નરેન્દ્રકુમાર ધીરજલાલ શાહ
વ્યવસ્થાપક :
નરેન્દ્ર પ્રકાશન
સરસ્વતી સદન, બીજે માળે
૧૧૩-૧૫ કેશવજી નાયક રોડ,
મુંબઈ–૪૦૦ ૦૦૯

આવૃત્તિ પાંચમી

ઈ. સ. [illegible] સં. [illegible]

મૂલ્ય રૂપિયા વીશ પૂરા

આ ગ્રંથના સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન છે

મુદ્રક
બેલા ટાઈપ, સેટીંગ વર્કસ
ઘીકાંટા રોડ, અમદાવાદ

# પ્રકાશકીય

શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહનું ચિંતન-મનન ઘણું ઊંડું છે અને આરાધના અંગે તેમનો અનુભવ ઘણો બહોળો છે, તેથી જ તેમનું આરાધના-સાહિત્ય આજે જૈનોના સર્વ સંપ્રદાયોમાં, તેમજ જૈનેતર વર્ગમાં પણ હોંશે હોંશે વંચાય છે અને આરાધક આત્માઓ તેમાંથી યોગ્ય માર્ગદર્શન મેળવી પોતાનો આરાધના-પથ ઉજ્જ્વલ બનાવે છે.

આ સાહિત્યનો પ્રથમ પ્રસાદ આજથી સત્તર વર્ષ પહેલાં **નમસ્કાર-મંત્રસિદ્ધિ** રૂપે મળેલો. તેમાં નમસ્કારમંત્ર અંગે વિવિધલક્ષી ને વિશદ વિચારણા રજૂ થયેલી તથા અનુભવનું અમૃત પીરસાયેલું, તે વાંચીને હજારો હૈયાં હર્ષિત થયેલાં. કેટલાકે તો આ ગ્રંથને જીવનના સાથી તરીકે અપનાવેલો અને મૃત્યુપર્યંત તેની મહોબ્બત કરેલી !

આ અતિ ઉપયોગી મનનીય ગ્રંથની ચાર આવૃત્તિઓ સુધારા-વધારા સાથે પ્રકટ થઈ ચૂકી છે, પરંતુ છેલ્લા બાર મહિનાથી તે અપ્રાપ્ય બનતાં જિજ્ઞાસુજનો ભારે આઘાતની લાગણી અનુભવી રહ્યા છે. તેથી અમે આ ગ્રંથની પાંચમી આવૃત્તિ **શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહ અમૃત-મહોત્સવ ગ્રંથમાલાના** અગિયારમા પુષ્પ તરીકે પ્રકટ કરવાનો નિર્ણય કર્યો છે. પરંતુ આ ગ્રંથ સારા-સુંદર મેપલીથો કાગળ પર સુઘડ છપાઈથી તૈયાર કરતાં, તેમજ ફિરંગી પૂંઠાથી બાંધતાં તેનું મૂલ્ય રૂપિયા ત્રીશથી ઓછું પરવડે એમ નથી, તેથી અમે સહકાર યોજના અમલમાં મૂકીને તેનું મૂલ્ય માત્ર રૂપિયા વીશ રાખ્યું છે, જેથી તેનો સારી રીતે સર્વત્ર પ્રચાર થઈ શકે.

આ પ્રકાશનમાં પ. પૂ. સાહિત્ય–કલા–રત્ન આચાર્ય શ્રી વિજયયશોદેવસૂરિજી મ., તેમના પટ્ટધર પ. પૂ. શતાવધાની આચાર્ય શ્રી વિજયજયાનંદસૂરિજી મ., પ. પૂ. પં. શ્રી મહાનંદ વિજયજી મ., તથા પ. પૂ. વ્યા. સા. તીર્થ પં. શ્રી સૂર્યોદયવિજયજી મહારાજે ઊંડો રસ લીધો છે અને યોગ્ય સહાય પણ કરી છે, તે માટે તેમને કૃતજ્ઞભાવે પુનઃ પુનઃ વંદના કરીએ છીએ.

આ ગ્રંથનું સમર્પણ યૂફ્રામીલિમેરેટરીના સંચાલક તથા જૈન સમાજના એક નિષ્ઠાવાન કાર્યકર્તા **શ્રીમાન્ રમણલાલ વાડીલાલ શાહે** સ્વીકાર્યું છે તથા પ્રકાશનમાં યોગ્ય સહાય પણ કરી છે, તે માટે તેમના ખાસ આભારી છીએ.

શ્રીમાન દીપચંદ એસ. ગાડી, શ્રીમાન્ ચિત્તરંજન ડી. શાહ. શ્રીમાન્ વસનજી લખમશી, શ્રીમાન્ શાંતિલાલ ભાઈચંદ શાહ. ડૉ. સી. વી. જૈન, શ્રીમાન્ દેવશીભાઈ સામત આદિ અનેક મહાનુભાવોએ આ ગ્રંથપ્રકાશનના પેટ્રન બનીને કે તેમાં વંદના આપીને અમને સહાય પહોંચાડી છે, તે માટે તેમનો અંતઃકરણથી આભાર માનીએ છીએ.

જૈન ધર્મની આધ્યાત્મિક આરાધના માટે આ પાયાનું પુસ્તક છે, એટલે પૂજ્ય મુનિવરો, જૈન સંઘો, જૈન સંસ્થાઓ તથા ધર્મપ્રેમી નર-નારીઓ તેનો ખૂબ છૂટથી પ્રચાર કરે, એ જ અભ્યર્થના !

—પ્રકાશક



સ્વ. યુગદિવાકર સ્વનામધન્ય
આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ
જેઓ
જિનશાસનની ઉન્નતિનાં અનેક
કામો કરી ગયા.



પ. પૂ. સાહિત્ય-કલા-રત્ન

**આ. શ્રી વિજયયશોદેવસૂરિજી મહારાજ**

જેમની


વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવનાથી આ ગ્રંથ

અલંકૃત થયેલો છે.

સ્ટાન્ડર્ડ લેમિનેટસ્ (પેપર) પ્રા. લિ. મુંબઈના સૌજન્યથી.



પ. પૂ. વિદ્વદ્વર્ય શતાવધાની
**આ. શ્રી વિજયાનંદસૂરિજી મહારાજ**
જેઓ
જિનશાસનની સુંદર પ્રભાવના
કરી રહેલા છે.
શ્રી જયસેવક મંડલ-મુંબઈના સૌજન્યથી.




પૂ પં. પ્રવર શ્રી મહાનંદવિજયજી ગણિવર્ય

જેઓ

જૈન તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી છે
તથા મધુર વકતા છે અને અમારા સાહિત્ય-સર્જનમાં
ઊંડો રસ ધરાવે છે.

દર્ભાવતી ટ્રસ્ટ-ડભોઈના સૌજન્યથી.



પૂ. પં. પ્રવર શ્રી સૂર્યોદયવિજયજી ગણિવર્ય
જેઓ
ગુરુદેવના પગલે ચાલી સુંદર શાસનપ્રભાવના કરી રહેલા છે
અને અમારા સાહિત્યસર્જનને સુંદર
પ્રોત્સાહન આપી રહેલા છે.
ઘાટકોપર જૈ. શ્વે. મૂ. સંઘના સૌજન્યથી.



સ્વાશ્રયવીર પુરુષાર્થ પરાયણ

**શ્રીમાન્ રમણલાલ વાડીલાલ શાહ**

જેમને

આ ગ્રંથ સાદર સમર્પિત

કરવામાં આવ્યો છે.

# સમર્પણ

જેમણે
સ્વાશ્રયનો સિદ્ધાંત સ્વીકારીને
તથા
પુરુષાર્થપરાયણ બનીને
જીવનનો પથ અજવાળ્યો છે
તથા
નમસ્કાર મહામંત્ર પ્રત્યે
પરમ પ્રીતિ દાખવી છે
તે

**શ્રીમાન્ રમણલાલ વાડીલાલ શાહને**

આ ગ્રંથ
સાદર સમર્પિત કરું છું.

* * *

બંધુ
ધીરજલાલ ટોકરશી શાહ



સ્વાશ્રયીવીર પુરુષાર્થપરાયણ

# શ્રીમાન્ રમણલાલ વાડીલાલ શાહનો

## ટૂંક જીવનપરિચય

આ દુનિયામાં રોજ કેટલાયે મનુષ્યો જન્મે છે અને કેટલાયે મનુષ્યો મરે છે, પણ તેમાં મહત્ત્વ તો તેજ મનુષ્યોનું છે, કે જેઓ સમય અને સંયોગ પ્રતિકૂલ હોવા છતાં શ્રદ્ધા અને સંકલ્પના બલે પુરુષાર્થના ઘોડે પલાણ માંડે છે અને જીવનનું કોઈ એક વિશિષ્ટ ક્ષેત્ર સર કરીને રહે છે. આવા મહત્ત્વશાલી મનુષ્યોની પ્રશસ્ત પંક્તિમાં **શ્રીમાન્ રમણલાલ વાડીલાલ શાહનું** નામ સહેજે મૂકી શકાય એવું છે. તેમનો ટૂંક જીવનપરિચય કરાવતાં અમને અત્યંત આનંદ થાય છે.

ઉત્તર ગુજરાતમાં સિદ્ધપુર નામનું નગર છે, તે ઇતિહાસનાં અનેકવિધ સંસ્મરણોને સંગ્રહીને સરસ્વતી નદીના કિનારે ઊભેલું છે અને લોકોને ચેતીને ચાલવાનો મૂંગો ઉપદેશ આપી રહેલું છે. તેનાથી સાત-આઠ કીલોમીટરના અંતરે લુણવા નામનું એક નાનકડું ગામ છે, જે તેની પાસેના મંડાલી ગામને લીધે લુણવા-મંડાલી તરીકે પ્રસિદ્ધિ પામેલું છે.

છસો-સાતસો માણસોની વસ્તીવાળા આ ગામમાં દશા શ્રીમાલી જ્ઞાતીય શ્રીમાન્ વાડીલાલ છબીલદાસ શાહ તેમની પ્રામાણિકતા તથા પરોપકાર-પરાયણવૃત્તિને લીધે ઘણા લોકપ્રિય થયેલા હતા અને ગામનાં નાનાં-મોટાં દરેક કામો અગ્રેસર થઇને પાર પાડવામાં આનંદ માનતા હતા. તેમનાં ધર્મપત્ની શ્રીમતી મોતીબ્હેન સાદાઇ, સુશીલતા અને દયા-દાનના ગુણને લીધે મહિલાવૃંદમાં મોતીની જેમ દીપી ઉઠતા હતા. તેમણે સને ૧૯૨૭ ના સપ્ટેમ્બર

માસની ૧૬ મી તારીખે એક પુત્રરત્નને જન્મ આપ્યો. તે સહુના દિલનું રમણ કરે એવો હોવાથી રમણલાલ નામ પામ્યો અને માતા–પિતાની શીળી છાયામાં ઉછરવા લાગ્યો. ગામડાનાં નૈસર્ગિક વાતાવરણે તેને આરોગ્ય પણ આપ્યું અને ખડતલતા પણ આપી.

તેણે–તેમણે પ્રાથમિક શિક્ષણ અમદાવાદમાં લીધું અને ત્યાર પછી શેઠ ચીમનલાલ નગીનદાસ છાત્રાલયમાં દાખલ થઈને વિશેષ વિદ્યાભ્યાસ કરવા માંડયો. શાળાએ તેમને શિક્ષણ આપ્યું અને છાત્રાલયે તેમને સુસંસ્કારો આપ્યા. એ વખતે આ છાત્રાલયની એક આદર્શ સંસ્થા તરીકે ખૂબ જ પ્રસિદ્ધિ હતી. તે છાત્રોને–વિદ્યાર્થીઓને સ્વાશ્રયી થવાની શિક્ષા આપતું અને પુરુષાર્થી થવાના પાઠો પઢાવતું. વળી જીવનનું સુયોગ્ય ઘડતર થાય, એવા બીજા પણ અનેક ગુણોનું છાત્રોના અંતરમાં આરોપણ કરતું. પરિણામે તેમાંથી તૈયાર થઈને નીકળતા છાત્રો જરૂર આગળ વધતા અને સમાજનું ભૂષણ બનતા.

શ્રીમાન્ રમણભાઈ આજે પણ એ છાત્રાલયને યાદ કરે છે અને પોતાના જીવનમાં સુસંસ્કારોનું યોગ્ય વાવેતર કરવા માટે તેનો ખૂબ ખૂબ આભાર માને છે.

તેમને આ છાત્રાલયમાં રહીને વિશેષ વિદ્યાભ્યાસ કરવો હતો, પણ સંયોગોએ યારી ન આપતાં પાંચ અંગ્રેજી ધોરણ પૂરાં કર્યાં પછી સને ૧૯૪૨ માં તેમણે આ છાત્રાલયને સલામ ભરી અને જીવનના જંગમાં ઝુકાવ્યું. પ્રારંભના ચાર–પાંચ વર્ષ વિવિધ પ્રકારની નોકરીમાં વીત્યા. ત્યાર બાદ સને ૧૯૪૭ માં તેમણે મુંબઈ તરફ મીટ માંડી અને એક સોહામણી સવારે તેમાં દાખલ થયા.

મુંબઈ મહાનગરીએ વિવિધ વ્યવસાયના અનેક મનુષ્યોને આશ્રય આપ્યો છે અને તેમનું ભાગ્ય નિર્માણ કરવામાં ભારે

સહાય કરી છે. શ્રીમાન્ રમણભાઈની બાબતમાં પણ એમ જ બન્યું. તેમણે અહીં શરૂઆતના બે વર્ષ નોકરી દ્વારા એકસપોર્ટ-ઇમ્પોર્ટ ધંધાનો અનુભવ લીધા પછી પોતાની એકસપોર્ટ-ઇમ્પોર્ટની પેઢી શરૂ કરી, જે સને ૧૯૫૮ સુધી બરાબર ચાલુ રહી.

પરંતુ શ્રીમાન્ રમણભાઈના મહત્ત્વાકાંક્ષી મનને આથી સંતોષ ન હતો. તે આગળ વધવા ઈચ્છતા હતા અને તે માટે ગમે તેવો-તેટલો પુરુષાર્થ કરવાને તૈયાર હતા. પરિણામે તેમણે સને ૧૯૬૩ માં મેડીસીન મેન્યુફેક્ચરીંગમાં ઝુકાવ્યું અને ભાયખલા લવલેનમાં 'યુફાર્મા લેબોરેટરી' નામથી એક નાનું કારખાનું શરૂ કર્યું. પરંતુ બે ત્રણ વર્ષમાં જ ધંધાનો સારો એવો વિકાસ થતાં તેઓ એ કારખાનાને દાદર-વડાલાની મોટી જગામાં લઈ ગયા. હવે બન્યું એવું કે થોડા જ વખતમાં ત્યાં પણ જગા નાની પડવા માંડી, એટલે સને ૧૯૬૮ માં વીલેપાર્લે પૂર્વમાં સહકાર રોડ પર એક મોટું મકાન ખરીદીને તેમાં યુફાર્મા લેબોરેટરીને સ્થિર કરી. આજે તો તે વિશાલ કંપાઉન્ડ સાથે ત્રણ માલની એક આલિશાન ઈમારત ધરાવે છે અને તેમાં ૨૫૦ જેટલા કારીગરોનો સમાવેશ થાય છે. તેમાં ૨૬ જેટલા તો કેમિસ્ટો જ છે. મેડીસીનનો-દવાનો કોઈ પ્રકાર એવો નથી કે જે ત્યાં બનતો ન હોય.

અહીં પોતાના મકાનમાં સ્થિર થયા પછી તેમનો ધંધો દિન દોગુની અને રાત ચોગુની પ્રગતિ પામ્યો અને તેમને ભારત સરકાર, રાજ્ય સરકારો તથા વિદેશીમાંથી બહુ મોટા ઓર્ડરો મળવા માંડયા. તેમાં મધ્ય એશિયા અને આફ્રિકાના દેશો મોખરે રહ્યા. આજે ૩૫ દેશો સાથે તેઓ વ્યાપારી સંબંધો ધરાવે છે. સને ૧૯૭૧ માં તેમને એકસપોર્ટ-ઈમ્પોર્ટનો પ્રથમ એવોર્ડ મળ્યો.

અહીં એ પણ જણાવવું જરૂરી છે કે તેમણે ઈન્ડિયન ડ્રગ મેન્યુ ફેકચરીંગ એસોસીએશનમાં બે વર્ષ સુધી જોઈન્ટ સેક્રેટરી

તરીકે કામ કરેલું છે અને એગ્રીક કેમિકલ એકસપોર્ટ પ્રોમોશન કાઉન્સીલની એડમીનીસ્ટ્રેટીવ કમીટીના સભ્ય તરીકે પણ કામ કરેલું છે. આ રીતે તેમનો આ વિષયનો અનુભવ ઘણો બહોળો છે.

વળી તેમણે સને ૧૯૬૬ થી મધ્ય એશિયા તથા આફ્રિકાના દેશોનો પ્રવાસ કરવા માંડયો, તે આજે પણ ચાલુ છે. હમણાં જ તેઓ એ પ્રવાસમાંથી સુખરૂપ પાછા ફર્યા છે અને પોતાનો ધંધો સંભાળી રહેલા છે. વચ્ચે તેમણે યુરોપનો પ્રવાસ પણ કર્યો છે અને સને ૧૯૮૩ માં પોતાના ધર્મપત્ની શ્રીમતી સરસ્વતીબહેન સાથે અમેરિકાની મુલાકાત પણ લીધેલી છે. પરિણામે તેમના જ્ઞાન અને અનુભવોની ક્ષિતિજો વિસ્તરવા પામી છે.

શ્રીમાન્ રમણભાઈએ ખૂબ આગળ વધવા છતાં તેમનો સ્વાશ્રય અને પુરુષાર્થનો ગુણ છોડયો નથી. તેઓ નાહી-ધોઈ પૂજાપાઠ કરી સવારના સાડાનવ વાગતાં તો પોતાના કારખાને પહોંચી જાય છે અને વિવિધ પ્રકારનાં કામો સંભાળે છે. બપોરનું ભોજન પણ ઘણા ભાગે ત્યાંજ લે છે અને રાત્રિના સાત આઠ વાગે પોતાના નેપિયન્સી રોડ પરના આલિશાન ફલેટમાં પહોંચે છે. ત્યાં સાયંભોજન કર્યા પછી તેઓ કુટુંબીજનો સાથે વિવિધ પ્રકારનો વાર્તાલાપ કરે છે કે કોઈ મનોરંજન કાર્યક્રમમાં જોડાય છે. તેમની પ્રકૃતિ એકંદર સાત્ત્વિક છે, એટલે કોઈપણ વ્યસન તેમનામાં દાખલ થવા પામ્યું નથી. તેઓ સાદાઈથી જ રહે છે અને સહુ સાથે પ્રેમથી ભળે છે. વળી જ્યાં જરૂર હોય, ત્યાં દાન કરવાનું ચૂકતા નથી. નમસ્કારમહામંત્ર પર તેમને ઘણી પ્રીતિ છે.

તેઓ સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં રસ ધરાવે છે, પણ તે માટે વિશેષ સમય ફાજલ પાડી શકે એવી સ્થિતિમાં નથી, તેથી દૂર રહીને શકય એટલી સેવા કરે છે અને આત્મ-

સંતોષ અનુભવે છે. આમ છતાં તેઓ મુંબઇ ચીમનછાત્રમંડલ કે જે અમદાવાદના શેઠ ચીમનલાલ નગીનદાસ છાત્રાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું એક સંગઠન છે, તેનું પ્રમુખપદ વરસોથી શોભાવી રહેલ છે અને મુંબઈ વસતા પોતાના જ્ઞાતિજનોના મંડલના પણ વર્ષોથી પ્રમુખ છે.

તેમનાં લગ્ન સને ૧૯૪૬ માં મહેસાણાનિવાસી શ્રીમાન્ ચીમનલાલ પુનમચંદ મોદીની સુપુત્રી શ્રી સરસ્વતી બહેન સાથે થયાં. તેનાથી તેમનો સંસાર સુખી નીવડયો. તેઓ આજે ભરતભાઈ અને શ્રેણિકભાઇ નામના બે પુત્રોના તથા રેખાબહેન અને ઈલાબહેન નામની બે પુત્રીઓના પ્રેમાળ પિતા છે. તેમનાં આ ચારે ય સંતાનો, સારું શિક્ષણ પામેલા છે અને વિવાહિત સુખી જીવન ગુજારે છે. તેમાં ભરતભાઈ અને શ્રેણિકભાઈ તો યુ ફાર્મા લેબોરેટરીમાં જવાબદારીભર્યાં સ્થાનો સંભાળે છે અને એ રીતે પોતાના પિતાએ સ્થાપેલા એક સફલ વ્યવસાયમાં પોતાનો અદનો ફાળો આપે છે.

અમે વર્ષોથી શ્રીમાન્ રમણભાઈને ઓળખીએ છીએ અને તેમની સાથે મિત્રાચારીભર્યો સંબંધ ધરાવીએ છીએ, એટલે તેમની આ વ્યાવસાયિક સફલતાથી ખૂબ જ પ્રભાવિત છીએ. તેમનો યોગ્ય સત્કાર કરવા માટે અમે અમારો રચેલો આ **'નમસ્કાર–મંત્રસિદ્ધિ'** નામનો ગ્રંથ તેમને હર્ષિત હૈયે અર્પણ કરી રહ્યા છીએ.

સર્વવિઘ્નહરણાય શ્રીલોઢણપાર્શ્વનાથાય નમઃ

# પ્રસ્તાવના

[ પ્રથમ આવૃત્તિ માટે લખાયેલી ]

## નવકાર તથા તેનાં નામાન્તરો અંગે વિચારણા

આ પુસ્તકનું નામ **'નમસ્કારમંત્રસિદ્ધિ'** આપવામાં આવ્યું છે. આ નામકરણ જે પાઠને ઉદ્દેશીને કરવામાં આવ્યું છે, એ પાઠ પ્રાકૃત છે અને એના કારણે એનું શાસ્ત્રોક્ત નામ 'નમસ્કાર કે

૧. સિદ્ધહે. શ.–૮, ૧, ૬૨ ના નિયમથી પ્રાકૃત ભાષામાં આદિ 'न' નો વિકલ્પે 'ण' થાય છે, તેથી णमोक्कार, णमुक्कार તેના વૈકલ્પિક રૂપો છે. નમસ્કાર અર્થમાં ત્રીજું णमक्कार, ( गउड वि ३. ६. ) એવું રૂપ પણ મલે છે. એ તમામમાંથી રૂપાંતર પામેલું ચોથું नवकार રૂપ પણ મલે છે. જેમ શ્રમણ ભગવાન મહાવીરનું જન્મદત્ત મૂલનામ પ્રસિદ્ધિને ન પામતાં દેવકૃત 'મહાવીર' નામ જગપ્રસિદ્ધ બની ગયું, તેવું જ આ સૂત્રને માટે થયું છે. આનાં પ્રારંભિક નામો અપ્રચલિત બન્યાં અને 'નવકાર' નામ સર્વત્ર પ્રસિદ્ધિને પામ્યું. આજે આ જ નામ આબાલવૃદ્ધ વર્ગમાં પ્રચલિત છે.

એના અપભ્રંશરૂપે 'નવકાર'માંથી ટૂંકા વહેવારરૂપે લોકોએ 'નોકાર' એવા રૂપને જન્મ આપ્યો. એના ઉપરથી જાપ જપવાની માળાનું નામ પણ 'નોકારવાળી' પડયું. ભલે માળા ઉપર બીજા અનેક જાપો જપાતા હોય, પણ જૈનોની માળાને 'નોકારવાળી' કે 'નવકાર વાળી' જ કહેવાય. એ રીતે આબાલવૃદ્ધમાં આ વ્યવહાર સર્વત્ર પ્રવર્તે છે.


આ ઘટના એક સૂચન કરે છે કે ભલે બીજા જાપો જપો પણ માળાના નામને ચરિતાર્થ કરવા 'નવકારમંત્ર' થોડો પણ ગણજો.



**શ્રીમતી સરસ્વતીબ્હેન આર. શાહ**

જેમણે

સ્વાશ્રય અને સંસ્કારથી
પોતાનું જીવન-ઘડતર ઉત્તમ પ્રકારે
કર્યું છે અને સેવાનાં વિવિધ ક્ષેત્રોમાં
પોતાનો વિનમ્ર ફાળો આપતા રહે છે.



**શ્રીમાન્ ભરતભાઇ રમણલાલ શાહ**

બી. એસ. સી.

જેઓ

યુફ્રામાં લેબોરેટરીના વ્યવસ્થા-
વિભાગનું સંચાલન ઘણી કુશળતાથી
કરી રહેલા છે તથા સમાજસેવાના વિરલ
સ્વપ્નો સેવે છે.




**શ્રીમતી નીના બહેન બી. શાહ**

બી. એ.

જેઓ

સાહિત્ય અને કલાના અનન્ય
પ્રેમી છે તથા અમારી સાહિત્ય-સર્જન-
પ્રચારની પ્રવૃત્તિમાં ઊંડો રસ લઈ
રહેલા છે.



**શ્રીમાન્ શ્રેણિકભાઇ આર. શાહ**
બી. એસસી.

જેઓ


યુફાર્મા લેબોરેટરીના પ્રોડકશન-
વિભાગનું સુંદર સંચાલન કરી
રહેલા છે તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં
ઊંડી દિલચસ્પી દાખવી રહેલા છે.



**શ્રીમતી મીરાં બહેન એસ. શાહ**
બી. એ.

જેઓ

જૈન ધર્મ અને જૈન સાહિત્યના
અનન્ય પ્રેમી છે તથા મહિલા ઉત્કર્ષની
પ્રવૃત્તિઓમાં ઘણો રસ ધરાવે છે. તેઓ
અમારા સાહિત્યના ભારે પ્રશંસક છે.



**સ્વ. પ્રાણલાલ મોહનલાલ વડાલિયા**

જેમના


સેવાપરાયણ સંસ્કારી જીવને
લોકોનું અનેરું આકર્ષણ કર્યું હતું
અને
અનેકનાં આંસુ લૂંછીને મહાપુણ્ય
ઉપાર્જન કર્યું હતું.



**ગં. સ્વ. શ્રી ઝબકબહેન મોહનલાલ વાડલિયા**

જેમણે

જૈન ધર્મના ઉમદા સિદ્ધાંતો
પોતાના જીવનમાં ઉતારવા માટે
નિષ્ઠાભર્યો પુરુષાર્થ કરેલો છે અને
તેમાં સારી સફલતા મેળવેલી છે.



**શ્રીમાન્ હીરજલાલ મોહનલાલ શાહ**

જેઓ

શ્રી ગોવાલિયા ટેંક જૈન સંઘના પ્રમુખ છે,
ઓલ ઈન્ડિયા જૈન શ્વે. કોન્ફરન્સના ઉપ પ્રમુખ છે,
શ્રી નમિનાથ જૈન ટેમ્પલ ટ્રસ્ટના તથા શ્રી
શત્રુંજય હોસ્પીટલના પણ ટ્રસ્ટી છે તથા અમારા
સાહિત્યના પણ અનન્ય પ્રેમી છે.

नमोक्कार છે. સૂત્ર હોવાથી તેની આગળ सुत्तं જોડાતાં नमु (मो) कारसुत्तं એવું નામ પ્રસિદ્ધિમાં આવ્યું. એ વખતે 'નમોક્કાર' સૂત્ર તરીકે ઓળખાતો હતો. પાછળથી [1]નમસ્કાર અર્થમાં તેનું પ્રાકૃતરૂપ નવકાર થયું. એના ઉચ્ચારણની સરલતાને લીધે આ રૂપ આબાલવૃદ્ધ પર્યન્ત સર્વત્ર પ્રસિદ્ધિ અને પ્રચારને પામ્યું. એ વખતે નવકારની સાથે પણ सुत्त નું જોડાણ હતું, પરંતુ કાલાંતરે सुत्त નું સ્થાન 'मंत्त' શબ્દે લીધું, એટલે પ્રાકૃતનાં બધાં રૂપો સાથે मंत्त શબ્દનો વૈકલ્પિક વ્યવહાર યોજાયો.

જનતાએ (नवकार–मंत) આ શબ્દોનાં નવકારનું પ્રાકૃતરૂપ

---

સવારનું આદ્ય પચ્ચક્ખાણ નવકાર ગણીને પારવાનું હોવાથી 'નવકારસી', નવકાર ગણવાવાળાના જમણને નવકારશી કે નોકારસીથી ઓળખાય છે. આજે 'નવકાર' તથા 'નોકાર' બે નામો સુપ્રચલિત બન્યાં છે.

૧. વર્તમાનના એક વિદ્વાન જૈન મુનિજી 'નવકાર' આ નામનો અર્થ કરતાં એક પુસ્તિકામાં લખે છે કે–नवसु पदेसु काराः क्रियाः यस्मिन् स नवकारः । જેનાં નવપદોમાં નવ ક્રિયાઓ છે, તેને નવકાર કહે છે. આ કારણે મહામંત્રનું બીજું નામ 'નવકાર મંત્ર' છે. આ જાતની વ્યુત્પત્તિ કરી જે અર્થ ઘટાવ્યો છે તે, વળી काराः શબ્દોનો ક્રિયા અર્થ કર્યો છે તે, આ બંને માટે જો કોઈ આધાર ટાંક્યો હોત તો આ અભિનવ અર્થ માટે સંતોષ થાત. મને લાગે છે કે આવી ક્લિષ્ટ અને નિરાધાર કલ્પના કરવા કરતાં નવકાર શબ્દને કોશમાન્ય 'નમસ્કાર' અર્થનો વાચક શા માટે ન માનવો ?

બીજી વાત એ પણ છે કે આરાધનક્રિયા આઠ જ પદની છે, કેમકે સંપદા આઠ જ છે. પછી નવ ક્રિયાઓ કેમ ઘટશે ?

આ સિવાય બીજી પણ કેટલીક બાબતો સાથે વિરોધ આવે તેમ છે, એટલે પ્રસ્તુત વિધાન વિચારણીય છે.

એમને એમ અકબંધ રાખ્યું, પણ 'મંત' પ્રાકૃતની જગ્યાએ તેનું ગુજરાતી રૂપાંતર 'મંત્ર' ગોઠવી દ્વિભાષા 'નવકારમંત્ર' આવો શબ્દ ગાજતો કર્યો. આજે પ્રસ્તુત સૂત્રને નમસ્કાર અર્થના વાચક 'નવકાર' શબ્દથી જ સહુ કોઈ જાણે છે, ઓળખાવે છે અને વાણીના વ્યવહારમાં સર્વત્ર એ જ વપરાય છે.

આજે ગૃહસ્થનાં ઘરોમાં પણ 'નવકાર ગણ્યા, નોકાર ગણ્યા, નોકારવાલી ગણી' આ શબ્દોનો વપરાશ સામાન્ય થઇ પડયો છે.

## महासुयक्खंध-મહાશ્રુતસ્કંધ નામ શા માટે ?

મહાનિશીથ નામના આગમસૂત્રમાં આ નવકારસૂત્રને 'पंचमंगल-महासुयक्खंध' એવા લાક્ષણિક નામથી ઓળખાવ્યું છે. આ એક આગમશાસ્ત્રોક્ત, આદ્ય, મહત્ત્વપૂર્ણ અને સાર્થક નામકરણ છે, એટલે તે સંબંધી પણ કેટલોક વિચાર કરીએ.

સામાન્ય રીતે જિનાગમોને શ્રુત શબ્દથી ઓળખવામાં આવે છે, કારણ કે તેમાં જે જ્ઞાન સંઘરાયેલું છે, તે કર્ણપથ દ્વારા [1]શ્રવણ કરીને સંચિત કરેલું છે.

જે શ્રુત નો સમુદાય, તે श्रुतस्कन्ध[2]. આ રીતે તમામ આગમોને માત્ર सुयक्खंध=શ્રુતસ્કંધથી ઓળખાવાય છે, જ્યારે આ સાવ નાનકડા સૂત્ર કે મંત્રપાઠને 'महा' વિશેષણ જોડી महासुयक्खंध=મહાશ્રુતસ્કંધ તરીકે ઓળખાવ્યું છે. તે પરથી શાસ્ત્ર અને સંઘમાં તેનું કેવું અસાધારણ સ્થાન છે, તેનો ખ્યાલ મળી રહેશે.

આ સૂત્રને 'મહાશ્રુતસ્કંધ' કહેવાનું મુખ્ય કારણ એ છે કે

---

૧. શ્રુતના શાસ્ત્રજ્ઞાન, શબ્દજ્ઞાન, આગમ આદિ વિવિધ અર્થો પણ આગમોમાં તથા કર્મશાસ્ત્રોમાં મળે છે.

૨. સ્કંધ એટલે સમૂહ અથવા ખંડ. શ્રુતસ્કંધનો અર્થ દ્વાદશાંગ પણ કરવામાં આવ્યો છે.

[3]તલમાં તેલ, કમલમાં મકરંદ, દૂધમાં ઘી, પુષ્પમાં સુવાસ અને કાષ્ઠમાં અગ્નિ જે સર્વાંશોમાં સદાય વ્યાપીને રહેલ છે, તે જ રીતે આ નમસ્કારસૂત્ર અને તેનો ભાવ શાસ્ત્રની આદિમાં તેનું ઉચ્ચારણ કર્યું હોય યા ન કર્યું હોય, તો પણ તેમાં સર્વત્ર વ્યાપીને રહેલો છે. અથવા તો ધર્મ, અધર્મ, આકાશ, જીવો અને પુદ્ગલો આ પાંચેય અસ્તિકાયો જેમ સર્વત્ર સર્વદા વ્યાપ્ય છે, એની કોઈ આદિ નથી કે અંત નથી, તે રીતે જ આ પંચમંગલમહાશ્રુતસ્કંધ શાશ્વત છે અને તે સ્પષ્ટ કે અસ્પષ્ટપણે, સીધી રીતે કે આડકતરી રીતે, સર્વત્ર સર્વદા વ્યાપીને રહેલ છે. મહાનિશીથ સૂત્રે पंचमंगल, पंचनमो(मु)क्कार જેવા ટૂંકા શબ્દોથી પણ ઓળખાવેલ છે. અન્યત્ર पंचपरमेष्ठि, [4]पंचमंगल વગેરે નામોથી પણ નિર્દેશ કરાયો છે.

હવે પ્રસ્તાવનમાં હું આ 'નવકાર'ના પાઠનો મંત્ર શબ્દ જોડીને વ્યવહાર કરીશ.

## નવકારમંત્રનાં પાંચ પદોનો અર્થ, મહિમા અને આરાધનાની ઝાંખી

આ નવકારમંત્રના પ્રારંભના પાંચ પદોમાં 'तिन्नाणं तारयाणं' આદર્શને વરેલા અઢાર દોષથી રહિત, બાર ગુણોથી શોભતા અરિહંતોને; અષ્ટકર્મથી રહિત, અષ્ટ ગુણોથી ઝળકતા સિદ્ધાત્માઓને;

---

૩. तिलतेलकमलमयरंदव्व सव्वलोए पंचत्थिकायमिव सयलागमंतरोववत्त । —મહાનિશીથ સૂત્ર.

૪. નવકારને 'महामृत्युंजय' તરીકે અદ્વિતીય ગ્રન્થસર્જક શ્રી હરિભદ્રસૂરિજીએ 'યોગબિંદુ'માં ઓળખાવ્યો છે. અજૈનોમાં 'મહામૃત્યુંજય'ના જાપ કરવાનો ઘણો પ્રચાર છે. જૈનોને જરૂર પડે ત્યારે આ નવકારમંત્રના જ જાપો કરવા. આના બીજાં अपराजित વગેરે નામો પણ મળે છે.

શાસનના સ્થંભસમા, છત્રીશ ગુણોથી અલંકૃત આચાર્યોને; પઠન-પાઠનાદિમાં સદા તત્પર, પચીશ ગુણોને વરેલા ઉપાધ્યાયોને; સ્વપરના હિતમાં રત, મુક્તિમાર્ગના સાધક, સત્તાવીશ ગુણોથી દીપતા સાધુ-મુનિવરોને; એમ પાંચેય ગુણવાન આત્માઓને નમસ્કાર કરવામાં આવ્યો છે.

આ વિશ્વ ઉપર સર્વદા-સર્વથા[૧] નમસ્કાર્ય-નમસ્કાર કરવા યોગ્ય, સત્કાર્ય, સામાન્ય જો કોઇ પણ વ્યક્તિઓ હોય તો ગુણરત્નપૂર્ણ 'शिवमस्तु सर्वजगतः'ની વિશ્વકલ્યાણની સર્વોદાત્ત ભાવનાને વરેલા આ પાંચ જ છે. એથી જ પાંચેયને પૃથક્ પૃથક્ નમસ્કાર કરીને સહુનું પ્રાધાન્ય સ્થાપિત કરવાપૂર્વક ગૌરવ કરવામાં આવ્યું છે.

સરલ શબ્દો, સાદા અર્થો, નિરાડંબરી રચના, એમાં નથી મંત્ર બીજો કે તંત્રના ભેદો; એમ છતાંય સર્વ દેશ અને સર્વકાલમાં નવકાર-મંત્રનો પ્રભાવ અખંડપણે વિસ્તરતો રહ્યો છે અને વિસ્તરતો રહેશે.

દુનિયાના તમામ મંત્રો, તંત્રો, વિદ્યાઓ કે શક્તિઓ, તે દૈવિક હોય કે માનુષી, પણ આ નવકારમંત્રની હરોળમાં બેસી શકે તેમ નથી. વધારે સ્પષ્ટ કહું તો એ બધાયની સ્થિતિ સાગર આગળ બિંદુ જેવી કે રાજા આગળ ચપરાશી જેવી છે.

આ નવકારમંત્ર પ્રવચનદેવતાથી અધિષ્ઠિત છે અને એથી વિનયોપધાન કરવાપૂર્વક ગ્રહણ કરવો જોઈએ, એમ શાસ્ત્રોમાં કહ્યું છે. ઉપધાનમાં સહુથી પહેલી આરાધના નવકારમંત્રની જ હોય છે. શુભ મુહૂર્તે, શુભ સ્થળે, જિનબિંબ સમક્ષ કે (ગુરુ સમક્ષ) યથોચિત તપ કરીને વિનય, બહુમાનપૂર્વક, સ્થળશુદ્ધિ જાળવી, નિર્મળ હૃદયથી નતમસ્તક બની, ઉછળતા પ્રવર્ધમાન ભાવે, ગુરુમુખથી આ મંત્રને ગ્રહણ કરવો અને પછી મહાનિશીથના આદેશ મુજબ પૂર્વ

---

૧. નમસ્કાર્ય શાથી થાય છે? તે બતાવવા-ઘણું લખવું પડે. તે અહીં અસ્થાને છે.

પશ્ચાદ્ આનુપૂર્વી અને તે બંને ક્રમ વર્જીને ત્રીજા વ્યુત્ક્રમ પ્રકારની અનાનુપૂર્વી આમ ત્રણ પ્રકારથી આનો જપ કરવો.

મનને સ્થિર કરવા માટે ગણિતાનુયોગ (ગણિતશાસ્ત્ર) એક સફળ સાધન છે, એટલે શાસ્ત્રકારોએ તેનો આશ્રય લઈને જપના લાભ ઉપરાંત ચંચલ, વિચિત્ર અને દુર્નિગ્રહ મનને નાથવા અનાનુપૂર્વી[1] વગેરેની અમોઘ પ્રક્રિયા બતાવી છે.

## મંત્ર, તેનો અર્થ અને પ્રભાવ વગેરે

### મંત્ર એટલે શું?

ચમત્કારિક શક્તિઓમાં મંત્ર અને વિદ્યા એ બે મુખ્ય ગણાય છે. અહીં 'મંત્ર' અંગે વિચાર કરવાનો છે.

વ્યાકરણના દિવાદિગણના જ્ઞાન–બોધ અર્થમાં રહેલા 'मन' ધાતુને 'त्र' પ્રત્યય લગાડી નિષ્પન્ન કરાતા मन्त्र શબ્દની વ્યાખ્યા તથા વ્યુત્પત્તિઓ વિવિધ પ્રકારે થઈ શકે છે. પૂર્વાચાર્યો અને મંત્રવિદોએ કરેલાં કેટલાંક વિધાનો અને અર્થો જોઈએ.

૧. પુરુષદેવતાથી[2] અધિષ્ઠિત હોય તે.

૨. પાઠસિદ્ધ[3] હોય તે.

૩. દેવથી[4] અધિષ્ઠિત વિશિષ્ઠ અક્ષરોની રચનાવિશેષ તે.

---

૧. આ ઉપરાંત, પ્રસ્તાર, ભંગસંખ્યા, નષ્ટ, ઉદ્દિષ્ટ નામની ગણિતની રીતો માટે જુઓ–પંચપરમિટ્ઠિનમુક્કારમહશ્રુત.

૨ इत्थी विज्जाऽभिहिया पुरिसो मंतुत्ति तव्विसेसोयं। विज्जा ससाहणा वा साहणरहिओ मंतु त्ति–સ્ત્રીદેવતાથી અધિષ્ઠિત તે વિદ્યા અને પુરુષદેવતાથી અધિષ્ઠિત તે મંત્ર. વિદ્યા અનુષ્ઠાન કરવાથી સિદ્ધ થાય, જ્યારે મંત્ર અનુષ્ઠાન વિના સિદ્ધ થાય છે.–નમસ્કારનિર્યુક્તિ.

૩. मंतो पुण होइ पठियसिद्धो' ।–પંચકલ્પભાષ્ય

૪. मन्त्रो देवताधिष्ठतोऽसावक्षररचना विशेषः ॥–પંચાશકટીકા

૪. જેનું[1] મનન કરવાથી ત્રાણ થાય–રક્ષણ થાય તે.
૫. જેમાં[2] ઉત્કૃષ્ટ સ્થાને રહેલી વ્યક્તિઓનો અથવા દેવદેવીઓ આદિનો આદર–સત્કાર કરવામાં આવ્યો હોય તે.

અહીંઆ બધાએ અર્થો ઘટમાન થાય તેમ છે, આમ છતાં સીધો સંબન્ધ પાંચમી વ્યુત્પત્તિ ધરાવે છે.

આ નવકારમંત્રના પાંચ પદોના વર્ણો, શબ્દોનો પ્રભાવ, વળી પરસ્પર વર્ણો–શબ્દોના સંયોજનમાં ગૂઢ રહસ્યમય સંકલના વગેરે એવું છે કે તમે શ્રદ્ધા અને નિષ્ઠાપૂર્વક ગણવા માંડો કે તમને તેનો પરચો દેખાવા માંડે. દૂર દૂરની આપત્તિઓ દૂર કરવા માનસિક સંકલ્પ પૂર્વક ગમે તે સ્થળે આંદોલનો પહોંચાડવા હોય તો વિદ્યુતના મોજાથી પણ વધુ ઝડપથી પહોંચી જાય અને અનિષ્ટો, ભયો, આપત્તિઓ, અમંગલોથી રક્ષણ થાય,

મહાન આસ્માની–સુલતાનીની આફતો એટલે કે રાષ્ટ્રીય સંકટો કે કુદરતી પ્રકોપના પ્રસંગોએ આની વ્યક્તિગત કે સામુદાયિક યથોચિત આરાધના, એતદ્દવિષયક જ્ઞાતાના માર્ગદર્શન મુજબ થાય તો, એક એવું વાયુમંડલ સર્જાય કે જે સમગ્ર વિશ્વ ઉપર છવાઈ જાય અને માનુષિક, પ્રાકૃતિક કે દૈવિક તમામ અવ્યવસ્થાને વ્યવસ્થિત બનાવી દે. ઇતિહાસનાં પૃષ્ઠો આ વાતની ગવાહી–સાક્ષી પૂરે છે.

નાનકડા નવકારમંત્રનું કેટલું મૂલ્ય હશે ? એની કોઇ કલ્પના આવી શકતી નથી.

## નવકારનું મહત્ત્વ અને મહિમા

શાસ્ત્રકારો, પૂર્વાચાર્યો અને મુનિવરોએ જૈનધર્મના મહાપ્રાણસમા,

---

૧. मननात् त्रायते इति मन्त्रः । (તન્ત્રશાસ્ત્રો)
૨. मन्यन्ते सत्क्रियन्ते परमपदे स्थिताः आत्मानः अनेनेति ।

જૈન શાસનના સર્વસ્વરૂપ ગણાતા, અને જૈનાગમોમાં મુગટમણિસમા "નવકારસૂત્ર-મંત્ર' ઉપર તેને સ્પર્શતા વિવિધ વિષયો અને જુદાં જુદાં અંગો ઉપર પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ, હિંદી, ગુજરાતી અને કન્નડ આદિ અન્ય ભાષાઓમાં સારા પ્રમાણમાં કલમ ચલાવી છે. તેમાં પ્રાકૃત-સંસ્કૃત ભાષાની સ્વતંત્ર તેમજ સંદર્ભવાળી ઉપલબ્ધ ૮૨ થી વધુ કૃતિઓ મુદ્રિત થઈ ચૂકી છે. અપભ્રંશ, હિંદી, ગુજરાતીની કેટલીક કૃતિઓ મુદ્રિત થઈ છે. બાકી હજી ઘણી અપ્રગટ છે.

એ ગ્રન્થોમાં નવકારનો મહામહિમા ગવાયો છે. હવે પૂર્વાચાર્યોના શબ્દો અને ભાવોમાં તેને ટૂંકમાં જોઈએ. પછી તેનાથી થતા ભૌતિક અને આધ્યાત્મિક લાભો તરફ દૃષ્ટિપાત કરીએ.

પાંચપદ-પ્રધાન 'નવકાર.' એ સર્વમન્ત્રોનો જન્મદાતા અથવા સર્વ મંત્રોની ખાણ હોવાથી અને અન્ય મંત્રોમાં, સર્વોત્તમ[1] હોવાથી તે મંત્ર નહિ, પણ महामंत्र કે परममंत्र[2] છે. તત્ત્વની દૃષ્ટિએ જોઈએ તો સર્વતત્ત્વોમાં સર્વશ્રેષ્ઠ હોવાથી તે महातत्त्व, સર્વ ધ્યેયોનાં સરવાળા-રૂપે અન્તિમ ધ્યેયરૂપ હોવાથી परमध्येय[3] અને સર્વમંગલોમાં સર્વોપરિમંગલ હોવાથી परममंगल અને રહસ્યમાં परमरहस्य[4], તે ઉપરાંત परमपुण्य, परमफल परमश्रेय[5] આદિરૂપે બિરદાવવામાં આવ્યો છે. વળી તેને દ્વાદશાંગી અથવા ચૌદપૂર્વના સારરૂપે ગણવામાં આવ્યો છે, એટલું જ નહિ પણ અસાધારણ હકીકત તો એ છે કે આગળ વધીને 'દ્વાદશાંગી'[6] રૂપે જ તેનો સ્વીકાર કરી નવકારને સર્વોપરિસ્થાને

---

૧. मंत्राणां परमेष्टिमंत्रमहिमा ।

૨ થી ૫. एसो परमो मंतो परमरहस्सो । (ન૦)

मंताणं मंत्तो परमो इमुत्ति, धेयाण धेयं परमं इमुत्ति ।
तत्ताण तत्त परमं पवित्तं; (શ્રાદ્ધદિનકૃત્ય)

૬. मूत्तूंपि बारसंगं, त एव समरणं (मरणंमि) कारए जहा ।
अरिहंत नमोक्कारो, तम्हा सो बारसंगत्ति । (ન. વ્યા.)

બેસાડયો છે અને પછી 'નવકાર'ની આરાધનામાં સમસ્ત દ્વાદશાંગી શ્રુતની આરાધના થાય છે, એવું જાહેર કર્યું છે. નવકારનું મહત્ત્વ દર્શાવતું આથી વધુ કોઈ વિધાન નથી, અને હોઈ શકે પણ નહિ.

આ મંત્રના પ્રભાવથી ભૌતિક દૃષ્ટિએ શું પ્રાપ્ત ન થાય અને શું પ્રાપ્ત થાય તે, તથા આધ્યાત્મિક દૃષ્ટિએ શું પ્રાપ્ત ન થાય અને શું પ્રાપ્ત થાય, તે અંગે થોડો દૃષ્ટિપાત[1] કરી લઈએ.

## ભૌતિક દૃષ્ટિએ શું પ્રાપ્ત ન થાય?


પ્રાચીનકાલની આખરી ઉપમાઓ દ્વારા તેને કલ્પવૃક્ષ[2], કામકુંભ, કામધેનુ, ચિંતામણિરત્ન વગેરેથી નવાજવામાં આવ્યો છે. આથી તમામ કામનાઓનો તે પૂરક છે, એવું સૂચવે છે.

પૃથ્વી આદિ પંચભૂતોને લગતા ઉપદ્રવોમાં–ધરતીકંપ, અકસ્માતો, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, કુદરતી-અકુદરતી આગ, દાવાનલો, પ્રચંડ વાવાઝોડાંઓ વગેરે ઉપદ્રવો કે તેના ભયો પ્રાપ્ત થતાં નથી. સમસ્ત વિઘ્નો–આફતો–અનિષ્ટો નાશ પામે છે, અકાલમૃત્યુ કે અપમૃત્યુના પ્રસંગો બનતા નથી. દૈવિક, માનુષી કે પાશવિક ભયો, ઉપદ્રવો, સર્પાદિકના વિષભયો તથા ગામ, નગર, જંગલ કે પહાડ, ગુફા કે આકાશ, ગમે ત્યાં નવકારનું યથાર્થ સ્મરણ તેની રક્ષા-ચોકી કરે છે. દુરાચારો, દુર્જનતા ભેટતી નથી. ભૂત, પ્રેત, પિશાચ, નવગ્રહાદિકની પીડાઓ તથા કુટુમ્બી કલેશો થતા નથી. દૌર્ભાગ્ય,

---

૧. નવકારાદિમંત્રોની સાધના અને તેનાં વિવિધ ફળોની પ્રાપ્તિ આ બંને વચ્ચે વચગાળામાં એવી કઈ પ્રક્રિયા (પ્રોસેસ) ભાગ ભજવે છે કે મેગ્નેટશક્તિની જેમ ઉપરોક્ત ફળો ખેંચાઈ આવે છે? આ પ્રશ્નના જવાબ માટે ઘણી જગ્યા રોકાય તેમ હોવાથી જવાબ અધ્યાહાર રાખું છું.

૨. तेलुक्ककप्पदुम (न. स्वा.)



**શ્રીમાન્ દામોદરદાસ કરસનદાસ શાહ**

જેઓ

પરોપકારપરાયણ છે અને જેમનાં

હાથે સામાજિક, શૈક્ષણિક

તથા રાષ્ટ્રીય સેવાનાં

અનેક કાર્યો

થયેલાં છે.



શ્રીમાન્ ચિત્તરંજન ડી. શાહ

જેઓ

સંસ્કાર અને સ્વાશ્રયના બળે

આગળ વધ્યા છે અને સમાજની

વિવિધ પ્રકારે સેવા કરી

રહેલા છે.



શ્રીમતી સરલાબહેન સી. શાહ

જેઓ

મહિલા–ઉત્કર્ષની વ્યાપક પ્રવૃત્તિઓ કરીને
વિખ્યાત બનેલા છે અને યુનેસ્કોની
મહિલા–સેવાસમિતિમાં સભ્ય
તરીકેનું સ્થાન પામેલા છે.



લોકોના લાડીલા

માનવતાને મહેકાવનાર

સન્માનનીય

**શ્રી દીપચંદ એસ. ગાર્ડી**

જેમની સેવાઓનો સ્રોત વણ અટક્યો

વહી રહ્યો છે અને લાખો લોકોને

લાભ આપી રહ્યો છે.



**શ્રીમતી રુક્મિણીબહેન ડી. ગાર્ડી**

જેમણે

પતિની દરેક સેવામાં અંતરના
ઉમળકાથી સાથ-સહકાર આપીને
પોતાનું નામ ઉજ્જવલ કર્યું છે અને
મહિલાસમાજને શોભાવ્યો છે.



**શ્રીમાન્ રશ્મિકાન્ત ડી. ગાર્ડી**

જેઓ

માનવસેવા અંગે ઘણા ઊંચા
ખ્યાલો ધરાવે છે અને અમેરિકામાં
વસવા છતાં દયા–દાન–ધર્મનું
સુંદર પાલન કરે છે.



શ્રીમાન્ હસમુખભાઈ ડી. ગાર્ડી

જેઓ

સંસ્કારોથી સુરભિત છે અને
લંડનમાં વસીને પણ જૈન
ધર્મની તથા જૈન સમાજની
નોંધપાત્ર સેવા કરી રહેલા છે.



આફ્રિકા–મોશીનિવાસી

**સ્વ. શ્રી ઝવેરીચંદ શામજી શાહ**

જેમનાં સુખદ સંસ્મરણો
અનેકને સ્વાશ્રયી તથા
સાત્ત્વિક જીવન જીવવાની પ્રેરણા
આપી રહેલાં છે.

દુઃખ, દારિદ્ય, રોગ, પરાભવ કરતા નથી. અપયશ, અપમાન કે તેજોવધની ઘટના બનતી નથી. લોકૈષણા, પુત્રૈષણા, વિત્તૈષણાદિ એષણાઓ નાશ પામે છે.

ટૂંકમાં જ કહી દેવું હોય તો એમ કહેવાય કે વિશ્વ ઉપરનાં વિવિધ પ્રકારનાં સઘળાંયે દુઃખો, ભયો અને ઉપદ્રવોથી તેનું રક્ષણ થાય છે.

## ભૌતિક દૃષ્ટિએ શું પ્રાપ્તિ થાય ?

આ મહામંત્રમાં બાહ્યાભ્યન્તર બંને પ્રકારનાં ફળો આપવાની શક્તિનાં કારણે, આત્માની મુક્તિમંઝીલ તરફની કૂચમાં સહાયક બને એવા અર્થ, કામ અને સુખદ ભોગોની પ્રાપ્તિ, સુખ અને સંપત્તિ, ઋદ્ધિ અને સમૃદ્ધિ, જય અને વિજય, ધી અને શ્રી, પંચેન્દ્રિયની પટુતા, લોકપ્રિયતા, યશ, કીર્તિ, નિર્ભયતા, નિરુપદ્રવપણું, બુદ્ધિ–વૃદ્ધિ ષટ્કર્મોમાં સફળતા વગેરેની પ્રાપ્તિ થાય છે; ઇષ્ટસાધક, મનોવાંછિતની પ્રાપ્તિ થાય છે; અનાવશ્યક સંકલ્પ–વિકલ્પો નષ્ટ થાય છે, માનસિક ત્રાસ કે તાણો થાય તેવા પ્રસંગો ઉદ્ભવતા નથી.

અધિકારપદની પ્રાપ્તિમાં આ લોકમાં ન્હાની ઠકુરાઇથી લઈ યાવત્ ચક્રવર્તીપદની પ્રાપ્તિઓ, પરલોકમાં સ્વર્ગીય સુખોસહ દેવ–દેવેન્દ્રાદિપદ તથા ઉત્તમ કુલની પ્રાપ્તિ થાય છે. ટૂંકમાં કહીએ તો વિશ્વ ઉપરનાં તમામ ભૌતિક લાભો નવકારમંત્રને શરણે જનારાના ચરણમાં આળોટતા થાય છે.

## આધ્યાત્મિક દૃષ્ટિએ શું પ્રાપ્ત ન થાય ?

અમોઘાલંબનરૂપ મહામંત્રના શરણે જવાથી આત્મા હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહના પાપથી મુક્ત બને છે; ક્રોધ, માન, માયા, લોભ, કષાયો ઉપશમભાવને પામે છે; આત્માને મલિન કરનારા રાગ, દ્વેષ, કલહ, કલંક મૂકવાની ટેવો, ચાડી, ચુગલી, ખુશી, નાખુશી,

પરનિંદા, માયાપૂર્ણ જૂઠું, મિથ્યા બુદ્ધિ આદિ દોષો પ્રાપ્ત થતા નથી. ટૂંકમાં આત્મા તથા મનને રોગિષ્ટ બનાવે એવી આબોહવાથી સાધક બચી જાય છે.

## આધ્યાત્મિક દૃષ્ટિએ શું પ્રાપ્ત થાય છે ?

વિષયોની વાસનાઓ અને કષાયોને અલ્પવિરામ, અર્ધવિરામ અને યાવત્ પૂર્ણવિરામ થાય છે. માનવમનને વ્યથિત કરતી અનાવશ્યક ઈચ્છાઓનો હ્રાસ થતો જાય છે. અહિંસક ભાવ, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ ગુણોની પ્રાપ્તિ, અનેકાંતદષ્ટિનો વિકાસ, ક્ષમા, નમ્રતા, સરલતા, સંતોષ, વીતરાગભાવ, અદ્વેષ, બુદ્ધિ, પ્રેમ, મૈત્રી, પ્રમોદ, કરુણા આદિ ભાવનાઓનો વિકાસ, તેમજ પરોપકાર-રસિકતા અને ગુણદષ્ટિ કેળવાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપાદિ ગુણોનું સર્જન અને વિવર્ધન, નિર્મલતા, પવિત્રતા, ઉદાત્ત ભાવ, વિશાળ મન, ઉમદા વિચારો, સાદાઈ, સરલતા, માનસિક આરોગ્ય વગેરેની પ્રાપ્તિ થાય છે. ગુણસ્થાનકના સોપાન ઉપર આરૂઢ થતાં ધર્મ અને શુક્લધ્યાનની પ્રાપ્તિ *કરી ઉત્તરોત્તર આગળ વધતાં* કેવલજ્ઞાન પ્રાપ્ત કરી ચૌદમા ગુણસોપાને પહોંચી મુક્તિસુખના અધિકારી બને છે.

ઉપરોક્ત કારણોથી નિત્ય અને નૈમિત્તિક તમામ ક્રિયાઓમાં, વિવિધ અનુષ્ઠાનોમાં, માંગલિક કાર્યોમાં, વ્યાખ્યાન અને વાચનાના પ્રારંભમાં, સામાયિકાદિ ક્રિયાઓમાં, પ્રયાણ-પ્રવેશમાં, જીવનની તમામ અવસ્થાઓમાં, સાંસારિક કે ધાર્મિક તમામ પ્રવૃત્તિઓમાં નવકારમંત્રનું સ્મરણ કરવાનો આદેશ અપાયો છે અને એનો અમલ સર્વત્ર ચાલુ છે.

નવકારમંત્ર એ જૈન શ્રીસંઘની સમગ્ર આરાધનાનું કેન્દ્ર બની ગયો છે.

**જાતિવાચક પદોનું મહત્ત્વ અને તેથી જ તેનું શાશ્વતિકપણું:**

આ મંત્રપાઠમાં જે પાંચનાં નામો લેવામાં આવ્યાં છે, તે કોઈ

વિશિષ્ટ વ્યક્તિઓ નથી, પણ સમષ્ટિ છે, સમુદાય છે. અર્થાત્ કોઈ વ્યક્તિગત અમુક તીર્થંકર, અમુક સિદ્ધ કે અમુક આચાર્યનું નામ નથી. કદાચ રાખ્યું હોત તો તે સર્વદા માન્ય ન રહેત, છેવટે શાશ્વત કાળ ટકત પણ નહિ; ત્યારે આમાં જાતિઓનું ગ્રહણ કરવામાં આવ્યું છે, અર્થાત્ વ્યક્તિવાચક કે ગુણવાચક પદો છે. વ્યક્તિ કે વ્યક્તિવાદ શાશ્વત નથી; પણ જાતિ કે જાતિવાદ શાશ્વત છે, તે હંમેશાં રહેવા-વાળો છે. વ્યક્તિ કરતાં જાતિ મહાન છે. નવકારની ખૂબી એ જ છે કે એમાં વ્યક્તિપૂજા નથી, પણ જાતિપૂજા કે ગુણપૂજા છે.

અર્થાત્ તે તે ક્ષેત્રની તે તે કાલની (ત્રૈકાલિક) તમામ વ્યક્તિ-ઓનો એમાં સમાવેશ છે. આ મંત્રમાં રહેલા સમષ્ટિના નમસ્કારની ગંભીર, વિશાળ અને ઉદાત્ત ભાવના એ સૂચિત કરી જાય છે કે વ્યક્તિપૂજાના લાભો કરતાં જાતિપૂજાનો લાભ અનંત છે, જાતિની સંખ્યા અનંત છે, તો તેના લાભનો સરવાળો અનંતગુણ આવીને ઊભો રહે, એ સહુ કોઇથી સમજી શકાય એવી સરલ વાત છે.

જાતિવાચક કે ગુણવાચક આત્માઓનાં નમન, વંદન, પૂજનથી ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણેય કાળના અરિહંતો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓનું ગ્રહણ થતું હોવાથી અનંતાનંત વ્યક્તિ-ઓનાં નમન–વંદનાદિના લાભો મળે છે. દાખલા તરીકે 'नमो अरि-हंताणं" આટલું બોલી નમસ્કાર કર્યો. એમ કરવાથી સર્વકાળ (અનંત ભૂત અને અનંત ભવિષ્ય) ના સર્વ ક્ષેત્રના (૧૫ કર્મ ભૂમિઓના) અરિહંતો, જે મહાન આત્માઓએ ભૂતકાળમાં પોતાના આત્માના આંતરદોષો ઉપર વિજય મેળવી, તિરોહિત એવા અનંત ગુણોનો આવિર્ભાવ કર્યો, વર્તમાનમાં પ્રસ્તુત અનંત ગુણોનો આવિર્ભાવ કરી રહ્યા છે, અથવા આવિર્ભાવ કરી વિચરી રહ્યા છે, તેમજ

૧. રતનતણી જિમ પેટી, ભાર અલ્પ બહુમૂલ–પરમેષ્ઠિગીતા.

ભવિષ્યમાં જેઓ આવિર્ભાવ કરશે, તે તમામને નમસ્કાર થઈ જાય છે. એ જ પ્રમાણે શેષ ચાર પરમેષ્ઠિઓ માટે ઘટાવી લેવું.

બહુ માનનીય અને વંદનીય શ્રી ભગવતીજીસૂત્રમાં પણ ગોશાલાના પ્રસંગે શ્રમણ ભગવાન મહાવીરે એકની વિરાધનામાં અનંતા તીર્થંકરોની વિરાધનાઓ જણાવીને, એકની આરાધનામાં અનંતાની આરાધનાના સ્વીકારને માન્યતા આપી છે. આ છે નવકારમંત્રથી થતા મહાન લાભનું રહસ્ય.

પણ અહીં એક માર્મિક બાબત સમજી લેવી જરૂરી છે કે એકની આરાધનાનું લક્ષ્ય રાખીને અનેક કે અનંતની આરાધના કરવી એ કરતાં અનેક કે અનંતનું લક્ષ રાખી સહુની આરાધના કરવી એ એક અસાધારણ કોટિની નોખી જ બાબત છે.

વ્યક્તિ દ્વારા જાતિનું ગૌરવ કરવું અને જાતિ દ્વારા વ્યક્તિનું ગૌરવ કરવું, એ વચ્ચે મહદ્ અંતર છે.

ગૌરવભર્યા, ઝળકતા જાતિવાચકપદોની રચના એ જ નવકાર-મંત્રને શાશ્વતો ઠરાવવા માટેનું અનન્ય સાધન છે.

## નવકાર મંત્રમાં દેવ, ગુરુ અને ધર્મનું અસ્તિત્વ

નવકારમંત્રના પાંચ પદોમાં દેવ, ગુરુ અને ધર્મની ત્રિપુટી કેવી રીતે ગોઠવાયેલી છે, તે સમજી લઈએ.

ન્હાનકડા નવકારમંત્રની ખૂબીઓ અનેકાનેક છે, પરંતુ મર્યાદા ગુણના નિયમવાળી પ્રસ્તાવનામાં કેટલું લખાય? એમ છતાંય અહીંયા મહત્ત્વની મુખ્ય મુખ્ય બાબતોની થોડી ઝાંખી કરી લઈએ. બાકી તો અન્ય ગ્રંથો તેમજ પ્રસ્તુત પુસ્તક દ્વારા ઘણું જાણવા મળશે જ.

પ્રારંભના બે પદો અરિહંત અને સિદ્ધ એ દેવ સ્થાનીય છે. એમાં યે પ્રથમ પદે રહેલા દેવ સાકાર અથવા સકલસ્વરૂપ છે અને બીજા પદે રહેલા દેવ નિરાકાર અથવા નિષ્કલસ્વરૂપ છે. આમ બંને પ્રકારના સ્વરૂપોની આરાધના બે પદમાં સમાઈ જાય છે.

આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ આ ત્રણેય પદો ગુરુ સ્થાને છે.

પાંચેય ગુણી છે. ગુણી ગુણ વિનાનો કદી હોતો નથી. આ પાંચેય સદ્‌ગુણસંપન્ન મહાત્માઓ છે, અહીં આ ગુણોથી સમ્યગ્ એવા દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપાદિ લેવાનાં છે. આ ગુણો ધર્મ સ્થાને છે.

એટલે નિશ્ચિત થાય છે કે આ મહામંત્રની ઉપાસના કરવી એ દેવ–ગુરુ–ધર્મની ઉપાસના કરવા બરાબર છે.

## નવકારમંત્ર શબ્દાર્થથી કેવી રીતે શાશ્વતો છે?

નવકારમંત્ર શાશ્વતો છે, એટલે શું ?

શાશ્વતાપણું બે રીતે હોય છેઃ દ્રવ્યનું અને ગુણનું. એ જ રીતે શબ્દથી અને અર્થથી હોય છે. અહીં આ શબ્દાર્થ પૂરતો જ વિચાર કરવાનો છે. પ્રસ્તુત નવકાર શબ્દ, અર્થ કે શબ્દાર્થ એ ત્રણેયમાં શાથી શાશ્વતો છે? એનો જવાબ એક જ છે કે તે શબ્દાર્થથી શાશ્વતો છે, અર્થાત્ તે શબ્દ અને અર્થ ઉભયથી શાશ્વતો છે.

શબ્દથી શાશ્વતાપણું એને કહેવાય કે જે વર્ણો, જે રીતે હોય તે જ રીતે ત્રણેય કાળમાં વિદ્યમાન રહે. નવકારમંત્રના અક્ષરો માટે એમ જ છે, જેમ કે—'નમો અરિહંતાણું' આમાં નકારોત્તર અકાર, અકારોત્તર મકાર, મકારોત્તર ઓકાર એટલે 'નમો' પદ નિષ્પન્ન થયું. પછી અકારોત્તર રકાર, રકારોત્તર ઇકાર, એમ 'ણું' સુધી વિચારવું. આ જાતની અક્ષરાનુપૂર્વી અનાદિકાલ પહેલાં હતી, આજે છે અને ભવિષ્યમાં અનંતકાળ પછી પણ આ જ રીતે રહેશે અને અર્થ તો શાશ્વતો છે જ.

અહીંયા અગત્યની વાત સમજવાની એક જ છે કે અર્થથી શાશ્વત અનેક બાબતો છે. દાખલા તરીકે દ્વાદશાંગશ્રુત (જૈનાગમશાસ્ત્રો) બદલાયા કરે, જેમ કે—પાણી, જલ, વારિ. અર્થથી જોઈએ તો

સહુનો એક જ અર્થ નીકળવાનો, પણ શબ્દો એક નહીં. તે જુદા જુદા રહેવાના. તે રીતે દ્વાદશાંગીના શબ્દોમાં ફેરફાર થાય.

જ્યારે આ મંત્રમાં જે અક્ષરો છે, તે જ રહેવાના. ગઈ અનંતી ચોવીશી કે વીશીમાં એ જ હતા. અને ભાવિ અનંતી ચોવીશી–વીશી સુધી એ જ રહેશે. એની પુષ્ટિમાં જાતિસ્મરણનો પ્રસંગ ટૂંકમાં સમજીએ તો પ્રસ્તુત બાબતની વધુ પ્રતીતિ થશે.

[1]જાતિસ્મરણ એટલે ગત જન્મોને વર્તમાન જીવનમાં જ્ઞાન દૃષ્ટિથી (ચર્મચક્ષુથી નહિ) જોવા તે. આ જગત જન્મના જ્ઞાનમાં કાલ કે પદાર્થ વગેરે નિમિત્ત બને છે. પ્રસ્તુત વ્યક્તિના આત્મામાં જે વસ્તુનો સંસ્કાર જોરદાર પડ્યો હોય, તે વસ્તુ જલદી નિમિત્ત બની જાય છે અને એ વસ્તુ નિમિત્ત બનતાં કેટલાકને તુરત મૂર્છા આવી થોડીવારમાં તે દૂર થાય છે. આવરણના પડદા ખસવા માંડે ત્યારે આમ બને, જ્યારે કેટલાકને વિના મૂર્છાએ એવું બને. પછી તુરત જ ગત જન્મની બધી ઘટનાઓ તે જ્ઞાનથી જોઈ–જાણી શકે છે.

શાસ્ત્રમાં 'नमो अरिहंताणं' પદના શ્રવણથી જાતિસ્મરણ થયાના સંખ્યાબંધ દાખલાઓ નોંધાયા છે. [2]તે પૈકી જાણીતો દાખલો જોઈએ.

સીલોનની રાજકુમારી સુદર્શના, રાજદરબારમાં પોતાના પિતાની બાજુમાં બેઠી છે. ઝવેરાત વેચવા આવેલા એક જૈન વેપારીને વાત કરતાં છીંક આવી, જૈન પ્રજાના સંસ્કાર મુજબ અમંગલ નષ્ટ કરવા માટે 'नमो अरिहंताणं' પદનો મંગલ ઉચ્ચાર કર્યો, આ પદાક્ષરો સુદર્શનાના કર્ણપટ ઉપર અથડાતાં, સુદર્શના વચમાં 'આ શું બોલ્યો ?'

---

૧. જાતિ એટલે જન્મ.

૨. જયપુરના પ્રો. એચ. બેનરજી જેઓ પુનર્જન્મના સિદ્ધાંતની સત્યતા માટે સંશોધન કરી રહ્યા છે; તેઓ જાતિસ્મરણ (ગતજન્મની જ્ઞાનચેતના) વાળી વ્યક્તિઓ વર્તમાન વિશ્વ ઉપર ૫૦૦ થી વધુ હોવાની ખાત્રીપૂર્વકની વાત જણાવે છે.

એનો વિચાર કરવા લાગી. વિચારણામાં તન્મય થતાં જાતિસ્મરણ જ્ઞાનનો પ્રકાશ થઈ રહ્યો હતો, એટલે મૂર્છા આવી ગઈ. પછી ચેતના આવતાં તાજો જ છોડેલો 'સમળી' નો પક્ષી તરીકેનો જન્મ, અંત સમયે મુનિરાજે સંભળાવેલો નવકારમંત્ર, એ બધું ચિત્ર આત્મ-પ્રત્યક્ષ થયું. જો કે આ તો તાજી જ બનેલી ઘટના છે, પરંતુ અનેક વરસો પહેલાં સાંભળેલા અને ખૂબ ખૂબ રટણ કરીને ઘૂંટેલા નવકાર-મંત્રના દૃઢ સંસ્કારને કારણે વરસો પછી પણ કાને પડતાં જાતિસ્મરણ થઇ શકે છે. કોઈ પણ ચોવીશી કે વીશીમાં, ધાર્મિક ક્ષેત્રે જાતિસ્મરણ જ્ઞાન થવાનું નોંધાયું છે, ત્યાં नमो अरिहंताणं કે नवकारमन्त्र ને જ કારણ તરીકે નોંધ્યો છે.

આથી એક વાત નિશ્ચિત છે કે આ મંત્ર અક્ષરાનુપૂર્વીથી દરેક કાળમાં વિદ્યમાન રહે છે. આત્માનું ચૈતન્ય, અગ્નિનું ઉષ્ણત્વ સહભાવિ તરીકે અનાદિ અનંતકાલ સુધી રહેવાવાળું છે, એવી જ રીતે આ મંત્રનો રચનાર કોઈ નથી, એની આદિ કે અંત પણ નથી. આના મંત્રાક્ષરો અનાદિસંસિદ્ધ[1] છે. 'અનાદિ–અનંતકાળ' નામના અભિનવ આયુષ્યવાળા છે.

## ઉત્કટ ધ્યાન અને ભક્તિનો અજોડ પ્રભાવ

માનસશાસ્ત્રનો એક નિયમ છે કે જે વસ્તુનું વારંવાર અવિરત શ્રવણ, મનન, ચિંતન, નિદિધ્યાસન, રટન કે ધ્યાન કરવામાં આવે

---

૧. અનાદિસંસિદ્ધ ઉપર કેટલાંક પ્રમાણો જોઈએ.

–ध्यायतोऽनादिसंसिद्धान्, वर्णानेतान् यथाविधि । अनादिमूलमन्त्रोऽयम् ।

–एसो अणाइकालो (પં. ન. ફલ.)

–આગે ચોવીશી હુઈ અનંતી, હોશે વાર અનંત;
નવકાર તણી કોઈ આદિ ન જાણે, એમ ભાંખે અરિહંત.

–અનંત ચૌવીશી આગે માનિઉં, પંચપરમેષ્ઠિ ધ્યાન.

તો તે વસ્તુની પ્રાપ્તિ થાય છે અને હજુ એમાં આગળ વધીને ધ્યાન જ્યારે તેની પરાકાષ્ઠાએ પહોંચે અને ધ્યાતા તથા ધ્યેય વચ્ચેના ભેદનો છેદ ઉડી જાય, ત્યારે તે આત્મા જેનું ધ્યાન છે, તે રૂપ બની જાય છે.

તિર્યંચ જીવનો દાખલો જોઈએ.

ભ્રમરીના દરમાં લાવવામાં આવેલી ઈયળ, ભ્રમરીના ગુંજનમાં ભ્રમરીનું ધ્યાન કરતી લયલીન બની જાય છે, તે વખતે એવું એક કર્મ બાંધે છે કે તે ત્યાં મરીને, ત્યાંને ત્યાંજ ભ્રમરી રૂપે જન્મ લે છે. આ જાતનો ઉલ્લેખ ભારતીય ગ્રંથોમાં મળે છે અને એ ઉપરથી જ '**ઇલિકાભૃંગી**' નામની કહેવતસ્વરૂપ ન્યાયોક્તિનો જન્મ થયો છે.

હવે મનુષ્યનો દાખલો વિચારીએ.


ઉપર માનસવિજ્ઞાનનો જે સિદ્ધાંત રજૂ કર્યો, તે મુજબ ધ્યાતા–ધ્યાન કરનારો આત્મા, પોતાના ઈશ્વરપ્રણિધાનરૂપ ધ્યાનને તેની પરમ સીમાએ પહોંચાડે છે, ત્યારે તે 'अप्पा सो परमप्पा'ની પરમોક્તિનો સાક્ષાત્કાર કરે છે અને ધ્યાન પોતે જ ધ્યેય સ્વરૂપ બની જાય તેવા પ્રકારના નામકર્મને બાંધે છે. તે ઉપર મહારાજા શ્રેણિકનો દાખલો નોંધપાત્ર છે.

અઢી હજાર વર્ષ ઉપર થયેલા મગધેશ્વર મહારાજા શ્રેણિકની તીર્થંકર ભગવાન શ્રી મહાવીર પ્રત્યે અનહદ અને અદ્‌ભુત ભક્તિ જાગી ગઈ હતી. તેણે પોતાનું સર્વસ્વ ત્રિકરણયોગે ભગવાનનાં ચરણે સમર્પણ કરી દીધું હતું. હૈયામાંથી यूयं वयम् નો અથવા મારા પરાયાના ભેદનો વિચ્છેદ થઈ ગયો હતો, અર્થાત્ ભેદની દિવાલ દૂર થતાં બંને વચ્ચે અભેદભાવ સર્જાઈ ગયો હતો. ભક્તિ-ભાવનાની અખંડ જ્યોત ઝળહળતી પ્રજ્વલિત બની ગઈ હતી. 'વીર, વીર, વીર' આ નામની લગન લાગી ગઈ હતી.



## સ્વ. શ્રી ભાઇચંદ ભગવાન શાહ

જેમના
સ્વાશ્રયી ધર્મપરાયણ જીવને સુવર્ણ
અને સુગંધનો મેળ કરી
બતાવ્યો હતો અને સમાજને
એક ઉચ્ચ આદર્શ આપ્યો હતો.



માનનીય

**શ્રી વસનજી લખમશી શાહ**


જેઓ

વિનમ્રપણે વિવિધ પ્રકારની સેવાઓ
કરીને મોંઘેરા માનવજન્મને સફલ
કરી રહેલા છે.



**શ્રીમતી કાંતાબેન વી. શાહ**

જેમને
સંસ્કારી પ્રવૃત્તિઓમાં ઘણો રસ છે
અને જેઓ મહિલા-ઉત્કર્ષની
પ્રવૃત્તિઓમાં આગળ પડતો ભાગ
લઈ રહેલા છે.



શ્રીમાન્ દેવશીભાઈ સામત શાહ

જેમણે

આપબળે આગળ વધીને સેવાનાં
અનેક ક્ષેત્રોને સુરભિત કર્યાં છે
તથા સાદા – સંસ્કારી જીવનમાં
કૃતાર્થતા માની છે.



**શ્રીમતી દેવકુંવરબહેન ડી. શાહ**

જેમણે
દેશ-વિદેશમાં વસીને જીવનનો સુંદર
ઘાટ ઘડેલો છે અને ધાર્મિક-
આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં વિશેષ
રસ લીધેલો છે.



**શ્રીમાન્ કિશોર આર. શાહ**

જેઓ

નાની ઉમરમાં પણ અનેક
પ્રકારની સેવામય પ્રવૃત્તિઓમાં
ભાગ લઈને ઉજ્જવલ કારકીર્દિ
સંપાદન કરી રહેલા છે.



**શ્રીમતી ઉષાબહેન કે. શાહ**

જેઓ

જૈન ધર્મના સિદ્ધાંતોને ખ્યાલમાં

રાખીને ગૃહસ્થજીવન દીપાવવાનો

નિષ્ઠાભર્યો પ્રયાસ કરી

રહેલાં છે.



ઘાટકોપર

સોરઠ વીશાશ્રીમાલી જૈન મિત્રમંડલના પ્રમુખ

**શ્રી નટવરલાલ મોહનલાલ શાહ**

તથા

**શ્રીમતી લલિતાબહેન નટવરલાલ શાહ**

જેઓ

સમાજસેવામાં જીવનની સાર્થકતા

માની રહેલાં છે.




**સ્વ. શ્રી સામતભાઈ લખધીર**

મૂલગામ–ખીરસરા (સૌરાષ્ટ્ર)

જેઓ

આપબળે આગળ વધી
સંસ્કારી જીવન જીવ્યા હતા અને
જેમણે નીતિના પાલનમાં ઊંચું ધોરણ સ્થાપિત
કર્યું હતું.



**શ્રીમાન્ ડૉ. સી. વી. જૈન**

જેમણે

મુંબઈ–જોગેશ્વરી–ઈસ્ટ
પારસનગરમાં શ્રી મહાવીરસ્વામીનું
ભવ્ય મંદિર નિર્માણ કરવામાં આગેવાની
લીધી હતી અને હાલ પણ વરલી સત્યકી
નગરમાં જિનમંદિર આદિ નિર્માણ
કરવાની તૈયારીમાં છે. તેમની ધર્મ–
ભાવના ઘણી ઉદાત્ત છે.



**શ્રીમતી કમલાદેવી ચોથમલજી જૈન**

જેઓ

જૈન ધર્મમાં અનન્ય શ્રદ્ધાન્વિત છે
તથા જપ-તપ-ધ્યાનમાં અનેરો
ઉત્સાહ દાખવી રહ્યા છે.



**શ્રીમતી શિલ્પાબ્હેન ચંદ્રકાંત શાહ**

જેઓ
સુશિક્ષિત અને સંસ્કારી છે
તથા જિનભક્તિ
અને અનુષ્ઠાનોમાં ઊંડી દિલચસ્પી
દાખવી રહ્યા છે.

રામભક્ત હનુમાનજી માટે એમ કહેવાય છે કે રામ પ્રત્યેની તેની ભક્તિની પારખ કરવી હોય તો તેના શરીરના કોઈ પણ ભાગને કાપો, તો ત્યાં તમને राम राम એવા શબ્દો જ વાંચવા મલે, યા તેવા ધ્વનિનો નાદ સાંભળવા મળે ! એવું જ બહિરાત્મ દશાવાળા મહારાજા શ્રેણિક માટે હતું. એમના દેહને કોઈ કાપે તો વીર વીર એવા શબ્દોનું દર્શન—શ્રવણ થાય.

## મહારાજા શ્રેણિકનું તીર્થંકર થવું

આવી परा ભક્તિનું પરિણામ તો જુઓ, કેવું અદ્ભુત, કેવું અજોડ, કેવું સર્વોત્કૃષ્ટ આવ્યું ! તીર્થંકર જેવું સર્વોત્તમ નામકર્મ બાંધી દીધું, પોતાનો આત્મા પરમાત્મા બને તેવું ફળ મેળવી લીધું અને તેય બહુ લાંબા ગાળા માટે પણ નહીં; એટલે કે આગામી ચોવીશીના જ પહેલા તીર્થંકરરૂપે તેઓ જન્મ ધારણ કરશે.

આમાં તીર્થંકરનામકર્મના બંધ સાથે સમર્પણભાવની ભક્તિનું અદ્ભુત રહસ્ય તો એ છે કે ભગવાન મહાવીરના જીવનની બનેલી અન્ય મહત્ત્વની ઘણીખરી ઘટનાઓ પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય પણ તેમણે પ્રાપ્ત કરી લીધું. જેટલું આયુષ્ય ભગવાન મહાવીરનું, તેટલું જ શ્રેણિકનું હશે. કલ્યાણકોના દિવસો, તે વખતની ઉમ્મર, ગણધર તથા ચતુર્વિધસંઘની સંખ્યા વગેરે ભગવાન મહાવીર મુજબ હશે. પરમાત્મા થવાનું કર્મ તો સુલસા આદિ અન્ય ભક્તજનોએ પણ બાંધ્યું, પરંતુ તેમાં ઉક્ત વિલક્ષણતા તો નહીં જ.

જેવા મહાવીર એવા જ ભાવીના પહેલા તીર્થંકર. આવો વૈજ્ઞાનિક દાખલો, મને નથી લાગતું કે આ વિશ્વ ઉપર અન્ય નોંધાયો હોય ! બીજી બાજુ ઇશ્વર કે ભગવદ્ભક્તિના મહામહિમાને બુલંદ અવાજે ગાતું આવું જ્વલંત ઉદાહરણ પણ ઈતિહાસના પૃષ્ઠ ઉપર નોંધાયેલું જવલ્લેજ મળે.

કેટલાક અજૈન કવિઓએ ઈશ્વર માટે ઊંચામાં ઊંચી ગણાતી

'પારસમણિ'ની ઉપમા આપી છે, તેનું અનુકરણ કરી જૈન કવિઓએ તે ઉપમાથી પરમાત્માને ઊપમાવ્યા છે. પણ મને લાગે છે કે તીર્થંકર દેવ માટે પ્રસ્તુત ઉપમા ન્યાયપૂર્ણ નથી, અધૂરી છે. અલંકારની ભાષામાં ન્યૂનોપમા છે, કેમકે પારસનો સ્પર્શ લોહ—લોખંડને થતાં લોહના પરમાણુઓનું, પારસની ઉત્કટ અને અદ્દભુત ઉષ્ણશક્તિના બળે રૂપાંતર થઈ જાય છે. એમ ભગવાનની ભક્તિના સ્પર્શથી ભક્તના પૂર્વજીવનનું નવતર રૂપાંતર થઈ, સુવર્ણ જેવું મહાન બની જાય છે વગેરે વગેરે.

સાપેક્ષ દૃષ્ટિએ આ ઉપમા વીતરાગ ભગવાન માટે જાણે બરાબર છે, પણ યથાર્થોપમા તો નથી જ, કારણ કે પારસ લોઢાને સુવર્ણ બનાવે તે લાભ બરાબર છે. પણ પારસમણિ કંઈ લોઢાને પોતાના જેવોજ પારસ બનાવી શકતો નથી, કારણ કે એ શક્તિ તેનામાં છે જ નહીં.

જ્યારે ભગવાન તીર્થંકરદેવ તો, અન્ય આત્માઓને સુવર્ણ જેવા નિર્મળ માત્ર નહિ, પણ વિધિ અને ભાવની શુદ્ધિ જાળવી ઉત્કટ કોટિના ઉછળતા ભાવે ભક્તિ કરનારને પોતાના સરખો તીર્થંકર બનાવી દે છે. સંખ્યાબંધ આત્માઓને આપસ્વરૂપ બનાવ્યા છે. પેલી લોકસભાની જાણીતી એક કડી પણ આજ વસ્તુનું સમર્થન કરતાં જણાવે છે કે—"પૂજા કરતાં પ્રાણિયો, પોતે પૂજનિક થાય." આ છે પરાર્થવ્યસની તીર્થંકર દેવોની ભક્તિનો અજોડ પ્રભાવ.

આ હકીકત ઉપરથી વાચકોને સમજવાનું એ છે કે તમો પણ પંચપરમેષ્ઠિરૂપ નવકારને મનસા, વાચા, કર્મણા, સમર્પિત થઈ જાવ તો, તમારા જ આત્માની પાંચ પરમેષ્ઠિરૂપ પાંચ પર્યાયો—અવસ્થાઓ પ્રગટ થતી જશે અને આત્મા અને પરમાત્મા વચ્ચેનો ભેદ ભૂંસાતા પોતે જ [1]અરિહંત બની જશે.

---

૧. જુઓ–સિરિસિરિવાલ કહા અને પ્રવચનસાર, તથા શ્રીપાલ રાસના–અરિહંતપદ ધ્યાતો થકો, વગેરે પ્રમાણો.

એટલે મંત્ર અને તેને લગતા સાહિત્યનું સર્જન, સંવર્ધન અને વિવર્ધન કાળે કાળે થતું રહ્યું છે. પૂર્વાચાર્યોએ નવકાર ઉપર સ્વતંત્ર ગ્રન્થો રૂપે, તેમ તે અંગેના ગ્રન્થસંદર્ભોમાં ઘણું લખ્યું છે.

છેલ્લા દશકામાં મુનિવરોના શ્રેષ્ઠ પ્રયાસોના કારણે નવકારમંત્ર બાબતમાં સુંદર જાગૃતિ આવી છે. વિવિધ ભાષામાં નવકાર સૂત્ર–મંત્ર ઉપર દોઢેક ડઝન જેટલા ગ્રન્થો છપાઇને બહાર પડયા છે, એમાં આજે 'नमस्कारमंत्रसिद्धि' નામના આ ગ્રન્થનો ઉમેરો થાય છે. આના લેખક છે અનેક શક્તિઓથી થનગનતા, સેંકડો પુસ્તકોના યશસ્વી લેખક, શતાવધાની પંડિત **શ્રી ધીરજલાલ ટોકરશી શાહ.** જૈન સમાજમાં ગણ્યાગાંઠયા લેખકો પૈકીના તેઓ સન્માન્ય અને સિદ્ધહસ્ત લેખક છે. જૈન–અજૈન વચ્ચે ખૂબ જાણીતા થયેલા લેખકનો વધુ પરિચય આપવો, તે ઉલટું અવિવેકમાં ખપે, એટલે પ્રસ્તુત પુસ્તક અંગે જ કંઈક કહું એ ઉચિત છે.

## ગ્રન્થની નવીનતા અને વિશિષ્ટતાઓ

નમસ્કારમંત્ર ઉપર આ અગાઉ બહાર પડેલાં ત્રણેક પુસ્તકો અને પ્રકાશિત થતાં આ પુસ્તક વચ્ચે વિષય અને વિગતોનું કેટલુંક સામ્ય વાંચકોને જોવા મળશે. પરંતુ એટલા માત્રથી ઉતાવળે એમ માની લેવાની જરૂર નથી કે આમાં નવીનતા નથી. લેખકનું વિશાળ વાંચન, રજૂઆત કરવાની તેમની વિશિષ્ટતા, વિષયને સરલતા અને સ્પષ્ટતાથી કહેવાની આવડત, ગ્રંથસંકલનની કુનેહ અને એ બધાયને જોબ આપે એવું એમનું ભાષાનું મધુર આકર્ષણ, આ બધાયને લીધે એમાં અનેક નવીનતાઓ જોવા મળશે.

પ્રગટ થએલાં પુસ્તકો કરતાં આમાં સાધનાખંડ વિસ્તારથી વ્યવસ્થિત રીતે રજૂ થયા છે, તેમજ ઉપયોગી મંત્રસંગ્રહ આપી ગ્રન્થની ઉપાદેયતામાં વધારો કરવામાં આવ્યો છે.

વિશેષમાં તેમણે ૬૪ જેટલા ગ્રન્થોનો આ સર્જનમાં આધાર લીધો છે, તે એમના વિશાળ સ્વાધ્યાય તથા 'नामूलं लिख्यते किञ्चित्' નીતિનું પ્રબળ પ્રમાણ પૂરું પાડે છે.

પુરુષાર્થની મૂર્તિ જેવા લેખકબંધુને સાદર અનુરોધ છે કે, હવે તેઓ જૈન કર્મસાહિત્યને લગતું સાહિત્ય આધુનિકતાના ઢાંચામાં ઢાળીને આપવાના પુરુષાર્થ તરફ વળે અને વિવિધ સાહિત્યોપાસના દ્વારા જીવનને ધન્ય બનાવે છે !

## —ક્ષમાયાચના—

'માથા કરતાં પાઘડી મ્હોટી' ની જેમ પ્રસ્તાવનાની દીર્ઘતા બાબતમાં દિલગીરી વ્યક્ત કરી, મારા જીવનમાં અંધારા ઉલેચાય, અપૂર્ણતામાંથી પૂર્ણતાના ધ્રુવતારક તરફ પ્રગતિ થાય, એ માટે [1]નવપદવાળાં નવકારમંત્રનું. અંતિમ સ્મરણ કરી, અજાણતાં શાસ્ત્ર અને પરંપરાથી વિરૂદ્ધ લખાયું હોય તેની ક્ષમા યાચી, આ પ્રસ્તાવના સમાપ્ત કરું છું.

**नमो अरिहंताणं । नमो सिद्धाणं । नमो आयरियाणं ।**
**नमो उवज्झायाणं । नमो लोए सव्वसाहूणं ।**
**एसो पंचनमुक्कारो, सव्वपावप्पणासणो ।**
**मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं ॥**

ગોડીજી જૈન ઉપાશ્રય,
પાયધુની, મુંબઈ.
સં. ૨૦૨૩ ના આષાડ વદિ ૧૩.

**પ. પૂ. આચાર્યશ્રી**
**વિજયધર્મસૂરીશ્વર**
શિષ્ય
**મુનિ યશોવિજય**
[હાલ શ્રી વિજયયશોદેવસૂરિ]

---

૧. દિગમ્બરો તથા શ્વેતામ્બરમાંથી જન્મેલા સ્થાનકવાસી તથા તેરાપંથી એ બે સમ્પ્રદાયો, તેઓએ આદ્ય પાંચ પદોને જ માન્યતા આપી છે અને ત્યાં તેટલાની જ આરાધના મુખ્યત્વે ચાલે છે. એમ છતાં મારા અલ્પ ખ્યાલ મુજબ બાકીનાં ચાર પદોને પાછળથી માન્યતા આપી છે.

# વિષયાનુક્રમ

## ૧–સાધ્યખંડ

| | પૃષ્ઠસંખ્યા |
|---|---|
| ૧. આમુખ | ૩ |
| ૨. નમસ્કારની ઉપાદેયતા | ૮ |
| ૩. નમસ્કારમંત્ર–નિરૂપણ | ૧૩ |
| ૪. નમસ્કારમંત્રનું નિત્યત્વ | ૨૨ |
| ૫. નમસ્કારમંત્રનો અદ્ભુત મહિમા | ૨૯ |
| ૬. નમસ્કારમંત્ર જિનશાસનનો સાર છે. | ૩૭ |
| ૭. નમસ્કારમંત્ર અચિંત્ય પ્રભાવશાળી છે. | ૪૪ |
| ૮. નમસ્કારમંત્રનું અક્ષરસ્વરૂપ | ૬૧ |
| ૯. નમસ્કારમંત્રનો અર્થબોધ | ૭૦ |
| ૧૦. નમસ્કારમંત્રનો ચિંતનીય વિષય | ૮૧ |
| ૧૧. નમસ્કારમંત્રની નવ વિશેષતાઓ | ૧૦૦ |
| ૧૨. નમસ્કારમંત્રનો મહાઉપકાર | ૧૧૦ |

## ૨–સાધનાખંડ


| | |
|---|---|
| ૧૩. સાધનાની આવશ્યકતા | ૧૧૯ |
| ૧૪. સાધના ક્યાં કરવી ? | ૧૨૭ |
| ૧૫. સાધના કેમ કરવી ? | ૧૩૬ |
| ૧૬. સાધકે યોગ્યતા કેળવવી ઘટે. | ૧૪૪ |
| ૧૭. નમસ્કારમંત્ર-ગ્રહણવિધિ | ૧૫૯ |
| ૧૮. 'સ્મરણ'નું મહત્ત્વ | ૧૬૯ |
| ૧૯. સ્મરણવિધિ | ૧૭૭ |
| ૨૦. જપનું મહત્ત્વ | ૧૮૮ |
| ૨૧. જપમાલા અંગે કેટલીક વિચારણા | ૧૯૮ |
| ૨૨. સકલીકરણ | ૨૧૦ |
| ૨૩. જપવિધિ | ૨૧૬ |
| ૨૪. ધ્યાનનું મહત્ત્વ | ૨૩૫ |
| ૨૫. ધ્યાનવિધિ | ૨૪૪ |
| ૨૬. મંત્રાનુષ્ઠાન | ૨૬૯ |
| ૨૭. સાધનાસમયની વિશિષ્ટ ચર્યા | ૨૭૬ |
| ૨૮. સિદ્ધિની સમીપમાં | ૨૮૬ |


## ૩–સિદ્ધિખંડ


| | |
|---|---|
| ૨૯. નમસ્કાર–મંત્રસિદ્ધિ | ૨૯૩ |
| ૩૦. ૐકાર અથવા પ્રણવમંત્ર | ૩૦૦ |
| ૩૧. અર્હં મંત્ર | ૩૧૦ |
| ૩૨. અસિઆઉસા ગર્ભિત સત્તર મંત્રો | ૩૨૨ |


૩૩. આઠ વિદ્યાઓ
(૧) પંચપરમેષ્ઠિવિદ્યા ૩૨૮
(૨) પંચદશાક્ષરીવિદ્યા ૩૩૦
(૩) કેવલિવિદ્યા ૩૩૦
(૪) કર્ણપિશાચિનીવિદ્યા ૩૩૧
(૫) અષ્ટાક્ષરીવિદ્યા ૩૩૧
(૬) ષડક્ષરીવિદ્યા ૩૩૨
(૭) ચતુરક્ષરીવિદ્યા ૩૩૩
(૮) દ્વયક્ષરીવિદ્યા ૩૩૪
૩૪. ઉપયોગી મંત્રસંગ્રહ
(૧) ચોરનો ભય દૂર કરવાનો મંત્ર ૩૩૫
(૨) વિપત્તિનું નિવારણ કરવાનો મંત્ર ૩૩૫
(૩) વરસાદ લાવનારો મંત્ર ૩૩૬
(૪) જ્ઞાનવૃદ્ધિના મંત્રો ૩૩૬
(૫) બુદ્ધિ વધારનારો મંત્ર ૩૩૭
(૬) સર્પ વગેરેનું ઝેર ઉતારવાનો મંત્ર ૩૩૭
(૭) સ્વપ્નમાં જવાબ મેળવવાનો મંત્ર ૩૩૮
(૮) સંઘની રક્ષા કરનાનો મંત્ર ૩૩૮
(૯) સર્વ કાર્યની સિદ્ધિ કરનારો મંત્ર ૩૩૮
(૧૦) ઋદ્ધિ–સિદ્ધિ આપનારો મંત્ર ૩૩૮
(૧૧) બંદીખાનામાંથી છોડાવનારો મંત્ર ૩૩૯
(૧૨) સૂર્ય અને મંગલની પીડા દૂર કરનારો મંત્ર ૩૩૯
(૧૩) ચન્દ્ર અને શુક્રની પીડા દૂર કરનારો મંત્ર ૩૩૯
(૧૪) બુધની પીડા દૂર કરનારો મંત્ર ૩૩૯
(૧૫) ગુરુની પીડા દૂર કરનારો મંત્ર ૩૪૦
(૧૬) શનિ, રાહુ અને કેતુની પીડા દૂર કરનારો મંત્ર ૩૪૦

## ૪–સ્વાધ્યાય ખંડ


| | |
|---|---|
| ૧. શ્રી નમસ્કારમંત્રનો મહિમા | ૩૪૩ |
| ૨. શ્રી નવકારમંત્રનો છંદ | ૩૪૫ |
| ૩. શ્રી ,, ,, ,, | ૩૪૮ |
| ૪. શ્રી ,, ,, ,, | ૩૫૦ |
| ૫. શ્રી નવકારમંત્રની સજ્ઝાય | ૩૫૧ |
| ૬. શ્રી ,, ,, ,, | ૩૫૨ |
| ૭. શ્રી નવકારમંત્રનું ગીત | ૩૫૩ |
| ૮. નોકારવાલીનું ગીત | ૩૫૪ |
| ૯. સંસ્કૃત સુભાષિતો | ૩૫૫ |
| **અનાનુપૂર્વી** | ૩૫૭ |


## ૫–માહાત્મ્ય ખંડ



| | |
|---|---|
| શ્રી નમસ્કાર–માહાત્મ્ય | ૩૬૫–૩૮૮ |
| આધારભૂત સાહિત્યની યાદિ | ૩૮૯–૯૦ |
| શ્ર. પં. શ્રી ધીરજલાલ શાહે રચેલું જૈન ધર્મનું મહત્ત્વનું સાહિત્ય | ૩૯૧–૩૯૨ |



સ્વ. નીતીન મનસુખલાલ વોરા

જન્મ : ૨૬-૧-૪૬ સ્વર્ગવાસ ૮-૧૦-૮૦

ફૂલ ગયું, ફોરમ રહી ગઈ.



ગ્રંથલેખક

શતાવધાની પંડિત

**શ્રી ધીરજલાલ ટોકરશી શાહ**

જન્મ તા. ૧૮-૩-૧૯૦૬

## 卐 પહેલી વંદના 卐

નવપદનિર્મિત

અડસઠ અક્ષરોથી મંડિત

અનંત-ઉદાર અર્થમય

શ્રી જિનશાસનના સારરૂપ

નમસ્કાર મહામંત્રના

પ્રથમપદે પ્રતિષ્ઠિત

એવા

શ્રી અરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**રમણલાલ વાડીલાલ શાહ**

તથા

**સરસ્વતીબહેન રમણલાલ શાહ**

ભાવેશ્વર સાગર, ૮ મે માળે,

બ્લોક નં. ૧૫,

નેપીયન્સી રોડ,

મુંબઇ-૪૦૦ ૦૦૬

## 卐 બીજી વંદના 卐

જેઓ
અપૂર્વ આત્મતેજથી
અલંકૃત હોઈને
'ભગવાન' સંજ્ઞાથી
ભાવિત થયા છે
તથા
અનુપમ ઐશ્વર્યને લીધે
'ઈશ્વર' તરીકે
ઓળખાયા છે.
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐


જયંત એમ. શાહ
'વિમલ', ૨ જે માળ,
૧૮૪-ખેતવાડી મેન રોડ.
મુંબઈ-૪૦૦ ૦૦૪
ટે. નં. ૩૧૧૫૪૪
૩૫૭૮૮૯

## 卐 ત્રીજી વંદના 卐

જેઓ

સર્વ દેવોમાં

મહાન હોવાથી

' મહાદેવ ' ગણાય છે

અને

સર્વનું શુભ કરનારા

હોવાથી

' શંકર ' ની ખ્યાતિ પામેલા છે,

તે

શ્રી અરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐


**વિશ્વમંગલ ઇન્વેસ્ટમેન્ટ પ્રા. લી.**

૮-ડી, કોર્ટ ચેમ્બર્સ, ૪ થે માળે,

ન્યુ મરીનલાઈન્સ,

મુંબઈ–૪૦૦ ૦૨૦

## 卐 ચોથી વંદના 卐

જેઓ
શિવપદના ઉત્કૃષ્ટ અધિકારી
હોવાથી
'શિવ' તરીકે વિખ્યાત
થયેલા છે
તથા
સર્વ દેવોના દેવ
હોવાથી
'દેવાધિદેવ' તરીકે
સંબોધાય છે,
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**હસમુખલાલ સોમચંદ શાહ**
ઠે. ફાઈબર ગ્રુપ કોરપોરેશન
૩૭૭-બી, ચીરાબજાર,
મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે. નં. ૩૧૮૧૬૯

## 卐 પાંચમી વંદના 卐

જેઓ
જગતના જીવોને
વિશિષ્ટ જ્ઞાન
આપનારા હોવાથી
'જગદ્ગુરુ' તરીકે
સ્તવાયેલા છે
અને
સર્વ લોકોનું ક્ષેમ
કરનારા હોવાથી
'લોકનાથ' તરીકે
બિરદાવાયા છે,
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐


**દલાલ શાહ પોપટલાલ શિવજીની કું.**
૪–રાંભીયા હાઉસ, ૧ લે માળે,
કેશવજી નાયક રોડ,
ચીંચબંદર,
મુંબઈ–૪૦૦ ૦૦૯

## 卐 છઠ્ઠી વંદના 卐

જેઓ
ચોત્રીશ અતિશયોથી
અલંકૃત છે
તથા
સંસારસમુદ્ર તરવા માટે
ધર્મતીર્થની સ્થાપના કરી,
તીર્થંકરનું પરમ પદ
પામેલા છે,
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**જયંતિલાલ હઠીસીંગ શાહ**

તૃપ્તિ ટ્રાન્સપોર્ટ કું.
૬૬૪–આશીર્વાદ બીલ્ડીંગ ૧ લે માળે.
૬૮ મી અમદાવાદ સ્ટ્રીટ.
લોખંડબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૯
ટે. નં. ૩૪૨૮૧૮
૫૮૪૬૭૯

# 卐 સાતમી વંદના 卐

જેઓ
સર્વ પુરુષોમાં
સર્વ રીતે
ઉત્તમ હોવાથી
'પુરુષોત્તમ' કહેવાયા છે
અને
યોગીઓના વૃંદમાં
અગ્રણી હોવાને કારણે
'યોગીશ્વર' ની ગણના
પામેલા છે.
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**પ્રશાંત એસ. શાહ**
( ઓફસેટ, લેટર પ્રેસ )
ચિંતામણિ પ્રિન્ટીંગ
૨/૧૬-વિવેકાનંદ નગર,
કોરા કેન્દ્ર પાસે, એસ. વી. રોડ,
બોરીવલી ( વેસ્ટ ),
મુંબઇ-૪૦૦ ૦૬૨
ટે. નં. ૬૫૪૩૫૯

## 卐 આઠમી વંદના 卐

જેઓ
ઇન્દ્રિયો અને મનને
જિતનાર હોવાથી
તથા
અંતરના પ્રબલ શત્રુઓનો
પૂરેપૂરો પરાભવ
કરનારા હોવાથી
જયશાલી જિનપદને
પ્રાપ્ત કરનારા છે,
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**મગનલાલ કુંવરજી મોતા**


૧૩૭/૦૧-રાધેકીશન બીલ્ડીંગ,
પારસી પંચાયત
અંધેરી (પૂર્વ),
મુંબઈ-૪૦૦ ૦૬૯
ટે. નં. ૬૩૨૬૮૬૪
દુકાન : ૬૨૩૨૬૮

## 卐 નવમી વંદના 卐

જેઓ
જન્મકાલે
અવધિજ્ઞાનથી યુક્ત હતા,
દીક્ષા લીધા પછી તરત જ
મનઃપર્યવ જ્ઞાનના સ્વામી
બન્યા, અને
સંમત્વયોગની સિદ્ધિના અંતે
એક અને અજોડ
એવા
કેવલજ્ઞાનથી વિભૂષિત થઈ
પરમજ્ઞાનીની કોટિમાં
વિરાજ્યા,
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**જયંતિલાલ લક્ષ્મીચંદ શાહ**
૨૦૧-એ, વિશાલ એપાર્ટમેન્ટ,
મથુરાદાસ વસનજી હોલ,
અંધેરી (ઇસ્ટ),
મુંબઇ-૪૦૦ ૦૬૯
ટે. નં. ૬૩૨૬૩૪૪

## 卐 દસમી વંદના 卐

જેઓ
જ્ઞાનાતિશય વડે
સકલ લોકની
ભૂત-વર્તમાન-ભવિષ્યકાલીન
સર્વ વસ્તુઓને જાણી શકે છે
તથા
જોઈ પણ શકે છે
એવા
સર્વજ્ઞ અને સર્વદર્શી
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐


**ગાંધી મેન્યુફેક્ચરર્સ સીન્ડીકેટ**
મેન્યુફેક્ચરર એન્ડ મશીનરી મર્ચન્ટ
૧૭, ડૉ. જી. બી. ગાંધી માર્ગ
ફોર્ટ,
મુંબઈ-૪૦૦ ૦૨૩
ટે. નં. ઓ. : ૨૪૨૬૫૩
ફેક્ટરી : ૩૭૪૫૮૬

# અગિયારમી વંદના

જેમણે
પોતાને પ્રાપ્ત થયેલા
પૂર્ણ જ્ઞાન વડે
સકલ લોકનું સ્વરૂપ
પ્રકાશ્યું છે
તથા
વિશ્વસ્થિતિ અંગે
વિશદ વિવેચન
કર્યું છે
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

**શીતલ એન્જીનીયરીંગ ઈન્ડસ્ટ્રીઝ**
બ્લોક ૫, નંદજ્યોત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
સફેદપુલ, કુરલા અંધેરી રોડ,
મુંબઈ-૪૦૦ ૦૭૨
ટે. નં. ૫૧૨૩૪૧૯

# 卐 બારમી વંદના 卐

જેમણે
આપેલા જ્ઞાનમાંથી
વિજ્ઞાન પ્રકટ્યું છે
અને
દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ,
ચરણકરણાનુયોગ તથા
કથાનુયોગ
એવા
ચાર અનુયોગો પ્રકાશમાં
આવ્યા છે,
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો

卐

**ચંદ્રકાંત સુંદરલાલ કાપડિયા**
એ-૨૧, મુનિસુવ્રત દર્શન, ૬ ઠે માળે,
નવરોજજી લેન, ઘાટકોપર,
મુંબઈ-૪૦૦ ૦૮૬
ટે નં. ૫૧૩૪૭૭૫
૫૧૩૯૫૦૮

## 卐 તેરમી વંદના 卐

જેમણે
જીવ અને જડની
જુદાઈ જણાવી
પુદ્ગલની પોકલતા
સિદ્ધ કરી છે,
તથા
આત્મા ભણી દૃષ્ટિ રાખીને
ચાલવાનો
અનુપમ ઉપદેશ આપ્યો છે,
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**પ્રાણલાલ મોહનલાલ શાહ**
**( સુરેન્દ્રનગરવાળા )**
વિજય ચેમ્બર,
૧૦ મે માળે, ફ્લેટ નં. ૧૦૩
ડ્રીમલેન્ડ સીનેમાની સામે,
મુંબઈ–૪૦૦ ૦૦૪
ટે. નં. ૩૮૩૧૫૨

## 卐 ચૌદમી વંદના 卐

જેમના ઉપદેશથી
દાનનો દરિયો
ઉછળવા લાગ્યો,
શીલની સુગંધ પ્રકટવા
લાગી,
તપનું તેજ વિસ્તાર
પામ્યું
તથા
ભાવની સૃષ્ટિમાં
ભવ્યતા અને પવિત્રતાના
દર્શન થવા લાગ્યા,
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**વાડીલાલ ભોગીલાલ શાહ**

**( કપડવંજ )**

ભારત એન્ડ. સ્ટોર્સ
૩૧- નાગદેવી ક્રોસલેન,
મુંબઈ-૪૦૦ ૦૦૩
ટે. નં. ૩૨૩૧૯૩
૩૨૭૪૨૮

## 卐 પંદરમી વંદના 卐

જેમના
ઉપદેશથી
દયા, દાન અને પરોપકારની
પ્રવૃત્તિઓમાં
પ્રાણ પ્રકટયા
તથા
વિશ્વમૈત્રીનું
વિમલ વાતાવરણ
સર્જાયું
તે
શ્રી અરિહંતદેવને
અમારી
કોટિ કોટિ વંદના હો..

卐

**ભોગીલાલ દોલત શાહ**
**( અંગાડીવાળા )**

ઠે. નવીનચન્દ્ર વા. શાહ
બી–૯, શીવછાયા,
મથુરાદાસ વસનજી રોડ,
અંધેરી ( ઈસ્ટ ),
મુંબઈ–૪૦૦ ०૬૯
ટે. નં. ઘર : ૬૦૪૩૨૭૪
ઓ. : ૩૨૩૧૯૩

## 卐 સોળમી વંદના 卐

જેમની
દિવ્ય દેશના વડે
સર્વે જીવો પ્રત્યે
મૈત્રીભાવ ઉત્પન્ન થયો,
ગુણવાનો પ્રત્યે
પ્રમોદભાવના પ્રકટી,
દુઃખી-જીવો પ્રત્યે
દયાનાં ઝરણાં વહેવા લાગ્યાં
તથા
વિપરીત વૃત્તિવાળાઓ પ્રત્યે
ઉપેક્ષાભાવનું સેવન
થવા લાગ્યું,
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**શરદ લીલાધર દેઢિયા**
C/o, મીનલ મ્યુઝીક સેન્ટર
( કેસેટ સપ્લાયર્સ )
સરસ્વતી સદન, ૨ જે માળે,
૧૧૩-૧૫ કેશવજી નાયક રોડ,
મુંબઈ-૪૦૦ ००૯

## 卐 સત્તરમી વંદના 卐

જેમની વાણી
શિષ્ટ હતી,
સંસ્કારી હતી,
મધુરતાથી પૂર્ણ હતી,
અને
સર્વ શ્રોતાઓને
અવિચ્છિન્ન આનંદ
આપવા પૂર્વક
ધર્મ પ્રત્યે લઈ
જનારી હતી,
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
ક્રોડિ કોટિ વંદના હો.

卐

**અમીચંદ લીલાધર દેઢિયા**
૩૬૦–વર્ધમાન મેન્શન,
મુંબઈ–૪૦૦૦૦૯

## 卐 અઢારમી વંદના 卐

જેમની વાણી
મેઘધારાની જેમ
અસ્ખલિત વહેનારી હતી,
યોજનપર્યંત
સંભળાય તેવી હતી
તથા
દેવ, મનુષ્ય અને તિર્યંચને
પોત-પોતાની ભાષામાં
પરિણામનારી હતી,
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**સેવંતીલાલ પ્રાણલાલ શાહ**
મંગલદાસ માર્કેટ, બીલ્ડીંગ નં. ૨
૩ જે માળે,
મુંબઈ--૪૦૦ ૦૦૨

# 卐 ઓગણીસમી વંદના 卐

જેમની વાણીમાં
પરસ્પર બાધ ન હતો,
નય-નિક્ષેપની સુંદર
ગૂંથણી હતી
તથા
વસ્તુ માત્રનું
અનેકાન્ત દૃષ્ટિએ
યથાર્થ નિરૂપણ હતું,
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**શાહ હરિલાલ મુલચંદ**
'દેવકૃપા' ૩ જે માળે,
૬ ઠ્ઠો રસ્તો,
શાંતાક્રુઝ (ઇસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૫૫
ટે. નં. ૬૧૨૫૪૮૩

## 卐 વીસમી વંદના 卐

જેમનું વક્તૃત્વ
અદ્ભૂત હતું,
અસાધારણ હતું
અને
પ્રભાવથી પૂર્ણ
હોવાને લીધે
હજારો હૈયાંને
ઊંડો સ્પર્શ કરનારું
હતું,
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐


**માણેકલાલ કેશવજી દંડ**
૫-જી, 'અવસર'
૭૭-૮૧, કાઝી સૈયદ સ્ટ્રીટ,
માંડ બજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૯.

## 卐 એકવીસમી વંદના 卐

જેમના
ઉપદેશથી
અન્યાય અને અનીતિ
દૂર થયાં,
અધર્મના કોટ-કાંગરા
ખરી પડ્યાં,
તથા
જગતની જનતા
જડવાદ છોડીને
અધ્યાત્મનો ઉજ્જવળ પ્રકાશ
ઝીલવા લાગી,
તે
શ્રી અરિહંત દેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**મણીબેન વાડીલાલ ગાંધી**
**( કપડવંજ )**
૪-૫૩, શક્તિભુવન,
સાયન (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૨૨.
ટે. નં. ૪૭૨૧૨૩

## 卐 બાવીશમી વંદના 卐

જેમના
અનન્ય ઉપદેશથી
હિંસક યજ્ઞો
અટકી ગયા,
આત્માની ઉજ્જવલતા
પ્રકાશમાં આવી
અને
સંયમ તથા તપથી ભરેલાં
ધાર્મિક અનુષ્ઠાનોનો
ધ્વજ સર્વત્ર
લહેરાવા લાગ્યો,
તે
શ્રી અરિહંત દેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**નવીનચંદ્ર ચંદુલાલ શાહ**
અંબિકાપ્રસાદ દુબે બિલ્ડીંગ,
રૂમ નં. ૧૮
જુના નાગરદાસ રોડ,
અંધેરી (ઇસ્ટ),
મુંબઇ–૪૦૦ ०૬૯
ટે. ન. ૩૧૭૮૩૬

## 卐 ત્રેવીશમી વંદના 卐

---

જેમણે
નિશ્ચય તરફ દૃષ્ટિ રાખી
વ્યવહારને અનુસરવાનો
અનેરો ઉપદેશ
આપ્યો
તથા
તે માટે
વિવિધ પ્રકારની ભૂમિકાઓ
દર્શાવી
તેને
ચડવાનો અનુરોધ કર્યો,
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો

卐

**ચંદનબેન શંકરલાલ દોશી**
પારસનગર, એ–બિલ્ડીંગ,
૨ જે માળે,
શંકરગલીના નાકે,
કાંદીવલી (વેસ્ટ),
મુંબઇ–૪૦૦૦૬૭

## 卐 ચોવીસમી વંદના 卐

જેમણે

દેવ, ગુરુ અને ધર્મ

એ ત્રણ તત્ત્વોને

અનન્ય શ્રદ્ધાથી

અનુસરવાની દેશના

દીધી

અને તેમાંજ

માનવજીવનની સાચી સફલતા

દર્શાવી,

તે

શ્રી અરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**ચંપાબેન ગૌતમદાસના સુપુત્રો**

**ડા. બાબુલાલ ગૌતમદાસ શાહ**

મુંબઈ-૪૦૦ ૦૦૪.

## 卐 પચીસમી વંદના 卐

જેમની
ધર્મ દેશનાએ
ભયંકર ભાવવનમાં ભટકી
રહેલા
લાખો--ક્રોડો મનુષ્યોને
. તેમાંથી પાર થવાનું
મંગલ માર્ગદર્શન
આપ્યું
તથા
શિવપુરીની સન્મુખ કર્યાં,
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

શાહ પ્રવિણચંદ્ર બાબુલાલ
૩૦૧, ભરત એપાર્ટમેન્ટ,
જુહુ લેન,
અંધેરી (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૫૮.
ટે. નં. ૫૭૬૬૦૫

## 卐 છવ્વીસમી વંદના 卐

આધિ-વ્યાધિ

તથા

ઉપાધિના

ઘોર દાવાનલથી

દાઝી રહેલા

આ સંસારના સર્વ પ્રાણીઓને

જેમનું

એકમાત્ર શરણ છે,

તે

શ્રી અરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐


**મે. જીતેન્દ્ર એન્ડ કું.**

**(નાણાં દલાલ)**

સી-૩૯, ૧ લે માળે,

મોતીશા જૈન ચાલ, મોતીશાલેન, ભાયખલા,

મુંબઇ-૪૦૦ ૦૨૭.

ટે. નં. ઘર ૮૭૨૦૪૧૫

## 卐 સત્તાવીસમી વંદના 卐

દુઃખનું દમન
અને
સુખની સંપ્રાપ્તિ
કરવા માટે
તથા
આત્મ–વિકાસની ભૂમિકાઓ
એક પછી એક
ચડવા માટે
જેમનું
સ્મરણ–ચિંતન
તથા
વંદન–પૂજન
અનન્ય ઉપકારી છે;
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐


**કપુરવાલા એન્ડ સન્સ**
રેખા નં. ૨, ૪૬– રીજરોડ,
મુંબઈ–૪૦૦ ૦૦૬.
ઘર ટે. નં. ૮૧૨૫૯૭૨

## 卐 અઠ્ઠાવીસમી વંદના 卐

જેમણે
વિષયોને વાર્યા છે
તથા
અંતરના તમામ
અરિઓ સામે
આકરું યુદ્ધ ખેલીને
જયશાળી
જિન ભગવંતની
પદવી મેળવી છે,
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐


**બોમ્બે ટ્રેડીંગ કું.**
૭૨/૮૦, નાગદેવી ક્રોસલેન,
મુંબઈ–૪૦૦ ૦૦૩.
ટે. નં. ૩૩૨૭૮૭

## 卐 ઓગણત્રીસમી વંદના 卐

જેમણે

સમત્વયોગની

ઉત્કૃષ્ટ સાધના કરીને

પરમ વીતરાગ અવસ્થાને

પ્રાપ્ત કરી છે

તથા

મોક્ષપ્રાપ્તિને

નિશ્ચિત બનાવી છે,

તે

શ્રી અરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**મહેતા ચત્રભુજ પ્રાગજીભાઈ**

સૌરાષ્ટ્ર દુગ્ધાલય,

ભાંડુપ,

મુંબઈ–૪૦૦૦૭૮

ટે. નં. ૫૮૫૩૫૨

## 卐 ત્રીસમી વંદના 卐

જેમણે
સંયમ અને તપ વડે
સર્વ રોગનાં
બીજ બાળી નાખ્યાં છે
તથા
અદ્‌ભુત અનુપમ
નીરોગી અવસ્થા
પ્રાપ્ત કરી છે,
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**શાહ મહેન્દ્રકુમાર કાન્તિલાલ**
'સાગર દર્શન',
હનુમાન રોડ,
વિલેપાર્લે (ઇસ્ટ),
મુંબઈ–૪૦૦ ૦૫૭.

## 卐 એકત્રીશમી વંદના 卐

જેમણે
કર્મની કઠિન શૃંખલાને
સંવર અને નિર્જરારૂપી
અમોઘ અસ્ત્રો વડે
છેદી-ભેદી નાખી છે,
તથા
આત્માનું અનિર્વચનીય
શુદ્ધ સ્વરૂપ
પ્રકટ કર્યું છે,
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐


**જી. એફ. ફાઈનાન્સ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ**
**કન્સલટન્ટ્સ**
ભૂપેન ચેમ્બર્સ, દલાલ સ્ટ્રીટ,
રૂમ નં. ૨૮, ૧ લે માળે,
મુંબઈ-૪૦૦ ૦૨૩.
ટે. નં. ૨૭૫૦૫૪
૨૭૫૦૫૫

卐 બત્રીશમી વંદના 卐

જેમનાં
પાવન પગલે
સર્વે અપાયોનો
અપગમ થાય છે
અને
મંગલમાલા
ઉત્તરોત્તર
વિસ્તરતી જાય છે,
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**ગુલાબચંદ ફુલચંદ એન્ડ કંપની**
૭૫, બજારગેટ સ્ટ્રીટ,
કોટ,
મુંબઈ-૪૦૦ ૦૦૧.
ટે. નં. ૨૬૩૯૨૯
૨૬૭૦૭૦

卐 તેત્રીશમી વંદના 卐

જેમની
શીતલ છાયામાં
વૈરવૃત્તિનો વિલય
થાય છે
અને
ઉંદર તથા બિલાડી,
સાપ તથા નોળિયો,
બકરી તથા સિંહ,
સાથે બેસી શકે છે,
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐


દેવચંદ જેઠાલાલ શાહ
ઝવેરીની નવી વાડી, ૧લે માળે,
ઠાકુરદ્વાર રોડ,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
ટે. નં. ૩૫૬૮૮૧
૩૮૮૭૭૨

## 卐 ચોત્રીશમી વંદના 卐

---

જેમનું
અલૌકિક આગમન થતાં
સ્વચક્રમાં વ્યાપેલો અસંતોષ
ઓગળી જાય છે
તથા
પરચક્રની
ભયાનક સંહારશક્તિનું
સ્થંભન થાય છે,
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**નરેન્દ્ર વેલજી શાહ**
૨, આરકેડિયા બિલ્ડીંગ,
ગ્રાઉન્ડ ફ્લોર,
૧૯૫, નરીમાન પોઈન્ટ,
મુંબઇ-૪૦૦ ૦૨૧

## 卐 પાંત્રીશમી વંદના 卐

જેમનું આગમન
ઉપસર્ગોને અટકાવે છે,
વિઘ્નરૂપી વેલડીઓને
છેદી નાખે છે,
તથા
માનવીઓનાં મનને
પૂર્ણ પ્રસન્નતાથી
ભરી દે છે,
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

ત્રિભોવનદાસ પોપટલાલ સંઘવી
જીમી પ્રોડક્ટસ
૫૨-૫, વિજયકરવાડી, આનંદ રોડ,
જૈન દહેરાસરની બાજુમાં,
મલાડ (વેસ્ટ)
મુંબઈ–૪૦૦ ૦૬૪

卐 છત્રીશમી વંદના 卐

જેઓ
દાન-દયા-પરોપકારના
પરમ હિમાયતી છે.
જેઓ
જપ-તપ-સંયમના
સબળ સમર્થક છે
તથા
સદ્‌વિચાર અને સદાચારની
પ્રબળ પુષ્ટિ કરનારા છે.
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો..

卐

**નેમચંદ નાગચંદ શાહ**
(દેપલા-ભાવનગરવાળા)
૪૭, જનસુખ એપાર્ટમેન્ટ,
ત્રીકમદાસ રોડ,
કાંદીવલી (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૬૭
ટે. નં. ૬૮૫૧૯૮૨

## 卐 સાડત્રીશમી વંદના 卐

જેમનો
દિવ્ય દેદાર
નજરે પડતાં જ
લોકોનાં અંતરમાં
પરમ પૂજ્યભાવ પ્રકટે છે
અને
તેમની
વિવિધ પ્રકારે
સેવા-ભક્તિ કરવાના
મનોરથો જાગે છે,
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**ભૂરાભાઈ મણસી સાવલા**
સાવલા નીટવેર
૨૫-સુપર શોપીંગ સેન્ટર,
એસ. વી. રોડ, અંધેરી (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૫૮
ટે. નં. ૬૫૩૮૮૩

卐 આડત્રીશમી વંદના 卐

જેમને
દેવેન્દ્રો, દાનવેન્દ્રો
તથા
નરેન્દ્રો
લળી લળીને પાય લાગે છે
તથા
જેમની ચરણરજ
મસ્તકે ચડાવવામાં
અપૂર્વ ગૌરવ અનુભવે છે,
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**કુસુમબેન ચંદ્રકાંત શાંભિયા**
સરસ્વતી સદન, બીજે માળે,
૧૧૩-૧૧૫, કેશવજી નાયક રોડ,
મુંબઈ-૪૦૦ ૦૦૯

卐 ઓગણચાલીસમી વંદના 卐

જેઓ

અશોકવૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ

દિવ્યધ્વનિ, ચામર,

સ્ફટિક સિંહાસન આદિ

અષ્ટ મહાપ્રતિહાર્યોની

નિરંતર

પૂજા પામે છે,

તે

શ્રી અરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**આર. રમેશચંદ્રની કું.**
પ્રસાદ ચેમ્બર્સ, ૭ મે માળે,
૭૧૭-ઓપેરા હાઉસ,
**મુંબઈ-૪૦૦ ૦૦૪**

## 卐 ચાલીસમી વંદના 卐

જેમનું
સ્મરણ-વંદન-પૂજન
કરતાં
ભવોભવના પાતક
જાય છે,
તન-મન અપૂર્વ
શાંતિ અનુભવે છે.
તેમ જ
મોક્ષ માર્ગની પ્રીતિ
જાગે છે,
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**પ્રતાપરાય હરિચંદ મહેતા**
તથા
**નિર્મળાબેન પ્રતાપરાય મહેતા**
**સપરિવાર**

નરકની મહાલ, ૨ જે માળે, રૂમ નં. ૩
૧૧૬—લોહાર ચાલ,
મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે. નં. ૨૫૯૭૨૧

卐 એકતાલીસમી વંદના 卐

જેમનું
પૂજન
પાવનકારી છે,
મનને
શાંત અને સ્વસ્થ
કરનારું છે,
તથા
પરમ પ્રસન્નતાનો
પ્રસાદ આપનારું છે,
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**શેઠ બ્રધર્સ**
એ-ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા
રેકગનાઇઝડ એક્સપોર્ટ હાઉસ
૬-કે, શર્મા માર્ગ
હાલસિંગ માનસિંગ બીલ્ડીંગ, ૧ લે માળે.
લોહારચાલ
મુંબઈ-૪૦૦ ૦૦૨

## 卐 બેંતાલીશમી વંદના 卐

જેઓ
કામકુંભ, કામધેનુ,
કલ્પવલ્લી
તથા
ચિંતામણિરત્ન કરતાં પણ
અનેક ગણો અધિક
મહિમા ધરાવે છે
તથા
પરલોકનું
પ્રશસ્ત પાથેય પણ
બંધાવે છે,
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**મણિલાલ વીરચંદ મેઘજી**
ગીલ કું. પ્રા. લી.
નરોત્તમ મોરારજી માર્ગ,
બેલાર્ડ એસ્ટેટ,
મુંબઈ—૪૦૦ ૦૩૮

## 卐 તેંતાલીશમી વંદના 卐

---

જેમણે

કષાયોરૂપી કાળાનાગનું

દમન કર્યું છે

તથા

મદનરૂપી મહાશત્રુ સાથે

'બજીકી બાથ ભીડીને

તેનો

પૂરો પરાભવ કર્યો છે,

તે

શ્રી અરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐


રમણીકલાલ મંગલદાસ શાહ

(હિન્દુસ્તાન ટેક્સટાઈલ એન્જીનીયર્સ

જન્મભૂમિ ભવન,

ઘોઘા સ્ટ્રીટ,

મુંબઈ–૪૦૦ ૦૦૧

ટે. નં. ૨૫૭૧૩૧

卐 ચુમાલીશમી વંદના 卐

જેમની

પ્રશસ્ત વાણી

પ્રાણીઓને

અસતમાંથી સત્ પ્રત્યે

લઈ જાય છે

અને

પાપના પડો ભેદીને

અનંત શક્તિમાન

આત્માનાં દિવ્યદર્શન

કરાવે છે,

તે

શ્રી અરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

ઝવેરચંદ ભુરાભાઈ ઝવેરી
૨૨૯–શેખ મેમન સ્ટ્રીટ,
ઝવેરી બજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨

卐 પીસ્તાલીશમી વંદના 卐

જેમનો
અદ્‌ભુત ઉપદેશ
અજ્ઞાનનાં અંધારાં
ઉલેચીને
જ્ઞાનનો
પવિત્ર પ્રકાશ પ્રકટાવે છે
તથા
સકલ સૃષ્ટિનું
સાચું રહસ્ય સમજાવે છે,
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો

卐

સ્વ. શ્રી નાયક જેઠાભાઈના સ્મરણાર્થે
હા. વિજયભાઈ
૨૨, ગણેશ બાગ,
નહેરૂ રોડ,
મુલુંડ
મુંબઈ-૪૦૦ ૦૮૦

## 卐 છેંતાલીશમી વંદના 卐

જેમની

દિવ્ય દેશના

મૃત્યુને મહાત કરવાની

અનોખી કલા

શીખવે છે

અને

અજરામર અવસ્થાના

પૂર્ણ અધિકારી

બનાવે છે,

તે

શ્રી અરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**ગં. સ્વ. શ્રી નેણબાઈ નાયક**

૨૨, ગણેશ બાગ,

નહેરૂ રોડ, મુલુંડ,

મુંબઈ–૪૦૦ ૦૮૦

## 卐 સુડતાલીશમી વંદના 卐

જેઓ

ત્રણેય લોકના

સ્વામીઓ વડે

વંદાય છે,

સ્તવાય છે,

પૂજાય છે,

તથા

અનન્ય અને અજોડ

માન–સન્માન પામે છે,

તે

શ્રી અરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**વિજય નાયક**

૨૨–ગણેશ બાગ,

નહેરૂ રોડ,

મુલુંડ,

મુંબઈ–૪૦૦૦૮૦

卐 અડતાલીશમી વંદના 卐

જેમના
જીવનની
પાંચ મુખ્ય ઘટનાઓ
વિશ્વકલ્યાણમાં
કારણભૂત હોઈને
'કલ્યાણક' ની સંજ્ઞા
પામેલી છે
તથા
મનુષ્યો અને દેવોમાં
અપૂર્વ
આનંદ પ્રકટાવનારી છે,
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

અ. સૌ. પુષ્પાબહેન વિજય
૨૨–ગણેશબાગ,
નહેરૂ રોડ,
મુલુંડ,
મુંબઈ–૪૦૦ ૦૮૦

# નમસ્કારમંત્રસિદ્ધિ

પહેલો—સાધ્યખંડ

॥ ॐ ह्रीँ अर्हँ नमः ॥

# [ १ ]

## આમુખ

નમસ્કારમંત્રનું નિરૂપણ કરનારો, નમસ્કારમંત્રનો વિસ્તૃત પરિચય આપનારો, નમસ્કારમંત્રની અનેકવિધ વિશેષતાઓને પ્રકાશમાં લાવનારો તથા નમસ્કારમંત્રની સિદ્ધિનો સમુચિત વિધિ દર્શાવનારો જે મનનીય ગ્રંથ, તે **નમસ્કારમંત્ર-સિદ્ધિ.'** અથવા નમસ્કારમંત્ર વડે સિદ્ધિ એટલે મુક્તિ કે મોક્ષ પ્રાપ્ત કરવાની શાસ્ત્રોક્ત રીતિને પદ્ધતિસર રજૂ કરનારો સર્વોપયોગી સુંદર ગ્રંથ, તે **'નમસ્કારમંત્રસિદ્ધિ.'** અથવા નમસ્કારમંત્રના યથાવિધ આરાધન દ્વારા પ્રાપ્ત થતી અનેક પ્રકારની સિદ્ધિઓનું વ્યવસ્થિત વર્ણન કરનારો અતિ ઉપયોગી ગ્રંથ, તે **'નમસ્કારમંત્રસિદ્ધિ.'**

જૈન સંઘમાં નમસ્કારમંત્રનું જે સ્થાન છે, તેને લક્ષ્યમાં લેતાં આવા ગ્રંથની આવશ્યકતા કોઈ પણ સંઘ–સમાજ–હિતૈષી સુજ્ઞજનને લાગ્યા વિના નહિ રહે, એમ અમારું માનવું છે. અમને પોતાને આવા ગ્રંથની આવશ્યકતા આજથી

ત્રીશ–એકત્રીશ વર્ષ પહેલાં લાગેલી કે જ્યારે અમે '**શ્રી 'પ્રતિક્રમણસૂત્ર–પ્રબોધટીકા'** ની રચના કરી રહ્યા હતા. એ વખતે કેટલીક તૈયારીઓ હોવા છતાં આવો ગ્રંથ લખવાની અનુકૂલતા સાંપડી નહિ, પછી પણ સંયોગવશાત્ તેનું લેખનકાર્ય હાથ ધરી શકાયું નહિ, પરંતુ સં. ૨૦૨૩ ની સાલના માહ માસમાં '**મંત્રવિજ્ઞાન**' નામના મહત્ત્વપૂર્ણ ગ્રંથનું × નિર્માણ કર્યા પછી પૂર્વનો એ વિચાર સજીવન થયો અને કલમ ચાલવા લાગી. તેનું શોધન–પરિશોધન થતાં છેવટનું જે પરિણામ આવ્યું, તે વિદ્વાન આચાર્યોના નિરીક્ષણ પછી પ્રથમ આવૃત્તિ તરીકે પાઠકો સમક્ષ રજૂ કરવામાં આવ્યું. હવે તો એ લખાણમાં પણ કેટલુંક શોધન–પરિવર્તન થયું છે અને તેથી આ ગ્રંથ વિશેષ સુવાચ્ય બન્યો છે, એમ કહીએ તો અનુચિત નથી.

જૈન કુલમાં જન્મ થવાને લીધે, મહિલાસમાજમાં મણિસમાન ધર્મશ્રદ્ધાળુ **મણિ** માતાનો યોગ મળવાને લીધે તથા જૈન ધર્મના સાહિત્ય–સંસ્કારમાં ઊંડો રસ પડવાને લીધે નમસ્કારમંત્ર સાથે અમારો આંતરિક સંબંધ બંધાયેલો છે અને તે દિન–પ્રતિદિન વધારે ગાઢ થતો રહ્યો છે. આજે તો એવી સ્થિતિ છે કે મન કોઈ પણ વિષયમાંથી નિવૃત્ત થયું કે નમસ્કારમંત્રનો જપ એકાએક ચાલુ થઈ જાય છે અને તે અમુક સમય સુધી ચાલુ રહે છે. રાત્રિના પાછલા

× આ ગ્રંથ સારો લોકાદર પામ્યો છે. હાલ તેની ત્રીજી આવૃત્તિ ચાલી રહી છે. મંત્રપ્રેમીઓએ તેનું અધ્યયન જરૂર કરવું.

ભાગે ત્રણ–સાડા ત્રણ વાગે નિદ્રાનો ત્યાગ થતાં પણ આવી જ સ્થિતિ હોય છે. તાત્પર્ય કે નમસ્કારમંત્ર અંગે અમારા અંતરમાં જે ભક્તિ–શ્રદ્ધા–બહુમાનની ભાવના કેળવાયેલી છે, તેનો જ પડઘો સ્વાભાવિક રીતે આ ગ્રંથમાં પડયો છે.

ઘણાં વર્ષો પહેલાં બાળગ્રંથાવલીની પ્રથમ શ્રેણીમાં નમસ્કારમંત્રના પ્રભાવ અંગે **'અમરકુમાર'** નામની નાની સરખી વાત લખેલી, ત્યારબાદ **શ્રી પ્ર. સૂ. પ્રબોધ** ટીકામાં **નમસ્કારસૂત્ર** પર **અષ્ટાંગીવિવરણ**+લખ્યું અને કલકત્તાવાળા સુપ્રસિદ્ધ વિદ્વાન્ શ્રી હરિસત્ય ભટ્ટાચાર્યે લખેલા **'નમસ્કાર–મહામંત્ર'** નિબંધના ગુજરાતી અનુવાદનું સંશોધન કર્યું. ÷ ત્યાર બાદ ધ્યાનના વર્ગો ચલાવવાનો પ્રસંગ આવતાં બે માસ સુધી તેના પર ખૂબ મંથન કર્યું અને તે પછી જૈન શિક્ષાવલી બીજી શ્રેણી માટે **'મહામંત્ર નમસ્કાર'** નામનો એક નિબંધ લખ્યો. લગભગ આ જ અરસામાં પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજય-લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજનાં નમસ્કારવિષયક વ્યાખ્યાનોનું **'નમસ્કારમહિમા'** તરીકે સંપાદન કરવાનો સુયોગ સાંપડયો. આમ નમસ્કારમંત્ર અંગે કંઇ ને કંઈ લખવા–વિચારવાનું ચાલુ જ રહ્યું અને તેણે અમને પ્રસ્તુત ગ્રંથની રચના કરવાનું બળ સમર્પ્યું.

---

+ (૧) મૂલપાઠ. (૨) સંસ્કૃત છાયા, (૩) ગુજરાતી છાયા, (૪) સામાન્ય અને વિશેષ અર્થ, (૫) અર્થનિરૂપણ (૬) અર્થ–સંકલન, (૭) સૂત્રપરિચય અને (૮) આધારસ્થાન. એ આઠ અંગો પૂર્વકનું વિવરણ.

÷ આ કાર્ય શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર તરફથી અમને સોંપાયું હતું.

નમસ્કારમંત્રનો વિષય એટલો વિરાટ અને એટલો ભવ્ય છે કે લેખકોને-વિચારકોને તે વિષે નવું નવું લખવાનું મન થયા જ કરે. આજ સુધીમાં ચંદ્ર અને સાગર પર, પુષ્પ અને પ્રેમપર કેટલાં કાવ્યો રચાયાં હશે ? આમ છતાં હજી નવાં કાવ્યો રચાયે જ જાય છે અને ભવિષ્યમાં પણ રચાતાં જ રહેશે, કારણ કે એ વિષયો ભવ્ય છે, એટલે સંવેદનશીલ આત્માઓનું આકર્ષણ કર્યા જ કરે છે. નમસ્કાર-મંત્ર વિષે પણ આમ જ સમજવું. તેના અંગે ભૂતકાલમાં ઘણું સાહિત્ય લખાયું છે, છતાં આજે નવું સાહિત્ય લખાય છે અને ભવિષ્યમાં પણ લખાતું જ રહેશે.

વળી યુગે યુગે ભાષાનું ધોરણ બદલાય છે અને લોકોની મનોવૃત્તિમાં પરિવર્તન થતું રહે છે, તેથી પણ નવા સાહિત્યની આવશ્યકતા રહે છે. જો નવા સાહિત્યનું સર્જન થાય નહિ, તો લોકોનો મોટો ભાગ તેની મહત્તા જાણી શકે નહિ તથા તેના વાસ્તવિક રહસ્યથી વંચિત રહે, એટલે નમસ્કારવિષયક નવા સાહિત્યનો સુજ્ઞજનોએ સત્કાર કરવો જોઈએ અને તેમાં જે કંઈ સામગ્રી પીરસાઈ હોય, તેનું ચીવટથી અધ્યયન કરવું જોઈએ.

પ્રચલિત લોકભાષાનો ઉપયોગ કરવો, શૈલિ સુગમ રાખવી અને પ્રતિપાદ્ય વિષયનું અનેક દાખલા–દલીલો સાથે વ્યવસ્થિત નિરૂપણ કરવું, એ નીતિને અમે ઘણા લાંબા સમયથી અનુસરતા આવ્યા છીએ. આ ગ્રંથમાં પણ તેનું જ અનુસરણ કર્યું છે, એટલે સહુ કોઈ સરળતાથી તેનું પઠન–પાઠન કરી શકશે અને તેનાથી લાભાન્વિત થઈ શકશે, એવી અમારી ખાતરી છે.

આ ગ્રંથને ત્રણ ખંડમાં વિભક્ત કરવામાં આવ્યો છે. તેમાંના પ્રથમ ખંડને '**સાધ્યખંડ**' કહેવાનું કારણ એ છે કે તેમાં સાધ્ય એવા નમસ્કારમંત્રનું વિવિધ પ્રકારે પરિચય આપનારાં પ્રકરણો લખવામાં આવ્યાં છે. તેમાંના બીજા ખંડને '**સાધનાખંડ**' કહેવાનું કારણ એ છે કે તેમાં નમસ્કારમંત્રની સાધનાને લગતા અનેક પ્રકરણોની સંકલના કરેલી છે; અને ત્રીજા ખંડને '**સિદ્ધિખંડ**' નામ આપવાનું કારણ એ છે કે તેમાં નમસ્કારમંત્રની સિદ્ધિઓને સ્પર્શતાં અનેક ઉપયોગી પ્રકરણો આલેખવામાં આવ્યા છે. ઉપરાંત '**નમસ્કાર–સ્વાધ્યાય**' નામનો એક વિભાગ પણ આપવામાં આવ્યો છે, જેમાં નમસ્કાર–મંત્રને લગતા છંદો, સજ્ઝાયો, ગીતો તથા દુહા–સુભાષિતો વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેથી જિજ્ઞાસુઓ તેને કંઠસ્થ કરી શકે અને એ રીતે તેના મંગલ મહિમાને પોતાના અંતરમાં બરાબર ઉતારી શકે. તે પછી અનાનુપૂર્વી આપવામાં આવી છે કે જે નિત્ય ગણનામાં અતિ ઉપયોગી છે. છેવટે શ્રી સિદ્ધસેનાચાર્ય–વિરચિત **નમસ્કારમહાત્મ્ય**નો સંક્ષિપ્ત ભાવાનુવાદ આપવામાં આવ્યો છે. આ રીતે ગ્રંથની સંકલના થયેલી હોવાથી પાઠકનું કામ વધારે સરલ બનશે, એમ અમારું માનવું છે. અંતે એ કહેવાનું મન જરૂર થાય છે કે અન્યને લાભ થાઓ કે ન થાઓ, પણ આ ગ્રંથ લખતાં અમારે ખૂબ જ એકાગ્રતા અને માનસિક સ્વસ્થતા કેળવવી પડી છે, તેથી અમને પોતાને ઘણો લાભ થયો છે. હવે પાઠકો આ ગ્રંથના સ્વાધ્યાયનો આનંદ માણે અને તેમાંથી તત્ત્વ તારવી પોતાનો અભ્યુદય સાધે, એ જ અભ્યર્થના.

[ ૨ ]

## નમસ્કારની ઉપાદેયતા

એક વસ્તુ ઉપાદેય છે, અર્થાત્ અવશ્ય ગ્રહણ કરવા યોગ્ય છે કે સ્વીકારવા યોગ્ય છે, એ વાત જ્યાં સુધી આપણા મનમાં બરાબર ઠસે નહિ, ત્યાં સુધી આપણા અંતરમાં તે અંગે કંઇ પણ પ્રવૃત્તિ કરવાનો ઉત્સાહ કે ઉમંગ પ્રકટી શકતો નથી, એટલે પ્રથમ વિચાર તેની ઉપાદેયતા સંબંધી કરવો ઘટે છે. આ રીતે પ્રસ્તુત પ્રકરણમાં નમસ્કારની ઉપાદેયતા સંબંધી કેટલોક વિચાર કરવામાં આવ્યો છે.

શિષ્ટાચારની શરૂઆત નમસ્કારથી થાય છે. કોઈ બે સજ્જનોનો મેળાપ થાય, ત્યારે તેઓ સહુથી પ્રથમ એક-બીજાને નમસ્કાર કરે છે અને ત્યાર પછી એક-બીજાના ખબર-અંતર પૂછે છે.

શિષ્ટાચારના પાલન અર્થે માતા, પિતા, વડીલ, જ્ઞાતિ-જનો, સમાજ તથા ગામ-નગરના આગેવાનો આદિને નમ-

સ્કાર કરવામાં આવે છે, તેમજ કોઇ અતિથિ એટલે મહેમાન કે પરોણો ઘરે પધાર્યો હોય, ત્યારે તેનું સ્વાગત સહુથી પ્રથમ નમસ્કાર વડે કરવામાં આવે છે. વળી વિદ્યાગુરુ કે કલાગુરુને માન આપવા માટે નમસ્કારનો જ આશ્રય લેવાય છે અને જ્ઞાનવૃદ્ધ, વયોવૃદ્ધ, તપસ્વી વગેરે પ્રત્યે આદરની ભાવના વ્યક્ત કરવા માટે પણ નમસ્કારનો જ પ્રયોગ થાય છે.

આ જ રીતે દેશનેતાઓ, પ્રધાનો, સેનાપતિઓ, સાહિત્ય-કારો, કવિઓ કે કલાકારો આદિને સન્માન આપવાના પ્રસંગે પ્રથમ નમસ્કારની ક્રિયા કરવામાં આવે છે અને પછી જ પુષ્પહાર–સમર્પણ આદિ ક્રિયાઓ થાય છે.

ટૂંકમાં નમસ્કાર એ શિષ્ટાચારનો પ્રાણ છે. તેના વિના શિષ્ટાચારની કોઈ પણ ક્રિયા શોભા ધારણ કરી શકતી નથી કે અસરકારક નીવડી શકતી નથી.

અહીં એ પણ જાણી લેવું જરૂરનું છે કે જે મનુષ્યો શિષ્ટાચારનું પાલન કરતા નથી, તે અશિષ્ટ, અસંસ્કારી, અક્કડ, ઉદ્ધત કે મૂર્ખમાં ખપે છે, તેથી સર્વે સુજ્ઞ–સમજુ–શાણા માણસો શિષ્ટાચારનું પાલન અવશ્ય કરે છે અને એ રીતે નમસ્કારની ક્રિયા કરતાં એક પ્રકારનું ગૌરવ અનુભવે છે.

નીતિ તરીકે પણ નમસ્કાર ઉપાદેય છે, કારણ કે તે સામાને વધારે નમાવે છે, તેના સદ્ભાવનું આકર્ષણ કરે છે અને તેની મૈત્રીને ખેંચી લાવે છે. કોઇ વ્યક્તિ સાથે અણ-બનાવ હોય કે લાંબા સમયથી બોલવાનો વ્યવહાર ન હોય, પણ તે વ્યક્તિ રસ્તામાં સામી મળી જાય અને તેને વ્યવસ્થિત

રીતે નમસ્કાર કરવામાં આવે તો અણબનાવ કે અબોલાનો અંત આવી જાય છે અને મૈત્રીભર્યું વાતાવરણ સર્જાય છે.

નીતિકારો કહે છે કે નમવામાં નાનમ નથી. જે નમ્રતાનો ગુણ ધારણ કરીને બીજાને નમે છે, તે લોકપ્રિયતાને વરે છે અને આખરે યશસ્વી બને છે, જ્યારે અભિમાનથી અક્કડ રહેનાર સહુની આંખે ચડે છે, જ્યાં જાય ત્યાં અળખામણો બને છે અને છેવટે અપયશની કાલી ટીલી કપાળે લઈને દુઃખી થાય છે. આના દાખલાઓ શોધવા માટે બહુ દૂર જવું પડે એમ નથી. નજીકના ભૂતકાળમાં નજર નાખો, એટલે તેને લગતા સંખ્યાબંધ દાખલાઓ મળી આવશે.

અમે એવી વ્યક્તિઓને જાણીએ છીએ કે જેમણે નમસ્કાર કરવાની ખાસ કલાને લીધે ઘણા મિત્રો મેળવ્યા હોય અને એ રીતે પોતાના ધંધા–રોજગારમાં પ્રગતિ સાધી હોય. તાત્પર્ય કે અક્કડ રહેવામાં નુકશાન છે, પણ નમ્રતા ધારણ કરીને નમસ્કાર કરવામાં કોઈ જાતનું નુકશાન નથી. તે સાથે તેના લાભ થવાના ઘણા ઉજ્જવલ સંયોગો રહેલા છે.

પર્યુપાસના કે ભક્તિના ક્ષેત્રમાં નમસ્કારને પ્રથમ સ્થાન પ્રાપ્ત થયેલું છે. દેવની ભક્તિ કરવી હોય તો પ્રથમ તેમને નમસ્કાર કરવામાં આવે છે અને પૂજનાદિ અન્ય પ્રવૃત્તિઓ પછી હાથ ધરાય છે. ગુરુની ભક્તિમાં પણ આવો જ ક્રમ છે, તેથી જ તેમને નમસ્કાર કરતી વખતે वंदामि, नमंसामि, सक्कारेमि, सम्माणेमि વગેરે શબ્દો બોલવામાં આવે છે. वंदामि એટલે વંદું છું, નમસ્કાર કરું છું. नमंसामि એટલે પૂજું છું, नमस्या શબ્દ પૂજાના અર્થમાં પ્રસિદ્ધ છે. सक्कारेमि

એટલે સત્કારું છું–સત્કાર કરું છું. सम्माणेमि એટલે સન્માનું છું–સન્માન કરું છું. તાત્પર્ય કે ગુરુની પર્યુપાસના અથવા ભક્તિ ચાર પ્રકારે કરવાની છે, તેમાં નમસ્કારનું સ્થાન સહુથી પહેલું છે.

ચૈત્યવંદન, ગુરુવંદન આદિ શબ્દો વંદન અર્થાત્ નમસ્કારનો મહિમા પ્રદર્શિત કરે છે અને તેને ભક્તિના એક ભવ્ય સાધનની પ્રતિષ્ઠા સમર્પે છે. નમસ્કાર વિનાની ભકિત એ નાક વિનાના મુખ જેવી એક કઢંગી કલ્પના છે, તેથી કોઇ પણ સંપ્રદાયે તેનો સ્વીકાર કર્યો નથી. અન્ય શબ્દોમાં કહીએ તો ભક્તિમાર્ગની અનેક શાખા–પ્રશાખાઓ છે, તે દરેક શાખા કે પ્રશાખાએ નમસ્કારનો આદર કર્યો છે અને તેને પ્રથમ સ્થાન આપેલું છે.

ધર્મક્રિયામાં પણ નમસ્કારની બોલબાલા છે. જ્યાં સુધી નમસ્કાર કરો નહિ, ત્યાં સુધી કામ આગળ ચાલે નહિ. સામાયિક, ચૈત્યવંદન, પ્રતિક્રમણ આદિ ક્રિયાઓના પ્રારંભે ત્રણ વાર 'ખમાસમણ' દેવામાં આવે છે. આ 'ખમાસમણ' શી વસ્તુ છે? તેના પાઠ પર નજર કરો, એટલે અમારા કથનનો ભાવાર્થ બરાબર સમજાઈ જશે. 'इच्छामि खमासमणो वंदिउं जावणिज्जाए निसीहिआए, मत्थएण वंदामि ।' આમાં વંદન એ નમસ્કાર, પ્રણામ કે પ્રણિપાતની ક્રિયા છે અને તેનું ખરું નામ પણ 'प्रणिपातसूत्र' એટલે વંદન કરવાનું સૂત્ર છે.

સાધુ–મુનિરાજો શ્રોતાજનોને ધર્મનો ઉપદેશ કરે છે, ત્યારે પણ પ્રારંભમાં નમસ્કાર જ બોલે છે, પછી એ નમસ્કાર પંચપરમેષ્ઠીનો હોય કે ઓંકારનો હોય. નમસ્કાર વિના તેઓ ધર્મોપદેશ એટલે વ્યાખ્યાન–વાણીનો પ્રારંભ કરતા નથી.

કોઈ તપશ્ચર્યા પૂરી થાય, એટલે નમસ્કાર બોલ્યા બાદ તેનું પારણું થાય છે, તે સિવાય નહિ.

મોક્ષ કે નિર્વાણપ્રાપ્તિ માટે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની આરાધના કરવામાં આવે છે, તેમાં પણ નમસ્કારની મુખ્યતા છે. જો નમસ્કારની આરાધના ન હોય તો આ બધી આરાધનાઓ કંઈ ફલ આપી શકતી નથી. તે અંગે જૈન શાસ્ત્રોમાં કહ્યું છે કે :—

सुचिरं पि तवो तवियं, चिन्नं चरणं सुयं च बहु पढियं ।
जइ ता न नमुक्कारे, रई तओ तं गयं विहलं ॥
चउरंगाए सेणाए, नायगो दीवगो जहा होइ ।
तह भाव–नमुक्कारो, दंसण–तव–नाण–चरणाणं ॥

'લાંબા કાલ સુધી તપને તપ્યો, ચારિત્રને પાળ્યું અને ઘણાં શાસ્ત્રો ભણ્યો, પણ જો નમસ્કારમાં રસ ન લાગ્યો—પ્રીતિ ન જાગી, તો આ બધું નિષ્ફલ ગયું સમજવું.

ચતુરંગી સેનામાં જેમ સેનાની દીપક સમાન છે, તેમ દર્શન, તપ, જ્ઞાન અને ચારિત્રની આરાધનામાં ભાવ-નમસ્કાર દીપક સમાન છે'+

તાત્પર્ય કે નિર્વાણસાધક યોગ જેવી મહાન ક્રિયામાં પણ નમસ્કારે પોતાનું અનોખું સ્થાન જાળવી રાખ્યું છે.

આ રીતે વિવિધ દૃષ્ટિએ નમસ્કાર ઉપાદેય હોવાથી તેની ઉપાદેયતા નિર્વિવાદ સિદ્ધ છે. તે અંગે આગામી પૃષ્ઠોમાં ઘણી મનનીય સામગ્રી આપવામાં આવી છે.

---

+ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એ તેનો સુવિહિત ક્રમ છે.

# [ ૩ ]

## નમસ્કારમંત્ર-નિરૂપણ

नमो अरिहंताणं ।
नमो सिद्धाणं ।
नमो आयरियाणं ।
नमो उवज्झायाणं ।
नमो लोए सव्वसाहूणं ॥
एसो पंच-नमुक्कारो,
सव्व-पावप्पणासणो ।
मंगलाणं च सव्वेसिं,
पढमं हवइ मंगलं ॥

× × × ×

આ પાઠ વડે દેવ-ગુરુ કે પંચપરમેષ્ઠિને નમસ્કાર કરવામાં આવે છે, તેથી એ **'નમસ્કાર'** કહેવાય છે.

નમસ્કારને અર્થથી અરિહંતદેવે કહેલો છે અને શબ્દથી ગણધર ભગવંતોએ એટલે કે તેમના પટ્ટશિષ્યોએ

ગુંથેલો છે, તેમ જ તેની રચના સારગર્ભિત સુંદર શબ્દો વડે થયેલી છે, એટલે તેની ગણના **'સૂત્ર'** તરીકે થાય છે.+

**'નમસ્કારસૂત્ર'** ને માટે જૈન શાસ્ત્રોમાં અનેક નામોનો પ્રયોગ થયેલો છે. જેમ કે—'પંચમંગલ' 'પંચ-મંગલમહાશ્રુતસ્કન્ધ' 'પંચનમસ્કાર' 'પરમેષ્ઠિનમસ્કાર' 'પંચપરમેષ્ઠિનમસ્કાર' 'પંચગુરુનમસ્કાર' 'પંચગુરુ-નમસ્કૃતિ' 'જિનનમસ્કાર' 'નમુક્કાર' 'પંચનમુક્કાર' 'નમોક્કાર' 'પંચનમોક્કાર' 'નવકાર' આદિ. કોઈક સ્થળે તેને 'અઘમર્ષણ' પણ કહેવામાં આવ્યો છે, કારણ કે તે 'અઘ' એટલે પાપનું મર્ષણ એટલે નાશ કરનારો છે. પ્રસ્તુત ગ્રંથમાં વિવેચનપ્રસંગે અનેક શાસ્ત્રોનાં ઉદ્ધરણ આપવામાં આવ્યાં છે, તેમાં આમાંનાં ઘણાંખરાં નામો જોઈ શકાશે.

ભાષા અને ભાવના ભેદથી એક જ વસ્તુના અનેક નામો સંભવે છે. તેમાં યે જે વસ્તુ અતિ પ્રાચીન હોય અને કાલના દીર્ઘ પ્રવાહમાં વહેતી વહેતી આપણા સુધી પહોંચી હોય, તેને તો વિવિધ નામો ધારણ કરવાનો પ્રસંગ અવશ્ય આવે.

---

+ अल्पाक्षरमसन्दिग्धं, सारवद्विश्वतोमुखम् ।
अस्तोभमनवद्यं च, सूत्रं सूत्रविदो विदुः ॥

'થોડા અક્ષરોવાળું હોય, સંદેહરહિત હોય, સારવાળું હોય, સર્વ ભણી મુખવાળું હોય, એટલે કે યથાયોગ્ય અન્વય થવાની યોગ્યતાવાળું હોય, નિરર્થક શબ્દ વિનાનું હોય અને નિર્દોષ હોય, તેને સૂત્રવેત્તાઓ સૂત્ર જાણે છે.'

જે સૂત્ર વારંવાર મનન કરવા યોગ્ય હોય, તે **'મંત્ર'** કહેવાય.+ આ રીતે નમસ્કારસૂત્ર તથા બીજા પણ કેટલાંક સૂત્રોને મંત્ર ગણવામાં આવતાં અને કાયોત્સર્ગ કરતી વખતે કે નિત્ય–આરાધનાના પ્રસંગે તેનું ખાસ આલંબન લેવામાં આવતું. પરમ યોગવિશારદ આચાર્ય શ્રીહરિભદ્રસૂરિજીએ **'યોગવિંશિકા'**ની પ્રથમ બે ગાથામાં યોગનું જે સ્વરૂપ વર્ણવ્યું છે, તેનો સાર એ છે કે 'વીતરાગ મહાપુરુષોએ કહેલાં સારભૂત વચનો અને તેના અભિધેય વિષયોનું અનન્ય શ્રદ્ધાપૂર્વક ચિંતન–મનન કરવું તથા તેમની પ્રતિમા વગેરેનું આલંબન લઈને ધ્યાનસ્થ થવું અને છેવટે સર્વ બાહ્ય આલંબનોનો ત્યાગ કરીને નિજસ્વરૂપમાં નિમગ્ન થવું, એ યોગની ક્રિયા છે.'

કેટલાક એમ માને છે કે જૈનોને અને યોગને લેવા–દેવા નથી, પણ આ એક ગંભીર ભૂલ છે. જૈનધર્મ અરિહંત દેવો અર્થાત્ યોગસિદ્ધ મહાપુરુષોએ જ પ્રવર્તાવેલો છે અને તેનું સ્વરૂપ મુખ્યત્વે યોગમય જ છે. શ્રીજિનભદ્રગણિ ક્ષમાશ્રમણે **'ધ્યાનશતક'** નો પ્રારંભ કરતાં શ્રીમહાવીર પ્રભુને મહાયોગી તરીકે નમસ્કાર કર્યો છે, એ વાત ભૂલવાની નથી. પરંતુ વર્તમાનકાલની સ્થિતિ વિષમ છે. તેમાંથી અધ્યાત્મ અને યોગનો રંગ મોટા પ્રમાણમાં ઉડી ગયો છે, એટલે કેટલાકનું મંતવ્ય આ પ્રકારનું થાય, એ સ્વાભાવિક છે.

---

+ વેદો પર નિરુક્તિની રચના કરતાં યાસ્કાચાર્યે મંત્રની વ્યાખ્યા આ પ્રકારની આપી છે.

અહીં એ વાત સ્પષ્ટ કરવી જોઈએ કે યોગસાધનામાં મંત્રને વિશિષ્ટ સ્થાન અપાયેલું છે અને તેની સિદ્ધિને લગતી સર્વ સાધનાને **'મંત્ર–યોગ'** કહેવામાં આવ્યો છે. વળી યોગવિશારદોએ ચાર પ્રકારનો યોગ માનેલો છે, તેમાં મંત્રયોગને પ્રથમ સ્થાન આપ્યું છે.

તાત્પર્ય કે 'નમસ્કારસૂત્ર મંત્રસ્વરૂપ છે, તેથી જ **'નમસ્કારમંત્ર'** એવો શબ્દપ્રયોગ થાય છે અને તેમાં ઘણું રહસ્ય સમાયેલું છે. આ નમસ્કારમંત્રની આરાધનાનો જે વિધિ, તેને આપણે મંત્રયોગ સમજવાનો છે.

વચ્ચે માંત્રિક યુગ આવ્યો, તેમાં વિવિધ પ્રકારના મંત્રોની વિપુલ પ્રમાણમાં રચના થઈ. આ વખતે 'मननात् त्रायते इति मन्त्रः' એ વ્યાખ્યા પ્રચલિત થઈ. તેનો અર્થ એ છે કે 'જેનું મનન એટલે સ્મરણ કે ચિંતન કરતાં ત્રાણ સાંપડે અર્થાત્ વિવિધ પ્રકારના ભયોમાંથી રક્ષણ મળે, તે મંત્ર કહેવાય.' આ વ્યાખ્યા અનુસાર પણ નમસ્કારસૂત્રને મંત્ર કહી શકાય એમ છે, કારણ કે તેનું મનન–સ્મરણ કરતાં વિવિધ પ્રકારના ભયોમાંથી રક્ષણ મળે છે. કહ્યું છે કે—

**नासेइ चोरसावयविसहरजलजलणबंधणभयाइं ।**
**चिन्तिज्जन्तो रक्खसरणरायभयाइं भावेण ॥**

'ભાવથી ચિંતન કરાતો આ નમસ્કાર [1]ચોર, [2]શ્વાપદ એટલે વાઘ–સિંહ આદિ હિંસક પ્રાણીઓ, [3]વિષધર એટલે સર્પ, [4]જલ એટલે પાણીનું પૂર, [5]અગ્નિ એટલે એકાએક

આગનું પ્રગટવું, [૬]બંધન, [૭]રાક્ષસ, [૮]રણસંગ્રામ અને રાજા તરફથી ઉત્પન્ન થનાર ભયોનો નાશ કરે છે.'

વિશેષમાં એમ પણ કહેવાયું છે કે—

सिंहेनेव मदान्धगन्धकरिणो मित्रांशुनेव क्षपा—
ध्वान्तौघो विधुनेव तापततयः कल्पद्रुमेणाऽऽधयः ।
तार्क्ष्येणेव फणाभृतो घनकदम्बेनेव दावाग्नयः,
सत्त्वानां परमेष्ठिमन्त्रमहसा वल्गन्ति नोपद्रवाः ॥

'સિંહથી જેમ મદોન્મત્ત ગંધહસ્તિઓ, સૂર્યથી જેમ રાત્રિ સંબંધી અંધકારના સમૂહો, ચંદ્રથી જેમ તાપના સમુદાયો, કલ્પવૃક્ષથી જેમ મનની ચિંતાઓ, ગરુડથી જેમ ફણાધારી વિષધરો અને મેઘસમુદાયથી જેમ અરણ્યના દાવાનલો આગળ વધી શકતા નથી. તેમ પરમેષ્ઠિમંત્રના તેજથી પ્રાણીઓનાં ઉપદ્રવો આગળ વધી શકતા નથી.'

અહીં જો ત્રાણ શબ્દથી જન્મ-મરણના ભયમાંથી રક્ષણ એવો અર્થ અભિપ્રેત હોય તો નમસ્કારમંત્ર મનુષ્યને જન્મ-મરણના ભયમાંથી પણ રક્ષણ આપે છે. જેમ કે—

आराहणापुरस्सरमणन्नहियओ विसुद्धसुहलेसो ।
संसारुच्छेयकरंता मा सिढिलसु नमुक्कारं ॥

'અનન્ય હૃદય અને વિશુદ્ધ શુભ લેશ્યા વડે આરાધાયેલો આ નમસ્કાર સંસારના ઉચ્છેદને કરનારો છે, તે કારણે તેને વિષે શિથિલ ન થાઓ, એટલે કે તેના પર મંદ આદર ન કરો.'

તાત્પર્ય કે નમસ્કાર વિવિધ પ્રકારના ભયોમાંથી, તેમ જ જન્મ–મરણના ફેરામાંથી રક્ષણ આપનારો હોઈ મંત્ર-સંજ્ઞાને સાર્થક કરે છે.

કેટલાક કહે છે કે 'તમે નમસ્કારને મંત્ર કહો છો, એ ઠીક છે; પણ એ તો સાવ સાદા શબ્દોની રચના છે. તેમાં ૐ, હ્રીં વગેરે બીજાક્ષરોની જરૂર ખરી કે નહિ ? તેના વિના એ મંત્રનું કામ શી રીતે કરી શકે ?' પરંતુ આમ કહેવું યોગ્ય નથી. પ્રથમ તો ક્લિષ્ટ કે કૂટ અક્ષરો વડે જ મંત્રની રચના થાય, એ માન્યતા સુધારવા જેવી છે. સાવ સાદા સરળ શબ્દોની રચના પણ મંત્ર હોઈ શકે છે. 'રામ' 'હરિ' વગેરે શબ્દો કેટલા સરળ છે ? તેમાં કોઈ બીજાક્ષરો નથી, છતાં તેની ગણના મંત્રમાં થાય છે અને તેના વડે અદ્‌ભુત કાર્યો થયાનું જાણવામાં આવ્યું છે. સ્વામી રામાનંદે માત્ર 'રામ' શબ્દના પ્રયોગથી સંત કબીરના આત્માને જાગ્રત કરી દીધો હતો અને બંગીય મહાત્મા ચૈતન્ય મહાપ્રભુએ 'હરિ' શબ્દ સંભળાવીને અનેક પાપી-ઓનાં હૃદય પલટાવી નાખ્યાં હતાં. આ જ રીતે જૈન મહા-ત્માઓએ આ નમસ્કારમંત્રના શબ્દો સંભળાવીને લોકોના જીવનમાં અજબ પરિવર્તન કરેલું છે તથા અનેકવિધ ચમત્કારો પણ સર્જેલા છે, એટલે સાદી શબ્દરચના તેના મંત્રત્વમાં બાધક નથી.

મંત્રમય શબ્દરચનામાં ૐ, હ્રીં વગેરે બીજાક્ષરો જોડવાથી તેની શક્તિ વધે છે, અને તે ધાર્યું કામ આપે છે,

પણ નમસ્કાર જેવા સિદ્ધ મંત્રને આ નિયમ લાગુ પડતો નથી, એટલે કે તે આવા કોઈ પણ બીજાક્ષરની સહાયવિના પણ અલ્પ પ્રયાસે સિદ્ધ થાય છે. જે મંત્રની રચના યોગ-સિદ્ધ મહાપુરુષો દ્વારા થયેલી હોય અને જેમાં તેમની શક્તિનો અંશ સંનિહિત હોય, તે **સિદ્ધમંત્ર** કહેવાય છે. આવો મંત્ર કદી પણ નિષ્ફળ જતો નથી.

અહીં એ જાણી લેવું જરૂરનું છે કે નમસ્કાર એ અતિ ઉચ્ચકોટિનો મંત્ર હોવાથી જ તેને **'વરમંત્ર'** **'પરમમંત્ર'** કે **'મહામંત્ર'** કહેવામાં આવ્યો છે.

એક પ્રાચીન ગાથામાં કહ્યું છે કે–

**पणवहरियारिहा इअ मंतह बीआणि सप्पहावाणि ।**
**सव्वेसिं तेसिं मूलो, इक्को नवकारवरमंतो ॥**

' પ્રણવ ' (ૐકાર), હ્રીંકાર, અર્હં વગેરે પ્રભા-વશાલી બીજો છે, તે સર્વનું મૂલ એક નવકાર **વરમંત્ર** છે.'

**'શ્રાદ્ધદિનકૃત્ય'**માં કહ્યું છે કે–

**मंताण मंतो परमो इमुत्ति,**
**धेयाण धेयं परमं इमुत्ति ।**
**तत्ताण तत्तं परमं पवित्तं,**
**संसारसत्ताण दुहाहयाणं ॥**

' દુઃખોથી સંતપ્ત થયેલા સંસારના પ્રાણીઓને માટે આ નમસ્કાર સર્વમંત્રોમાં **પરમ મંત્ર** છે, સર્વ ધ્યેયોમાં પરમ ધ્યેય છે અને સર્વ તત્ત્વોમાં પરમ તત્ત્વ છે.'

'**યતિદિનચર્યા**'માં કહ્યું છે કે–

जामिणि पच्छिम जामे,
सव्वे जग्गन्ति बालवुड्ढाइं ।
परमिट्ठिपरममंतं,
भणन्ति सत्तट्ठ वाराओ ॥

'રાત્રિના પાછલા પહોરે બાલ, વૃદ્ધ આદિ સઘળા મુનિઓ જાગ્રત થઈ જાય છે અને પરમેષ્ઠિ **પરમમંત્રને** સાત–આઠ વાર ભણે છે.'

શ્રી જયસિંહસૂરિએ '**ધમ્મોવએસવિવરણમાલા**' માં 'पंचनमोक्कारो महामंतो' એવા શબ્દ લખેલા છે અને શ્રી જિનકીર્તિસૂરિએ '**નમસ્કારમંત્રકલ્પસ્વોપજ્ઞવૃત્તિ**' માં 'एष श्रीपञ्चपरमेष्ठिनमस्कारमहामन्त्रः' શબ્દથી તેનું મહામંત્રપણું પ્રકટ કરેલું છે.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે '**પંચપરમેષ્ઠિગીતા**' માં કહ્યું છે કે–

જેહ **મહામંત્ર** નવકાર સાધે,
તેહ દોઅ લોક અલવે આરાધે.

મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજે '**આરાધના સ્તવન**' માં જણાવ્યું છે કે–

દશમે અધિકારે **મહામંત્ર** નવકાર,
મનથી નવિ મૂકો શિવસુખફલ સહકાર.

શ્રી હર્ષવિજયજી મહારાજે પણ નમસ્કારને **મહામંત્ર** કહ્યો છે :

સમરો ભવિયણ ભાવશું, **મહામંત્ર** નવકારો રે;
સમરંતા સુખ પામીઈ, ભવોભવ એ આધારો રે.

શ્રી લાભકુશલજી મહારાજે નમસ્કારનું મહામંત્રપણું નિમ્ન શબ્દોમાં પ્રકાશ્યું છે:

**સકલમંત્ર-શિરમુકુટમણિ**, સદ્ગુરુ ભાષિત સાર;
સો ભવિયાં મન શુદ્ધ સું, નિત્ય જપીએ નવકાર.

શ્રીહરિભદ્રસૂરિજીએ '**યોગબિંદુ**'ના પૂર્વ-સેવા અધિકારમાં તેને '**મૃત્યુંજય**' તરીકે પણ ઓળખાવ્યો છે. જેમકે—

मासोपवासमित्यमाहुर्मृत्युघ्नं तु तपोधनाः ।
मृत्युञ्जयजपोपेतं परिशुद्धं विधानतः ॥

'મૃત્યુંજય જપથી સહિત પરિશુદ્ધ વિધાનપૂર્વક કરેલો માસોપવાસનો તપ મૃત્યુઘ્ન એટલે મૃત્યુને હણનારો થાય છે, એમ તપોધન મહાપુરુષો ફરમાવે છે.'

અહીં મૃત્યુંજય જપથી પંચપરમેષ્ઠિ નમસ્કારમંત્ર સમજવો, એવો ખુલાસો તેમણે સ્વોપજ્ઞ ટીકામાં કર્યો છે : 'मृत्युञ्जयजपोपेतं पञ्चपरमेष्ठिनमस्कारादिरूपं मृत्युञ्जयसंज्ञ-मन्त्रस्मरणसमन्वितं ।'

આ પ્રમાણો પરથી નમસ્કારનું મંત્રત્વ-મહામંત્રત્વ સિદ્ધ છે, તેથી એ બાબતમાં કોઈએ કશી શંકા રાખવી નહિ. મંત્રના પ્રકારો આદિ અંગે અમે **મંત્રવિજ્ઞાન**માં પૂરતું વિવેચન કરેલું છે, તે જિજ્ઞાસુઓએ ત્યાંથી જોઈ લેવું.

## [ ૪ ]

## નમસ્કારમંત્રનું નિત્યત્વ

નમસ્કારમંત્ર અંગે વક્તવ્ય ઘણું છે, તેથી જુદાં જુદાં પ્રકરણો પાડવામાં આવ્યાં છે અને તેમાં અમુક અમુક વસ્તુઓની રજૂઆત કરવામાં આવી છે. ગત પ્રકરણોમાં નમસ્કારની એક સૂત્ર તરીકે ઓળખાણ કરાવી, તેનાં વિવિધ નામોનો પરિચય આપ્યો અને તેના મંત્રત્વની સિદ્ધિ કરી. તે સાથે નમસ્કાર સિદ્ધમંત્ર, વરમંત્ર, પરમમંત્ર કે મહામંત્ર છે, તે સપ્રમાણ જણાવ્યું અને તેને મૃત્યુંજયમંત્ર કહેવામાં આવે છે, એવી માહિતી પણ આપી.

હવે નવકારમંત્રનું નિત્યત્વ પ્રકાશવા ઇચ્છીએ છીએ, જેથી તેને શાશ્વત મંત્ર કહેવાનું રહસ્ય સમજી શકાય અને તેના આરાધન માટે વિશેષ ઉત્સાહ પ્રકટે.

આવશ્યકચૂર્ણિમાં કહ્યું છે કે 'जहा पंचअत्थिकाया निच्चा, एवं नमुक्कारो वि—જેમ પાંચ અસ્તિકાયો નિત્ય છે,

તેમ નમસ્કાર પણ.' થોડા શબ્દોમાં ઘણું કહેવું તથા સારભૂત કહેવું, એ સૂત્રશૈલિ છે અને તેનાં દર્શન અહીં બરાબર થાય છે. પાંચ અસ્તિકાયથી ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ અને જીવ એ પાંચ દ્રવ્યો સમજવાં કે જે પ્રદેશોના સમૂહને લીધે અસ્તિકાયની સંજ્ઞા પામેલાં છે. આ પાંચેય દ્રવ્યો ગુણથી નિત્ય છે, એટલે કે તેનો કોઈ પણ સંયોગોમાં કે કોઈ પણ અવસ્થામાં દ્રવ્યરૂપે નાશ થતો નથી. તેઓ પ્રથમ પણ હતા, આજે પણ છે અને ભવિષ્યમાં પણ હશે જ. જો તેમનો દ્રવ્યરૂપે નાશ થતો હોત તો અનંત કાલ દરમિયાન તે બધાનો નાશ ક્યારનોય થઈ ગયો હોત અને આજે લોક, વિશ્વ, જગત્ કે દુનિયા નામની કોઈ વસ્તુ અસ્તિત્વ ધરાવતી ન હોત. જેમ મૂલ વિના સ્કંધ કે શાખા સંભવતી નથી, તેમ આ મૂલભૂત દ્રવ્યો વિના લોક, વિશ્વ, જગત્ કે દુનિયાનું અસ્તિત્વ સંભવતું નથી. આ પાંચ દ્રવ્યોમાં કાલને ઉમેરતાં મૂલભૂત દ્રવ્યોની સંખ્યા છની બને છે અને તે 'ષડ્દ્રવ્ય' તરીકે ઓળખાય છે. તેનું વિસ્તૃત વિવેચન અમે રચેલી '**નવતત્ત્વદીપિકા**' તથા અન્ય ગ્રંથોથી જાણવું.× નમસ્કારમંત્ર આ પાંચ અસ્તિકાય જેવો નિત્ય છે.

'**પ્રવચનસારોદ્ધારવૃત્તિ**' માં જણાવ્યું છે કે '...........पञ्चपरमेष्ठिनमस्कारस्य महिमाऽत्यद्भुतं वरिवर्त्तते त्रिजगत्याकालमेति ।' આગળ વર્ણવ્યા છે તેવા ગુણવાળા

× આ ગ્રંથની બે આવૃત્તિ બહાર પડી ચૂકી છે. હાલ તે અલભ્ય છે.

પંચપરમેષ્ઠિનમસ્કારનો મહિમા અતિ અદ્ભુત છે અને તે ત્રણ જગતમાં એટલે સ્વર્ગ, મર્ત્ય અને પાતાલલોકમાં જ્યારથી કાલ શરૂ થયો ત્યારથી અર્થાત્ અનાદિ કાલથી વર્તે છે.'

'સિદ્ધમંત્ર એ શાશ્વતો' વગેરે વચનો પણ નમસ્કાર-મંત્રના નિત્યત્વનું સૂચન કરે છે.

તાત્પર્ય કે જૈન શાસ્ત્રોમાં નમસ્કારમંત્ર નિત્ય હોવાનાં પૂરતાં પ્રમાણો પ્રાપ્ત થાય છે, તેથી તેના નિત્યત્વ વિષે શંકાને સ્થાન રહેતું નથી. આમ છતાં કોઈ તર્કપ્રધાન પાઠકને એવો તર્ક થાય કે આ શી રીતે સંભવી શકે? તેથી અહીં વિશેષ વિચારણા કરીએ છીએ.

જૈન મહાત્માઓનાં એ ટંકશાળી વચનો છે કે—

**एसो अणाइ कालो, अणाइ जीवा अणाइ जिणधम्मो ।**
**तइआ वि ते पढंता, इसुच्चिय जिण-नमुक्कारो ॥**

'આ કાલ અનાદિ છે, જીવ પણ અનાદિ છે અને જિન ધર્મ પણ અનાદિ છે. ત્યારથી લઈને આ જિનનમસ્કાર ભવ્ય જીવો વડે ભણાય છે.'

કાલ અમુક વખતે શરૂ થયો, એમ કોઈથી કહી શકાય એમ નથી. જો અમુક વખતે શરૂ થયો એમ કહીએ, તો 'પહેલાં શું હતું?' એ પ્રશ્ન ઊભો થાય છે. ઉત્તરમાં જો એમ કહેવામાં આવે કે 'તે વખતે સર્વ શૂન્ય હતું,' તો સર્વ શૂન્યનો ખ્યાલ પણ કાલ સિવાય આવી શકતો નથી. દરેક

વસ્તુની વર્તનાનો ખ્યાલ કાલથી જ આવે છે, એટલે કાલને અનાદિ માનવો જ રહ્યો.

'अत्थि जिओ सो निच्चो' ઇત્યાદિ આપ્તવચનો વડે જીવનું નિત્યત્વ સિદ્ધ છે. **ભગવદ્‌ગીતા**'ના બીજા અધ્યાયમાં પણ 'न जायते म्रियते वा कदाचित्' આદિ શબ્દો વડે જીવને અજ, નિત્ય, શાશ્વત અને પુરાતન કહેવામાં આવ્યો છે.

જેમ કાલ અનાદિ છે, જીવ અનાદિ છે, તેમ જિન-પ્રરુપિત ધર્મ અર્થાત્ જૈન ધર્મ પણ અનાદિ છે. તેની આદિ કે શરૂઆત અમુક વખતે જ થઇ, એમ કહી શકાય એવું નથી. જ્યાં જિન એટલે અર્હત્ કે તીર્થંકરોની અનંત ચોવીશીઓ થઈ ગઈ, ત્યાં અમુક ચોવીશીની શરૂઆતમાં જૈન ધર્મનું પ્રવર્તન થયું, એમ શી રીતે કહી શકાય? જો શરૂઆતનો પત્તો લાગે તો એને અનાદિ કહી શકાય જ નહિ.

જો જૈન ધર્મ અનાદિ, તો અરિહંત અનાદિ કે નહિ? એ વિચારવા જેવું છે. જો અરિહંતો ન હોય તો ધર્મનું પ્રવર્તન થાય નહિ, તેથી તેમને પણ અનાદિ માનવા જ પડે.

હવે અરિહંતો નિર્વાણ પામ્યા પછી અવશ્ય સિદ્ધ થાય, તેમજ જે જીવો પોતાનાં કર્મો ખપાવે, તે પણ સિદ્ધ થાય; તેથી સિદ્ધોને પણ અનાદિ માનવા જ પડે. સિદ્ધશિલાની 'ઓપનીંગ સેરીમની' કોઈએ કરી નથી, એ પાઠકો જાણતા જ હશે. જ્યારથી આ જગત્ છે, ત્યારથી સિદ્ધશિલા છે અને ત્યારથી સિદ્ધો પણ છે.

વળી અરિહંતો એટલે તીર્થંકરો અવશ્ય ધર્મતીર્થને

સ્થાપનારા હોય છે, તેથી સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાને પણ અનાદિ માનવા જ પડે. જો આમાંનું કોઈ ન હોય તો ધર્મતીર્થની સ્થાપના થાય શી રીતે? અને ધર્મતીર્થની સ્થાપના ન થાય તો તેમને તીર્થંકર કહેવાય શી રીતે?

વિશેષમાં એ પણ વિચારવું ઘટે છે કે જ્યાં સાધુ–સાધ્વીનો વિશાલ સમુદાય હોય, ત્યાં આચાર્ય અને ઉપાધ્યાય હોય કે નહિ? જો આચાર્ય ન હોય તો ગચ્છની સારસંભાળ થાય નહિ, પરિણામે અવ્યવસ્થા જન્મે અને બધું ગોટાળામાં પડે. તે જ રીતે ઉપાધ્યાય ન હોય તો સાધુઓને દ્વાદશાંગી તેમજ અન્ય સૂત્રસિદ્ધાંતનું શિક્ષણ કોણ આપે? અહીં અમને સ્પષ્ટ કહેવા દો કે શ્રમણસમુદાયમાં આચાર્ય અને ઉપાધ્યાયની વ્યવસ્થા અતિ પ્રાચીન કાલથી ચાલી આવે છે; એટલે તેને પણ અનાદિ માનવા જ રહ્યા.

તાત્પર્ય કે જૈન ધર્મને અનાદિ માનતાં પંચપરમેષ્ઠિને અનાદિ માનવાજ પડે અને પંચપરમેષ્ઠિને અનાદિ માનીએ એટલે તેમને નમસ્કાર કરવાની ક્રિયાને પણ અનાદિ માનવી જ પડે. જો એવી ક્રિયા ન હોય તો અર્હદ્ભક્તિ, સિદ્ધભક્તિ, આચાર્યભક્તિ, ઉપાધ્યાયભક્તિ અને સાધુભક્તિ આદિ તીર્થંકરનામકર્મ બંધાવનારાં સ્થાનો શી રીતે સંભવે? આ સ્થાનોને ઓછા કે વત્તા પ્રમાણમાં સ્પર્શ્યા વિના કોઈ આત્મા તીર્થંકરનામકર્મ બાંધી શકતો નથી, એટલે પંચપરમેષ્ઠિની ભક્તિરૂપ નમસ્કારમંત્રને પણ અનાદિકાલીન માનવો જ પડે. તાત્પર્ય કે યુક્તિ વડે પણ નમસ્કારમંત્રનું નિત્યત્વ સિદ્ધ છે.

ગત પ્રકરણમાં એમ કહેવાયું છે કે 'નમસ્કારને અર્થથી અરિહંતદેવે કહેલો છે અને શબ્દથી ગણધરભગવંતોએ ગુંથેલો છે.' તે ઉપરથી કોઈ એમ સમજતું—સમજાવતું હોય કે નમસ્કારમંત્ર આજથી આશરે અઢી હજાર વર્ષ પહેલાં અસ્તિત્વમાં આવ્યો કે જ્યારે આ દેશમાં શ્રમણ ભગવાન મહાવીર અરિહંતરૂપે વિચરતા હતા અને ગૌતમાદિ ગણધરો તથા વિશાલ સાધુસમુદાયથી પરિવરેલા હતા, તો એ સમજણ બરાબર નથી.

પ્રસ્તુત નમસ્કારમંત્ર અર્થથી શ્રમણ ભગવાન મહાવીરે કહ્યો અને શબ્દથી ગૌતમાદિ ગણધરોએ ગુંથ્યો એ ખરું, પણ આવી ક્રિયા તો અનાદિ કાલથી ચાલી આવે છે. દરેક અરિહંત અર્થાત્ તીર્થંકર પરમાત્મા સંઘસ્થાપના કરતી વખતે દ્વાદશાંગીની સાથે તેનું પ્રવર્તન કરે છે અને એ રીતે તે સદા વિદ્યમાન રહે છે.

જો નમસ્કારમંત્ર શ્રમણ ભગવાન મહાવીરના સમયમાં જ અસ્તિત્વમાં આવ્યો હોય તો શ્રી પાર્શ્વકુમાર સેવકના મુખે બળતા નાગને નમસ્કાર શી રીતે સંભળાવે? અંત–સમયે નમસ્કારમંત્રનું શ્રવણ કરવાથી એ સાપ મૃત્યુ પછી ભુવનપતિનિકાયના દેવોમાં ધરણેંદ્ર તરીકે ઉત્પન્ન થયો, એ વાત શાસ્ત્રપ્રસિદ્ધ છે અને શ્રી વીરવિજયજી મહારાજે તેને નિમ્ન કાવ્ય પંક્તિઓમાં અંકિત કરી છે:

સેવકમુખ નવકારસે ધરણેન્દ્ર બનાયા;
નાગકુમારે દેવતા બહુ રિદ્ધિ પાયા.

શ્રી પાર્શ્વનાથ ભગવાન શ્રી મહાવીર સ્વામી પહેલાં આશરે ત્રણસો વર્ષે થઈ ગયા, એ હકીકત શાસ્ત્રપ્રસિદ્ધ છે.×

એક સમળીને અંતસમયે નમસ્કારમંત્ર સંભળાવવામાં આવ્યો, તેના પ્રભાવે મૃત્યુ પછી તે સિંહલદ્વીપની રાજકુમારી સુદર્શના થઈ. આ ઘટના શ્રી મુનિસુવ્રત સ્વામીના નિર્વાણ પછી અમુક સમયે જ બનેલી છે, એટલે એકવીશમા તીર્થંકર શ્રી નમિનાથજી પૂર્વે પણ નમસ્કારમંત્ર હતો, એ સિદ્ધ થાય છે. આ રીતે પૂર્વ પૂર્વના તીર્થંકરોમાં નમસ્કારમંત્ર હોવાનું સમજી શકાય એવું છે, તેથી નમસ્કારમંત્ર આજથી અઢી હજાર વર્ષ પૂર્વે અસ્તિત્વમાં આવ્યો, એમ સમજવું –સમજાવવું ઉચિત નથી. શાસ્ત્રપ્રમાણ, યુક્તિ અને ઇતિહાસ એમ જ કહે છે કે નમસ્કારમંત્ર નિત્ય છે, શાશ્વત છે, સદાકાલ ટકનારો છે.

× શ્રી મહાવીર સ્વામીના નિર્વાણ પહેલાં અઢીસો વર્ષે શ્રી પાર્શ્વનાથ ભગવાનનું નિર્વાણ થયું હતું. શ્રી મહાવીર સ્વામી વિક્રમસંવત્ ૪૭૦ + ૭૨ = ૫૪૨ વર્ષે જન્મ્યા હતા, ત્યારે શ્રી પાર્શ્વનાથ વિક્રમ સંવત્ પૂર્વે ૮૨૦ વર્ષે જન્મ્યા હતા.

[ ૫ ]

## નમસ્કારમંત્રનો અદ્ભુત મહિમા

નમસ્કારમંત્રનો મહિમા અદ્ભુત છે. વધારે સ્પષ્ટ કહીએ તો અપાર છે. 'તેના મહિમાનો નહિ પાર' એ શબ્દો વડે આ સૂચિત થાય છે. આવા અપાર મહિમાનું વર્ણન અતિ મર્યાદિત શક્તિવાળી વૈખરી વાણીથી શી રીતે કરવું ? આમ છતાં 'શુભ કાર્યમાં યથાશક્તિ પ્રયત્ન કરવો' એ ન્યાયે અહીં નમસ્કારમંત્રના અદ્ભુત મહિમા સંબંધી કેટલુંક વર્ણન કરીએ છીએ.

મલ્લધારીય શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજે '**ઉપદેશમાલા અપરનામ પુષ્પમાલા**'માં કહ્યું છે કે—

**हरइ दुहं कुणइ सुहं, जणइ जसं सोसए भवसमुद्दं ।**
**इहलोइय पारलोइय, सुहाण मूलं नमुक्कारो ॥**

'દુઃખને હરે છે, સુખને કરે છે, યશને ઉત્પન્ન કરે છે અને ભવસમુદ્રનું શોષણ કરે છે છે. વિશેષ શું ? આ લોક અને પરલોકનાં સઘળાં સુખોનું મૂલ નમસ્કાર છે.'

અહીં થોડા શબ્દોમાં ઘણું કહેવાયું છે, એનું રહસ્ય સમજીએ તો આપણને નમસ્કાર માટે અતિ આદર કે બહુમાનની લાગણી થયા વિના રહેશે નહિ.

આ જગતમાં દુઃખનિવારણ અને સુખસંપ્રાપ્તિની ઇચ્છા કોણ નથી રાખતું ? તેમ યશની–યશવિસ્તારની આશા કોને નથી ? કેટલાક વધારે સમજણવાળા લોકો એમ કહે છે કે સંસારમાં અનુભવાતાં સઘળાં દુઃખો ભવસમુદ્રને–ભવ–પરંપરાને આભારી છે. જો ભવપરંપરા ન હોય, ભવ ન હોય તો જન્મ, જરા, રોગ કે મૃત્યુ વગેરે આપણને શી રીતે સતાવી શકે ? તેથી અમે તો ભવસમુદ્રના શોષણની જ અભિલાષા રાખીએ છીએ. આ રીતે માનવજાતિના અંતરમાં પ્રેયસ્‌ના અને શ્રેયસ્‌ના બે પ્રબળ પ્રવાહો વહે છે, તેને પૂર્ણ કરવાનું સામર્થ્ય જો કોઈ એક વસ્તુમાં હોય તો એ નમસ્કારમાં છે, નમસ્કારમંત્રની આરાધનામાં છે.

ધન, ધાન્ય, વિપુલ સંપત્તિ, નોકરચાકર, આલિશાન ઇમારતો, બાગ–બગીચા, હાથી–ઘોડા, મોટર વગેરે વાહનોનો કાફલો તથા લોકો પર અનેરું પ્રભુત્વ એ આ લોકનાં સુખ મનાય છે તથા સ્વર્ગમાં દેવ તરીકે ઉત્પન્ન થવું કે સિદ્ધાવસ્થા પ્રાપ્ત કરીને સિદ્ધશિલામાં વિરાજવું, એ પરલોકનાં સુખ મનાય છે. આ બંને પ્રકારનાં સુખોનું મૂળ નમસ્કારમાં–નમસ્કારમંત્રની આરાધનામાં રહેલું છે. તાત્પર્ય કે જેઓ નમસ્કારમંત્રનું નિત્ય સ્મરણ કરે છે, તેના જપમાં મગ્ન બને છે તથા તેનું ધ્યાન ધરવામાં આનંદ માને છે, તેઓ પોતાના સકલ કર્મનો ક્ષય કરીને મોક્ષમાં સીધાવે છે અને

તેમ ન બને તો દેવલોકમાં મહર્દ્ધિક દેવ તરીકે તો ઉત્પન્ન થાય જ છે.

નમસ્કારનો આ મહિમા લક્ષ્યમાં લેતાં આ તેને વિશ્વની એક શ્રેષ્ઠ વસ્તુ માનીએ તો અનુચિત નથી. '**પંચપરમેષ્ઠિ ગીતા**'માં શ્રીમદ્ યશોવિજયજી મહારાજે લગભગ આ જ ભાવાર્થનાં વચનો કહ્યાં છે :

શ્રી નવકાર સમો જગિ,
મંત્ર ન યંત્ર ન અન્ય;
વિદ્યા નવિ ઔષધ નવિ,
એહ જપે તે ધન્ય.

'આ જગતમાં નમસ્કાર જેવો અન્ય કોઈ મંત્ર નથી. વળી યંત્રો, વિદ્યાઓ તથા ઔષધિઓ અતિ ચમત્કારિક ગણાય છે, પણ તે ય નમસ્કારમંત્રની બરોબરી કરી શકે તેમ નથી. જે આવા મહિમાશાળી નમસ્કારમંત્રનો નિત્ય જપ કરે છે, તેને ધન્ય છે.'

તાત્પર્ય કે જેને આ જગતમાં મહત્ત્વની સિદ્ધિ પ્રાપ્ત કરવી હોય તેણે યંત્રો, વિદ્યાઓ કે ઔષધિઓ આદિની માથાકૂટમાં પડયા વિના સીધો નમસ્કારમંત્રનો જ આશ્રય લેવો જોઈએ અને તેની આરાધનામાં ઉજમાળ બની જવું જોઇએ.

'**પંચનમુક્કારફલ**'માં કહ્યું છે કે—

किं एस महारयणं ? किं वा चिंतामणिव्व नवकारो ?
किं कप्पदुमसरिसो ? न हु न हु ताणं पि अहिययरो ॥
चिंतामणिरयणाइं कप्पतरू इक्कजम्मसुहहेऊ ।
नवकारो पुण पवरो सग्गऽपवग्गाण दायारो ॥

'શું નવકાર એ મહારત્ન છે? અથવા ચિંતામણિ જેવો છે? કે કલ્પતરુ સમાન છે? નહિ, નહિ, એ તો તેનાથી પણ અધિકતર છે. ચિંતામણિ રત્ન વગેરે, તેમજ કલ્પતરૂ એક જન્મના સુખના હેતુ થાય છે, જ્યારે શ્રેષ્ઠ એવો નવકાર તો સ્વર્ગ અને અપવર્ગના સુખને દેનારો છે.'

કોઇ પણ વસ્તુના શક્તિ–સામર્થ્યનો ખ્યાલ આપવા માટે ઉપમાનો ઉપયોગ થાય છે, પરંતુ એ ઉપમા સરખી હોવી જોઇએ. જો કોઈ વધારે ગુણવાળી વસ્તુની તુલના ઓછા ગુણવાળી વસ્તુ સાથે કરીએ, તો એ હીનોપમા કહેવાય. આ હાથી બળદ જેવો બળવાન છે, અથવા આ હીરો પોખરાજ જેવો પાણીદાર છે, એમ કહીએ તો એ વસ્તુનું મૂલ્ય ઘટે છે, તેથી તેની ગણના હીનોપમામાં થાય છે. આ રીતે નમસ્કાર મંત્રને મહારત્ન, ચિંતામણિ કે કલ્પતરુની ઉપમા આપીએ તો એ હીનોપમા છે, કારણ કે મહારત્ન, ચિંતામણિ કે કલ્પતરૂ આ જીવનની સુખસામગ્રી આપે છે, જ્યારે નવકારમંત્ર તો આ લોક અને પરલોક ઉભયની સુખસામગ્રી આપનારો છે.

તાત્પર્ય કે નમસ્કારમંત્ર શક્તિ અને સામર્થ્યમાં અદ્વિતીય હોઇ આ જગતની કોઈ પણ વસ્તુ સાથે તેને સરખાવી શકાય એમ નથી.

'**પંચનમુક્કારફલથુત્ત**'માં કહ્યું છે કે—

**कल्लाणकप्पतरुणो अवंझबीयं पयंडमायंडो ।**
**भवहिमगिरिसिहराणं पक्खिपहू पावभुयगाणं ॥६**

आमूलक्खणणम्मी वराहदाढा दरिद्दकंदस्स ।
रोहणधरणीपढमुब्भवंत सम्मत्तरयणस्स ॥
कुसुमुग्गमो य सुग्गइआउयबंधद्दुमस्स निव्विग्घं ।
उवलंभचिंधममलं विसुद्धसद्धम्मसिद्धीए ॥

'નમસ્કારમંત્ર એ કલ્યાણકલ્પતરુનું અવંધ્ય બીજ છે, સંસારરૂપી હિમગિરિના શિખરોને ઓગાળવા માટે પ્રચંડ સૂર્ય તુલ્ય છે, પાપભુજંગોને વશ કરવા માટે ગરુડપક્ષી છે, દરિદ્રતાના કંદને મૂળમાંથી ઉખેડી નાખવા માટે વરાહની દાઢા છે, સમ્યક્ત્વરત્નને પ્રથમ ઉત્પન્ન થવા માટે રોહણાચલની ધરતી છે, સુગતિના આયુષ્યબંધરૂપી વૃક્ષનો નિર્વિઘ્ન પુષ્પોદ્ગમ છે અને વિશુદ્ધ એવા સદ્ધર્મની પ્રાપ્તિનું નિર્મલ ચિહ્ન છે.'

આ વચનોમાં નમસ્કારમંત્રનો અપૂર્વ મહિમા ગાવામાં આવ્યો છે. તે બરાબર સમજી લઈએ તો નમસ્કારમંત્રનું ભવ્ય સ્વરૂપ આપણા હૃદયમાં અંકિત થશે અને પરિણામે તેના પ્રત્યેની શ્રદ્ધા–ભક્તિ–બહુમાનમાં જબ્બર ઉછાળો આવશે.

કોઈ ખેતરમાં ખોબા ભરીને બીજ નાખ્યાં હોય તો તેમાંના કેટલાંક ઉગે છે અને કેટલાંક ઉગતાં નથી, એટલે કે તેમાં અવંધ્ય અને વંધ્ય એવા બે પ્રકારો હોય છે, પરંતુ નમસ્કારમંત્રરૂપી બીજ તો અવશ્ય અવંધ્ય જ હોય છે, એટલે કે તેમાંથી અંકુરો ફૂટે છે, તેનો સ્કંધ બંધાય છે, તેમાંથી શાખા–પ્રશાખાનો વિસ્તાર થાય છે અને તેને પત્ર, પુષ્પ તથા ફલ પણ આવે છે. આ રીતે નમસ્કારમંત્રના

આરાધનથી કલ્યાણરૂપી મહાન કલ્પવૃક્ષ તૈયાર થાય છે અને તે આરાધકના સર્વ મનોરથો પૂર્ણ કરે છે.

હિમગિરિ પર બરફના થર જામેલા હોય છે, તેને સૂર્યનો પ્રચંડ તાપ જ ઓગાળી શકે છે. તેજ રીતે સંસાર-રૂપી હિમગિરિ પર મોહના થર જામેલા હોય છે. તેને નમસ્કાર રૂપી સૂર્યનો પ્રચંડ તાપ જ ઓગાળી શકે છે. તાત્પર્ય કે નમસ્કારમંત્રનું આરાધન કરતાં સંસાર પરનો મોહ ઓછો થાય છે અને વૈરાગ્ય તથા ત્યાગની ભાવના મજબૂત બને છે.

ગરુડ પક્ષીઓનો રાજા ગણાય છે. તેની ગતિ ઘણી તેજ હોય છે તથા દૃષ્ટિ અતિ તીક્ષ્ણ હોય છે. તે ગમે તેવા ભયંકર ભુજંગને—સાપને ક્ષણમાત્રમાં મ્હાત કરી નાખે છે અને હતા—ન હતા કરી મૂકે છે. નમસ્કારમંત્ર પાપરૂપી સાપને માટે તેવો જ ખતરનાક છે. તે ઘડીકમાં તેનો સંપૂર્ણ નાશ કરી નાખે છે.

વરાહ એટલે સૂઅર. તેના આગળના ભાગમાં લોખંડના દાંતા જેવા અણીદાર દાંત હોય છે. એ દાંતના પ્રહાર વડે તે ભૂમિને સંલગ્ન થઇને રહેલા કંદને આંખના પલકારામાં ઉખાડી નાખે છે. જો દરિદ્રતાને એક પ્રકારનો કંદ માનીએ તો નમસ્કારમંત્ર વરાહની દાઢા જેવો છે, એટલે કે તેને જલ્દી ઉખેડી નાખે છે. દરિદ્રતા જાય, એટલે લક્ષ્મી આવે અને સંપત્તિમાં વધારો થાય, એ દેખીતું છે.

પ્રાચીન યુગમાં અનેક પ્રકારનાં રત્નો રોહણાચલ પર્વતની પાર્શ્વભૂમિમાંથી મળી આવતાં, એટલે તેને રત્નોનું ઉત્પત્તિ-

સ્થાન માનવામાં આવ્યું હતું. હવે સમ્યક્ત્વને એક પ્રકારનું રત્ન માનીએ તો નમસ્કારમંત્ર તેને ઉત્પન્ન થવા માટે, રોહણાચલની ભૂમિ જેવો છે. તાત્પર્ય કે સમ્યક્ત્વની ઉત્પત્તિ નમસ્કારમંત્ર તરફ ભક્તિ–પ્રીતિ જાગ્યા વિના થતી નથી.

સંસારી જીવોની ગતિ ચાર પ્રકારની છે: નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ. તેમાં છેલ્લી બે ગતિને સુગતિ કહેવામાં આવે છે, કારણ કે તેમાં દુઃખ કરતાં સુખનું પ્રમાણ અધિક હોય છે. આ બે ગતિના આયુષ્યબંધને એક પ્રકારનું વૃક્ષ ગણવામાં આવે તો નમસ્કારમંત્ર તેના પુષ્પસમો છે, અર્થાત્ એ બંધમાં ઉત્તમતા લાવનારો છે. પ્રાણીઓની ગતિ સુધારવામાં નમસ્કારમંત્ર અતિ અગત્યનો ભાગ ભજવે છે, એમાં કોઈને શંકા છે ખરી ?

વીતરાગદેવોએ ઉપદેશેલા દયામય ધર્મને સદ્ધર્મ ગણવામાં આવે છે. આ સદ્ધર્મ શંકા–કાંક્ષાદિ દોષથી રહિત હોય તો વિશુદ્ધ કહેવાય છે. તેની પ્રાપ્તિનું મુખ્ય ચિહ્ન નમસ્કારમંત્ર છે, એટલે કે નમસ્કામંત્રની ભાવપૂર્વક ગણના થવા લાગે તો જાણવું કે હવે વિશુદ્ધ એવા સદ્ધર્મનું આરાધન શરૂ થયું છે. જ્યાં નમસ્કારમંત્રની ગણના નથી, ત્યાં ધર્મ નથી, ધર્મનો સંસ્કાર નથી. ધર્મ પ્રત્યે લઈ જનારી મુખ્ય વસ્તુ નમસ્કાર છે. આ વસ્તુ શ્રીમાન્ હરિભદ્રસૂરિજી મહારાજે **'લલિતવિસ્તરાચૈત્યવંદનવૃત્તિ'** માં 'धर्मं प्रति मूलभूता वन्दना' એ શબ્દો વડે વ્યક્ત કરી છે.

ઉપર્યુક્ત સ્તોત્રમાં આગળ જતાં કહ્યું છે કે—

**एसो जणओ जणणी य एसो अकारणो बंधू ।**
**एसो मित्तं एसो परमुवयारी नमुक्कारो ॥**
**सेयाणं परं सेयं मंगलाणं च परममंगलं ।**
**पुन्नाणं परम पुन्नं, फलं फलाण परमरम्मं ॥**

'આ નમસ્કાર એ પિતા છે, આ નમસ્કાર એ માતા છે, આ નમસ્કાર એ અકારણ બંધુ છે અને આ નમસ્કાર એ પરમોપકારી મિત્ર છે.

શ્રેયોને વિષે પરમ શ્રેય, માંગલિકને વિષે પરમ માંગલિક, પુણ્યોને વિષે પરમ પુણ્ય અને ફલોને વિષે પરમ રમ્ય ફલ આ નમસ્કાર જ છે.'

આ શબ્દોનો ભાવ સહેલાઈથી સમજાય એવો છે, એટલે તેના પર વિવેચન નહિ કરીએ, તેમ જ નમસ્કારનો મહિમા સમજવા માટે આટલી સામગ્રી પૂરતી હોવાથી અન્ય સામગ્રી રજૂ નહિ કરીએ, પરંતુ નીચેનો શ્લોક નમસ્કારમંત્ર અંગે સુંદર સૂક્ત રૂપ હોઈ તેનું અવતરણ અવશ્ય કરીશું :

**नमस्कारसमो मन्त्रः, शत्रुञ्जयसमो गिरिः ।**
**वीतरागसमो देवो, न भूतो न भविष्यति ॥**

'નમસ્કાર જેવો મંત્ર, શત્રુંજય જેવો ગિરિ, વીતરાગ જેવો દેવ અન્ય કોઈ થયો નથી અને થશે પણ નહિ.' તાત્પર્ય કે આ ત્રણેય વસ્તુઓ પોતપોતાના ક્ષેત્રમાં અજોડ છે, અદ્વિતીય છે.

□

[ ૬ ]

## નમસ્કારમંત્ર જિનશાસનનો સાર છે.

ગત કરણમાં નમસ્કારમંત્રના અદ્ભુત મહિમાનો કેટલોક પરિચય કરાવ્યો, તે પરથી તેની મહત્તા સમજાઇ હશે. હવે 'નમસ્કારમંત્ર એ જિનશાસનનો સાર છે.' એ વાત સ્પષ્ટતાથી સમજી લઇએ, જેથી તેની મહત્તા વિશિષ્ટ રૂપે આપણા હૃદયમાં અંકિત થશે અને તેનું પરિણામ સુંદર આવશે.

**जिणसासणस्स सारो, चउदसपुव्वाण जो समुद्धारो ।**
**जस्स मणे नवकारो, संसारो तस्स किं कुणइ ॥**

'જિનશાસનનો સાર અને ચૌદ પૂર્વોનો સમ્યગ્ ઉદ્ધાર એવો નમસ્કાર જેના મનમાં રમે છે, તેને સંસાર શું કરી શકવાનો ?'

જિનશાસન એટલે જિનપ્રવચન કે જિનાગમ. શ્રુત, સિદ્ધાન્ત, જિનવાણી, એ તેનાં અપરનામો છે. આ જિનવાણી

અગાધ બોધથી ભરેલી છે અને તેમાં દેવ, ગુરુ તથા ધર્મનું સ્વરૂપ સુંદર રીતે સમજાવેલું છે. તેનો સાર આ નમસ્કારમંત્રમાં બરાબર ઉતરેલો છે.

અહીં પ્રશ્ન થવો સહજ છે કે લાખો ગાથાપ્રમાણ જિનાગમો કે જિનવાણીનો સાર નમસ્કારના આવા નાનકડા પાઠમાં શી રીતે ઉતરે ? એટલે તેના સમાધાનરૂપે અહીં ચાર પંડિતોની કથા કહીશું.

## ચાર પંડિતોની કથા

એક શહેરમાં ચાર પંડિતો રહેતા હતા. તેમાં પહેલો આયુર્વેદમાં નિષ્ણાત હતો, બીજો ધર્મશાસ્ત્રમાં વિશારદ હતો, ત્રીજો નીતિશાસ્ત્રમાં નિપુણ હતો અને ચોથો કામ-શાસ્ત્રમાં પારંગત હતો. આ ચારેય પંડિતોએ પોતપોતાના વિષયનો એક મહાગ્રંથ રચવાનો નિર્ણય કર્યો અને તે અનુસાર એક એક લાખ શ્લોકોની રચના કરી. પછી તેઓ એ ગ્રંથ ભારવાહકોના માથે ચડાવી જિતશત્રુ નામના રાજા પાસે લઈ ગયા અને કહ્યું : 'હે રાજન્ ! અમે આ મહા-ગ્રંથોની રચના કરી છે, તે તમે સાંભળો.'

રાજાએ કહ્યું : 'કેટલા શ્લોકપ્રમાણ છે ?'

પંડિતોએ કહ્યું : 'દરેક ગ્રંથ એક લાખ શ્લોકપ્રમાણ છે.'

રાજાએ કહ્યું : 'આટલા મોટા ગ્રંથો સાંભળવા બેસું તો મારું બધું કામ રખડી જાય.'

પંડિતોએ કહ્યું : તો એને પચીશ પચીશ હજાર શ્લોકપ્રમાણ બનાવી દઈએ.'

રાજાએ કહ્યું : 'એ રીતે પણ બધા થઈને એક લાખ શ્લોક થાય, માટે સંક્ષેપ થઈ શકે એમ હોય તો જણાવો.'

પંડિતોએ કહ્યું : 'જો આપની ઈચ્છા એવી જ હોય તો અમે આ ગ્રંથોને માત્ર હજાર-હજાર શ્લોકના બનાવી દઈશું.'

પરંતુ રાજાને તે પ્રમાણ પણ ઘણું વધારે લાગ્યું, એટલે પંડિતો પાંચસો શ્લોક પર આવ્યા, તેમાંથી સો શ્લોક પર આવ્યા અને છેવટે એક એક શ્લોકમાં તેનો સંક્ષેપ કરવા તૈયાર થયા. ત્યારે રાજાએ કહ્યું : 'તમે જે કંઈ કહો તે સાંભળીને હું યાદ રાખવા માગું છું અને ચાર શ્લોકો યાદ રાખવા જેટલી મારી શક્તિ નથી, તેથી ચારેય મળીને એક શ્લોક સંભળાવો તો હું સાંભળું.'

ક્યાં લાખ શ્લોક અને ક્યાં શ્લોકનું એક ચરણ! આમ છતાં પંડિતોએ તે વાત કબૂલ રાખી. પછી તેમાંનો પહેલો પંડિત બોલ્યો :

'जीर्णे भोजनमात्रेयः–જમેલું પચી જાય, પછી જ ભોજન કરવું, એ આયુર્વેદના પરમ નિષ્ણાત આત્રેય ઋષિનો મત છે.

પછી બીજા પંડિતે કહ્યું : 'कपिलः प्राणिनां दया– પ્રાણીઓ પર દયા રાખવી, એ ધર્મશાસ્ત્રમાં પરમ વિશારદ કપિલ મુનિનો મત છે.'

પછી ત્રીજા પંડિતે કહ્યું: 'बृहस्पतिरविश्वासः–કોઈના પર આંધળો વિશ્વાસ મૂકવો નહિ, એ નીતિશાસ્ત્રમાં નિપુણ બૃહસ્પતિનો અભિપ્રાય છે.'

છેવટે ચોથા પંડિતે કહ્યું: 'पाञ्चालः स्त्रीषु मार्दवम्-સ્ત્રીઓ સાથે મૃદુતાથી વર્તવું, એ કામશાસ્ત્રમાં પારંગત પાંચાલનું મંતવ્ય છે.'

આ રીતે દરેક પંડિતે લાખ શ્લોકનો સંક્ષેપ માત્ર એક ચરણમાં સંભળાવતાં રાજા ઘણો ખુશી થયો અને તેણે એ પંડિતોને ભારે ઇનામ આપ્યું.

તાત્પર્ય કે મનુષ્ય વિલક્ષણ બુદ્ધિ વડે ગમે તેવા મહાન ગ્રંથો કે મહાન શાસ્ત્રોનો સાર થોડા શબ્દમાં ઉતારી શકે છે. આ રીતે જ્ઞાની ભગવંતોએ સમસ્ત જિનશાસનનો સાર નમસ્કારના આ નાનકડા પાઠમાં ઉતારી દીધો છે.

સાહિત્યમાં વિસ્તાર અને સંક્ષેપ બંનેની જરૂર પડે છે. જે વસ્તુ અતિ સંક્ષિપ્ત હોય તેનો વિસ્તાર કરવો પડે છે અને જે વસ્તુ અતિ વિસ્તૃત હોય તેનો સંક્ષેપ કરવો પડે છે. આ રીતે મહાપુરુષોએ સારગર્ભિત સૂત્રો પર નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણી અને ટીકા લખી તેનો અર્થ-વિસ્તાર કર્યો છે અને અતિ વિસ્તારવાળાં શાસ્ત્રોનું મંથન કરીને તેનો સાર સૂત્રરૂપે રજૂ કર્યો છે.

આજે એક બાજુ જ્ઞાનકોષો( એનસાઈક્લોપીડીઆ ) ની રચના થાય છે, તો બીજી બાજુ સારભૂત સાહિત્ય (ડાઇજેસ્ટ) ની રચના થાય છે કે નહિ? ભૂમિકા અનુસાર આ બંને

પ્રકારના સાહિત્યની જરૂર પડે છે. તેમાં બીજા પ્રકારના સાહિત્યની જરૂર વધારે પ્રમાણમાં પડે છે, કારણ કે અનેક પ્રકારની ઉપાધિવાળા મનુષ્યોને બહુ લાંબું વાંચવાની કે બહુ લાંબુ સાંભળવાની ફુરસદ હોતી નથી. જ્ઞાનકોષો બહુ બહુ તો હજાર, બે હજાર કે પાંચ હજારની સંખ્યામાં છપાય છે, ત્યારે ડાયજેસ્ટની નકલો લાખો છપાય છે. તાત્પર્ય કે સામાન્ય મનુષ્યોને સંક્ષિપ્ત સારભૂત રચનાઓ વધારે ઉપયોગી થઇ પડે તેવી હોવાથી મહાપુરુષોએ શાસ્ત્રરૂપી સાગરનું મંથન-દોહન કરવાનો પરિશ્રમ ઉઠાવેલો છે. તે માટે આપણે તેમનો જેટલો ઉપકાર માનીએ, તેટલો ઓછો જ છે.

જિનાગમો પ્રથમ ચોરાશી હતા, હાલ પીસ્તાલીશ રહ્યા છે. આ રીતે ઓગણચાલીશ આગમો વિચ્છેદ પામ્યા, તેમાં દૃષ્ટિવાદ નામનું બારમું અંગસૂત્ર પણ વિચ્છેદ પામ્યું. આ અંગસૂત્ર ઘણું જ મોટું હતું. વધારે સ્પષ્ટ કહીએ તો આજના અનેક જ્ઞાનકોષો ( એનસાયક્લોપીડીઆ )ની ગરજ સારે તેવું હતું. તેના (૧) પરિકર્મ, (૨) સૂત્ર, (૩) પૂર્વગત, (૪) અનુયોગ અને (૫) ચૂલિકા, એવા પાંચ વિભાગો હતા. તેમાં પૂર્વગતશ્રુત ચૌદ ભાગોમાં વહેંચાયેલું હતું અને તે ચૌદપૂર્વ તરીકે વિખ્યાત હતું, તે આ પ્રમાણે :

(૧) ઉત્પાદ પૂર્વ
(૨) આગ્રાયણી પૂર્વ
(૩) વીર્યપ્રવાદ પૂર્વ
(૪) અસ્તિપ્રવાદ પૂર્વ
(૫) જ્ઞાનપ્રવાદ પૂર્વ
(૬) સત્યપ્રવાદ પૂર્વ
(૭) આત્મપ્રવાદ પૂર્વ
(૮) કર્મપ્રવાદ પૂર્વ

(૯) પ્રત્યાખ્યાનપ્રવાદ પૂર્વ
(૧૦) વિદ્યાપ્રવાદ પૂર્વ
(૧૧) કલ્યાણપ્રવાદ પૂર્વ
(૧૨) પ્રાણાવાય પૂર્વ
(૧૩) ક્રિયાવિશાલ પૂર્વ
(૧૪) લોકબિંદુસાર પૂર્વ

દશમા વિદ્યાપ્રવાદ પૂર્વમાં વિદ્યા અને મંત્રોનો ઘણો મોટો સંગ્રહ હતો અને તે દરેકના આમ્નાયો પણ તેમાં દર્શાવેલા હતા. આજે જૈન સંઘમાં જે વિદ્યાઓ, મંત્રો તથા માંત્રિક સ્તોત્રો આદિ પ્રચલિત છે, તેનો કેટલોક ભાગ આ પૂર્વમાંથી ઉદ્ધરાયેલો છે. આ રીતે પ્રસ્તુત નમસ્કાર તેમાંથી ઉદ્ધરાયેલો હોય, તો એમાં કંઈ આશ્ચર્ય પામવા જેવું નથી. પરંતુ આ ઘટના શ્રમણ ભગવાન મહાવીરના નિર્વાણ પછી જ અમુક સમયે બની શકે.

શ્રીમહાનિશીથસૂત્રમાં એવા એક વૃદ્ધવાદની નોંધ કરવામાં આવી છે કે 'પ્રથમ આ નમસ્કારસૂત્ર એક સ્વતંત્ર સૂત્ર હતું અને તે પંચમંગલમહાશ્રુતસ્કંધના નામથી વિખ્યાત હતું. તેના અર્થવિસ્તાર તરીકે કેટલીક નિર્યુક્તિઓ, કેટલાંક ભાષ્યો તથા કેટલીક ચૂર્ણિઓ લખાયેલી, પણ કાલ-દોષને લીધે એ બધું સાહિત્ય નાશ પામ્યું, એટલે મહદ્ધિ-પ્રાપ્ત દ્વાદશાંગશ્રુતના ધારક પદાનુસારી લબ્ધિવાળા **શ્રીવજ્ર-સ્વામીએ** તેનો ઉદ્ધાર મૂલસૂત્ર એટલે શ્રીમહાનિશીથ-સૂત્રમાં લખ્યો.'

આ પરથી નમસ્કારમંત્ર ચૌદ પૂર્વમાંથી સમ્યગ્ રીતે ઉદ્ધરાયેલો હોય, એ વાતને સમર્થન મળે છે.

ઉપર્યુક્ત ગાથાના ઉત્તરાર્ધમાં જણાવ્યું છે કે 'એવો

નમસ્કાર જેના મનમાં રમી રહ્યો છે, તેને સંસાર શું કરી શકવાનો ?' તાત્પર્ય કે જેઓ આ નમસ્કારનું સતત સ્મરણ કરે છે, તેને ભવભ્રમણની ભીતિ રાખવાનું કંઈ જ પ્રયોજન નથી, કારણ કે તેનો ટૂંક સમયમાં જ અંત આવે છે. જેનો એક એક અક્ષર ગણતા કર્મની ભારે નિર્જરા થતી હોય, તે નમસ્કાર પૂરો ગણાય અને તે ભાવપૂર્વક ગણાય, ત્યારે કોઈ કર્મ બાકી શેનું રહે ? તાત્પર્ય કે તેની ગણના કરનારના સર્વ કર્મો નાશ પામે અને તેથી એક પણ નવો ભવ કરવો પડે નહિ.

□

[ ૭ ]

# નમસ્કારમંત્ર અચિંત્ય પ્રભાવશાળી છે.

આ જગતમાં નાની-મોટી, ચર-સ્થિર, સ્થૂલ-સૂક્ષ્મ, જીવંત-જડ કોઈ વસ્તુ એવી નથી કે જેના પર નમસ્કાર મંત્રનો પ્રભાવ પડતો ન હોય. શુદ્ધ ભાવે નમસ્કારમંત્રનું સ્મરણ થવા લાગ્યું કે વિપત્તિઓનાં વાદળ વિખરાઈ જાય છે, ન ધારેલી શુભ ઘટનાઓ બનવા માંડે છે અને અનેક પ્રકારની અનુકૂલતાઓ આવીને ખડી થાય છે. નીચેના દાખલાઓ આ વસ્તુની પ્રતીતિ કરાવશે :-

## અગ્નિજ્વાલાઓમાંથી અદ્ભુત બચાવ !

શ્રેણિક રાજા એક સુંદર ચિત્રશાળા બંધાવતા હતા. તેમાં દેશ-પરદેશના અનેક ચિત્રકારો કામ કરી રહ્યા હતા અને પોતાનું કલાકૌશલ્ય દર્શાવી રહ્યા હતા, પરંતુ તેનો મુખ્ય દરવાજો ટકતો ન હતો. તે ઘણી કાળજીથી બાંધવા છતાં તૂટી પડતો હતો. આથી રાજા મુંઝાયો, તેણે જોશીઓની સલાહ લીધી અને જોશીઓએ બત્રીશલક્ષણાં બાળકનું બલિદાન આપવાની સલાહ આપી. પરિણામે નગરમાં ઢંઢેરો

પીટાયો અને કોઇ પોતાનો બત્રીશલક્ષણો બાળ આપે તો તેને ભારોભાર સોનું તોળી આપવાની જાહેરાત થઈ. પણ આવા કામ માટે કોણ આગળ આવે?

હવે એ નગરમાં એક ગરીબ બ્રાહ્મણકુટુંબ રહેતું હતું. તેણે પોતાના પુત્રો પૈકી અમરકુમારને આ કાર્ય માટે આપવાની તૈયારી બતાવી. અમરકુમારને ખબર પડી કે માતા-પિતા સુવર્ણના લોભે મને રાજાને આપી દેશે અને ત્યાં મારું બલિદાન અપાશે, ત્યારે તે ધ્રુશકે ને ધ્રુશકે રડવા લાગ્યો. તેણે માતા-પિતાને આવું કામ ન કરવાની ઘણી ઘણી વિનંતિ કરી, પણ તેના માતા-પિતાએ તે સ્વીકારી નહિ. ખાસ કરીને તેની માતાને તેના પર ઘણો દ્વેષ હતો, એટલે તે ખૂબ મક્કમ રહી અને આખરે તે રાજસેવકોને સોંપાયો. રાજ-સેવકો તેને રાજમહેલમાં લઈ ગયા અને તેની ભારોભાર સોનું પેલા બ્રાહ્મણદંપતિને જોખી દેવામાં આવ્યું. તેમના હર્ષનો પાર રહ્યો નહિ.

હવે યોગ્ય મુહૂર્તે તેનું બલિદાન આપવાની તૈયારી થઈ અને યજ્ઞકુંડમાં અગ્નિની પ્રચંડ જ્વાલાઓ ભભૂકવા લાગી. મુખ્ય પુરોહિતે મંત્રોચ્ચાર શરૂ કર્યો અને અન્ય બ્રાહ્મણો પણ તેને અનુસરવા લાગ્યા.

અમરકુમાર વિચાર કરે છે : 'મારે હવે શું કરવું? હમણાં જ મને યજ્ઞકુંડમાં પધરાવવામાં આવશે અને મારાં સોયે વર્ષ પૂરાં થઇ જશે.' એવામાં તેને એક જૈનમુનિએ શીખવેલો નમસ્કારમંત્ર યાદ આવ્યો અને તે એનું અત્યંત શ્રદ્ધાથી સ્મરણ કરવા લાગ્યો. વધારે સ્પષ્ટ કહીએ તો તે

નમસ્કારમંત્રના સ્મરણમાં લીન થઇ ગયો અને ધ્યાનસ્થ બની ગયો.

'ૐ સ્વાહા, ૐ સ્વાહા' કરતાં પુરોહિતોએ તેને ઉઠાવીને અગ્નિકુંડમાં પધરાવ્યો, પણ એ જ વખતે અગ્નિજ્વાલાઓ શાંત થઇ ગઈ અને અમરકુમાર એક યોગી જેવો દેખાવા લાગ્યો. તેની કંચનવરણી કાયાને કયાંઇ ડાઘ સરખો લાગ્યો ન હતો. નમસ્કારમંત્રનો આ કેવો અજબ પ્રભાવ !

આ વખતે રાજા પોતાના સિંહાસન પરથી ઉથલી પડચો હતો અને બધા બ્રાહ્મણો ભોંયભેગા થઈ ગયા હતા. આખી રાજસભા કહેવા લાગી કે 'આ બાળક સામાન્ય નથી, કોઇ મહાપુરુષ લાગે છે.'

પછી અમરકુમારે નમસ્કારમંત્ર ભણી પાણીનાં છાંટણાં નાંખતાં રાજા બેઠો થયો અને બ્રાહ્મણો પણ હોશમાં આવ્યા.

રાજાએ કહ્યું : 'હે બ્રહ્મકુમાર ! તું આ રાજ્ય ગ્રહણ કર.' પણ તેણે કહ્યું : 'મારે રાજ્યથી સર્યું. હું તો હવે ચારિત્ર ગ્રહણ કરવા ઇચ્છું છુ'. તમારા સહુનું કલ્યાણ થાઓ' અને ત્યાંથી વિદાય થઇ અમરકુમારે ચારિત્ર ગ્રહણ કર્યું તથા પરમપદની પ્રાપ્તિ કરી.

## સંકટસમયે શિવકુમારને મળેલી અજબ સહાય !

યશોભદ્ર શેઠ ધર્મપરાયણ હતા અને શ્રાવકધર્મનું ઉત્તમ રીતે પાલન કરતા હતા. તેમને સર્વ વાતે સુખ હતું, પણ એક વાતનું મોટું દુઃખ હતું. પોતાનો એકનો એક પુત્ર શિવકુમાર જુગારના છંદે ચડી ગયો હતો અને વિષય-

લંપટ બની ગયો હતો. પિતા તેને સુધારવા માટે અનેકવિધ શિખામણો આપતા, પણ એ બધી પત્થર પર પાણી સમાન નીવડતી હતી. એક વાર પિતાએ કહ્યું કે—'હે પુત્ર ! તને હિતની વાત કહું છું, તે બરાબર લક્ષ્યમાં રાખી લે. તારા પર કોઈ આફત આવી પડે ત્યારે નમસ્કારમંત્રનું સ્મરણ કરજે, એથી તારી આફત દૂર થઈ જશે.' પિતાના આગ્રહથી શિવકુમારે આ વાતનો સ્વીકાર કર્યો.

કાલાંતરે પિતા મરણ પામ્યા અને શિવકુમાર સર્વ સંપત્તિનો માલિક થયો, પણ જુગારી અને દારૂડિયાના હાથમાં સંપત્તિ કેટલો વખત ટકે ? તેને ઝડપથી પગ આવ્યા અને ચાલતી થઈ. ધન ગયું એટલે માન ગયું. લોકોમાં 'આવો, પધારો' વગેરે શબ્દો વડે જે સત્કાર થતો હતો, તે બંધ પડ્યો. કોઈ સામું જુએ નહિ કે બોલાવે નહિ. ખરેખર ! નિર્ધનની દશા આ જગતમાં બહુ બૂરી હોય છે !

તે બેહાલ દશામાં રખડે છે અને દિવસો પૂરા કરે છે. એવામાં એક ત્રિદંડી મળ્યો. તેણે આ હાલતનું કારણ પૂછયું. શિવકુમારે કહ્યું કે, 'પાસે પૈસો નથી, એ જ મારી બેહાલ દશાનું કારણ છે.' ત્રિદંડીએ કહ્યું : 'જો એ જ કારણ હોય તો ફીકર કરીશ નહિ. હું તને એવો ઉપાય બતાવીશ કે તારા ઘરમાં લક્ષ્મીની રેલંછેલ થઈ જશે.' શિવકુમારે કહ્યું : 'તો આપનો ઉપકાર હું જીવનપર્યંત નહિ ભૂલું. આપ જે ઉપાય બતાવશો, તે અવશ્ય કરીશ.' ત્રિદંડીએ કહ્યું કે, 'હું એક મંત્ર જાણું છું, તેનાથી સુવર્ણપુરુષની સિદ્ધિ થાય છે. એ સુવર્ણપુરુષના હાથપગ કાપી લઈએ

તો રોજ નવા થાય છે, એટલે ધન કદી ખૂટતું નથી, પરંતુ આ મંત્રની સાધના કાળી ચૌદશની રાત્રિએ થાય છે. તે વખતે તું ઉત્તરસાધક રહેજે.' શિવકુમારને ધનની ઘણી જરૂર હતી, એટલે તેણે આ વાત કબૂલ કરી.

કાળી ચૌદશ આવી ત્યારે ત્રિદંડીએ કહ્યું કે 'શિવકુમાર ! તું એક અક્ષત મડદું શોધી લાવ અને પૂજાની સામગ્રી સાથે અમુક સ્થાનમાં આવ. ત્યાં આપણું કામ ચાલુ થશે.' એટલે શિવકુમાર કોઈ પણ ઠેકાણેથી અક્ષત મડદું લઈ આવ્યો અને ત્રિદંડીએ કહેલી સામગ્રી લઈને સ્મશાનમાં હાજર થયો. ત્યાં ત્રિદંડીએ એક મંડલ બનાવ્યું અને તેમાં પેલા શબને ગોઠવી હાથમાં એક તીક્ષ્ણ ધારવાળી તલવાર આપી. પછી શિવકુમારને કહ્યું કે, 'તુ મડદાંને પગે તેલ ઘસવા માંડ. હું મંત્રનો જપ કરું છું.' આમ કહીને મંત્રનો જપ કરવા બેસી ગયો.

પરંતુ શિવકુમારને આ બધું દૃશ્ય જોઈને ભય લાગવા માંડ્યો. 'મંત્રબળથી આ મડદું કદાચ સજીવન થાય અને મારા શિર પર જ તલવારનો પ્રહાર કરે તો ? કદાચ આ રીતે મનુષ્યનું બલિદાન આપવાથી જ મંત્રસિદ્ધિ થતી હોય તો ? ખરેખર મેં આ ત્રિદંડીનો વિશ્વાસ કરવામાં ભયંકર ભૂલ કરી છે. પણ હવે શું કરું ? રાત્રિનો ઘોર અંધકાર ચારે બાજુ વ્યાપેલો છે અને આ એકાંત સ્મશાન ભૂમિ છે, એટલે અહીંથી નસાય તેમ પણ નથી. કદાચ નાસવાનો પ્રયત્ન કરું અને આ ત્રિદંડી મને પૂરો કરી નાખે તો ?' આ રીતે વિચાર કરતાં શિવકુમારને લાગ્યું કે

પોતે બરાબર ફસાઈ ગયો છે અને ઉગરવાનો અન્ય કોઈ ઉપાય નથી.

આ વખતે પિતાએ આપેલી હિતશિક્ષા યાદ આવી અને તે એકાગ્ર ચિત્તે નમસ્કારમંત્રનું સ્મરણ કરવા લાગ્યો. આ બાજુ ત્રિદંડીના મંત્રબળથી મડદું ઉભું થઈને ચાલવા લાગ્યું. પણ ધબ દઈને નીચે પડયું. ફરી ત્રિદંડીએ મંત્ર ભણવા માંડયો, ફરી શબ ઊભું થયું અને ફરી પણ એ જ રીતે નીચે પડયું. આથી શંકાશીલ બનેલો ત્રિદંડી શિવકુમારને પૂછવા લાગ્યો કે 'ભાઈ! તું કોઇ મંત્ર જાણે છે?' શિવકુમારને ખબર નથી કે પોતે ગણી રહેલા નમસ્કાર મંત્રના પ્રભાવથી ત્રિદંડીનો મંત્ર અને પરિશ્રમ નિષ્ફળ જાય છે, એટલે તેણે જવાબ આપ્યો કે 'હું કોઈ મંત્ર જાણતો નથી.'

આથી ત્રિદંડીએ પોતાની ક્રિયાવિધિ તપાસી અને ફરી મંત્રજપની શરૂઆત કરી. શિવકુમારે પણ મનમાં વધારે જોરથી નમસ્કારમંત્રને સ્મરવા માંડયો. ત્રિદંડી પોતાના મંત્રબળથી પેલા મડદાંને વૈતાલથી અધિષ્ઠિત કરતો હતો, પણ નમસ્કારમંત્રના પ્રભાવ આગળ તેનું કંઈ ચાલતું ન હતું. ત્રીજી વારના મંત્રજપથી પેલું મડદું ઊભું તો થયું, પણ તેણે પોતાના હાથમાં રહેલી તલવાર ઉત્તરસાધક પર ચલાવવાને બદલે મંત્રસાધક પર જ ચલાવી અને ત્રિદંડીનું મસ્તક ધડથી છૂટું થઇ ગયું. જ્યાં એ મસ્તક મંડલમાં રચેલી યજ્ઞવેદિકામાં પડયું, ત્યાં સુવર્ણપુરુષ ઉત્પન્ન થયો.

હવે શિવકુમારને સમજાયું કે, આ બધો પ્રભાવ મેં ગણેલા નમસ્કારમંત્રનો જ છે. જો મેં આ નમસ્કારમંત્રને સ્મર્યો ન હોત, તો જે હાલ ત્રિદંડીના થયા, તે મારા થાત અને મારા સોયે વર્ષ પૂરાં થઈ જાત. માટે હવેથી નિત્ય નમસ્કારમંત્રનું સ્મરણ કરવું.

પછી તે પેલા સુવર્ણપુરુષને પોતાના સ્થાને લઈ ગયો અને તેના પ્રભાવથી થોડા જ વખતમાં માલેતુજાર બની ગયો. તેણે પોતાને મળેલાં આ અખૂટ ધનથી એક સુવર્ણમય જિન-ચૈત્ય બનાવ્યું અને ગરીબોને છૂટા હાથે દાન દીધું. આથી તેનો યશ ભૂમંડલમાં વિસ્તાર પામ્યો અને તે સર્વ વાતે સુખી થયો. આને આપણે અપૂર્વ–અચિંત્ય પ્રભાવ નહિ તો બીજું શું કહી શકીએ ?

## ભયંકર સાપ ફુલની માળા બન્યો !

શ્રીમતી સુયત શેઠની પુત્રી હતી, ભણીગણીને હોંશિયાર થઇ હતી અને ધર્મમાં ઘણો અનુરાગ ધરાવતી હતી. વળી તે રૂપ–લાવણ્યમાં પણ અજોડ હતી. તેનાં રૂપ–લાવણ્યથી મોહિત થઇને એક મિથ્યાદષ્ટિ શ્રીમંતપુત્રે તેના હાથની માગણી કરી અને સુયત શેઠને કોઇ પણ પ્રકારે સમજાવીને તેની સાથે લગ્ન કર્યાં.

શ્રીમતી એક સુયોગ્ય ગૃહિણી તરીકે સર્વ કર્તવ્યોનું પાલન કરતી અને પોતાનો ધર્મ પણ સાચવતી. પરંતુ ધર્મદ્વેષને લીધે નણંદ વગેરે તેની સાથે વાત–વાતમાં વાંધો પાડતાં અને તેની તર્જના કરતાં. જો શ્રીમતીની જગ્યાએ અન્ય કોઇ સ્ત્રી હોત તો તેણે આ વર્તન અંગે મોટો કલહ

કર્યો હોત, પણ શ્રીમતી શ્રાવકકુલના સંસ્કાર પામી હતી અને કર્મનું વૈચિત્ર્ય જાણી ચૂકી હતી, એટલે કોઈને પણ દોષ ન દેતાં પોતાનાં કર્મનો જ દોષ માની બધું સહન કરી લેતી હતી. તેણે આવા ખરાબ સંયોગોમાં પણ પોતાની ધર્મભાવના જરાયે ઢીલી પડવા દીધી ન હતી.

સ્વજનોની રાતદિવસની રોકટોક અને કાન-ભંભેરણીને લીધે પતિનું મન તેના પરથી ઊઠી ગયું અને તે બીજી સ્ત્રીને પરણવાનો વિચાર કરવા લાગ્યો, પણ શ્રીમતી જીવતી હોય તો ભાવી સુખમાં કંટકરૂપ નીવડે, એટલે તેનું કાસળ કાઢી નાંખવાનો વિચાર કર્યો. તે માટે યુક્તિ પણ આબાદ રચી. કોઇ સર્પ પકડનારા પાસે એક સર્પ મંગાવી તેને ઘડામાં પૂર્યો અને તેના મોઢાં પર ઢાંકણું દઈ દીધું. પછી તેને ઘરની અંદરના ભાગમાં એક અંધારા ઓરડામાં ગોઠવી દીધો. બાદ શ્રીમતીને હુકમ કર્યો કે, 'અંદરના ઓરડામાં ઘડો પડેલો છે, તેમાંથી પુષ્પો લાવી આપ.'

પતિનો હુકમ થતાં શ્રીમતી નમસ્કારમંત્રનો પાઠ ભણતી અંદર ગઈ. નિત્ય નમસ્કારમંત્રનું સ્મરણ કરતાં તે એનો જીવનસંગાથી બની ગયો હતો. જ્યાં આ રીતે નમસ્કારમંત્રનું સતત સ્મરણ ચાલુ હોય, ત્યાં કોઇ પણ પ્રકારનો ભય હૃદયને સતાવી શકતો નથી.

શ્રીમતીને અંધારા ઓરડામાં જતાં જરાયે ભય લાગ્યો નહિ. તેણે હાથ ફેરવી થોડી વારમાં ઘડાને શોધી કાઢયો અને તેનું ઢાંકણું ઉઘાડી અંદર હાથ નાખ્યો.

એક ભયંકર સર્પને ઘડામાં પૂરી રાખ્યો હોય, તેને મનુષ્યની કઠણ આંગળીઓનો સ્પર્શ થતાં કેવું ખતરનાક પરિણામ આવે, તે આપણે કલ્પી શકીએ છીએ, પણ અહીં પરિણામ જુદું જ આવ્યું. નમસ્કારમંત્રની સતત ગણનાથી તુષ્ટ થયેલી શાસનદેવીએ એ ઘડામાંથી સાપને ઉઠાવી લીધો હતો અને સુંદર તાજાં પુષ્પો મૂકી દીધાં હતાં. શ્રીમતીના હાથમાં એ તાજાં પુષ્પો આવ્યાં અને તે એને ગ્રહણ કરીને ઉલ્લાસભેર બહાર આવી.

પતિએ તો ધાર્યું હતું કે તે હમણાં કારમી ચીસ પાડીને ભોંય ભેગી થઈ જશે અને તેનું પ્રાણપંખેરૂં ઉડી જશે, પણ તેને ઉલ્લાસભેર બહાર આવતી જોઈ, ત્યારે તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તેને અધિક આશ્ચર્ય તો ત્યારે થયું કે તેણે મંગાવ્યા મુજબ પુષ્પો લઈને જ તે આવી હતી અને તેની ખુશ્બો નાકને તર કરી દેતી હતી. આવા સુંદર અને સુગંધ-ભર્યાં પુષ્પો તેણે જીંદગીમાં કોઈ વાર જોયાં ન હતાં.

તે તપાસ કરવા અંદર ગયો અને પ્રકાશ કરીને જોયું તો ઘડો એ જ હતો, પણ તેની અંદર સાપને બદલે સુગંધી-પુષ્પોની એક માલા પડેલી હતી. આથી તે સાચી વસ્તુસ્થિતિ પામી ગયો અને શ્રીમતીના ચરણે પડી વારંવાર પોતાના અપરાધની ક્ષમા માગવા લાગ્યો.

શ્રીમતીને હવે જ ખબર પડી કે આ તો મને મારી નાખવાનું કાવતરું ઘડાયું હતું, પણ શાસનદેવીએ કૃપા કરીને મારી લાજ રાખી છે. એથી તે ધર્મ પ્રત્યે વિશેષ અનુરાગ-

વાળી થઈ અને પતિને કહેવા લાગી કે, 'ગઈ ગુજરી ભુલી જાઓ અને હજી પણ આત્મહિતની સાધના કરો.'

કુટુંબીઓએ આ વાત જાણી, ત્યારે તેમના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તેઓ પણ એને નમી પડયા અને પોતાના અપરાધોની ક્ષમા માગવા લાગ્યા. શ્રીમતીએ એ બધાને ધર્મના માર્ગે વાળી પોતાની ફરજ અદા કરી.

નમસ્કારમંત્રના સ્મરણથી આવી અદ્ભુત ઘટનાઓ બને છે, તેથી જ તેના પ્રભાવને શાસ્ત્રોએ અપૂર્વ–અચિંત્ય કહ્યો છે.

આધુનિક કાલે પણ નમસ્કારમંત્રનો પ્રભાવ દર્શાવતી આવી અનેક ઘટનાઓ જોવામાં આવે છે. તેમાંની ત્રણ–ચાર ઘટનાનું અહીં વર્ણન કરીશું.

## ધાડપાડુઓમાંથી રક્ષણ થયું !

મારવાડના એક ગામમાં કેટલાક સશસ્ત્ર ધાડપાડુઓ ચડી આવ્યા. તેમની સંખ્યા મોટી હતી, એટલે ગામલોકો સામનો કરી શકે એવી સ્થિતિમાં ન હતા, ત્યાં એક જૈન શ્રીમંત વસતા હતા અને તેમના પર ધાડપાડુઓની ખાસ દૃષ્ટિ હતી. આમ તો તેઓ ધંધાર્થે દક્ષિણમાં વસતા હતા, પણ આ વખતે કોઈ વ્યાવહારિક પ્રસંગે વતનમાં આવ્યા હતા અને તેમની તિજોરીમાં આશરે એક લાખ રૂપિયાનું સોનું હતું.

તેમને સમાચાર મળ્યા કે ધાડપાડુઓ ચડી આવ્યા છે અને થોડી જ વારમાં અહીં આવી પહોંચશે, એટલે

તેઓ પરિસ્થિતિની વિકટતા સમજી ગયા, પણ ગભરાયા નહિ. તેમણે ઘરની બહાર મોટું તાળું લગાવી દીધું અને કુટુંબની વ્યકિતઓને પાછલાં બારણેથી અહીં–તહી વિદાય કરી દીધી. પછી પોતે એ જ મકાનના એક ભાગમાં આસન જમાવી નમસ્કારમંત્રની ગણના કરવા લાગ્યા. તેમને નમસ્કાર-મંત્ર પર અનન્ય શ્રદ્ધા હતી. તેની ગણનાથી આજ સુધીમાં તેમનાં કેટલાંયે વિકટ કાર્યો પાર પડ્યાં હતાં.

ધાડપાડુઓ ગામમાં દાખલ થતાં જ ગોળીબાર કરવા લાગ્યા, એટલે બધા લોકો ભયભીત થઈને પોતપોતાના સ્થાનમાં ભરાઈ ગયા. પછી પેલા ધાડપાડુઓ બેફામ લૂંટ કરતાં પેલા શ્રીમંતના ઘર આગળ આવ્યા, પણ તાળાંને લીધે ઘર ભૂલ્યા અને બાજુમાં તેના જેવું જ ઘર હતું, તેને એમનું ઘર માની, તેમાં દાખલ થઈ, મનમાની મત્તા ઉપાડી ચાલતા થયા.

આ કિસ્સો દક્ષિણના પ્રવાસ દરમિયાન તે શેઠે જ અમને કહેલો છે અને તેની પ્રામાણિકતા વિષે અમારા મનમાં જરાયે શંકા નથી.

## ઝવેરાતનું પડીકું સલામત રહ્યું !

એક જૈન ગૃહસ્થ હતા. તેમની સ્થિતિ સામાન્ય અને માથે વ્યવહારનો બોજો વધારે, એટલે તેઓ ઘણાં કષ્ટમાં પોતાનું જીવન વ્યતીત કરતા હતા. તેઓ પ્રયાસ કરવામાં બાકી રાખતા નહિ, પણ ‘ એક સાંધે ત્યાં તેર તૂટે ’ એવો અનુભવ થતો હતો. આખરે એક દિવસ તેમણે પોતાની આ

સ્થિતિનું ગુરુ મહારાજને નિવેદન કર્યું અને સ્થિતિ સુધરે એવા ઉપાયની માગણી કરી. ગુરુએ કહ્યું કે 'પંચપરમેષ્ઠિ નમસ્કાર કલ્પતરુ, કામકુંભ કે ચિંતામણિરત્ન જેવો છે. તેનું સતત સ્મરણ કર્યા કરો, એટલે તમારો મનોરથ પૂરો થશે. પણ એક વાત યાદ રાખજો કે કોઈ વાર ચોરી-છીનાળી કરવી નહિ કે માલીકનો વિશ્વાસઘાત કરવો નહિ. જો મનથી આટલી ટેક રાખશો તો, એનું ફળ તરત જણાશે.'

પેલા ગૃહસ્થે ગુરુનાં આ વચનો શિરસાવંદ્ય કર્યાં અને નમસ્કારમંત્રની નિયમિત ગણના કરવા માંડી. હવે થોડા દિવસ થયા કે તેમને એક ગૃહસ્થનો મેળાપ થયો અને તે એમને મુંબઈ લાવ્યા. તેમને થોડા દિવસ પોતાની પેઢીએ બેસાડી ઝવેરાતની દલાલી કરવાનું કામ સોંપ્યું. નમસ્કારમંત્રના પ્રભાવે આ કામ બરાબર ચાલવા લાગ્યું અને તેઓ ઓરડી લઈ મુંબઈમાં સ્થિર થયા.

એક દિવસ તેઓ શેઠની દુકાનેથી રૂપિયા પંદર-સોળ હજારની કિંમતનું એક પડીકું લઈ કોઈ શ્રીમંતને બતાવવા ગયા. ઘરે પાછા ફરતી વખતે તે પડીકું રસ્તામાં કોઇ સ્થળે પડી ગયું, તેની તેમને ખબર રહી નહિ. ઘરે પહોંચી, જમી-પરવારી, એકાદ કલાક આરામ લઈ, તેઓ પેલું પડીકું શેઠને પાછું આપવા તૈયાર થયા, પણ જોયું તો ગજવામાં પડીકું મળે નહિ! એટલે તરત નમસ્કારમંત્રનું સ્મરણ કરવા લાગ્યા અને જે રસ્તે ઘરે આવ્યા હતા, તે રસ્તે જ પાછા ચાલ્યા.

મુંબઇના ભારે અવરજવરવાળા રસ્તા પર પડી ગયેલી

કોઇ પણ વસ્તુ બે કલાક પછી પાછી મેળવવાની આશા રાખવી એ વ્યર્થ જ ગણાય, પણ શ્રદ્ધા કોઇ અજબ ચીજ છે! આ ગૃહસ્થ જ્યારે પણ નવરા પડતા, ત્યારે નમસ્કાર મંત્રનું સ્મરણ કર્યા જ કરતા અને તેના પ્રભાવથી પોતાનું કોઇ પણ કામ નહિ બગડે, એવી દૃઢ શ્રદ્ધા ધરાવતા હતા.

તેઓ મુંબાદેવીના પાછલા દરવાજે કાપડની દુકાન આગળ આવ્યા. ત્યાં કોઇ પુરુષે તેમને આંગળી બતાવીને કહ્યું કે 'આ રહ્યું તારું હીરાનું પડીકું!' તે વખતે ત્યાં ઘણો કાદવ હોવાથી પડીકાનો સફેદ કાગળ જરાક દેખાતો હતો. પેલા ગૃહસ્થે તે પડીકું ઉપાડી લીધું. જ્યારે તેમણે એ પડીકામાં બધા હીરા સલામત જોયા, ત્યારે તેમને કેવો હર્ષ થયો હશે, એ કહેવાની જરૂર છે ખરી?

બે મીનીટ એ જ હાલતમાં ઊભા રહ્યા પછી તેમને ખ્યાલ આવ્યો કે જે પુરુષે મને આ પડીકું બતાવ્યું, તેનો આભાર માનવો જોઈએ અને તેને કંઇક પુરસ્કાર પણ આપવો જોઇએ, એટલે તેઓ આજુબાજુ જોવા લાગ્યા, પણ ત્યાં કોણ મળે? એ આ જગતનો કોઇ દૃશ્ય માનવી ન હતો.

પડીકું શેઠને પાછું આપ્યું અને તે દિવસથી નમસ્કાર મંત્રની ગણના વધારે પ્રમાણમાં કરવા માંડી. થોડા વખત પછી તે ગૃહસ્થ ઝવેરાતના એક મોટા વેપારી બન્યા અને લાખો રૂપિયા કમાયા.

## અકસ્માતમાંથી અદ્ભુત બચાવ થયો!

મોટર અને વિમાનનો પ્રવાસ આજે ખૂબ થવા લાગ્યો છે. તેમાં કેટલીયે વાર ગમખ્વાર અકસ્માતો બને છે અને

અનેક માણસોની જાનહાનિ થાય છે; પરંતુ નમસ્કારમંત્ર તેના આરાધકનો આવા સમયે અદ્ભુત બચાવ કરે છે.

સ્વ. શ્રીવિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજના બેંગલોરના ચાતુર્માસમાં મદ્રાસની સાઉથ ઇંડિયન ફ્લોર મીલવાળા શેઠ પુનમચંદ રૂપચંદ તેમની પાસે પર્યુષણપર્વની આરાધના કરવા આવેલા.+ પર્યુષણ પછી તેઓ બેંગલોરના એક ભાઈ સાથે મ્હૈસુર જવા મોટરમાં રવાના થયા. રસ્તામાં એ મોટરને અકસ્માત થયો. એ જ વેળા એમના મુખમાંથી 'नमो अरिहंताणं' એ બે શબ્દો નીકળી પડચા. જેમને નમસ્કારમંત્રમાં શ્રદ્ધા હોય, જેઓ રોજ નમસ્કારમંત્રની નિયમિત ગણના કરતા હોય, તેમના મુખમાંથી જ અણીના સમયે આવા શબ્દો નીકળી શકે.

પછી શું થયું ? તેની તેમને ખબર પડી નહિ. જ્યારે આંખો ખોલી ત્યારે તેઓ મોટરની બહાર ઊભેલા હતા અને તેમને કંઈ પણ ઈજા થઈ ન હતી. માત્ર બેંગલોરવાળા ભાઈના એક પગે ઉઝરડો થયો હતો. કોઈ એમ માનતું હોય કે એ તદ્દન સામાન્ય અકસ્માત હશે, તેથી આમ બન્યું હશે, પણ વસ્તુસ્થિતિ તેથી જુદા જ પ્રકારની હતી. મોટર તૂટી ગઈ હતી અને તે બાજુએ પડી હતી. તેનો દરવાજો ક્યારે ખુલ્યો? કેમ ખુલ્યો? ફરી પાછો બંધ કેમ થઈ ગયો? તે વિષે કોઈને કંઇ ખબર ન હતી, એટલે આ ચમત્કારિક બનાવ નમસ્કારમંત્રના સ્મરણના પ્રભાવે બન્યો, એમ માનવું જ પડે. આપણે તેનો બુદ્ધિગમ્ય બીજો ખુલાસો શો કરી શકીએ ?'

---

+ તેઓ આજે વિદ્યમાન નથી.

## તર્કટ કામ આવ્યું નહિ !

ઝાંસીનો એક મુસલમાન જૈન મુનિરાજના સંપર્કમાં આવ્યો અને તેમના ઉપદેશથી પ્રભાવિત થયો. તેણે માંસ–મદિરા વાપરવાનું છોડી દીધું અને મુનિરાજે આપેલા નમસ્કાર મંત્રનું નિયમિત સ્મરણ કરવા માંડયું. તે ખૂબ જ શ્રદ્ધાપૂર્વક આ ક્રિયા કરતો હતો અને તેથી તેનું ચિત્ત ખૂબ પ્રસન્ન રહેતું હતું.

તેની બિરાદરીના અન્ય લોકોને આ વાત પસંદ પડી નહિ. તેમણે પ્રથમ તો સમજાવટનો રસ્તો લીધો, પણ તેમાં ફાવ્યા નહિ, એટલે તર્કટ રચ્યું. તેની પાડોશના એક મુસલમાને તેમાં આગળ પડતો ભાગ લીધો. તે કોઈ પણ ઉપાયે એક ઝેરી સર્પને પકડી લાવ્યો અને પેલો મુસલમાન જ્યાં રોજ સૂઈ રહેતો હતો, ત્યાં ચીફતથી તેને ગોઠવી દીધો. તેની એવી ધારણા હતી કે જ્યાં આ ભગતડો પથારીમાં પડશે કે આ સર્પ તેને દંશ મારશે અને તેનાં સોયે વર્ષ પૂરાં થઈ જશે.

હવે રોજનો સમય થતાં નમસ્કારનો આરાધક મુસલમાન, પોતાના સ્થાને આવ્યો અને સૂતાં પહેલાં નમસ્કારમંત્રની ગણના કરવા લાગ્યો. ત્યાં મંત્રના પ્રભાવે તેને એવી સ્ફુરણા થઈ કે 'આજે કંઈક ગરબડ છે, માટે ચેતીને ચાલવું.'

પછી તે મુસલમાને પથારીની નજીક આવી ધીમેથી પથારી ઊંચી કરી તો એક ઝેરી સાપ જોવામાં આવ્યો. પરંતુ તે સર્પ ભયભીત થઈને ત્યાંથી નાઠો, એટલે તેણે નિરાંતનો દમ ખેંચ્યો અને પથારીમાં ઊંઘવાનું શરૂ કર્યું.

હવે પેલો સર્પ ત્યાંથી નાસીને તર્કટબાજ મુસલમાનના ઘરમાં પેઠો અને ત્યાં તેની બાર–ચૌદ વર્ષની પુત્રી નિદ્રાધીન થયેલી હતી, તેને કરડયો; આથી ત્યાં ભારે શોરબકોર મચી રહ્યો, પરંતુ આ વખતે તર્કટી મુસલમાન ઘરમાં ન હતો.

થોડી વારે તે ઘરની નજીક આવ્યો, એટલે ત્યાં થતો કોલાહલ સાંભળીને એમ સમજ્યો કે જરૂર પેલો સર્પ ભગતડાને કરડયો અને તેનાં સો યે વર્ષ પૂરાં થઈ ગયાં ! પણ વધારે નજીક આવતાં એ કોલાહલ તેના ઘરમાંથી આવતો જણાયો, એટલે તે દોડીને ઘરમાં પેઠો. ત્યાં પોતાની પુત્રીને સર્પદંશ થયેલો જોયો. તેનાં સગાંવહાલાં કોઈ મંત્રવાદીને બોલાવી લાવ્યા હતા, પણ તેનાથી સર્પનું ઝેર ઉતર્યું ન હતું.

આ જ વખતે તર્કટી મુસલમાનને ખ્યાલ આવી ગયો કે કૂડના ડાંડિયા કપાળમાં વાગ્યા છે. મેં તો પેલાનું કાસળ કાઢી નાખવા તર્કટ રચ્યું તો મારી પોતાની પુત્રીનું જ કાસળ નીકળી ગયું. હવે શું કરવું ? આખરે તેને સન્મતિ આવી. એટલે તે પેલા ભકત મુસલમાનની આગળ ગયો અને તેને ઊંઘમાંથી ઉઠાડી, પ્રણામપૂર્વક કહેવા લાગ્યો કે 'મારી ભૂલ થઇ. હવે મારી પુત્રીને તમે જ બચાવો.' ત્યારે જ એ ભકત મુસલમાનના સમજવામાં આવ્યું કે આ તો મારો જાન લેવા માટે તર્કટ રચાયું હતું, પણ નમસ્કારમંત્રના પ્રભાવે એ નિષ્ફળ ગયું અને હું આબાદ બચી ગયો.

તેણે તર્કટી મુસલમાનને કહ્યું કે 'હું કંઈ મંત્ર જાણતો નથી.' આમ છતાં પેલાએ જ્યારે બહુ આગ્રહ કર્યો, ત્યારે આ ભકત મુસલમાન તેના ઘરે ગયો અને તેણે ત્રણ વાર

નમસ્કારમંત્ર ભણી પાણીની અંજલિ છાંટી કે ઝેર ઉતરી ગયું અને તેની પુત્રી બચી જવા પામી. નમસ્કારમંત્રનો આ કેવો અચિંત્ય પ્રભાવ !

## કેન્સરનો વ્યાધિ મટયો

થોડાં વર્ષ પહેલાં જામનગરના એક જૈન ગૃહસ્થને કેન્સરનો વ્યાધિ લાગુ પડયો હતો. તે અંગે કેટલાક ઉપચાર કર્યા, પણ તેમાં કંઇ સફલતા મળી નહિ. આખરે તેમણે નમસ્કારમંત્રનો આશ્રય લીધો અને તેનું સતત સ્મરણ કરવા માંડયું, આથી તેમનો વ્યાધિ મટી ગયો. આ હકીકત અમદાવાદથી પ્રગટ થતાં દિવ્યદર્શન નામના સાપ્તાહિકમાં પ્રગટ થઇ હતી.

અમારી સુલોચના નામની યુવાન પુત્રીને કેન્સરનો રોગ લાગુ પડયો હતો અને ધીમે ધીમે તેણે ત્વલીમ રૂપ પકડયું હતું. વેદના અપાર થતી હતી, તે વખતે અમે નમસ્કારમંત્રાદિયુકત શાસ્ત્રસ્વાધ્યાય અને પ્રાર્થના ચાલુ કરતાં તેને ઘણીજ શાંતિ મળી હતી. જયાં સુધી આ શાસ્ત્ર-સ્વાધ્યાય તથા પ્રાર્થના ચાલતી, ત્યાં સુધી તેની વેદના શાંત થઈ જતી આખરે નમસ્કારમંત્રનું સ્મરણ વધતાં તેનો સર્વ વસ્તુઓ પરથી મોહ ઉતરી ગયો હતો અને તેના મુખમાંથી છેવટના શબ્દો પણ 'અરિહંત ! અરિહંત !' જ નીકળ્યા હતા.×

તાત્પર્ય કે નમસ્કારમંત્ર અચિંત્ય પ્રભાવશાળી છે, તેથી તેના સ્મરણમાં જરા પણ પ્રમાદ કરવો નહિ.

+ આ પુત્રીનો સ્વર્ગવાસ બત્રીસ વર્ષની ઉંમરે સં. ૨૦૨૨ ના ફાગણ વદિ ૭ના રોજ થયો હતો.

[ ૮ ]

## નમસ્કારમંત્રનું અક્ષરસ્વરૂપ

મંત્રની રચના અક્ષરો વડે થાય છે, એટલે અક્ષર એ અતિ મહત્વની વસ્તુ છે. અન્ય શબ્દોમાં કહીએ તો અક્ષરો એ મંત્રદેવતાનો દેહ છે, મંત્રદેવતાનું શરીર છે, તેથી તેને સાક્ષાત્ મંત્રદેવતા જ માનવા જોઈએ અને તેની કોઈ પણ પ્રકારે આશાતના ન થાય, તેની ખાસ કાળજી રાખવી જોઈએ.

જો મંત્રના મૂળ અક્ષરોમાંથી કોઈ પણ અક્ષર આઘો-પાછો કે ઓછો-વત્તો થાય તો મંત્રદેવતાનું શરીર વિકૃત થાય છે અને તેથી ધાર્યું ફલ મળતું નથી. આ વસ્તુ બે વિદ્યાસાધકોના દૃષ્ટાંતથી વધારે સ્પષ્ટ થશે.

### બે વિદ્યાસાધકોનું દૃષ્ટાંત

બે વિદ્યાસાધકોને ગુરુ તરફથી જુદી જુદી વિદ્યાઓ મળી અને તેનો આમ્નાય પણ પ્રાપ્ત થયો. જે પુરુષદેવતાથી અધિષ્ઠિત હોય, તે મંત્ર કહેવાય અને સ્ત્રીદેવતાથી અધિષ્ઠિત હોય, તે વિદ્યા કહેવાય. તેમાં મંત્ર પાઠસિદ્ધ હોય અને વિદ્યા અનુષ્ઠાનસિદ્ધ હોય. આમ્નાય એ મંત્ર કે વિદ્યારૂપી તાળું

ઉઘાડવાની કુંચી છે. જો આમ્નાય ન હોય તો મંત્ર કે વિદ્યાની સિદ્ધિ થાય નહિ. આજે મંત્રો અને વિદ્યાની ખોટ નથી, પણ આમ્નાયો લુપ્ત થયા છે, તેથી એ બધાં ધાર્યું ફલ આપી શકતાં નથી.

હવે તે વિદ્યાસાધકોએ આમ્નાય અનુસાર વિદ્યાની સાધના કરી તો વિદ્યાઓ પ્રકટ થઈ, પણ એક લાંબા લાંબા દાંતવાળી અને બીજી એક આંખે કાણી. ગુરુએ વિદ્યાનું જે વર્ણન કર્યું હતું, તેની સાથે આનો બિલકુલ મેળ મળતો નહોતો; આથી વિદ્યાસાધકો સમજી ગયા કે જરૂર વિદ્યા ભણવામાં કંઈક ગફલત થઈ છે, નહિ તો આવું પરિણામ આવે નહિ. એટલે તેમણે વિદ્યાનો પાઠ ઠીક કરી લીધો અને ફરી સાધના કરી તો વિદ્યાઓ પોતાના સુંદર મૂળ સ્વરૂપે પ્રકટ થઈ અને તેમણે વિદ્યાસાધકોનો મનોરથ પૂરો કરી આપ્યો. તાત્પર્ય કે મંત્ર અથવા વિદ્યામાં એક પણ અક્ષર આઘો-પાછો કે ઓછો-વત્તો થાય, તે ચાલે નહિ.

મંત્રનું અક્ષરસ્વરૂપ બરાબર જળવાઈ રહે અને તેમાં કંઈ પણ ફેરફાર ન થાય તે માટે તેની અક્ષરસંખ્યા નક્કી કરવામાં આવે છે. અમુક મંત્ર પંચાક્ષરી છે, અમુક મંત્ર અષ્ટાક્ષરી છે, અમુક મંત્ર ષોડશાક્ષરી છે, એમ જાહેર કરવાનું પ્રયોજન એ છે કે તેના અક્ષરોની સંખ્યા બરાબર ધ્યાનમાં રહે. આ રીતે નમસ્કારમંત્રને ૬૮ અક્ષરનો જાહેર કરવામાં આવ્યો છે. તેના અક્ષરોની સંખ્યા ગણી જુઓ, એટલે ખાતરી થશે. પણ અક્ષરો ગણવામાં એક વાત ધ્યાનમાં રાખવાની કે અક્ષર સાદો હોય તો પણ એક ગણાય અને જોડાક્ષર હોય તો પણ એક ગણાય. મંત્રશાસ્ત્ર, છંદશાસ્ત્ર વગેરેમાં આ પદ્ધતિ અમલમાં છે.

આ અક્ષરોમાં લઘુ કેટલા અને ગુરુ કેટલા ? એ પણ જાણી લેવું જોઈએ. છંદશાસ્ત્રમાં લઘુ અને ગુરુની સંજ્ઞાનો ઉપયોગ થાય છે, પણ તેની પરિભાષા જુદી છે. ત્યાં अ, इ, उ, ऋ અને ऌ ને હ્રસ્વ એટલે લઘુ ગણવામાં આવે છે, પરંતુ અહીં લઘુનો અર્થ સાદો અક્ષર અને ગુરુનો અર્થ સંયુક્તાક્ષર કે જોડાક્ષર સમજવાનો છે. આ રીતે ગણના કરતાં ૬૧ અક્ષરો લઘુવર્ગમાં અને ૭ અક્ષરો ગુરુવર્ગમાં આવે છે.

અક્ષરોમાંથી પદ બને છે, પદમાંથી પદસમૂહ બને છે અને તેમાંથી વિશિષ્ટ અર્થની નિષ્પત્તિ થાય છે, એટલે નમસ્કારમંત્રના અક્ષરસ્વરૂપમાં પદનો વિચાર પણ કરવામાં આવ્યો છે. જો विभक्त्यन्तं पदम्—વિભક્તિવાળું તે પદ' એ ધોરણે નમસ્કારમંત્રનો પદવિભાગ કરીએ તો ૨૦ પદો પ્રાપ્ત થાય છે, તે આ પ્રમાણે :

(૧) नमो (૨) अरिहंताणं ।
(૩) नमो (૪) सिद्धाणं ।
(૫) नमो (૬) आयरियाणं ।
(૭) नमो (૮) उवज्झायाणं ।
(૯) नमो (૧૦) लोए (૧૧)सव्वसाहूणं ॥
(૧૨) एसो (૧૩) पंच–नमुक्कारो,
(૧૪) सव्व–पावप्पणासणो ।
(૧૫) मंगलाणं (૧૬) च (૧૭) सव्वेसिं,
(૧૮) पढमं (૧૯) हवइ (૨૦) मंगलं ॥

નમસ્કારમંત્રનો અર્થ સમજવા માટે આ પદવિભાગ ખ્યાલમાં રાખવો જરૂરી છે, કારણ કે પ્રથમ દરેક પદનો અર્થ થાય છે અને પછી તેની અર્થસંકલના થાય છે.

શ્રી મહાનિશીથસૂત્રમાં કહ્યું છે કે 'तहेव इक्कारस-पदपरिच्छिन्नति आलावगतित्तीसअक्खरपरिमाणं—' નમસ્કાર રૂપ મૂલમંત્ર અગિયાર પદો તથા તેત્રીશ અક્ષરપ્રમાણ (ત્રણ આલાપકોથી યુક્ત) છે. અહીં મૂલમંત્રના અગિયાર પદોની ગણના ઉપરના ધોરણે જ કરેલી છે.

'શબ્દોનો સમૂહ તે પદ' એ ધોરણે નમસ્કારમંત્રનો પદવિભાગ કરીએ તો ૯ પદો પ્રાપ્ત થાય.+તે આ પ્રમાણે.

| | |
|---|---|
| नमो अरिहंताणं । | પહેલું પદ |
| नमो सिद्धाणं । | બીજું પદ |
| नमो आयरियाणं । | ત્રીજું પદ |
| नमो उवज्झायाणं । | ચોથું પદ |
| नमो लोए सव्वसाहूणं । | પાંચમું પદ |
| एसो पंच–नमुक्कारो, | છઠ્ઠું પદ |
| सव्व–पावप्पणासणो । | સાતમું પદ |
| मंगलाणं च सव्वेसिं, | આઠમું પદ |
| पढमं हवइ मंगलं ॥ | નવમું પદ |

તપ, જપ, તથા ધ્યાનની વ્યવસ્થા આ પદના ધોરણે થાય છે, એટલે આ વિભાગ વધારે પ્રસિદ્ધ છે. 'નવ પદ

---

+ શ્લોકનું એક ચરણ તે પદ, એ રીતે પણ છેલ્લાં ચાર પદોને 'પદસંજ્ઞા' લાગુ પડે છે.

એનાં નવવિધિ જાણો' વગેરે વચનો નમસ્કારમંત્ર નવપદાત્મક હોવાનું સૂચન કરે છે.

'**ચેઇયવંદણમહાભાસ**'માં નમસ્કારમંત્રનું નવ-પદાત્મક સ્વરૂપ વર્ણવતાં કહ્યું છે કે—

**वन्नऽट्ठसट्ठि नवपय, नवकारे अट्ठ संपया तत्थ ।**
**सगसंपय पयतुल्ला, सत्तरक्खर अट्ठमी दुपया ॥**

'નમસ્કારમંત્રમાં વર્ણો—અક્ષરો ૬૮ છે, પદો ૯ ૯ અને સંપદાઓ ૮ છે. તેમાં સાત સંપદાઓ એક એક પદની બનેલી છે અને આઠમી સંપદા બે પદની એટલે કે આઠમા અને નવમા પદની બનેલી છે કે જેની અક્ષરસંખ્યા ૧૭ છે.'

સંપદા એટલે અર્થનું વિશ્રામસ્થાન અથવા અર્થાધિકાર. साङ्गत्येन पद्यते—परिच्छिद्यतेऽर्थाभिरिति संपदः—જેનાથી સંગત રીતે અર્થ જુદો પડાય, તે સંપદ્—સંપદા કહેવાય છે.' શ્રીમહાનિશીથસૂત્રમાં સંપદાની જગાએ આલાપક શબ્દનો પ્રયોગ થયેલો છે. આલાપક એટલે સંબંધ ધરાવતા શબ્દોવાળો પાઠ.

અહીં એ પણ જાણી લેવું જરૂરનું છે કે નમસ્કાર મંત્રનાં પહેલાં પાંચ પદો અધ્યયનરૂપ છે અને છેલ્લાં ચાર પદો ચૂલિકારૂપ છે. આ સ્પષ્ટતા શ્રીમહાનિશીથસૂત્રમાં વિનયોપધાનના વર્ણનપ્રસંગે થયેલી છે.

અધ્યયન એટલે પ્રકરણ એવો સંસ્કાર આપણા મનમાં રૂઢ થયેલો છે, પણ જૈન શાસ્ત્રોની પરિભાષા અનુસાર જે ચિત્તને સારી રીતે અધ્યાત્મ તરફ લઈ જાય, તે અધ્યયન કહેવાય છે; અથવા જે બોધ, સંયમ કે મોક્ષનો લાભ કરાવે,

તે અધ્યયન કહેવાય છે. તો શું નમસ્કારનો પ્રથમ વિભાગ આપણા ચિત્તને અધ્યાત્મ તરફ સારી રીતે લઈ જનારો નથી ? અથવા બોધ, સંયમ કે મોક્ષનો લાભ કરાવનારો નથી ? તેનો જવાબ હકારમાં જ આવવાનો, એટલે પ્રથમનાં પાંચ પદોને પ્રાપ્ત થતી અધ્યયનસંજ્ઞા સાર્થક છે.

જે શ્રુતરૂપી પર્વત ઉપર ચૂલા એટલે શિખરની જેમ રાજે, તે ચૂલા કે ચૂલિકા કહેવાય છે અને તે પ્રાયઃ સૂત્રના છેડે જ આવે છે. આ રીતે પાછલનાં ચાર પદો પ્રથમનાં પાંચ પદોને શોભાવનારાં તથા તેના છેડે આવેલાં હોઈ ચૂલા કે ચૂલિકા તરીકે પ્રખ્યાત થયેલાં છે.

## નમસ્કારમંત્ર પંચપદાત્મક કે નવપદાત્મક ?

કેટલાક લોકો ભગવતીસૂત્રમાં આવતા નમસ્કારનાં પ્રથમનાં પાંચ પદો પરથી તેને પંચપદાત્મક માનવા પ્રેરાય છે અને તેનો આગ્રહ પણ રાખે છે, પરંતુ ત્યાં મંગલા–ચરણનો પ્રસંગ છે, તેથી જરૂર પ્રમાણે પ્રથમનાં પાંચ પદો લીધાં છે. જો અહીં આવતાં પાંચ પદો પરથી નમસ્કાર-મંત્રને પંચપદાત્મક માનવા પ્રેરાઈએ તો ઓરીસાની હાથી-ગુફા અને ગણેશગુફા પર મહામેઘવાહન કલિંગાધિપતિ મહારાજા ખારવેલના શિલાલેખમાં નીચેનાં બે પદો જ જોવામાં આવે છેઃ 'नमो अरहंतानं । नमो सिद्धानं ।' તો શું નમસ્કાર મંત્રને માત્ર બે પદોનો જ માનવા પ્રેરાઈશું ? અને કેટલાંક ઠેકાણે તો માત્ર 'नमो सिद्धाणं' એ એક જ પદ આવે છે, તો શું નમસ્કારમંત્રને માત્ર એક પદનો જ માનવા પ્રેરાઈશું ? સાચી હકીકત એ છે કે નમસ્કારમંત્ર નવપદાત્મક જ છે

અને તેનાં પદોની જ્યાં જેટલી જરૂર, ત્યાં તેટલા પ્રમાણમાં ઉપયોગ થયેલો છે.

## होइ પાઠ ઠીક કે हवइ ?

કોઇક કહે છે કે નમસ્કારમંત્રમાં हवइ પાઠ છે, ત્યાં છંદશાસ્ત્રની દૃષ્ટિએ होइ પાઠ હોવો જોઇએ અને એ રીતે નમસ્કારમંત્રને ૬૮ અક્ષરને બદલે ૬૭ અક્ષરનો માનવો જોઇએ, પરંતુ આ કથનનો સ્વીકાર થઈ શકે એવો નથી. જ્યારે શ્રીમહાનિશીથસૂત્રમાં हवइ પાઠનો સ્પષ્ટ સ્વીકાર થયેલો છે અને અન્ય શાસ્ત્ર તથા પરંપરાનો પણ તેને ટેકો છે, ત્યારે તેમાં કંઇ પણ ફેરફાર કરવો ઉચિત નથી.

'**નમસ્કારપંજિકા**' માં કહ્યું છે કે–

**पंचपयाण पणतीस, वण्ण चूलाइवण्ण तेत्तीसं ।**
**एवं इमो समप्पति, फुडमक्खर अट्ठसट्ठीए ॥**

'પાંચ પદોના પાંત્રીશ વર્ણ અને ચૂલા–ચૂલિકાના તેત્રીશ વર્ણ, એમ આ નમસ્કારમંત્ર સ્પષ્ટ અડસઠ અક્ષર સમર્પે છે.'

'**પંચનમુક્કારફલથુત્ત**'માં કહ્યું છે કે–

**सत्त पण सत्त सत्त य नवक्खरपमाणपयडं पंचपयं ।**
**अक्खर तित्तिसवरचूलं सुमरह नवकारवरमंतो ॥**

'સાત, પાંચ, સાત, સાત અને નવ અક્ષરપ્રમાણ છે પ્રકટ પાંચ પદો જેનાં, તથા તેત્રીશ અક્ષર પ્રમાણ છે શ્રેષ્ઠ ચૂલિકા જેની, એવા ઉત્તમ નમસ્કારમંત્રનું તમે નિરંતર સ્મરણ કરો.'

'**ઉપદેશતરંગિણી**'માં કહ્યું છે કે–

पञ्चादौ यत्पदानि त्रिभुवनपतिभिर्व्याहृता पञ्चतीर्थी,
तीर्थान्येवाष्टषष्टि–र्जिनसमयरहस्यानि यस्याऽक्षराणि ।
यस्याष्टाः सम्पदश्चानुपममहासिद्धयोऽद्वैतशक्ति–
र्जीयाद्लोकद्वयस्याऽभिलषितफलदःश्रीनमस्कारमन्त्रः ॥

'આ લોક અને પરલોક એમ બંને લોકમાં ઇચ્છિત ફલને આપનાર શ્રી નમસ્કારમંત્ર જયવંતો વર્તો કે જેનાં પહેલાં પાંચ પદોને ત્રૈલોક્યપતિ શ્રીતીર્થંકરદેવોએ પંચતીર્થી તરીકે કહ્યાં છે. જિનસિદ્ધાંતના રહસ્યભૂત જેના અડસઠ અક્ષરોને અડસઠ તીર્થો તરીકે વખાણ્યા છે અને જેની આઠ સંપદાઓને અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરનારી આઠ અનુપમ સિદ્ધિઓ તરીકે વર્ણવી છે.'

વળી અહીં છંદશાસ્ત્રની વાત કરવામાં આવે છે, તે પણ એવું સબળ પ્રમાણ નથી; કેમ કે ઘણાયે પ્રાચીન અનુષ્ટુપ્ છંદોમાં તેત્રીશ અક્ષરો જોવામાં આવે છે. દાખલા તરીકે '**શ્રી દશવૈકાલિકસૂત્ર**'ની નીચેની બે ગાથાઓ–

जहा दुम्मस्स पुप्फेसु, भमरो आवियइ रसं ॥
न य पुप्फं किलामेइ, सो अ पीणेइ अप्पयं ॥
अहं च भोगरायस्स, तं च सि अंधगवण्हिणो ।
मा कुले गंधणा होमो, संजमं निहुओ चर ॥

તાત્પર્ય કે હોઇ પાઠ કરતાં હવઇ પાઠ જ ઠીક છે અને એ રીતે નમસ્કારમંત્રનું પ્રમાણ જે ૬૮ અક્ષરનું કહેલું છે, તે બરાબર જળવાઇ રહે છે.

નમસ્કારમંત્રના અક્ષરસ્વરૂપનો સ્પષ્ટ ખ્યાલ મેળવવા માટે નીચેનો યંત્ર ઉપયોગી છે:

**નમસ્કારના વિભાગ, પદ, સંપદા તથા અક્ષરમાનનો યંત્ર**

| પદ | અધ્યયન | પદનો ક્રમ | સંપદાનો ક્રમ | વર્ણ સંખ્યા | ગુરુ વર્ણ | લઘુ વર્ણ |
|---|---|---|---|---|---|---|
| नमो अरिहंताणं | ૧ | ૧ | ૧ | ૭ | ૦ | ૭ |
| नमो सिद्धाणं | ૧ | ૨ | ૨ | ૫ | ૧ | ૪ |
| नमो आयरियाणं | ૧ | ૩ | ૩ | ૭ | ૦ | ૭ |
| नमो उवज्झायाणं | ૧ | ૪ | ૪ | ૭ | ૧ | ૬ |
| नमो लोए सव्वसाहूणं | ૧ | ૫ | ૫ | ૯ | ૧ | ૮ |
| एसो पंचनमुक्कारो | ચૂ | ૬ | ૬ | ૮ | ૧ | ૭ |
| सव्वपावप्पणासणो | લિ | ૭ | ૭ | ૮ | ૨ | ૬ |
| मंगलाणं च सव्वेसिं | કા | ૮ | ૮ | ૮ | ૧ | ૭ |
| पढमं हवइ मंगलं | * | ૯ | ,, | ૯ | ૦ | ૯ |
| | | | | ૬૮ | ૭ | ૬૧ |

[ ૯ ]

# નમસ્કારમંત્રનો અર્થબોધ

કેટલાક એમ માને છે કે મંત્રનો અર્થ જાણવાની જરૂર નહિ, માત્ર શ્રદ્ધાથી તેનું સ્મરણ કર્યા કરીએ, એટલે તેનું જે ફલ મળવાનું હોય, તે મળી જાય. આથી તેઓ મંત્રનો અર્થ જાણવા માટે પ્રયત્ન કે પ્રયાસ કરતા નથી; પરંતુ મંત્રવિશારદોએ મંત્રના સ્મરણ કે જપ સાથે તેની અર્થભાવના કરવાનું પણ જણાવેલું છે, તે મંત્રનો અર્થ જાણ્યા વિના કેવી રીતે બની શકે?

વળી નમસ્કારમંત્ર તો જૈનધર્મનો મૂળ પાયો છે, નિર્ગ્રંથ મહર્ષિઓએ પ્રબોધેલા અધ્યાત્મવાદની મુખ્ય જડ છે અને નિર્વાણસાધક યોગનું પરમ બીજ છે, એટલે તેનો અર્થબોધ તો અવશ્ય કરી લેવો જ જોઈએ. અર્થથી શબ્દનો અભિધેય વિષય જાણી શકાય છે, તેના ભાવનો પરિચય થાય છે તથા તેના રહસ્ય સુધી પહોંચી શકાય છે. અન્ય શબ્દોમાં કહીએ તો અર્થ એ જ્ઞાનનો પ્રકાશ છે, ભાવમંદિરમાં પ્રવેશ કરવાનું મંગલદ્વાર છે તથા આનંદરૂપી અનુપમ સરિતામાં

સહેલ કરવાની એક સુંદર હોડી છે, તેથી જ જૈન પરંપરામાં સૂત્રની સાથે તેના અર્થનો બોધ કરાવવાની પ્રવૃત્તિ છે.

અર્થની અનેક ભૂમિકાઓ છે, પણ તે બધી ક્રમશઃ સ્પર્શી શકાય છે, એટલે હાલ તો આપણે નમસ્કારમંત્રના સામાન્ય અને વિશેષ અર્થબોધની ભૂમિકાને સ્પર્શીએ અને તેનાથી આપણા દિલ અને દિમાગને પવિત્ર બનાવીએ.

## સામાન્ય અર્થબોધ

| | |
|---|---|
| नमो | अरिहंताणं । |
| નમસ્કાર હો, | અરિહંત ભગવંતોને |

(અહીં ભગવંત શબ્દ માનાર્થે લગાડવો.)

| | |
|---|---|
| नमो | सिद्धाणं । |
| નમસ્કાર હો, | સિદ્ધ ભગવંતોને. |
| नमो | आयरियाणं |
| નમસ્કાર હો, | આચાર્ય ભગવંતોને. |
| नमो | उवज्झायाणं । |
| નમસ્કાર હો, | ઉપાધ્યાય ભગવંતોને. |

नमो लोए सव्वसाहूणं ।

નમસ્કાર હો, લોકમાં રહેલા, સર્વ સાધુ ભગવંતોને.

આ રીતે પહેલું પદ બોલતાં અરિહંત ભગવંતોને નમસ્કાર થાય, બીજું પદ બોલતાં સિદ્ધ ભગવંતોને નમસ્કાર થાય, ત્રીજું પદ બોલતાં આચાર્ય ભગવંતોને નમસ્કાર થાય, ચોથું પદ બોલતાં ઉપાધ્યાય ભગવંતોને નમસ્કાર થાય અને

પાંચમું પદ બોલતાં લોક એટલે મનુષ્યલોકમાં રહેલા સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર થાય. આમ પાંચ પદ બોલતાં પંચપરમેષ્ઠીને નમસ્કાર થાય.

જે આત્મા ત્યાગ, સંયમ વગેરેનું આચરણ કરીને પરમ સ્થાને રહેલા હોય–પરમસ્થાનને પામેલા હોય, તે પરમેષ્ઠી કહેવાય. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુ ભગવંત ત્યાગ, સંયમ વગેરેનું આચરણ કરી પરમ સ્થાનને પામેલા છે, તેથી તેમને પંચપરમેષ્ઠી કહેવામાં આવે છે.

પંચપરમેષ્ઠીમાં પહેલાં બે દેવ છે અને પછીનાં ત્રણ ગુરુ છે, એટલે પંચપરમેષ્ઠીને નમસ્કાર કરતાં દેવ તથા ગુરુને નમસ્કાર થાય છે.

एसो पंचनमुक्कारो,

આ પાંચ નમસ્કાર,

सव्वपावप्पणासणो ।

સર્વપાપપ્રણાશક છે.

સર્વ પાપનો સંપૂર્ણ નાશ કરનાર છે. પ્રણાશક એટલે પ્રકૃષ્ટતાએ નાશ કરનાર, સંપૂર્ણ નાશ કરનાર.

मंगलाणं च सव्वेसिं,

મંગલોનું અને સર્વનું. અને સર્વ મંગલોનું.

पढमं हवइ मंगलं ॥

પ્રથમ છે. મંગલ પ્રથમ એટલે ઉત્કૃષ્ટ.

આ પાંચ-નમસ્કાર સર્વે પાપોનો નાશ કરે છે તથા સર્વે મંગલોમાં ઉત્કૃષ્ટ મંગલ છે.

આ રીતે ચૂલિકાનાં ચાર પદોમાં પંચપરમેષ્ઠી-નમસ્કારનું ફળ બતાવ્યું છે.

નમસ્કારમંત્રના આ સામાન્ય અર્થ પરત્વે રોજ થોડું મનન-ચિંતન કરવું ઘટે છે. મનન-ચિંતન કરતા અર્થનો પ્રકાશ વધારે ઉજ્જવલ બને છે અને તે આપણને એક પ્રકારનો અલૌકિક આનંદ આપે છે.

## વિશેષ અર્થબોધ

नमो—નમસ્કાર હો. નમસ્કાર એટલે વંદન, પ્રણામ કે પ્રણિપાત. તે નમવાની એક પ્રકારની ક્રિયા છે અને દ્રવ્ય તથા ભાવ એટલે બાહ્ય તથા અભ્યંતર એમ બે પ્રકારે થાય છે. હાથ જોડવા, મસ્તક નમાવવું, પાંચ અંગ ભેગાં કરવા વગેરે નમસ્કારની બાહ્ય ક્રિયા છે અને નમ્રતા ધારણ કરવી તથા જેમને નમસ્કાર કરવાનો છે, તેમના પ્રત્યે ભક્તિ-વિનય-બહુમાનની લાગણી રાખવી, એ નમસ્કારની અભ્યંતર ક્રિયા છે. બાહ્ય નમસ્કારથી શિષ્ટજનોએ પ્રવર્તાવેલા વ્યવહારનું પાલન થાય છે અને અભ્યંતર ક્રિયાથી મન, અંતર કે આત્માની શુદ્ધિ થાય છે. બાહ્ય અને અભ્યંતર નમસ્કારમાં અભ્યંતર નમસ્કારનું ફલ ઘણું વધારે છે.

अरिहंताणं—અરિહંત ભગવંતોને. અરહંત, અરિહંત તથા અરુહંત એ બધા શબ્દો अर्हत्‌નો ભાવ સૂચવનારા છે.

અર્હત્ એટલે વંદનને યોગ્ય, પૂજનને યોગ્ય કે સિદ્ધિગમનને યોગ્ય. શ્રી તીર્થંકર પરમાત્મા સુર, અસુર અને મનુષ્યોના સમૂહ તથા સ્વામીઓ વડે વંદાય છે, પૂજાય છે તથા છેવટે સિદ્ધિગમન કરે છે, તેથી તેમને અર્હત્ કહેવામાં આવે છે. 'અરિહંત' શબ્દના અરિ અને હંત એવા બે ભાગો કરીએ તો જેઓ રાગ અને દ્વેષરૂપી અરિને હણનારા છે, તે અરિહંત, એવો અર્થ નિષ્પન્ન થાય છે. 'અરુહંત' શબ્દના અ અને રુહંત એવા બે ભાગ કરીએ તો જેને આ જગતમાં ફરીને ઉગવાનું–અવતરવાનું નથી તે અરુહંત, એવો અર્થ સાંપડે છે. પરંતુ આ ત્રણેય અર્થોમાં પ્રથમનો અર્થ મુખ્ય અને મહત્ત્વનો છે.

તીર્થંકર પરમાત્માને જિન, જિનેશ, જિનચંદ્ર, જિનેશ્વર, સર્વજ્ઞ, સર્વદર્શી, ધર્મનાયક, ધર્મચક્રવર્તી આદિ નામોથી ઓળખવામાં આવે છે, એટલે આ બધા શબ્દોને અર્હત્ શબ્દના પર્યાય જ સમજવા.

તીર્થંકર પરમાત્માઓ ભૂતકાલમાં જુદાં જુદાં ક્ષેત્રોમાં થયા હતા, આજે મહાવિદેહ ક્ષેત્ર આદિમાં વિદ્યમાન છે અને ભવિષ્યમાં પણ જુદાં જુદાં ક્ષેત્રોમાં થનારા છે.

ટૂંકમાં 'नमो अरिहंताणं' પદનો વિશેષાર્થ એ છે કે

* જિનદેવનો સામાન્ય તથા વિશેષ પરિચય, ચોવીશ જિનના માતા–પિતાદિનો કોઠો, ચોવીશ જિનની કલ્યાણકભૂમિઓનો કોઠો, ચોવીશ જિનની કલ્યાણકતિથિઓનો કોઠો તથા જિનદેવનાં કેટલાંક વિશેષણોનું વર્ણન અમોએ '**જિનોપાસના**' ગ્રંથના પ્રથમ ખંડમાં કરેલું છે, તે જિજ્ઞાસુઓએ અવશ્ય જોવું.

ત્રિલોક વડે પૂજાયેલા સર્વજ્ઞ અને સર્વદર્શી એવા સર્વ–કાલના સર્વ તીર્થંકર પરમાત્માઓને મારો નમસ્કાર હો.

सिद्धाणं—સિદ્ધ ભગવંતોને. જે આત્માઓ સર્વ દુઃખોને સર્વથા તરી ગયેલા હોય; જન્મ, જરા તથા મરણના બંધનમાંથી છૂટા થયેલા હોય અને શાશ્વત તથા અવ્યાબાધ સુખનો અનુભવ કરી રહેલા હોય, તે સિદ્ધ કહેવાય છે. આવી સ્થિતિ જ્ઞાનાવરણીય આદિ આઠેય કર્મોનો સંપૂર્ણ નાશ થવાથી ઉત્પન્ન થાય છે, એટલે કર્મરહિત શુદ્ધ આત્મા, તે સિદ્ધ પરમાત્મા, એવો અર્થ પણ સુસંગત છે.

સિદ્ધ થયેલા આત્માઓ લોકના અગ્રભાગે આવેલી સિદ્ધશિલાના ઉપરના ભાગમાં રહે છે. ત્યાંથી આગળ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય નામનાં દ્રવ્યો નથી, એટલે કે માત્ર અલોક જ છે, તેથી ત્યાં તેમની ગતિ સંભવતી નથી.

સિદ્ધ થવાની યોગ્યતા માત્ર મનુષ્યભવમાં જ છે, એટલે મનુષ્યદેહ છૂટી ગયા પછી આત્મા આ સ્થળે કેવી રીતે પહોંચી જાય છે, તે જાણવું જરૂરી છે. આત્માની સ્વાભાવિક ગતિ ઊર્ધ્વ છે, તેથી જ્યારે કોઇપણ પ્રકારનું કર્મબંધન ન હોય, ત્યારે તે સીધી ઊર્ધ્વ રેખા પ્રમાણે જ ગતિ કરે છે, એટલે જે સ્થળેથી તે છેલ્લો દેહ છોડે છે, તેના જ અગ્રભાગે સિદ્ધશિલા ઉપર સ્થિર થાય છે. આ ક્રિયાને પાણીમાં રહેલા તુંબડાં સાથે સરખાવવામાં આવે છે. જેમ કોઈ તુંબડા પર કપડું વીંટાળી તેના પર માટીનો લેપ

કર્યો હોય, એ રીતે વારંવાર કપડું વીંટાળ્યું હોય તથા માટીનો લેપ કર્યો હોય, એ તુંબડું પાણીના તળિયે બેસી જાય છે. હવે પાણીના ઘર્ષણથી તેની માટી પલળતી જાય અને કપડાંનો આંટો ઉકેલાતો જાય તો એક પછી એક તેના પરનાં બધાં બંધનો ઓછાં થઈ જાય ત્યારે કપડાં અને માટીમાંથી એ તુંબડું સંપૂર્ણ મુક્ત થાય છે અને તેથી સીધું ઊર્ધ્વગતિ કરીને પાણીના મથાળે પહોંચી જાય છે.

સિદ્ધ પરમાત્માને ઔદારિક આદિ પાંચ પ્રકારનાં શરીરો પૈકી કોઈ પ્રકારનું શરીર હોતું નથી, એટલે તેઓ નિરાકાર હોય છે.

આ રીતે ' नमो सिद्धाणं ' પદનો વિશેષાર્થ એ છે કે ' અજરામર અવસ્થાને પામેલા, શાશ્વત તથા અવ્યાબાધ સુખનો સદાકાલ અનુભવ કરી રહેલા, નિરંજન—નિરાકાર સિદ્ધશિલાસ્થિત સિદ્ધ પરમાત્માઓને મારો નમસ્કાર હો.'

आयरियाणं—આચાર્ય ભગવંતોને. જે તીર્થંકર પરમાત્માએ ઉપદેશેલો પાંચ પ્રકારનો આચાર પાળે અને બીજા પાસે પળાવે, તે આચાર્ય કહેવાય. તેઓ ગચ્છના વડા હોય છે અને સાધુસમુદાયને સારણા, વારણા, ચોયણા તથા પડિચોયણા વડે સંયમમાર્ગમાં પ્રવર્તાવે છે; તેમજ તીર્થંકર પરમાત્માની ગેરહાજરીમાં તેમના પ્રતિનિધિનું કાર્ય બજાવે છે, એટલે કે શાસનનું સંચાલન કરે છે અને તેની સામે કોઈ વિકટ પ્રશ્ન ઊભો થાય તો સર્વ ભોગે તેનું રક્ષણ કરે છે; આથી ' नमो आयरियाणं ' પદનો વિશેષાર્થ એમ સમજવાનો કે ' તીર્થંકર પરમાત્માના પ્રતિનિધિ, જિનશાસનના

શણગાર તથા રક્ષણહાર, સદાચારપ્રવર્તક એવા આચાર્ય ભગવંતોને મારો નમસ્કાર હો.'

उवज्झायाणं—ઉપાધ્યાય ભગવંતોને. જેમની સમીપે વસવાથી શ્રુતનો આય અર્થાત્ લાભ થાય, તે ઉપાધ્યાય કહેવાય. આવશ્યકનિર્યુક્તિમાં કહ્યું છે કે 'જે બાર અંગવાળો સ્વાધ્યાય અર્થથી જિનેશ્વરોએ પ્રરૂપેલો છે અને સૂત્રથી ગણધરોએ ગુંથેલો છે, તે સ્વાધ્યાયનો શિષ્યોને ઉપદેશ કરે છે, તેથી તે ઉપાધ્યાય કહેવાય છે.'' તાત્પર્ય કે સાધુઓને દ્વાદશાંગી તેમજ અન્ય સૂત્રસિદ્ધાંતો ભણાવનાર શ્રુતધર મુનિવરો ઉપાધ્યાય તરીકે ઓળખાય છે. વાચક, પાઠક, ગણચિંતક, એ તેના પર્યાયશબ્દો છે. આથી 'नमो उवज्झायाणं' પદનો વિશેષાર્થ એમ સમજવાનો કે 'તીર્થંકર પરમાત્મા પ્રરૂપિત મહામહિમાશાળી શ્રુતજ્ઞાનનું મુનિવરોને અધ્યયન કરાવનારા તથા ગણની સદા ચિંતા કરનારા એવા ઉપાધ્યાય ભગવંતોને મારો નમસ્કાર હો.'

लोए—લોકમાં. અહીં લોક શબ્દથી મનુષ્યલોક સમજવો કે જ્યાં સંયમમાર્ગની સાધના કરનારા મુનિવરો વિદ્યમાન હોય છે. સ્વર્ગ અને પાતાલમાં જિનમંદિરો તથા જિનમૂર્તિઓ હોય છે, પણ સાધુ ભગવંતો હોતા નથી.

सव्वसाहूणं—સર્વે સાધુભગવંતોને. જે નિર્વાણસાધક યોગની સાધના કરે, તે સાધુ કહેવાય. અથવા જે સ્વહિત અને પરહિતની સાધના કરે, તે સાધુ કહેવાય. જ્યારે કોઈ આત્મા વૈરાગ્યથી વાસિત થઈને ગૃહસ્થાવસ્થાનો ત્યાગ કરે

છે અને સર્વસાવદ્યયોગના પ્રત્યાખ્યાન રૂપ યાવજ્જીવ સામાયિકને અંગીકાર કરી પંચમહાવ્રત ધારણ કરવાપૂર્વક સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રરૂપી રત્નત્રયીની આરાધના કરવામાં ઊજમાળ બને છે, ત્યારે તેને સાધુપદ પ્રાપ્ત થાય છે. એટલે 'नमो लोए सव्वसाहूण'–એ પદનો વિશેષાર્થ એમ સમજવો ઘટે કે 'સમસ્ત મનુષ્યલોકમાં રહેલા પંચમહાવ્રતના ધારક, રત્નત્રયીના આરાધક તથા શાંત દાંત, વિરાગી, ત્યાગી એવા સાધુ ભગવંતોને મારો નમસ્કાર હો.'

હવે ચૂલિકાનો વિશેષાર્થ વિચારીએ. 'एसो पंच–नमुक्कारो' આ પંચ–નમસ્કાર શક્તિ કે સામર્થ્યમાં કેવો છે? તો કહે છે કે 'सव्वपावप्पणासणो'–સર્વ પાપોનો સંપૂર્ણ નાશ કરનારો છે.' આ આત્માએ નજીક તેમજ દૂરના ભૂતકાળમાં વિપરીત શ્રદ્ધા, અસંયમ, પ્રમાદ, કષાય વગેરે કારણોએ અનેક પ્રકારનાં પાપો કરેલાં છે અને તેનું જ એ પરિણામ છે કે વર્તમાન ભવમાં તેને અનેક પ્રકારની આધિ, વ્યાધિ તથા ઉપાધિ ભોગવવી પડે છે. આમ છતાં પૂર્વની આદતને લીધે તે હિંસાદિ અનેક પ્રકારનાં પાપો કર્યા કરે છે અને ભાવિ દુઃખોને આમંત્રણ આપે છે. ખરેખર! સ્થિતિ ઘણી વિચિત્ર છે, પણ અજ્ઞાનને લીધે તે સમજવામાં આવતી નથી. જો પાપનો પરિહરિ થાય–સંપૂર્ણ નાશ થાય, તો જ પવિત્રતા પ્રકટી શકે અને આધ્યાત્મિક ઉન્નતિનાં મંડાણ થાય, પણ પાપનો પરિહાર થાય શી રીતે?

કેટલાક કહે છે કે તે માટે અમુક પ્રકારનાં અનુષ્ઠાનો કરો, પાયશ્ચિત્ત ગ્રહણ કરો કે આકરો દંડ લ્યો, પણ પ્રમાદી–ભીરુ આત્માની તે માટે તૈયારી નથી. આ સંયોગોમાં પંચનમસ્કાર એ જ એક એવું સાધન છે કે જે તેના પાપનો પૂરો પરિહાર કરે છે અને તેને પવિત્ર બનાવી તેની આધ્યાત્મિક પ્રગતિનાં દ્વાર ખુલ્લાં કરી આપે છે. આ કંઈ જેવું તેવું ફળ ન કહેવાય.

પંચનમસ્કાર બીજું પણ વિશિષ્ટ ફળ આપે છે. તેનો નિર્દેશ 'મંગલાણં च सव्वेसिं, पढमं हवइ मंगलं' એ શબ્દો દ્વારા કરવામાં આવ્યો છે. પંચપરમેષ્ઠીને ભાવથી નમસ્કાર કરીએ, એટલે સર્વ મંગલોમાં ઉત્કૃષ્ટ એવું મંગલ પ્રાપ્ત થાય છે અને તેના લીધે સર્વ અભિલષિત પદાર્થની પ્રાપ્તિ ઉપરાંત ધર્મનો ઉજ્જવલ પ્રકાશ પણ સાંપડે છે.

મંગલ શબ્દની વ્યાખ્યા અનેક પ્રકારે થાય છે. તેમાં એક વ્યાખ્યા એવી છે કે 'मङ्गति हितार्थं सर्पतीति मङ्गलम्–જે સર્વ પ્રાણીઓના હિતને માટે પ્રવર્તે, તે મંગલ.' અને બીજી વ્યાખ્યા એવી છે કે 'मङ्गलति दुरदृष्टमनेनास्माद् वेति मङ्गलम्–જેના વડે કે જેનાથી દુર્ભાગ્ય દૂર ચાલ્યું જાય, તે મંગલ' આ બંને વ્યાખ્યાઓ સર્વ અભિલષિત પદાર્થની પ્રાપ્તિનું સમર્થન કરે છે.

શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે **'વિશેષાવશ્યકભાષ્ય'** માં કહ્યું છે કે–

मंगिज्जएऽधिगम्मइ जेण हिअं तेण मंगलं होइ ।
अहवा मंगो धम्मो, तं लाइ तयं समादत्ते ॥

'જેના વડે હિત સધાય, તે મંગલ કહેવાય છે. અથવા જે મંગ એટલે ધર્મને લાવે, ધર્મની આરાધનામાં પ્રગતિ કરાવે, તે મંગલ કહેવાય છે.'

આ વ્યાખ્યા અનુસાર ધર્મનો ઉજ્જવલ પ્રકાશ સાંપડવાનું વિધાન યથાર્થ છે.

નમસ્કારમંત્રના આ વિશેષાર્થમાં ઘણું સમજવા-વિચારવા જેવું છે, માટે તેના પર વિચાર કરવો. આપણને સમર્થ મન મળ્યું છે, સત્-અસત્નો વિવેક કરનારી બુદ્ધિ સાંપડી છે, તો તેનો ઉપયોગ આ પ્રકારના વિચારમાં કરવો; તેથી હિત સમજાશે અને અહિતનો ત્યાગ કરવાની વૃત્તિ ઉદ્ભવશે.

□

[૧૦]

## નમસ્કારમંત્રનો ચિંતનીય વિષય

જે સૂત્ર વારંવાર મનન-ચિંતન કરવા યોગ્ય હોય, તે મંત્ર કહેવાય, એ સ્પષ્ટતા પ્રસ્તુત ગ્રંથના બીજા પ્રકરણમાં કરવામાં આવી છે. તે પરથી પ્રશ્ન થવો સહજ છે કે 'નમસ્કાર-મંત્રનો ચિંતનીય વિષય શો છે?' પરંતુ તેનો ઉત્તર શોધવા માટે બહુ દૂર જવું પડે તેમ નથી. નમસ્કારના પાઠ વડે જે પંચપરમેષ્ઠીને નમસ્કાર કરવામાં આવે છે, તે જ એનો ચિંતનીય વિષય છે.

આનો અર્થ એમ સમજવાનો કે નમસ્કારમંત્રની અર્થભાવના કરતી વખતે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુ એ પાંચ પરમેષ્ઠીના ગુણો સંબંધી વિચાર કરવો જોઈએ.

અહીં તત્ત્વદૃષ્ટિ એમ કહે છે કે 'પંચપરમેષ્ઠીના ગુણો ગણ્યા ગણાય તેમ નથી. તો તમે એનો વિચાર શી રીતે કરશો? વળી તમારી શક્તિ મર્યાદિત છે અને આયુષ્ય ભરતક્ષેત્રના હિસાબે સો કે સવાસો વર્ષથી અધિક નથી.

પરંતુ અહીં વ્યવહારદૃષ્ટિ આપણી મદદે આવીને જણાવે છે કે 'પંચપરમેષ્ઠીના બધા ગુણોનો વિચાર ભલે ન થઈ શકે, પણ તેમના મુખ્ય મુખ્ય ગુણોનો વિચાર કરવો જોઈએ.' અહીં સંપ્રદાય પંચપરમેષ્ઠીના ૧૦૮ ગુણો વિચારવાનો છે.

આ સ્થળે એટલો ખુલાસો કરવો ઉચિત છે કે મંત્ર-વિશારદોએ મંત્રારાધનની બાબતમાં સંપ્રદાયને ખાસ મહત્ત્વ આપ્યું છે; કારણ કે આ જગતમાં મંત્રારાધનની અનેક રીતિઓ કે પદ્ધતિઓ ચાલી રહી છે. તે બધી પર દૃષ્ટિ દોડાવીએ તો મનમાં એક પ્રકારનો ઝંઝાવાત ઊભો થાય અને બધું કામ ડહોળાઈ જાય, તેથી પોતાને જે સંપ્રદાય પ્રાપ્ત થયો હોય, તેમાં નિષ્ઠા રાખીને તેને અનુસરવું જ હિતાવહ છે.

૧૦૮ની સંખ્યામાં શું રહસ્ય છે? તે કહેવું મુશ્કેલ છે, પણ મંત્રશાસ્ત્રમાં તેને ખૂબ મહત્ત્વ અપાયેલું છે. મંત્ર-દેવતાની સ્તુતિ ૧૦૮ નામો વડે થાય છે, મંત્રદેવતાની મહાપૂજા ૧૦૮ ઉપચારો વડે થાય છે અને જપ, હોમ વગેરેમાં પણ ૧૦૮નું પ્રાધાન્ય હોય છે. એ રીતે અહીં પંચપરમેષ્ઠીના ગુણો પણ ૧૦૮ માનવામાં આવ્યા છે.

અમને ગણિતમાં રસ છે અને સંખ્યાની કેટલીક ખૂબીઓ જાણીએ છીએ.+ એ દૃષ્ટિએ કહેવાનું મન થાય

---

+ અમે ગણિત-ચમત્કાર, ગણિત-રહસ્ય અને ગણિત-સિદ્ધિ નામના ત્રણ ગ્રંથો લખેલા છે અને તે ખૂબ લોકપ્રિય થયેલા છે. તેમાં વિવિધ સંખ્યાઓમાં રહેલી ખૂબીઓનો કેટલોક ખ્યાલ આપવામાં આવ્યો છે. જિજ્ઞાસુઓએ આ પુસ્તકો અવશ્ય જોવાં.

છે કે આ સંખ્યાના બધા આંકડાઓનો સરવાળો કરીએ તો નમસ્કારમંત્રની પદસંખ્યા બરાબર થાય છે. જેમ કે–
૧ + ૦ + ૮ = ૯. હવે ૯ એ પૂર્ણ સંખ્યા છે, એટલે આ પૂર્ણ સંખ્યાનો જ વિસ્તાર છે. વળી જેનાં અવયવો લાક્ષણિક હોય તે સુંદર કહેવાય છે, એ રીતે આ સંખ્યાના જે અવયવો થાય છે, તે લાક્ષણિક છે અને તેથી તેની ગણના સુંદરમાં થાય છે.

૯ ને ૧ વાર ૧૨ થી ગુણીએ તો ૧૦૮ આવે છે.
૯ ને ૨ વાર ૬ થી ગુણીએ તો ૧૦૮ આવે છે.
૯ ને ૩ વાર ૪ થી ગુણીએ તો ૧૦૮ આવે છે.
૯ ને ૪ વાર ૩ થી ગુણીએ તો ૧૦૮ આવે છે.
૯ ને ૬ વાર ૨ થી ગુણીએ તો ૧૦૮ આવે છે.

વળી આ સંખ્યા સમ એટલે બેકી છે, તે પણ એની સુંદરતામાં ઉમેરો કરે છે. તેમજ આ સંખ્યામાંથી ૯ની સંખ્યા બાદ કરતાં જઈએ તો વધેલા આંક ૯ નો સરવાળો બતાવ્યા કરે છે. જેમ કે–

૧૦૮ – ૯ = ૯૯ = ૯ + ૯ = ૧૮ = ૧ + ૮ = ૯
૯૯ – ૯ = ૯૦ = ૯ + ૦ = ૯
૯૦ – ૯ = ૮૧ = ૮ + ૧ = ૯ વગેરે.

હવે પરમેષ્ઠી ૫ છે અને ગુણો ૧૦૮ છે, એટલે કયા પરમેષ્ઠીના કેટલા ગુણો ગણવા? તે વિચારણીય છે. આમાં કંઈ સરેરાશ તો મંડાય નહિ; કારણ કે એ રીતે તો દરેક પરમેષ્ઠીના ભાગમાં ૧૦૮ ÷ ૫ = ૨૧ ૩/૫ ગુણ આવે; એટલે અહીં પણ નજર સંપ્રદાય તરફ જ માંડવાની રહી. તે અંગે

નિર્ગ્રંથ મહર્ષિઓની કહેલી એક ગાથા નીચે પ્રમાણે જોવામાં આવે છે :

**बारस गुण अरिहंता, सिद्धा अट्ठेव सूरि छत्तीसं ।**
**उवज्झाया पणवीस, साहू सगवीस अट्ठसयं ॥**

'અરિહંતો બાર ગુણવાળા, સિદ્ધો આઠ ગુણવાળા, આચાર્યો છત્રીશ ગુણવાળા, ઉપાધ્યાયો પચીશ ગુણવાળા તથા સાધુઓ સત્તાવીશ ગુણવાળા, એમ પરમેષ્ઠિપંચક એકસો આઠ ગુણવાળું હોય છે.'

ગુણોનો આ વિભાગ યાદ રાખવા માટે નીચેનું ચૈત્ય-વંદન ઉપયોગી છે :

બાર ગુણ અરિહંત દેવ, પ્રણમીજે ભાવે;
સિદ્ધ આઠ ગુણ સમરતાં, દુઃખ–દોહગ જાવે. ૧
આચારજ ગુણ છત્રીશ, પચવીશ ઉવજ્ઝાય;
સત્તાવીશ ગુણ સાધુના, જપતાં શિવસુખ થાય. ૨
અષ્ટોત્તર શત ગુણ મળી, એમ સમરો નવકાર;
ધીરવિમલ પંડિત તણો, નય પ્રણમે નિત સાર. ૩

## અરિહંત ભગવંતના બાર ગુણો

અરિહંત દેવના બાર ગુણોમાં '**અષ્ટમહાપ્રાતિહાર્ય**' અને '**ચાર મૂલ અતિશય**'ની ગણના થાય છે. પ્રાતિહાર્ય એટલે પ્રતિહારીની માફક સાથે ચાલનારી વસ્તુ. આવી વસ્તુઓ આઠ છે અને તે સ્વરૂપમાં મહાન્ છે, તેથી અષ્ટમહાપ્રાતિહાર્ય કહેવાય છે. તે સમીપમાં રહેતા દેવતાઓ

વિકુર્વેલી હોય છે. અતિશય એટલે શ્રેષ્ઠ પ્રભાવસૂચક લક્ષણ. તે અરિહંતના અનેરા આત્મવિકાસમાંથી પ્રકટે છે. આમ તો અરિહંતદેવના અતિશયો ૩૪ છે, પણ અહીં તેનો સંક્ષેપ 'ચાર મૂલ અતિશય' તરીકે કરવામાં આવ્યો છે.

અરિહંત કે તીર્થંકર પરમાત્મા જ્યાં વિચરતા હોય, ત્યાં તેમના શરીરથી બારગુણા ઊંચા અશોકવૃક્ષની રચના થવી, તે 'અશોકવૃક્ષ' નામનો પ્રથમ પ્રતિહાર્યગુણ. દેવતાઈ પુષ્પોની વૃષ્ટિ થવી, તે 'સુરપુષ્પવૃષ્ટિ' નામનો બીજો પ્રાતિહાર્યગુણ. આકાશમાં દિવ્ય ધ્વનિ થવો, તે 'દિવ્યધ્વનિ' નામનો ત્રીજો પ્રાતિહાર્યગુણ. શ્વેત સુંદર ચામરો વીંઝાવા તે 'ચામર' નામનો ચોથો પ્રાતિહાર્યગુણ. પાદપીઠ સહિત સુંદર સિંહાસનનું રચાવું, તે 'આસન' નામનો પાંચમો પ્રાતિહાર્યગુણ. તેમનો સંક્રમ કરવા માટે મસ્તકની પાછળ ભામંડલનું રચાવું, તે 'ભામંડલ' નામનો છઠ્ઠો પ્રાતિહાર્ય ગુણ. આકાશમાં દેવદુંદુભિનું વાગવું, તે દુંદુભિ' નામનો સાતમો પ્રાતિહાર્યગુણ અને માથે ત્રણ અનુપમ છત્રો ધરાવાં, તે 'આતપત્ર' નામનો આઠમો પ્રાતિહાર્ય ગુણ.

નીચેના શ્લોકમાં આ અષ્ટમહાપ્રાતિહાર્યનાં નામો ક્રમશઃ જણાવેલાં છે. જેમકે—

अशोकवृक्षः सुरपुष्पवृष्टि-
र्दिव्यध्वनिश्चामरमासनं च ।
भामण्डलं दुन्दुभिरातपत्रं,
सत्प्रातिहार्याणि जिनेश्वराणाम् ॥

હવે ચાર મૂલાતિશયનો પરિચય કરીએ. લોકાલોકના સર્વ ભાવો–પદાર્થોને જાણનાર કેવલજ્ઞાનનું હોવું તે 'જ્ઞાનાતિશય' નામનો પ્રથમ મૂલ અતિશય. રાગદ્વેષાદિ અંતરના અપાયકારક શત્રુઓનો અપગમ થવો તથા ઇતિઓ–ઉપદ્રવોનો નાશ થવો, તે 'અપાયાપગમાતિશય' નામનો બીજો મૂલ અતિશય. ( અપાય + અપગમ + અતિશય = અપાયાપગમાતિશય). × સુર, અસુર અને મનુષ્યોના સમૂહ વડે પૂજા થવી, તે 'પૂજાતિશય' નામનો ત્રીજો મૂલ અતિશય અને પાંત્રીશ ગુણવાળી વાણી વડે સત્ય ધર્મનો ઉપદેશ કરવો, તે 'વચનાતિશય' નામનો ચોથો મૂલ અતિશય.

આ બાર ગુણો વડે અરિહંત ભગવંતનો વિચાર કરવો જોઈએ. અરિહંત ભગવંતનું સ્વરૂપ આપણા મનમાં સ્થિર કરવા માટે આ ગુણો ઘણા ઉપયોગી છે. ખાસ કરીને ધ્યાન વખતે તેમનું અષ્ટમહાપ્રાતિહાર્યવાળું સ્વરૂપ ચિંતવવાથી તેમના ઐશ્વર્ય આદિનો આપણા મન પર ખૂબ પ્રભાવ પડે છે. તેનો અમને અનુભવ થયેલો છે.

અહીં જિજ્ઞાસુઓ તથા સંશોધકોને રસ પડે એવી એક વાત કહેવા ઇચ્છીએ છીએ. આજથી વીશ વર્ષ પહેલાં નમસ્કારમંત્ર અંગે કન્નડ ભાષામાં લખાયેલા સાહિત્યની શોધ કરવા માટે દક્ષિણમાં જવાનું થયું, ત્યારે બેંગલોરમાં ભુવલય ગ્રંથના રક્ષક દિગમ્બર જૈન વિદ્વાન્

× જ્યાં અરિહંત પરમાત્મા વિચરે તેની ચારેય દિશામાં ૨૫–૨૫ યોજન અને ઊર્ધ્વ અધોદિશામાં ૧૨ ૧/૨ ૧૨ ૧/૨ યોજન એમ ૧૨૫ યોજનમાં ઈતિ–ઉપદ્રવાદિનો અભાવ હોય છે.

એલપ્પા શાસ્ત્રી જોડે વાર્તાલાપ કરવાનો પ્રસંગ આવ્યો અને તેમાં અષ્ટપ્રાતિહાર્ય અંગે વાત નીકળી. તે વખતે અમે અમારી સ્વાભાવિક કુતૂહલવૃત્તિથી પૂછ્યું કે 'શાસ્ત્રીજી! તમને આમાં કંઈ રહસ્ય જણાય છે કે?' ત્યારે તેમણે કહ્યું કે 'જરૂર. આ અષ્ટમહાપ્રાતિહાર્યનો વિષય જ રહસ્યમય છે. મેં તેના પર વર્ષો સુધી વિચાર કરેલો છે અને આ ભુવલય ગ્રંથમાંથી તે અંગે કેટલીક મહત્ત્વની માહિતી મળી છે.'

આ સમાચાર ભૂખ્યાને ભોજન જેવા હતા; એટલે અમને તેમાં ખૂબ રસ પડ્યો અને વાર્તાલાપ આગળ લંબાવ્યો. તેમાં તેમણે કહ્યું કે 'અશોકવૃક્ષ નામના મહાપ્રાતિહાર્યમાં પુષ્પ–આયુર્વેદની ઘણીખરી બાબતો દર્શાવવામાં આવી છે અને વિવિધ પુષ્પોના રસસંયોજનથી થતી સુવર્ણસિદ્ધિ વગેરેનું વર્ણન છે.'

અમે કહ્યું : 'પુષ્પ–આયુર્વેદનું નામ અમારા માટે નવું છે. એ વળી શી વસ્તુ છે?' તેમણે કહ્યું : 'એ આયુર્વેદનો જ એક વિભાગ છે અને તેમાં વિવિધ પ્રકારનાં પુષ્પોના રસ વડે રોગો કેમ મટાડવા? તેનો વિધિ દર્શાવેલો છે.'

અમે કહ્યું : 'વારુ, આ ચામર મહાપ્રાતિહાર્યમાં શું રહસ્ય છે?' તેમણે કહ્યું : 'એમાં લિપિને લગતાં અનેક રહસ્યો છે.'

આ રીતે તેમણે તેમનાં મંતવ્યો કહ્યાં. તે પરથી એટલો ખ્યાલ તો આવ્યો જ કે આ વસ્તુમાં ઊંડા ઉતરવા જેવું છે અને કોઈ આચાર્યે મહાપ્રાતિહાર્યોનો વિચાર આ

દૃષ્ટિએ કરેલો હોય તો તે સાહિત્ય કોઈ પણ ભોગે મેળવી લેવું જોઇએ. પરંતુ આવું સાહિત્ય હજી સુધી અમને મળ્યું નથી. કોઈ સુજ્ઞના જોવા-જાણવામાં આવે તો અમને તેનાથી જરૂર પરિચિત કરે. અષ્ટમહાપ્રાતિહાર્યના ધ્યાનનો કેટલોક અનુભવ અમે લીધો છે અને તે ચમત્કારિક જણાયો છે.

શ્રી હેમચંદ્રાચાર્યે **'વીતરાગસ્તોત્ર'**માં આ મહાપ્રાતિહાર્યોનું સુંદર વર્ણન કરેલું છે અને વર્તમાન કાલે સ્વ. આચાર્ય શ્રીમદ્ વિજયધર્મધુરન્ધરસૂરિજી મહારાજે તેના પર સુંદર કાવ્યરચનાઓ કરેલી છે.

ઉપર મૂલ અતિશયના વર્ણનપ્રસંગે અરિહંત દેવના ૩૪ અતિશયોનો ઉલ્લેખ થયેલો છે. તેનું સ્વરૂપ શ્રી હેમચંદ્રાચાર્યે **'અભિધાન-ચિંતામણિ-કોષ'**માં વર્ણવેલું છે. તેનો સાર એ છે કે—

(૧) અરિહંત ભગવંતોનો દેહ અદ્ભુત રૂપ અને-સુગંધવાળો હોય છે, તેમાં કોઈ પ્રકારનો રોગ હોતો નથી. વળી તે પરસેવા અને મેલથી રહિત હોય છે.

(૨) તેમનો શ્વાસોચ્છ્વાસ કમળના જેવો સુગંધી હોય છે.

(૩) તેમના શરીરમાં રહેલા રુધિર અને માંસ દૂધ જેવા શ્વેત તથા દુર્ગંધ વિનાના હોય છે.

(૪) તેમની આહાર અને નિહાર (મળત્યાગ)ની ક્રિયા ચર્મચક્ષુઓ વડે જોઈ શકાતી નથી. એટલે કે આપણા જેવા સામાન્ય મનુષ્યો તેને જોઈ શકતા નથી.

આ ચાર અતિશયો **જન્મથી** હોય છે.

(૧) યોજનપ્રમાણ ક્ષેત્રવાળી ભૂમિમાં મનુષ્ય, દેવતા અને તિર્યંચોની કોડાકોડ સંખ્યામાં અવિસ્થિતિ હોવી.

(૨) તેમની વાણી મનુષ્ય, તિર્યંચ અને દેવતાઓને પોતપોતાની ભાષામાં પરિણમવી તથા એક યોજન પર્યંત બરાબર સંભળાવી.

(૩) મસ્તકના પાછલા ભાગમાં સૂર્યના બિંબની શોભાનો પણ તિરસ્કાર કરાવનારૂં ભામંડલ હોવું.

(૪–૧૧) સવાસો યોજન પર્યંત રોગ–જ્વરાદિ,[૪] પરસ્પર વૈર–વિરોધ[૫] ધાન્યાદિને ઉપદ્રવ કરનાર પુષ્કળ ઉંદર વગેરેની ઉત્પત્તિ[૬], મરકી[૭], અતિવૃષ્ટિ[૮], અનાવૃષ્ટિ[૯], દુષ્કાળ[૧૦], તથા સ્વરાષ્ટ્ર અને પરરાષ્ટ્રના ભયનો અભાવ[૧૧].

આ અગિયાર અતિશયો **કર્મક્ષયના** પરિણામે ઉત્પન્ન થાય છે.

(૧–૬) આકાશમાં ધર્મચક્ર[૧], શ્વેત સુંદર ચામરો[૨] પાદ-પીઠ સહિત સ્વચ્છ સ્ફટિકમય ઉજ્જવલ સિંહાસન[૩], ત્રણ છત્રો[૪], રત્નમયધ્વજ[૫], તથા પાદન્યાસ માટે સુવર્ણ-કમલોનું સાથે ચાલવું[૬], આ બધી સામગ્રી અરિહંત દેવ વિહાર કરતા હોય ત્યારે આકાશમાં સાથે ચાલે છે.

(૭–૧૪) સમવસરણમાં રત્ન, સુવર્ણ અને રૂપાના ત્રણ મનોહર કિલ્લાઓની રચના થવી,[૭] ચાર દિશાએ ચાર મુખ દેખાવાં,[૮] અશોકવૃક્ષની રચના થવી,[૯] રસ્તામાં કાંટાઓનું અધોમુખ થવું,[૧૦] વૃક્ષની ડાળોનું નમવું,[૧૧]

આકાશમાં દુંદુભિનો ઊંચેથી ધ્વનિ થવો,[12] સુખકર અનુકૂળ વાયુ વહેવો,[13] પક્ષીઓની પ્રદક્ષિણાપૂર્વક ગતિ થવી.[14]

(૧૫–૧૮) સુગંધી જલની વૃષ્ટિ થવી,[15] પાંચ વર્ણવાળા પુષ્પોનું આકાશમાંથી ખરવું,[16] કેશ, રોમ, દાઢી–મૂછ અને હાથ–પગના નખની વૃદ્ધિ ન થવી,[17] ભવનપતિ આદિ દેવોનું જઘન્યથી પણ એક ક્રોડની સંખ્યામાં સમીપે રહેવું.[18]

(૧૯) તથા ઋતુઓ અને ઇન્દ્રિયાર્થો એટલે સ્પર્શ, રસ, ગંધ, રૂપ તથા શબ્દની અનુકૂલતા.

આ ઓગણીશ અતિશયો **દેવતાકૃત** હોય છે.

કોઇ સ્થળે આમાં થોડો તફાવત જણાય છે, તે મતાંતર સમજવો.

અરિહંત દેવો કેવલજ્ઞાનની પ્રાપ્તિ થયા પછી જ વાણીથી ઉપદેશ આપે છે. તેમાં નીચેના પાંત્રીસ ગુણો હોય છે :

(૧) તે વ્યાકરણના નિયમોથી યુક્ત હોય છે.

(૨) તે ઉચ્ચ સ્વરે બોલાતી હોય છે.

(૩) તે અગ્રામ્ય હોય છે.

(૪) તે મેઘની જેમ ગંભીર શબ્દવાળી હોય છે.

(૫) તે પડઘો પાડનારી હોય છે.

(૬) તે સરસ હોય છે.

(૭) તે માલકોશ રાગથી યુક્ત હોય છે.

(૮) તે મહાન અર્થવાળી હોય છે.
(૯) તે પૂર્વાપર વાક્ય અને અર્થના વિરોધ વિનાની હોય છે.
(૧૦) તે ઈષ્ટ સિદ્ધાંતના અર્થને કથન કરનાર તથા વક્તાની-શિષ્ટતાને સૂચવનારી હોય છે.
(૧૧) તે સંદેહરહિત હોય છે.
(૧૨) તે બીજાનાં દૂષણોથી રહિત હોય છે.
(૧૩) તે અંતઃકરણને પ્રસન્ન કરનારી હોય છે.
(૧૪) તે પદો અને વાક્યોની પરસ્પર સાપેક્ષતાવાળી હોય છે.
(૧૫) તે અવસરોચિત હોય છે, એટલે કે દેશ અને કાલને અનુસરનારી હોય છે.
(૧૬) તે વસ્તુસ્વરૂપને અનુસરનારી હોય છે.
(૧૭) તે સુસંબદ્ધ એટલે વિષયાંતરથી રહિત હોય છે.
(૧૮) તે સ્વપ્રશંસા અને પરનિંદાથી રહિત હોય છે.
(૧૯) તે પ્રતિપાદ્ય વિષયની ભૂમિકાને અનુસરનારી હોય છે.
(૨૦) તે ઘીની જેમ સ્નિગ્ધ અને ગોળની જેમ મધુર હોય છે.
(૨૧) તે પ્રશંસાને યોગ્ય હોય છે.
(૨૨) તે બીજાના મર્મને ન ઉઘાડવાના સ્વરૂપવાળી હોય છે.
(૨૩) તે કથન કરવા યોગ્ય અર્થની ઉદારતાવાળી હોય છે.
(૨૪) તે ધર્મ અને અર્થથી યુક્ત હોય છે.
(૨૫) તે કારક, કાલ, વચન, લિંગ વગેરેના વિપર્યાસ વિનાની હોય છે.
(૨૬) તે વિભ્રમ, વિક્ષેપ વગેરે મનના દોષોથી રહિત હોય છે.
(૨૭) તે શ્રોતાઓના ચિત્તને અવિચ્છિન્ન આશ્ચર્ય ઉત્પન્ન કરનારી હોય છે.

(૨૮) તે અદ્ભુત હોય છે.
(૨૯) તે અત્યંત વિલંબરહિત બોલાતી હોય છે.
(૩૦) તે વસ્તુઓને વિવિધ રીતે વર્ણવનારી હોય છે.
(૩૧) તે બીજાં વચનોની અપેક્ષાએ વિશેષતા સ્થાપિત કરનારી હોય છે.
(૩૨) તે સત્ત્વપ્રધાન હોય છે.
(૩૩) તે વર્ણ, પદ અને વાક્યના વિવેકવાળી હોય છે.
(૩૪) તે કહેવાને ઇચ્છેલા વિષયને સારી રીતે સિદ્ધ કરનારી હોય છે.
(૩૫) તે અનાયાસે ઉત્પન્ન થનારી હોય છે.

'ગુણ પાંત્રીશ વાણીએ ગાજે છે' આદિ વચનોનો મર્મ આના પરથી સમજી શકાશે.

## સિદ્ધ ભગવંતના આઠ ગુણો

સિદ્ધ પરમાત્માના આઠ ગુણો નીચે પ્રમાણે ચિંતવવા જોઇએ :

(૧) **અનંતજ્ઞાન** :–જ્ઞાનાવરણીય કર્મનો સર્વથા ક્ષય થતાં આ ગુણ પ્રગટ થાય છે. તેનાથી સમસ્ત લોકાલોકના ભાવો જાણી શકાય છે.

(૨) **અનંતદર્શન** :–દર્શનાવરણીય કર્મનો સર્વથા ક્ષય થતાં આ ગુણ પ્રકટ થાય છે. તેનાથી સમસ્ત લોકાલોકને જોઇ શકાય છે.

(૩) **અવ્યાબાધ દશા** :–વેદનીય કર્મનો સર્વથા ક્ષય થવાથી આ ગુણ પ્રકટ થાય છે. તેનાથી સિદ્ધ ભગવંતોને

સર્વ રોગો તથા આપત્તિઓની પીડાઓનો અભાવ હોય છે.

(૪) **અનંતચારિત્ર** :–મોહનીય કર્મનો સર્વથા ક્ષય થવાથી ક્ષાયિક સમ્યક્ત્વ તથા યથાખ્યાતચારિત્ર ગુણ પ્રકટ થાય છે. તેના લીધે અનંત સિદ્ધિરૂપ સ્વભાવદશાનો સ્વાદ અનુભવી શકાય છે.

(૫) **અક્ષયસ્થિતિ** :–આયુષ્યકર્મનો સર્વથા ક્ષય થવાથી આ ગુણ પ્રકટે છે. તેના લીધે જન્મ, જરા અને મૃત્યુનો અભાવ થાય છે, અર્થાત્ અજરામર અવસ્થાની પ્રાપ્તિ થાય છે.

(૬) **અરૂપિત્વ** :–નામકર્મનો સર્વથા ક્ષય થવાથી આ ગુણ પ્રકટે છે. તેનાથી રૂપ, રસ, ગંધ, સ્પર્શ તથા શબ્દનો સર્વકાલીન વિયોગ થાય છે. તેને જ નિરંજન નિરાકાર અવસ્થા કહેવામાં આવે છે.

(૭) **અગુરુલઘુપણું** :–ગોત્રકર્મનો સર્વથા ક્ષય થવાથી આ ગુણ પ્રકટે છે. તેનાથી ઉચ્ચ–નીચ આદિના વ્યવહારથી રહિત અવસ્થા પ્રાપ્ત થાય છે.

(૮) **અનંતવીર્ય** :–અંતરાયકર્મનો સર્વથા ક્ષય થવાથી આ ગુણ પ્રકટે છે. તેનાથી આત્માની અનંત શક્તિનો પ્રકાશ થાય છે તથા અનાદિકાલીન દીનતા ચાલી જતાં સચ્ચિદાનંદ અવસ્થા અનુભવાય છે. ×

---

× કર્મનું વિશેષ સ્વરૂપ જાણવા માટે અમોએ રચેલ '**નવતત્ત્વ-દીપિકા**'નું 'કર્મવાદ' નામનું પાંચમું પ્રકરણ વાંચવું, તેમ જ બાકીના ગ્રંથનું પણ અવલોકન કરવું, તે માટે ૭ કર્મગ્રંથ પણ ઘણા ઉપયોગી છે.

## આચાર્ય ભગવંતના છત્રીશ ગુણો

આચાર્ય ભગવંતના છત્રીશ ગુણોની ગણના જુદાજુદા અનેક પ્રકારે થાય છે. તેનો સંગ્રહ **'સંબોધપ્રકરણ'**માં થયેલો છે.

અહીં તે ગુણો નીચે પ્રમાણે ચિંતવવા :–

(૧) સ્પર્શેન્દ્રિયનો જય કરવો.
(૨) રસનેન્દ્રિયનો જય કરવો.
(૩) ઘ્રાણેન્દ્રિયનો જય કરવો.
(૪) ચક્ષુરિન્દ્રિયનો જય કરવો.
(૫) શ્રોતેન્દ્રિયનો જય કરવો.
પાંચ ઇન્દ્રિયોના કુલ ૨૩ વિષયો ગણાય છે. તે ૨૩ વિષયો જિતવા.
(૬) સ્ત્રી, પશુ અને નપુંસકના વાસથી રહિત એવા એકાંત વિશુદ્ધ સ્થાનમાં વાસ કરવો. આને બ્રહ્મચર્યની પહેલી વાડ કહેવામાં આવે છે, કારણ કે તે બ્રહ્મચર્યનું રક્ષણ કરવામાં ઉપયોગી છે. ૭ થી ૧૪ સુધીના ગુણોને પણ અનુક્રમે બ્રહ્મચર્યની વાડો સમજવી.
(૭) સ્ત્રીકથાનો પરિહાર કરવો.
(૮) જે પાટ, પાટલા, શયન, આસન વગેરે પર સ્ત્રી બેઠેલી હોય, તે બે ઘડી સુધી વાપરવા નહિ.
(૯) રાગથી વશ થઇને સ્ત્રીઓનાં અંગોપાંગ જોવા પ્રયત્ન કરવો નહિ.
(૧૦) ભીંતના આંતરે સ્ત્રી–પુરુષનું યુગલ રહેલું હોય, તેવા સ્થાનનો ત્યાગ કરવો.

(૧૧) સ્ત્રી સાથે પહેલા કરેલી ક્રીડાનું સ્મરણ કરવું નહિ.
(૧૨) માદક આહારનો ત્યાગ કરવો.
(૧૩) પ્રમાણથી અધિક આહાર કરવો નહિ.
(૧૪) શ્રૃંગારલક્ષણવાળી શરીર અને ઉપકરણની શોભાનો ત્યાગ કરવો.
(૧૫) ક્રોધ કરવો નહિ.
(૧૬) માન કરવું નહિ.
(૧૭) માયા એટલે કપટ કરવું નહિ.
(૧૮) લોભ કરવો નહિ.
(૧૯)–(૨૩) પાંચ મહાવ્રતોનું પાલન કરવું.
(૨૪) જ્ઞાનાચારનું પાલન કરવું.
(૨૫) દર્શનાચારનું પાલન કરવું.
(૨૬) ચારિત્રાચારનું પાલન કરવું.
(૨૭) તપાચારનું પાલન કરવું.
(૨૮) વીર્યાચારનું પાલન કરવું.
(૨૯) ઇર્યાસમિતિનું પાલન કરવું.
(૩૦) ભાષાસમિતિનું પાલન કરવું.
(૩૧) એષણાસમિતિનું પાલન કરવું.
(૩૨) આદાનનિક્ષેપસમિતિનું પાલન કરવું.
(૩૩) પારિષ્ઠાપનિકાસમિતિનું પાલન કરવું.
(૩૪) મનોગુપ્તિનું પાલન કરવું.
(૩૫) વચનગુપ્તિનું પાલન કરવું.
(૩૬) કાયાગુપ્તિનું પાલન કરવું.

આ ગુણો યાદ રાખવા માટે 'પંચિંદિય' સૂત્રની નીચેની બે ગાથાઓ ઉપયોગી છે :—

**पंचिंदिअसंवरणो तह नवविहबंभचेरगुत्तिधरो ।**
**चउविहकसायमुक्को, इअ अट्ठारसगुणेहिं संजुत्तो ॥१॥**
**पंचमहव्वयजुत्तो, पंचविहायारपालणसमत्थो ।**
**पंचसमिओ तिगुत्तो, छत्तीसगुणो गुरु मज्झ ॥२॥**

"પાંચ ઇન્દ્રિયોના વિષયોને જીતનારા, નવ વાડોથી બ્રહ્મચર્યનું રક્ષણ કરનારા, ક્રોધાદિ ચાર કષાયોથી મુક્ત, આ રીતે અઢાર ગુણવાળા; વળી પાંચ મહાવ્રતોને ધારણ કરનારા, પાંચ પ્રકારના આચાર પાળવામાં સમર્થ, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી યુકત, આ રીતે કુલ છત્રીશ ગુણવાળા મારા ગુરુ છે.×

**બૃહત્કલ્પભાષ્ય**માં 'देशकुलजाइरुवी' આદિ ચાર ગાથાથી આચાર્યપદને યોગ્ય કોણ ગણાય? અથવા આચાર્યમાં કેવા ગુણો હોવા જોઈએ? તેનું વર્ણન કરેલું છે.

## ઉપાધ્યાય ભગવંતના પચીશ ગુણો

ઉપાધ્યાય ભગવંતના પચીશ ગુણોની ગણના સંક્ષેપમા આ પ્રમાણે થાય છે :—

| | |
|---|---|
| અગિયાર અંગો ભણે–ભણાવે તે | ૧૧ ગુણ |
| બાર ઉપાંગો ભણે–ભણાવે તે | ૧૨ ગુણ |
| ચરણસિત્તરી પાળે તે | ૧ ગુણ |
| કરણસિત્તરી પાળે તે | ૧ ગુણ |
| | કુલ ૨૫ ગુણ |

× સામાયિકમાં ગુરુની સ્થાપના કરતી વખતે નમસ્કારમંત્ર ઉપરાંત આ પાઠ પણ બોલાય છે.

અગિયાર અંગથી નીચેનાં આગમો સમજવાં : (૧) આચાર, (૨) સૂયગડ, (૩) ઠાણ, (૪) સમવાય, (૫) વિવાહ-પણ્ણત્તિ અથવા ભગવતી,(૬) નાયાધમ્મકહા (૭)ઉવાસગદસા, (૮) અંતગડદસા, (૯) અણુત્તરોવવાઈયદસા, (૧૦) પણ્હા-વાગરણ અને (૧૧) વિવાગસુય.

બાર ઉપાંગોથી નીચેનાં આગમો સમજવાં : (૧) ઓવ-વાઇય, (૨) રાયપસેણિય, (૩) જીવાભિગમ, (૪) પણ્ણ-વણા, (૫) સૂરપણ્ણત્તિ, (૬) જંબૂદ્વીવપણ્ણત્તિ. (૭) ચંદ-પણ્ણત્તિ, (૮) નિરયાવલિયા, (૯) કપ્પવડંસિયા, (૧૦) પુપ્ફિયા, (૧૧) પુપ્ફચૂલિયા અને (૧૨) વણ્હિદસા.

ચરણસિત્તરી એટલે ૭૦ બોલવાળો ચારિત્રનો ગુણ. તેની ગણના નીચે પ્રમાણે થાય છે :

वय–समणधम्म–संजम–वेयावच्चं च बंभगुत्तीओ ।
नाणाइतिअ तव–कोह–निग्गहाई चरणमेअं ॥

| | |
|---|---|
| વ્રત–મહાવ્રતો | ૫ પ્રકારના. |
| શ્રમણધર્મ | ૧૦ પ્રકારનો. |
| સંયમ | ૧૭ પ્રકારનો. |
| વૈયાવૃત્ય | ૧૦ પ્રકારનું. |
| બ્રહ્મચર્યની ગુપ્તિઓ ( વાડો ) | ૯ પ્રકારની |
| જ્ઞાનાદિત્રિક ( જ્ઞાન–દર્શન–ચારિત્ર ) | ૩ |
| તપ | ૧૨ પ્રકારનું |
| નિગ્રહ ( ક્રોધાદિનો ) | ૪ પ્રકારનો |
| | કુલ ૭૦ |

કરણસિત્તરી એટલે ૭૦ બોલવાળો ક્રિયાનો ગુણ. તેની ગણના નીચે પ્રમાણે થાય છે :

पिंडविसोहि समिई, भावण–पडिमा य इंदिय–निरोहो।
पडिलेहण–गुत्तीओ, अभिग्गहा चेव करणं तु ॥

| | |
|---|---|
| પિંડવિશુદ્ધિ | ૪ પ્રકારની. |
| સમિતિ | ૫ પ્રકારની. |
| ભાવનાઓ | ૧૨ પ્રકારની. |
| પ્રતિમાઓ | ૧૨ પ્રકારની. |
| ઇંદ્રિયનિરોધ | ૫ પ્રકારનો. |
| પ્રતિલેખના | ૨૫ પ્રકારની. |
| ગુપ્તિઓ | ૩ પ્રકારની. |
| અભિગ્રહો | ૪ પ્રકારના. |
| | કુલ ૭૦ |

આ બધા ગુણોનું જ્ઞાન તો શાસ્ત્રસ્વાધ્યાય સારા પ્રમાણમાં થાય, ત્યારે મળી શકે એવું છે, આમ છતાં પ્રાથમિક ખ્યાલ માટે આટલો નિર્દેશ કરેલો છે.

આ પચીશ ગુણો વડે ઉપાધ્યાય ભગવંતનું ચિંતવન કરવું જોઇએ.

## સાધુ ભગવંતના સત્તાવીશ ગુણો

| | |
|---|---|
| પાંચ મહાવ્રત ધારણ કરે તે | ૫ ગુણ |
| રાત્રિભોજનનો ત્યાગ કરે તે | ૧ ગુણ |
| છ કાયના જીવોની રક્ષા કરે તે | ૬ ગુણ |
| પાંચ ઈંદ્રિયો પર સંયમ રાખે તે | ૫ ગુણ |
| ત્રણ ગુપ્તિનું પાલન કરે તે | ૩ ગુણ |
| લોભ રાખે નહિ તે | ૧ ગુણ |
| ક્ષમા ધારણ કરે તે | ૧ ગુણ |
| ચિત્તને નિર્મળ રાખે તે | ૧ ગુણ |
| વસ્ત્ર વગેરેની શુદ્ધિ પડિલેહણા કરે તે | ૧ ગુણ |
| સંયમમાં રહે એટલે અવિવેકનો ત્યાગ કરે તે | ૧ ગુણ |
| પરીષહો સહન કરે તે | ૧ ગુણ |
| ઉપસર્ગો સહન કરે તે | ૧ ગુણ |
| | કુલ ૨૭ ગુણો |

આ સત્તાવીશ ગુણો વડે સાધુ ભગવંતોનું ચિંતન કરવું જોઈએ.

આચાર્ય, ઉપાધ્યાય અને સાધુમાં કેટલાક ગુણો સમાન દેખાય છે, છતાં અધિકારભેદથી તે જુદા સમજવા.

આ ૧૦૮ ગુણો વડે પંચપરમેષ્ઠિનું ચિંતન કરવાથી દેવ-ગુરુની સાચી ઓળખાણ થાય છે તથા તેમના પ્રત્યે શ્રદ્ધા-ભક્તિ-પ્રીતિ જાગે છે, જે સમ્યક્ત્વનું મુખ્ય લક્ષણ છે.

## [૧૧]

## નમસ્કારમંત્રની નવ વિશેષતાઓ

નમસ્કારમંત્રનો અદ્ભુત મહિમા જાણ્યો, તેના અચિંત્ય પ્રભાવથી પરિચિત થયા, તેના અક્ષરસ્વરૂપ તથા અર્થનો બોધ કર્યો, તેમજ તેના ચિંતનીય વિષય તરીકે પંચપરમેષ્ઠીના ૧૦૮ ગુણોની પ્રમાણભૂત માહિતી મેળવી. હવે તેની વિશેષતાથી વાકેફ થઈએ, એટલે આપણે આરંભેલી જ્ઞાનયાત્રા આગળ વધશે.

'पढमं नाणं तओ दआ—પ્રથમ જ્ઞાન અને પછી ક્રિયા' એ ધોરણે અહીં જ્ઞાનયાત્રા પહેલી રાખી છે. આ યાત્રા સફલ થતાં જ ક્રિયાની સાચી સમજ આવશે અને તે અંગે આપણો ઉત્સાહ વૃદ્ધિ પામશે. વાસ્તવમાં કોઈપણ વસ્તુનું જરૂરી જ્ઞાન મેળવ્યા વિના તે અંગે સાધક-બાધક કોઈ પ્રવૃત્તિ યથાર્થ સ્વરૂપે થઈ શકતી નથી, એટલે પહેલી દૃષ્ટિ જ્ઞાન ભણી જ દોડાવવી પડે છે, પહેલું સ્થાન જ્ઞાનયાત્રાને જ આપવું પડે છે.

એક વસ્તુ બીજી વસ્તુથી જે ગુણને લીધે જુદી પડે

છે, તેને વિશેષતા કહેવામાં આવે છે. આંબા અને લીમડામાં વૃક્ષત્વ સમાન હોવા છતાં તે દરેકને પોતાની વિશેષતા છે અને તેના લીધે જ એક આંબો, તો બીજો લીમડા તરીકે ઓળખાય છે. અન્ય મંત્રો અને નમસ્કારમંત્રમાં મંત્રત્વ સમાન છે, પણ નમસ્કારમંત્ર પોતાની અનેકવિધ વિશેષતાઓને કારણે એ બધા મંત્રોમાં જુદો તરી આવે છે.

નમસ્કાર લોકોત્તર મંત્ર છે, એ એની **પહેલી વિશેષતા** છે. જે મંત્રોનો ઉપયોગ સામાન્ય રીતે આકર્ષણ, વશીકરણ, ઉચ્ચાટન, વિદ્વેષણ, સ્તંભન, મોહન, મારણ, રોગનિવારણ કે ધનપ્રાપ્તિ આદિ લૌકિક કાર્યો માટે થાય, તે લૌકિક કહેવાય અને જેનો ઉપયોગ આત્મશુદ્ધિ કે મોક્ષપ્રાપ્તિ જેવા લોકોત્તર કાર્યો માટે થાય, તે લોકોત્તર કહેવાય.

અહીં કદાચ પ્રશ્ન થશે કે, 'નમસ્કારમંત્રનો ઉપયોગ પણ આકર્ષણાદિ કાર્યો માટે થાય છે, તો તેને લૌકિક કેમ ન કહેવાય?' તેનો ઉત્તર એ છે કે, 'નમસ્કારમંત્રનું મુખ્ય પ્રયોજન આત્મશુદ્ધિ કે મોક્ષપ્રાપ્તિ છે, તેથી તે લોકોત્તર જ ગણાય. આકર્ષણાદિ કાર્યો તેના વડે સિદ્ધ થાય છે ખરાં, પણ તે એનું મુખ્ય પ્રયોજન નથી.'

વચ્ચે એક કાળ એવો આવી ગયો કે લોકો મંત્રનો આવાં કાર્યો માટે ખૂબ ઉપયોગ કરવા લાગ્યા અને એમ કરતાં ધર્મના ધોરી નિયમો પણ ભૂલી ગયા. શાક્ત, બૌદ્ધ વગેરે મંત્રવાદીઓ દ્વારા પ્રવર્તાયેલા મત્સ્ય, માંસ, મદિરા, મુદ્રા તથા મૈથુન એ પાંચ મકારે તો હાહાકાર મચાવી દીધો

અને મંત્ર-તંત્રશાસ્ત્રનું નામ વાયડું કરી નાખ્યું. તેની અસર ઓછા-વત્તા અંશે આજ સુધી પહોંચે છે. કેટલાક શિક્ષિત લોકોની મંત્ર-યંત્ર-તંત્ર પર મુદ્દલ શ્રદ્ધા બેસતી નથી, તેનું કારણ એ છે કે તેની મથરાવટી ખૂબ મેલી પડી ગઇ છે અને તેનાં નામે એવાં એવાં કાર્યો થયાં છે કે જે આપણને નિતાંત ઘૃણા ઉપજાવે. અહીં સંતોષ લેવા જેટલી વાત એ છે કે નમસ્કારમંત્રના કલ્પો વગેરેમાં આકર્ષણાદિ કાર્યોનું વિધાન ભલે કરેલું હોય, પણ એવાં કાર્યો માટે તેનો ખાસ ઉપયોગ થયો નથી, અથવા તો અતિ અલ્પ પ્રમાણમાં જ થયો છે અને તેણે તેનું લોકોત્તરપણું મહદ્-અંશે ટકાવી રાખ્યું છે. તેનું જ એ પરિણામ છે કે આજે પણ લોકોને તેના માટે પરમ શ્રદ્ધા અને આદરની લાગણી છે.

નમસ્કારમંત્રને લોકોત્તર કહેવાનું એક કારણ એ પણ છે કે તે અરિહંત જેવાં લોકોત્તર મહાપુરુષ વડે કહેવાયેલો છે અને ગણધર જેવા લોકોત્તર મહાપુરુષ વડે શબ્દ સંકલના પામેલો છે. મંત્રશક્તિમાં યોજકોની શક્તિનો અંશ ઊતરે છે, એ વાત લક્ષ્યમાં લેતાં નમસ્કારમંત્રની લોકોત્તરતા વિષે કોઇપણ જાતની શંકા રહેતી નથી.

શ્રી ભદ્રબાહુ સ્વામી '**આવશ્યકનિર્યુક્તિ**' માં પંચનમસ્કાર કરવાનો હેતુ સમજાવતાં કહે છે કે :

**मग्गो अविप्पणासो, आयारो विणयया सहायत्तं ।**
**पंचविहं नमोक्कारं, करेमि एएहिं हेऊहिं ॥**

'માર્ગ, અવિપ્રણાશ, આચાર, વિનય અને મોક્ષ

પ્રાપ્તિમાં સહાયકતા આ પાંચ હેતુઓથી હું પાંચ પ્રકારનો નમસ્કાર કરું છું.'

અહીં '**માર્ગ**' થી મોક્ષમાર્ગનું સૂચન છે કે જેનું પ્રવર્તન અરિહંત દેવો વડે થાય છે. અરિહંત દેવોએ સમ્યગ્ દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને મોક્ષનો માર્ગ કહ્યો અને તેને પ્રાપ્ત કરવાનો ઉપદેશ આપ્યો, તેથી તેઓ પરમ પૂજ્ય અને પરોપકારી બન્યા અને તે જ કારણે તેમને પ્રથમ નમસ્કાર કરવામાં આવે છે.

અહીં '**અવિપ્રણાશ**' શબ્દથી 'અવિનાશિતા' અભિપ્રેત છે કે જેનો ખ્યાલ સિદ્ધ ભગવંતો આપી રહ્યા છે. દેવેન્દ્ર, ચક્રવર્તીઓ વગેરેનાં પદોનો તથા સુખોનો અંત આવે છે, પણ સિદ્ધ ભગવંતના અનુપમ સુખનો કદી અંત આવતો નથી. તેમનું સુખ સાદિ–અનંત છે, એટલે કે તેનો પ્રારંભ થયો છે, પણ કદી છેડો આવનાર નથી. તેઓ આપણને આ પદે પહોંચવાની પ્રેરણા કરી રહ્યા છે, તેથી જ તેમને બીજો નમસ્કાર કરવામાં આવે છે.

આ રીતે આચાર્ય ભગવંતોથી આચારની પ્રાપ્તિ થાય છે, ઉપાધ્યાય ભગવંતોથી વિનયની–જ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને સાધુ ભગવંતોથી મોક્ષપ્રાપ્તિમાં વિવિધ પ્રકારની સહાય મળે છે, તેથી જ તેમને અનુક્રમે ત્રીજો, ચોથો અને પાંચમો નમસ્કાર કરવામાં આવે છે.

આ પરથી જોઈ શકાશે કે નમસ્કારમંત્ર આત્મશુદ્ધિ

કે મોક્ષપ્રાપ્તિ માટે જ યોજાયેલો છે, તેથી તે લોકોત્તર મંત્રની પૂરી યોગ્યતા ધરાવે છે.

આજ સુધીમાં અનંત આત્માઓએ નમસ્કારમંત્રનો આશ્રય લીધો છે, તે એની લોકોત્તરતાના કારણે જ લીધો છે, એ ભૂલવાનું નથી.

'**પંચનમુક્કારફલથુત્ત**' માં કહ્યું છે કે–

**पत्ता पाविस्संती पावंति य परम पयपुरं जे ते ।**
**पंचनमुक्कारमहारहस्स सामत्थजोगेणं ॥**

'પરમપદપુર એટલે મોક્ષનગરી કે સિદ્ધશિલા. તેને જેઓ પામ્યા છે, પામશે અને પામે છે, તે સર્વ પંચ-નમસ્કારરૂપી મહારથના સામર્થ્યયોગે જ જાણવું.'

આ શબ્દો વાંચ્યા–સાંભળ્યા પછી કોઈને નમસ્કાર મંત્રની લોકોત્તરતા માટે રજ પણ શંકા રહેવી જોઈએ નહિ

અન્ય મંત્રોમાં જેમની સાધના કે આરાધના કરવાની છે, તે દેવ–દેવીઓ વિશિષ્ટ શક્તિથી વિભૂષિત હોવા છતાં આખરે તો સંસારી આત્માઓ જ છે, એટલે રાગ, દ્વેષ, સ્પૃહા આદિથી યુક્ત હોય છે, જ્યારે નમસ્કારમંત્ર વડે જેમની આરાધના થાય છે, એ પંચપરમેષ્ઠી વીતરાગી અને નિઃસ્પૃહી છે. તેમની અચિંત્ય શક્તિ આગળ દેવ–દેવીઓની શક્તિ કંઇ વિસાતમાં નથી. આને આપણે નમસ્કારમંત્રની **બીજી વિશેષતા** કહી શકીએ.

અહીં કોઈ એમ માનતું હોય કે દેવ–દેવીઓ કરતાં

અધિક શક્તિ પહેલા બે પરમેષ્ઠીઓમાં સંભવી શકે, પણ આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુઓમાં સંભવી શકે નહિ, તો એ માન્યતા સુધારવા જેવી છે. **'શ્રીદશવૈકાલિકસૂત્ર'** ના પ્રારંભમાં કહ્યું છે કે–

**धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो ।**
**देवा वि तं नमंसंति, जस्स धम्मे सया मणो ॥**

( અહીં સાધુધર્મનો અધિકાર છે, એટલે તેનો સંબંધ સાધુ સાથે જોડવાનો છે.) જે સાધુઓ અહિંસા, સંયમ અને તપરૂપી ધર્મને ઉત્કૃષ્ટ મંગલ રૂપ માને છે અને તે ધર્મમાં જ–તે ધર્મના પાલનમાં જ સદા પોતાનું મન જોડાયેલું રાખે છે, તેમને દેવો પણ નમે છે'

અહીં વિચારવાનું એ છે કે જો ધર્મનિષ્ઠ સાધુઓ શક્તિ અને સામર્થ્યમાં ચડિયાતા હોય તો જ દેવો એમને નમે કે એમને એમ નમે?

જો અહીં એમ કહેવામાં આવે કે તેમની પૂજ્યતા પ્રકટ કરવા માટે દેવો આ પ્રમાણે નમે, તો પૂજ્યતા એમને એમ પ્રાપ્ત થતી નથી. જ્યારે આત્માની શક્તિનો પરમ પ્રકાશ લાધે છે, ત્યારે જ પૂજ્યતા પ્રકટે છે, એટલે દેવો તેમને પરમ શક્તિમાન કે સામર્થ્યવાન માનીને જ તેમને નમે છે.

અહીં એ પણ સ્પષ્ટ થવાની જરૂર છે કે અહિંસા–શક્તિ, સંયમશક્તિ તથા તપશક્તિ એ કોઈ નાની શક્તિએ.

નથી. એ અખિલ બ્રહ્માંડને ડોલાવી શકે છે અને દેવ-દેવીઓને પણ કાન પકડાવી શકે છે. તાત્પર્ય કે આચાર્યાદિ અન્ય ત્રણ પરમેષ્ઠીમાં પણ દેવ-દેવીઓ કરતાં અધિક શક્તિ સંભવે છે.

હજી પણ એક વસ્તુ પાઠકોના ધ્યાનમાં લાવવાની રહી. એકલા અરિહંત, એકલા સિદ્ધ, એકલા આચાર્ય, એકલા ઉપાધ્યાય કે એકલા સાધુની શક્તિ જ્યારે આ પ્રમાણે દેવ-દેવીઓ કરતાં અધિક છે, ત્યારે એ પાંચેનો સમવાય થતાં એ શક્તિનું પ્રમાણ કેટલું વધી જાય? આ વિશ્વમાં કોઈ મંત્ર એવો નથી કે જેમાં આ રીતે પાંચ મહાન્ શક્તિઓ એકી સાથે કામ કરતી હોય. એટલે નમસ્કારમંત્રની આ વિશેષતાનો સ્વીકાર કરવો જ રહ્યો.

અન્ય મંત્રો કામના કરવાથી એટલે કે વિશિષ્ટ સંકલ્પ આદિ કરવાથી ઘણા પ્રયત્ને ફલદાયી થાય છે, જ્યારે નમસ્કાર મંત્ર નિષ્કામ ભાવે જપવા છતાં અલ્પ પ્રયાસે ફલદાયી થાય છે અને તે સાધકની સર્વ કામનાઓ પૂરી કરે છે. આ તેની **ત્રીજી વિશેષતા** સમજવી. કહ્યું છે કે-

**इक्को वि नमुक्कारो, परमेट्ठीणं पगिट्ठ भावाओ ।**
**सयलं किलेसजालं, जलं व पवणो पणुल्लेइ ॥**

'પ્રકૃષ્ટ ભાવથી પરમેષ્ઠીઓને કરેલો એક પણ નમસ્કાર, પવન જેમ જલને શોષવી નાખે, તેમ સકલ ક્લેશજાલને છેદી નાખે છે.'

અહીં ક્લેશજાલથી આત્માને ક્લેશ ઉપજાવે તેવાં સર્વ પ્રકારનાં કષ્ટો, તેવી સર્વ પ્રકારની ચિંતાઓ તથા તેનો કારણભૂત એવો કર્મસમૂહ સમજવાનો છે.

અન્ય મંત્રોમાં કોઈ ને કોઇ દેવ તેનો અધિષ્ઠાયક હોય છે અને તે વશ થાય કે પ્રસન્ન થાય, તો જ એ મંત્ર સિદ્ધ થયો ગણાય છે. તાત્પર્ય કે ત્યાર પછી જ તે પોતાનું ફલ આપે છે. પરંતુ એ દેવોને વશ કરવાનું કે પ્રસન્ન કરવાનું કામ સહેલું હોતું નથી. અનેક પ્રકારના અટપટા ઉપાયો કામે લગાડયા પછી કે કઠિન અનુષ્ઠાનો કર્યા પછી જ તેમાં સફલતા મળે છે. તેમાં ભયસ્થાનો પણ ઘણાં રહેલાં છે. કંઈ ફેર થયો કે આડું પડયું તો સાધક પોતાનો પ્રાણ ગુમાવે છે, અથવા અન્ય કષ્ટ ભોગવે છે, અથવા ચિત્તભ્રમ આદિનો ભોગ બનીને ખૂવાર થાય છે; પરંતુ નમસ્કારમંત્રનો કોઈ એક અધિષ્ઠાયક દેવ નથી. વધારે સ્પષ્ટ કહીએ તો તેનો અધિષ્ઠાયક દેવ થઈ શકે એમ નથી. સમ્યક્ત્વધારી અનેક દેવો તેના સેવક થઈને રહેલા છે અને તે અનન્ય ભાવે આરાધના કરનારના સર્વ મનોરથો પૂરા કરે છે. આને નમસ્કારમંત્રની **ચોથી વિશેષતા** સમજવી જોઈએ.

લોકોત્તર વસ્તુઓનું આકર્ષણ કરવું, એ નમસ્કાર-મંત્રની **પાંચમી વિશેષતા** છે. તે અંગે કહ્યું છે કે—

**आकृष्टिं सुरसम्पदां विदधति मुक्तिश्रियो वश्यता-**
**मुच्चाटं विपदां चतुर्गति भुवां विद्वेषमात्मैनसाम् ।**

स्तम्भं दुर्गमनं प्रति प्रयततां मोहस्स संमोहनं,
पायात् पञ्चनमस्क्रियाऽक्षरमयी साऽऽराधना देवता ॥

'તે પંચપરમેષ્ઠિ નમસ્ક્રિયારૂપ અક્ષરમયી આરાધના દેવતા તમારું રક્ષણ કરો કે જે સુરસંપદાઓનું આકર્ષણ કરે છે, મુક્તિરૂપી લક્ષ્મીને વશ કરે છે, ચાર ગતિમાં થનારી વિપત્તિઓનું ઉચ્ચાટન કરે છે, આત્માનાં પાપો પ્રત્યે વિદ્વેષણ કરે છે, દુર્ગતિ પ્રત્યે ગમન કરવાને પ્રયત્ન કરતા જીવોનું સ્તંભન કરે છે, એટલે કે તેમને અટકાવે છે અને જે મોહનું પણ સંમોહન કરે છે, એટલે કે તેને મુંઝવે છે.'

અન્ય મંત્રો ઉચ્ચારણમાં ક્લિષ્ટ કે કઠિન હોય છે, તેમજ અત્યંત ગૂઢાર્થવાળા હોય છે, ત્યારે નમસ્કારમંત્ર ઉચ્ચારણમાં સરલ છે અને તેના અર્થ પણ અતિ સ્પષ્ટ છે, તેથી બાળકથી માંડીને વૃદ્ધ પર્યંત સહુ કોઈ તેને સરલતાથી બોલી શકે છે તથા તેનો અર્થ સમજી શકે છે. આ તેની **છઠ્ઠી વિશેષતા** છે.

નમસ્કારમંત્રની **સાતમી વિશેષતા** એ છે કે પ્રણવ (ૐકાર), હ્રીંકાર, અર્હં વગેરે શક્તિશાળી બીજો તેમાં છૂપાયેલાં છે. પ્રસ્તુત ગ્રંથના બીજા પ્રકરણમાં પણવહરિયાથી શરૂ થતી ગાથા તેના પ્રમાણરૂપ છે. અથવા તો નમસ્કારમંત્ર સર્વ મંત્રોનું ઉત્પત્તિસ્થાન છે, એ જ એની સાતમી વિશેષતા છે. **'પ્રવચનસારોદ્ધારવૃત્તિ'** માં 'सर्वमन्त्ररत्नानामु-त्पत्याकरस्य' એ શબ્દ વડે આ વસ્તુ સૂચિત કરવામાં આવી છે.

અન્ય મંત્રોમાં નમો કે નમઃ પદ આગળ કે પાછળ એક અથવા બે વાર આવેલું હોય છે, પણ નમસ્કારમંત્રમાં નમો પદ પાંચ વાર આવેલું છે, એ તેની **આઠમી વિશેષતા** છે. આ નમઃ પદ ધર્મશાસ્ત્ર, મંત્રશાસ્ત્ર તથા તંત્રશાસ્ત્રની દૃષ્ટિએ ઘણું મહત્ત્વનું છે. ધર્મશાસ્ત્રની દૃષ્ટિએ એ વિનયનું પ્રતીક છે, મંત્રશાસ્ત્રની દૃષ્ટિએ એ શોધનબીજ છે, એટલે શરીર, મન અને આત્માની શુદ્ધિ કરનારું છે તથા તંત્રદૃષ્ટિએ એ શાંતિક—પૌષ્ટિક ક્રિયાનો સંકેત કરનારું છે, એટલે તેનાથી સર્વ ઉપદ્રવોની શાંતિ થાય છે અને ધન–ધાન્યાદિની વૃદ્ધિ થાય છે.

નમસ્કારમંત્રની **નવમી વિશેષતા** એ છે કે તેનું ઉચ્ચારણ કરતાં અડસઠ તીર્થની યાત્રા થઈ જાય છે. તેનો એક અક્ષર એક તીર્થ બરાબર છે, એ રીતે અડસઠ અક્ષરો અડસઠ તીર્થ બરાબર ખરા કે નહિ ?

નમસ્કારમંત્રની આ વિશેષતાઓ પર સાધકે અવશ્ય મનન કરવું જોઈએ.

[ ૧૨ ]

## નમસ્કારમંત્રનો મહા ઉપકાર

પૃથ્વી આપણા પર ઉપકાર કરે છે; તે આધાર ન આપે તો આપણે આ જગતમાં રહી શકીએ નહિ. જલ આપણા પર ઉપકાર કરે છે; તેના વિના આપણું જીવન ટકી શકે નહિ. વાયુ આપણા પર ઉપકાર કરે છે; તેના વિના શ્વાસોચ્છ્વાસની ક્રિયા સંભવી શકે નહિ. અગ્નિ એટલે ઉષ્મા કે ગરમી આપણા જીવન પર ઉપકાર કરે છે; તેની સહાય ન હોય તો ખાધેલું પચે નહિ કે શરીર સારી અવસ્થામાં રહી શકે નહિ. આ રીતે બીજી પણ કેટલીક વસ્તુઓ આપણા પર ઉપકાર કરે છે અને તેથી જ આપણું જીવન શક્ય બને છે. પણ આ બધા સામાન્ય કોટિના ઉપકારો છે. સામાન્ય કોટિના એટલા માટે કે નમસ્કારમંત્ર આપણા પર જે ઉપકાર કરે છે, તેની તુલનામાં એ ઊભા રહી શકે તેમ નથી. અન્ય શબ્દોમાં કહીએ તો આપણા પર નમસ્કાર-મંત્રનો ઉપકાર સહુથી મોટો છે, મહાન્ છે, તેથી જ તેને મહા ઉપકારી ગણવામાં આવે છે.

અહીં કોઈ એમ કહેતું હોય કે 'નમસ્કારમંત્ર તો જડ અક્ષરની રચના છે, તે આપણા પર ઉપકાર શી રીતે કરી શકે?' તો એમ કહેવું ઉચિત નથી. જડ વસ્તુ પણ આપણા પર ઉપકાર કરી શકે છે. દાખલા તરીકે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય એ ચારે દ્રવ્યો જડ છે, છતાં આપણા જીવન પર કેટલો ઉપકાર કરે છે?

ધર્માસ્તિકાય ન હોય તો આપણે કોઈ જાતની ગતિ કે હલન-ચલન કરી શકીએ નહિ, અરે! હાથ ઊંચો કરવો હોય તો પણ કરી શકીએ નહિ. તે લોકાકાશમાં સર્વત્ર વ્યાપ્ત છે, તેથી જ આપણે તેના આધારે હાથને ઊંચો-નીચો કરી શકીએ છીએ.

અધર્માસ્તિકાય ન હોય તો આપણે એક સ્થળે સ્થિર બેસી શકીએ નહિ. એક સ્થળે સ્થિર રહેવામાં અધર્માસ્તિકાયનો ઉપકાર છે. એ જ રીતે આકાશાસ્તિકાય ન હોય તો આપણને રહેવાનો અવકાશ કોણ આપે? આપણને રહેવા માટે જગા જોઇએ, સ્થાન જોઇએ, અવકાશ (Space) જોઈએ. તે આકાશ પૂરો પાડે છે, તેથી જ આપણે તેની અંદર રહી શકીએ છીએ. એ જ રીતે પુદ્ગલથી આપણા શરીર, ઇન્દ્રિયો તથા મન વગેરેની રચના થાય છે અને તેના લીધે આપણો જીવનવ્યવહાર શક્ય બને છે. વળી આપણે જે ઘરમાં રહીએ છીએ કે જે ફર્નીચર વગેરેનો ઉપયોગ કરીએ છીએ કે મોટર વગેરે વાહનમાં ફરીએ છીએ, તે બધાં જડ હોવા છતાં આપણું જીવન નિભાવવામાં-પસાર કરવામાં ઉપયોગી

થાય છે, ઉપકાર કરે છે; એટલે જડ વસ્તુ આપણા પર ઉપકાર ન કરી શકે એમ માનવું–મનાવવું ભૂલભરેલું છે.

જો મંત્રને જડ અક્ષરની રચના માની તેના ઉપકારીપણાનો નિષેધ કરીએ તો શાસ્ત્ર પણ જડ અક્ષરની રચના છે, તેને ઉપકારી શી રીતે માની શકીએ? પણ દરેક સુજ્ઞ મનુષ્ય શાસ્ત્રને ઉપકારી કે મહા ઉપકારી માને છે, કારણ તે તેના વડે સમ્યગ્જ્ઞાન કે સદ્બોધની પ્રાપ્તિ થાય છે. નમસ્કારમંત્રનું પણ તેમજ છે. તે અહિંસા, સંયમ, તપ તથા યોગસાધનાનો ઊંચામાં ઊંચો આધ્યાત્મિક આદર્શ આપણી સામે રજૂ કરે છે અને એ રીતે આપણા જીવનનો ઉત્કર્ષ સાધવામાં ઘણી સહાય કરે છે. આ તેનો જેવો તેવો ઉપકાર નથી.

અહીં પ્રસંગોપાત્ત મંત્રવિશારદોની એ માન્યતા પણ રજૂ કરી દઈએ કે–

**गुरौ मनुष्यबुद्धिं च, मन्त्रे चाक्षरवाचिताम् ।**
**प्रतिमासु शिलाबुद्धिं, कुर्वाणो नरकं व्रजेत् ॥**

'ગુરુને સામાન્ય માનનારો, મંત્રમાં અક્ષરબુદ્ધિ ધારણ કરનારો તથા દેવપ્રતિમામાં પથ્થરની બુદ્ધિ કરનારો નરકમાં જાય છે.'

કહેવાનું તાત્પર્ય એ છે કે ગુરુને સામાન્ય કોટિના ન માનતાં દેવસ્વરૂપ માનવા જોઈએ અને તેમના પ્રત્યે એવો જ વ્યવહાર રાખવો જોઈએ. જો ગુરુને સામાન્ય માની

તેમની સાથે એ પ્રકારનું વર્તન કર્યું, તો મંત્રસાધના નિષ્ફળ જવાની, એટલું જ નહિ પણ ભવિષ્યમાં દુર્ગતિની પ્રાપ્તિ થવાની.

જે મનુષ્યો મંત્રને દિવ્ય શક્તિથી વિભૂષિત એક પવિત્ર વસ્તુ માનવાને બદલે માત્ર જડ અક્ષરોનો સમૂહ માને છે અને એ રીતે તેના અચિંત્ય પ્રભાવ વગેરેની ઉપેક્ષા કરે છે, તેમની અવસ્થા પણ આવી જ થવાની.

તે જ રીતે જેઓ દેવપ્રતિમાને દેવત્વનો સાક્ષાત્કાર કરાવનારી એક મંગલમય પ્રશસ્ત વસ્તુ માનવાને બદલે પથ્થરનું પૂતળું માની તેનો ઉપહાસ કરે છે કે તેના પ્રત્યે આદર ધરાવતો નથી, તેમને માટે નરક સિવાય અન્ય કોઈ ગતિ નથી.

તાત્પર્ય કે નમસ્કારમંત્ર સાક્ષાત્ દેવતારૂપ છે, એમ માનીને તેના ઉપકાર–મહાઉપકારનો વિચાર કરવો જોઈએ.

નમસ્કારમંત્રનો બીજો મહા ઉપકાર એ છે કે તે આપણી ગતિ સુધારે છે, એટલે કે તે આપણને નરક અથવા તિર્યંચગતિમાં જવા દેતો નથી. 'નવલાખ જપંતાં નરક નિવારે' વગેરે શબ્દો તેના પ્રમાણરૂપ છે.

'દુર્ગતિમાં કેટલું દુઃખ છે?' તે સુજ્ઞ પાઠકોએ સ્વયં વિચારી લેવું. અમે તો અહીં સંક્ષેપમાં એટલું જ કહીશું, કે નરક એ અકલ્પ્ય દુઃખોનો ભંડાર છે અને તિર્યંચાવસ્થા પણ વિવિધ પ્રકારનાં દુઃખોથી ભરેલી છે. તેનું નિવારણ કરવું, એ કંઈ જેવો તેવો ઉપકાર નથી. એક માણસને બાર

વર્ષની સખ્ત કેદની સજા થઈ હોય અને કોઈ તેમાં બે વર્ષનો ઘટાડો કરી આપે તો તેનો ઉપકાર માનવામાં આવે છે, ત્યારે આ તો લાખોથી પણ અધિક વર્ષ પ્રમાણ નરક ગતિનાં દુઃખો તથા સેંકડો-હજારો વર્ષપ્રમાણ તિર્યંચ ગતિનાં દુઃખો નિવારવાની-ઘટાડી આપવાની વાત છે. તેનો ઉપકાર તો આપણે કોઇ શબ્દોમાં માની જ ન શકીએ.

અહીં એટલી સ્પષ્ટતા કરવા ઇચ્છીએ છીએ કે નવલાખનો જપ કરતાં નરકગતિનું નિવારણ થાય છે, એમાં તો કોઈ શંકા જ નથી, પણ પ્રાણીઓના અંત સમયે જો આ મંત્રના અક્ષરો થોડી વાર પણ કાન પર પડે છે, તો યે તેમની ગતિ સુધરી જાય છે. સમળી, ઘોડા, બળદ, સાપ વગેરેને છેલ્લી ઘડીએ નમસ્કારમંત્ર સંભળાવવાથી તેમની ગતિ સુધરી ગઇ, એવા અનેક દાખલાઓ જૈન શાસ્ત્રોમાં નોંધાયેલા છે.

આપણે મનુષ્યભવ પામ્યા, તેમાં પણ આ નમસ્કારમંત્રનો જ મહા ઉપકાર કેમ ન હોય ! સંભવ છે કે દુર્ગતિમાં રખડી રહેલા એવા આપણા આત્માએ તેનું અમુક વાર સ્મરણ કર્યું હોય કે છેલ્લી ઘડીએ તેના અક્ષરો સાંભળી તેમાં ચિત્ત પરોવ્યું હોય.

હજી નમસ્કારનો એક મોટો ઉપકાર વર્ણવવાનો છે, તે એની મિથ્યાત્વનાશક શક્તિનો. જૈન શાસ્ત્રોમાં કહ્યું છે કે-

किं च धन्नाण मणोभवणे सद्धाबहुमाणवट्टिनेहिल्लो ।
मिच्छत्ततिमिरहरणो वियरइ नवकार वरदीवो ॥

'જેમાં શ્રદ્ધારૂપી દીવેટ છે, બહુમાનરૂપી તેલ છે અને જે મિથ્યારૂપી તિમિરને હરનારો છે, એવો આ નવકારરૂપી શ્રેષ્ઠ દીપક ધન્ય પુરુષોના મનરૂપી ભવનને વિષે શોભે છે.'

તાત્પર્ય કે નમસ્કારમંત્ર મિથ્યાત્વનો નાશ કરનારો છે અને સમ્યક્ત્વની સ્પર્શના કરાવનારો છે. આત્મવિકાસની દૃષ્ટિએ આ બે ક્રિયાઓ એટલી મહત્ત્વની છે કે તેને અપૂર્વ કે અજોડ જ કહી શકાય.

'ઉવસગ્ગહરસ્તોત્ર' માં કહ્યું છે કે–

तुह सम्मत्ते लद्धे, चिंतामणिकप्पपायवब्भहिए ।
पावंति अविग्घेणं जीवा अयरामरं ठाणं ॥

'હે ભગવન્ ! તમારું સમ્યક્ત્વ ચિંતામણિરત્ન તથા કલ્પવૃક્ષથી પણ અધિક પ્રભાવશાળી છે કે જેને પ્રાપ્ત કરવાથી જીવો કંઇ પણ વિઘ્ન વિના અજરામર સ્થાને પહોંચી જાય છે.' અહીં અજરામર સ્થાનથી મોક્ષ, મુક્તિ કે સિદ્ધોના નિવાસસ્થાનરૂપ સિદ્ધશિલા સમજવી.

'सद्दहमाणो जीवो वच्चइ अयरामरं ठाणं' એ વચનો પણ સમ્યક્ત્વથી અજરામર સ્થાનની પ્રાપ્તિ થાય છે, એમ દર્શાવનારાં છે.

અહીં વિચારવાનું એ છે કે જે વસ્તુ મહાશત્રુ સમાન મિથ્યાત્વનો નાશ કરે, અતુલ ગુણના નિધાન સમાન સમ્યક્ત્વરત્નની પ્રાપ્તિ કરાવે અને અજરામર સ્થાનમાં લઈ જાય, તેનો કેવો અને કેટલો ઉપકાર માનવો ? તાત્પર્ય કે નમસ્કારમંત્ર આપણા પર મહાન ઉપકાર કરનારો છે, તેથી તેના પ્રત્યે સદા આદર રાખવો અને તેનું ભક્તિભાવથી સ્મરણ કરવું, એ પરમ હિતાવહ છે.

# નમસ્કાર મંત્ર સિદ્ધિ

બીજો—સાધનાખંડ

## [ ૧૩ ]

## સાધનાની આવશ્યકતા

સાધ્યખંડ પૂરો થયો. હવે સાધનાખંડ શરૂ થાય છે. આ ખંડમાં નમસ્કારમંત્રની સાધના, આરાધના કે ઉપાસના અંગે કેટલીક મહત્ત્વની વિચારણાઓ રજૂ કરવામાં આવી છે તથા સાધનાનાં મુખ્ય અંગો—જેવાં કે સ્મરણ, જપ, ધ્યાન, પૂજન, યંત્ર વગેરેનાં સ્વરૂપ તથા વિધિ અંગે વિસ્તૃત વિવેચન કરવામાં આવ્યું છે. તેનું શાંત–સ્વસ્થ ચિત્તે વાંચન–મનન કરવું, એ પાઠકોનું પરમ કર્તવ્ય છે.

સાધ્યની સિદ્ધિ કરવા માટે જે ખાસ ક્રિયા કે પ્રવૃત્તિ કરવામાં આવે છે, તેને '**સાધના**' કહેવાય છે. એક વિદ્યાર્થીને એમ. એ. એટલે 'માસ્ટર ઓફ આર્ટસ્' થવું હોય તો એ શાળાએ જાય છે, અમુક વિષયો શીખે છે, તે માટે યોજાયેલી પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થાય છે અને ક્રમશઃ ઊંચાં ધોરણો પ્રાપ્ત કરતો જાય છે. આ રીતે અમુક વર્ષ સુધી એકધારી પ્રવૃત્તિ કરતાં છેવટે એ 'માસ્ટર ઓફ

આર્ટ્સ્' થાય છે. ઉક્ત વિદ્યાર્થીએ પોતાનું ધ્યેય કે સાધ્ય સિદ્ધ કરવા માટે આ રીતે જે પ્રવૃત્તિઓ કરી, પુરુષાર્થ સેવ્યો, તે એક પ્રકારની સાધના છે.

અહીં વિચારવાનું એ છે કે 'જો એ વિદ્યાર્થીએ આ પ્રકારની સાધના કરી ન હોય તો શું એ 'માસ્ટર ઓફ આર્ટ્સ્' થઈ શકત ખરો ? એક વિદ્યાર્થી આજે એવી ઇચ્છા કરે કે મારે 'માસ્ટર ઓફ આર્ટ્સ્' થવું છે, તો આવતી કાલે જ તે 'માસ્ટર ઓફ આર્ટ્સ્' બની જાય એ શક્ય નથી, સંભવિત નથી. તે માટે પોતાની ભૂમિકા અનુસાર કેટલાક સમય સુધી વિશિષ્ટ સાધના કરવી જ પડે છે.

મહાન વૈજ્ઞાનિક એડીસનને એવો ખ્યાલ આવ્યો કે વિદ્યુત્શક્તિ ( Eleetricity ) નું પ્રકાશ ( Light ) માં રૂપાંતર થઈ શકે ખરું, એટલે તેણે પ્રયત્નો આરંભ્યા. આ પ્રયત્નો વર્ષો સુધી ખંતપૂર્વક ચાલુ રાખ્યા અને પ્રયોગની સંખ્યા પાંચ આંકડા વટાવી ગઈ. ત્યારે તેમાં સિદ્ધિ સાંપડી. આ પ્રયોગો દરમિયાન વાળ જેવા બારીક તારની જરૂર જણાતાં અને તે વાંસમાંથી બની શકશે એવો ખ્યાલ આવતાં તેણે પોતાના માણસોને દુનિયાના જુદા જુદા ભાગોમાં મોકલી આપ્યા. તેમણે વાંસની ૩૦૦ જેટલી જાતો એકઠી કરી. તેમાંથી કયો વાંસ અધિક કામ આપશે ? તેનો નિર્ણય કરવામાં આવ્યો અને ત્યારબાદ કામ આગળ ધપાવવામાં આવ્યું. આ પરથી સમજી શકાશે કે સાધ્યની સિદ્ધિ કરવા માટે મનુષ્યને કેવી અને કેટલી સાધના કરવી પડે છે.

વિજ્ઞાનના ક્ષેત્રમાં આજે જે ભવ્ય સિદ્ધિઓનાં દર્શન થાય છે, તે અનેક વૈજ્ઞાનિકોની જહેમતભરી સાધનાનું પરિણામ છે. તેની એક એક સિદ્ધિનો ઇતિહાસ વાંચીએ તો આપણા મુખમાંથી સહસા ઉદ્ગાર નીકળી પડશે કે 'આ તે કેવી ભવ્ય સાધના !' વધારે દૂર જવું ન હોય તો હાલ આકાશના રહસ્યો શોધવા માટે વૈજ્ઞાનિકો તરફથી જે પ્રવૃત્તિઓ ચાલી રહી છે, જે સાધના થઈ રહી છે, તે પર નજર નાખો.

આજથી પચાસ વર્ષ પહેલાં ચંદ્ર પર પહોંચવાની વાતને લોકો શેખચલ્લીનો તર્ક કહેતા, બુદ્ધિમાન લોકો તેનો ઉપહાસ કરતા. પરંતુ વૈજ્ઞાનિકોએ પોતાની સાધનાના બળે શેખચલ્લીના એ તર્કને શકયતાની ભૂમિ પર મૂકી દીધો અને આજે તો એ સિદ્ધિને વરી ચૂકયા છે. તેનું શું પરિણામ આવશે ? એ વાત બાજુએ રાખો, પણ તેઓ સાધ્યની સિદ્ધિ માટે કેવો પુરુષાર્થ કરે છે અને તે માટે કેટલો ભોગ આપે છે ? તેનો વિચાર કરો.

ચિત્રકાર, સ્થપતિ, સંગીતજ્ઞ વગેરેની વિશિષ્ટ સિદ્ધિઓ જોઇને આપણે ઘણી વાર આશ્ચર્યચકિત થઈએ છીએ, પણ આ સિદ્ધિઓ એકાએક કે અકસ્માત પ્રાપ્ત થયેલી હોતી નથી. તેની પાછળ ઘણી મોટી સાધના હોય છે, વર્ષોનો અખંડ પુરુષાર્થ હોય છે.

ધાર્મિક તથા આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ આ જ પરિસ્થિતિ છે. તેમાં જે કંઈ પ્રગતિ થાય છે, વિકાસ સધાય છે અથવા

તો સિદ્ધિનાં દર્શન થાય છે, તે વિશિષ્ટ પ્રકારની સાધનાને આભારી છે. સાધના ન હોય તો પ્રગતિ થાય નહિ, વિકાસ સધાય નહિ કે સિદ્ધિનાં દર્શન થાય નહિ. સિદ્ધિ એ સાધનાનું જ પરિણામ છે, તેથી સાધના વિના સિદ્ધિની કલ્પના કરવી અત્યંત મુશ્કેલ છે. જો શરીર વિના મનુષ્ય, હાથી કે સિંહની કલ્પના થઈ શકે, તો જ સાધના વિના સિદ્ધિની કલ્પના થઈ શકે.

સુજ્ઞ પાઠકો એટલું યાદ રાખે કે સિદ્ધિ વડે ચમત્કાર સર્જી શકાય છે, પણ ચમત્કાર વડે સિદ્ધિ સર્જી શકાતી નથી. તે માટે તો એક યા બીજા પ્રકારની સાધનાનો આશ્રય લેવો જ પડે છે. શ્રમણ ભગવાન મહાવીરને કેવલજ્ઞાનની સિદ્ધિ કરવી હતી તો તેમણે કેવી સાધના કરી, તે જુઓ! સાડા બાર વર્ષ અને એક પક્ષની તેમની સાધનાનો વૃત્તાંત સાંભળતાં આપણા રોમાંચ ખડા થઈ જાય છે.

એક વાર કોઈ ગોવાળ તેમને રાશ એટલે સૂતરના જાડા દોરડાથી મારવા તૈયાર થયો, ત્યારે ઇંદ્રે પ્રકટ થઇને કહ્યું કે 'હે ભગવન્! આપને સાધનાકાલ દરમિયાન ઘણા ઉપસર્ગો થવાના છે, માટે અનુજ્ઞા આપો તો હું આપની સાથે રહું અને એ ઉપસર્ગોનું નિવારણ કરું.' ત્યારે શ્રમણ ભગવાન મહાવીરે કહ્યું : 'હે ઇંદ્ર! તીર્થંકરો કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરે છે, તે પોતાના પુરુષાર્થથી જ કરે છે, કોઈ દેવની સહાયથી નહિ. માટે તું તારા રસ્તે સીધાવ અને મને મારી સાધના કરવા દે.' આ શબ્દો શું સૂચવે છે?

જો ચમત્કાર વડે સિદ્ધિ સર્જી શકાતી હોય, તો ભગવાન સાડા બાર વર્ષ અને એક પક્ષ સુધી અતિ કઠિન સાધના શા માટે કરત?

ગુરુની કૃપા થાય તો તેઓ જ્ઞાન આપે, સાચો માર્ગ દેખાડે, પણ માર્ગ પર ચાલવાનો પ્રયત્ન કે પુરુષાર્થ તો આપણે જ કરવો પડે. જો આવો પુરુષાર્થ કરીએ નહિ, તો માર્ગ મળ્યો એ ન મળ્યા બરાબર છે. જે જ્ઞાનનો સક્રિય અમલ નથી, તે અજાગલસ્તનવત્* નિરર્થક છે.

જે કરે તે ચરે, એ ન્યાયે સાધના કરનારને સિદ્ધિ સાંપડે, અન્યને નહિ. લાડૂ એક મનુષ્ય ખાય અને તેનો સ્વાદ બીજાને આવે, એમ કદી બને ખરૂં? ખરી હકીકત એ છે કે જેને લાડૂનો સ્વાદ ચાખવો હોય, તેણે લાડૂ મેળવવો જોઈએ અને પોતાના મુખમાં મૂકવો જોઈએ.

અહીં પ્રસંગવશાત્ એ પણ જણાવી દઈએ કે આપણને માનવનો દેહ મળ્યો, સંપત્તિ મળી, સુખનાં સાધનો મળ્યાં, એ બધું પૂર્વ ભવની સાધના કે આરાધનાનું જ પરિણામ છે, એટલે તેનું મહત્ત્વ જરાયે ઓછું આંકવા જેવું નથી. અહીં તે અંગે એક નાનકડી ઘટના યાદ આવે છે.

સૌરાષ્ટ્રના લોકપ્રિય રાજવી આલા ખાચર સભા ભરીને બેઠા હતા. જન્મદિવસનો પ્રસંગ હોઈ બધા ખુશખુશાલ હતા. ભાટચારણો નવનવાં સુંદર કાવ્યો રચીને તેમને અંજલિ

---

+ અજા—બકરી, ગલ—ગળું, સ્તન—આંચળ. બકરીના ગળે જે આંચળ ઊગે છે, તે કશું દૂધ આપતા નથી, એટલે કે તે માત્ર દેખાવનાં હોય છે અને તેથી નિરર્થક ગણાય છે.

આપી રહ્યા હતા. એવામાં એક નવજુવાન ચારણ ઊભો થયો અને તેણે નીચેનું જોડકણું સંભળાવ્યું :

તું કરતો તો તપ, તે દિ હું ભરતો તો ભાલિયા;
દેવું હોય તો દે, નહિ તો રહેવા દે આલિયા.

સહુ તેના તરફ એકીટશે તાકી રહ્યા અને હમણા કંઈ નવા–જૂની થશે, એમ માનીને તેની પ્રતીક્ષા કરવા લાગ્યા. પણ આલો ખાચર બહુ સમજુ હતો. તે આ જોડકણાનો ભાવાર્થ બરાબર સમજી ગયો અને તેને શાબાશીપૂર્વક બધા કરતાં મોટું ઇનામ આપ્યું.

તેના કહેવાનો ભાવાર્થ એ હતો કે 'હે આલાખાચર ! તને આ રાજ્ય મળ્યું છે, તે એમને એમ મળ્યું નથી, પણ તેં પૂર્વ ભવમાં ઘણી તપશ્ચર્યા કરેલી, સાધના કરેલી, તેથી મળ્યું છે. હવે તું પૂર્વભવમાં આ રીતે સાધના કરતો હતો, ત્યારે હું તારો ઉત્તરસાધક હતો, એટલે પાણીના ભાલિયા અર્થાત્ ઘડા ભરતો અને બીજી પણ સેવા કરતો. આમ તું અને હું પૂર્વભવના મિત્રો છીએ અને તને રાજ્ય મળ્યું તેમાં મારો પણ હિસ્સો છે. આ વાતનો વિચાર કરીને હે મારા મિત્ર આલિયા ! તારે કંઇ પણ આપવું હોય તો આપીને તારું કર્તવ્ય બજાવ, અન્યથા મારે કાંઇ કહેવું નથી.'

તાત્પર્ય કે આપણને મનુષ્યભવ મળ્યો, સંપત્તિ મળી, સુખનાં સાધનો મળ્યાં, એ પૂર્વભવની સાધનાનો પ્રતાપ છે.

પૂર્વભવની એ સાધનામાં નમસ્કારમંત્રની સાધના પણ કેટલાક પ્રમાણમાં થઇ હશે, કારણ કે નરભવના સુખનું

કારણ પણ નમસ્કારમંત્ર જ છે, એમ શાસ્ત્રકારોનું કથન છે. હવે એ સાધના આગળ વધારવી કે નહિ ? એ આપણે વિચારવાનું છે.

જો સાધના વિના સિદ્ધિ મળતી હોત તો સહુ કોઈ સિદ્ધિને પ્રાપ્ત કરી સિદ્ધ બની ગયા હોત અને અક્ષય–અવિચલ સુખ ભોગવતા હોત; પછી સંસારમાં નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ નામની ચાર ગતિ પણ ન રહેત અને ભવભ્રમણ જેવી કોઈ ક્રિયા પણ ન રહેત; પરંતુ આપણે જાણીએ છીએ કે આજે ચારે ગતિઓ વિદ્યમાન છે અને આપણું તેમજ બીજા અનંત જીવોનું ભવભ્રમણ ચાલુ છે. એટલે સાધના કરે, તેને જ સિદ્ધિ મળે, એ કુદરતનો કાનૂન અટલપણે અમલમાં છે.

નમસ્કારમંત્ર શ્રેષ્ઠ છે, પવિત્ર છે, મહાન છે, અદ્ભુત છે, અલૌકિક છે, ત્રિકાલ મહિમાવંત છે, અચિંત્ય પ્રભાવશાલી છે, જિનશાસનનો સાર છે તથા અનેક પ્રકારની વિશેષતાઓ ધરાવે છે, એવું પ્રતિપાદન કરવાનો મુખ્ય આશય તો એ જ છે કે જ્યારે આવો એક ઉત્તમ મંત્ર આપણને અનાયાસે પ્રાપ્ત થઈ ગયો છે, ત્યારે તેની સાધના–આરાધના–ઉપાસના અવશ્ય કરવી જોઈએ અને તેનાથી આપણા જીવનને ધન્ય બનાવવું જોઈએ.

એક વસ્તુ અત્યંત લાભકારી છે, એમ જાણ્યા પછી તેનો આપણા જીવન સાથે કોઈ સંબંધ ન જોડીએ તો

આપણા જેવા મૂર્ખ કોણ ? ડાહ્યો અથવા પંડિત તો તે જ ગણાય કે જે ક્રિયાશીલ છે, જાણેલું અમલમાં મૂકે છે. તે અંગે શાસ્ત્રકાર મહર્ષિઓનાં વચનો સાંભળવા જેવાં છે :

अधीत्य शास्त्राणि भवन्ति मूर्खा,
यस्तु क्रियावान् पुरुषः स विद्वान् ।
संचिन्त्यतामौषधमातुरं हि
न ज्ञानमात्रेण करोत्यरोगम् ॥

'મનુષ્યો વિવિધ શાસ્ત્રો ભણવા છતાં મૂર્ખ રહે છે, કારણ કે તેઓ જાણેલું અમલમાં મૂકતા નથી. જે પુરુષ ક્રિયાવાન–ક્રિયાશીલ હોય, તેને જ વિદ્વાન કહેવાય. ઔષધનું સારી રીતે ચિંતન કરનાર રોગીને ઔષધના જ્ઞાનમાત્રથી આરોગ્યની પ્રાપ્તિ થતી નથી.' તાત્પર્ય કે તેને તેવું ઔષધ પ્રાપ્ત કરવું પડે છે તથા તેનું યથાવિધિ સેવન કરવું પડે છે, તો જ તેને આરોગ્યની પ્રાપ્તિ થાય છે.

જૈન ધર્મે માત્ર જ્ઞાનથી કે માત્ર ક્રિયાથી મોક્ષ માન્યો નથી, પરંતુ ઉભયના યોગથી મોક્ષ માનેલો છે. તેથી અભ્યુદયની ઇચ્છા રાખનાર સ્ત્રી–પુરુષોએ જ્ઞાનસંપાદન પછી ક્રિયાકુશલતા તરફ દૃષ્ટિ દોડાવવી જોઈએ અને તેમાં જ્યારે સફલતા મળે, ત્યારે જ સંતોષ માનવો જોઈએ.

ટૂંકમાં 'સાધના વિના સિદ્ધિ નહિ' એ એક સિદ્ધ હકીકત છે, તેથી નમસ્કારમંત્રની સિદ્ધિ કરવા માટે તેની સાધના અવશ્ય કરવી જોઈએ.

# [૧૪]

## સાધના ક્યાં કરવી ?

મંત્રસાધનામાં સ્થાન પણ એક મહત્ત્વની વસ્તુ છે. જો સ્થાન અનુકુળ હોય તો સાધનામાં સહાય મળે છે અને સિદ્ધિ સત્વર થાય છે; અન્યથા સાધનામાં વિક્ષેપ પડે છે અને સિદ્ધિ દૂર ઠેલાય છે. તેથી મંત્રસાધના ક્યાં કરવી? તે બરાબર જાણી લેવું જોઇએ.

મંત્રવિશારદોના અભિપ્રાયથી જ્યાં તીર્થંકર ભગવાનના ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલજ્ઞાન અને નિર્વાણ, એ પાંચ કલ્યાણકોમાંથી એક કે વધુ કલ્યાણકો થયાં હોય અથવા જ્યાં તેમણે વધારે સ્થિરતા કરેલી હોય કે જ્યાં તેમના જીવનની કોઇ મોટી ઘટના બનેલી હોય, તે સ્થાન ખાસ પસંદ કરવા યોગ્ય છે, કારણ કે ત્યાંના વાતાવરણ પર એ પરમ પુરુષોનો વિશિષ્ટ પ્રભાવ પડેલો હોય છે અને તેમની સ્મૃતિ મંત્ર-સાધના માટે પ્રેરણાનો અવિરત સ્રોત બની રહે છે.

આજે તીર્થંકરોની કલ્યાણકભૂમિઓમાં મોટા ભાગે મંદિર તથા ધર્મશાળા બંધાયેલા છે તથા ત્યાં પ્રાયઃ ભોજન-શાળાની વ્યવસ્થા પણ છે, એટલે ત્યાં મંત્રસાધના માટે ૪૫ થી ૯૦ દિવસ કે આવશ્યકતા અનુસાર થોડા વધારે દિવસો સુધી રહેવું હોય તો રહી શકાય છે. સાથે પોતાના ખાસ માણસો કે ઉત્તરસાધક હોય તો ભોજનાદિની સ્વતંત્ર વ્યવસ્થા પણ કરી શકાય છે. પાઠકોની જાણ માટે ચોવીશ જિનની કલ્યાણકભૂમિઓનો કોઠો અહીં આપવામાં આવ્યો છે.

## ચોવીશી જિનની કલ્યાણક-ભૂમિનો કોઠો

| ક્રમાંક | પ્રાચીન તીર્થો નગરીઓનાં નામ | કેટલામા તીર્થંકર | જિનેશ્વર ભગવંતોનાં નામ | ચ્યવન | જન્મ | દીક્ષા | કેવળ | નિર્વાણ | કુલ | નગરીમાં કુલ કેટલાક કલ્યાણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વિનીતા અથવા અયોધ્યા | ૧ | ઋષભદેવ | ૧ | ૧ | ૧ | — | — | ૩ | ૧૯ |
| | | ૨ | અજિતનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | |
| | | ૪ | અભિનંદન | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | |
| | | ૫ | સુમતિનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | |
| | | ૧૪ | અનંતનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | |
| ૨ | પ્રયાગ અથવા અલ્હાબાદ | ૧ | ઋષભદેવ | — | — | — | ૧ | — | ૧ | ૧ |
| ૩ | અષ્ટાપદ પર્વત | ૧ | ઋષભદેવ | — | — | — | — | ૧ | ૧ | ૧ |
| ૪ | શ્રાવસ્તી નગરી | ૩ | સંભવનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | ૪ |
| ૫ | કૌશાંબી | ૬ | પદ્મપ્રભસ્વામી | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | ૪ |
| ૬ | બનારસ અથવા વારાણસીમાં | | | | | | | | | |
| | અ ભદૈનીમાં | ૭ | સુપાર્શ્વનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | ૧૬ |
| | આ ભેલુપુરમાં | ૨૩ | પાર્શ્વનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | |
| | ઇ ચંદ્રપુરીમાં | ૮ | ચંદ્રપ્રભસ્વામી | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | |
| | ઈ સિંહપુરીમાં | ૧૧ | શ્રેયાંસનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | |
| ૭ | કાકંદી | ૯ | સુવિધિનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | ૪ |
| ૮ | ભદ્દીલપુર | ૧૦ | શીતલનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | ૪ |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ચંપાપુરી | ૧૨ | વાસુપૂજ્ય સ્વામી | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૫ | ૫ |
| ૧૦ | કંપિલપુરી | ૧૩ | વિમલનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | ૪ |
| ૧૧ | રત્નપુરી | ૧૫ | ધર્મનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | ૪ |
| ૧૨ | હસ્તિનાપુરી | ૧૬ | શાંતિનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | |
| | | ૧૭ | કુંથુનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | ૧૨ |
| | | ૧૮ | અરનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | |
| ૧૩ | મિથિલા | ૧૯ | મલ્લિનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | ૮ |
| | | ૨૧ | નમિનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | |
| ૧૪ | રાજગૃહી | ૨૦ | મુનિસુવ્રત સ્વામી | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | ૪ |
| ૧૫ | શૌરીપુર | ૨૨ | નેમિનાથ | ૧ | ૧ | — | — | — | ૨ | ૨ |
| ૧૬ | ક્ષત્રિયકુંડ | ૨૪ | મહાવીર સ્વામી | ૧ | ૧ | ૧ | — | — | ૩ | ૩ |
| ૧૭ | ઋજુવાલિકા નદીના કિનારે | ૨૪ | મહાવીર સ્વામી | — | — | — | ૧ | — | ૧ | ૧ |
| ૧૮ | પાવાપુરી | ૨૪ | મહાવીર સ્વામી | — | — | — | — | ૧ | ૧ | ૧ |
| ૧૯ | ગિરનાર | ૨૨ | નેમિનાથ | — | — | ૧ | ૧ | ૧ | ૩ | ૩ |
| ૨૦ | સમેતશિખર | — | શ્રી ઋષભદેવ, શ્રી વાસુપૂજ્ય સ્વામી શ્રી નેમિનાથ તથા શ્રી મહાવીર સ્વામી સિવાયના ૨૦ જિનો | — | — | — | — | ૨૦ | ૨૦ | ૨૦ |
| | | | | | | | | | | ૧૨૦ |

જ્યાં કોઈ સિદ્ધ પુરુષે અમુક સમય સ્થિરતા કરીને મંત્રસિદ્ધિ કરેલી હોય, તે સ્થાન પણ પસંદ કરવા યોગ્ય છે, તથા તીર્થની ખ્યાતિ પામેલાં સ્થાનો કે ત્યાંનું વાતાવરણ પવિત્ર અને પ્રેરણાત્મક હોય છે, તે પણ પસંદ કરવા યોગ્ય છે.

તીર્થોને આપણે વંદનીય માન્યાં છે અને તેથી જ ચૈત્યવંદન—પ્રસંગે કહીએ છીએ કે—

जं किंचि नाम तित्थं, सग्गे पायालि माणुसे लोए ।
जाइं जिणबिंबाइं, ताइं सव्वाइं वंदामि ॥

'સ્વર્ગ, પાતાલ અને મનુષ્યલોકમાં જે કોઈ તીર્થો હોય અને જે જે જિનબિંબો હોય, તે સર્વને હું વંદન કરું છું.'

વળી સકલાર્હત્સ્તોત્રના પાઠસમયે બોલાતી નિમ્ન ગાથા પણ આપણી તીર્થવિષયક ભાવનાનો સુંદર પડઘો પાડે છે :

ख्यातोऽष्टापदपर्वतो गजपदः सम्मेतशैलाभिधः,
श्रीमान् रैवतकः प्रसिद्धमहिमा शत्रुञ्जयोमण्डपः ।
वैभारः कनकाचलोऽर्बुदगिरिः श्रीचित्रकूटादयः,
तत्र श्रीऋषभादयो जिनवराः कुर्वन्तु वो मङ्गलम् ॥

'પ્રસિદ્ધ એવો અષ્ટાપદ પર્વત, ગજાગ્રપદ અથવા દશાર્ણકૂટ પર્વત, સમેતશિખર, શોભાવાળો ગિરનાર પર્વત, પ્રસિદ્ધ મહિમાવાળો શત્રુંજયગિરિ, માંડવગઢ, વૈભારગિરિ,

કનકાચલ (સુવર્ણગિરિ), શ્રી ચિત્રકૂટ આદિ તીર્થો છે ત્યાં રહેલા શ્રી ઋષભ વગેરે જિનેશ્વરો તમારું કલ્યાણ કરો.'

પ્રાતઃકાલીન પ્રતિક્રમણ વખતે સકલતીર્થને વંદના કરવામાં આવે છે, તે વખતે નીચેનાં પદ્યો બોલવામાં આવે છેઃ

સમેતશિખર વંદુ જિન વીશ, અષ્ટાપદ વંદું ચોવીશ;
વિમલાચલ ને ગઢ ગિરનાર, આબૂ ઉપર જિનવર જુહાર.
શંખેશ્વર કેસરિયો સાર, તારંગે શ્રી અજિત જુહાર;
અંતરિક વરકાણો પાસ, જીરાવલો ને થંભણ પાસ.
ગામ નગર પુર પાટણ જેહ, જિનવર ચૈત્ય નમું ગુણગેહ;
વિહરમાણ વંદું જિન વીશ, સિદ્ધ અનંત નમું નિશદિશ.

અહીં એ પણ જણાવી દઈએ કે કાલબળે કેટલાંક તીર્થો નષ્ટ થયાં છે, તો કેટલાંક નવાં તીર્થો અસ્તિત્વમાં આવ્યાં છે, પણ તીર્થોની પરંપરા બરાબર જળવાઈ રહી છે. આ તીર્થો નિર્માણ કરવામાં તથા તેનું સંરક્ષણ કરવામાં જૈન સંઘે અબજો રૂપિયા ખર્ચ્યા છે અને બીજો ભોગ પણ ઘણો આપ્યો છે. જેણે પોતાના જીવનમાં આ પવિત્ર તીર્થોની એક વાર પણ યાત્રા કરી નથી, તેનું જીવન સફળ શી રીતે કહેવાય ? પૂજ્યપૂજા, દયા, દાન, વગેરેની જેમ તીર્થયાત્રા પણ માનવજીવનનું એક મધુર ફળ છે, એ ભૂલવાનું નથી.

અહીં એ પણ જણાવી દઈએ કે તીર્થસ્થાનો એ સહેલ કરવાનું કે મોજમજાહ કરવાનું સ્થાન નથી, પણ વ્રત-નિયમો ઉચ્ચરવાનું, તપશ્ચર્યા કરવાનું તથા મંત્રસાધના કે

યોગસાધના કરવાનું સ્થાન છે. એ દૃષ્ટિએ તેની પવિત્રતા બરાબર જળવાઇ રહેવી જોઇએ.

આધુનિક કાલે પ્રસિદ્ધ જૈન તીર્થોની ગણના નીચે મુજબ થાય છે :

**સૌરાષ્ટ્રમાં** :–શત્રુંજય, ગિરનાર, તાલધ્વજ (તળાજા), કદંબગિરિ, અજાહરા પાર્શ્વનાથ (ઊના–દેલવાડા) વગેરે.

**કચ્છમાં** :–ભદ્રેશ્વર તથા અબડાસાની પંચતીર્થી કે જેમાં સુથરી, કોઠારા, જખૌ, નળિયા અને તેરાનો સમાવેશ થાય છે.

**ગુજરાતમાં** :–શંખેશ્વર, સેરીસા, પાનસર, ભોયણી, મહેસાણા, તારંગા, ઇડર, કાવી, ગાંધાર, અગડિયાજી વગેરે.

**બૃહદ્‌રાજસ્થાન** :–એટલે–મારવાડ–મેવાડમાં–આબૂ, કુંભારિયા, બામણવાડા, રાણકપુર–પંચતીર્થી, જીરાવલાપાર્શ્વ-નાથ, ફલોધિ, કેસરિયાજી, સાચોર, નાકોડા, જેસલમેર વગેરે.

**મધ્ય ભારતમાં** :–એટલે માલવા અને બુંદેલખંડમાં–માંડવગઢ, અંતરીક્ષજી, મક્ષીજી, ઉજ્જૈન, ભોપાવર વગેરે.

**ઉત્તર પ્રદેશમાં** :–હસ્તિનાપુર, મથુરા, પ્રયાગ–અલ્હાબાદ, વારાણસી (કાશી), અયોધ્યા, સેટમેટકા કિલ્લા (શ્રાવસ્તી) વગેરે.

**બિહાર પ્રાંતમાં** :–રાજગૃહ અને તેના પાંચ પહાડો, પાવાપુરી, ક્ષત્રિયકુંડ, કાકંદી, ચંપાપુરી વગેરે.

**આંધ્ર પ્રદેશમાં** :–કુલ્પાકજી વગેરે.

**મહારાષ્ટ્રમાં** :–અંતરીક્ષજી, ભાંડકજી (શ્રી ભદ્રાવતી પાર્શ્વનાથ) કુંભોજ વગેરે.

આ સિવાય બીજાં પણ ઘણાં તીર્થો છે. તેમાંનું કોઇ પણ તીર્થ મંત્રસાધના માટે પસંદ કરી શકાય.

જિનમંદિર, વનપ્રદેશ, નદીનો કિનારો અને પદ્મસરોવરની પાળ વગેરે પણ મંત્રસાધના માટે ઉત્તમ મનાયેલ છે. જિન-મંદિર સામાન્ય રીતે અતિ સ્વચ્છ અને પવિત્ર છે, પરંતુ જે જિનમંદિર વિશાળ હોય અને જેના એક ભાગમાં બેઠક જમાવી શકાય તેમ હોય, તેની પસંદગી કરવા યોગ્ય છે. વળી તે એકાંતમાં આવેલું હોય તો વધારે પસંદ કરવા યોગ્ય છે, કારણ કે ત્યાં શાંતિ સારા પ્રમાણમાં જળવાઇ રહે છે.

વનપ્રદેશ તેની સ્વાભાવિક રમણીયતા તથા શાંત વાતાવરણને લીધે પસંદ કરવા યોગ્ય છે. 'વનમાં જતાં ધ્યાનસ્થ મુનિ જોવામાં આવ્યા' વગેરે શાસ્ત્રીય ઉલ્લેખો એમ બતાવે છે કે પૂર્વકાલે મંત્રસાધના માટે વનપ્રદેશને ખાસ પસંદગી અપાતી. આ મંત્રસાધના માટે કોઈ વનપ્રદેશ પસંદ કરવો હોય તો ત્યાં નાનકડો આશ્રમ, પર્ણકુટિ કે સાદું એવું ઘર હોવું જોઈએ તથા નજીકમાં જલાશયની વ્યવસ્થા જોઇએ, તો જ સાધના સારી રીતે કરી શકાય. રહેવાના સ્થાનના અભાવે વનપ્રદેશમાં લાંબો વખત રહી શકાય નહિ. આજે હરદ્વાર નજીક આવેલા ઋષિકેશ વગેરે સ્થાનોમાં આ પ્રકારની વ્યવસ્થા છે, તેથી જ અનેક યોગસાધકો તથા મંત્રારાધકોએ ત્યાં સ્થિરતા કરેલી છે.

નદીનો કિનારો એટલા માટે પસંદ કરવા યોગ્ય છે કે ત્યાં મોટા ભાગે વૃક્ષકુંજો કે હરિયાળાં ખેતરો હોય છે,

જે ચિત્તને શાંત, સ્વચ્છ તથા પ્રસન્ન રાખવા માટે ઘણા ઉપયોગી છે.

જે સરોવરમાં કમળો ખીલેલાં હોય, તેને પદ્મસરોવર કહેવામાં આવે છે. તેનું પ્રાકૃતિક સૌંદર્ય અદ્ભુત હોય છે. વળી તેની પાળ પરથી જે પવન આવતો હોય છે, તે શીતળ અને સુગંધી હોવાથી ત્યાં બેસી રહેવાનું મન થાય છે. આવી પાળનો એક ભાગ જ્યાં અવરજવર ઓછી હોય, ત્યાં મંત્ર-સાધના માટે સ્થાન જમાવી શકાય છે.

પુષ્પવાટિકા, બગીચો કે ઉપવન પણ મંત્રસાધના માટે પસંદ કરવા યોગ્ય છે, કારણ કે ત્યાંનું વાતાવરણ ખુશનુમા હોય છે અને શાંતિ પણ સારા પ્રમાણમાં પ્રસરેલી હોય છે.

સુંદર વૃક્ષઘટા પણ પસંદ કરવા યોગ્ય છે, કારણ કે તે ચિત્તને પ્રસન્ન કરનાર છે અને હવામાન ઠંડું રાખે છે. વળી અમુક મંત્રોની સાધના તો અમુક વૃક્ષની સમીપે કરવામાં આવે તો જ તેમાં સિદ્ધિ મળે છે. દાખલા તરીકે ગંધર્વરાજ મંત્રની સાધના કરવી હોય તો તે કદલીવનમાં જ કરવી જોઈએ, એટલે કેળો ખૂબ ઉગેલી હોય તેવા સ્થાનને જ પસંદગી આપવી જોઈએ. તેજ રીતે લક્ષ્મીમંત્રની સાધના કરવી હોય તો બિલીના વૃક્ષની સમીપે બેસીને કરવી જોઈએ. નમસ્કારમંત્ર માટે આવો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ જોવામાં આવ્યો નથી, પણ તે અશોકવૃક્ષની સમીપે બેસીને થાય તો સત્વર સિદ્ધિને આપનારો થાય, એમ અમારું માનવું છે; કારણ કે અશોકવૃક્ષ એ શ્રી જિનેશ્વર દેવના અષ્ટ-

મહાપ્રાતિહાર્યમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. શાલવૃક્ષ પણ તે માટે ઉપયોગી થાય ખરૂં. બિહાર–બંગાલની સરહદ પર અમે શાલવૃક્ષનાં વનો જોયાં છે અને તે સાધના માટે અનુકૂળ જણાયાં છે. શ્રમણ ભગવાન મહાવીરને કેવલજ્ઞાનની સિદ્ધિ શાલવૃક્ષ નીચે થઇ હતી, એ વસ્તુની પાઠકોને યાદ આપીએ છીએ.

પર્વતનો શિખરપ્રદેશ, પર્વતની ગુફાઓ તથા તળેટીનો અમુક ભાગ કે જ્યાં ઝાડી–ઝરણાં આવેલાં હોય, તે પણ મંત્રસાધના માટે અનુકૂળ ગણાય છે.

ગુરુ જે સ્થાને બિરાજતા હોય ત્યાં રહીને પણ મંત્ર-સાધના કરી શકાય છે, એટલે કે ઉપાશ્રય, પોષધશાળા વગેરે પણ મંત્રસાધના માટે ઉપયોગી છે.

જો અન્ય સ્થળે જવાની અનુકૂળતા ન હોય તો પોતાના નિવાસસ્થાનનો જ અમુક ભાગ પસંદ કરી તેને સાધનાને અનુકૂળ બનાવી શકાય છે. ત્યાં હંમેશાં સ્વચ્છતા–પવિત્રતા બરાબર રાખવી જોઇએ તથા ધૂપ–દીપ આદિ કરવા જોઇએ.

ટૂંકમાં જે સ્થાન પવિત્ર અને શાંત હોય તથા જ્યાં વિક્ષેપ થવાનો સંભવ અતિ અલ્પ હોય, ત્યાં રહીને મંત્ર–સાધના કરવી જોઈએ, જેથી સાધના સારી રીતે આગળ વધી શકે અને તેનું પરિણામ સુંદર આવે.

□

[ ૧૫ ]

## સાધના કેમ કરવી ?

સાધના કરવાની તત્પરતા હોય અને સાધના કરવા માટે અનુકૂળ સ્થાન પણ પસંદ કર્યું હોય, પરંતુ સાધના કેમ કરવી ? તેનું જ્ઞાન ન હોય તો એ સાધનાથી સિદ્ધિ મળતી નથી. આવું જ્ઞાન ગુરુ દ્વારા જ મળી શકે, તેથી જ તેમની સેવાભક્તિ કરી કૃપા મેળવવાનો ઉપદેશ છે. પરંતુ અહીં અમે શ્રમણ ભગવાન મહાવીરે "સાધના કેમ કરવી ?" તને લગતા જે પાંચ સિદ્ધાંતોની પ્રરૂપણા કરી છે, તેનાથી પાઠકોને પરિચિત કરવા ઈચ્છીએ છીએ.

અહીં એટલી સ્પષ્ટતા ઉચિત ગણાશે કે શ્રમણ ભગવાન મહાવીરે આ પાંચ સિદ્ધાંતોની પ્રરૂપણા વડે 'ઇશ્વર કૃપાવાદ' તથા 'ભવિતવ્યતાવાદ'નું નિરસન કરીને લોકોને પુરુષાર્થની અજબ ચેતના રેડી હતી; તેથી સંયમસાધના, યોગસાધના કે મંત્રસાધના માટે લોકોમાં ઘણો જ ઉત્સાહ પ્રકટયો હતો અને તેનાં પરિણામો ઘણાં સુંદર આવ્યાં હતાં.

તીર્થંકરનું વચન, જિનેશ્વર ભગવંતનો બોલ એ આપણા સહુને માટે છેવટનો બોલ છે. તેમના સેવક તરીકે

આપણે અંતરથી એમ જ માનવું જોઈએ કે 'तमेव सच्चं निस्संकं जं जिणेहिं पवेइयं—તે જ સાચું છે અને તેજ નિઃશંક છે કે જે શ્રી જિનેશ્વર ભગવંતે કહેલું છે.' આવી શ્રદ્ધા—આવો વિશ્વાસ પ્રકટ્યા વિના તેમણે પ્રરૂપેલા સિદ્ધાંતોનું યથાર્થ અનુસરણ શી રીતે થઈ શકે ?

શ્રમણ ભગવાન મહાવીર આ જગતના એક અજોડ અદ્વિતીય સાધક હતા અને અતિ કઠિન સાધનામાંથી પાર ઉતર્યા હતા. એ દૃષ્ટિએ પણ તેમણે પ્રરૂપેલા આ પાંચ સિદ્ધાંતો પરમ શ્રદ્ધેય ગણાવા જોઈએ.

આ પાંચ સિદ્ધાંતોનો અતિ સંક્ષેપમાં નિર્દેશ કરવો હોય તો (૧) ઉત્થાન, (૨) કર્મ, (૩) બલ, (૪) વીર્ય અને (૫) પરાક્રમ તરીકે કરી શકાય, પણ તેથી આપણો હેતુ સરશે નહિ, એટલે તે અંગે અહીં કેટલુંક વિવેચન કરીએ છીએ.

(૧) **ઉત્થાન**—એટલે આળસ મરડીને ઊભા થવું, જડતા ખંખેરીને જાગ્રત થવું, નિરાશાનો ત્યાગ કરવો અથવા તો પ્રમાદનો પરિહાર કરીને કર્તવ્ય બજાવવા તત્પર થવું.

જેઓ આળસુ છે, એદી છે, છાતી પર પડેલું બોર બીજી કોઈ વ્યક્તિ પોતાના મુખમાં મૂકે એમ ઇચ્છનારા છે, તેઓ આ જગતમાં મંત્રસાધના શી રીતે કરી શકવાના ?

આવી અનિચ્છનીય સ્થિતિ જડસુઓની છે. તેમનું મગજ જડતાથી એટલું ભરાઈ ગયેલું હોય છે કે કોઈ સાચી

યા સારી વાત તેમને સૂઝતી નથી, પછી નમસ્કારમંત્રની સાધના જેવું પવિત્ર કાર્ય તો તેમને ક્યાંથી સૂઝે ?

કેટલાક માણસો વાતવાતમાં નિરાશ કે નાસીપાસ થાય છે. તેમને કોઈ વાત આશાસ્પદ લાગતી નથી અને તેથી તેમાં શ્રદ્ધા જામતી નથી. તેઓ નમસ્કારમંત્રની સાધના કરવા માટે શી રીતે તત્પર થાય ?

પોતાનું ધ્યેય ભૂલનારો, સાધ્ય ચૂકી જનારો પ્રમાદી ગણાય છે. તે પ્રમાદરૂપી ખાબોચિયામાં પડ્યો રહે છે અને તેમાં જ આનંદ માને છે. ભાદરવા માસમાં કોઈ ભેંસ ખાબોચિયામાં પડી હોય, ત્યારે કેવો આનંદ માણે છે, તે તમે જાણતા જ હશો. પ્રમાદીને વળી સાધના કેવી ?

તાત્પર્ય કે આળસ ઉડાડી દઈએ, જડતાને ખંખેરી નાખીએ, નિરાશા કે નાસીપાસીને દૂર કરીએ અને પ્રમાદનો પરિહાર કરીએ તો જ મંત્રસાધના માટે તત્પર બનાય અને એ રીતે સફલતા માટેનું પહેલું પગલું માંડી શકાય.

(૨) **કર્મ**—એટલે નિશ્ચયપૂર્વક કામે લાગી જવું, ઉદ્યમ કરવા મચી પડવું કે કર્તવ્યનો સ્વીકાર કરવો.

ઉઠીને ઊભા તો થયા, પણ નિશ્ચયપૂર્વક કામે ન લાગ્યા કે ઉદ્યમ કરવા મચી ન પડ્યા કે વિહિત કર્તવ્યનો સ્વીકાર ન કર્યો, તો સફલતા શી રીતે મળવાની? કેટલાક રખડૂ કે બેદરકાર વિદ્યાર્થીઓને માતાપિતા નિશાળે ધકેલે છે, એટલે તેઓ નિશાળે જાય છે ખરા, પણ ત્યાં વિદ્યાર્જનનો ઉદ્યમ કરતા નથી કે 'મારે સારી રીતે ભણવું જોઈએ' એ વાતનો

સ્વીકાર કરીને ચાલતા નથી, તેનું શું પરિણામ આવે છે ? વર્ગની સહુથી છેલ્લી પાટલીઓ તેમને માટે અનામત રહે છે અને ત્રણ–ત્રણ કે ચાર ચાર વર્ષ સુધી તેઓ એ પાટલી–ઓને છોડતા નથી. નીતિકારોએ તો સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે–

**निद्रालस्यसमेतानां क्लीबानां क्व विभूतयः ।**
**सुसत्त्वोद्यमसाराणां, श्रियः पुंसां पदे पदे ॥**

'નિદ્રા અને આલસથી યુક્ત બાયલાઓને (ધન, સંપત્તિ, અધિકાર, યોગ્યતા, વિકાસ આદિ) વિભૂતિઓ ક્યાંથી મળે ? એ તો જે પુરુષો ઉદ્યમી અને પરાક્રમી છે, તેમને માટે જ સર્જાયેલી છે. તેઓ ડગલે ડગલે ( જ્ઞાનલક્ષ્મી, યશલક્ષ્મી, ધર્મલક્ષ્મી વગેરે ) લક્ષ્મી પામે છે.'

તાત્પર્ય કે મંત્રસાધના માટે તત્પર થયા પછી તે સાધનાને લગતા કામમાં લાગી જવું જોઈએ અને તે માટે જે કંઇ સાધન–સામગ્રી જોઈએ, સગવડ જોઇએ, તે મેળવી લેવી જોઈએ, 'ધર્મના કામમાં ઢીલ નહિ' એનો અર્થ જ એ છે કે કોઈ પણ સંયોગોમાં તેને 'આવતી કાલ' પર મુલતવી રાખવું ન જોઈએ. જેઓ 'ઘડપણમાં ગોવિંદગુણ ગાઈશું' એમ માનીને ધર્મની આરાધના કરવાનું કામ મુલતવી રાખે છે, તેમના શા હાલ થાય છે, તે જાણો છો ને ? તેમને એ આરાધના કરવાનો વખત જ આવતો નથી. કાલરૂપી બાજ ગમે ત્યારે તૂટી પડે છે અને તેમના મનની

સઘળી મુરાદો મનમાં જ રહી જાય છે, માટે જ તરત કામે લાગી જવાનો–ક્રિયાશીલ થવાનો ઉપદેશ છે. એમાં વયનું કોઇ બંધન નથી. મનુષ્ય પોતાનું કર્તવ્ય સમજતો થયો કે તેણે એ કર્તવ્યનો સ્વીકાર કરીને ચાલવું જોઇએ. આઠ–આઠ કે દશ–દશ વર્ષની ઉંમરનાં બાળકોએ પણ નમસ્કાર-મંત્રની સુંદર સાધના–આરાધના કર્યાના અનેક દાખલાઓ જૈન શાસ્ત્રોમાં નોંધાયેલા છે અને વર્તમાન કાલે પણ જોવામાં આવે છે.

(૩) **બલ**–એટલે સ્વીકૃત કાર્યમાં કાયા, વાણી તથા મનના બળને રેડવું, તેમાં પ્રાણ પૂરવો.

ઉઠીને ઊભા થયા, તેમ જ કામે લાગ્યા, પણ હાથ–પગ જોઇએ તેવા હલાવીએ નહિ કે તે માટે કોઈને બે વચનો કહેવાં જેવા હોય તે કહીએ નહિ કે તેની પ્રગતિ માટે કશો વિચાર કરીએ નહિ, તો એ કામમાં શી બરકત આવે ? આધુનિક યુગની એક મોટી બદી 'બેઠી હડતાળ' ના નામની છે. તેમાં માણસો કામે જાય છે ખરા, પણ હાથ–પગ હલાવતા નથી કે કોઈ પણ પ્રકારનું કાર્ય કરતા નથી. ત્યાં બધો વખત બેસી રહે છે, ટોળ–ટપ્પા મારે છે અને કોઇ નવો માણસ આવીને પોતાનું કામ ન કરી જાય, તેની તકેદારી રાખે છે ! આ વૃત્તિ–પ્રવૃત્તિ વ્યક્તિના વિકાસને તો રુંધે જ છે, પણ તે સાથે સમાજ અને રાષ્ટ્રના વિકાસને પણ રુંધે છે, તેમજ ધાર્મિક તથા આધ્યાત્મિક ક્ષેત્રોને દૂષિત કરે છે.

સજ્જન માણસનું તો એ જ લક્ષણ છે કે એક વખત કાર્યની જવાબદારીનો સ્વીકાર કર્યો કે તેમાં જરા પણ બેદરકારી કે લાપરવાહી કરવી નહિ. પોતાની સમગ્ર શકિતથી એ કામ પાર પાડવું.

તાત્પર્ય કે નમસ્કારમંત્રની સાધનાનો સ્વીકાર કર્યા પછી સાધકે તેમાં તન–મનથી ઝુકી જવું જોઈએ અને એ સાધનાને બને તેટલી ઉજ્જવલ બનાવવી જોઈએ.

(૪) **વીર્ય**:–એટલે સ્વીકૃત કાર્યને પાર પાડવામાં આનંદ માનવો, ઉત્સાહ રાખવો કે ઉમંગ ધરાવવો.

ઉઠીને ઊભા થયા. કામે લાગ્યા અને હાથ–પગ હલાવવા લાગ્યા, પણ મનમાં કોઈ જાતનો ઉલ્લાસ કે આનંદ ન હોય તો એ કામ વેઠ જેવું થઈ પડે અને તેથી લાંબો સમય ચાલે નહિ. આજની સંસ્થાઓમાં પરાણે પ્રમુખ થનાર કે શરમાશરમીથી મંત્રીપદનું ધોંસરું ગળે ભરાવનારાઓની આખરે શી હાલત થાય છે, એ આપણા કોઇથી અજાણી નથી. અંતરનો ઉલ્લાસ એ એક જુદી જ વસ્તુ છે. તેમાં પરિશ્રમનો શ્રમ જણાતો નથી કે સાધન–સંયોગોની કોઈ ફરિયાદ કરવાની હોતી નથી. સાધન ગમે તેવાં ટાંચાં હોય કે સંયોગો ગમે તેટલા પ્રતિકૂળ હોય, પણ અંતરનો ઉલ્લાસ એ બધાને પહોંચી વળે છે, તેથી જ સફલતાના એક સનાતન સિદ્ધાંત તરીકે તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

તાત્પર્ય કે સાધકે નમસ્કારમંત્રની સાધના પૂરા ઉલ્લાસ અને આનંદથી કરવાની છે. તે માટે કદી ખેદ કે કંટાળો

લાવવાનો નથી. 'સાધનાનો આવો અપૂર્વ અવસર ક્યાંથી મળે ?' 'મારા ધન્ય ભાગ્ય કે મને આ સાધનાનો વિચાર સૂઝ્યો.' 'પુણ્યશાળી આત્માઓને જ આવી સુંદર સાધનાનો યોગ મળે છે.' વગેરે વિચારોનું સેવન કરવાથી ઉત્સાહ કે ઉલ્લાસની વૃદ્ધિ થાય છે અને તે સફલતા ભણી ઝડપથી લઈ જાય છે.

(૫) **પરાક્રમ**–એટલે અંતરાયો, મુશ્કેલીઓ, પરીષહો કે વિઘ્નો સામે ધૈર્યપૂર્વક ઊભા રહેવું અને તેમને ઓળંગી જવાની વીરતા બતાવવી.

આપણે કોઈ પણ પ્રવૃત્તિ શરૂ કરીએ, એટલે તેમાં એક યા બીજા પ્રકારનું વિઘ્ન તો આવે જ છે. વળી 'સારાં કામમાં સો વિઘન' એ ઉક્તિ અનુસાર સારાં કાર્યોમાં વધારે વિઘ્નો આવે છે. મંત્રવિશારદોના અભિપ્રાય મુજબ સાધનાના પ્રથમ ત્રણ વર્ષોમાં વિઘ્નોની બહુલતા રહે છે અને સાધકે તેને ધૈર્યપૂર્વક ઓળંગવાની હોય છે. જો આ પ્રકારની તૈયારી ન હોય તો સિદ્ધિની વાત રહી જ ક્યાં ?

તાત્પર્ય કે નમસ્કારમંત્રના સાધકે સાધના દરમિયાન નાનાં મોટાં ગમે તેટલાં વિઘ્નો આવે, તેને ધૈર્યથી ઓળંગી જવા જોઈએ. એમ થતાં સિદ્ધિ હસતાં મુખડે સામે આવવાની અને વિજયની વરમાળ કંઠમાં પડવાની.

આ પ્રકરણના ઉપસંહારરૂપે એટલું જણાવીશું કે આ જગતમાં જે મહાપુરુષો કૃતકૃત્ય થયા, નિષ્ઠિતાર્થ થયા,

સિદ્ધ–બુદ્ધ–પારંગત થયા, તે સઘળાએ પુરુષાર્થનું જ આલંબન લીધું હતું અને પુરુષાર્થને જ પોતાનો જીવનમંત્ર બનાવ્યો હતો, એટલે એ વાત નિશ્ચિત છે કે પુરુષાર્થ એ જ અક્ષય–અનંત–અપરિમિત સુખનું સાચું સાધન છે.

ચડવું યા પડવું, એ મનુષ્યના પોતાના હાથની વાત છે. જે મનુષ્યો ગમાર બનીને ગફલતમાં રહે છે, તેઓ અધઃપતનના અંધારા કૂવામાં ગબડી પડે છે અને જેઓ શાણપણ બતાવીને નિરંતર પુરુષાર્થને અનુસરે છે, તેઓ મુક્તિસુખના મિનારા પર ચડી જાય છે. આ પરિસ્થિતનો ખ્યાલ કરીને સાધકે આ પાંચેય સિદ્ધાંતોને બરાબર અનુસરવાનું છે અને એ રીતે સિદ્ધિ તરફ આગળ વધવાનું છે. *

□

× અમે **સંકલ્પસિદ્ધિ** ગ્રંથમાં લખેલાં 'ઇચ્છા અને પ્રયત્ન' તથા 'પુરુષાર્થની બલિહારી' એ બે પ્રકરણો જિજ્ઞાસુઓએ જરૂર જોવાં.

[ ૧૬ ]

## સાધકે યોગ્યતા કેળવવી ઘટે

યોગ્યતા અર્થાત્ લાયકાત મેળવ્યા વિના શરૂ કરાયેલું કાર્ય ઘણા ભાગે વિડંબનાને નોતરે છે અને અપયશ આપે છે, તેથી હિતાવહ એ છે કે નમસ્કારમંત્રના સાધક થવા માટે તે અંગેની યોગ્યતા અવશ્ય કેળવી લેવી.

આ પ્રકારની યોગ્યતા કેળવવા માટે મંત્રસાધકે સહુથી પ્રથમ કાર્ય એ કરવાનું છે કે જો આજ સુધી કોઈ પણ કારણવશાત્ ગુરુની ધારણા કરી શકાઈ ન હોય તો કરી લેવી, એટલે કે ગુરુ ધારણ કરવા, કારણ કે સાધ્યમંત્ર તેમની પાસેથી ગ્રહણ કરવો પડે છે અને સાધના દરમિયાન અનેક વખત તેમનું માર્ગદર્શન મેળવવું પડે છે. મંત્રવિશારદો તો મંત્રદાતા ગુરુને સાક્ષાત્ મંત્રદેવતા માની તેમની સાથે એ પ્રકારનો વ્યવહાર રાખવાનું ફરમાવે છે. જેને માથે ગુરુ નથી, તે નગુરો કહેવાય છે અને નગુરાને કદી પણ મંત્રસિદ્ધિ થતી નથી. તેમજ જે ગુરુ કર્યા પછી તેમને છોડી દે છે, તે સાધનાથી ભ્રષ્ટ થાય છે અને નરક જેવી મહા નીચ ગતિ પામે છે.

સદ્ગુરુને શોધવાનું કામ અઘરું તો છે જ, પણ હાર્દિક ભાવના બળવાન હોય તો એ કામ અવશ્ય પાર પડે છે. અમારો તથા બીજા કેટલાકનો અનુભવ આ પ્રકારનો છે. આ કાર્યમાં બુદ્ધિ કરતાં શ્રદ્ધા વિશેષ કામ આપે છે.

કબીરજીએ સદ્દગુરુ કેવી રીતે મેળવ્યા ? તેની હકીકત અમે **'મંત્રચિંતામણિ'** પૃ.૧૬૮ પર આપી છે, તે જિજ્ઞાસુઓએ અવશ્ય જોવી. તે પરથી ખાતરી થશે કે જો સાધકનો સંકલ્પ દઢ હોય તો સદ્દગુરુની પ્રાપ્તિ થયા વિના રહેતી નથી.

અહીં એટલું સ્પષ્ટ કરવાની જરૂર છે કે આજે પૂર્વ કાલના ધ્યાનનિષ્ઠ, મંત્ર–યંત્ર–તંત્રવિશારદ અને નિગ્રહ–અનુગ્રહ કરવામાં સમર્થ ગુરુઓ રહ્યા નથી, તેથી મંત્રસાધનામાં જેવું અને જેટલું માર્ગદર્શન મળવું જોઇએ, તેવું અને તેટલું માર્ગદર્શન મળવાનો સંભવ ઓછો છે, પણ જ્યારે જેવા સંયોગો હોય, ત્યારે તે પ્રમાણે વર્તવું, એ નીતિસૂત્ર પ્રમાણે આપણે શાંત, દાંત, શુદ્ધ આચારવાળા. પવિત્ર અને દક્ષ ગુરુથી સંતોષ માનવાનો છે. તેમના શુભ આશીર્વાદ આપણો માર્ગ મંગલમય બનાવે છે, એમાં કોઇ શંકા નથી.

આજે નમસ્કારમંત્ર પ્રત્યે આપણી ભક્તિ ઘણી છે, પણ તેનું વિજ્ઞાન ગુમાવી બેઠા છીએ, એટલે તેની સાધના યથાર્થ રીતે થતી નથી; અને તે જ કારણ છે કે તેનો જે પ્રભાવ દૃષ્ટિગોચર થવો જોઈએ, અનુભવમાં આવવો જોઈએ, તે આવતો નથી. જેમને આપણે ધર્મસ્તંભ કહીએ, સમાજના આગેવાન ગણીએ, તેઓ પણ આ જાતની ફરિયાદ કરી રહ્યા છે, ત્યાં બીજાની વાત શી કરવી ? જે મંત્ર ત્રિકાલમહિમાવંત છે, અચિંત્ય પ્રભાવશાળી છે, તેના માટે આ ફરિયાદ ! પણ તેમાં મંત્રનો કોઈ દોષ નથી, દોષ આપણો છે. આપણે તેની યથાવિધિ સાધના, આરાધના કે ઉપાસના કરતા નથી.

નમસ્કારમંત્રની સાધના કરનારમાં કેવા ગુણો હોવા જોઇએ ? તેનું સુંદર વર્ણન શ્રાવકવર્ય શ્રી નમિદાસે '**પંચ-પરમેષ્ઠિધ્યાનમાલા**'માં કરેલું છે. તેઓ કહે છે :

**શાંત દાંત ગુણવંત, સંતનસેવાકારી;**
**વારિત-વિષય-કષાય, જ્ઞાન-દર્શન-સુવિચારી.**
**સ્યાદ્વાદરસ-રંગ, હંસપરિ શમરસ ઝીલે,**
**શુભ પરિણામ નિમિત્ત, અશુભ સવિકર્મને છીલે.**

**તાદૃશ નર પરમેષ્ઠિપદ-સાધનનાં કારણ લહે;**
**શાહ શામજી સુતરત્ન, નમિદાસ ઇણ પરે કહે.**

(૧) **શાંત** એટલે શાંત સ્વભાવવાળો, સ્વસ્થ મનવાળો. વધારે સ્પષ્ટ કહીએ તો જેના અંતરમાં ક્રોધ, રોષ કે ગુસ્સાની લાગણી ન હોય તેવો. વાત-વાતમાં ચીડાઇ જનાર કે ગુસ્સો કરનાર કોઇ પણ મંત્રસાધના યથાર્થ રીતે કરી શકતો નથી. ક્ષણમાં રુષ્ટ અને ક્ષણમાં તુષ્ટ એવો સ્વભાવ વ્યવહારમાં પણ નિંદાયેલો છે, તો મંત્રસાધના જેવા એક વિશિષ્ટ કાર્યમાં શી રીતે ચાલી શકે ? સંત કબીર કહે છે કે-

દયા ગરીબી બંદગી, સમતા શીલ સ્વભાવ;
એતાં લક્ષણ સાધકે, કહે કબીર સદ્ભાવ.

'કબીર સદ્ભાવથી કહે છે કે સાચા સાધકમાં દયા, નમ્રતા, પ્રાર્થના, સમતા અને શાંત સ્વભાવ, એટલાં લક્ષણો અવશ્ય હોવાં જોઈએ.'

(૨) **દાંત** એટલે ઈન્દ્રિયોને જિતનારો, ઈન્દ્રિયોના

તેવીશ પ્રકારના વિષયો + પર કાબુ રાખનારો. કદાચ પ્રારંભમાં આવી સ્થિતિ ન હોય તો પણ સાધકે આ આદર્શને પોતાની સામે રાખવો જોઈએ અને બનતા પ્રયત્ને, બનતી ત્વરાએ તેની પરાધીનતામાંથી નીકળી જવું જોઈએ. નહિ વશ કરાયેલી ઇન્દ્રિયો તોફાની ઘોડાઓ જેવી છે. તે સાધકને ક્યારે પટકી નાખે, તે કહી શકાય નહિં. જ્યારે સુંવાળા સ્પર્શની લાલસા જાગે નહિ, જ્યારે સ્વાદિષ્ટ ભોજન કરવાની ઇચ્છા પ્રગટે નહિ, જ્યારે સુગંધ માણવાની વૃત્તિ થાય નહિ, જ્યારે રૂપ–કુરૂપ સરખાં ભાસે અને મધુર કે કઠોર શબ્દોમાં કોઇ તફાવત લાગે નહિ, ત્યારે સમજવું કે ઇન્દ્રિયો પર કાબૂ આવ્યો છે, ઇન્દ્રિયોનો જય થયો છે. વાસ્તવમાં આ કામ

+ સ્પર્શનેન્દ્રિય વડે આઠ બાબતો જાણી શકાય છે: (૧) હલકું, (૨) ભારે, (૩) કોમળ, (૪) ખરબચડું, (૫) ઠંડું, (૬) ગરમ, (૭) ચીકણું, અને (૮) લૂખું, તે સ્પર્શનેન્દ્રિયના ૮ વિષયો. રસનેન્દ્રિય વડે પાંચ બાબતો જાણી શકાય છે : (૧) મીઠો રસ, (૨) ખાટો રસ, (૩) ખારો રસ, (૪) કડવો રસ અને (૫) તીખો રસ, તે રસનેન્દ્રિયના પાંચ વિષયો. કેટલાક તૂરા રસને સ્વતંત્ર ગણે છે, એ રીતે રસની સંખ્યા છની બને છે, પરંતુ તૂરો રસ ખારા અને મીઠા રસનું પરિણામ છે. ઘ્રાણેન્દ્રિય વડે બે બાબતો જાણી શકાય છે : (૧) સારી વાસ અને (૨) ખરાબ વાસ, તે ઘ્રાણેન્દ્રિના બે વિષયો. ચક્ષુરિન્દ્રિય વડે પાંચ બાબતો જાણી શકાય છે : (૧) ધોળો રંગ, (૨) કાળો રંગ, (૩) લીલો રંગ, (૪) પીળો રંગ અને (૫) રાતો રંગ, તે ચક્ષુરિન્દ્રિયના પાંચ વિષયો. અને શ્રોતેન્દ્રિય વડે ત્રણ બાબતો જાણી શકાય છે : (૧) સચિત્ત શબ્દ, (૨) અચિત્ત શબ્દ અને (૩) મિશ્રશબ્દ. આ રીતે ૮+૫+૨+૫+૩ મળી ઇન્દ્રિયોના કુલ વિષયો તેવીશ ગણાય છે.

અઘરું છે, પણ તે કાર્ય વિના અધ્યાત્મમાર્ગમાં આગળ વધવાનો કોઈ રસ્તો નથી. નમસ્કારમંત્રની સાધના એ અધ્યાત્મ-માર્ગની સાધના છે, એક પ્રકારની યોગસાધના છે, અથવા તો એક પ્રકારનું ધાર્મિક અનુષ્ઠાન છે, એ સાધકે ભૂલવાનું નથી.

(૩) **ગુણવંત** એટલે દયા, દાન, પરોપકાર આદિ ગુણોવાળો. જો આ પ્રકારના ગુણો ખીલે તો જ નમસ્કાર મંત્રની સાધના આગળ વધે અને તેમાં પ્રગતિ થાય; અન્યથા રળિયા ગઢવી જેવી સ્થિતિ થાય, એટલે ઠેર ના ઠેર રહેવું પડે અને આગળ વધી શકાય નહિ. દયા, દાન, પરોપકાર, એ બધા ધાર્મિક જીવનનો પાયો નાખનારા મૂળભુત ગુણો છે, એટલે નમસ્કારમંત્રની સાધના કરનારે તેને અવશ્ય ખીલવવા જોઈએ.

(૪) **સંતનસેવાકારી** એટલે સંતપુરુષોની સેવા કરનારો. સંતપુરુષોને જોતાં જ આનંદ આવે, તેમનાં ચરણ પકડવાનું મન થાય અને તેમની દરેક પ્રકારે ભક્તિ કરવાનો ઉલ્લાસ પ્રકટે તો સમજવું કે સંતસેવાનો ગુણ પ્રકટયો છે. સંતોની સેવા કરવાથી ધર્મભાવના વધે છે, પાપ કરવાની વૃત્તિનો નાશ થાય છે અને મંત્રસાધના માટેનો ઉત્સાહ જોર પકડે છે. સંત તુલસીદાસજીએ કહ્યું છે કે—

એક ઘડી આધી ઘડી, આધિમેં પુનિ આધ;
તુલસી સંગત સાધુકી, કટે કોટિ અપરાધ.

તાત્પર્ય કે સાધુની સંગત આપણા ભવોભવનાં પાપ

દૂર કરે છે અને આપણને એક પવિત્ર કે સુયોગ્ય માનવી બનાવે છે.

કબીરજી કહે છે કે—

શરણે રાખો સાંઇયાં, પૂરો મનકી આશ;
ઓર ન મેરે ચાહિયે, સંત મિલનકી પ્યાસ.

'હે સાહેબ! (પ્રભુ!) મને તમારું શરણ આપો અને મારા મનની આશા પૂરી કરો. મારે બીજું કંઇ જ જોઇતું નથી, માત્ર સંતપુરુષોને મળવાની ઝંખના છે.'

આ પરથી સંત પુરુષોના સમાગમનું અને તેમની સેવા કરવાનું મહત્ત્વ સમજી શકાશે.

અહીં એ વસ્તુ પણ સ્પષ્ટ કરી દઈએ કે નમસ્કાર મંત્રનું ત્રીજું, ચોથું અને પાંચમું પદ એ વાસ્તવમાં સાધુમહાત્માઓનું જ પદ છે એટલે તેમના પ્રત્યેની ભક્તિ વધે, તેમની સેવાનો રંગ લાગે અને તેમના ચરણ સેવવાનું મન થાય એ નિતાંત ઇચ્છવા યોગ્ય છે. આવો મનુષ્ય નમસ્કારમંત્રની સાધના ઝડપથી કરી શકે એમાં કોઈ આશ્ચર્ય કે સંદેહ નથી.

(૫) **વારિત-વિષય-કષાય** એટલે જેણે વિષય અને કષાયને વાર્યા છે એવો. અહીં વિષયથી સંસારના વિવિધ પ્રકારનાં સુખો ભોગવવાની વૃત્તિ અને કષાયથી ક્રોધ, માન, માયા તથા લોભ એ ચાર પ્રકારની દુષિત મનોવૃત્તિઓ સમજવાની છે. ભોગવૃત્તિને દૂર કર્યા વિના અધ્યાત્મ, યોગ

કે ધર્મમાર્ગમાં રસ જામતો નથી કે તેમાં કશી પ્રગતિ સાધી શકાતી નથી, એટલે વિષયને વારવાની જરૂર છે. તે જ રીતે કષાયો મનુષ્યના મનની પવિત્રતાનો ભંગ કરનારા છે તથા જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપની આરાધનામાં આડે આવનારાં છે, તેથી તેનું વારણ પણ એટલું જ જરૂરી છે. જેણે આ બંને ગુણો કેળવ્યા છે, એટલે કે જેનો આ બંને ગુણો કેળવવા માટેનો નિષ્ઠાભર્યો પ્રયાસ છે, તે નમસ્કારમંત્રની સાધના સારી રીતે કરી શકે છે.

(૬) **જ્ઞાન-દર્શન-સુવિચારી** એટલે જે જ્ઞાન અને દર્શનનો આરાધક છે, તેમજ દરેક કાર્ય સારી રીતે વિચારીને કરનારો છે. જે શ્રુત એટલે શાસ્ત્ર યથાકાલે ભણે, વિનયપૂર્વક ભણે, બહુમાનપૂર્વક ભણે, ઉપધાનપૂર્વક ભણે તથા ગુરુ પ્રત્યે અનિહ્નવપણું દાખવે, એટલે કે તેનો અપલાપ ન કરે, તેમજ સૂત્ર, અર્થ અને તદુભયની બરાબર શુદ્ધિ જાળવે, તે જ્ઞાનારાધક કહેવાય છે, અને જે જિન-વચનમાં શંકા કરે નહિ, અન્ય-દર્શનની આકાંક્ષા કરે નહિ, તપ વગેરેનાં ફલ વિષે સંદેહ રાખે નહિ, અમૂઢદષ્ટિ રાખે, સાધર્મિકની ઉપબૃંહણા કરે, સાધર્મિકનું વાત્સલ્ય કરે તથા શાસનની વિવિધ રીતે પ્રભાવના કરે, તે દર્શનારાધક કહેવાય છે.

જે જ્ઞાન-દર્શનનો આ પ્રકારનો આરાધક હોય તથા દરેક કામ વિચારીને કરનારો હોય, તેને નમસ્કારમંત્રની સાધનામાં રસ પડયા વિના કેમ રહે ? કોઈપણ કામમાં

રસ પડયો કે તેમાં એકાગ્રતા જામે છે અને તે કામ બહુ સારી રીતે થાય છે. એટલે આ પ્રકારની યોગ્યતાવાળો સાધક નમસ્કારમંત્રની સાધના સારી રીતે કરી શકે છે.

**સ્યાદ્વાદ–રસ–રંગ** એટલે જેને સ્યાદ્વાદરૂપી રસનો રંગ લાગેલો છે. સ્યાદ્વાદ એ જૈન ધર્મનો એક વિશિષ્ટ વાદ છે કે જેને અપેક્ષાવાદ કે અનેકાન્તવાદ પણ કહેવામાં આવે છે; તેનું મંતવ્ય એવું છે કે આ જગતની દરેક વસ્તુ અનંતધર્માત્મક છે અને તે જુદી જુદી દૃષ્ટિએ જુદા જુદા પ્રકારની લાગે છે, તેથી આ વસ્તુ આવી જ છે, એમ કહી શકાયં નહિ. સંભવ છે કે તે બીજાં પ્રકારની પણ હોય. આ સંભવિતતા દર્શાવવા માટે स्यात् પદનો પ્રયોગ થાય છે અને તેનું સાત પદ વડે નીચે પ્રમાણે નિરૂપણ કરવામાં આવે છે :–

(૧) स्याद् अस्ति–આ વસ્તુ અમુક અપેક્ષાએ **છે.**

(૨) स्याद् नास्ति–આ વસ્તુ અમુક અપેક્ષાએ **નથી.**

(૩) स्याद् अस्तिनास्ति–આ વસ્તુ અમુક અપેક્ષાએ **છે.** અને અમુક અપેક્ષાએ **નથી.**

(૪) स्याद् अवक्तव्य–આ વસ્તુ બે વિરૂદ્ધ અપેક્ષાથી કહી શકાય એવી નથી, માટે **અવક્તવ્ય** છે.

(૫) स्याद् अस्ति अवक्तव्य–આ વસ્તુ **અવક્તવ્ય** હોવા છતાં અમુક અપેક્ષાએ **છે.**

(૬) स्याद् नास्ति अवक्तव्य–આ વસ્તુ **અવક્તવ્ય** હોવા છતાં અમુક અપેક્ષાએ **નથી.**

(૭) સ્યાદ્ અસ્તિનાસ્તિ અવક્તવ્ય—આ વસ્તુ **અવક્તવ્ય** હોવા છતાં અમુક અપેક્ષાએ છે અને અમુક અપેક્ષાએ **નથી.**

આ સાત પદોને સપ્તપદી કહેવામાં આવે છે. તે ભલભલા વાદીઓને ચક્કરમાં નાખી દે છે અને તેની વાદ શક્તિનું ગુમાન ઉતારી નાખે છે. સ્યાદ્વાદનું નિરૂપણ કરવા માટે જૈન ધર્મમાં અનેક ગ્રંથો લખાયેલા છે. તેનું વાંચન–મનન કરવાથી, તેમજ સદ્ગુરુનો સંપર્ક સાધવાથી તેનું સાચું રહસ્ય સમજી શકાશે.

સ્યાદ્વાદનો સંદેશ એ છે કે 'મિથ્યા માન્યતા અને તેના આગ્રહમાંથી દુરાગ્રહ પેદા થાય છે, દુરાગ્રહમાંથી કલેશ અને કંકાસનાં બીજ વવાય છે અને કલેશ અને કંકાસનાં બીજમાંથી મોટા ઝઘડા કે લડાઈઓ ફાટી નીકળે છે કે જે પોતાને તથા આસપાસના સઘળાને ખુવાર કરે છે, તેથી સત્યના પ્રેમીએ દુરાગ્રહને છોડી દેવો અને મધ્યસ્થતા ધારણ કરવી, જેથી દરેક વસ્તુનો વિચાર નિષ્પક્ષપાતપણે કરી શકાય અને તેમાં સાચું શું છે અને ખોટું શું છે? તે યથાર્થ રીતે જાણી શકાય.'

તાત્પર્ય કે જેને સ્યાદ્વાદરૂપી રસનો રંગ લાગ્યો છે, તે અનેકાંતદૃષ્ટિવાળો બની જાય છે અને તેથી કોઈ પણ વસ્તુના એકાંત પ્રતિપાદનમાં આગ્રહવાળો બનતો નથી; અન્ય શબ્દોમાં કહીએ તો તે મધ્યસ્થ દૃષ્ટિવાળો બની જાય છે અને તેથી વ્યર્થ વાદવિવાદોમાંથી મુક્ત રહે છે. આ ગુણ નમસ્કારમંત્રની સાધનામાં ઘણો ઉપકારક બને છે.

(૮) **હંસ પરિ શમરસ ઝીલે.** શમરસ એટલે શાંતિનો રસ, સમતાનો રસ. તેમાં હંસની માફક ઝીલવું એટલે તરવું કે નિમગ્ન થવું.

જ્યારે અંતરમાં ચાલી રહેલા મોહનું મહાતાંડવ બંધ થાય છે અને આત્માનો સ્વાભાવિક પ્રકાશ પ્રકટવા લાગે છે, ત્યારે આવો શમરસ પેદા થાય છે. વીતરાગ અવસ્થામાં આ શમરસ પરાકાષ્ઠાએ પહોંચે છે, તેથી જ 'प्रशमरसनिमग्न' આદિ સ્તુતિવાચક શબ્દો ઉચ્ચારાયેલા છે.

તાત્પર્ય કે જેના આત્મામાં કંઈક પણ શમરસ પરિણમ્યો હોય, તે નમસ્કારમંત્રની સાધનામાં ઝડપથી આગળ વધી શકે છે.

(૯) **શુભ પરિણામ નિમિત્ત, અશુભ સવિ-કર્મને છોલે.** એટલે જે શુભ પરિણામનું નિમિત્ત મેળવીને સર્વ અશુભ કર્મોને છોલી નાખે છે.

આ આત્મામાં શુભ અને અશુભ એમ બંને પ્રકારના પરિણામો જાગે છે, તેમાં શુભ પરિણામના નિમિત્તથી કર્મોને ખેરવી શકાય છે અને અશુભ પરિણામના નિમિત્તથી કર્મોનું બંધન વધે છે. આ સંબંધમાં રાજર્ષિ પ્રસન્નચંદ્રની કથા જાણવા જેવી છે.

## રાજર્ષિ પ્રસન્નચંદ્રની કથા

એક વખત શ્રમણ ભગવાન મહાવીરસ્વામી વિશાલ સાધુસમુદાય સાથે રાજગૃહી નગરીની બહાર આવેલા એક

રમણીય ઉદ્યાનમાં સમવસર્યા. તેમાં ત્યાગ અને વૈરાગ્યથી વિભૂષિત પ્રસન્નચંદ્ર નામે એક રાજર્ષિ પણ હતા. તેઓ ધ્યાનનિષ્ઠ હોઈને ઉદ્યાનના એક છેડે ધ્યાન લગાવીને ઊભા રહ્યા. આ ધ્યાન ખરેખર ઉગ્ર હતું, કારણ કે તેઓ એક પગે ઊભા રહ્યા હતા, તેમણે બે હાથોને ઊંચા રાખ્યા હતા અને દૃષ્ટિ સૂર્યની સામે સ્થાપન કરી હતી. આજે તો આવું ધ્યાન ધરનારા મહાત્મા ભાગ્યે જ જોવા મળે.

હવે ઉદ્યાનપાલકે મહારાજા શ્રેણિકને ભગવાનના આગમનની વધામણી આપી, એટલે તેઓ સવારી કાઢીને તેમનાં દર્શન કરવાને ચાલ્યા. તે વખતે સવારીના મોખરે ચાલી રહેલા બે સિપાઈઓએ રાજર્ષિ પ્રસન્નચંદ્રને ધ્યાન ધરતા નિહાળ્યા, એટલે તેમાંના એકે કહ્યું કે 'ધન્ય છે આ મુનિવરને ! એમના જેવું ઉગ્ર તપ કોણ કરી શકે ?'

તે સાંભળી બીજાએ કહ્યું : 'રહેવા દે એ વાત ! આમાં તેમણે શું મોટું કામ કર્યું છે ? બિચારા બાળકને ગાદીએ બેસાડીને પોતે તપ કરવા ચાલી નીકળ્યા અને રાજ્યનો બધો કારભાર મંત્રીઓને સોંપ્યો. હવે તે મંત્રીઓ એ બાળકનું કાસળ કાઢવા તૈયાર થયા છે. તેઓ એ બાળકને મારી પોતનપુરનું રાજ્ય પોતાનું કરશે. આ રીતે પોતાના બાળકનું હિત ન વિચારનાર એવા આ રાજર્ષિને હું અંતરથી ધિક્કારું છું. ને કોઈને પણ આવો પિતા ન મળશો, એમ ચાહું છું.'

એ સિપાઈઓ ત્યાંથી પસાર થયા પછી મહારાજા શ્રેણિક પણ ત્યાંથી પસાર થયા અને તેમણે રાજર્ષિ પ્રસન્ન-

ચંદ્રને આ રીતે તપ કરતાં જોઈને ભક્તિભાવથી નમસ્કાર કર્યા. પછી તેઓ ભગવાનની પાસે ગયા અને ભાવથી વંદન કરીને ઉપદેશ સાંભળવા લાગ્યા. અવસર જોઇને તેમણે પ્રશ્ન કર્યો કે 'હે ભગવન્ ! જ્યારે હું રાજર્ષિ પ્રસન્નચંદ્રને પગે લાગ્યો, ત્યારે તેમણે કાલ કર્યો હોત, તો તેઓ કઇ ગતિમાં જાત ?'

શ્રમણ ભગવાન મહાવીરે કહ્યું : 'સાતમી નરકે.' આ ઉત્તરથી આશ્ચર્ય પામેલા મગધપતિએ ફરી પ્રશ્ન કર્યો કે 'હે ભગવન્ !, જો તેઓ અત્યારે કાલ કરે તો કઈ ગતિમાં જાય ?'

ભગવાને કહ્યું : 'સ્વાર્થસિદ્ધ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થાય.'

આ જવાબથી વધારે આશ્ચર્ય પામેલા મગધપતિએ ભગવાનને પૂછ્યું : પ્રભો ! આમ કેમ ?'

એવામાં દુંદુભિ વાગવા લાગી અને જયનાદો થવા લાગ્યા, તે સાંભળીને મગધપતિએ પુનઃ પ્રશ્ન કર્યો : 'પ્રભો ! આ દુંદુભિ શેની વાગી ? અને આ જયનાદો શેના થાય છે ?'

ભગવાને કહ્યું : 'હે રાજન્ ! રાજર્ષિ પ્રસન્નચંદ્રને કેવલજ્ઞાન થયું, તેથી દેવતાઓ દુંદુભિ વગાડે છે અને જયનાદો કરે છે.'

આ સાંભળી મગધપતિના મનમાં ગૂંચવાડો વધી ગયો. તેમણે કહ્યું : 'ભગવન્ ! આ બધી ઘટના અતિ આશ્ચર્યજનક લાગે છે, તે સમજાવવાની કૃપા કરો.'

તે વખતે સર્વજ્ઞ અને સર્વદર્શી એવા શ્રમણ ભગવાન મહાવીરે કહ્યું : 'હે રાજન્ ! તું અહીં વંદન કરવાને આવતો હતો, ત્યારે તારા સિપાઈઓએ અરસ-પરસ વાત કરી, તે એમના કાને પડી, તેથી તેઓ પોતાનું ધ્યાન ચૂકી ગયા અને વિચારવા લાગ્યા કે 'અરે ! જેના પર મેં અતિ વિશ્વાસ મૂક્યો, તે જ બેવફા નીવડ્યા અને મારા દૂધપીતા બાળકનું કાસળ કાઢવાને તૈયાર થયા ! જો અત્યારે હું ત્યાં હોત તો એ દુષ્ટોની બરાબર ખબર લઈ નાખત !' આ રીતે તેમના મનમાં ક્રોધનો ઉદય થયો અને તે પ્રતિક્ષણે વધતો જ ગયો. એમ કરતાં તેઓ પોતાનું સામાયિકવ્રત ભૂલી ગયા અને જાણે એ મંત્રીઓ પોતાની પાસે આવીને ખડા થયા હોય અને લડાઈ કરવા તત્પર હોય એવો ખ્યાલ પેદા થયો. તેથી તેઓ મનથી જ તેમની સાથે લડાઈમાં ઉતર્યા અને એક પછી એક શસ્ત્ર વાપરવા લાગ્યા. એમ કરતાં તેમનાં બધાં શસ્ત્રો ખૂટી ગયાં, ત્યારે તેમણે વિચાર કર્યો કે 'મારા મસ્તક પર લોહનો ટોપ ધારણ કરેલો છે, તે ફેંકીને તેમને પૂરા કરી નાખું.' આમ વિચારીને તેઓ અત્યંત ક્રોધાતુર થયા. તે જ વખતે હે રાજન્ ! તેં એમને પ્રણામ કર્યા હતા. તેથી જ તારા પ્રશ્નના જવાબમાં મેં એમ કહ્યું કે– 'સાતમી નરકે.'

પછી તેમણે મસ્તક પર જેવો હાથ મૂક્યો કે મૂંડેલું મસ્તક યાદ આવ્યું અને તેમનો ક્રોધ ઉતરી ગયો. તેઓ વિચારવા લાગ્યા કે 'મેં તો જીવનભરનું સામાયિક અંગીકાર

કર્યું છે અને કોઇ પણ પ્રાણીની મન, વચન તથા કાયાથી હિંસા કરવાનો ત્યાગ કર્યો છે. મેં આ શું કર્યું ? ખરેખર ! હું ધર્મધ્યાન ચૂકી ગયો અને રૌદ્ર ધ્યાનના સપાટામાં આવી ગયો ! જ્યાં સર્વ જીવો પ્રત્યે મૈત્રી રાખવાની છે, ત્યાં પુત્ર પ્રત્યે રાગ કેવો અને મંત્રીઓ પ્રત્યે દ્વેષ કેવો ? હા ! હા ! મેં ઘણું જ ખોટું કર્યું મારા એ દુષ્કૃતને ધિક્કાર હો ! હું એની નિંદા કરું છું, એની ગર્હા કરું છું અને હું એ દુષ્ટ પરિણામોમાંથી મારા આત્માને પાછો ખેંચી લઉં છું.' હે રાજન્ ! તેઓ જ્યારે આ પ્રકારના પરિણામવાળા હતા, ત્યારે જ તેં મને પ્રશ્ન કર્યો હતો, તેથી મેં કહ્યું કે 'સર્વાર્થસિદ્ધવિમાનમાં દેવપણે ઉત્પન્ન થાય.'

પછી એમના પરિણામોની શુદ્ધિ ચાલુ જ રહી અને તે ઉત્તરોત્તર આગળ વધતાં ચરમ સીમાએ પહોંચી, તેથી તેમના જ્ઞાનાવરણીય આદિ ચારેય ઘાતીકર્મનો છેદ થયો અને તેમને લોકાલોકના સર્વ પદાર્થોના સર્વ ભાવોનો પ્રકાશ કરનારું એવું કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. હે રાજન્ ! આ એમ બતાવે છે કે અશુભ પરિણામના નિમિત્તથી આત્મા ઘણો જ કર્મબંધ કરે છે અને તે નીચ ગતિમાં ઉત્પન્ન થાય છે, જ્યારે શુભ પરિણામનું નિમિત્ત પામીને અશુભ કર્મોનાં સર્વ બંધનોને તોડે છે અને કેવલજ્ઞાન પામીને મુક્તિશ્રીનો અધિકારી થાય છે.'

શાહ શામજીના સુતરત્ન શ્રી નમિદાસજી એમ કહે છે કે **'તાદૃશ નર'** એટલે તેવો મનુષ્ય **પરમેષ્ઠિપદસાધન**

નાં એટલે શ્રી નમસ્કારમંત્રનાં કારણ લહે, એટલે મૂળ હેતુને પહોંચી શકે.'

પરમેષ્ઠિપદસાધનનો મૂળ હેતુ સંસારમાંથી ત્રાણ મેળવવાનો એટલે ભવભ્રમણની ભીતિમાંથી રક્ષણ મેળવવાનો છે અને તે રક્ષણ ત્યારે જ મળે છે કે જ્યારે જન્મ–મરણની શ્રૃંખલાનો સદાને માટે અંત આવી જાય છે.

નમસ્કારમંત્રની સાધના માટે આથી વધારે યોગ્યતાની ભાગ્યે જ અપેક્ષા રાખી શકાય, છતાં પ્રાસંગિક સૂચન તરીકે એટલું કહીએ તો યોગ્ય લેખાશે કે તેણે ભોજન સાત્ત્વિક અને પરિમિત કરવું જોઈએ, નિદ્રાનું પ્રમાણ ઘટાડવું જોઈએ, ધર્મરૂપી અમૃતનું પાન કરવામાં તત્પર રહેવું જોઈએ, ગ્રહણ કરેલા વ્રતમાં દઢતા દાખવવી જોઈએ, ચતુર બનવું જોઈએ, એટલે કે પરિસ્થિતિને ઓળખી તે પ્રમાણે ઉપાય યોજવામાં તત્પર રહેવું જોઈએ તથા મંત્રપદોની ગુરુ પાસેથી યથાવિધિ ધારણા કરવી જોઈએ.

[ ૧૬ ]

## નમસ્કારમંત્ર—ગ્રહણવિધિ

જેમ સામાયિક કરવાનો વિધિ છે, ચૈત્યવંદન કરવાનો વિધિ છે, પ્રતિક્રમણ કરવાનો વિધિ છે, તેમ નમસ્કારમંત્રની સાધના કરવાનો વિધિ છે. એ વિધિ સાધકે બરાબર જાણી લેવો જોઇએ, એટલું જ નહિ પણ તેના પાલન માટે ખૂબ કાળજી રાખવી જોઈએ. જો વિધિનું યથાર્થ પાલન થાય તો જ સિદ્ધિ સમીપ આવે છે, અન્યથા દૂર રહે છે.

કોઈ મનુષ્યને રસોઈ બનાવવી હોય અથવા કપડાં સીવવાં હોય, અથવા સાયકલ કે મોટર ફેરવવી હોય તો શું એ વિધિનું પાલન કર્યા સિવાય બની શકે ખરું ? જ્યારે આવી સામાન્ય ક્રિયાઓ પણ વિધિનું પાલન કર્યા વિના સિદ્ધ થતી નથી, ત્યારે મંત્રસાધના જેવી એક મોટી ક્રિયા વિધિનું પાલન કર્યા સિવાય શી રીતે સિદ્ધ થઈ શકે ? અનુભવીઓ તો એમ જ કહે કે અવિધિએ થયેલું કાર્ય નષ્ટ જ સમજવું; એટલે કે તેની સિદ્ધિ કદી પણ થતી નથી.

## વિધિ પર સિદ્ધ નાગાર્જુનની કથા

મહામંત્રવાદી શ્રીપાદલિપ્તાચાર્ય પગનાં તળિયે વિશિષ્ટ પ્રકારનો લેપ કરવાથી આકાશમાં ઉડી શકતા હતા અને હજારો ગાઉનો પ્રવાસ કરી શકતા હતા. આ રીતે તેઓ રોજ શત્રુંજય આદિ મહાતીર્થોની યાત્રા કરતા હતા.

સિદ્ધ નાગાર્જુને આ વસ્તુ સાક્ષાત્ જોઈ, એટલે તેને પણ આકાશમાં ઊડવાનું મન થયું અને તેણે પેલા લેપનો વિધિ શોધી કાઢવા નિર્ણય કર્યો. પછી તે શ્રી પાદલિપ્તાચાર્યનો શિષ્ય થઈને રહ્યો અને જ્યારે તેઓ આકાશગમનમાંથી પાછા ફરે, ત્યારે પગ ધોવાનું પાણી તથા પાત્ર લઇને ઊભો રહેવા લાગ્યો. આ રીતે તેમના પગનું જે ધોવણ તૈયાર થતું, તે પરઠવવા માટે એકાંતમાં જતો અને ત્યાં એ પાણી સૂંઘીને તથા ચાખીને તેમાં વપરાયેલાં દ્રવ્યોનો નિર્ણય કરતો. આ રીતે તેણે એ લેપમાં વપરાયેલાં ૧૦૭ દ્રવ્યો શોધી કાઢયાં અને તે મેળવીને પ્રયોગ કર્યો. આથી તે આકાશમાં ઊડવાને શક્તિમાન તો થયો, પણ થોડું ઊડયો કે ચક્કર ચક્કર ફરતો નીચે આવ્યો અને જમીન પર પટકાયો. આથી તેના શરીર પર ઉઝરડા થયા અને થોડી ચોટ પણ લાગી, પરંતુ તે સ્વભાવે પુરુષાર્થી હતો, આશાવાદી હતો, એટલે તેણે એ વાત છોડી નહિ. આ પ્રયોગ બે–ત્રણ વાર કર્યા, પણ દરેક વખતે આવું જ પરિણામ આવ્યું.

શ્રી પાદલિપ્તાચાર્યે આ વાત જાણી, એટલે તેઓ હસીને બોલ્યા : 'પાદલેપ સિદ્ધ થઇ ગયો કે શું ?' આથી નાગા-

જુંને નીચું જોયું. પણ શ્રીપાદલિપ્તાચાર્યે કહ્યું કે 'હું તારી વિરલ શક્તિથી પ્રસન્ન થયો છું. તેં પગ ધોવાનું પાણી સૂંઘીને તથા ચાખીને ૧૦૭ દ્રવ્યોનાં નામ શોધી કાઢયાં. આ જેવી તેવી વાત નથી. પરંતુ તેમાં એક જ દ્રવ્ય ખૂટે છે. એટલે આકાશગમનની જોઇએ તેવી સિદ્ધિ થઇ નહિ.'

નાગાર્જુને કહ્યું : 'કૃપા કરીને એ ખૂટતાં દ્રવ્યનું નામ આપો તો હું આપનો ઉપકાર જીવનભર ભૂલીશ નહિ.'

શ્રી પાદલિપ્તાચાર્યે કહ્યું : 'તેમાં માત્ર ચોખાનું ધોણ ખૂટે છે. તે ઉમેરવાથી પાદલેપ સિદ્ધ થશે.'

નાગાર્જુને તેમ કર્યું તો પાદલેપ સિદ્ધ થયો અને તેના આધારે તે આકાશમાં દૂર સુધી ગમન કરવા લાગ્યો. તેણે ગુરુનો આભાર માન્યો અને તેમની યાદગીરીમાં શ્રી શત્રુંજયગિરિરાજની તળેટીમાં પાદલિપ્તપુર નામનું શહેર વસાવ્યું, જે આજે પાલીતાણા નામથી વિખ્યાત છે.

તાત્પર્ય કે વિધિનું પાલન બરાબર થવું જોઇએ. તેમાં કંઇ પણ કસર રાખીએ કે શિથિલતા દાખવીએ તો ઇષ્ટ-સિદ્ધિ થાય નહિ.

વિધિતત્પરતા એ મંત્રસાધકનું મોટું લક્ષણ મનાયું છે, એટલે તેણે મંત્રસાધનાનો વિધિ જાણવા માટે, તેમજ તેનું પાલન કરવા માટે તત્પર રહેવું જોઈએ.

'અમે પરિશ્રમ–પુરુષાર્થ તો ઘણો કર્યો, પણ કંઇ ફલ દેખાયું નહિ.' આવી ફરિયાદ કરનારે સહુથી પહેલાં એ તપાસ

કરવાની જરૂર છે કે તેમણે જે પરિશ્રમ કે પુરુષાર્થ કર્યો તેમાં વિધિનું પાલન બરાબર થયું હતું કે કેમ? વિધિનું પાલન બરાબર થયું હોય તો સાધના સફળ થવી જ જોઈએ અને તેનું વિશિષ્ટ ફલ દેખાવું જ જોઇએ.

અહીં એટલી સ્પષ્ટતા કરવી ઉચિત છે કે કાલદોષને લીધે ઘણા મંત્રો અને ઘણી વિદ્યાઓના વિધિનો લોપ થઇ ગયો છે. અને 'आम्नायः खलु दुर्लभः' કહેવાનો વખત આવ્યો છે. છતાં જે કંઈ વિધિઓ સચવાઈ રહ્યા છે, તે ઘણા મહત્ત્વના છે, તેથી તેને સમજવાનો તથા તેનું ચીવટાઇથી પાલન કરવાનો પ્રયત્ન અવશ્ય કરવો જોઈએ.

નમસ્કારમંત્રની સાધના પરત્વે પ્રથમ વિધિ મંત્રગ્રહણનો છે, તે યથાર્થ રીતે થાય તો જ સાધના આગળ વધી શકે અને તેનું ધાર્યું પરિણામ આવી શકે.

આપણે માતા-પિતા કે વડીલો પાસેથી નમસ્કારમંત્ર સાંભળ્યો, તે કંઠસ્થ કરી લીધો અને તેની ગણના કરવા લાગ્યા. આ કામ તો ઘણું જ સારું થયું, કેમ કે શ્રાવકના કુલનો એ મુખ્ય આચાર છે, પરંતુ એક મંત્ર તરીકે તેની સિદ્ધિ કરવી હોય તો તેને સદ્ગુરુ પાસેથી વિધિપૂર્વક ગ્રહણ કરવો જોઇએ અને પછી જ તેની સાધનામાં પ્રવૃત્ત થવું જોઈએ. મંત્રવિશારદોનું મંતવ્ય છે કે भवेद् वीर्यवती विद्या, गुरुमुखसमुद्भवा-ગુરુના મુખમાંથી નીકળેલી વિદ્યા વીર્યવતી હોય છે.' તાત્પર્ય કે તેનું સામર્થ્ય ઘણું જ હોય

છે અને તે વિશિષ્ટ ફલ આપે છે. મંત્રની બાબતમાં પણ આમ જ સમજવું.

શ્રીમહાનિશીથસૂત્રમાં પંચમંગલ મહાશ્રુતસ્કંધરૂપ નમસ્કાર—મંત્રના વિનયોપધાનનું સવિસ્તર વર્ણન કરવામાં આવ્યું છે, તે પરથી નમસ્કારમંત્રગ્રહણનો વિધિ આ પ્રમાણે સમજાય છે :

(૧) નમસ્કારમંત્ર ગ્રહણ કરવા માટે સહુથી પ્રથમ એવો દિવસ પસંદ કરવો જોઈએ કે જ્યારે તિથિ, કરણ, મુહૂર્ત, યોગ અને લગ્ન પ્રશસ્ત હોય તથા ચંદ્રબલ અનુકૂળ હોય. શુભ મુહૂર્તે કરેલું કાર્ય આનંદ-મંગલકારી થાય છે અને તેમાં પ્રાય : સફલતા જ મળે છે. ટૂંકમાં અન્ય ધાર્મિક અનુષ્ઠાનોની જેમ આમાં પણ શુભ મુહૂર્ત અપેક્ષિત છે, તેથી તેનો નિર્ણય પ્રથમ કરી લેવો.

(૨) નમસ્કારમંત્રગ્રહણ એ એક પ્રકારની દીક્ષા છે, તેથી તેનો વિધિ પ્રશસ્ત સ્થાનમાં થવો જોઈએ. અહીં પ્રશસ્ત સ્થાનથી જિનમંદિર, ઉપાશ્રય, જ્ઞાનમંદિર અથવા શેરડીનું વન, ડાંગર પાકતી હોય તેવું ખેતર, જ્યાં કમળ ખીલતાં હોય એવો બગીચો, જ્યાં પડઘો પડતો હોય એવું સ્થલ અથવા જ્યાં પાણી પ્રદક્ષિણા દેતું હોય તેવા જલાશયની પાસેનો પ્રદેશ સમજવો કે જ્યાં ભાગવતી દીક્ષા આદિ શુભ કાર્યો થાય છે.

(૩) મંત્રગ્રહણ કરવાનાં સ્થાને નંદિની સ્થાપના કરવી

જોઇએ, અથવા તો તીર્થંકર ભગવંતની સુંદર છબી ઊંચા સિંહાસન પર પધરાવવી જોઈએ અને ત્યાં ઘીનો દીપક કરી ધૂપ વગેરે વડે સુગંધ પ્રકટાવવી જોઇએ. તેમજ એ સ્થાનને આસોપાલવના તોરણ વગેરેથી શણગારવું જોઇએ.

(૪) મંત્રગ્રહણના દિવસે સાધકે ઇષ્ટદેવતાપૂજન આદિ પોતાનું નિત્યકર્મ કરીને તથા માતા–પિતા, વડીલ વગેરેને પ્રણામ કરીને યોગ્ય વેશભૂષા ધારણ કરવાપૂર્વક મંત્રગ્રહણના સ્થાને અતિ ઉલ્લસિત હૃદયે જવું જોઈએ. જેને પોતાના ધર્મ પર પ્રેમ નથી કે કુલાચાર માટે માન નથી, તેને કોઈ પણ મંત્ર સિદ્ધ થતો નથી, એમ મંત્ર–વિશારદોનું માનવું છે, તેથી નમસ્કારમંત્રની સત્વર સિદ્ધિની આશા રાખનારે જૈન ધર્મ પ્રત્યે ખૂબ પ્રેમ કેળવવો જોઇએ તથા સામાયિક, પ્રભુપૂજા આદિ નિત્યકર્મ પણ અવશ્ય કરવા જોઇએ.

(૫) મંત્રગ્રહણના સ્થાને પહોંચ્યા પછી ત્યાં વિરાજી રહેલ સમયજ્ઞ, દૃઢ ચારિત્ર ગુણવાળા અને શાસ્ત્રોક્ત અનુષ્ઠાન કરાવવામાં બદ્ધલક્ષ્ય એવા ગુરુને ત્રણ વાર પંચાંગ પ્રણિપાત કરીને ક્રિયા કરવા તત્પર થવું જોઈએ.

(૬) આ વખતે જાતિમદ આદિ આઠ પ્રકારના મદોનો ત્યાગ કરવો જોઇએ, આશંકારહિત બનવું જોઈએ તથા શ્રદ્ધા, સંવેગ અને શુભ વિચારોથી આત્માને અતિ ઉલ્લસિત બનાવવો જોઈએ.

(૭) નમસ્કારમંત્ર આ લોક અને પરલોકના પૌદ્ગલિક સુખો મેળવવાની ઇચ્છાથી નહિ, પણ આત્મકલ્યાણ માટે જ ગ્રહણ કરવાની ભાવના રાખવી જોઇએ. કોઈ પણ ધાર્મિક ક્રિયા સાંસારિક સુખના હેતુથી કરતાં નિયાણું બંધાય છે અને તેનું ફલ એ સુખ પૂરતું જ મર્યાદિત બની જાય છે, તેથી નિયાણાને મિથ્યાત્વ અને માયાના જેવું જ એક પ્રકારનું શલ્ય ગણવામાં આવ્યું છે અને તેને હેયકોટિમાં મૂકેલું છે.

(૮) આ દિવસે ભાવમંગલ તરીકે ઉપવાસની તપશ્ચર્યા કરવી જોઇએ, કદાચ તે પ્રકારની શક્તિ ન હોય તો એકાસણું કે આયંબિલની તપશ્ચર્યા તો અવશ્ય કરવી જોઇએ.

(૯) ત્યાં નંદિની સ્થાપના હોય તો ત્રણ વાર પ્રદક્ષિણા દેવાપૂર્વક ચૈત્યવંદન કરવું જોઈએ અને છબી પધરાવેલી હોય તો માત્ર ચૈત્યવંદન કરવું જોઇએ. ત્યારબાદ મૂર્તિ કે છબી પર દૃષ્ટિ તથા મન સ્થાપી અરિહંત પરમાત્માનો મહા ઉપકાર ચિંતવવો જોઇએ, કારણ કે આ મંત્રનું તેમના દ્વારા પ્રવર્તન થાય છે.

(૧૦) ત્યારબાદ ગુરુને પંચાંગ પ્રણિપાત કરી બે હાથની અંજલિ બનાવી વિનયાવનત મસ્તકે નીચે પ્રમાણે વિનંતિ કરવી જોઈએ : 'હે ભગવન્ ! આપને હું ત્રિકરણશુદ્ધ પ્રણામ કરું છું અને આપની કૃપા ચાહું છું. આપ મને સંસારસમુદ્ર તરવા માટે નૌકા સમાન, સકલાગમ–રહસ્યભૂત, ત્રિકાલ મહિમાવંત, અચિંત્ય પ્રભાવશાલી એવા શ્રીનમસ્કાર મહામંત્રનું દાન કરો.'

(૧૧) ત્યાર પછી ગુરુની સમીપે જવું જોઇએ અને ગુરુ તેના જમણા કાનમાં અડસઠ અક્ષરથી યુક્ત, નવ-પદાત્મક, આઠ સંપદાઓથી સુશોભિત એવો નમસ્કારમંત્ર સંભળાવે, તે સાધકે શુદ્ધ, નિર્મલ તથા સ્થિર મનવાળા થઇને સાંભળવો જોઇએ અને તે વખતે પ્રકૃષ્ટ પ્રમોદ ભાવના ધારણ કરવી જોઈએ.

(૧૨) આ રીતે નમસ્કારમંત્ર ગ્રહણ કર્યા પછી સાધકે બે હાથ જોડીને ગુરુને વિનયપૂર્વક કહેવું જોઇએ : 'હે ભગવન્ ! આપે ચિંતામણિ રત્નથી પણ અધિક એવો નમસ્કાર મહામંત્ર આપીને મને ઘણો ઉપકૃત કર્યો છે. મારો આજનો દિવસ સફળ થયો છે. મારું જીવન ધન્ય બન્યું છે. હવે આપ અનુજ્ઞા આપો, એટલે હું આવતી કાલથી નમસ્કારમંત્રની આરાધના અંગે નિયમિત પ્રવૃત્તિ કરું.'

(૧૩) ગુરુ તેની અનુજ્ઞા આપે ત્યારે સાધકે 'તહત્તિ' કહી મસ્તકે અંજલી કરવી જોઇએ, તે એમ દર્શાવવાને કે આપની આજ્ઞા શિરોધાર્ય છે.

(૧૪) તે પછી નમસ્કારમંત્રની ભક્તિ અંગે સ્તુતિ, સ્તોત્ર, છંદ કે ગીત આદિ કંઈ પણ બોલવું જોઇએ, જેથી પ્રશસ્ત ભાવની વૃદ્ધિ થાય.

(૧૫) ત્યારબાદ ગુરુ સર્વમંગલનો પાઠ સંભળાવે, એટલે નમસ્કારમંત્રગ્રહણનો વિધિ પૂરો થાય.

(૧૬) તે પછી આ પ્રસંગનિમિત્તે જે વસ્તુ એકત્ર કરી હોય, તેને યથાસ્થાને પહોંચાડી સાધકે પોતાના નિવાસસ્થાને જઈ ત્યાં ધર્મધ્યાનાદિ પ્રવૃત્તિ કરવી જાઇએ.

'**પંચનમસ્કૃતિદીપક**'માં* કહ્યું છે કે–

तद्विधाने पूर्वदिने गत्वा तु जिनमन्दिरे ।
प्रतिमाश्रुतमभ्यर्च्य कृत्वाऽनुगुरुपूजनम् ।
गुरोराज्ञां समादाय, गुरुहस्तं समुद्धरेत् ।
मस्तके न्यस्य सद्भाग्यं, मत्वा गत्वान्तरे गृहे ।
तत्र मन्त्रं जपेत् यावत् कार्यसिद्धिर्न संभवेत् ।
तावत् तंत्रनियन्ता वा, याथातथ्येन योजयेत् ॥

'મંત્રસાધના શરૂ કરવાના પૂર્વ દિવસે જિનમંદિરમાં જઈ જિનપ્રતિમા અને શ્રુતજ્ઞાનને પૂજીને પછી ગુરુની પૂજા કરવી. પછી ગુરુની આજ્ઞા લઈને ગુરુનો હાથ લઈ પોતાના મસ્તક ઉપર મૂકવો. તે વખતે પોતે ભાગ્યશાળી છે, એમ માનીને ગૃહના એકાંત ભાગમાં જઈ ત્યાં કાર્યની સિદ્ધિ ન

---

* દિગમ્બર સંપ્રદાયના ભટ્ટારક શ્રીસિંહનંદિએ રચેલી આ અતિ મનનીય કૃતિમાં (૧) સાધન–અધિકાર, (૨) ધ્યાન–અધિકાર, (૩) કર્મ–અધિકાર, (૪) સ્તવ–અધિકાર અને (૫) ફલ-અધિકાર એવા પાંચ અધિકારો અને તેમાં નમસ્કારમંત્રને લગતી ઘણી ઉપયોગી હકીકતો અપાયેલી છે. આની મૂલ પ્રતિ અમારા કલકત્તાના ખાસ પ્રવાસ દરમિયાન રોયલ એશિયાટિક સોસાયટીનાં પુસ્તકોનું નિરીક્ષણ કરતાં એક ભળતાં જ નામવાળી પોથીમાંથી અચાનક મળી આવી હતી. તેનું નિરીક્ષણ કરતાં અમને અતિ આનંદ થયો હતો. ત્યાર બાદ અમારા મિત્ર શ્રી ભંવરલાલજી નાહટા મારફત તેનો ફોટોસ્ટેટ નકલ કરાવી જૈન સાહિત્ય વિકાસમંડલના પુસ્તકાલયમાં રાખી હતી. તે નમસ્કાર–સ્વાધ્યાયના બીજા ભાગમાં પૃષ્ઠ ૧૮૯ પર પ્રકટ થયેલી છે.

થાય ત્યાં સુધી મંત્રનો જપ કરવો. તે સમયે ત્યાં યથાર્થ રીતિએ તંત્રનિયંતા એટલે ઉત્તરસાધકની યોજના કરવી.

આ વસ્તુ ઉપરના વિધિનું સમર્થન કરનારી છે. ટૂંકમાં આ કે આવા પ્રકારનો મંત્રગ્રહણવિધિ કરવાથી સાધકના મન પર તેનો ઊંડો પ્રભાવ પડે છે અને તેને સાધના માટે અનેરું બળ પ્રાપ્ત થાય છે. વળી ગુણિયલ ગુરુના આશીર્વાદ મળતાં નમસ્કારમંત્રની સાધના નિર્વિઘ્ને પૂરી થવાની આશા બંધાય છે, એ પણ મહાન લાભ છે. તેથી આવો વિધિ કરીને જ મંત્રસાધના શરૂ કરવાનો આગ્રહભર્યો અનુરોધ છે.

[ ૧૮ ]

## • સ્મરણનું મહત્વ

જેમ ભક્તિમાર્ગમાં ભગવન્નામસ્મરણનો મહિમા ઘણો છે, તેમ મંત્રસાધનામાં મંત્રપદસ્મરણનો મહિમા ઘણો છે. અન્ય શબ્દોમાં કહીએ તો મંત્રસાધનાની શરૂઆત જ સ્મરણથી થાય છે અને તે સિદ્ધિ માટેની મજબૂત ભૂમિકા પૂરી પાડે છે, એટલે પ્રસ્તુત પ્રકરણમાં તે સંબંધી કેટલીક વિચારણા કરવામાં આવી છે.

સ્મરણ શબ્દ સ્મૃતિનો ભાવ સૂચવે છે. વધારે સ્પષ્ટ કહેતાં જે વસ્તુને ઇન્દ્રિયો તથા મન વડે એક વાર ગ્રહણ કરી હોય અને મતિજ્ઞાનના બળે અવધારી લીધી હોય, તેને મનરૂપી પડદા પર તાજી કરવી, તેને સ્મરણ કહેવામાં આવે છે. આ રીતે આપણે ગ્રહિત–અવધારિત અસંખ્ય વસ્તુઓનું સ્મરણ કરી શકીએ છીએ અને તે મનુષ્ય તરીકેની આપણી વિશેષતા છે.

અહીં સ્મરણ શબ્દથી નમસ્કારમંત્રને યાદ કરવો, એટલે કે તેનો પાઠ બોલી જવો, ભણી જવો કે ગણી જવો. એમ સમજવાનું છે. આ ક્રિયા માત્ર મનથી પણ થઈ શકે. તેમાં પ્રથમ પ્રકારનું એટલે માનસિક ક્રિયાનું મહત્ત્વ વધારે છે.

'નમસ્કારનું સ્મરણ શા માટે કરવું જોઈએ?' તેનો ઉત્તર આપતાં જૈન મહર્ષિઓએ જે ટંકશાળી વચનો ઉચ્ચાર્યાં છે, તે પ્રથમ સાંભળી લઈએ, એટલે આપણું કામ ઘણું સરલ બની જશે.

उड्ढमहोतिरयम्मि य जिणनवकारो पहाणओ नवरं ।
नरसुरसिवसुक्खाणं कारणं इत्थ सुवणम्मि ॥
तेणं इमो निच्चं चिय पढिज्ज सुत्तट्ठिएहि अणवरयं ।
होइ चिय दुहदलणो सुहजणणो भविय लोयस्स ॥

'ઊર્ધ્વલોક એટલે સ્વર્ગ, અધોલોક એટલે પાતાલ અને તિર્યગ્ લોક એટલે મનુષ્ય લોક. આ ત્રણેય લોકમાં જિનનમસ્કાર એટલે પરમેષ્ઠિ-નમસ્કારમંત્ર તેના અચિંત્ય પ્રભાવ અને ત્રિકાલ મહિમાને લીધે શ્રેષ્ઠ છે અને તે આ ભુવનમાં એટલે આ જગતમાં, નરસુખ એટલે મનુષ્યભવ વડે પ્રાપ્ત થતાં સુખ, સુરસુખ એટલે દેવતાના ભવ વડે પ્રાપ્ત થતાં સુખ અને શિવસુખ એટલે મોક્ષ-પ્રાપ્તિને લીધે પ્રાપ્ત થતાં સુખનું પરમ કારણ છે. તેથી આ નમસ્કાર મંત્રને સૂતાં એટલે નિદ્રાધીન થતાં પહેલાં અને ઊઠતાં એટલે નિદ્રાનો ત્યાગ કરીને જાગ્રત થતાં અનવરત એટલે

સતત ભણવો જોઈએ. આ નમસ્કારમંત્ર નિશ્ચયે લોકોનાં દુઃખોનું દલન કરનારો તથા સુખને ઉત્પન્ન કરનારો થાય છે.'

**जाए वि जो पढिज्जइ जेण य जायस्स होइ बहुरिद्धि ।**
**अवसाणे वि पढिज्जइ जेण मओ सुग्गइं जाइ ॥**

'[ કેટલાક મંત્રો માત્ર જન્મવખતે ભણવા જેવા હોય છે, તો કેટલાક મંત્રો માત્ર મરણ વખતે ભણવા જેવા હોય છે; પણ નમસ્કારમંત્રની ખૂબી એ છે કે તે બંને પ્રસંગે ભણવા યોગ્ય છે.] જો તે જન્મતી વખતે ભણવામાં આવે તો જન્મ પામ્યા બાદ બહુ ઋદ્ધિને આપનારો થાય છે અને મરણ વખતે ભણવામાં આવે તો મરણબાદ સુગતિને આપનારો થાય છે.'

**आवईहिं पि पढिज्जइ जेण य लंघेइ आवइसयाइं ।**
**रिद्धीहिं पढिज्जइ जेण य सा जाइ वित्थारं ॥**

'[ આ જ રીતે કેટલાક મંત્રો આપત્તિવેળાએ ભણવા જેવા હોય છે અને કેટલાક મંત્રો ઋદ્ધિ એટલે સંપત્તિના સમયમાં ભણવા જેવા હોય છે. પરંતુ નમસ્કાર–મંત્ર તો આ બન્ને વખતે ભણવા જેવો છે. ] જો તે આપત્તિઓના વખતે ભણવામાં આવે તો સેંકડો આપત્તિઓને ઓળંગી જાય છે અને ઋદ્ધિ કે સંપત્તિના વખતે ભણવામાં આવે તો ઋદ્ધિ કે સંપત્તિનો વિસ્તાર થાય છે.'

**जह अहिणा दट्ठाणं गारुडमंतो विसं पणासेइ ।**
**तह नवकारो मंतो पावविसं नासेइ असेसं ।**

'જેમ ગારુડમંત્ર સાપથી કરડાયેલાઓના વિષનો નાશ કરે છે, તેમ નમસ્કારમંત્ર પાપવિષનો સર્વથા નાશ કરે છે.'

વિશેષ શું ?

इय एसो नवकारो भणिओ सुरसिद्धखयरपमुहेहिं ।
जो पढइ भत्तिजुत्तो सो पावइ परमनिव्वाणं ॥

'આ નમસ્કારમંત્ર માત્ર મનુષ્યો વડે જ ભણાય છે, એવું નથી. તે સુર એટલે દેવતાઓ, સિદ્ધ એટલે યોગસિદ્ધ મહાત્માઓ અને ચર એટલે વિદ્યાબળે આકાશમાં વિચરતા વિદ્યાધરો વગેરે વડે પણ ભણાય છે. જે કોઈ ભક્તિયુક્ત બનીને તેને ભણે છે, તે પરમનિર્વાણ એટલે મોક્ષને પ્રાપ્ત કરે છે.'

અન્યત્ર જૈન મહર્ષિઓએ કહ્યું છે કે–

जाण मणभवणनिगुंजे रमइ नमुक्कार-केसरिकिसोरो ।
ताणं अणिट्ठदोघट्टघडणा न नियडेइ ॥

'જેમના મનભવનરૂપી વનનિકુંજમાં નમસ્કારમંત્રરૂપી કેસરીસિંહનું બચ્ચું રમે છે, અર્થાત્ જેના મનમાં આ નમસ્કારમંત્રનું સદા રટણ છે, તેને અનિષ્ટરૂપી હાથીઓનાં ટોળાંઓનો સંયોગ થતો નથી, એટલે કે કોઈ પણ અનિષ્ટકારી ઘટનાનો ભોગ થવું પડતું નથી.'

વિશેષમાં–

मंतंतरपारद्धाइं जाइं कज्जाइं ताइं सव्वाइं विसमाइं ।
ताणं चिय नियसुमरणपुज्जारज्झाण सिद्धिकरो ॥

'વળી અન્ય મંત્રોથી પ્રારંભેલાં જે કાર્યો વિષમ એટલે મુશ્કેલ બન્યાં હોય, તે સર્વ પણ નમસ્કારના સ્મરણ પૂર્વક પ્રારંભેલા હોય, તો શીઘ્ર સિદ્ધ થાય છે.'

અને—

**तह सयलाओ सिद्धीओ मंगलाइं च अहिलसंतेणं ॥**
**सव्वत्थ सया सम्मं चिंतेयव्वो नमुक्कारो ॥**

'તેથી સકલ સિદ્ધિઓ અને મંગલોની અભિલાષા કરનાર આત્માએ સર્વત્ર એટલે સર્વ સ્થલે, સદા એટલે બધો વખત, સમ્યક્ પ્રકારે એટલે સારી રીતે, વિધિપૂર્વક નમસ્કારમંત્રને ચિંતવવો જોઈએ, અર્થાત્ તેનું સ્મરણ કરવું જોઈએ.'

અમે માનીએ છીએ કે આ વચનો સાંભળ્યા પછી નમસ્કારમંત્રની સ્મરણીયતા વિષે કોઈ પણ પાઠક કે જિજ્ઞાસુને કંઈ પણ પૂછવા જેવું રહેશે નહિ.

ઉપર એમ કહેવામાં આવ્યું છે કે નમસ્કારમંત્રને બધો વખત સ્મરવો જોઈએ, તેના અનુસંધાનમાં **ઉપદેશ-તરંગિણી** 'કારે એટલી સ્પષ્ટતા કરી છે કે—

**भोजणसमये सयणे,**
**विबोहणे पवेसणे भए वसणे ।**
**पंचनमुक्कारं खलु,**
**समरिज्जा सव्वकालं पि ॥**

'ભોજન સમયે, શયન સમયે, જાગવાના સમયે, પ્રવેશ-

સમયે, ભયસમયે, કષ્ટસમયે અને વળી સર્વસમયે ખરેખર ! પંચનમસ્કારને સ્મરવો જોઈએ.'

તાત્પર્ય કે જમતાં પહેલાં, સૂતાં પહેલાં, સવારમાં ઊઠતી વખતે, કોઈ પણ ગામ–નગરમાં પ્રવેશ કરતી વખતે, કોઇ ભયનું કારણ ઉપસ્થિત થયું હોય ત્યારે, કંઈ દુઃખ આવી પડયું હોય ત્યારે, તેમજ બીજા સમયે પણ આ નમસ્કારમંત્રને અવશ્ય સ્મરવા જેવો છે.

ધર્મસંસ્કારી વર્ગમાં આજે પણ આ ઉપદેશનો અમલ સારા પ્રમાણમાં થઇ રહેલો છે, પરંતુ સુધરેલો વર્ગ કે જેના ધર્મસંસ્કારોમાં મોટાં ગાબડાં પડયાં છે, તેની સ્થિતિ ઘણી વિચારણીય છે.

થોડાં વર્ષ પહેલાં અમે એક જૈન શ્રીમંત આગેવાનના અઢાર વર્ષના પુત્રને નમસ્કારમંત્રનો પાઠ બોલવા કહ્યું કે જે કોલેજનો પ્રથમ વર્ષનો અભ્યાસ કરતો હતો અને સંગીતદિ પ્રવૃત્તિમાં સારો રસ લેતો હતો, પરંતુ તે નમસ્કારમંત્રનો પૂરો પાઠ બોલી શક્યો નહિ. પૂર્વના સંસ્કારોને લીધે તેનાં ત્રણ પદો બોલી ગયો, પણ ત્યાંથી ગાડી અટકી. રોજ ગણના થતી હોય, સ્મરણ થતું હોય, તો આ પરિસ્થિતિ ન હોય, પણ એ આચારનું ચીટવાઈથી પાલન થાય છે ક્યાં ?

જડવાદની જોરદાર હવાએ ઘણાનાં મન ભ્રમિત કરી નાખ્યાં છે. તેમને અર્થપ્રાપ્તિની આંધળી દોટ સિવાય કંઇ સૂઝતું નથી. પૈસો, વધારે પૈસો, અઢળક પૈસો, એ જ જાણે

તેમનું જીવનસૂત્ર બની ગયું છે અને તેને માટે તેઓ રાત્રિદિવસ દોડધામ કરી રહ્યા છે.

જેની બાજુ સુકાન હોય તેની બાજુ હોડી ચાલે, એટલે મુખ્ય પ્રશ્ન સુકાનનો છે. આજે જીવનરૂપી હોડીનું સુકાન ભૌતિકવાદ તરફ છે, અધ્યાત્મવાદ તરફ નહિ. શાણા અને સમજુ ગણાતા માણસો પણ વધારે અર્થોત્પાદનની વાત કરી રહ્યા છે, જ્યારે અધ્યાત્મવાદ તરફ નજર નાખવાની પણ ફુરસદ નથી! આ સ્થિતિ કોઈપણ ભોગે સુધારવી જ જોઈએ. અર્થાત્ અધ્યાત્મવાદની પુનઃ પ્રતિષ્ઠા કરવી જોઈએ. નમસ્કારમંત્રની સાધના તેમાં અગત્યનો ભાગ ભજવશે, એવી અમારી આંતરિક શ્રદ્ધા છે અને તેથી સમાજના સર્વ સુજ્ઞ નરનારીઓને નમસ્કારમંત્રની સાધનામાં જોડાઈ જવાનો આગ્રહભર્યો અનુરોધ છે.

સ્મરણનો મહિમા અન્ય સંતોએ પણ સારી રીતે ગાયો છે. સંત કબીર કહે છે કે—

**सुमिरन मारग सहज का, सतगुरु दिया बताय ।**
**श्वास श्वास सुमिरन करुं, एक दिन मिलसी आय ।।**

'સદ્ગુરુએ અમને એમ બતાવી દીધું છે કે સહજ-સ્થિતિ પ્રાપ્ત કરવાનો માર્ગ પ્રભુસ્મરણ છે, તેથી જ હું શ્વાસોચ્છ્વાસમાં તેનું સ્મરણ કરું છું. મને પૂરો વિશ્વાસ છે કે તે એક દિન આવીને મળશે, એટલે કે તેના દ્વારા સહજ સ્થિતિ પ્રાપ્ત થઈ જશે.'

सुमिरन से सुख होत है, सुमिरन से दुःख जाय ।
कहे कबीर सुमिरन किये, सांइ मांहि समाय ॥

'કબીર કહે છે કે સાહિબનું-પ્રભુનું સ્મરણ કરવાથી સુખ એટલે નિજસ્વરૂપાનંદની પ્રાપ્તિ થાય છે અને દુઃખ એટલે જન્મ, જરા અને મરણનો નાશ થાય છે તથા છેવટે સાંઇ એટલે પ્રભુમાં ભળી જવાય છે.'

સ્મરણનો આ મહિમા જાણ્યા પછી નમસ્કારમંત્રનું પ્રતિદિન સ્મરણ કરવાની ભાવના કોને નહિ થાય?

□

[ ૧૯ ]

# સ્મરણવિધિ

**ઉઠવાનો સમય** :

નમસ્કારમંત્રના સાધકે સવારમાં વહેલાં ઉઠવાની ટેવ પાડવી જોઇએ. વહેલાં એટલે ચાર કે સાડા ચાર વાગતાં. કદાચ તેમ ન બની શકે તો પાંચ વાગ્યે તો ઉઠી જવું જ જોઈએ. પ્રાચીન પરિભાષા પ્રમાણે કહીએ તો રાત્રિ ચાર ઘડી બાકી હોય ત્યારે નિદ્રાનો ત્યાગ કરવો જોઈએ. 'શ્રાવક તું ઉઠે પરભાત, ચાર ઘડી લે પાછલી રાત.' ૧ ઘડીની ૨૪ મીનીટ, એ રીતે ૪ ઘડીની ૯૬ મીનીટ થાય. ૯૬ મીનીટ એટલે ૧॥ કલાક ને ૬ મીનીટ. સૂર્યોદયનો સમય સરેરાશ ૬–૩૬ મીનીટનો ગણીએ તો આ સમય લગભગ પાંચ વાગ્યાનો આવે.

ટેવ પાડી પડે છે, એ રીતે પ્રથમથી જ વહેલાં ઉઠ–વાની ટેવ પાડી હોય તો પાંચ વાગ્યે ઉઠવાનું જરાયે અઘરું નથી. પ્રારંભમાં કદાચ બગાસાં આવે કે ઉઠવાનું મન ન થાય, પણ મન મજબૂત કર્યું કે શરીરમાં સ્ફુર્તિ આવી

જાય છે. કોઈ મિત્ર સવારની વહેલી ગાડીમાં આવવાનો હોય અને સ્ટેશને સામું જવાનું હોય તો વગર એલાર્મ મૂક્યે પણ ઊઠી જવાય છે અને ઝટપટ તૈયાર થઈ સ્ટેશને પહોંચી જવાય છે, કારણ કે એ બાબતનો મનમાં ખટકો છે–ઉત્સાહ છે. આમાં પણ એમ જ સમજવું. જો મનમાં ખટકો હોય, પૂરતા પ્રમાણમાં ઉત્સાહ હોય તો નિદ્રા એની મેળે ચાલી જાય છે અને આપણે સમયસર ઉઠી શકીએ છીએ.

જેઓ વહેલા ઉઠી શકતા ન હોય, તેમણે રાત્રે વહેલા સૂવાની ટેવ પાડવી જોઈએ. પછી વહેલા ઉઠવામાં ખાસ હરકત આવશે નહિ. જો સંકલ્પબલ બરાબર કેળવાયું હોય તો નિદ્રા ધારેલા સમયે લઈ શકાય છે અને ધારેલા સમયે છોડી શકાય છે.

**ઉઠીને પહેલું શું કરવું ?**

'नवकारेण विबोहो' વગેરે વચનોથી એમ સમજવું કે ઉઠીને તરત જ નમસ્કારમંત્રનું સ્મરણ કરવું જોઈએ. અન્ય શબ્દોમાં કહીએ તો દિવસનો પ્રથમ સુવિચાર પંચ-પરમેષ્ઠીના સ્મરણનો હોવો જોઈએ. આ સ્મરણ મનમાં જ કરવાનું છે. તે અંગે શાસ્ત્રમાં કહ્યું છે કે–

**परमेट्ठिचिंतणं माणसम्मि सिज्जागएण कायव्वं ।।**
**सुत्ताऽविणयपवित्ती निवारिआ होइ एवं तु ।।**

'શય્યામાં રહ્યા રહ્યા પરમેષ્ઠીમંત્રનું ચિંતન મનમાં કરવું, કારણ કે એમ કરવાથી સૂત્ર અંગેની અવિનય-પ્રવૃત્તિનું નિવારણ થાય છે.'

તાત્પર્ય કે જે શય્યામાં આપણે સૂતા હોઈએ, તે પવિત્ર હોતી નથી. આવી શય્યામાં બેસીને નમસ્કારમંત્રનો પ્રકટ ઉચ્ચાર કરવાથી સૂત્ર એટલે નમસ્કારમંત્રનો અવિનય થાય, આશાતના થાય. એ અવિનય–આશાતનામાંથી બચવા માટે તેનું સ્મરણ મનથી કરવું જોઈએ. પ્રકટ ઉચ્ચાર કરતાં બીજાની નિદ્રામાં વિક્ષેપ પડે અથવા તો આજુબાજુ ધંધા-દારી લોકો વસતા હોય તો તે જાગી ઉઠે અને કામે લાગે, તેના દોષના આપણે ભાગી થઈએ, તેથી એ સ્મરણ મનથી કરવું જ ઉચિત છે.

**સ્મરણ ક્યાં કરવું ?**

શ્રી દેવેન્દ્રસૂરિજી મહારાજે '**શ્રાદ્ધદિનકૃત્ય**' માં એમ કહ્યું છે કે—

सिज्जाठाणं पमुतूणं चिट्ठिज्जा धरणीयले ।
भावबन्धु जगन्नाथं नमुक्कारं तओ पढे ॥

'શય્યા, પલંગ વગેરેમાંથી નીચે ઉતરીને પૃથ્વી ઉપર ઊભાં ઊભાં નમસ્કારમંત્રનું સ્મરણ કરવું, કારણ કે તે આલોક અને પરલોકમાં સર્વત્ર સહાય કરનાર હોવાથી ભાવબંધુ છે અને પ્રાપ્ત થયેલા ગુણોનું રક્ષણ કરનાર તથા અપ્રાપ્ય ગુણોની પ્રાપ્તિ કરાવનાર હોવાથી જગતના નાથરૂપ છે.'

આ પરથી એમ સમજવાનું કે નિદ્રાનો ત્યાગ થતાં જ જે સ્મરણ કરવાનું છે, તે શય્યામાં રહીને કરવાનું છે અને ત્યારપછી જે વિશેષ સ્મરણ કરવાનું છે, તે જમીન

પર ઊભા ઊભા કરવાનું છે. શય્યામાં રહીને ત્રણ નમસ્કાર ગણવામાં આવે તે ઇષ્ટ છે.

અન્ય ગ્રંથોમાં તો બેસીને પણ સ્મરણ કરવાનું જણાવ્યું છે અને તે વખતે પદ્માસન કે સુખાસને બેસવું જોઇએ એવો નિર્દેશ કરેલો છે. વળી એ વખતે મોઢું પૂર્વ કે ઉત્તર દિશા તરફ રાખવું જોઇએ, એવું પણ સૂચન છે. આ બંને દિશાઓ આધ્યાત્મિક ક્રિયા કે શાંતિ–તુષ્ટિ માટે ઉત્તમ મનાયેલી છે. કેટલાક તેનો ખુલાસો એમ કરે છે કે આ વિશ્વમાં અનેક પ્રકારનાં સૂક્ષ્મ આંદોલનો થઈ રહ્યાં છે અને તેના પ્રવાહો અમુક દિશામાંથી અમુક દિશા તરફ વહી રહેલા છે. તેમાં પૂર્વ તથા ઉત્તર ભણી મુખ રાખવાથી એ આંદોલનો આધ્યાત્મિક સાધનામાં ઉપકારી બને છે, પરંતુ આપણે ત્યાં પૂર્વ અને ઉત્તર દિશા સન્મુખ મંત્ર ગણવાનું મુખ્ય કારણ પૂર્વમાં મહા–વિદેહ અને ઉત્તરમાં મેરુ પર્વત છે.

પ્રાતઃકાલનું આ સ્મરણ ઊભા ઊભા કરીએ કે બેસીને કરીએ, પણ તે જગા પવિત્ર હોવી જોઇએ,' એટલે કે ત્યાં કંઈ પણ અશુચિ ન હોય, તેનું ધ્યાન રાખવું જોઇએ.

વળી પદ્માસન કે સુખાસનનો સ્વીકાર કર્યા પછી ચિત્તને બરાબર એકાગ્ર કરવું જોઇએ અને ત્યાર પછી કમલબંધથી નમસ્કારમંત્રનું સાત કે આઠ વાર સ્મરણ કરવું જોઈએ.

## કમલબંધ સ્મરણ કરવાની રીત :

શ્રી હેમચંદ્રાચાર્યે '**યોગશાસ્ત્ર**'ના આઠમા પ્રકાશમાં કમલબંધની રીતિ આ પ્રમાણે જણાવેલી છે :

अष्टपत्रे सिताम्भोजे, कर्णिकायां कृतस्थितिम् ।
आद्यं सप्ताक्षरं मन्त्रं, पवित्रं चिन्तयेत्ततः ॥
सिद्धादिकचतुष्कं च, दिक्पत्रे यथाक्रमम् ।
चूलापादचतुष्कं च, विदिक्पत्रेषु चिन्तयेत् ॥


'આઠ પાંખડીવાળા શ્વેત કમલની હૃદયમાં કલ્પના કરીને તેની કર્ણિકા એટલે તેના મધ્ય ભાગમાં 'नमो अरिहंताणं' એ પવિત્ર સાત અક્ષરોવાળા પહેલાં પદની સ્થાપના કરીને તેનું ચિંતન કરે.

અને 'नमो सिद्धाणं' આદિ ચાર પદોની અનુક્રમે દિશાઓની પાંખડીઓમાં તથા ચૂલાના ચાર પદોની અનુક્રમે વિદિશાની પાંખડીઓમાં સ્થાપના કરીને તેનું ચિંતન કરે.'

અહીં પાઠકોની જાણ માટે આ દિશા અને વિદિશાઓનાં પ્રાચીન નામોનો ઉલ્લેખ કરવો ઉચિત સમજીએ છીએ.

| પ્રસિદ્ધ નામ | પ્રાચીન નામ | કારણ |
|---|---|---|
| પૂર્વ | ઐન્દ્રી | ઇન્દ્રદ્વારા રક્ષિત |
| દક્ષિણ | યામ્યા | યમદ્વારા રક્ષિત |
| પશ્ચિમ | વારુણી | વરુણદ્વારા રક્ષિત |
| ઉત્તર | સૌમ્યા | સોમદ્વારા રક્ષિત |
| અગ્નિ | આગ્નેયી | અગ્નિદ્વારા રક્ષિત |
| નૈઋ ત્ય | નૈઋ તી | નૈઋ તદ્વારા રક્ષિત |
| વાયવ્ય | વાયવ્ય | વાયુદ્વારા રક્ષિત |
| ઈશાન | ઐશાની | ઇશાનદ્વારા રક્ષિત |

આ રીતે અષ્ટકમલદલમાં નમસ્કારમંત્રનાં નવ પદોની સ્થાપના નીચેના ચિત્રમાં જણાવ્યા મુજબ થાય છે :




આ એક પ્રકારની માનસિક ક્રિયા છે અને તે મનના વિકાસ સાથે ઘણો સંબંધ ધરાવે છે. વધારે સ્પષ્ટ કહીએ તો જે મનુષ્યોના મનનો અને ખાસ કરીને પ્રતિભા કે કલ્પનાશક્તિનો ઠીક ઠીક વિકાસ થયો હોય, તે આ પ્રમાણે આઠપાંખડીવાળું કમલ બરાબર કલ્પી શકે છે અને તેમાં

જણાવ્યા મુજબ પદોની સ્થાપના કરીને તેનું ચિંતન કરી શકે છે. પરંતુ જેમનો માનસિક વિકાસ ખાસ કરીને પ્રતિભા કે કલ્પનાનો વિકાસ બહુ ઓછો થયો છે, તેમને આ કામ અઘરું જણાય છે.

અમે કેટલાંક વર્ષો પહેલાં મુંબઈમાં ધ્યાનના વર્ગો ચલાવ્યા હતા, તે વખતના અનુભવની એક–બે વાતો અહીં કહેવા જેવી છે. અમે વિદ્યાર્થીઓને આંખ બંધ કરી આઠ પાંખડીવાળા કમલની કલ્પના કરવાનું કહેતા, ત્યારે કેટલાક તે પ્રમાણે બરાબર કરી શકતા અને કેટલાક જણાવતા કે અમારા મનોગત ચક્ષુમાં માત્ર કાળાં ધાબાં જણાય છે, પણ કમલની આકૃતિ દેખાતી નથી. અમે તેમને એક ઉપાય બતાવ્યો કે પ્રથમ આઠ પાંખડીવાળા કમલનું ચિત્ર જુઓ અને પછી એ પ્રમાણે ચિંતન કરો. આમ વારંવાર કરવાથી તમારા મનમાં આઠ પાંખડીવાળું કમલ બરાબર ઉઠશે.

કેટલાકે એવી ફરિયાદ પણ કરી કે અમારા મનઃપ્રદેશમાં આઠ પાંખડીવાળું કમલ તો ઉઠે છે, પણ તેની પાંખડીઓ થોડી જ વારમાં ભૂંસાઈ જાય છે કે લાંબી ટૂંકી થઈ જાય છે અને તેનો રંગ પણ બદલાઈ જાય છે. અમે તેના ખુલાસામાં જણાવેલું કે મનની હાલત અતિ વિક્ષેપવાળી હોવાથી આમ બને છે, પરંતુ ધ્યાનનો થોડો અભ્યાસ વધશે અને ચિત્ત વધારે શાંત તથા સ્વસ્થ થશે, ત્યારે આ કમલ બરાબર સ્થિર રહેશે અને તેનો રંગ બદલાઈ જશે નહિ. અનુભવે આ વાત સાચી પુરવાર થઈ હતી.

જેઓ કમલબંધથી સ્મરણ ન કરી શકે તેમણે કરમાલાથી સ્મરણ કરવું, એવો શાસ્ત્રકારોનો આદેશ છે. કરમાલા એટલે કરની આંગળીઓના વેઢા. તેનો ઉપયોગ કરીને નમસ્કારમંત્રનું સ્મરણ કરવું. તે અંગે વિશેષ સૂચના એવી છે કે–

करआवत्ते जो पंचमंगलं साहुपडिमसंखाए ।
जयवारा आवत्तइ, छलन्ति तं नो पिसायाई ॥

'કરના આવર્તોથી જે નમસ્કાર મંત્રને સાધુપ્રતિમાની સંખ્યાએ એટલે બારથી નવ વાર ગણે છે, તાત્પર્ય કે ૧૦૮ વાર ગણે છે, તેને પિશાચ વગેરે દુષ્ટો ઉપદ્રવ કરી શકતા નથી.'

કર એટલે હાથ, તેની આંગળીઓમાં જે વેઢા હોય છે, તેને અમુક રીતે અનુસરવા તેને આવર્ત કહેવામાં આવે છે. આ આવર્તો નંદ્યાવર્ત, શંખાવર્ત, ૐકારાવર્ત, હ્રીँકારાવર્ત, શ્રીँકારાવર્ત, સિદ્ધચાવર્ત, નવપદાવર્ત વગેરે અનેક પ્રકારના છે. તેમાંથી જમણા હાથે નંદ્યાવર્તના ધોરણે બાર વાર સ્મરણ કરવું અને ડાબા હાથથી શંખાવર્તના ધોરણે તેની ૯ વાર ગણના કરવી, એવો સંપ્રદાય છે. આ રીતે કુલ ૧૦૮ વારની ગણના થઈ શકે છે.

આવર્તમાં ચાર આંગળીના ૧૨ વેઢાનો ઉપયોગ થાય છે. આ રીતે ડાબા હાથે શંખાવર્ત અને જમણા હાથે નંદ્યાવર્તની ગણના નીચે પ્રમાણે થાય છે :

| ડાબા હાથે શંખાવર્ત | | | |
|---|---|---|---|
| ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૬ | ૧ | ૨ | ૧૧ |
| ૫ | ૪ | ૩ | ૧૨ |
| ત૦ | મ૦ | અ૦ | ક૦ |

| જમણા હાથે નંદ્યાવર્ત | | | |
|---|---|---|---|
| ૩ | ૪ | ૫ | ૧૨ |
| ૨ | ૭ | ૬ | ૧૧ |
| ૧ | ૮ | ૯ | ૧૦ |
| ક૦ | અ૦ | મ૦ | ત૦ |

ડાબા હાથને આપણી સન્મુખ રાખીએ તો અંગૂઠા પછીની આંગળીને તર્જની, તેની પછીની આંગળીને મધ્યમા, તેની પછીની આંગળીને અનામિકા અને છેવટની નાની આંગળીને કનિષ્ઠા કે કનિષ્ઠિકા કહેવામાં આવે છે. તેનો ટૂંકમાં ત૦મ૦અ૦ અને ક૦ તરીકે અહીં સંકેત કરેલો છે. જમણા હાથમાં તે ક્રમ ઉલટો હોય છે, એટલે કે પ્રથમ કનિષ્ઠિકા, પછી અનામિકા, પછી મધ્યમા અને પછી તર્જની આવે છે. તેનો અહીં ટૂંકમાં ક૦ અ૦ મ૦ અને ત૦ તરીકે સંકેત કરેલો છે.

અહીં ૧ થી શરૂ કરીને અનુક્રમે ચડિઆતા અંકો પર અંગૂઠો ફેરવતા જવાનો છે. એ રીતે બધી આંગળીઓ પર અંગૂઠો ફરી જાય, ત્યારે એક આવર્ત થયો ગણાય.

આ રીતે નંદ્યાવર્તમાં ૧૨ની ગણના થાય ત્યારે ડાબા હાથનો અંગૂઠો ૧ પર મૂકાય, બીજી વારની ગણના થાય ત્યારે તે અંગૂઠો ૨ પર મૂકાય. આ રીતે શંખાવર્ત પદ્ધતિથી

૯ના આંક પર પહોંચતાં સ્મરણની સંખ્યા ૧૦૮ થાય છે.

આ ગણના અક્ષરશુદ્ધિ, ક્રિયાશુદ્ધિ, તથા ભાવશુદ્ધિ પૂર્વક કરવી જોઇએ અને મનને તેના અર્થમાં જોડાયેલું રાખવું જોઇએ. વળી આ ગણના કરતી વખતે બે હાથ જોડેલા અને મસ્તક કંઇક નમેલું રાખવું જોઇએ. તે વખતે અન્ય કોઈ વિચાર મનમાં દાખલ થવો ન જોઇએ. આ રીતે ઓછામાં ઓછું ૭ કે ૮ વાર સ્મરણ કરવું જોઈએ.

પછી રાત્રે શયન કરતાં સુધીમાં જ્યારે પણ સમય મળે અને સ્મરણ કરવું હોય ત્યારે આ પ્રમાણે જ કરવાનો ખ્યાલ રાખવો.

## ધર્મજાગરિકાનું સ્વરૂપ :

પ્રાતઃકાલમાં નમસ્કારમંત્રનું સ્મરણ પૂરું થાય કે તરત ધર્મજાગરિકા કરવી જોઇએ. ધર્મજાગરિકા એટલે ધર્મસંબંધી વિચારની જાગૃતિ. તેનું સ્વરૂપ આ પ્રમાણે સમજવું :

> किं मे कडं किच्चमकिच्च सेसं ?
> किं सक्कणिज्जं न समायरम्मि ?
> किं मे परो पासइ ? किं च अप्पा,
> किं वाहं खलियं न विवज्जयामि ॥

---

० નમસ્કાર–સ્વાધ્યાય ભાગ પહેલો. પૃ. ૫૨૪ પરનાં ચિત્રોમાં આ પ્રકારે ગણના બતાવેલી છે.

'મેં શું શું કર્યું ? કરવા યોગ્ય શું બાકી છે ? મારાથી શક્ય અને કરવા યોગ્ય છતાં હું શું નથી કરતો ? મારી કઈ ભૂલો બીજાને જણાય છે ? આત્મા શી વસ્તુ છે ? અથવા તો હું મારા કયા દોષોને તજતો નથી ? વગેરે વિચારવું.'

આ રીતે ધર્મજાગરિકા કરવાથી કર્તવ્યનું ભાન થાય છે અને આત્મા વધારે જાગ્રત થાય છે. શ્રી આનંદ, શ્રી કામદેવ વગેરે શ્રાવકોએ આ પ્રમાણે ધર્મજાગરિકા કરી ઘણો આત્મ-વિકાસ સાધ્યો હતો. આપણે પણ તેનો આશ્રય લઈએ તો ઘણો આત્મવિકાસ સાધી શકીએ.

□

[ ૨૦ ]

## જપનું મહત્ત્વ

મંત્રાક્ષરોની વારંવાર આવૃત્તિ કરવી, એટલે કે રટણ કરવું, તેને જપ કહેવામાં આવે છે. આ રીતે જપ એ સ્મરણનું જ એક વિસ્તૃત કે વિશિષ્ટ સ્વરૂપ છે, પરંતુ તે પોતાની વિશેષતા ધરાવે છે. મંત્રવિદોએ તેનું નિરુક્ત આ પ્રમાણે કર્યું છે :

**जकारो जन्मविच्छेदः, पकारो पापनाशकः ।**
**तस्माज्जप इति प्रोक्तो, जन्मपापविनाशकः ।**

'જકાર જન્મનો વિચ્છેદ કરનાર છે અને પકાર પાપ-નાશક છે, તેથી જ તેને જન્મ અને પાપનો વિનાશક એવો જપ કહેલો છે.'

જો જપ યથાવિધિ થાય અને યથાપ્રમાણમાં થાય તો સિદ્ધિ માટે કોઈ શંકા રહેતી નથી. મંત્રવિશારદોએ મક્કમતાથી કહ્યું છે કે 'जपात् सिद्धिर्जपात् सिद्धिर्जपात् सिद्धिर्न संशयः–જપથી સિદ્ધિ થાય છે, જપથી સિદ્ધિ થાય છે, જપથી સિદ્ધિ થાય છે, તેમાં કંઈ સંશય રાખવો નહિ.'

પતંજલિ મુનિએ યોગદર્શનમાં પ્રણવમંત્રની સિદ્ધિ માટે 'तज्जपस्तदर्थभावनम्' સૂત્ર વડે તેનો જપ કરવાનું તથા તેની અર્થભાવના કરવાનું સ્પષ્ટ વિધાન કરેલું છે.

બ્રાહ્મણ–પરંપરા કે જે યજ્ઞયાગમાં અનન્ય શ્રદ્ધા ધરાવે છે, તેણે પણ 'जपयज्ञात् परो यज्ञो, नापरोऽस्तीह कश्चन' વગેરે શબ્દો વડે જપની પ્રસંશા કરી છે અને તેને એક પ્રકારનો શ્રેષ્ઠ યજ્ઞ માન્યો છે. વળી 'जपश्रेष्ठो द्विजश्रेष्ठो ऽखिलयज्ञफलं लभेत्' એ વચનોથી નિયમિત મંત્રજાપ કરનાર બ્રાહ્મણને દ્વિજશ્રેષ્ઠ કહ્યો છે તથા તેનું ફલ અખિલ યજ્ઞ જેટલું બતાવ્યું છે. ભગવદ્ગીતામાં પણ 'यज्ञानां जपयज्ञो ऽस्मि' આદિ શબ્દો જપનું મહત્ત્વ દર્શાવનારા છે.

જૈન મહર્ષિઓએ પણ જપને ખૂબ મહત્વ આપ્યું છે અને તેને ધાર્મિક ક્રિયાનો એક મહત્ત્વનો ભાગ માન્યો છે. '**અનુયોગદ્વારચૂર્ણિ**'માં સામાયિક કરનાર શ્રમણોપાસકનાં ચાર પ્રકારનાં ઉપકરણોનો નિર્દેશ કરતાં 'जवमालिअत्ति' એ શબ્દો વડે જપમાલિકાનો નિર્દેશ કરવામાં આવ્યો છે. જપ વિના જપમાલિકા સંભવે નહિ, વળી તેનું અપરનામ નવકારવાળી છે, એટલે કે તેનાથી મુખ્યત્વે નમસ્કારમંત્રનો જ જપ કરવાનો છે. આથી જપ એ ધાર્મિક ક્રિયાનો એક મહત્ત્વનો ભાગ છે, એમ માનવું સમુચિત છે.

શ્રી હરિભદ્રસૂરિએ '**યોગબિંદુ**'માં જપને અધ્યાત્મ તરીકે ઓળખાવ્યો છે અને તેને ધાર્મિક પુરુષોનું એક પ્રધાન

લક્ષણ કહ્યું છે. વળી જપ ક્યાં કરવો અને કેમ કરવો ? એ પણ ત્યાં દર્શાવ્યું છે. જો જપ એ મહત્ત્વની વસ્તુ ન હોય તો તેઓ આ પ્રકારનું વિધાન તથા વિવેચન શા માટે કરે ?

'જપ' શબ્દ માત્ર બે અક્ષરોનો જ બનેલો છે, પણ તેમાં અચિંત્ય શક્તિ ભરેલી છે. '**પંચનમુક્કારફલ**'માં કહ્યું છે કે—

**जो गणइ लक्खमेगं, पूएइ विहीए जिणनमुक्कारो ।**
**तित्थयरनामगुत्तं, सो बंधइ नत्थि संदेहो ॥**

'જે એક લાખ નમસ્કારમંત્ર ગણે છે, એટલે કે તેનો જપ કરે છે અને શ્રી જિનેશ્વરદેવને વિધિપૂર્વક પૂજે છે, તે તીર્થંકરનામગોત્રને બાંધે, એમાં કોઈ સંદેહ નથી.'

'**ઉપદેશતરંગિણી**'માં આ વસ્તુની વધારે સ્પષ્ટતા કરવામાં આવી છે. જેમકે—

**यो लक्षं जिनबद्धलक्ष्यसुमनाः सुव्यक्तवर्णक्रमं,**
**श्रद्धावान् विजितेन्द्रियो भवहरं मन्त्रं जपेच्छ्रावकः ।**
**पुष्पैः श्वेतसुगन्धिभिश्च विधिना लक्षप्रमाणैर्जिनं,**
**यः संपूजयते जिनः स विश्वमहितः श्रीतीर्थराजो भवेत् ॥**

'શ્રદ્ધાવાન્ અને ઇન્દ્રિયોને સારી રીતે જિતનારો એવો જે શ્રાવક શ્રી જિનેશ્વરદેવમાં લક્ષ્ય બાંધવાપૂર્વક સારા મનવાળો થઈને સ્પષ્ટાક્ષરે એક લાખ નમસ્કારમંત્ર જપે છે તથા શ્વેત અને સુગંધિવાળા એક લાખ પુષ્પોથી શ્રી જિનેશ્વરદેવનું પૂજન કરે છે, તે વિશ્વપૂજ્ય એવો તીર્થંકર થાય છે.'

તાત્પર્ય કે જપ એ કોઈ સામાન્ય વસ્તુ નથી, પણ અચિંત્ય શક્તિ ધરાવનારી એક અતિ મહત્ત્વની વસ્તુ છે.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે '**પંચપરમેષ્ઠિ-ગીતા**'માં 'એહ જપે તે ધન્ય' એ શબ્દો વડે નમસ્કાર-મંત્રના જપનું મહત્ત્વ સૂચવ્યું છે તથા ઉપાધ્યાય શ્રી કુશલ લાભજીએ '**નમસ્કારમંત્રના છંદ**'માં નિમ્ન શબ્દો વડે મંત્રજપનો મહિમા પ્રકટ કર્યો છે :

વાંછિત પૂરે વિધ પરેં, શ્રી જિનશાસન સાર;
નિશ્ચે શ્રી નવકાર નિત્ય, **જપતાં** જયજયકાર.

* * *

સકલ મંત્ર શિર મુકુટમણિ, સદ્ગુરુભાષિત સાર;
સો ભવિયાં મન શુદ્ધશું, નિત્ય **જપીયેં** નવકાર.

* * *

નિત્ય **જંપતા** નરક નિવારે, પામે ભવનો પાર;
સો ભવિયાં ભરો ચોખ્ખે ચિત્તેં, નિત્ય **જપીયેં** નવકાર.

* * *

નિત્ય **જપીયેં** નવકાર, સાર સંપત્તિ સુખદાયક;
સિદ્ધમંત્ર એ શાશ્વતો, એમ જપે શ્રી જગનાયક.

અહીં એ સ્પષ્ટતા કરવી ઉચિત છે કે જૈનધર્મે જપને એક પ્રકારની ધાર્મિક ક્રિયા તો માની જ છે, પણ તેનો સમાવેશ અભ્યંતર તપશ્ચર્યામાં કર્યો છે. 'पायाच्छत्तं विणओ वेयावच्चं तहेव सज्झाओ'–આદિ વચનો અભ્યંતર તપના

પ્રકારો બતાવે છે. તેમાં 'सज्झाओ' શબ્દથી સ્વાધ્યાય સમજવાનો છે. આ સ્વાધ્યાય મોક્ષશાસ્ત્રનું પ્રતિપાદન કરનારા શાસ્ત્રોના પઠન–પાઠન રૂપ પણ છે અને નમસ્કારમંત્રાદિના જપરૂપ પણ છે. ક્રિયાકાંડમાં સ્વાધ્યાય શબ્દનો પ્રયોગ પ્રાયઃ આ અર્થમાં થાય છે. ૨૦૦૦ સ્વાધ્યાય કરવો, એટલે બે હજાર વાર મંત્રની ગણના કરવી.

જપ અને તપ શબ્દ ઘણી વાર જોડકારૂપે બોલાય છે, તે પણ જપ અને તપની આધ્યાત્મિક સાધનરૂપે સમાનતા સૂચવે છે.

જેમ દોરડું પત્થર પર વારંવાર ઘસાય તો પત્થર પર કાપા પડે છે, અથવા લોખંડના પતરા પર છીણીના ઘા વારંવાર થાય, તો તેમાં કાણું પડે છે, તેમ મંત્રનો જપ વારંવાર થાય તો તેનો આત્મા–પ્રાણ–મન પર ઊંડો સંસ્કાર પડે છે અને તેનાં ચોક્કસ પરિણામો આવે છે.

માનસશાસ્ત્રની દૃષ્ટિએ જપ એક પ્રકારનું સૂચન (Suggestion) છે. તેનો વારંવાર પ્રયોગ કરવાથી આંતરમન (Subconsious mind) પર અસર થાય છે અને તેથી આંતરિક સૃષ્ટિમાં વિલક્ષણ ફેરફાર થાય છે. સૂચનો આપીને રોગ મટાડવાની પદ્ધતિ આજે અમલમાં છે અને સેંકડો ડોકટરો કે પ્રોફેસરો એ રીતે રોગીઓના રોગો મટાડે છે. વળી હિપ્નોટીઝમની તંદ્રા દરમિયાન વિધાયકે કરેલાં સૂચનોની વિધેયના મન પર અજબ અસર થાય છે. દાખલા તરીકે વિધાયકના હાથમાં એક ઠંડો ચમચો હોય, પણ તે

વિધેયને એવું સૂચન કરે કે, 'આ ચમચો અતિ ગરમ છે અને તેને અડતાં જ તારો હાથ દાઝી જશે ' તો એ ચમચો તેના હાથને અડકતાં જ અતિ ગરમ લાગે છે અને તે એને તરત જ ફેંકી દે છે.

ફ્રેંચ પ્રોફેસર પોલ ગોલ્ડીં ( Poul Goldin ) છઠ્ઠી ઇંદ્રિય ( The six sense )ના જાહેર પ્રયોગો દરમિયાન આ બાબતના આઠથી દશ પ્રયોગો કરી બતાવે છે, તે જોતાં માનવમન પર સૂચનની કેટલી જબ્બર અસર થાય છે, તે પ્રત્યક્ષ જોઈ શકાય છે. સને ૧૯૬૬માં મુંબઈ મહાનગરીમાં તેના પ્રયોગો બે વાર જોવાની તક અમને મળી હતી અને તેથી અમે અત્યંત પ્રભાવિત થયા હતા.

ત્યાર બાદ સને ૧૯૬૮માં યુરોપનો સુપ્રસિદ્ધ હિપ્નોટિસ્ટ પ્રો. મેકસ કોલી મુંબઈ આવ્યો. તેણે આ જાતના પ્રયોગો મોટા પાયે ઘણા દિવસો સુધી કરી બતાવ્યા હતા અને તેથી સહુ કોઈ પ્રભાવિત થયા હતા. અમે તેની સાથે આ વિષય પર બે વાર વાર્તાલાપ કર્યો હતો.

ત્યાર પછી બીજા પણ પ્રાફેસરોના આ પ્રકારના પ્રયોગો જોવા મળ્યા છે. વળી સૂચન દ્વારા મનુષ્યની માન્યતામાં પણ ફેરફાર કરી શકાય છે. દાખલા તરીકે એક માણસને વારંવાર એમ કહેવામાં આવે કે તું નીરોગી નથી, પણ

× આ પ્રોફેસરે મુંબઈના બ્લીટ્ઝ નામે અંગ્રેજી સાપ્તાહિકમાં 'The Road to Suceess and Power' નામની એક મોટી લેખમાળા લખા હતી અને માનસિક સૃષ્ટિ કેવી અજબ છે ? તેનો ખ્યાલ આપ્યો હતો.

રોગી છે, તો છેવટે તે પોતાને રોગી માનવા લાગે છે અને તે રોગનાં ચિહ્નો પણ તેના શરીરમાં દેખાય છે.

એક વાર ચાર ડૉક્ટરોએ આ વસ્તુની પરીક્ષા કરવા નિર્ણય કર્યો. પછી એક તંદુરસ્ત માણસને પસંદ કરી પ્રથમ ડૉક્ટરે કહ્યું : ‘આમ તો તમારું શરીર ઠીક છે, પણ અંદર તાવ હોય એમ લાગે છે.’ આ શબ્દો સાંભળતાં જ પેલો માણસ ચમક્યો ને કહેવા લાગ્યો કે ‘ના, સાહેબ ! એવું બને નહિ. મને તાવની કોઈ જાતની અસર લાગતી નથી.’ ડૉક્ટરે કહ્યું : ‘મને જે દેખાય છે, તે કહ્યું. તેની થોડી વારમાં ખબર પડશે.’ આથી પેલા માણસને શંકા પેદા થઈ કે ‘રખે ! એમ પણ હોય.’

ત્યાર પછી થોડા વખતે બીજા ડૉક્ટરે તેને તપાસ્યો અને કહ્યું કે ‘ભલા માણસ ! શરીરમાં આટલો તાવ છે, છતાં તમે બહાર કેમ હરોફરો છો ?’ આ શબ્દો સાંભળી પેલા માણસને કંઈક ધ્રૂજારી છૂટી અને તેણે કહ્યું: ‘સાહેબ ! કોઈક કોઈક વખત તાવ આવી જાય છે, પણ તેની ખાસ અસર લાગેલી નહિ, એટલે હરુફરું છું.’ ડૉક્ટરે કહ્યું : ‘હું તમારા ફાયદા માટે કહું છું કે બે કલાક આરામ કરો અને તબિયત પર ધ્યાન આપો.’ આ શબ્દો સાંભળી પેલો ખાટલામાં પડ્યો અને ખિન્ન મને વિચાર કરવા લાગ્યો કે, ‘મને તાવ ક્યાંથી આવ્યો ? હું તો ખૂબ જ નિયમિત રહું છું, પણ શરીરનો ભરોસો નહિ. કોઈ અગમ્ય કારણથી આમ બન્યું હશે.’

થોડી વાર પછી ત્રીજો ડૉક્ટર તેના ખાટલા પાસે આવ્યો, ત્યારે તેના શરીરમાં તાવ ચડી ચૂક્યો હતો, એટલે ડૉક્ટરે થર્મોમીટર કાઢ્યું અને તાવ માપ્યો તો ૧૦૨ ડીગ્રી જણાયો. તેને તો હજી સૂચનની અસર જ જોવી હતી, એટલે તેણે કહ્યું : 'તમે તબિયત વિષે બેદરકાર રહ્યા છો. આ તાવ હજી વધી જશે અને તમને હેરાન કરશે. હું થોડી વાર પછી આવું છું તથા તે માટે ઉપચાર કરું છું.'

અને પેલા માણસનો તાવ ખરેખર વધવા લાગ્યો. થોડી વારમાં તો એ ૧૦૪ ડીગ્રી પર પહોંચી ગયો અને તે તાવથી હચમચવા લાગ્યો. આ વખતે ચોથો ડૉક્ટર આવી પહોંચ્યો અને તેણે તબિયત જોઈને કહ્યું : 'ખાસ વાંધો નથી. કોઈ વાર તબિયત બગડી પણ જાય, પરંતુ તાવ ઉતરવા લાગ્યો છે અને તે થોડી વારમાં જરૂર ઉતરી જશે.'

પેલા માણસે કહ્યું : 'તે માટે જે કંઈ દવા આપવી હોય તે આપો.' પરંતુ ડૉક્ટરે કહ્યું : 'તમે થોડી જ વારમાં જરૂર સાજા થઈ જવાના છો, પછી દવાની જરૂર શી ?' એ સાંભળી પેલો માણસ આનંદમાં આવી ગયો અને પોતાને તાવની બિમારી લાગુ પડી હતી, એ વાત પણ ભૂલી ગયો.

થોડી વારે એ જ ડૉક્ટરે પાછા આવીને તેને તપાસ્યો તો તાવ ૧૦૦ ડીગ્રી નીચે ગયો હતો અને શરીરે પરસેવો વળી રહ્યો હતો, એટલે તેણે કહ્યું : 'તમે બહુ નસીબદાર છો ! તાવ કેટલો ઝડપથી ઉતરી ગયો ! હવે તો નામ માત્રનો છે અને દશ જ મીનીટમાં તમે તાવથી સદંતર મુક્ત થશો.'

પેલા માણસે કહ્યું : 'તમારી મોટી મહેરબાની.' અને દશ મીનીટ પછી ખરેખર તેનો તાવ ઉતરી ગયો.

તાત્પર્ય કે સૂચનની સારી અને ખોટી અસરો મનુષ્યના અંતરમન પર થાય છે અને તેનાં જેવા જ પરિણામો આવે છે. આ દૃષ્ટિએ જપ એક અતિ મહત્ત્વની વસ્તુ પુરવાર થાય છે અને તે સારી તથા ખોટી એમ બંને પ્રકારની અસરો ઉત્પન્ન કરવામાં સમર્થ છે, એમ જાણી શકાય છે. જો મંત્રજપ શુભ આંદોલનોવાળો હોય તો તેની અસર સારી થાય છે અને અશુભ આંદોલનોવાળો હોય તો તેની અસર ખરાબ થાય છે.

એક વાર ભારતના કોઈ રાજાએ પોતાના એક સરદારને કેટલાક સૈનિકો સાથે ચીનમાં મોકલ્યો. ત્યાં એ સરદારે પોતાના રાજા તરફથી કેટલીક કિંમતી ભેટો ચીનના બાદશાહને આપી અને સાથે એક પત્ર પણ આપ્યો. એ પત્રમાં એવો ગૂઢાર્થ હતો કે આ સરદારને હાલ તમારે ત્યાં જ રોકી રાખવો, પણ ભારત પાછો ફરવા દેવો નહિ. ચીનનો પાદશાહ એ વસ્તુ સમજી ગયો અને તેણે સરદાર તથા સૈનિકોને રહેવા તથા ખાવાપીવાની સુંદર સગવડ કરી આપી.

હવે કેટલાક દિવસ બાદ સરદારે પોતાના દેશમાં પાછા ફરવાની રજા માગી, ત્યારે પાદશાહે કહ્યું કે 'આટલા દિવસમાં તમે શું રહ્યા અને શું મોજ માણી? મારો દેશ ઘણો મોટો છે, તેમાં હરો-ફરો અને આનંદ કરો.' આથી સરદાર થોડા દિવસ વધુ રોકાયો અને આસપાસનાં સ્થાનો જોઈ આવ્યો. ત્યાર બાદ ફરી રજા માગી તો પાદશાહે કહ્યું :

'તમે મારાથી છૂટા પડો એ મને ગમતું નથી. પરંતુ તમને એટલું જણાવું છું કે તમારા ઉતારાની સામે એક મોટો વડ છે, તેનાં બધાં પાંદડાં સૂકાઇ જાય, ત્યારે તમને અહીંથી જવાની રજા આપીશ.'

આ જવાબ સાંભળતાં જ સરદાર તથા સૈનિકોને મોટો આઘાત લાગ્યો, કારણ કે તેઓ જેમ બને તેમ વહેલાં સ્વદેશ ભણી ઉપડી જવા ઇચ્છતા હતા. તેમને હવે અહીં ગમતું ન હતું, પરંતુ પાદશાહના હુકમનું ઉલ્લંઘન થઈ શકે નહિ, એટલે તેઓ અત્યંત ખેદ પામીને એમ વિચારવા લાગ્યા કે 'આ વડનાં બધાં પાંદડાં તરત સૂકાઈ જાઓ.'

એમ કરતાં તે એમનો મંત્રજપ બની ગયો અને તેની અસર વડ પર થવા લાગી. એક મહિનામાં તો તેનાં બધાં પાંદડાં સાવ સૂકાઈ ગયાં અને તે તદ્દન વરવો બની ગયો. આ જોઈ પાદશાહને ભારે આશ્ચર્ય થયું. કારણ કે તેણે એમ ધારેલું કે આ કંઈ બનવાનું નથી અને તેઓ અહીંથી જઇ શકે એમ નથી. પરંતુ તે વચનથી બંધાયેલો હતો, એટલે સરદાર તથા તેના સૈનિકોને સ્વદેશ ભણી જવાની રજા આપી.

તાત્પર્ય કે શુભ અથવા અશુભ વિચારના આંદોલનો જડ-ચેતન વસ્તુ પર પોતાનો પ્રભાવ પાડે છે અને તેનું ચોક્કસ પરિણામ આવે છે.+આ પરથી જપનું મહત્ત્વ સમજી શકાશે. તે મંત્રસાધનારૂપી માલાનો મેરુ છે, એ વાત પાઠકોએ ભૂલવાની નથી.

---

+ આ વિષયમાં વધારે જાણવા ઈચ્છનારે અમારા લખેલા **'સંકલ્પસિદ્ધિ'** ગ્રંથનું 'શુભસંકલ્પની આવશ્યકતા' નામનું પ્રકરણ જોવું; તેમજ અમારો લખેલો **'જપ-ધ્યાન-રહસ્ય'** નામનો ગ્રંથ અવશ્ય અવલોકવો.

## [ ૨૧ ]

## જપમાલા અંગે કેટલીક વિચારણા

નમસ્કારમંત્રની સાધના કરનારે રોજ અમુક જપ કરવાનો હોય છે, તેની સંખ્યા ૫૦૦ થી તો ઓછી હોતી જ નથી. વિશેષ જપ શક્તિ મુજબ થાય છે. આટલા જપની ગણના કરમાલાથી કરવાનું કામ કઠિન છે અને તેમાં ભૂલ પડવાનો સંભવ છે, તેથી તેમાં પારા કે મણકાની બનેલી માલાનો ઉપયોગ કરવામાં આવે છે. સામાન્ય રીતે તેને 'માલા' જ કહેવામાં આવે છે, પણ અલંકારરૂપી માલાથી તેની જુદાઇ બતાવવા માટે શાસ્ત્રકારોએ તેનો સંકેત 'જપ-માલિકા' કે 'જપમાલા' તરીકે કરેલો છે. તે અંગે કેટલીક વિચારણા કરવી, એ પ્રસ્તુત પ્રકરણનો હેતુ છે.

ભારતના લગભગ બધા જ ધર્મસંપ્રદાયોએ પ્રભુસ્મરણ તથા મંત્રજપ કરવા માટે માલાનો સ્વીકાર કરેલો છે. ઇસ્લામ તથા ખ્રીસ્તી ધર્મમાં પણ આવા જ હેતુસર અમુક પ્રકારની માલાઓ રાખવામાં આવે છે. આ પરથી એટલું તો નક્કી છે કે ઇષ્ટસ્મરણ તથા મંત્રજપ કરવા માટે જપમાલા એક અતિ ઉપયોગી સાધન છે.

કોઈ એમ કહેતું હોય કે અમે વર્ષો સુધી માલા ફેરવી, પણ કંઇ પરિણામ આવ્યું નહિ, તો એમાં માલાનો કંઈ દોષ નથી; દોષ આપણા મનનો છે. જો મનને પવિત્ર તથા સ્વસ્થ કરી વિધિપૂર્વક માલાનો ઉપયોગ કરીએ તો તેનું પરિણામ જરૂર આવે અને તે ધાર્યા કરતાં પણ ઘણું વધારે સારું આવે. સાધનમાં તો એટલું જ જોવાનું છે કે તે સારું હોવું જોઈએ, યોગ્ય હોવું જોઈએ; બાકી તેનો ઉપયોગ કેમ કરવો? તે વાપરનારના હાથની વાત છે. જો તેનો કુશળતાપૂર્વક ઉપયોગ કરે તો તેનાથી ધાર્યું પરિણામ મેળવી શકે અને આવડતની ખામી હોય તો સારું સાધન પણ નકામું જાય. આજકાલ ઘણા યુવાનો ફરવા જાય છે, ત્યારે ખભે કેમેરા લટકાવે છે અને તે કેમેરા ખરેખર ઊંચી જાતના હોય છે; પણ તેઓ છબીઓ લે છે, તે ઢંગધડા વિનાની હોય છે. કેટલીક 'અંડર' તો કેટલીક 'ઓવર.' વળી કેટલીક વાંકીચૂંકી ને ત્રાંસી પણ હોય છે, કારણ કે છબીઓ કેમ પાડવી? તેની તેમને આવડત હોતી નથી.

જપમાલાઓ ૨૭ મણકાની બને છે, ૩૬ મણકાની બને છે, તેથી ઓછાવત્તા મણકાની પણ બને છે અને ૧૦૮ મણકાની પણ બને છે. તેમાં ૧૦૮ મણકાની માલા સર્વ કાર્ય સિદ્ધ કરનારી મનાયેલી છે અને જૈન ધર્મે તેને જ પસંદગી આપી છે. વિશેષમાં ૧૦૮ મણકા પંચપરમેષ્ઠીના ૧૦૮ ગુણોનું સ્મરણ કરાવે છે, તે પણ તેની પસંદગીનું એક કારણ છે

જપમાલાના બે છેડા બાંધતી વખતે ત્યાં ત્રણ મણકા બીજા મૂકવામાં આવે છે, અથવા એક જુદી જાતનો મોટો મણકો મૂકવામાં આવે છે, તેને મેરુ કહેવાય છે. જપ કરતી વખતે આ મેરુનું ઉલ્લંઘન કરવું નહિ, એવો શાસ્ત્રકારોનો આદેશ છે, એટલે ત્યાં મંત્રજપ કરવામાં આવતો નથી, પણ ત્યાંથી માળાને ફેરવી લેવામાં આવે છે અને જપનું કામ આગળ ચાલે છે.

જપમાલા અનેક વસ્તુઓની બને છે. તેમાં તાંત્રિક ષટ્કર્મ કે અષ્ટકર્મ પરત્વે સ્ફટિક, પ્રવાલ, કમલબીજ, સ્વર્ણ, પુત્રજીવક તથા મુક્તામણિ એટલે મોતી તથા મણિની માલાનો વિશેષ ઉપયોગ થાય છે. શ્રી સાગરચંદ્રસૂરિપ્રણીત અતિ પ્રાચીન '**શ્રીમંત્રાધિરાજ-ચિંતામણિ-બૃહત્-કલ્પ**'માં કહ્યું છે કે—

**दृषत् प्रवालाम्बुजहेमपत्र-जीवस्त्रजोऽगुष्ठमुखाङ्गुलीभिः ।**
**मोक्षाऽभिचारे शमने वशे च, आकर्षणे कर्मणि चालयेद्धि ॥**

'દૃષત્ એટલે સ્ફટિક, પ્રવાલ, અમ્બુજ એટલે કમલ-કમલબીજ, સ્વર્ણ અને પુત્રજીવની માલાઓ અનુક્રમે મોક્ષ, અભિચાર (ઉચ્ચાટન–મારણ વગેરે), શાંતિ, વશીકરણ અને આકર્ષણકાર્યમાં અંગૂઠા આદિ આંગળીઓથી ફેરવવી.'

મંત્રવ્યાકરણના છેડે દીપનાદિપ્રકારયંત્ર આપેલો છે, તેમાં અષ્ટકર્મ પરત્વે નીચે મુજબ માલાનો પ્રયોગ કરવાનું સૂચન છે :

| | | | |
|---|---|---|---|
| ૧ વશીકરણ | —પ્રવાલ | ૫ પૌષ્ટિક | –મુક્તામણિ |
| ૨ સ્તંભન | —સુવર્ણ | ૬ મારણ | –પુત્રજીવક |
| ૩ આકર્ષણ | —પ્રવાલ | ૭ વિદ્વેષણ | – ,, |
| ૪ શાંતિક | —સ્ફટિક | ૮ ઉચ્ચાટન | – ,, |

અહીં કયા કર્મમાં કઈ માલા ફેરવવી ? તેમાં સંપ્રદાય-ભેદ છે, પણ માલાઓ તો લગભગ એ જ વસ્તુની બતાવેલી છે. પ્રથમમાં મુક્તામણિનો ઉલ્લેખ નથી, જ્યારે બીજા સંપ્રદાયમાં કમલબીજનો ઉલ્લેખ નથી. શાંતિકકર્મ સ્ફટિકની માલાથી કરવું એ બાબતમાં બંનેનો મત સમાન છે. હવે નમસ્કારમંત્રની સાધના એ એક પ્રકારનું શાંતિક કર્મ છે, તેથી તેમાં સ્ફટિકની માલાનો ઉપયોગ કરવો જોઈએ, એમ આ ઉલ્લેખો પરથી સમજાય છે.

શ્રી લબ્ધિમુનિકૃત '**નોકારવાલીગીત**'માં બીજી પણ કેટલીક માલાઓનો ઉલ્લેખ થયેલો છે. જેમકે—

સંખપ્રવાલા સ્ફટિક મણિ, પત્તાજીવ રતાંજણી સાર;
રુપ્પ સોવન્ન રયણ તણી, ચંદનાડગર નૈ ઘનસાર.
સુંદર ફલ રુદ્રાક્ષની, જપમાલિકા રે રેશમની અપાર;
પંચવર્ણ સમસૂત્રની વલી, વિશેષૈ સૂત્રતણી ઉદાર.

થોડા વિવેચનથી આ વસ્તુ સ્પષ્ટ કરીશું.

**શંખ**—શંખ-શંખલા. નાના નાના શંખલાઓ જે શ્વેત વર્ણના હોય છે, તેને વિંધીને બનાવેલી માલા શંખની

માલા કહેવાય છે. જેમાં શ્વેત રંગની માલા ફેરવવાની કહી હોય, તેમાં આ માલાનો ઉપયોગ કરી શકાય.

**પ્રવાલા**—પ્રવાલ. પ્રવાલ દરિયાઈ બેટોમાં થાય છે. તે લાલરંગનાં હોય છે અને ઔષધિપ્રયોગ માટે, વીંટીઓમાં નંગ તરીકે જડવા માટે તથા માલા બનાવવા માટે કામ આવે છે. તેને હિંદીમાં 'મૂંગા'–ફારસીમાં 'મિરજાન' અને અંગ્રેજીમાં 'રેડ કોરલ–Red coral' કહે છે. જીવવિચારપ્રકાશિકા પૃ. ૧૦૭ પર તેનું વધારે વિવેચન જોઈ શકાશે. તેની માલાનો વશીકરણ આદિમાં ઉપયોગ થાય છે; અથવા આસન, વસ્ત્ર વગેરે બધી વસ્તુઓ લાલ વાપરવાની કહી હોય ત્યાં આ માલા ઉપયોગમાં લઈ શકાય છે.

**સ્ફટિક**—રત્નની એક જાતિ છે તથા આ નામનો પારદર્શક પત્થર પણ આવે છે. તેનો ઉપયોગ મૂર્તિ, આસન તથા માલા બનાવવામાં થાય છે. કોઈ વસ્તુને અતિ નિર્મલ કહેવી હોય તો સ્ફટિકની ઉપમાં અપાય છે. અંગ્રેજીમાં તેની ગણના 'Crystal and Quartz' વર્ગમાં થાય છે તે આમ શ્વેત લાગે છે, પણ આજુબાજુ જેવા રંગની વસ્તુઓ હોય, તે રંગની તેના પર છાયા પડે છે. આ માલા શાંતિકર્મ માટે ઉત્તમ છે.

**મણિ**—મણિનો સામાન્ય અર્થ રત્ન થાય છે, પણ વ્યવહારમાં તેની ગણના જુદી થાય છે. એ રીતે અહીં મણિ શબ્દથી ચંદ્રકાન્ત, સૂર્યકાન્ત વગેરે સમુદ્રોત્પન્ન રત્નો સમજવાં. આ માલા પૌષ્ટિક કર્મમાં ઉપયોગી છે.

**પત્તાજીવ**—સંસ્કૃતમાં જેને પુત્રજીવક, પુત્રજીવ કે પત્રજીવ કહેવામાં આવે છે, હિંદીમાં જેને જીયાપોતા, પુતજીઆ કે પતજીવ કહેવામાં આવે છે અને ગુજરાતીમાં જે પ્રાયઃ 'જીયાપોતો' તરીકે ઓળખાય છે, તેનો ઉલ્લેખ અહીં પત્તાજીવ તરીકે કરવામાં આવ્યો છે. આ ઝાડ મોટું વધે છે અને તે કોંકણ તથા ઘાટના પર્વતો વગેરે સ્થળે વિશેષ થાય છે. તેનાં બીયાંની માલા બને છે, તે પુત્રજીવની માલા કહેવાય છે. સ્ત્રીઓ પુત્રની પ્રાપ્તિ માટે તથા તે જીવતા રહે તે માટે તેનો ઉપયોગ કરે છે. આ માલા વિદ્વેષણ, ઉચ્ચાટન આદિમાં ઉપયોગી છે.

**રતાંજણી**—રતાંજલી. તે ચંદનનો જ પ્રકાર છે. હિંદીમાં તેને લાલચંદન કહેવામાં આવે છે. તેના લાકડામાંથી રમકડાં બને છે અને મણકા પાડી માલા પણ બનાવી શકાય છે. મંત્રાનુષ્ઠાનમાં દિક્કુમારિકાઓ તથા પોતાના કપાલે તિલક કરવામાં તેના ઘસારાનો ઉપયોગ થાય છે. જ્યાં રાતા રંગની માલા કહેલી હોય, ત્યાં આ માલા કામમાં લઈ શકાય છે.

**રુપ્પ**—રૂપું. તેના પોલા મણકા બનાવીને અથવા લાકડાના પારા પર રૂપું મઢીને માલા બનાવવામાં આવે છે. આ માલા નમસ્કારમંત્રના જપ માટે ઉપયોગી છે, પરંતુ ચાંદીના પોલા મણકામાં જો મીણ કે લાખ જેવી અશુદ્ધ વસ્તુ ભરેલ હોય, તો ઉપયોગમાં લેવા યોગ્ય ગણાય નહિ.

**સોવન્ન**—સુવર્ણ-સોનું. સોનાના મણકા બનાવીને

અથવા લાકડાના પારા પર સોનું મઢીને અથવા માત્ર પોલા મણકા બનાવીને તેની માલા બનાવી શકાય છે. તેનો ઉપયોગ ઉપર કહ્યું તેમ, વશીકરણ કે સ્તંભનમાં થાય છે.

**રયણ**—રત્ન–પ્રાચીન શાસ્ત્રકારોએ તેના ચૌદ પ્રકારો માન્યા છે : (૧) ગોમેદક, (૨) રુચક, (૩) અંક, (૪) સ્ફટિક અને લોહિતાક્ષ, (૫) મરકત અને મસારગલ્લ, (૬) ભુજમોચક, (૭) ઇન્દ્રનીલ, (૮) ચંદન, ગૈરિક અને હંસગર્ભ, (૯) પુલક, (૧૦) સૌગન્ધિક, (૧૧) ચન્દ્રપ્રભ, (૧૨) વૈડૂર્ય, (૧૩) જલકાંત અને (૧૪) સૂર્યકાંત.

આજે રત્ન શબ્દથી મુખ્યત્વે માણેક, પોખરાજ, નીલમ, પન્ના, ગોમેદ (લસણિયું), શનિ વગેરે સમજાય છે. કોઈ શ્રીમંત, રાજા કે મહારાજા તેની માલા બનાવી મંત્રજપનો લાભ લઈ શકે, પરંતુ તેના કરતાં ઇન્દ્રાક્ષ વગેરેની માલાથી વધારે લાભ થાય છે. તે અંગે અગ્નિપુરાણમાં કહ્યું છે કે :–

हिरण्यरत्नमणिभिर्जप्त्वा शतगुणं भवेत् ।
सहस्रगुणमिन्द्राक्षैः पद्माक्षैरयुतं भवेत् ॥
नियुतं चापि रुद्राक्षैर्भद्राक्षैस्तु न संशयः ।
पुत्रजीवकजापस्य परिसंख्या न विद्यते ॥

'સુવર્ણ, રત્ન અને મણિની માલા વડે જપ કરવાથી સો ગણો લાભ થાય છે, ઇન્દ્રાક્ષની માલા વડે જપ કરવાથી હજાર ગણો લાભ થાય છે, કમલબીજની માલા વડે જપ કરવાથી દશ હજાર ગણો લાભ થાય છે, રુદ્રાક્ષની માલા વડે

જપ કરવાથી લાખ ગણો તથા ભદ્રાક્ષની માલા વડે જપ કરવાથી દશ લાખ ગણો લાભ થાય છે. અને પુત્રજીવકની માલા વડે જપ કરવાનું ફલ સંખ્યાથી કહી શકાય તેવું નથી.'

તાત્પર્ય કે વ્યવહારમાં સુવર્ણ, રત્ન અને મણિનું મૂલ્ય ઘણું હોવા છતાં મંત્રસાધનામાં ગુણ પરત્વે ઇન્દ્રાક્ષ વગેરેની માલાનું મહત્ત્વ વધારે છે.

**ચંદન**—સુખડ, તેની અનેક વસ્તુ બને છે, તેમ માલા પણ બને છે, તેનો રંગ ગોરાડું (સહેજ પીળો) હોય છે, પણ શાંતિકર્મમાં તેનો ઉપયોગ થઈ શકે છે.

**અગર**—અગરુચંદન, આ વૃક્ષ ખાસ કરીને ધૂપ માટે અતિ ઉપયોગી છે. તે અગરબત્તી બનાવવાના કામમાં આવે છે અને તેના ધૂપથી મનને ઘણો આનંદ થાય છે. તેના કૃષ્ણાગુરુ, દાહાગુરુ વગેરે ઘણા પ્રકારો છે, પરંતુ તેનું લાકડું વહેલું સડી જાય છે અને એ રીતે સડે છે, ત્યારે જ સુગંધ આવે છે. એટલે કોઈ વિશિષ્ટ પ્રયોજને જ તેનો ઉપયોગ થતો હશે. અન્ય તંત્રગ્રંથોમાં તેની માલાનો ઉલ્લેખ જોવામાં આવ્યો નથી.

**ઘનસાર**—ઘનસારનો પ્રસિદ્ધ અર્થ કપૂર છે, પણ માલા બનાવવામાં તેનો ઉપયોગ થતો નથી. આ શબ્દ ઘણીસરી વૃક્ષના અર્થમાં વપરાયો હોય તો તેના ફલબીજ કે લાકડામાંથી માલા બને છે કે કેમ તે જાણી શકાયું નથી. કદાચ ધવસાર એવો પાઠ હોય તો ધવનાં વૃક્ષો મોટાં થાય છે અને તેનું લાકડું ઇમારતી કામમાં આવે છે. એટલે તેની

માલા, જરૂર બની શકે પણ તેનો ઉલ્લેખ અન્યત્ર જોવામાં આવ્યો નથી. આ પાઠ સંશોધન માગે છે.

**રુદ્રાક્ષ**—રુદ્રાક્ષના મોટાં વૃક્ષો થાય છે. તેના ફલમાં જે બીજ થાય છે, તેને પણ રુદ્રાક્ષ જ કહેવામાં આવે છે. તેમાં સાર પાડી તેની માલા બનાવી શકાય છે. અહીં રુદ્રાક્ષની માલાને સુંદર ફલ આપનારી કહી છે, તેનું એક કારણ એ છે કે તે ભૂતબાધા તથા ગ્રહબાધાનો નાશ કરનારી છે. કેટલાક લોકો રુદ્રાક્ષને ચાંદી કે સોનામાં ગંઠાવી તેની માલા ગળામાં પહેરે છે. તેનાથી હૃદયરોગ દૂર થવાની માન્યતા પ્રચલિત છે. રુદ્રાક્ષની ઉત્પત્તિ મુખ્યત્વે નેપાળ તથા ઇન્ડોનેશિયામાં થાય છે.

**રેશમની માલા**—ઘણી જાતની થાય છે, તેથી અહીં અપાર શબ્દનો પ્રયોગ કરેલો છે.

**પંચવર્ણી સમસૂત્રની માલા**—પાંચ રંગના સૂતરના દોરાને વણીને તેના આધારે બનાવેલી માલાને પંચવર્ણી સમસૂત્રની માલા કહેવામાં આવે છે.

**સૂત્રની માલા**—સૂતરના દોરા ગૂંથીને મણકા બનાવવામાં આવે છે અને તેનાથી માલા બનાવાય છે. આ માલા પણ નમસ્કારમંત્રના જપમાં ઉપયોગમાં લઈ શકાય, પરંતુ કેટલાક જૂના કપડાં ઉપર દોરા ગુંથી મણકા બનાવે છે, તેની માલા ઉપયોગમાં લેવી યોગ્ય નથી.

આજે પ્લાસ્ટીક અને રેડિયમની માળાઓ બનવા લાગી છે અને ઘણા લોકો તેનો ઉપયોગ કરે છે, પણ તે કામમાં લેવા જેવી નથી, એવો વિદ્વાન્ મુનિરાજોનો અભિપ્રાય છે.

તાત્પર્ય કે આ માલાઓમાંથી સ્ફટિકની, રૂપાની તથા સૂતરની માળા નમસ્કારમંત્રના જપ માટે કામમાં લઈ શકાય.

માલા બધા મણકાઓ સરખા હોય, ત્યાં તેની આકૃતિ અંગે વિચાર કરવાનો રહેતો નથી, પણ બધાં ફલબીજો સરખા કદનાં હોતાં નથી. તેમાં ચડઉતરણું અવશ્ય હોય છે. તેમાં ઉપર મોટું બીજ, પછી નાનું, પછી નાનું એમ ક્રમશઃ નાનાં બીજા મણકા તરીકે પરોવવામાં આવે છે, ત્યારે ગોપુચ્છ એટલે ગાયના પૂંછડા જેવી આકૃતિ થાય છે અને વચ્ચે મોટાં બીજ અને આજુબાજુ અનુક્રમે નાનાં બીજ મણકા તરીકે પરોવવામાં આવે છે, ત્યારે સર્પાકૃતિ એટલે સાપના જેવી આકૃતિ થાય છે. આ આકૃતિ પરત્વે તેનું વિશેષ મહત્ત્વ નથી, પણ પાઠકોને ખ્યાલમાં રહે, તે માટે જણાવેલું છે.

માલા બનાવવા માટે રેશમ તથા સૂતર એ બંનેના દોરા વાપરી શકાય છે. તેમાં શાંતિકર્મ માટે ધોળા દોરાનો, વશીકરણ માટે રાતા દોરાનો તથા અભિચાર એટલે ઉચ્ચાટન –મારણ વગેરે માટે કાળા દોરાનો ઉપયોગ થાય છે. નમસ્કાર મંત્રનો જપ તો શાંતિકર્મ માટે જ છે, તેથી તેમાં ધોળા દોરાનો ઉપયોગ કરવો જોઈએ.

આગળના જમાનામાં મંત્રસાધકો મંત્રજપ માટેની માલા જાતે જ બનાવતા કે જાતદેખરેખ નીચે બનાવતા અને તે વખતે જે વસ્તુની માલા બનાવવી હોય, તે વસ્તુને સાફ-સ્વચ્છ–પવિત્ર બનાવીને જ તેને કામમાં લેતા. તેઓ એ માલા

બનાવતી વખતે સતત ૐનો ઉચ્ચાર કરતા અથવા–વર્ણ–માતૃકાના દરેક અક્ષરને અનુસ્વાર લગાડી તેનો મંત્રાક્ષર તરીકે પ્રયોગ કરતા અથવા તો ૱ બીજનું ઉચ્ચારણ ચાલુ રાખતા. આ રીતે તેને પ્રથમથી જ પવિત્ર મંત્રોના સંસ્કાર આપવામાં આવતા અને જ્યારે તે માલા તૈયાર થાય, ત્યારે તેની પ્રતિષ્ઠાનો વિધિ કરવામાં આવતો તથા ત્યાર બાદ ગુરુના હસ્તે તેને ગ્રહણ કરતા અને પછી તેનો જપમાં ઉપયોગ કરતા.

આપણે ત્યાં આચારદિનકરગ્રંથમાં માલાપ્રતિષ્ઠાનો વિધિ બતાવેલો છે, પણ તે આજે પ્રચારમાં નથી. આપણા પૂજ્ય આચાર્યોને કદી એમ લાગ્યું હોય કે નમસ્કારમંત્રની સાધના બને તેટલી સાદી રાખવી, એટલે કે તેના વિધિ–વિધાનોને વધારે જટિલ ન બનાવવા, તેથી પણ આમ બન્યું હોય. પરંતુ અમને અનુભવથી એટલું તો લાગે જ છે કે જો સૂતરની કોકડીઓ ઘર પર લાવીને તેને તથા ગુંથવાના સોયાઓને નમસ્કારમંત્રથી અભિમંત્રિત કરીને તેની માલા ગુંથી હોય અને તે વખતે ૐ બીજનો જપ ચાલુ રાખ્યો હોય તો તે માલા વિશિષ્ટ કોટિની બને અને તેને ધૂપ વગેરેથી વાસિત કર્યા પછી ગુરુના હાથે ગ્રહણ કરવામાં આવે તો સાધકની ભાવનાસૃષ્ટિમાં ઘણું પરિવર્તન થઈ જાય અને તેથી સાધના ઉજ્જવલ કોટિની બને.

અહીં એટલું સ્પષ્ટ કરવું ઉચિત ગણાશે કે આ પ્રકારે જે માલા તૈયાર થાય, તેનો ઉપયોગ માત્ર નમસ્કારમંત્રની

સાધના માટે કરવો જોઇએ. તેનો ઉપયોગ અન્ય કોઇ જપ કે મંત્રસાધનામાં કરી શકાય નહિ. આ માળાને ચાંદી કે સુખડની ડબ્બીમાં મૂકી રાખવી જોઈએ અને જ્યારે જપ કરવો હોય ત્યારે જ ઉપયોગમાં લેવી જોઈએ. તેને બીજાનો સ્પર્શ થાય, એ ઇચ્છવાયોગ્ય નથી.

[ ૨૨ ]

## સકલીકરણ

મંત્રસાધનામાં જપનું મહત્ત્વ શું છે ? તથા જપ માટે કેવી માલાનો ઉપયોગ કરવો જોઈએ ? તે સંબંધી વિસ્તૃત વિચારણા થઈ ગઈ. હવે જપ શરૂ કરતાં પહેલાં જે અગત્યની ક્રિયા કરવાની છે, તેનાથી પાઠકોને પરિચિત કરીશું. આ ક્રિયાનું નામ છે **'સકલીકરણ'**. કેટલાક પાઠકો આ શબ્દ પ્રથમ વાર જ સાંભળતા હશે, પણ આપણા મંત્રવિદોએ તેનો છૂટથી ઉપયોગ કરેલો છે. અન્ય માંત્રિકો તેને ન્યાસ તથા ભૂતશુદ્ધિની ક્રિયા કહે છે.

જે અસકલ છે, અધૂરું છે, અપૂર્ણ છે, તેને સકલ, પૂરું કે પૂર્ણ કરનારી ક્રિયા તે સકલીકરણ. અત્યાર સુધી સાધકનું શરીર મંત્રબીજોની ધારણા વિના અસકલ હતું, તેને હવે મંત્રબીજોની સ્થાપના વડે સકલ કરવામાં આવે છે, તેથી સકલીકરણ એવો સંકેત સાર્થક છે. અહીં સકલ એટલે મંત્રકલા સહિત એવો અર્થ કરીએ તો પણ સંગત છે, કારણ કે આ ક્રિયા સાધકના શરીરદ્વારા આત્માની અંદર

મંત્રકલા કે મંત્રચૈતન્ય પ્રકટાવનારી છે. વળી આ ક્રિયા વડે સાધકની આત્મરક્ષા થાય છે, તેથી તેને આત્મરક્ષાવિધાન પણ કહેવામાં આવે છે. **શ્રી ભૈરવપદ્માવતીકલ્પ** ના વિવરણકાર શ્રીબંધુષેણે 'सकलिक्रियां कुर्यात्' નો અર્થ 'आत्मरक्षाविधानं कुर्यात्' એવો કરેલો છે.

સકલીકરણમાં સહુથી પ્રથમ **કરન્યાસ** કરવો જોઈએ. કરન્યાસ એટલે આંગળીઓના ટેરવા પર ह्राँ ह्रीँ ह्रूँ ह्रौँ ह्रः એ પાંચ શૂન્યબીજની સ્થાપના. તેમાં ડાબા હાથની તર્જની આંગળી વડે જમણા હાથના અંગૂઠે ह्रां, તર્જની પર ह्रीँ, મધ્યમા પર ह्रूँ, અનામિકા પર ह्रौँ અને કનિષ્ઠા પર ह्रः એ પ્રમાણે મંત્રબીજો સ્થાપવાં જોઈએ.

પછી એ હાથનો ઉપયોગ **અંગન્યાસ** માટે કરવો જોઈએ. તે આ પ્રમાણે :

સહુથી પ્રથમ મસ્તક પર હાથ મૂકીને કહેવું કે—

**ॐ नमो अरिहंताणं ह्राँ शीर्षं रक्ष रक्ष स्वाहा ।**

પછી મુખ પર હાથ લાવીને કહેવું કે—

**ॐ नमो सिद्धाणं ह्रीँ वदनं रक्ष रक्ष स्वाहा ।**

પછી હૃદય પર હાથ મૂકીને કહેવું કે—

**ॐ नमो आयरियाणं ह्रूँ हृदयं रक्ष रक्ष स्वाहा ।**

પછી નાભિ પર હાથ મૂકીને કહેવું કે—

**ॐ नमो उवज्झायाणं ह्रौं नाभिं रक्ष रक्ष स्वाहा ।**

પછી બંને ઢીંચણુ પર હાથ મૂકીને કહેવું કે–

**ॐ नमो लोए सव्वसाहूणं ह्रः पादौ रक्ष रक्ष स्वाहा ।**

આ મંત્રો બરાબર કંઠસ્થ કરી લેવા જોઈએ. તો જ અંગન્યાસની ક્રિયા બરાબર થઈ શકે.

ત્યાર પછી 'क्षिप ॐ स्वाहा' મંત્રથી **ભૂતશુદ્ધિ** કરવી, તે આ પ્રમાણે :

પગમાં પીતવર્ણનો ક્ષિ છે, એવો સંકલ્પ કરવો.
નાભિમાં શ્વેતવર્ણનો પ છે, એવો સંકલ્પ કરવો.
હૃદયમાં રક્તવર્ણનો ॐ છે, એવો સંકલ્પ કરવો.
મુખમાં નીલવર્ણનો સ્વા છે, એવો સંકલ્પ કરવો.
અને લલાટે કસ્તૂરી જેવા શ્યામવર્ણનો હા છે, એવો સંકલ્પ કરવો.

તે પછી ઉલટા ક્રમે––
લલાટે શ્યામવર્ણનો હા છે, એવો સંકલ્પ કરવો.
મુખમાં નીલવર્ણનો સ્વા છે, એવો સંકલ્પ કરવો.
હૃદયમાં રક્તવર્ણનો ॐ છે, એવો સંકલ્પ કરવો.
નાભિમાં શ્વેતવર્ણનો પ છે, એવો સંકલ્પ કરવો.
અને પગમાં પીતવર્ણનો ક્ષિ છે, એવો સંકલ્પ કરવો.

આમાં ક્ષિ એ પૃથ્વીબીજ છે, પ એ જલબીજ છે, ॐ એ તેજોબીજ છે, સ્વા એ વાયુબીજ છે, અને હા એ આકાશબીજ છે. આ રીતે શરીરની રચના કરનાર પૃથ્વી,

જલ, તેજ, વાયુ અને આકાશ એ પાંચેય ભૂતોના બીજની વિશિષ્ટ રંગપૂર્વક ધારણા કરતાં ભૂતશુદ્ધિ થાય છે અને તે જપ માટેની સુંદર ભૂમિકા તૈયાર કરે છે.

અહીં જે રંગનો જે અક્ષર કહ્યો છે, તે બરાબર ચિંતવી શકાય છે. અથવા તો જપ સિવાયના ફાજલ સમયમાં આનો થોડો થોડો અભ્યાસ કરતા રહેવું, તેથી સકલીકરણ વખતે આ ક્રિયા શુદ્ધિપૂર્વક થઈ શકશે; વધારે સારું તો એ છે કે આ વસ્તુ સદ્‌ગુરુ પાસેથી બરાબર શીખી લેવી.

ત્યાર પછી વજ્રપંજરરૂપ આત્મરક્ષા–નમસ્કારસ્તોત્રનો પાઠ બોલવો :

## આત્મરક્ષા–નમસ્કારસ્તોત્ર

ॐ परमेष्ठिनमस्कारं, सारं नवपदात्मकम् ।
आत्मरक्षाकरं वज्रपञ्जराभं स्मराम्यहम् ॥१॥
'ॐ नमो अरिहंताणं', शिरस्कं शिरसि स्थितम् ।
'ॐ नमो सव्वसिद्धाणं' मुखे मुखपटं वरम् ॥२॥
'ॐ नमो आयरियाणं' अङ्गरक्षातिशायिनी ।
'ॐ नमो उवज्झायाणं', आयुधं हस्तयोर्दृढम् ॥३॥
'ॐ नमो लोए सव्वसाहूणं' मोचके पादयोः शुभे ।
'एसो पंच–नमुक्कारो', शिला वज्रमयी तले ॥४॥

'सव्वपावप्पणासणो', वप्रो वज्रमयो बहिः ।
'मंगलाणं' च सव्वेसिं' खादिरङ्गारखातिका ॥५॥
'स्वाहान्तं च पदं ज्ञेयं, 'पढमं हवइ मंगलं' ।
वप्रोपरि वज्रमयं, पिधानं देहरक्षणे ॥६॥
महाप्रभावा रक्षेयं क्षुद्रोपद्रवनाशिनी ।
परमेष्ठिपदोद्भूता, कथिता पूर्वसूरिभिः ॥७॥
यश्चैवं कुरुते रक्षां, परमेष्ठिपदैः सदा ।
तस्य न स्याद्भयं, व्याधिराधिश्चापि कदाचन ॥८॥

## ભાવાર્થ

સારભૂત, નવપદમય, વજ્રના પાંજરાની જેમ આત્મ-રક્ષા કરનાર એવા પરમેષ્ઠિનમસ્કારનું ૐકારપૂર્વક સ્મરણ કરું છું ૧.

'ૐ નમો અરિહંતાણં' એ પદ મસ્તક પર રહેલ શિરસ્ત્રાણ છે, એમ સમજવું (અહીં મસ્તકે હાથ રાખવો) અને 'ૐ નમો (સવ્વ) સિદ્ધાણં' એ પદ મુખ પર શ્રેષ્ઠ મુખપટ છે, એમ જાણવું. (આ પદ બોલતાં હાથ વડે મુખને સ્પર્શ કરવો.) ૨.

'ૐ નમો આયરિયાણં' એ પદ અતિશયવાળી અંગરક્ષા એટલે ઉત્તમ કોટિનું બખ્તર છે, એમ જાણવું (આ પદ બોલતાં શરીરને હાથથી સ્પર્શવું) અને 'ૐ નમો ઉવજ્ઝાયાણં' એ પદ બંને હાથોમાં રહેલ મજબૂત હથિયાર છે, એમ જાણવું. (અહીં હાથમાં શસ્ત્ર પકડયા હોય, એવી ચેષ્ટા કરવી.) ૩.

'ॐ नमो लोए सव्वसाहूणं' એ પદ બંને પગમાં રહેલી મંગલકારી મોજડીઓ જાણવી (અહીં બે પગ નીચે હાથથી સ્પર્શ કરવો) અને 'एसो पंच-नमुक्कारो' એ પદ તળિયામાં રહેલી વજ્રમય શિલા છે, એમ સમજવું. (આ પદ બોલતાં જે આસન પર બેઠા હોઈએ, તેને હાથથી સ્પર્શ કરવો અને એમ વિચારવું કે હું વજ્રશિલા ઉપર બેઠેલો છું તેથી જમીન કે પાતાળમાંથી મને કોઈ વિઘ્ન નડી શકશે નહિ.) ૪.

'सव्वपावप्पणासणो' એ પદ બહારનો વજ્રમય કિલ્લો છે, એમ જાણવું (અહીં બે હાથથી ચારે બાજુ કોટની કલ્પના કરતી આંગળીઓ ફેરવવી) અને 'मंगलाणं च सव्वेसिं' એ પદને ખેરના અંગારાવાળી ખાઈ છે, એમ જાણવું. ૫.

'पढमं हवइ मंगलं स्वाहा' એ પદ શરીરની રક્ષા માટે કિલ્લા ઉપર રહેલું વજ્રમય ઢાંકણુ છે, એમ જાણવું. ૬.

પરમેષ્ઠિપદોથી પ્રકટ થયેલી આ રક્ષા પૂર્વાચાર્યોએ કહેલી છે. તે મહાપ્રભાવશાળી તથા ક્ષુદ્ર ઉપદ્રવોનો નાશ કરનારી છે. ૭.

જે (સાધક) પરમેષ્ઠિપદો વડે આ પ્રમાણે સદા રક્ષા કરે છે, તેને ક્યારેય ભય, રોગ અને માનસિક ચિંતાઓ થતી નથી. ૮

અહીં જે મુદ્રાઓ કરવાની છે, તેનો સામાન્ય ખ્યાલ આપ્યો છે, પણ તે સદ્ગુરુ પાસેથી કે કોઈ અનુભવી પાસેથી બરાબર શીખી લેવી જોઈએ.

આ પાઠ થઈ રહ્યા પછી પાઠકે વિધિપૂર્વક જપ કરવાને તત્પર થવું. જપવિધિ હવે પછીના પ્રકરણમાં દર્શાવેલો છે.

[ ૨૩ ]

# જપવિધિ

જપવિધિ એ મંત્રસાધનાનો અતિ મહત્ત્વપૂર્ણ ભાગ છે. અન્ય શબ્દોમાં કહીએ તો એ સાધનારૂપી શરીરનું હૃદય છે, તેથી પાઠકોએ તેના પર ખાસ ધ્યાન આપવાનું છે.

**જપનું સ્થાન :**

'મંત્રસાધના ક્યાં કરવી ?' એ પ્રકરણમાં કેટલીક વિચારણા કર્યા બાદ છેવટે જણાવ્યું છે કે જે સ્થાન પવિત્ર અને શાંત હોય તથા જ્યાં વિક્ષેપ એટલે ગરબડ થવાનો સંભવ અતિ અલ્પ હોય, ત્યાં રહીને મંત્રસાધના કરવી. તે પરથી એમ સમજવાનું કે નમસ્કારમંત્રનો જપ પવિત્ર, શાંત અને વિક્ષેપરહિત સ્થાનમાં બેસીને કરવો જોઇએ.

મંત્રજપ માટે એક સ્થાન નિયત થયા પછી તેની વારંવાર બદલી કરવી નહિ. વધારે સ્પષ્ટ કહીએ તો અસાધારણ સંયોગો સિવાય એ સ્થાન બદલવું નહિ, કારણ કે

સ્થાન પરત્વે પણ કેટલુંક વાતાવરણ તૈયાર થાય છે અને તેનો આપણા મન સાથે અવશ્ય સંબંધ રહે છે.

અમે વર્ષોથી અમારા ઓરડામાં એક નિયત સ્થાને બેસી નાનકડા મેજ પર લખીએ છીએ. ત્યાં જે વિચારધારાનો પ્રવાહ વહે છે, તે સ્થાન બદલતાં વહેતો નથી, એવો અનુભવ અમે અનેક વાર કરેલો છે. વળી મંત્રજપ માટે પણ અમે જે સ્થાન નક્કી કરેલું છે, તે અસાધારણ સંયોગો વિના બદલતા નથી. આથી મંત્રજપ ઘણી સારી રીતે થાય છે. આ વસ્તુ કેટલાકને પ્રારંભમાં નહિ સમજાય, પણ અનુભવે જરૂર સમજાશે. તાત્પર્ય કે મંત્રજપ માટે સ્થાન નિયત કર્યા પછી બને ત્યાં સુધી તેની બદલી કરવી નહિ.

જે સ્થાનમાં બેસીને મંત્રજપ કરવો હોય, ત્યાં તીર્થંકર ભગવંતોનાં, તીર્થોનાં તથા નમસ્કારમંત્રનાં ચિત્રો લટકાવેલાં હોય તે ઇચ્છવાયોગ્ય છે. ત્યાં મંત્રદાતા ગુરુનું ચિત્ર પણ મૂકી શકાય. વળી એ સ્થાનને રોજ બે કે ત્રણ વાર વાળીને સાફ કરવું જોઇએ, તથા ત્યાં સવારસાંજ ધૂપ–દીપ આદિ કરવાં જોઈએ, જેથી મન પર ઘણી સુંદર અસર થશે અને મંત્રજપ બહુ સારી રીતે થઈ શકશે.

**જપનો સમય :**

નમસ્કારમંત્રનો જપ કરવા માટે ત્રણ સંધ્યાનો સમય ઉત્તમ મનાયો છે. સંધ્યા એટલે સૂર્યોદય પહેલાંની તથા પછીની એક ઘડી, મધ્યાન્હ પહેલાંની તથા પછીની એક ઘડી

અને સૂર્યાસ્ત પહેલાની તથા પછીની એક ઘડી. જો આ સમયે મંત્રજપ ન થઈ શકે તો પછીના અનુકૂળ સમયે કરી શકાય છે. તેમાં બ્રાહ્મમુહૂર્ત એટલે પરોઢિયાનો સમય તથા સવારના ૮ થી ૧૦ નો સમય વધારે પસંદ કરવા યોગ્ય છે.

**ચિત્તની સ્વસ્થતા :**

પરંતુ અહીં એક સૂચના આપવી આવશ્યક છે કે મંત્રજપ માટે એવો સમય પસંદ કરવો કે જ્યારે કલાકથી દોઢ કલાક કે બે કલાક સ્વસ્થ ચિત્તે બેસી શકાય. જો ચિત્ત સ્વસ્થ નહિ હોય તો આંતરિક વિક્ષેપો આવ્યા જ કરશે અને તે મંત્રજપને ડહોળી નાખશે. અહીં પ્રાસંગિક એ પણ કહી દઈએ કે જેનું ચિત્ત અવસ્થિત નથી, એટલે કે અનવસ્થિત છે, તે મંત્રજપ કરવાને યોગ્ય નથી. તે અંગે શાસ્ત્રકારોએ ગોમતી ડોશીનું દૃષ્ટાંત કહ્યું છે, તે ખાસ લક્ષ્યમાં રાખવા જેવું છે.

## ગોમતી ડોશીનું દૃષ્ટાંત

શ્રીપુર નગરમાં વસુ નામે એક શેઠ હતો. તેને ગોમતી નામે સ્ત્રી હતી અને ધનપાલ નામે પુત્ર હતો. હવે વખત જતાં વસુ શેઠ મરણ પામ્યો અને વડીલ તરીકેનો સર્વ ભાર ગોમતી ડોશી પર આવ્યો. એ વખતે તેણે ધીરજ અને કુનેહથી કામ લેવાને બદલે ખૂબજ કડવી વાણીનો ઉપયોગ કરવા માંડ્યો અને તેથી ઘરમાં રોજ કંકાસ થવા લાગ્યો. આથી એક વાર ધનપાલે કહ્યું કે 'માજી! હવે તમારે ધર્મ કરવાના દિવસો છે, માટે બધી ફીકર–ચિંતા છોડીને ધર્મ-

કથા શ્રવણ કરો. આવતી કાલથી આપણે ત્યાં એક વિદ્વાન્ શાસ્ત્રી દ્વારા ધર્મકથા વંચાય, તેવો હું પ્રબંધ કરીશ.' અને ધનપાલે તે મુજબ પ્રબંધ કર્યો.

બીજા દિવસે શાસ્ત્રીજી એક પોથી લઈને તેમના ઘરે આવ્યા અને એક ઊંચા આસન પર બેઠક જમાવીને વાંચવાની શરૂઆત કરી. તેમાં તેમણે પહેલું વાક્ય વાંચ્યું કે 'ભીષ્મ ઉવાચ'–ભીષ્મ બોલ્યા. તે વખતે કથા સાંભળવા બેઠેલી ડોશીનું ધ્યાન ખડકીમાં ઊભેલા કૂતરા તરફ ગયું. એટલે 'હડ–હડ' કરતા ઊભા થયા અને લાકડી વડે તેને ફટકાર્યો. પછી લાકડી ઠેકાણે મૂકીને કથા સાંભળવા બેઠા.

શાસ્ત્રીજીએ ફરી વાંચ્યું કે 'ભીષ્મ ઉવાચ' પરંતુ તેમનું આ વાક્ય પૂરું થયું, ત્યાં ડોશીની નજર રસોડા તરફ પડી. ત્યાં એક બીલાડી ધીમા પગલે દૂધની તપેલી ભણી જઈ રહી હતી, એટલે ડોશી 'છી–છી' કરતી ઉભી થઇ અને રસોડામાં બધું આઘું–પાછું કરીને કથા સાંભળવા બેઠી.

હવે શાસ્ત્રીજીએ ફરીને શરૂઆત કરી કે 'ભીષ્મ ઉવાચ' એટલામાં ડોશીનું ધ્યાન પાસેની ગમાણ પર પડ્યું. ત્યાં વાછડો છૂટી ગયો હતો, તેથી 'છુ–છુ' કરતા ઊભા થયા અને વાછડાને ઠેકાણે બાંધ્યો. ત્યાંથી આવીને ફરી કથા સાંભળવા બેઠા. એટલે શાસ્ત્રીજીએ કહ્યું કે 'ભીષ્મ ઉવાચ' પણ ડોશીને કંઇ ચેન ન હતું, તેનું મન અહીં–તહીં ભમ્યા જ કરતું હતું. આ વખતે તેની નજર છાપરા ભણી ગઈ.

ત્યાં એક કાગડો કા–કા કરી રહ્યો હતો, એટલે ડોશી ઊભા થયા અને હાથમાં લાકડી લઈને તેને ઉડાડયો.

પાછા ડોશી પોતાના ઠેકાણે આવીને કથા સાંભળવા બેઠા અને શાસ્ત્રીએ 'भीष्म उवाच'એ વાક્યથી શરૂઆત કરી, પરંતુ તેજ વખતે કોઈ ભિખારી ત્યાં ચડી આવતાં ડોશીનું ધ્યાન તે તરફ ગયું અને તેઓ તેને તગડી મૂકવાને ઊઠયા.

આ રીતે લગભગ એક પ્રહર વ્યતીત થઈ ગયો, પણ શાસ્ત્રીજી 'भीष्म उवाच'થી આગળ વધી શકયા નહિ. આથી કંટાળી તેઓ બીજા દિવસે આવ્યા જ નહિ. તાત્પર્ય કે જેનું ચિત્ત જરાયે સ્થિર નથી, એટલે કે ભમતું જ રહે છે અને અન્યાન્ય વસ્તુઓ તરફ દોડતું જ રહે છે, તે મંત્ર-જપ કરવાને યોગ્ય નથી.

આજે આપણે જીવનની જંજાળ વધારી મૂકી છે, એટલે ચિત્તનો વિક્ષેપ ઘણો વધી ગયો છે અને આપણી હાલત કેટલાક અંશે આ ગોમતી ડોશી જેવી જ બની ગઈ છે, એટલે ચિત્તમાં જેવી અને જેટલી સ્વસ્થતા જોઈએ, તે હોતી નથી. તેથી આવશ્યક એ છે કે જીવનની જંજાળ બને તેટલી ઘટાડવી અને વ્યવહાર–વ્યાપાર વગેરેનો ભાર પણ હળવો કરવો. અન્યથા ચિત્ત અંતર્મુખ થઈ શકશે નહિ અને સ્વસ્થતાનો અનુભવ કરી શકાશે નહિ.

સંસારનો ત્યાગ કરીને સાધુ અવસ્થા સ્વીકારવાનું કારણ પણ એ જ છે કે જે આત્મા અત્યાર સુધી બહિર્ભાવમાં પડચો છે, તે અંતર્મુખ બને અને ક્રમે ક્રમે વિકાસ સાધી

પરમાત્મપદને પ્રાપ્ત કરે. હવે આત્માર્થી સાધુએ આત્મનિરીક્ષણ કરીને પોતે જ એ નિર્ણય કરવો જોઈએ કે 'હું અંતર્મુખ કેટલો બન્યો ?'

**આસનબદ્ધતા :**

અનુભવીઓનું એમ કહેવું છે કે શરીરનું હલનચલન બંધ કર્યા સિવાય ચિત્ત જોઇએ તેવું એકાગ્ર તથા સ્વસ્થ બની શકતું નથી, તેથી ચિત્તની એકાગ્રતા તથા સ્વસ્થતા ઇચ્છનારે પોતાના શરીરને કોઈ પણ આસનમાં સ્થિર કરવું જોઈએ અને તે જ કારણે યોગસાધનામાં આસનબદ્ધતાને—આસનને ખાસ સ્થાન અપાયેલું છે.

અહીં કોઇ એમ સમજતું હોય કે આ તો હઠયોગ કે અષ્ટાંગયોગને લગતી વાત છે, તો એ સમજણ બરાબર નથી. નિર્ગ્રંથ મુનિઓ કાયોત્સર્ગાવસ્થાનો સ્વીકાર કરીને જે ધ્યાન ધરે છે, તેમાં પ્રથમ સ્થાન આસનબદ્ધતા કે આસનની સ્થિરતાને અપાયેલું છે. 'ठाणेणं मोणेणं झाणेणं' એ પાઠ તો ઘણાખરા બોલતા જ હશે, પણ તેનો અર્થ કેટલાયે વિચાર્યો છે ? કાયોત્સર્ગમાં કાયા, વાણી અને મનને સ્થિર કરવાનાં હોય છે, તે અંગે આ ત્રણ પદો યોજાયેલાં છે. તેનો અર્થ એ છે કે કાયાને ઠાણ એટલે આસનથી સ્થિર કરવી, વાણીને મોણ એટલે મૌનથી સ્થિર કરવી અને મનને झाण એટલે ધ્યાનથી સ્થિર કરવું. આ રીતે કાયા, વાણી અને મનને સ્થિર કરવાથી કાયોત્સર્ગાવસ્થા પ્રાપ્ત થાય છે અને તેમાં ઉત્તમ કોટિનું ધ્યાન ધરી શકાય છે.

મંત્રજપમાં પણ ચિત્તની એકાગ્રતા તથા સ્વસ્થતા જરૂરી છે, તેથી તેમાં પણ આસન બાંધવું જોઈએ.

'સ્થિરસુખાસનમ્' એ સૂત્ર વડે યોગનિષ્ણાતોએ એમ જણાવ્યું છે કે જેનાથી લાંબા સમય સુધી સુખપૂર્વક બેસી શકાય તેનું નામ આસન. વળી તેમણે આસન અંગે વિશદ ચર્ચા કર્યા પછી એવો અભિપ્રાય ઉચ્ચાર્યો છે કે–

'जायते येन येनेह, विहितेन स्थिरं मनः ।
तत्तदेव विधातव्यमासनं ध्यानसाधनम् ॥

'ધ્યાનમાં સાધન તરીકે તે તે આસન જોઈએ કે જે જે કરવાથી મન સ્થિર થાય.'

'**પંચનમસ્કૃતિદીપક**'માં કહ્યું છે કે—

पूर्वा ककुप् पुष्पमाला, शुक्ला पद्मासनं वरम् ।
बोधमुद्रा मोक्षमुद्रा, कालः प्रभात ईष्यते ॥

'નમસ્કારમંત્રની સાધના કરતી વખતે નીચેની વસ્તુઓ ઇચ્છવા યોગ્ય છે.

**દિશા**=પૂર્વ. **પુષ્પમાલા**–શ્વેત. **આસન**–પદ્માસન. **મુદ્રા**–બોધમુદ્રા કે મોક્ષમુદ્રા. **કાલ**-પ્રભાત.

આ પરથી પદ્માસનને પસંદગી આપવી યોગ્ય છે, પરંતુ દોઢ કલાકથી બે કલાક સુધી પદ્માસને બેસવાનું શક્ય ન હોય તો સુખાસને એટલે પલાંઠી વાળીને પણ બેસી શકાય.

અહીં એ પણ જણાવી દઈએ કે મંત્રજપ ભૂમિ પર

બેસીને કરવો નહિ, પણ આસન બિછાવીને કરવો. આ આસન ઊનનું હોય તે ઇષ્ટ છે. આજે આપણે ત્યાં જે કટાસણું વપરાય છે, તે આ પ્રકારનું જ હોય છે એટલે તેનો ઉપયોગ કરી શકાય. પણ એ કટાસણું શ્વેત રંગનું પસંદ કરવું.

**દિશા :**

નમસ્કારમંત્રનો જપ કરતી વખતે મોઢું પૂર્વાભિમુખ રાખવું અને તેમ ન બને તો ઉત્તરાભિમુખ રાખવું. શાંતિ–તુષ્ટિ–પુષ્ટિ માટે આ દિશાઓ હિતાવહ છે. એક વાર દિશા નક્કી કર્યા પછી તેમાં ફેરફાર કરવો નહિ.

**જપમાલિકાનો ઉપયોગ :**

જમણા હાથે જપમાલા કે માલા ફેરવવી અને ડાબા હાથે તેની ગણના કરવી, એ એક સામાન્ય વિધિ છે. આ રીતે જપ કરતી વખતે હાથ હૃદય સન્મુખ રાખવો જોઈએ, માલા તર્જની આંગળીના વચલા વેઢા પર રાખવી જોઈએ અને તેને નખ કે વસ્ત્રનો સ્પર્શ ન થાય તે રીતે અંગૂઠાથી ફેરવવી જોઇએ. વળી મંત્ર બોલાય અને મણકો ફરે, એ બાબતનો ખાસ ઉપયોગ રાખવો જોઈએ. જો એ ધોરણ સચવાય નહિ તો મંત્રજપની ગણના યથાર્થ રીતે થઇ શકે નહિ અને બધું કામ ગરબડમાં પડી જાય. પરંતુ આજે સ્થિતિ એ છે કે–

**माला तो करमें फिरे, जीभ फिरे मुखमांहि ।**
**मनवा तो चिहुदिस फिरे, वो तो सुमरिन नांहि ॥**

'માળા હાથમાં ફરતી હોય છે, જીભ મુખમાં ફરતી હોય છે અને મન ચારે દિશામાં ફરતું હોય છે.' આ દુહો કહેનાર કબીરજી કહે છે કે 'આ કંઈ સ્મરણ અર્થાત્ જપ કહેવાય નહિ.'

## મંત્રજપ કેવી રીતે કરવો?

'મંત્રજપ કેવી રીતે કરવો?' એ પ્રશ્નના ઉત્તરમાં મંત્રવિદોએ જણાવ્યું છે કે 'મનને અન્ય સર્વ વિષયોમાંથી ખેંચી લઇને મંત્રાર્થમાં જોડવાપૂર્વક અતિ ઉતાવળે પણ નહિ અને અતિ ધીમે પણ નહિ, એવી રીતે મોતીની માલા માફક એટલે કે નિરંતર જપ કરવો.' *

આનો અર્થ એ છે કે મંત્રજપ કરવા ઇચ્છનારે સહુથી પ્રથમ તો પોતાના મનને અન્ય સર્વ બાબતોમાંથી પાછું ખેંચી લેવું અને મંત્રના અર્થમાં જોડી દેવું. ત્યાર પછી અતિ શીઘ્ર પણ નહિ અને અતિ મંદ પણ નહિ, એટલે કે મધ્યમ ગતિએ મંત્રજપ કરવો અને જેમ મોતીની માલામાં એક પછી એક મોતી આવતા જાય છે, તેમ આ મંત્રપદો એક પછી એક ઉચ્ચારતા જવું.

આમાં પહેલી ક્રિયા સફલતાથી થાય તો બીજી ક્રિયાઓમાં ખાસ વાંધો આવતો નથી, પણ પહેલી ક્રિયામાં સફલ થવાનું કામ જ અઘરું છે. કોઈ કે ઠીક જ કહ્યું છે કે—

×मनः संहृत्य विषयान्मन्त्रार्थगतमानसः ।
न द्रुतं विलम्बं च जपेन्मौक्तिकहारवत् ॥

सुकरं मलधारित्वं, सुकरं दुस्तपं तपः ।
सुकरोऽक्षनिरोधश्च, दुष्करं चित्तरोधनम् ॥

'શરીરવિભૂષાનો ત્યાગ કરીને મેલા રહેવું, તે સહેલું છે; અન્નજલના ત્યાગરૂપ તપ કરવું, એ સહેલું છે; અને ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો, એ પણ સહેલો છે; પણ મનની વૃત્તિઓને જ્યાં ત્યાં રખડતી રોકવી, એ કામ ઘણું દુષ્કર છે.'

શ્રી હેમચંદ્રાચાર્યે 'યોગશાસ્ત્ર' માં, મનની સરખામણી નિરંકુશપણે ભટકતા રાક્ષસ સાથે કરી છે અને તે જગતના જીવોને સંસારરૂપી મોટા ખાડામાં ધકેલી દે છે, એમ જણાવ્યું છે. મહાત્મા આનંદઘનજીએ પણ કુંથુનાથ ભગવાનના સ્તવનમાં મનને દુરારાધ્ય કહ્યું છે અને તેની વિચિત્રતાનું અસરકારક શબ્દોમાં વર્ણન કર્યું છે. પરંતુ આ પરથી કોઈ એમ સમજી લે કે 'મનને જિતી શકાય એવું નથી, અર્થાત્ તેનું અન્યાન્ય વિષયોમાં જે પરિભ્રમણ થઈ રહ્યું છે, તે અટકાવી શકાય તેવું નથી અને પરિસ્થિતિ આવી હોવાથી મંત્રજપ પણ યથાર્થ થઈ શકે એમ નથી, માટે મંત્રજપથી સર્યું !' તો આ સમજણ ઘણી ભૂલભરેલી છે.

શાસ્ત્રકારોએ મનની દુર્જયતાનું જે વર્ણન કર્યું છે, તે લોકોને ભડકાવવા માટે કર્યું નથી, પણ આ કાર્ય કઠિન હોવાથી તેને માટે વધારે પુરુષાર્થ કરવો જોઈએ, એમ સૂચવવાને કર્યું છે. વળી અન્યત્ર તેમણે એ પણ કહ્યું જ છે કે—

अभ्यासेन स्थिरं चित्तमभ्यासेनानिलच्युतिः ।
अभ्यासेन परानन्दो, अभ्यासेनात्मदर्शनम् ॥

'મન મર્કટ જેવું ચંચળ છે અથવા ધ્વજાના અગ્રભાગ જેવું અસ્થિર છે, છતાં તેને અભ્યાસથી સ્થિર કરી શકાય છે. શરીરમાં રહેલા પાંચ પ્રકારના વાયુને કાબૂમાં લેવાનું કામ અત્યંત અઘરું જણાય છે, છતાં અભ્યાસથી તેને કાબૂમાં લઇ શકાય છે. પરમાનંદની પ્રાપ્તિ સહેલી નથી, છતાં અભ્યાસનો આશ્રય લેવામાં આવે તો એ પણ થઈ શકે છે અને આત્મદર્શન કે આત્મસાક્ષાત્કાર જે યોગ–સાધનાનું પ્રધાન લક્ષ્ય છે, તે પણ અભ્યાસથી જ સિદ્ધ થઇ શકે છે, તેથી સિદ્ધિની કામનાવાળાએ અભ્યાસનો આશ્રય લેવો.'

આ પણ મહર્ષિઓનું જ વચન છે કે 'सर्वेषां पदार्थानामभ्यासः कारणं परम्-સર્વે પદાર્થોનું પરમ કારણ અભ્યાસ છે.'

તાત્પર્ય કે મનને અન્ય સર્વ બાબતોમાંથી પાછું ખેંચી લઈ મંત્રાર્થમાં જોડવાનું કાર્ય અભ્યાસથી સિદ્ધ થઈ શકે છે.

શ્રી પાર્શ્વનાથ ભગવાનની પરંપરામાં ઉતરી આવેલા શ્રમણ કેશિકુમાર અને શ્રમણ ભગવાન મહાવીરના પટ્ટશિષ્ય શ્રી ગૌતમસ્વામી વચ્ચે એક વાર તાત્ત્વિક સંવાદ થયો હતો. શ્રમણ કેશિકુમારે પ્રશ્ન કર્યો હતો કે 'હે ગૌતમ ! આ મહા સાહસિક, ભયંકર અને દુષ્ટ ઘોડો ખૂબ દોડી રહ્યો છે. તેના પર બેઠેલા તમે ઉન્માર્ગે કેમ જતા નથી ?

તેના ઉત્તરમાં શ્રી ગૌતમસ્વામીએ કહ્યું : 'હે મહા-મુનિ ! તે વેગભર દોડતા ઘોડાને શ્રુત એટલે શાસ્ત્રરૂપી લગામથી હું બરાબર કાબૂમાં રાખું છું, તેથી તે ઉન્માર્ગે જતો નથી.'

શ્રમણ કેશિકુમારે પૂછ્યું : 'તે ઘોડો કયો ?"

શ્રી ગૌતમસ્વામીએ કહ્યું : 'સંસારમાં આમ તેમ દોડી રહેલું મન જ તો.'

આ પરથી એટલું સમજી શકાય છે કે જો આપણે શાસ્ત્રનો સારી રીતે સ્વાધ્યાય કરીએ અથવા તો જ્ઞાની ભગવંતોનાં વચનોનું વારંવાર ચિંતન-મનન કરીએ તો મનનું પરિભ્રમણ ઘણું ઓછું થઈ જાય છે અને છેવટે અટકી જાય છે તથા જે વિષયમાં તેને જોડવું હોય ત્યાં જોડી શકાય છે.

મહાપુરુષોએ સત્સંગનો ઉપદેશ આપ્યો છે, તે પણ એટલા જ માટે કે તેમનો સંગ કરવાથી સંસારની આસક્તિ ઓછી થઇ જાય અને પરિણામે મનનું પરિભ્રમણ ઘણું જ ઘટી જાય.

આનો અર્થ એ થયો કે સત્સંગ અને શાસ્ત્રસ્વાધ્યાયથી મનને જિતવામાં મોટી મદદ મળે છે, તેથી નમસ્કારમંત્રના સાધકે સાધના દરમિયાન અવશ્ય સત્સંગ કરવો જોઇએ અને શાસ્ત્રસ્વાધ્યાયમાં પણ દત્તચિત્ત થવું જોઇએ.

અહીં એ પણ સાંભળી લ્યો કે–

**शमार्थं सर्वशास्त्राणि, विहितानि मनीषिभिः ।**
**तस्मात्स सर्वशास्त्रज्ञो, यस्य शान्तं मनः सदा ॥**

'બુદ્ધિમાન પુરુષોએ સર્વશાસ્ત્રોની રચના શમ એટલે શાંતિ કે સમતાના શિક્ષણ અર્થે કરેલી છે, તેથી જેનું મન સદા શાંત છે, તે સર્વશાસ્ત્રોનો જ્ઞાતા છે.'

તાત્પર્ય કે જે મનુષ્યોએ આગમોનો એક પણ શબ્દ સાંભળ્યો નથી, પરંતુ મનને શાંત કર્યું છે, તેને સકલ આગમોનું–શાસ્ત્રોનું રહસ્ય મળી ગયું છે, તે સકલશાસ્ત્રજ્ઞ છે.

અહીં માનસશાસ્ત્રે માન્ય કરેલી અને અનુભવની એરણ પર ટીપાઈને બહાર આવેલી એક વસ્તુ કહેવા ઇચ્છીએ છીએ કે જો આપણને એક વસ્તુમાં અત્યંત રસ (Interest) પડે તો તેમાં મન તરત જ લાગી જાય છે અને તે જ્યાં ત્યાં રખડતું નથી. મંત્રસાધકને મંત્રસિદ્ધિમાં અત્યંત રસ પેદા થવો જોઈએ. પછી મનને અન્યાન્ય વિષયોમાંથી પાછું ખેંચી લઈ મંત્રાર્થમાં જોડવાનું કામ સાવ સરલ બની જશે.

લેખનકાર્યમાં અમને ઘણો રસ છે, તો એ કાર્ય હાથ ધરતાં જ અમારું મન તેમાં એકાગ્ર થઈ જાય છે અને કલાકો સુધી લખ્યા જ કરીએ છીએ. આજુબાજુ ગમે તેવો અવાજ કે ઘોંઘાટ થતો હોય, તેની પણ અમને કંઈ અસર થતી નથી. વળી તેમાં સમય કે ભોજનનો પણ ખ્યાલ રહેતો નથી. આ વિષયમાં અમારી એકાગ્રતા એટલી જામે છે કે તેને તોડવા માટે પ્રયત્નો કરવા પડે છે. 'ભાણું

પીરસ્યું છે, જમવા ચાલો.' આવાં વચનો ધર્મપત્નીએ ઉચ્ચાર્યા પછી 'હમણાં આવું છું' એવો જવાબ અમારા તરફથી અપાય છે, પણ લખવાનું છૂટતું નથી. એમાં મન એટલું ઊંડું ઉતરી ગયું હોય છે કે પેલી વાત તરત વિસારે પડી જાય છે અને લખવાનું ચાલુ રહે છે. પરિણામે પીરસાયેલાં ભાણાં સુધી પહોંચતાં કેટલીયે વાર અર્ધો કલાક કે કલાક પણ નીકળી જાય છે.

પાઠકોને કદાચ અતિશયોક્તિ લાગશે, પણ સત્ય ઘટનાનો ખ્યાલ આવે તે માટે કહેવું જરૂરી છે કે કેટલીક વાર અમે 'ખાધું' છે કે નહિ?' એવો પ્રશ્ન પણ અમારે ધર્મપત્નીને પૂછવો પડયો છે.

મુંબઈ–દાદરમાં વિ. સં. ૨૦૧૩માં પૂજ્ય પંન્યાસ શ્રી કીર્તિવિજયજી મહારાજ (હાલ પૂજ્ય આચાર્ય શ્રી વિજય કીર્તિચંદ્રસૂરિજી મહારાજ)ના અવધાનપ્રયોગો મોટી મેદની સમક્ષ થયા, ત્યારે વ્યવસ્થાનો દોર અમે સંભાળ્યો હતો. તે દિવસે અમે સવારથી જ કામે લાગ્યા હતા અને તેમાં એટલા તલ્લીન થઈ ગયા હતા કે સાંજના પાંચ કયારે વાગ્યા? તેની ખબર પડી નહિ. અહીં ઘણા કલાકો સુધી ઊભું રહેવું પડયું હતું, એટલે શ્રમ લાગે, એ સ્વાભાવિક છે. પણ કંઈક વધારે નબળાઈ લાગતી હતી, આથી વિચાર કરવા લાગ્યા કે 'આમ કેમ?' ત્યારે ખ્યાલ આવ્યો કે આજે સવારથી અત્યાર સુધી કંઈ પણ ખાધું જ નથી! તાત્પર્ય કે કામમાં એકાગ્રતા જામે તો બહારની બધી વસ્તુઓ ભૂલાઈ જવાય છે અને શરીરની હાજતો પણ વીસરાઈ જવાય છે.

અમારી શતાવધાનની સિદ્ધિ માનસિક એકાગ્રતાને આભારી છે, તેમ જ ગણિતસિદ્ધિના અદ્ભુત પ્રયોગો પણ ઊંચા પ્રકારની માનસિક એકાગ્રતાને લીધે શક્ય બન્યા છે. આ પરથી પાઠકો એકાગ્રતાનું મહત્ત્વ સમજી શકશે અને તે માટે પ્રયત્નશીલ થશે, એવી અમે આશા રાખીએ છીએ.

ચિત્ત શાંત અને સ્વસ્થ હોય તો મંત્રજપ સમગતિએ ચાલે છે, એટલે કે તેમાં દ્રુત અથવા વિલંબ દોષો આવતા નથી, પરંતુ ચિત્તની સ્વસ્થતા બરાબર ન હોય તો કોઈ વાર તેની ગતિ વધી જાય છે, તો કોઈ વાર ઘટી જાય છે, એટલે મુખ્ય વસ્તુ ચિત્તને શાંત અને સ્વસ્થ રાખવાની છે.

એક મંત્રપદ બોલ્યા પછી તરત બીજું મંત્રપદ બોલવું જોઈએ, એટલે કે તેમાં અંતર ન પડે એમ કરવું જોઈએ. વચ્ચે અંતર પડે તો એ જપનું ફલ ઓછું થઈ જાય છે. આ વસ્તુ સમજાવવા માટે જ અહીં મોતીની માલાનું ઉદાહરણ આપ્યું છે. મોતીની માલામાં એક પછી એક મોતી આવતા જ જાય છે, તેમ મંત્રપદો પણ એક પછી એક ઉચ્ચારવા જ જોઈએ.

મનની ગતિ બે પ્રકારની છે: સમ અને વિષમ. તેમાં સમગતિ પ્રયત્નસાધ્ય છે અને વિષમગતિ સહજ છે. વિષમ ગતિ પણ બે પ્રકારની છે: એક દ્રુત, બીજી વિલંબિત. એટલે આ બંને પ્રકારની ગતિનું નિયંત્રણ કરવામાં આવે, તો જ સમગતિ પ્રાપ્ત થાય. મનને સમગતિએ ચલાવવા માટે કેટલોક અભ્યાસ જરૂરી છે, તેમાં નીચેનો પ્રયોગ મદદ કરી શકે છે.

૧ થી ૧૦૦ સુધીની સંખ્યા સમ અંતરે બોલીને ગણવી. તેમાં મનની ગતિ ક્યાં વધે છે તથા ક્યાં ઘટે છે, તેની બીજા પાસે નોંધ રખાવવી. પોતાનું મન બોલવામાં હોઇને એ વસ્તુની પોતાને ખબર પડી શકે નહિ.

૧– – ૨ – – ૩ – – ૪ – – ૫ – ૬ – – ૭ – – ૮ – – – ૯ – – ૧૦ – – ૧૧ – ૧૨ – – ૧૩ – – ૧૪ – – – ૧૫.

અહીં નાની લીટીઓ અંતર સૂચવે છે. ઉપરનું ચિહ્ન ઝડપ એટલે દ્રુત ગતિ બતાવે છે અને નીચેનું ચિહ્ન મંદતા એટલે વિલંબ ગતિ બતાવે છે. જ્યારે ૧૦૦ સુધીની ગણનામાં આવું કોઈ ચિહ્ન ઉપર–નીચે લાગે નહિ, ત્યારે મન સમગતિએ ચાલે છે, એમ સમજવું.

ધ્યાનના વર્ગો ચલાવતી વખતે અમે આ પ્રયોગો કરાવેલા છે અને તેનું પરિણામ સારું આવેલું છે.

હવે થોડા આગળ વધીએ. મંત્રવિશારદોએ જપ સંબંધમાં કહ્યું છે કે—

नोच्चैर्जपश्च संकुर्याद्, रहः कुर्यादतन्द्रितः ।
समाहितमनास्तूष्णीं मनसा वापि चिन्तयेत् ॥

'મંત્રજપ મોટેથી બોલીને કરવો નહિ. એકાંતમાં કરવો અને તે અનિદ્રિત થઇને કરવો. વળી તે સ્વસ્થ મન-વાળા થઇને કરવો, મૌનપૂર્વક કરવો, અથવા મનથી જ કરવો.'

થોડા વિવેચનથી આ વસ્તુ સ્પષ્ટ કરીશું. જપ મુખ્યત્વે

ત્રણ પ્રકારનો છે: (૧) ભાષ્ય અથવા વાચિક, (૨) ઉપાંશુ અને (૩) માનસ. તેમાં બીજો સાંભળી શકે એ પ્રમાણે મંત્રનો ઉચ્ચાર કરવો, એ ભાષ્ય કે વાચિક જપ કહેવાય છે; બીજો સાંભળી ન શકે એ રીતે મંત્રનું રટણ કરવું, એ ઉપાંશુજપ કહેવાય છે; અને જે માત્ર મનની વૃત્તિથી સ્વસંવેદનરૂપે જપાય છે, તે માનસજપ કહેવાય છે. તેમાં ભાષ્ય કરતાં ઉપાશુનું ફલ ઘણું વધારે છે અને ઉપાંશુ કરતાં માનસનું ફલ ઘણું વધારે છે.

આ પરથી એમ સમજવાનું કે મંત્રસિદ્ધિ માટે ભાષ્ય જપ કરવો ઇષ્ટ નથી, બાકીના બે જપો કરવા ઇષ્ટ છે.

'**મંત્રવ્યાકરણ**'માં કહ્યું છે કે 'मन्त्र्यन्ते गुप्तं भाष्यन्ते मन्त्रविद्भिरिति मन्त्रः—જે મંત્રવિદો વડે ગુપ્તપણે બોલાય, તે મંત્રો જાણવા.' વળી મંત્રદાતા ગુરુ શિષ્યને મંત્રદાન ગુપ્તપણે જ કરે છે, તે પરથી મંત્રની ગોપનીયતા સિદ્ધ છે, એટલે મંત્રજપ મોટેથી બોલીને કરવો યોગ્ય નથી.

મંત્રજપ કરતી વખતે નિદ્રાની કોઇ અસર હશે તો ઝોકા ખાવાનું શરૂ થશે અને બધું કામ બગડી જશે. જો નિદ્રા બહુ ઓછી લેવાઇ હોય તો નિદ્રા આવે છે, અથવા ભારે ખોરાક લેવાયો હોય તો પણ નિદ્રા આવે છે, અથવા પ્રમાણથી કંઈક વધારે ખવાયું હોય તો પણ નિદ્રા આવે છે, તેથી આ બાબતમાં સાવધ રહેવું.

ચિત્તની સ્વસ્થતા અંગે ઉપર કહેવાઇ ગયું છે.

જપ કરતી વખતે કોઇની સાથે કંઇ પણ બોલવું ન જોઈએ, અર્થાત્ મૌન રાખવું જોઇએ. કેટલાક માળા ફેરવતા જાય છે અને વાતો કરતા જાય છે, તેમને જપનો લાભ શી રીતે મળે ?

મંત્રજપ બને ત્યાં સુધી મનથી જ કરવો.

હવે મંત્રજપ કરતી વખતે શું શું ન કરાય ? તે પણ ધ્યાનમાં રાખી લ્યો, જેથી મંત્રજપ સારી રીતે થઇ શકશે.

(૧) મંત્રજપ કરતી વખતે આળસ મરડવી નહિ.
(૨) મંત્રજપ કરતી વખતે બગાસું ખાવું નહિ.
(૩) મંત્રજપ કરતી વખતે છીંક ખાવી નહિ.
(૪) મંત્રજપ કરતી વખતે ખોંખારો ખાવો નહિ કે થૂંકવું નહિ.
(૫) મંત્રજપ કરતી વખતે ભયભીત થવું નહિ.
(૬) મંત્રજપ કરતી વખતે કોઈ પર ક્રોધ કરવો નહિ.
(૭) મંત્રજપ કરતી વખતે નાભિની નીચેનાં અંગોને સ્પર્શ કરવો નહિ.
(૮) મંત્રજપ કરતી વખતે શરીરને ખણવું નહિ.
(૯) મંત્રજપ સીવેલાં વસ્ત્રો પહેરીને કરવો નહિ, એટલે કે મંત્રસાધકે ધોતિયું પહેરવું અને એક વસ્ત્રથી શરીરને ઢાંકવું. સ્ત્રીઓ માટે આ નિયમમાં અપવાદ સમજવો.
(૧૦) નગ્ન થઇને મંત્રજપ કરવો નહિ.

(૧૧) વાળ ખુલ્લા રાખીને મંત્રજપ કરવો નહિ. અર્થાત્ વાળ વધારે હોય તો મંત્રજપ કરતાં પહેલાં બાંધી લેવા જોઇએ.

(૧૨) શરીર કે હાથ અપવિત્ર હોય તો મંત્રજપ કરવો નહિ.

(૧૩) બહાર જવાની ઉતાવળ હોય તેવા સમયે મંત્રજપ કરવો નહિ.

(૧૪) સૂવાનો સમય થઇ ગયો હોય તેવા સમયે મંત્રજપ કરવો નહિ.

(૧૫) ભ્રમિત ચિત્તે મંત્રજપ કરવો નહિ.

(૧૬) માર્ગમાં બેસીને મંત્રજપ કરવો નહિ

(૧૭) ચામડાંના જોડાં પહેરીને કે ચામડાંની કોઈ પણ વસ્તુ પાસે રાખીને મંત્રજપ કરવો નહિ.

(૧૮) પગ લાંબા કરીને મંત્રજપ કરવો નહિ.

(૧૯) પથ્થર કે માટી પર બેસીને મંત્રજપ કરવો નહિ.

(૨૦) સંકલ્પના ફેરફાર પૂર્વક મંત્રજપ કરવો નહિ.

આટલી વસ્તુ લક્ષ્યમાં રાખીને મંત્રજપ કરનાર શુદ્ધિ-પૂર્વક મંત્રજપ કરી શકશે અને તેનું પરિણામ ઘણું સુંદર આવશે.

[ ૨૪ ]

## ધ્યાનનું મહત્વ

નમસ્કારમંત્ર સ્મરવા યોગ્ય છે, જપવા યોગ્ય છે, તેમ ચિંતવવા યોગ્ય પણ છે. વધારે સ્પષ્ટ કહીએ તો નમસ્કારમંત્રનું સ્મરણ કરીએ, નમસ્કારમંત્રનો જપ કરીએ, પણ નમસ્કારમંત્રનું ધ્યાન ન ધરીએ તો નમસ્કારમંત્રની સાધના અધૂરી કે અપૂર્ણ જ રહે અને એવી અપૂર્ણ સાધના વડે સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે નહિ, તેથી જ અમે આ પ્રકરણમાં ધ્યાનનું મહત્ત્વ સમજાવવા ઇચ્છીએ છીએ.

પ્રસ્તુત ગ્રંથના ત્રીજા પ્રકરણમાં નમસ્કારમંત્રનું નિરૂપણ કરતી વખતે એ વસ્તુ સ્પષ્ટ કરવામાં આવી છે કે નમસ્કારનો પાઠ વારંવાર મનન કરવા યોગ્ય હોવાથી મંત્ર કહેવાયો છે. તે પરથી એટલું તો સર્વે પાઠકોને સમજાયું જ હશે કે નમસ્કારમંત્રનું મનન કરવું જોઈએ.

આ મનન બે પ્રકારે થઈ શકે: એક તો મૂલપાઠ અક્ષરશુદ્ધિ તથા ઉચ્ચારશુદ્ધિપૂર્વક બોલ્યા કરવો અને બીજું તેનું ચિંતન કરવું. તેમાં અક્ષરશુદ્ધિ તથા ઉચ્ચાર-

શુદ્ધિપૂર્વક પાઠ બોલ્યા કરવો, તે સ્મરણ કે જપ કહેવાય છે અને તેનું ચિંતન કરવું તે ધ્યાન કહેવાય છે. હવે પાઠ કરતાં પણ ચિંતનનું મહત્ત્વ ઘણું વધારે છે, તેથી જાપ કરતાં ધ્યાનની ક્રિયા ઉત્તમ ગણાય છે અને તે સિદ્ધિને સમીપે લાવવામાં અતિ અગત્યનો ભાગ ભજવે છે, તેથી ધ્યાન વિના કોઇ પણ મંત્રસાધના પૂર્ણતાને પામી શકે નહિ, એ દેખીતું છે.

પતંજલિ મુનિએ '**યોગદર્શન**'માં 'तज्जपस्तदर्थभावनम्' સૂત્ર વડે સ્પષ્ટ કર્યું છે કે મંત્રસિદ્ધિ માટે મંત્રનો જપ કરવો જોઈએ, તેમ જ તેની અર્થભાવના એટલે ચિંતન પણ કરવું જોઇએ.

જૈન મહર્ષિઓ કે જૈન શાસ્ત્રોનો મત આથી ભિન્ન નથી; એટલું જ નહિ પણ તેમણે પરમપદની પ્રાપ્તિ માટે, પરમતત્ત્વની પ્રાપ્તિ માટે, તેમજ ધ્યાનસિદ્ધિ માટે નમસ્કારમંત્રનું ધ્યાન ધરવાનો ખાસ ઉપદેશ આપેલો છે.

'**પંચનમુક્કારફલ**'માં કહ્યું છે કે–

**जं किंचि परमतत्तं, परमप्पयकारणं च किंपि ।**
**तत्थ इमो नवकारो, झाइज्जइ परमजोगीहिं ॥**

'જે કંઈ પરમતત્ત્વ છે અને જે કોઈ પરમપદનું કારણ છે, તેમાં પણ પરમ યોગીઓ વડે આ નમસ્કારમંત્ર જ ચિંતવાય છે, અર્થાત્ તેનું ધ્યાન ધરાય છે.'

શ્રી હેમચંદ્રાચાર્યે '**યોગશાસ્ત્ર**'માં કહ્યું છે કે–

तथा पुण्यतमं मन्त्रं, जगत्त्रितयपावनम् ।
योगी पञ्चपरमेष्ठि–नमस्कारं विचिन्तयेत् ॥

'તથા ત્રણ જગતને પાવન કરનાર અને મહાપવિત્ર એવા પંચપરમેષ્ઠિ-નમસ્કારમંત્રને યોગીએ-યોગસાધકે વિશેષ પ્રકારે ચિંતવવો જોઈએ, અર્થાત્ તેનું ધ્યાન ધરવું જોઈએ.'

અને તેમણે એ ધ્યાનનો વિધિ પણ બતાવેલો છે કે જેનો સામાન્ય નિર્દેશ અમે સ્મરણવિધિમાં કરી ગયા છીએ.

શ્રી સિદ્ધસેનસૂરિએ **'નમસ્કાર–માહાત્મ્ય'** માં કહ્યું છે કે–

पुण्यानुबन्धि पुण्यो यः, परमेष्ठिनमस्कृतिम् ।
यथाविधि ध्यायति सः, स्यान्न तिर्यग् न नारकः ॥

'પુણ્યાનુબંધી પુણ્યને ધારણ કરનારો જે આત્મા વિધિપૂર્વક પંચપરમેષ્ઠિ-નમસ્કારમંત્રનું ધ્યાન કરે છે, તે તિર્યંચ અથવા નારક થતો નથી.'

તાત્પર્ય કે તે મૃત્યુ બાદ મનુષ્ય અથવા દેવગતિને પ્રાપ્ત કરે છે અને તેમાં પ્રાપ્ત થઈ શકતાં સુખોનો ઉપભોગ કરે છે.

આ પરથી સાધકોને નમસ્કારમંત્રના ધ્યાનનું મહત્ત્વ સમજાશે.

જપનો સમાવેશ અભ્યંતર તપમાં થાય છે, તેમ ધ્યાનનો સમાવેશ પણ અભ્યંતર તપમાં જ થાય છે. વળી તેનો નિર્દેશ જપ પછી તરત જ કરવામાં આવે છે, તે

જપની સાથેનું તેનું સહચારિત્વ સૂચવે છે. આ રહ્યાં તે અંગેનાં શાસ્ત્રકાર મહર્ષિનાં વચનો :

**पायच्छित्तं विणओ, वेयावच्चं तहेव सज्झाओ ।**
**झाणं उस्सग्गोवि अ, अब्भिंतरओ तवो होइ ॥**

'પ્રાયશ્ચિત્ત, વિનય, વયાવૃત્ય, સ્વાધ્યાય (જપ), ધ્યાન અને ઉત્સર્ગ, એ અભ્યંતર તપ છે.'

શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે જે કર્મો અતિ ચીકણાં હોય અને દીર્ઘ કાલથી સંચિત થયેલાં હોય, તે ધ્યાનરૂપી અગ્નિથી ક્ષણમાત્રમાં બળીને ભસ્મ થઈ જાય છે. ધ્યાનની આ બલિહારી છે અને તેથી જ તીર્થંકર ભગવંતો તથા મહામુનિઓ તેનો આશ્રય અવશ્ય લે છે.

શ્રમણ ભગવાન મહાવીરસ્વામી સાધનાકાલમાં એકાંત, મૌન અને ઉપવાસનો આશ્રય લઈ મોટા ભાગે ધ્યાનમાં જ રહેતા અને એ રીતે પોતાનાં કર્મો ખપાવતા. અન્ય રીતે કહીએ તો શ્રમણ ભગવાન મહાવીર જેમ દીર્ઘ તપસ્વી હતા, તેમ દીર્ઘધ્યાની પણ હતા અને તેથી જ તેઓ ટૂંકા સમયમાં ભારે કર્મોની નિર્જરા કરી શક્યા હતા.

ધર્મધ્યાનની ધારાએ ચડ્યા વિના આધ્યાત્મિક પ્રગતિ થતી નથી અને શુકલધ્યાનના બીજા પાયે પહોંચ્યા વિના કેવળજ્ઞાન પ્રાપ્ત થતું નથી. આમ છતાં આજે ધ્યાનની પ્રવૃત્તિ મંદ પડી ગઈ છે અને તેના પર જોઈએ તેવો ભાર અપાતો નથી, એ ઘણી જ અફસોસની વાત છે.

કોઈ એમ કહેતું હોય કે 'આજે મોક્ષનો દરવાજો બંધ છે અને શુકલ ધ્યાનના બીજા પાયા સુધી પહોંચવાની આપણી કોઈની તાકાત નથી, તેથી ધ્યાન માટે વિશેષ પ્રવૃત્તિ શું કરવી ?' તો એ કથન અજ્ઞાનમૂલક છે. મોક્ષનો દરવાજો આજે ભલે બંધ હોય અને શુકલ ધ્યાનના બીજા પાયા સુધી ભલે પહોંચાતું ન હોય, પણ સાધુ–સાધ્વીએ પોતાનો બધો વખત ધર્મધ્યાનમાં ગાળવાનો છે અને શ્રાવક–શ્રાવિકાઓએ તેનું યથાશક્તિ અનુસરણ કરવાનું છે, તેનું શું ? જો ધ્યાનની પ્રવૃત્તિ મંદ પડે તો ધર્મધ્યાનમાં ધબડકો વળી જાય અને ધર્મધ્યાનમાં ધબડકો વળી જાય, તો બાકી શું રહે ? એ જ વિચારવાનું છે.

શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર વગેરે પરથી તો એમ જ સમજાય છે કે નિર્વાણયોગના સાધકે મુખ્યતયા સ્વાધ્યાય અને ધ્યાનની જ પ્રવૃત્તિ કરવાની છે. તેમાં સ્વાધ્યાય માટે આચાર્ય તથા ઉપાધ્યાયને શરણે જવાનું છે અને ધ્યાન માટે કાયોત્સર્ગનો આશ્રય લેવાનો છે. આ બંને વસ્તુઓ એક–બીજાની પૂરક છે, એટલે તેમાં મુખ્ય–ગૌણ ભાવ કરવો ઈષ્ટ નથી. તાત્પર્ય કે કોઈ સ્વાધ્યાય કરે, પણ ધ્યાન ન ધરે કે ધ્યાન ધરે, પણ સ્વાધ્યાય ન કરે, તે ઈચ્છવા યોગ્ય નથી. સ્વાધ્યાયથી સાચો માર્ગ સમજાય છે અને ધ્યાનથી તેનો અમલ થાય છે.

ધ્યાન એ મંત્રસાધનાનો એક અતિ અગત્યનો ભાગ છે, તેથી જ મંત્રવિશારદોએ મંત્રસાધનાનાં મુખ્ય અંગોમાં તેની ગણના કરેલી છે. જેમકે–

पूजाकोटिसमं स्तोत्रं, स्तोत्रकोटिसमो जपः ।
जपकोटिसमं ध्यानं, ध्यानकोटिसमो लयः ॥

મંત્રસાધનાનું પ્રથમ અંગ મંત્રદેવતાની પૂજા છે, તે વિવિધ ઉપચારો વડે કરવી જોઈએ. મંત્રસાધનાનું બીજું અંગ સ્તોત્ર છે, તે પૂજા કરતાં ક્રોડગણું વધારે ફલ આપનારું છે, તેથી સુંદર સ્તોત્રો વડે મંત્રદેવતાની સ્તુતિ અવશ્ય કરવી જોઈએ. મંત્રસાધનાનું ત્રીજું અંગ જપ છે, તે સ્તોત્ર કરતાં ક્રોડગણું વધારે ફલ આપનારું છે, તેથી મૂળમંત્રનો જપ નિયત પ્રમાણમાં અવશ્ય કરવો જોઈએ. મંત્રસાધનાનું ચોથું અંગ ધ્યાન છે, તે જપ કરતાં ક્રોડગણું વધારે ફલ આપનારું છે, તેથી મંત્રદેવતાનું ધ્યાન અવશ્ય ધરવું જોઈએ અને મંત્રસાધનાનું પાંચમું અંગ લય છે, તે ધ્યાન કરતાં ક્રોડગણું વધારે ફલ આપનારો છે, તેથી મનની તમામ વૃત્તિઓનો મંત્રદેવતામાં લય કરી નાખવો જોઈએ અને એ રીતે સિદ્ધિ પ્રાપ્ત કરવી જોઈએ.

જે મંત્રવિશારદોએ મંત્રસાધનાને પાંચ ભાગમાં વિભક્ત કરેલી છે, તેમણે તેનું સ્વરૂપ આ પ્રમાણે માનેલું છે:

(૧) **અભિગમન**—મંત્રસાધના માટે નક્કી કરેલા સ્થાન પ્રત્યે જવું અને તેની શુદ્ધિ કરવી.

(૨) **ઉપાદાન**—મંત્રસાધના માટે જે જે ઉપકરણો કે સાધનો જરૂરી હોય, તે એકત્ર કરવાં.

(૩) **ઇજ્યા**—ભૂતશુદ્ધિ, પ્રાણાયામ તથા ન્યાસપૂર્વક મંત્રદેવતાની વિવિધ ઉપચારો વડે પૂજા કરવી.

(૪) **સ્વાધ્યાય**—મંત્રનો વિધિપૂર્વક જપ કરવો.

(૫) **યોગ**—મંત્રદેવતાનું-મંત્રનું ધ્યાન ધરવું.

અહીં પણ જપ પછી તરત જ ધ્યાનનો નિર્દેશ થયેલો છે અને તે છેવટના અંગ તરીકે થયેલો છે, એ વાત સાધકોએ લક્ષ્યમાં રાખવાની છે.

જેઓ મંત્રસાધનાને મંત્રયોગ તરીકે ઓળખે છે અને તેને મુક્તિનું સાધન માને છે, તેમણે તેનાં સોળ અંગો આ પ્રમાણે માનેલાં છે :

(૧) ભક્તિ, (૨) શુદ્ધિ, (૩) આસન, (૪) પંચાંગ-સેવન, (૫) આચાર, (૬) ધારણા, (૭) દિવ્યદેશસેવન, (૮) પ્રાણક્રિયા, (૯) મુદ્રા, (૧૦) તર્પણ, (૧૧) હવન, (૧૨) બલિ, (૧૩) યાગ, (૧૪) જપ, (૧૫) ધ્યાન અને (૧૬) સમાધિ. અહીં પણ જપ પછી તરત જ ધ્યાનનો નિર્દેશ થયેલો છે અને તેની ગણના ઉત્કૃષ્ટ અંગમાં કરેલી છે, તેથી ધ્યાન એ મંત્રસાધનાનું એક અનિવાર્ય અંગ છે, એમાં કોઈ સંશય નથી.

અહીં કોઈ એમ કહેતું હોય કે 'જ્યારે જપથી મંત્ર-સિદ્ધિ અવશ્ય થાય છે, ત્યારે ધ્યાન સુધી પહોંચવાની આવ-શ્યકતા શી ?' તેનો ઉત્તર એ છે કે 'જપથી મંત્રસિદ્ધિ અવશ્ય થાય છે, પણ તે માટે ચિત્તશુદ્ધિ તથા એકાગ્રતાની જરૂર છે અને તે ધ્યાનથી જ પ્રાપ્ત થઈ શકે છે, તેથી ધ્યાન સુધી પહોંચવાની આવશ્યકતા છે.'

અહીં એ સ્પષ્ટતા પણ કરી દઈએ કે 'जपात् सिद्धि-र्जपात् सिद्धिर्जपात् सिद्धिर्न संशयः' એ ઉક્તિ પરથી કોઈ એમ માનતું હોય કે મંત્રસિદ્ધિ માત્ર જપથી થાય છે અને તે માટે અન્ય કોઈ ઉપાયની જરૂર નથી, તો એ મંતવ્ય બરાબર નથી. અહીં સિદ્ધિ માટે જપની અત્યંત આવશ્યકતા બતાવી છે અને તે બરાબર છે, પણ તેથી અન્ય સાધનોનો નિષેધ થતો નથી. વાસ્તવમાં સિદ્ધિ સુધી પહોંચવા માટે અન્ય સાધનોનો આશ્રય લેવો જ પડે છે.

જિનાગમોમાં એવું વચન આવે છે કે 'सद्दहमाणो जीवो वच्चइ अयरामरं ठाणं। શ્રદ્ધા કરી રહેલો જીવ—શ્રદ્ધાવાળો આત્મા અજરામર સ્થાને જાય છે.' અહીં શ્રદ્ધાનું પરંપરા ફલ કે અંતિમફલ બતાવવા માટે આ પ્રમાણે વિધાન કરેલું છે અને વાસ્તવમાં તે સાચું છે, પણ તેમાંથી કોઈ એવો અર્થ તારવે કે શ્રદ્ધાથી જ મોક્ષ મળે છે, તે માટે બીજાં સાધનો કે બીજા ઉપાયોની જરૂર નથી, તો એ અર્થ સાચો નથી, વાસ્તવિક નથી; કારણ કે મોક્ષમાં જવા માટે શ્રદ્ધા ઉપરાંત જ્ઞાન અને ચારિત્રની પણ જરૂર પડે છે, જે 'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्ग :—સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર એ મોક્ષનો માર્ગ છે' આદિ વચનોથી સ્પષ્ટ કરવામાં આવી છે.

એક સાદા વ્યાવહરિક દાખલાથી પણ આ વસ્તુ સ્પષ્ટ સમજાય એવી છે. કોઈ એમ કહે કે 'દૂધથી દૂધપાક બને છે' તો એ વિધાન સાચું છે, પણ તેમાંથી એવો અર્થ

તારવવામાં આવે કે દૂધપાક બનાવવા માટે દૂધ પૂરતું છે. તેમાં બીજી કોઇ વસ્તુની આવશ્યકતા નથી, તો એ અર્થ ખોટો છે, વાસ્તવિકતાને અન્યાય કરનારો છે, કારણ કે દૂધપાક બનાવવામાં દૂધ ઉપરાંત સાકર, બદામ, એલચી, ચોખા વગેરે બીજી વસ્તુઓની પણ જરૂર પડે જ છે. આજ રીતે મંત્રજપથી સિદ્ધિ અવશ્ય થાય છે, પણ તે માટે અન્ય ઉપાયોની આવશ્યક્તા રહે છે, જેમાં ધ્યાનની મુખ્યતા છે.

આ સંબંધમાં હજી ઘણું વિવેચન થઈ શકે એમ છે, પણ ગ્રંથનો વિસ્તાર ન થઈ જાય, તે માટે ટૂંકમાં જ જણાવીશું કે નમસ્કારમંત્રને આપણા દેહ–મન–આત્મામાં ઉતારવાનો છે અને જીવનવ્યાપી બનાવવાનો છે; તે ધ્યાન ધર્યા સિવાય શી રીતે બની શકે ? જ્ઞાનીઓના અભિપ્રાયથી ધ્યાન જ એક એવો કીમિયો છે કે જે મનુષ્યની આંતરિક સૃષ્ટિમાં અવનવો ફેરફાર કરી શકે છે અને તેને પોતાના જેવો જ બનાવી દે છે, તેથી જેણે પરમેષ્ઠી બનવું હોય, પરમેષ્ઠીના ગુણોથી વિભૂષિત થવું હોય અને એ રીતે કલ્યાણ કે શ્રેયસ્‌ની પ્રાપ્તિ કરવી હોય, તેણે નમસ્કાર-મંત્રનું ધ્યાન ધરવું જોઈએ.

જે નમસ્કારમંત્રનું નિયમિત ધ્યાન ધરે છે, તે માનવ-માંથી મહામાનવ થાય છે, મહામાનવમાંથી દેવ બને છે અને દેવમાંથી દેવાધિદેવનું સ્થાન ઝડપી લે છે. ધ્યાનના મહત્ત્વ માટે આથી વિશેષ શું કહીએ ?

[૨૫]

## ધ્યાનવિધિ

હવે નમસ્કારમંત્રનો ધ્યાનવિધિ દર્શાવીશું. આ વિધિ પ્રમાણે નિત્ય–નિયમિત નમસ્કારમંત્રનું ધ્યાન ધરવાથી મંત્રાર્થ અને મંત્રચૈતન્યની પ્રાપ્તિ થાય છે અને તે સિદ્ધિને સત્વર સમીપે લઈ આવે છે.

આસન, પ્રાણાયામ વગેરેની જેમ ધ્યાન પણ અભ્યાસથી જ સિદ્ધ થાય છે. આનો અર્થ એમ સમજવાનો કે ધ્યાન ધરવાની શરૂઆત કરીએ કે ધ્યાન યથાર્થપણે થાય એમ બનતું નથી, પણ ખંતપૂર્વક અભ્યાસ ચાલુ રાખીએ તો ધીમે ધીમે તેમાં સુધારો થાય છે અને છેવટે તે યથાર્થપણે થઈ શકે છે.

આપણે નિશાળે બેઠા, ત્યારે એકડો કેવો ઘૂંટાતો હતો? પણ તેનો અભ્યાસ ચાલુ રાખ્યો, એટલે તેમાં મરોડ આવ્યો અને તે સારી રીતે લખવા શક્તિમાન થયા. ધ્યાનની બાબતમાં પણ આમ જ સમજવું.

**ધ્યાનનો સમય**

નમસ્કારમંત્રનું ધ્યાન ધરવા માટે પ્રાતઃકાલ અને

સંધ્યાનો સમય ઉત્તમ છે. તે અંગે '**અરિહાણાઇથુત્ત**' **માં** કહ્યું છે કે–

**पच्चुस–पओसेसुं, समयं भव्वो जणो सुहज्झाणो ।**
**एवं झाएमाणे, मुक्खं पइ साहगो होइ ॥**

'આ નમસ્કારમંત્રનું શુભ ધ્યાન કરનારો ભવ્ય મનુષ્ય પ્રાતઃકાલ અને સંધ્યાસમયે નિરંતર આવી રીતે ધ્યાન ધરતાં મોક્ષ પ્રતિ સાધક બને છે.'

જો આ સમય અનુકૂળ ન હોય તો જપ પછી તરત જ ધ્યાનમાં બેસી શકાય છે, અથવા તો અન્ય કોઈ પણ સમયે બેસી શકાય છે. તેમાં જોવાનું એટલું જ કે તે સમયે મન શાંત અને સ્વસ્થ હોવું જોઈએ. અન્ય શબ્દોમાં કહીએ તો એ વખતે મનમાં કોઈ પણ પ્રકારની વ્યાકુલતા હોવી ન જોઈએ. વળી ભરેલા પેટે ધ્યાન ધરવાનું અનુકૂળ હોતું નથી. એટલે ભોજન પછીનો એક કલાક ધ્યાન માટે વર્જ્ય ગણવો જોઈએ.

**આસન**

'**નમસ્કારલઘુપંજિકા**' માં કહ્યું છે કે નમસ્કાર–મંત્રનું ધ્યાન પર્યંકાસને બેસીને કરવું જોઇએ. શ્રી હેમ-ચંદ્રાચાર્યે '**યોગશાસ્ત્ર**'ના ચતુર્થ પ્રકાશમાં પર્યંકાસનનું સ્વરૂપ આ પ્રમાણે દર્શાવેલું છે :

**स्याज्जंघयोरधोभागे पादोपरि कृते सति ।**
**पर्यंको नाभिगोत्तानदक्षिणोत्तरपाणिकः ॥**

'બેઉ જંઘાના નીચલા ભાગો પગના ઉપર મૂકવાથી અને જમણો તથા ડાબો હાથ બંને નાભિ પાસે ઊંચા ઉત્તર–દક્ષિણ રાખવાથી પર્યંકાસન થાય છે.'

શ્રી મહાવીર પ્રભુને નિર્વાણસમયે આ આસન હતું. પતંજલિમુનિએ જાનુ અને હાથને પ્રસારી સૂવું તેને પર્યંકાસન કહ્યું છે, પણ તે અહીં પ્રસ્તુત નથી. અહીં તો શ્રી હેમચંદ્રાચાર્યે કહેલું ઉપર મુજબનું આસન કરવું યોગ્ય છે.

અન્યત્ર પદ્માસનની ભલામણ પણ કરવામાં આવી છે, પરંતુ પર્યંકાસને કે પદ્માસને બેસવાનું અનુકૂળ ન હોય તો સુખાસને બેસીને પણ નમસ્કારમંત્રનું ધ્યાન ધરી શકાય છે.

આ વખતે ભોંય કે ફરસબંધી ઉપર એમને એમ બેસી ન જતાં ઊનનું આસન બિછાવવું જોઈએ.

**દિશા**

આ વખતે સાધકે પોતાનું મુખ પૂર્વદિશા ભણી કે ઉત્તરદિશા ભણી રાખવું જોઈએ.

**દષ્ટિ**

આ વખતે દૃષ્ટિ નાસિકાના અગ્ર ભાગ પર સ્થાપવી અથવા તો આંખો બંધ રાખવી.

**પ્રાણાયામ :**

ત્યાર પછી પૂરક, કુંભક અને રેચકરૂપ પ્રાણાયામની ક્રિયા કરવી. નાડીતંત્રને સ્થિર કરવામાં આ ક્રિયા ઉપયોગી

છે, તેથી જ અન્ય સંપ્રદાયો જપ તથા ધ્યાનપૂર્વે પ્રાયઃ ષોડશ પ્રાણાયામ કરે છે. જૈન પરંપરામાં પ્રાણાયામ ઉપર વિશેષ ભાર મૂકાયો નથી, છતાં કેટલીક પ્રક્રિયાઓમાં તેનું વિધાન પણ થયેલું છે. શ્રી સિંહતિલકસૂરિજીએ '**મંત્રરાજ-રહસ્ય**'માં પ્રાણાયામ કરવાપૂર્વક હૃદયમાં અર્હદ્‌બિંબનું ધ્યાન ધરવાનું કહ્યું છે. '**નમસ્કારલઘુપંજિકા**'માં પણ એવો જ ઉલ્લેખ આવે છે.

શ્રી હેમચંદ્રાચાર્યે **યોગશાસ્ત્ર**ના પાંચમા પ્રકાશમાં પ્રાણાયામનું વિસ્તારથી વર્ણન કરેલું છે અને વાયુ તથા મનનો જય કરવા માટે તેની આવશ્યકતા દર્શાવેલી છે.

અમારો પોતાનો અનુભવ એવો છે કે નમસ્કારમંત્રનો જપ શરૂ કરતાં પહેલાં, તેમજ નમસ્કારમંત્રનું ધ્યાન ધરતાં પહેલાં આઠ અથવા દશ પ્રાણાયામ કરવાથી મન વધારે સ્વસ્થ બને છે અને તેથી જપ તથા ધ્યાનની ક્રિયા સારી રીતે થઈ શકે છે.

પ્રાણાયામના અનેક પ્રકારો છે. તેમાંના કેટલાક પ્રકારો ગુરુના માર્ગદર્શન નીચે જ કરવા જેવા છે, પણ અહીં અમે જે પ્રાણાયામનો નિર્દેશ કરી રહ્યા છીએ, તેની ક્રિયા સાવ સાદી છે અને સહુ કોઈ પોતાની મેળે કરી શકે એવી છે. તેમાં કોઇ પણ પ્રકારનું ભયસ્થાન નથી.

ઉપર જણાવ્યા પ્રમાણે આસનબદ્ધ થયા પછી જમણો હાથ નાસિકા સન્મુખ રાખીને અંગૂઠા વડે જમણાં નસકોરાંને દબાવવું અને ટચલી આંગળી વડે ડાબા નસકોરાંને દબાવવું.

પછી અંગૂઠો ઊંચો કરીને જમણા નસકોરાં દ્વારા ધીમે ધીમે શ્વાસ લેવો. આ રીતે વાયુને શરીરમાં પૂરવાની ક્રિયાને પૂરક કહેવામાં આવે છે.

પછી અંગૂઠો ફરી જમણા નસકોરાં પર દબાવી દેવો અને ગ્રહણ કરેલા શ્વાસને રોકી રાખવો, તેને કુંભક કહેવામાં આવે છે. સામાન્ય રીતે પૂરક કરતાં કુંભકનો સમય ચાર-ગણો હોવો જોઇએ, એટલે કે પૂરક કરતાં અર્ધી મીનીટ લાગી હોય તો કુંભક ઓછામાં ઓછી બે મીનીટ રાખવો જોઇએ અને એક મીનીટ લાગી હોય તો ચાર મીનીટ રાખવો જોઇએ.

ત્યાર પછી ટચલી આંગળી ઉઠાવી લઇને ડાબા નસકોરાં વડે શ્વાસ બહાર કાઢવો, તેને રેચક કહેવામાં આવે છે. આ ક્રિયામાં પૂરક કરતાં અરધો સમય લાગવો જોઈએ. તાત્પર્ય કે ટચલી આંગળી ઉઠાવી લઇને તરત જ બધો શ્વાસ છોડી દેવો નહિ. પરંતુ ધીમે ધીમે છોડવો અને શરીરમાંથી જેટલો વાયુ બહાર કાઢી શકાય તેટલો કાઢવો.

શ્રી હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રમાં કહ્યું છે કે 'રેચક પ્રાણાયામથી પેટની વ્યાધિ અને કફનો નાશ થાય છે. પૂરક પ્રાણાયામથી શરીરને પુષ્ટિ મળે છે તથા વિવિધ પ્રકારના રોગો નાશ પામે છે. તેમજ કુંભક પ્રાણાયામને લીધે હૃદયકમલ તત્કાલ વિકસ્વર થાય છે, અંદરની ગાંઠ ભેદાય છે, શરીરમાં બળની વૃદ્ધિ થાય છે તથા વાયુ સ્થિર રહી શકે છે.'

પ્રારંભમાં પાંચ પ્રાણાયામ કરવા. પછી ધીમે ધીમે પ્રમાણ વધારવું અને સોળ સુધી પહોંચવું.

**ધ્યાનનો ક્રમ :**

તે પછી ધ્યાનનો પ્રારંભ કરવો. તેમાં પ્રથમ અક્ષરમય ધ્યાન ધરવું, તેનો અભ્યાસ સારી રીતે થાય, તે પછી પદમય ધ્યાન ધરવું અને છેવટે રૂપસ્થ ધ્યાન ધરવું. અન્ય મંત્ર-સંપ્રદાયોમાં પણ ધ્યાનનો ક્રમ લગભગ આવો જ હોય છે.

**અક્ષરમય ધ્યાન :**

નમસ્કારમંત્રના અડસઠ અક્ષરો છે, તે દરેકનું એક પછી એક ચિંતન કરવું, તે નમસ્કારમંત્રનું અક્ષરમય ધ્યાન કહેવાય છે.

આ ધ્યાન આકૃતિ (Form) અને વર્ણ (Colour) ના આલંબનથી ધરાય છે, એટલે કે પ્રત્યેક અક્ષરને અમુક આકારનો તથા અમુક વર્ણનો ચિંતવવો જોઈએ. તેમાં અક્ષરનો આકાર પોતાને જે લિપિનો પરિચય હોય, તે અનુસાર ચિંતવી શકાય, પણ સામાન્ય રીતે દેવનાગરી લિપિ પસંદ કરવા યોગ્ય છે. અહીં નમસ્કારમંત્રના પ્રથમ સાત અક્ષરો દેવનાગરી લિપિના ધોરણે રજૂ કરવામાં આવ્યા છે, તે અનુસાર અન્ય સર્વ અક્ષરોનું સમજી લેવું.

**नमो अरिहंताणं**

વર્ણ માટે નીચેની તાલિકા ખ્યાલમાં રાખવી જરૂરી છે.

| પદ | અક્ષરસંખ્યા | વર્ણ |
|---|---|---|
| नमो अरिहंताणं । | ૭ | શ્વેત વર્ણે ધ્યાન ધરવું. |
| नमो सिद्धाणं । | ૫ | રક્ત ,, ,, ,, |
| नमो आयरियाणं । | ૭ | પીત ,, ,, ,, |
| नमो उवज्झायाणं । | ૭ | નીલ ,, ,, ,, |
| नमो लोए सव्वसाहूणं ॥ | ૯ | શ્યામ ,, ,, ,, |
| एसो पंचनमुक्कारो, | ૮ | શ્વેત ,, ,, ,, |
| सव्वपावप्पणासणो । | ૮ | ,, ,, ,, ,, |
| मंगलाणं च सव्वेसिं, | ૮ | ,, ,, ,, ,, |
| पढमं हवइ मंगलं ॥ | ૯ | ,, ,, ,, ,, |

અહીં શ્વેત વર્ણથી ચંદ્ર કે ગાયના દૂધ જેવો ધોળો રંગ સમજવો, રક્તવર્ણથી પ્રવાલ કે અળતા જેવો લાલ રંગ સમજવો, પીતવર્ણથી સુવર્ણ જેવો પીળો રંગ સમજવો, નીલ વર્ણથી પ્રિયંગુ જેવો નીલ (વાદળી છાયાવાળો) રંગ સમજવો અને શ્યામ વર્ણથી અંજન જેવો કાળો રંગ સમજવો.

અક્ષરનું ચિંતન કરવા માટે પ્રથમ વિશિષ્ટ વર્ણયુક્ત અક્ષરને સ્મૃતિપટમાં તાજો કરવો અને તેનું પ્રમાણ ઓછામાં ઓછું બેથી ત્રણ ફુટ જેટલું રાખવું. પછી તેના પર મનોવૃત્તિ સ્થિર કરવી, એટલે કે તેને મનની આંખ વડે એકી ટશે જોયા કરવું. જો મન શાંત અને સ્વસ્થ હશે તો અક્ષરનો આકાર એવો ને એવો રહેશે અને રંગ પણ બદલાશે નહિ.

અન્યથા તેમાં પરિવર્તન થતું જણાશે, પરંતુ તેથી સાધકે મુંઝાવાનું નથી. તેણે પોતાની સમસ્ત ચર્યાનું સૂક્ષ્મ નિરીક્ષણ કરીને તેમાં જે કંઈ ક્ષતિઓ રહેલી હોય, તે સુધારી લેવાની છે અને મનને શાંત તથા સ્વસ્થ બનાવવાનું છે. આ સ્થિતિ નિર્માણ થઈ કે અક્ષરમય ધ્યાન યથાર્થ રીતે થઇ શકશે.

'દરેક અક્ષર પર મનની કેટલી સ્થિરતા કરવી ?' તેનો ઉત્તર એ છે કે પ્રારંભમાં વીશથી ત્રીસ સેકન્ડ જેટલી સ્થિરતા કરવી અને પછી તેમાં ધીમે ધીમે વધારો કરવો.'

અહીં એટલી સૂચના કરવી આવશ્યક છે કે એક અક્ષરનું ધ્યાન પૂરું થયા પછી બીજા અક્ષરને સ્મૃતિપટ પર લાવવો. જો મન પર આ પ્રકારનો કાબૂ નહિ હોય તો એકના ધ્યાન વખતે બીજો અક્ષર ફુટી નીકળશે અને બીજાના ધ્યાન વખતે ત્રીજો અક્ષર ફુટી નીકળશે, અથવા તો આખું ને આખું પદ ખડું થઇ જશે. આથી યોજના મુજબ ધ્યાન ધરી શકાશે નહિ અને આગળની ગતિ રુંધાઇ જશે

મંત્રનો દરેક અક્ષર પવિત્ર છે, કારણ કે તે મંત્ર-દેવતાનો દેહ નિર્માણ કરનારો છે, એમ સમજી અનન્ય શ્રદ્ધાપૂર્વક દરેક અક્ષરનું ચિંતન કરવું. થોડો અભ્યાસ થયા પછી આંખો બંધ કરતાં જ આ દરેક અક્ષર સુંદર મરોડમાં સ્મૃતિપટ પર ઉપસી આવશે અને મનોવૃત્તિ તેમાં સ્થિર થવા લાગશે. ત્યારબાદ એવો સમય પણ આવશે કે જ્યારે આ અક્ષરોનું ચિંતન કરતાં જ તેમાંથી પ્રકાશનાં કિરણો ફૂટતાં જણાશે અને બધા અક્ષરો જ્યોતિર્મય બની જશે.

અમે આ ધ્યાન અંગે એક વિશિષ્ટ પદ્ધતિ નિર્માણ કરેલી છે, તે પણ અહીં દર્શાવી દઈએ. આ પદ્ધતિ અનુસાર કેટલાક સાધકોએ ધ્યાન ધરેલું છે અને તેનું પરિણામ બહુ સુંદર આવેલું છે.

સાધકે પોતાની જાતને એક પર્વતના શ્રૃંગ પર બેઠેલી કલ્પવી. તે વખતે રાત્રિનો ચતુર્થ પ્રહર ચાલી રહેલો છે અને સામે નીલ આકાશ વ્યાપી રહેલું છે, એમ ચિંતવવું પછી તેમાંથી શ્વેત રંગનો न ફુટતો હોય એમ ચિંતવવું. તેમાં અક્ષર લખવાની જ્યાંથી શરૂઆત થતી હોય, તે ક્રમ પકડવો અને આખો અક્ષર લખાઈ જાય ત્યાં સુધી એ વળાંક પ્રમાણે જ મનોવૃત્તિને દોરવવી. આ અક્ષરને બને તેટલો મોટો ચિંતવવો, જેથી મનોવૃત્તિ તેમાં જલ્દી સ્થિર થઈ શકે. આ અક્ષર પર મનને સ્થિર કરવું અને જ્યારે વૃત્તિનું ઉત્થાન થાય ત્યારે मो ઉપર આવવું.

તેને પણ આજ રીતે શ્વેત વર્ણનો બને તેટલો મોટો ચિંતવવો. ત્યાર પછી અનુક્રમે अ, रि, हं, ता, અને णं પર આવવું.

ત્યાર પછી અરુણોદય થઈ રહ્યો છે, એવી કલ્પના કરી न, मो, सि, द्धा, णं, એ પાંચે ય અક્ષરોને રક્તવર્ણે ચિંતવવા.

ત્યાર પછી સૂર્યોદય થયો છે અને અનુક્રમે મધ્યાન્હ-કાલ આવી પહોંચ્યો છે, એવી કલ્પના કરી न, मो, आ, य, रि, या, णं, એ સાત અક્ષરોને સુવર્ણસમ પીતવર્ણે ચિંતવવા.

ત્યાર પછી સાયંકાલ થયો છે અને અંધકારની છાયા

ઢળવા લાગી છે, એવી કલ્પના કરી न, मो, उ, व, ज्झा, या, णं, એ સાત અક્ષરોને નીલવર્ણે ચિંતવવા.

ત્યાર પછી મધ્યરાત્રિ થઈ છે, એવી કલ્પના કરી, न, मो, लो, ए, स, व्व, सा, हू, णं, એ નવ અક્ષરોને શ્યામ વર્ણે ચિંતવવા.

આટલું ધ્યાન ધરતાં પાંત્રીશથી ચાલીશ મીનીટ જેટલો સમય અવશ્ય જાય છે. જો આ વખતે સાધકને માનસિક થાક જણાતો હોય તો ધ્યાન આટલેથી પૂરું કરવું અને ચૂલિકાના તેત્રીશ વર્ણોનું ધ્યાન બીજા અવસરે કરવું, અન્યથા આ જ વખતે ધ્યાન આગળ લંબાવી એ તેત્રીશે ય વર્ણોને શ્વેત વર્ણે ચિંતવવા. તેમાં પણ લગભગ એટલો જ સમય લાગવાનો. તાત્પર્ય કે આ ધ્યાન માટે સીત્તેરથી એંસી મીનીટ જેટલો સમય અલગ કાઢવો જોઈએ. સમયનો એ સહુથી શ્રેષ્ઠ ઉપયોગ છે અને તેનું પરિણામ બહુ સુંદર આવે છે.

મુખ્ય વાત એ છે કે નમસ્કારમંત્રનું આપણા આત્મા સાથે—આપણી ચિત્શક્તિ સાથે અનુસંધાન થવું જોઇએ, તે આ ધ્યાન વડે થવા લાગે છે. માંત્રિક પરિભાષામાં તેને શબ્દાનુસંધાન કહે છે.

**પદમય ધ્યાન :**

અક્ષરમય ધ્યાનનો સારી રીતે અભ્યાસ થયા પછી નમસ્કારમંત્રનું પદમયધ્યાન ધરવું જોઇએ. તે માટે હૃદયમાં

આઠ શ્વેત પાંખડીવાળું કમલ ચિંતવવું કે જેનો નિર્દેશ 'સ્મરણવિધિ' નામના પ્રકરણમાં કરી ગયા છીએ. ત્યાં વિહિત ક્રમ પ્રમાણે નમસ્કારનાં પદોનું માત્ર સ્મરણ કરવાનું હતું, જ્યારે અહીં તે પ્રત્યેક પદના અક્ષરો વિશિષ્ટ વર્ણમાં ચિંતવી તેના પર મનોવૃત્તિ સ્થિર કરવાની છે, તેમ જ તેનું અર્થચિંતન પણ કરવાનું છે. અહીં વિશિષ્ટ વર્ણથી ધ્યાનનાં જે પદનો જે વર્ણ કહ્યો છે, તે ગ્રહણ કરવાનો છે.

દાખલા તરીકે नमो अरिहंताणं નું પદમય ધ્યાન ધરવું છે, તો પ્રથમ એ સાતે ય અક્ષરો શ્વેત વર્ણે સ્મૃતિપટપર તાજા કરવા જોઈએ, તેના પર મનોવૃત્તિ બરાબર સ્થિર કરવી જોઈએ અને પછી તેનું અર્થચિંતન કરવું જોઈએ. અહીં એટલી સ્પષ્ટતા કરવી જરૂરી છે કે મનની શુદ્ધિ અને એકાગ્રતા જેમ જેમ વધતી જાય છે, તેમ તેમ અર્થનું સ્ફુરણ થતું જાય છે અને તે વસ્તુના મૂળ સ્વરૂપ ઉપર ખૂબ જ સુંદર પ્રકાશ પાડે છે. ચિલાતીપુત્રની કથા આ વસ્તુની પ્રતીતિ કરાવશે.

## ચિલાતીપુત્રની કથા

ચિલાતી નામની દાસીનો પુત્ર રાજગૃહી નગરીનાં ધનસાર્થવાહને ત્યાં નોકરી કરતો હતો અને ઘરનું પરચુરણ કામકાજ કરવા ઉપરાંત તેમનાં બાળકોને પણ રમાડતો હતો. ધનઃસાર્થવાહને ચાર પુત્રો ઉપર એક પુત્રી થઇ હતી, જે

રૂપ અને લાવણ્યનો ભંડાર હતી. તેનું નામ સુષુમા રાખવામાં આવ્યું હતું.

ચિલાતીપુત્ર આ બાલિકાને સારી રીતે રમાડતો હતો અને હરવા ફરવા લઈ જતો હતો. એમ કરતાં તેને એના પર અત્યંત સ્નેહ ઉત્પન્ન થયો હતો અને એનાં દર્શનમાત્રથી અત્યંત આહ્લાદ થતો હતો. એવામાં કોઈ કારણસર ધનસાર્થવાહનું મન તેના પર નારાજ થયું અને નોકરીમાંથી છૂટો કર્યો, એટલે તે સુષુમાને છેલ્લી સલામ ભરી વિદાય થયો. ત્યાર પછી તેનું જીવન એક રખડુ તરીકે પસાર થયું અને તેમાં જુગાર, મદ્યપાન તથા ચોરી જેવા ભયંકર વ્યસનો લાગુ પડ્યાં. પરિણામે નગરજનોએ રાજાને ફરિયાદ કરી અને તેને નગરપાર કરવામાં આવ્યો.

આ રીતે સર્વત્ર હડધૂત થયેલો ચિલાતીપુત્ર બીજો કોઇ માર્ગ નહિ જડવાથી ચોરપલ્લીમાં ગયો અને અનુક્રમે પલ્લીપતિનો વિશ્વાસ સંપાદન કરી તેનો ઉત્તરાધિકારી થયો.

એક વખત આ પલ્લીપતિ ચિલાતીપુત્રે પોતાના વિશ્વાસુ અને બહાદુર સાથીઓ સાથે રાજગૃહી નગરીમાં આવીને ધનસાર્થવાહના ઘરે ધાડ પાડી અને પુષ્કળ માલમત્તા ઉપરાંત સુષુમાનું પણ હરણ કર્યું. આથી ધનસાર્થવાહ પોતાના ચારે ય પુત્રો તથા રાજ્યના કેટલાક સૈનિકો સાથે તેની પછવાડે પડ્યા અને તેને કોઈ પણ રીતે પકડી લેવાનો જીવ સટોસટ પ્રયત્ન કરવા લાગ્યા. એમ કરતાં તેઓ ચિલાતી

પુત્રની નજીકમાં આવી ગયા કે જેણે સુષુમાને પોતાની ખાંધ પર ઉચકેલી હતી.

ચિલાતીપુત્ર સમજી ગયો હતો કે ધનસાર્થવાહને પૈસાની કંઈ પડી ન હતી, પરંતુ સુષુમાનું હરણ ખૂબ ખટકતું હતું, એટલે જ તેઓ આવો જોરદાર પીછો પકડી રહ્યા હતા. આથી તેમના પંજામાંથી છટકવા માટે તેણે સુષુમાનું મસ્તક તલવારના એક જ ઝટકે ઉડાવી દીધું અને તે મસ્તક હાથમાં લઈને દોડવા માંડયું.

ધનસાર્થવાહે જોયું કે જેને માટે પોતે આટલો લાંબો પ્રવાસ કર્યો હતો અને આટલી આકરી જહેમત ઉઠાવી હતી, તે પુત્રીનો આખરે વધ થયો છે, એટલે તેમના પગ ઢીલા પડી ગયા અને ચિલાતીપુત્રને તેમના પંજામાંથી છટકવાનો લાગ મળી ગયો.

ચિલાતીપુત્ર ભાગતો ભાગતો એક ઘોર જંગલમાં આવી ચડયો, જ્યાં મનુષ્યોની વસ્તી ભાગ્યે જ હતી. એક હાથમાં લોહી–ખરડી તરવાર છે, બીજા હાથમાં સુષુમાનું મસ્તક છે, ભુખતરશ ઘણી લાગી છે અને હવે પગની તાકાત પણ ઓસરવા માંડી છે. એવામાં એક મુનિને તપશ્ચર્યા કરતા જોયા, એટલે ચિલાતીપુત્ર તેમની પાસે ગયો અને કહેવા લાગ્યો કે 'હે મુનિ! તમે મને ટુંકમાં ધર્મનું સ્વરૂપ કહો. જો નહિ કહો તો તમારું મસ્તક ઉડાવી દઈશ.'

મુનિએ કહ્યું: **'ઉપશમ, વિવેક, સંવર.'** બસ, આટલું બોલીને તેઓ ચારણલબ્ધિ વડે આકાશમાર્ગે ઊડી ગયા.

ચિલાતીપુત્ર વિચાર કરવા 'લાગ્યો કે મુનિએ આ શું કહ્યું ?' આ રીતે જ્યારે તેણે ઘણું ચિંતન કર્યું અને તેનું મન એકાગ્ર થઈ ગયું, ત્યારે અંતરથી સ્ફુરણા થઈ કે 'ક્રોધને શમાવવો અને મનને શાંત કરવું, તે ઉપશમ.' એટલે તેણે ક્રોધના પ્રતીકરૂપ તલવારને દૂર ફેંકી દીધી.

પછી વિશેષ ચિંતન કરતાં ફરી આંતરિક સ્ફુરણા થઈ કે 'ધન અને સ્વજનનો મોહ છોડવો, તે વિવેક.' એટલે તેણે પોતાના હાથમાં રહેલું સુષુમાનું મસ્તક છોડી દીધું કે જેના પર તેને સ્વજનનો ભાવ હતો.

આમ તેના મનમાં શુદ્ધિ અને એકાગ્રતાનું પ્રમાણ વધી રહ્યું હતું, એટલે ત્રીજા પદનો અર્થ પણ સ્વયંસ્ફુરિત થયો કે 'ઇન્દ્રિયો અને મનની અશુભ વૃત્તિઓને રોકવી, તે સંવર.' એટલે તે મુનિની જેમ ધ્યાન ધરીને ઊભો રહ્યો. અન્ય શબ્દોમાં કહીએ તો તેણે ભાવથી સંયમદીક્ષા ગ્રહણ કરી.

આ રીતે ભાવસાધુ થયેલા ચિલાતીપુત્ર ત્યાં ઊભા રહીને 'ઉપશમ, વિવેક, સંવર' 'ઉપશમ, વિવેક, સંવર.' એવા શબ્દો જપવા લાગ્યા અને આ રીતે મનને અન્ય વિષયોમાંથી વારીને ધર્મધ્યાનમાં સ્થિર થયા. પરંતુ તેમનો દેહ હજી તાજા લોહીથી ખરડાયેલો હતો, એટલે તેના ગંધથી આકર્ષાઈને કેટલીક વનકીડીઓ ત્યાં આવી પહોંચી અને સ્વાદનિમિત્તે તેમના શરીરને ચટકા ભરવા લાગી. એ ઉપદ્રવ અતિ ભયંકર હતો, છતાં મહાત્મા ચિલાતીપુત્રે તેનો કંઈ પણ પ્રતિકાર કર્યો નહિ.

જ્યાં ઉપશમ હોય, ત્યાં ક્રોધ કેવો ?
જ્યાં વિવેક હોય, ત્યાં વ્યામોહ કેવો ?
અને જ્યાં સંવર હોય, ત્યાં પ્રતિકાર કેવો ?

એ ભયંકર ઉપદ્રવ અઢી દિવસ સુધી ચાલ્યો અને તેમનું સમસ્ત શરીર ચાળણી જેવું થઈ ગયું, છતાં તેઓ ધર્મધ્યાન ચૂકયા નહિ. પરિણામે તેઓ જીવનની બાજી જિતી ગયા.

માનવજીવનમાં ક્યારે કેવું પરિવર્તન થાય છે, તે આ પરથી સમજી શકાશે. જેનાં પરિણામો અતિ રુદ્ર હતા અને જેણે હજી થોડા વખત પહેલાં જ એક શ્રીમંતના ઘર પર જબ્બર ધાડ પાડી હતી તથા તેની પુત્રીનું મસ્તક તલવારના એક ઝાટકે ઉડાવી દીધું હતું, તેનાં પરિણામ એક તપસ્વી મુનિને જોતાં જ પલટાઈ ગયાં. આ મુનિ ચારણલબ્ધિવાળા હતા, એટલે તેમણે ઘણી ઉગ્ર તપશ્ચર્યા કરી હશે એ નિશ્ચિત છે, વળી તેઓ અહીં ધ્યાનમગ્ન બનીને વિશ્વમૈત્રીનાં, તેમજ શુદ્ધ દયામય ધર્મના જબ્બર આંદોલનો ફેલાવતા હશે, તેથી જ ચિલાતીપુત્રના હૃદય પર અસર થઈ અને તેને ધર્મનું સ્વરૂપ પૂછવાનું મન થયું.

આ જ વખતે મુનિના મન પર ભાવી ચિત્રનું પ્રતિબિંબ પડી ગયું હશે, એટલે જ તેમણે ઉપશમ, વિવેક અને સંવરની ત્રિપદી આપી આકાશગમન કર્યું.

ચિલાતીપુત્રે આ શબ્દો કદી સાંભળ્યા ન હતા, પછી તેનો અર્થ જાણવાની વાત જ ક્યાં રહી ? પણ મુનિના

શબ્દોએ તેના મન પર મંત્ર જેવી અસર કરી અને તેની વૃત્તિઓ અંતર્મુખ થવા લાગી. એ અંતર્મુખ વૃત્તિના પરિણામે તેના જ્ઞાનાવરણીય કર્મના કેટલાક પડદા હઠી ગયા અને અંદરથી અર્થરૂપી પ્રકાશ સાંપડ્યો. શબ્દ તો નિમિત્ત છે, તેનો અર્થ આત્મામાંથી જ સ્ફુરે છે અને તે જ કારણે સર્વજ્ઞતાને પામેલો આત્મા લોકાલોકના સર્વ પદાર્થોના સર્વ ભાવો યથાર્થપણે જાણી શકે છે.

પ્રિય પાઠકો ! 'તમે ચાલવા માંડો અને માર્ગ મળી જશે' એ ઉક્તિનું રહસ્ય હવે તમારા સમજવામાં આવી ગયું હશે. મંત્રસાધનામાં આવું ઘણી વાર બને છે. કોઈ મુંઝવણ આવી ઊભી રહી કે તેનો ઉકેલ અંતરમાંથી જ મળી જાય છે અને સાધના આગળ વધતી રહે છે.

તાત્પર્ય કે આપણું મન શુદ્ધ અને એકાગ્ર હોય તો આપણા મનમાં મંત્રપદોનો અર્થ બરાબર સ્ફુરે છે અને તેમાંથી અનેક નવાં રહસ્યો પ્રાપ્ત થાય છે.

'નમો પદનું અર્થચિંતન આ પ્રમાણે કરી શકાય :

'નમો એ બે અક્ષરનું કેવું સુંદર પદ છે! નમસ્કાર અર્થ તેમાંથી જ પ્રકટે છે. નમવું એટલે નમ્રતા દેખાડવી, ભક્તિ પ્રદર્શિત કરવી, કૃતજ્ઞતા બતાવવી તથા નમસ્કાર્ય પ્રત્યે આદર કે સન્માનની લાગણી પ્રકટ કરવી. ખરેખર! નમો પદ ભક્તિભરેલા હૃદયનું સમર્પણ સૂચવે છે, એટલે મારે અરિહંત આદિ પંચપરમેષ્ઠી પ્રત્યે પરમભક્તિવંત થઈને સમર્પણ કરવું જોઈએ.

નમો એ વિનયનું બીજ છે, એટલે વિનયી થવાનું સૂચન કરે છે. જો હું વિનયી થઇશ તો મને ગુરુદેવ તરફથી સત્યાર્થની પ્રાપ્તિ થશે અને તેના દ્વારા મારું કલ્યાણ સાધી શકીશ.

નમો એ શોધનબીજ છે, એટલે તેનું વારંવાર રટણ કરતાં તથા ચિંતન કરતાં મારા શરીર, મન અને આત્માની શુદ્ધિ કરી શકીશ. આ ત્રિવિધ શુદ્ધિનું પરિણામ અતિ સુંદર આવશે.

નમો પદ શાંતિક અને પૌષ્ટિક કર્મને સિદ્ધ કરનારું છે, એટલે તે મારા વિષય અને કષાયને શાંત કરશે તથા ધર્મધ્યાનની તુષ્ટિ કરશે. આથી વિશેષ મારે શું જોઈએ ?

ખરેખર ! નમો પદ અતિ સુંદર છે, અત્યંત ભાવવાહી છે અને તેથી જ મંત્રાધિરાજની આદિમાં મૂકાયેલું છે.'

આ ધ્યાન હૃદયકમલમાં ધરવાનું છે, એટલે જેમ જેમ તેને અભ્યાસ વધતો જાય છે, તેમ તેમ સાધકના હૃદયની અંદર રહેલા કામ, ક્રોધ આદિ શત્રુઓ પલાયન થતા જાય છે અને તેનાં સ્થાને નમસ્કારમંત્રનાં પદો ગોઠવાતાં જાય છે. તાત્પર્ય કે આ ધ્યાનના પરિણામે તે પવિત્ર બની જાય છે અને તેથી સિદ્ધિ સુલભ બને છે. શ્રી જિનપ્રભસૂરિએ '**પંચનમસ્કૃતિસ્તુતિ**' માં કહ્યું છે કે—

**कर्णिकाष्टदलाढ्ये हृत्पुण्डरीके निवेश्य यः ।**
**ध्यायेत् पञ्चनमस्कारं संसारं सन्तरेत्तराम् ॥**

'કર્ણિકાસહિત આઠ પત્રવાળા હૃદયકમલમાં પંચનમસ્કારનાં નવપદોને સ્થાપન કરીને જે ધ્યાન ધરે છે, તે સંસારને શીઘ્ર તરી જાય છે.'

શ્રી હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રના આઠમા પ્રકાશમાં પદસ્થ ધ્યાનનું સ્વરૂપ વિસ્તારથી વર્ણવ્યું છે. તે સાધકોએ એક વાર અવશ્ય જોઈ જવું.

**રૂપસ્થ ધ્યાન**

પદમય ધ્યાનનો સારી રીતે અભ્યાસ થયા પછી નમસ્કારમંત્રનું રૂપસ્થ ધ્યાન ધરવું જોઈએ, એટલે કે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુનું રૂપ સ્મૃતિ સમક્ષ લાવી તેમનું ધ્યાન ધરવું જોઈએ. અન્યત્ર આ ધ્યાનને શક્તિમય ધ્યાન કહેવામાં આવ્યું છે, કારણ કે એમાં શક્તિરૂપ મંત્રદેવતાનું ધ્યાન ધરાય છે. અક્ષરમય ધ્યાન વડે શબ્દાનુસંધાન થાય છે, પદમય ધ્યાનવડે અર્થાનુસંધાન થાય છે, તેમ રૂપસ્થ ધ્યાન વડે તત્ત્વાનુસંધાન થાય છે, આવી અમારી સમજ છે. એને આપણે ઉત્તરોત્તર પ્રગતિ સમજવી જોઈએ.

શ્રી માનતુંગસૂરિએ 'भत्तिब्भरअमरपणय' એ શબ્દોથી શરૂ થતા **'નવકારસારથવણ'**માં કહ્યું છે કે—

**महिमंडलमरहंता गयणं सिद्धाणं य सूरिणो जलणो ।**
**वरसवरमुवज्झाया पवणो मुणिणो हरंतु दुहं ॥६॥**

व्या० पृथ्वीतत्त्वेऽर्हन्तो ध्येयाः । आकाशतत्त्वे सिद्धाः० । तेजस्तत्त्वे आचार्याः । प्रधाने च जलतत्त्वे उपाध्यायाः । पवनतत्त्वे मुनयः ध्येयमाना भवीनां दुःखं हरन्तु ॥६॥

તત્ત્વથી સામાન્ય રીતે પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશ, એ પાંચ તત્ત્વો સમજવામાં આવે છે. આ પાંચ

તત્ત્વો સાથે આપણું અનુસંધાન થાય, એટલે કે તેના પર આપણો કાબૂ આવે તો ઘણી સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. સ્વરોદયશાસ્ત્રની રચના આ પાંચ તત્ત્વો પર જ થયેલી છે.

નમસ્કારમંત્રની સિદ્ધિ કરનારા અને તેનાથી હજારો અન્ય દર્શનીઓને પ્રભાવિત કરનારા શ્રીમાનતુંગસૂરિ કહે છે કે તમે અરિહંતોનું બરાબર ધ્યાન ધરો, એટલે પૃથ્વીતત્ત્વની સિદ્ધિ થાય છે, સિદ્ધોનું બરાબર ધ્યાન ધરો, એટલે આકાશ તત્ત્વની સિદ્ધિ થાય છે, આચાર્યોનું બરાબર ધ્યાન ધરો, એટલે અગ્નિતત્ત્વની સિદ્ધિ થાય છે, ઉપાધ્યાયોનું બરાબર ધ્યાન ધરો, એટલે જલતત્ત્વની સિદ્ધિ થાય છે, અને સાધુઓનું બરાબર ધ્યાન ધરો, એટલે વાયુતત્ત્વની સિદ્ધિ થાય છે. આ રીતે પંચપરમેષ્ઠીના ધ્યાનથી પાંચ તત્ત્વની સિદ્ધિ થાય છે.

જો તત્ત્વનો અર્થ પરમ રહસ્યભૂત વસ્તુ કરીએ તો અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુથી વધારે રહસ્યભૂત વસ્તુ આ વિશ્વમાં અન્ય કોઈ પણ નથી. તાત્પર્ય કે અરિહંતાદિ પાંચ પરમેષ્ઠીનું ધ્યાન ધરતાં પરમ તત્ત્વ સાથે આપણું અનુસંધાન થાય છે અને તેથી આપણા આધ્યાત્મિક વિકાસમાં અનેરી ઝડપ આવે છે.

'અરિહંતાદિ પંચપરમેષ્ઠીનું ધ્યાન કેવા વર્ણે કરવું ?' તેની સ્પષ્ટતા શ્રી માનતુંગસૂરિએ આ જ સ્તવનમાં નીચે પ્રમાણે કરી છે :

**ससिधवला अरहंता, रत्ता सिद्धा य सूरिणो कणया ।**
**मरगयभा उवज्झाया; सामा साहू सुहं दिंतु ॥**

'ચંદ્રમા સમાન ઉજ્જવલ અરિહંતો, રક્તવર્ણના સિદ્ધો, કનક જેવા વર્ણવાળા આચાર્યો, મરકતમણિની પ્રભા જેવા અર્થાત્ નીલ વર્ણવાળા ઉપાધ્યાયો અને શ્યામ વર્ણના સાધુઓ અમને સુખ આપો.'

તાત્પર્ય કે અરિહંતોને શ્વેત વર્ણે ચિંતવવા જોઈએ, સિદ્ધોને રક્તવર્ણે ચિંતવવા જોઈએ, આચાર્યોને પીતવર્ણે ચિંતવવા જોઈએ, ઉપાધ્યાયોને નીલવર્ણે ચિંતવવા જોઈએ અને સાધુઓને શ્યામવર્ણે ચિંતવવા જોઈએ.

અમે અક્ષરમય તથા પદમય ધ્યાનમાં જે રંગોનું વિધાન કરેલું છે, તે આ પરંપરાને આધારે જ કરેલું છે. વળી નવપદજીના યંત્રોમાં પણ પંચપરમેષ્ઠીની સ્થાપના આ રંગો અનુસાર જ કરવામાં આવે છે; તેથી શાસ્ત્ર અને પરંપરા બંનેનો તેને ટેકો છે, એમ સમજવું જોઈએ.

આજે રંગશાસ્ત્ર અને રંગચિકિત્સાશાસ્ત્ર ખૂબ આગળ વધ્યાં છે, તેનાથી એ વાત પુરવાર થઈ છે કે રંગની અસર મનુષ્યના શરીર–પ્રાણ–મન પર ખૂબ ઊંડી થાય છે, તેથી અમુક પરમેષ્ઠીનું ધ્યાન અમુક રંગે કરવું, એમાં શાસ્ત્રીય સિદ્ધાંતો રહેલા છે.

શ્રી સિંહતિલકસૂરિએ **'મંત્રરાજ–રહસ્ય'**માં કહ્યું છે કે 'શ્વેત વર્ણના અરિહંતો રોગની શાંતિ કરે છે; રક્ત વર્ણના સિદ્ધો ત્રિલોકનું વશીકરણ કરે છે; સુવર્ણ રંગના આચાર્યો જલ, અગ્નિ અને શત્રુના મુખનું સ્તંભન કરે છે,

ઉપાધ્યાયનો નીલવર્ણ ઐહિક લાભાર્થે છે અને સાધુઓનો શ્યામ વર્ણ પાપીઓના ઉચ્ચાટન અને મારણનું કારણ બને છે.' આનો અર્થ એમ કરીએ કે પંચપરમેષ્ઠીનું વિશિષ્ટ વર્ણે ધ્યાન ધરતાં મનુષ્યમાં વિવિધ પ્રકારની શક્તિઓ ઉત્પન્ન થાય છે; તો તે અનુચિત નહિ જ લેખાય. કઈ શક્તિનો ક્યારે કેવો ઉપયોગ કરવો? તે મનુષ્યની સમજણશક્તિ ઉપર આધાર રાખે છે. જે મનુષ્યનું ધ્યેય મોક્ષ છે અથવા તો આધ્યાત્મિક વિકાસ છે, તે તો પોતાને પ્રાપ્ત થયેલી ગમે તેવી શક્તિનો દુરૂપયોગ કરે જ નહિ.

આ ધ્યાન માટે હૃદયસ્થાનમાં આઠ પાંખડીવાળું એક શ્વેત કમલ ચિંતવવું અને તેની કર્ણિકાના ભાગમાં ચોત્રીશ અતિશયવંત પરમપુરુષ પરમશક્તિનિધાન એવા શ્રી અરિહંત દેવને સ્ફટિકના સુંદર સિંહાસન પર બેઠેલા ચિંતવવા તેમનો વર્ણ શ્વેત ચિંતવવો. તેમની પાછળ અદ્ભુત અશોક વૃક્ષ છે, ઉપરથી પંચરંગી સુંદર પુષ્પોની વૃષ્ટિ થઈ રહી છે, દૂર દૂરથી દિવ્ય ધ્વનિ સંભળાય છે, બંને બાજુ દેવી–દેવતાઓ શ્વેત ચામરો વીંઝી રહ્યા છે, તેમનાં મસ્તકની પાછળ ભવ્ય ભામંડલ શોભી રહ્યું છે, દેવદુંદુભિ વાગી રહી છે, મસ્તક પર ત્રણ શ્વેત છત્રો શોભી રહેલા છે તથા તેમની સેવામાં કોટિ દેવતા હાજર છે, એમ ચિંતવવું. આ બધી વસ્તુઓ સ્મૃતિપટમાં જેટલી હૂબહુ તાજી થશે, તેટલી ધ્યાનની મજા જામશે અને તેમાં અપૂર્વ આનંદ આવશે. પછી તો અષ્ટમહાપ્રાતિહાર્યયુક્ત શ્રી અરિહંત ભગવંત

સાક્ષાત્ વિરાજી રહેલા છે, એમ જ લાગશે અને તે જ ધ્યાનની ખાસ સિદ્ધિ છે.

આ રીતે શ્રી અરિહંત ભગવંતની આકૃતિ મનમાં બરાબર સ્થિર થયા પછી તેમના ચાર મૂલ અતિશય ચિંતવવા. જેમકે તેઓ સર્વજ્ઞ તથા સર્વદર્શી હોઈ સર્વકાલના સર્વ પદાર્થોનું સ્વરૂપ યથાર્થપણે જાણે છે. તેઓ પાંત્રીશ ગુણ-વાળી વિશિષ્ટ વાણીથી સત્ય ધર્મનો ઉપદેશ આપી રહેલ છે અને તે દેવતાઓ, મનુષ્યો તથા તિર્યંચો સાંભળી રહ્યા છે. અરિહંત ભગવંતના વિશિષ્ટ અતિશયથી આ ઉપદેશ સહુને પોતપોતાની ભાષામાં સમજાય છે અને તેનો મન તથા હૃદય પર ભારે પ્રભાવ પડે છે. વળી તેઓ ત્રિભુવનના સ્વામી છે, એટલે સ્વર્ગ તથા પાતાલના દેવો, ઋષિમહર્ષિઓ, રાજા–મહારાજા તથા અન્ય લોકો પણ તેમને ભક્તિભાવથી વંદે છે, પૂજે છે, સત્કારે છે અને સન્માને છે. વિશેષમાં અરિહંત ભગવંતના વિશિષ્ટ અતિશયથી ઈતિ–ભીતિ આદિ સર્વ અપાયોનો અપગમ થઇ રહ્યો છે અને સર્વત્ર આનંદ-મંગલ પ્રવર્તી રહેલ છે.

અહીં એક અનુભવની વાત કહીએ તો ઉચિત જ લેખાશે કે શ્રી અરિહંતદેવના જ્ઞાનાતિશય પર ઊંડું ચિંતન કરતાં આપણું જ્ઞાન વધે છે, વચનાતિશય પર ઊંડું ચિંતન કરતાં આપણી વાણીમાં વિશદતા આવે છે અને તે અનેકનું આકર્ષણ કરે છે. પૂજાતિશય પર ઊંડું ચિંતન કરતાં આપણે સન્માનને પાત્ર થઈએ છીએ અને લોકપ્રિયતામાં વધારો

થાય છે તથા અપાયાપગમાતિશયનું ઊંડું ચિંતન કરતાં જે કંઈ આપત્તિ આવી હોય કે આવવાના ભણકારા વાગતા હોય, તે દૂર થાય છે.

આપણે મનમાં ધીમેથી 'नमो अरिहंताण'' એવું પદ બોલીએ અને અરિહંતદેવની ઉપર વર્ણવી તેવી મંગલ મૂર્તિ આપણા મનમાં બરાબર આવી જાય તો સમજવું કે આ ધ્યાનમાં આપણી સારી પ્રગતિ થઈ છે.

આ રીતે અન્ય ચાર પરમેષ્ઠીનું ચિંતન કરવાનું છે અને તે તે પદ બોલીએ કે તેમનું સ્વરૂપ આપણા મન પર બરાબર આવી જાય તેમ કરવાનું છે.

પછી તો તેઓ સાક્ષાત્ અંતરમાં બિરાજી રહ્યા છે, એમ જ લાગશે.

નમસ્કારમંત્રની પાપપ્રણાશન શક્તિનું ધ્યાન કેમ ધરવું ? તેની પણ કેટલીક રીતો શાસ્ત્રમાં જોવામાં આવી છે, તે અનુસાર તેનો વિધિ જણાવીએ છીએ.

ત્યાં સાધકે એમ ચિંતવવું કે મારા શરીરમાં રહેલી સર્વ પાપરજ મારા મસ્તકમાં એકત્ર થઈ રહી છે અને તે ધૂમ્રશિખા રૂપે બ્રહ્મરંધ્રમાંથી બહાર નીકળી રહી છે. એ રીતે મારા સર્વ પાપનું પ્રણાશન થઈ રહ્યું છે.

બીજી રીત એવી છે કે પોતે કર્મ રૂપી ઇંધણાંના ઢગલા પર બેઠેલો છે અને નીચે દીપશિખાના આકારવાળું रं એવું અગ્નિબીજ છે, એમ ચિંતવવું. પછી તેની નીચે यं એવું

વાયુબીજ ચિંતવી તેનાથી પ્રજવલિત થયેલો અગ્નિ ઈંધણાંને તથા પોતાને બાળી રહ્યો છે, એમ ચિંતવવું અને તેમાં પોતાનું આખું શરીર બળી ગયું છે અને માત્ર આત્મા બાકી રહ્યો છે, એમ ચિંતવવું. પછી વં બીજ આકાશમાં અધોમુખ થઈને પોતાના ઉપર મેઘરૂપે અમૃતને વર્ષાવી રહ્યું છે અને પોતે અમૃતના સરોવરમાં તરી રહ્યો છે, એમ ચિંતવવું.

છેવટે અરિહંતોની મંગલશક્તિ. સિદ્ધોની મંગલશક્તિ તથા સાધુઓની મંગલશક્તિનો મારામાં આવિર્ભાવ થઇ રહ્યો છે અને મારું જીવન મંગલમય બની રહ્યું છે, એમ ચિંતવવું,

શિરશિખા, ભૃકુટિનો મધ્યભાગ, કંઠપ્રદેશ તથા નાભિકમળમાં પણ પરમેષ્ઠીઓનું ધ્યાન ધરી શકાય છે.

આ ધ્યાનમાં મનોવૃત્તિ સ્થિર થતાં હું 'ધ્યાતા' અને નમસ્કારમંત્ર એ 'ધ્યેય' એવો ભેદ ભૂલાશે અને હું જ મંત્ર છું એવો ભાવ ઉત્પન્ન થતાં મંત્રનું અભેદ ચિંતન થવા લાગશે, જેને માંત્રિક પરિભાષામાં મંત્રાર્થની પ્રાપ્તિ કહેવામાં આવે છે.

મંત્રાર્થ પ્રાપ્ત થયા પછી મંત્રચૈતન્ય થતાં બહુ વાર લાગતી નથી. તાત્પર્ય કે આ ધ્યાનના બળે નમસ્કાર-મંત્ર અક્ષર, પદ અને શક્તિ સાથે આપણા ચૈતન્યના પ્રવાહમાં ભળી જાય છે અને તે જ મંત્રચૈતન્યની વિરલ ક્રિયા છે. તેથી સાધક મંત્રમય બની જાય છે અને સિદ્ધિની અતિ સમીપે આવી જાય છે.

ધ્યાનનો ચમત્કાર યોગશાસ્ત્રે સ્વીકાર્યો છે, તેમ

આજના મનોવિજ્ઞાને પણ સ્વીકાર્યો છે, એટલે ધ્યાનની આ પ્રક્રિયાઓનું પરિણામ સાધકના જીવનમાં અદ્ભુત પરિવર્તન કરે છે અને તેને અચિંત્ય–અદ્ભુત શક્તિનો સ્વામી બનાવી દે છે, એમ કહેવામાં હરકત નથી.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે **'પરમાત્મા-પંચવિંશતિકા'**માં કહ્યું છે કે—

**इल्लिकाभ्रमरीध्यानात्, भ्रमरीत्वं यथाश्नुते ।**
**तथा ध्यायन् परमात्मानं, परमात्मत्वमाप्नुयात् ॥**

'જેમ ઈયળ ભ્રમરીના ધ્યાનથી ભ્રમરીપણાને પામે છે, તેમ પરમાત્માનું ધ્યાન ધરનારો પરમાત્મપણાને પામે છે.' ધ્યાનના શાસ્ત્રીય પ્રકારો અંગે અમે 'સામાયિક–વિજ્ઞાન'માં વિસ્તારથી વર્ણન કરેલું છે, તે જિજ્ઞાસુઓએ જરૂર જોઈ લેવું.

(૨૬)

## મંત્રાનુષ્ઠાન

નમસ્કારમંત્રની સાધના આગળ વધારવા માટે તેનું ખાસ અનુષ્ઠાન કરવું જરૂરી છે. જો શક્તિ–સામર્થ્ય હોય તો સાધકે તેના નવલાખ મંત્રનું અનુષ્ઠાન કરવું જોઈએ કે જે નરકગતિનું નિવારણ કરે છે, સદ્ગતિની ખાતરી આપે છે અને અનેક પ્રકારની સિદ્ધિઓ તથા સંપત્તિ સમર્પે છે. પરંતુ આ અનુષ્ઠાનમાં રોજના ૫૦૦ જપ કરવામાં આવે તો પણ ૧૮૦૦ દિવસનો સમય લાગે છે અને જઘન્યથી રોજનો ૧૦૦૦ જપ કરવામાં આવે તો ૯૦૦ દિવસ અર્થાત્ અઢી વર્ષ પસાર થાય છે.

રોજ એક બાંધી નવકારવાળી નિયમિત ગણનારને ૨૫ વર્ષોમાં નવલાખ નવકાર ગણાઈ જાય છે. આથી અનેક ભવ્યાત્માઓ એવા છે કે જેમણે આ પ્રમાણે નમસ્કારમંત્ર ગણ્યા છે. કોટિ નવકારનો જપ કરનારા પણ છે. તેઓ રોજની દશ નવકારવાળી નિયમિત ગણતા હોય છે.

એક લાખ મંત્રનું અનુષ્ઠાન પણ જો વિધિપુરસ્સર

યથાર્થપણે કરવામાં આવે તો તીર્થંકરનામકર્મ બંધાય છે અને જીવનનો સર્વતોમુખી વિકાસ થાય છે.

સામાન્ય રીતે આ અનુષ્ઠાન વીશ દિવસમાં પૂરું કરવામાં આવે છે, તે વખતે તેનો નિત્યક્રમ નીચે મુજબ રહે છે:

(૧) ત્રણ સંધ્યાએ બાર-બાર નમસ્કારનું સ્મરણ કરવું.

(૨) પ્રાતઃકાળમાં શ્રી જિનેશ્વર દેવની સ્નાત્રપૂજા તથા અષ્ટપ્રકારી પૂજા કરવી.

(૩) પચાસ બાંધી નવકારવાળી ગણવી. એક નવકારવાળીમાં ૧૦૮ મણકા હોય છે, પણ તેના જપની સંખ્યા ૧૦૦ની જ ગણવામાં આવે છે. આ રીતે એક દિવસની ૧૦૦×૫૦=૫૦૦૦ જપ થાય છે અને ૨૦ દિવસમાં બધા મળી કુલ એક લાખ મંત્ર પૂરા થાય છે.

(૪) પ્રભુપ્રતિમા સમક્ષ સવાર-સાંજ 'પંચપરમેષ્ઠી આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગ'' બોલી ૨૪ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.

(૫) દરેક નમસ્કારે જિનપ્રતિમાને એક એક શ્વેત પુષ્પ ચડાવવું, એટલે કે રોજના ૫૦૦૦ શ્વેત પુષ્પથી તેમની પૂજા કરવી. એ રીતે એક લાખ મંત્રની ગણના સાથે એક લાખ શ્વેત પુષ્પની પૂજા પૂરી થાય છે.

(૬) દેવવંદન કરવું.

(૭) સવાર-સાંજ પ્રતિક્રમણ કરવું.

(૮) ગુરુદેવનું વ્યાખ્યાન શ્રવણ કરવું.

(૯) આયંબિલ કે ખીરનું એકાશન કરવું.

(૧૦) નવકારવાળી શ્વેત વર્ણની રાખવી.
(૧૧) અનુષ્ઠાન દરમિયાન બ્રહ્મચર્યનું સંપૂર્ણ પાલન કરવું તથા પુરુષોએ સ્ત્રીનો તથા સ્ત્રીઓએ પુરુષનો પરિચય વર્જવો.
(૧૨) સંથારા પર સૂવું.
(૧૩) બને ત્યાં સુધી મૌન રાખવું.
(૧૪) પદ્માસન કે સુખાસન ગ્રહણ કરવું.
(૧૫) યોગમુદ્રા ધારણ કરવી.

જે સ્થળે આ સામુદાયિક અનુષ્ઠાન કરવામાં આવે, ત્યાં નીચેના નિયમોનું પાલન કરવું જરૂરી છે.

(૧) સો–સો હાથ સુધી ભૂમિશોધન કરવું, એટલે કે ત્યાં કોઈ પ્રકારની અશુચિ જણાય તો તેને તરત દૂર કરવી.
(૨) ત્યાં પાંચ પરમેષ્ઠીની પાંચ પ્રતિમા સ્થાપન કરવી.
(૩) ગાયના ઘીનો અખંડ દીપક રાખવો.
(૪) સુગંધી ધૂપ કરવો.
(૫) પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા સ્થાપવી.
(૬) પુરુષોનું તથા સ્ત્રીઓનું સ્થાન જુદું રાખવું.
(૭) સ્થાન બને ત્યાં સુધી એકાંતવાળું પસંદ કરવું.

વર્તમાનકાલમાં આ અનુષ્ઠાનનો વ્યવસ્થિત પ્રચાર કરવાનો યશ પરમ પૂજ્ય પંન્યાસ **શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યને** ફાળે જાય છે. તેમણે આ અનુષ્ઠાન સંબંધી જે મંગલ માર્ગદર્શન આપેલું, તે અતિ ઉપયોગી હોઇ અહીં રજૂ કરવામાં આવે છે.

(૧) જપ કરનાર સાધકે પરમેષ્ઠી ભગવંતોનું સ્વરૂપ ગુર્વાદિક પાસેથી સારી રીતે સમજી લેવું અને તેનું વારંવાર ચિંતન–મનન કરીને પોતાના નામની જેમ કે વ્યાકરણના સૂત્રની જેમ તેને આત્મસાત્ કરી લેવું. પોતાનું નામ લેતાંની સાથે જેમ પોતાનું સમગ્ર સ્વરૂપ ખ્યાલમાં આવે છે, તથા વ્યાકરણનું સૂત્ર બોલતાં જેમ તેનો અર્થ ઉપસ્થિત થાય છે, તેમ જપ કરતી વખતે મંત્રના અક્ષરોનો અર્થ પોતાના મનની સમક્ષ આવીને ઊભો રહેવો જોઈએ.

(૨) પરમેષ્ઠી ભગવંતોનો આપણા પરનો પરમ ઉપકાર તથા તેમના પ્રત્યે આપણાં ઋણ કેટલાં મોટાં છે, તેનો ખ્યાલ જપ કરનારે સતત રાખવો જોઈએ.

(૩) "પરમેષ્ઠી ભગવંતોનું આલંબન ન મળવાના કારણે ભૂતકાળમાં અનંત ભવભ્રમણ કરવાં પડ્યાં, તેનો અંત આજે તેમના અવલંબનથી આવી રહ્યો છે" તેનો હર્ષ ધારણ કરવો.

(૪) જપનો સમય, સ્થાન, વસ્ત્ર અને બીજા ઉપકરણો એક જ રાખવાં જોઈએ; વારંવાર તેને બીજાં કામમાં વાપરવાં નહિ.

(૫) જપ નિયમિતપણે પવિત્ર અને એકાંત સ્થળમાં પૂર્વ અગર ઉત્તર દિશા સન્મુખ મકાનની સૌથી નીચેની ભૂમિકા પર કરવો.

(૬) જપ વખતે કાયા અને વસ્ત્રની શુદ્ધિ સાથે મનનું અને વાણીનું મૌન પૂરેપૂરું જાળવવા પ્રયાસ કરવો.

(૭) જપ શરૂ કરતાં પહેલાં 'વજ્રપંજરસ્તોત્ર' વડે આત્મરક્ષા કરવી.

(૮) જપ કરતાં પહેલાં સર્વ જીવો સાથે મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ ભાવના ચિંતવવી અને પછી જપ શરૂ કરવો. જપ પૂર્ણ થયા પછી પણ એ ચાર ભાવનાઓ વિચારવી.

(૯) જપનો ઉદ્દેશ પહેલાંથી સ્પષ્ટ અને નક્કી કરી લેવો. 'સર્વ જીવરાશિનું હિત થાઓ' 'સર્વ જીવોને પરમાત્મશાસનના રસિયા બનાવું' આ ઉદ્દેશ્ય સર્વથી શ્રેષ્ઠ છે. 'ભવ્ય આત્માઓ મુક્તિને પામો,' 'સકલ સંઘનું કલ્યાણ થાઓ,' 'મારો આત્મા કર્મમુક્ત થાઓ,'...'વિષય અને કષાયની પરવશતામાંથી હું જલ્દી મુકાઉં'...વગેરે ઉદ્દેશોમાંથી કોઈ પણ પ્રશસ્ત ઉદ્દેશ નક્કી કરવો.

(૧૦) સાધકે એ પણ નક્કી કરવું કે 'મારા આ ઉદ્દેશની સફલતા થવાની હોય તો આ જપના પ્રભાવે જ થવાની છે. બીજા કોઈ પણ સાધનની નહિ.' જેમ જેમ સફલતા દેખાતી જાય, તેમ તેમ સમર્પણભાવ અધિક કેળવતાં જવું.

(૧૧) જપનું જઘન્ય પ્રમાણ એટલું નક્કી કરી રાખવું કે જીવનના અંત સુધી તેટલી સંખ્યાથી ઓછો જપ કદી પણ થાય નહિ. તેનાથી અધિક થઈ શકે, પણ ઓછો તો નહિ જ.

(૧૨) જપની સંખ્યા કેટલી થઈ ? તેનું ધ્યાન રાખવા

સાથે જપમાં ચિત્તની એકાગ્રતા કેટલી થઇ? તેનું પણ સતત ધ્યાન રાખવું.

(૧૩) હૃદયરૂપી પુસ્તકના કોરા કાગળ ઉપર ધ્યાન-રૂપી કલમ વડે પોતાના નામની જેમ પંચપરમેષ્ઠી નામને લખતાં એકાગ્રતા ન આવે તો પણ ધ્યેય તેજ રાખવું, જેથી પ્રતિદિન સ્થિરતા વધતી જશે.

(૧૪) "જપથી અન્ય કાર્ય થાય કે ન થાય, પણ હૃદયશુદ્ધિ તો થઈજ રહી છે અને હૃદયશુદ્ધિના પરિણામે બુદ્ધિ નિર્મળ બની રહી છે" એમ સતત વિચારવું. 'બુદ્ધિ નિર્મળ થવાથી સર્વ પુરુષાર્થોની સિદ્ધ થાય છે.' એવું શાસ્ત્રવાક્ય સદા સ્મરણ–પથમાં રાખવું. બુદ્ધિને નિર્મળ કરવાનું ધ્યેય જપ વડે અવશ્ય પાર પડે છે, એવી શ્રદ્ધા રાખવી.

(૧૫) જપ કરનાર સાધકે વિષયોને વિષવૃક્ષ જેવા માનવા, સંસારના સમાગમોને સ્વપ્નવત્ જોવા, પોતાની વર્તમાન અવસ્થાને સંસારનાટકનો એક પાઠ માનવો, શરીરને કેદખાનું, ઘરને મુસાફરખાનું અને આખા મનુષ્ય-લોકને અરુચિનું સ્થાન માનવું. આ રીતે અનિત્યાદિ ભાવનાઓથી પોતાના આત્માને ભાવિત કરવો.

(૧૬) શ્રી નમસ્કારમંત્રનો જપ કરવાથી આત્મામાં શુભ કર્મનો આશ્રવ થાય છે, અશુભ કર્મનો સંવર થાય છે, પૂર્વકર્મની નિર્જરા થાય છે, લોકસ્વરૂપનું જ્ઞાન થાય છે,

સુલભબોધિપણું મળે છે અને સર્વજ્ઞકથિત ધર્મની ભવોભવ પ્રાપ્તિ કરાવનાર પુણ્યાનુબંધી પુણ્યકર્મ ઉપાર્જન થાય છે. ઇત્યાદિ શુભ ભાવનાઓ ચિત્તમાં નિરંતર રમ્યા કરે, તેવા પ્રયત્નો કરવા.'

કેટલીક હસ્તલિખિત પ્રતિઓના આધારે **નમસ્કાર સ્વાધ્યાય'ના** બીજા ભાગમાં પૃ. ૨૨૧ પર 'लक्षनम—स्कारगुणनविधि' પ્રકટ થયેલો છે, તેનું ઉપર્યુક્ત વિધિમાં સુંદર પ્રતિબિંબ પડેલું છે તથા કેટલુંક સંસ્કરણ પણ થયેલું છે.

આવાં અનુષ્ઠાનો જેટલાં વધારે થાય, તેટલો વધારે લાભ છે, એમ સમજી સાધકે તે માટે તત્પર રહેવું જોઈએ.

[૨૭]

# સાધનાસમયની વિશિષ્ટ ચર્યા

નમસ્કારમંત્રની સાધનાને યોગ્ય થવા માટે કેવા ગુણો કેળવવા જોઈએ ? તેનું વિવેચન પૂર્વે થઈ ગયું છે; તેમજ જપ કરતી વખતે શું કરવું જોઈએ ? અને શું ન કરવું જોઈએ ? તે અંગે પણ કેટલુંક માર્ગદર્શન અપાઈ ગયું છે. આમ છતાં નમસ્કારમંત્રની સાધના ચાલતી હોય ત્યારે સાધકે કેવી રીતે વર્તવું જોઈએ ? તે અંગે કેટલીક સ્પષ્ટતા કરવાની જરૂર છે, તેથી જ પ્રસ્તુત પ્રકરણનું આલેખન કરવામાં આવ્યું છે.

'લાગ્યું તો તીર નહિ તો થોથું'' એવી વિચારણાને વ્યવહારમાં સ્થાન હોઇ શકે, પણ નમસ્કારમંત્રની સાધનામાં હરગીઝ નહિ. અહીં તો 'कार्यं साधयामि वा देहं पातयामि वा—દેહ ભલે પડે, પણ કાર્યસિદ્ધિ અવશ્ય કરીશ.' આવું દૃઢ મનોબળ રાખવું ઘટે. નબળા કે અસ્થિર મનથી એક સામાન્ય કાર્ય પણ થઇ શકતું નથી, તો મંત્રસાધના જેવું વિશિષ્ટ કોટિનું કાર્ય શી રીતે સિદ્ધ થઇ શકે ? તાત્પર્ય

કે મનને ઢીલું-પોચું ન રાખતાં મક્કમ બનાવીને કામ લેવાની જરૂર છે.

'આ મંત્રજપ હું યથાવિધ પૂરો કરી શકીશ કે નહિ ?' એવી શંકા કરવી નહિ. તેના બદલે 'આ મંત્રજપ હું અવશ્ય યથાવિધિ કરી શકીશ' એવી આત્મશ્રદ્ધા રાખવી. દરેક સફલતાનું મૂળ આત્મશ્રદ્ધા (Self-confidence) માં જ રહેલું છે, એ વાત કદી ભૂલવી નહિ. આ બાબતમાં પૂર્વ અને પશ્ચિમના વિચારકો એકમત છે, તેમજ મનોવિજ્ઞાન પણ તેને પૂર્ણ સંમતિ આપે છે.

'આ મંત્રજપનું ફળ મળશે કે નહિ ? હજી સુધી તેનું કંઈપણ પરિણામ કેમ દેખાતું નથી ?' આવા વિચારોને સાધકે કદી પણ સ્થાન આપવું નહિ. તેને શાસ્ત્રીય પરિભાષામાં 'વિચિકિત્સા' નામનો મોટો દોષ ગણવામાં આવે છે. જે કાર્ય વિધિસર થયું હોય, તેનું ફળ યોગ્ય સમયે જરૂર મળે છે, એવી આંતરિક શ્રદ્ધા રાખવી અને સાધના ક્રમને આનંદથી અનુસરવો.

એક પ્રવાસીએ મુંબઈથી અમદાવાદની રેલ્વે-ટીકીટ ખરીદી હોય અને તે અમદાવાદ જતી કોઈ પણ ગાડીમાં બેઠો હોય તો 'હું અમદાવાદ પહોંચીશ કે નહિ ? હજી સુધી અમદાવાદ કેમ ન આવ્યું ?' વગેરે વિચારો કરે છે ખરો ? તેને ખાતરી છે કે આ રેલ્વે મને અમદાવાદ લઈ જવાની, એટલે એ બાબતમાં તે નિશ્ચિંત રહે છે અને

રસ્તામાં જે સ્ટેશનો આવે, તે આનંદથી જોયા કરે છે. સાધકે બરાબર આ જ પ્રમાણે વર્તવાનું છે.

આ જગતમાં એવી કઈ પ્રવૃત્તિ છે કે જેમાં વિઘ્ન આવે જ નહિ ? એક નાની પ્રવૃત્તિ શરૂ કરી હોય તો પણ તેમાં વિઘ્નો–મુશ્કેલીઓ–મૂંઝવણો આવે છે અને તેને કોઈ પણ પ્રકારે ઓળંગી જઈએ અર્થાત્ તેનો જય કરીએ તો જ તેમાં સિદ્ધિ કે સફલતા સાંપડે છે. વળી 'શ્રેયાંસિ बहु-विघ्नानि–સારાં કામમાં સો વિઘ્ન' એ ન્યાયે મંત્રસાધનામાં અનેક પ્રકારનાં વિઘ્નો આવે છે, પણ સાધકે ધીર તથા વીર બનીને તેનો સામનો કરવો જોઈએ, એટલે કે તેને ઓળંગી જવું જોઈએ કે તેના પર કાબૂ મેળવવો જોઈએ. આ વખતે ઢીલા પડ્યા કે હિંમત ગુમાવી તો સમજવું કે સાધના તૂટી જવાની અને આપણે તે અંગે જે કંઈ પરિશ્રમ કર્યો, તે ફોગટ થવાનો.

કેટલાક એમ કહે છે કે 'ન્હાયા તેટલું પુણ્ય !' પરંતુ એ વાત મન મનાવવાની છે. અહીં તો સાધના કેમ સફળ થાય ? તે જ વિચારવાનું છે અને જ્યારે એ સાધના સફલ થાય, ત્યારે જ સંતોષ માનવાનો છે. વ્યાપાર કરવા માટે ખોલેલી પેઢી અધવચ્ચેથી સંકેલવી પડે, એ સ્થિતિ ઈષ્ટ ન જ ગણાય.

'હું અમુક મંત્રનો જપ કરી રહ્યો છું, તેનું પરિણામ આવું દેખાય છે' વગેરે વાતો કોઈને કરવી નહિ. પરિણામ અંગે કંઈ પણ ચર્ચા–વિચારણા કરવી હોય તો મંત્રદાતા

ગુરુ સાથે કરવી. અનધિકારી સાથે ચર્ચા–વિચારણા કરવામાં ઘણું જોખમ રહેલું છે. તેમાં કોઈ નાસ્તિકશિરોમણિનો ભેટો થઈ ગયો અને તેનો અમુક વિચાર મનમાં જચી ગયો તો સાધના મંદ પડી જાય છે અથવા તેમાંથી ભ્રષ્ટ થવાનો વખત આવે છે.

મંત્રજપ નિયમિત સમયે શરૂ કરવો અને નિયમિત સમય પૂરો કરવો. કોઈ અસાધારણ કારણ ઉત્પન્ન થયું હોય તો વહેલો–મોડો પણ કરી શકાય છે, પરંતુ સામાન્ય રીતે નિયમિત થવાની કાળજી રાખવી નિયમિતતા એ જીવનની મોટી શિસ્ત છે અને તે આ રીતે કેળવાય એ પણ મોટો લાભ જ છે. એક બાબતમાં નિયમિત થવાની ટેવ પડે કે બીજી બાબતમાં પણ નિયમિત થવાશે અને એ રીતે આખું જીવન નિયમિત બનશે.

મંત્રજપ દરમિયાન શક્ય હોય ત્યાં સુધી આયંબિલ, એકાશન આદિ તપશ્ચર્યા કરવી, કારણ કે મનને શાંત અને સ્થિર કરવામાં તે ઘણી ઉપયોગી નીવડે છે. કદી તેમ ન બની શકે તો છૂટા મ્હોંએ તો ખાવું જ નહિ. તાત્પર્ય કે ઓછામાં ઓછું બે–આસણું તો કરવું જ. વળી તેમાં પણ શક્ય એટલી ઊનોદરિકા કરવી અને રસનો પણ બને તેટલો ત્યાગ કરવો. વિશેષ આહાર કે રસવાળો આહાર મંત્રજપ માટે અનુકૂળ નથી. વિશેષ ન બને તો મીઠાઈ અવશ્ય છોડવી અને તીખી તમતમતી વાનગીઓ આરોગવાનો વિચાર માંડી વાળવો. ઇન્દ્રિયો બેફામ બને તો મનને જ્યાં ત્યાં ખેંચી

જાય છે અને તેને સ્થિર થવા દેતી નથી. વર્ધમાન આયંબિલ તપ વગેરે તપશ્ચર્યાઓ આ દૃષ્ટિએ ઘણી ઉપયોગી છે.

આહાર અને મનને ગાઢ સંબંધ છે, વળી તેમાં અહિંસાનું પણ બને તેટલું પાલન કરવાનું છે. આ દૃષ્ટિએ ભક્ષ્યાભક્ષ્યની વિચારણા ગતિમાન થયેલી છે. તે નમસ્કારમંત્રના સાધકે જાણી લેવી જોઈએ, એટલું જ નહિ પણ તેમાં જે બાવીશ વસ્તુઓને અભક્ષ્ય ગણાવી છે, તેનો ત્યાગ અવશ્ય કરવો જોઈએ.

બાવીશ અભક્ષ્યોનાં નામ આ પ્રમાણે જાણવાં :

| | |
|---|---|
| ૧. વડનાં ફળ | ૧૨. વિષ (ઝેર) |
| ૨. પીપળાનાં ફળ | ૧૩. સર્વ પ્રકારની માટી |
| ૩. ઊંબરાં | ૧૪. રાત્રિભોજન |
| ૪. અંજીર | ૧૫. બહુબીજ |
| ૫. કાકોદુંબર | ૧૬. અનંતકાય |
| ૬. દરેક જાતનો દારૂ | ૧૭. બોળ અથાણાં |
| ૭. દરેક જાતનું માંસ | ૧૮. ઘોલવડાં |
| ૮. મધ | ૧૯. વંતાક |
| ૯. માખણ | ૨૦ અજાણ્યાં ફળ-ફૂલ |
| ૧૦. હિમ (બરફ) | ૨૧. તુચ્છ ફળ |
| ૧૧. કરા | ૨૨. ચલિત રસ. |

પ્રથમ પાંચ ઉદુંબર જાતિનાં ફળો છે કે જેમાં નાનાં નાનાં ઘણાં જંતુઓ હોય છે, તેથી તે ખાવા યોગ્ય નથી.

દારૂ માદક છે, બુદ્ધિને વિકૃત કરનાર છે તથા તમોગુણની વૃદ્ધિ કરનાર છે, તેથી અભક્ષ્ય છે.

માંસ પણ બુદ્ધિને મંદ કરનાર, તમોગુણની વૃદ્ધિ કરનાર તથા હિંસાનું પ્રધાન કારણ છે, તેથી અભક્ષ્ય છે.

મધ અને માખણમાં તે જ રંગના અસંખ્ય સૂક્ષ્મ જીવોની ઉત્પત્તિ થાય છે, માટે અભક્ષ્ય છે.

વિષ પ્રાણનો નાશ કરનાર હોવાથી અભક્ષ્ય છે અને સર્વ પ્રકારની માટી સચિત્ત હોવાથી, તેમજ પ્રાણધારણ માટે અનાવશ્યક હોવાથી અભક્ષ્ય છે.

રાત્રિભોજનમાં જીવહિંસાદિ ઘણા દોષો રહેલા છે, તેથી તેનો નિષેધ છે.

બહુબીજ એટલે જેમાં ઘણાં બીજ હોય એવાં શાક વગેરે અને અનંતકાય એટલે કંદમૂળ આદિ સાધારણ વનસ્પતિ અનંત જીવોની હિંસાને કારણે અભક્ષ્ય છે.

લીંબુ, કેરી, કેરડાં, કરમદાં, ગુંદા વગેરે અનેક વસ્તુઓનાં બોળ અથાણાં ત્રણ દિવસ પછી અભક્ષ્ય છે.

ઘોલવડાં કઠોળ અને કાચા દહીંના સંયોગથી બને છે, માટે વિદલ હોઈ અભક્ષ્ય છે. વંતાક કામવૃત્તિપોષક અને બહુ નિદ્રા લાવનાર હોઈને તથા બહુબીજ હોવાથી અભક્ષ્ય છે.

અજાણ્યાં ફળ-ફૂલ ખાવામાં પ્રાણહાનિ તથા રોગોત્પત્તિનો સંભવ હોઇને અભક્ષ્ય છે. તુચ્છ ફળોમાં ખાવાનું થોડું અને ફેંકી દેવાનું વધારે હોવાથી અભક્ષ્ય છે. મહુડાં, જાંબૂ,

બીલાં, ચણીબોર, બોળા તથા મગની શીંગો વગેરે તુચ્છ ફળ ગણાય છે.

ચલિત રસ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ ફરી જવાના કારણે અભક્ષ્ય છે. વાસી, પડતર કે બગડી ગયેલી વસ્તુઓનો સમાવેશ આ પ્રકારમાં થાય છે.

મંત્રસાધનામાં શરીર અને મન એ બંને પાસેથી કામ લેવાનું છે, એટલે તે બંને સ્વસ્થ હોવાં જોઈએ. જો શરીર સ્વસ્થ ન હોય, તેમાં કંઈ ગરબડ થઈ ગઈ હોય કે તેમાં પીડા થતી હોય તો સ્મરણ, જપ, ધ્યાન, પૂજા આદિ શી રીતે થઇ શકે? 'शरीरमाद्यं खलु धर्मसाधनम्–શરીર એ ખરેખર! ધર્મનું પ્રથમ સાધન છે.' એમ જે કહેવાયું છે, તે આ દૃષ્ટિએ જ કહેવાયું છે.

જો તંદુરસ્તીનાં નિયમોનું ચીવટાઇથી પાલન કરીએ તો મોટા ભાગે હરકત આવતી નથી અને શરીરની પાસેથી ધાર્યું કામ લઇ શકાય છે.

અહીં એ સ્પષ્ટતા પણ કરી દઈએ કે 'કાયા કાચા કુંભ જેવી છે, તેની માયા–મમતા શી?' એમ વિચારી કોઈ તેના પ્રત્યે બેદરકાર રહે અને બિમારીને નોતરે તે હરગીઝ ઇચ્છવા યોગ્ય નથી. 'કાયા પ્રત્યે મોહ-મમતા રાખવી નહિ.' એનો અર્થ એ છે કે તેનું વધારે પડતું લાલન–પાલન કરવું નહિ કે તેને ફીટવવું નહિ, પણ તેના પ્રત્યે બેદરકાર બની બિમારીને નોતરવી, એમાં કોઈ જાતનું ડહાપણ નથી. એથી તો તપ–નિયમાદિ જે ધર્મકરણી કરતાં હોઇએ, તેમાં

પણ ભંગ પડવાનો અને નમસ્કારમંત્રની સાધના કે જે દિવ્ય જીવનનો સાક્ષાત્કાર કરાવનારી છે, તેનો ક્રમ તૂટી જવાનો તથા આ જીવનમાં જે એક મહાન કાર્ય કરવાનો મનોરથ કર્યો હતો, તે અધૂરો રહી જવાનો.

કેટલાક વધારે પડતી તપશ્ચર્યા કરીને શરીરનું મૂળભૂત બંધારણ તોડી નાખે છે અને પછી બિમારીમાંથી ઊંચા આવતા નથી, એ સ્થિતિ પણ ઇચ્છવા યોગ્ય નથી. અહીં શાસ્ત્રકારોના નિમ્ન શબ્દો પર ગંભીરતાથી વિચાર કરવાની જરૂર છે. તેઓ કહે છે:

"कायो न केवलमयं परितापनीयो,
मिष्टै रसैर्बहुविधैर्न च लालनीयः ।
चित्तेन्द्रियाणि न चरन्ति यथोत्पथेन,
वश्यानि येन च तदाचरितं जिनानाम् ॥"

'આ શરીરને કેવળ પરિતાપ ઉપજાવવો નહિ કે તેનું વિવિધ પ્રકારના મધુર રસો વડે પાલન પણ કરવું નહિ. શ્રી જિનેશ્વર ભગવંતોએ એવું તપ આચરેલું છે કે જેનાથી ચિત્ત અને ઇન્દ્રિયો ઉન્માર્ગે ન જતા વશ રહે.'

નમસ્કારમંત્રની સાધના દરમિયાન બ્રહ્મચર્યનું પાલન આવશ્યક છે, તેથી બ્રહ્મચર્યની રક્ષાને લગતા નિયમો ચીવટાઈથી પાળવા જોઈએ. વળી ભોંયસંથારો—જમીન પર ચટાઈ કે શેતરંજી બિછાવીને તેના પર સૂઈ રહેવું, એ બ્રહ્મચર્યના પાલનમાં સહાય કરે છે, તેથી તેનો ઉપયોગ રાખવો.

આ વખતે પુરુષોએ સ્ત્રીનો તથા સ્ત્રીઓએ પુરુષનો

વિશેષ સંસર્ગ–પરિચય રાખવો નહિ તથા સ્ત્રીકથા, ભક્તકથા, દેશકથા કે રાજકથા પૈકી કોઈ વિકથા કરવી નહિ, કારણ કે તે વિચારોમાં વિકૃતિ લાવે છે અને મનની પવિત્રતા તોડી નાખે છે.

સ્ત્રીકથા એટલે સ્ત્રીના રૂપ, લાવણ્ય, શ્રૃંગાર આદિ સંબંધી વાર્તાલાપ; ભક્તકથા એટલે ભોજનની વાનીઓ, સ્વાદ, પદ્ધતિ વગેરે અંગે વાર્તાલાપ; દેશકથા એટલે લોકોમાં પ્રવર્તી રહેલા જુદા જુદા પ્રકારના રીતરિવાજો સંબંધી વાર્તાલાપ; રાજકથા એટલે રાજાઓના વૈભવ તથા ભોગ-વિલાસ વગેરે સંબંધી વાર્તાલાપ. અહીં રાજાઓનું સ્થાન ભોગવી રહેલા ઉચ્ચ કક્ષાના અમલદારો વગેરે કે જેની રહેણી-કરણી રાજાઓ જેવી છે, તેમનો સમાવેશ પણ રાજાઓમાં જ કરવો. જ્યાં આ પ્રકારનો વાર્તાલાપ થતો હોય, ત્યાંથી નમસ્કારમંત્રનો સાધક હઠી જાય, એ અત્યંત જરૂરનું છે.

વળી નાટક, * સીનેમા તથા ભાંડભવૈયાના ખેલો પણ વર્જ્ય ગણવા જોઈએ અને તેને લગતાં સામયિકો તથા વર્તમાનપત્રો વાંચવાનું પણ મોકુફ રાખવું જોઈએ, કારણ કે તેમાં આ ચારેય પ્રકારની વિકથાઓ વિવિધ રીતે રજૂ થયેલી હોય છે અને શ્રૃંગારિક ચિત્રોને પણ સારા પ્રમાણમાં સ્થાન અપાયેલું હોય છે.

સાધના દરમિયાન સોગઠાંબાજી કે ગંજીફા જેવી રમતો રમવી નહિ કે ટોળટીંખળ અથવા ગપસપમાં વખત ગુમાવવો નહિ. આ બધી વસ્તુઓ ચિત્તને શાંત–સ્થિર કરવામાં બાધક છે, એ વસ્તુ સાધકે અવશ્ય યાદ રાખવી.

---

* અહીં નાટકથી શ્રૃંગારિક નાટકો સમજવાં. ધાર્મિક નાટકો જોવામાં બાધ નથી.

નમસ્કારમંત્રની સાધના એ ખરી રીતે જીવનપરિવર્તનની સાધના છે, એટલે દરેક પ્રકારની દુષ્ટ પ્રવૃત્તિ તથા દરેક પ્રકારના દુષ્ટ સંસ્કારથી બચવું જોઇએ અને સાત્ત્વિક ભાવોની વૃદ્ધિ થાય તેમ કરવું જોઈએ. જો સાધકનું અંતર સાત્ત્વિક ભાવોથી ભરપુર હશે તો નમસ્કારમંત્રની સિદ્ધિ સત્વર થશે, તેથી તામસિક તથા રાજસિક ભાવોથી દૂર રહેવું, એ સાધક માટે હિતાવહ છે.

નમસ્કારમંત્રનો જપ શાંત અને સ્વસ્થ ચિત્તે થવા લાગ્યો કે શાંતિનો અનુભવ થાય છે, એક જાતનો અલૌકિક આનંદ આવવા લાગે છે, ક્ષુદ્ર રોગો મટવા માંડે છે, મોટા રોગોના મૂળ ઢીલાં પડી જાય છે અને કેટલીક વાર સુંદર સ્વપ્નો પણ આવે છે. તેમાં ધર્માચાર્ય, ઉપાસ્યદેવની મૂર્તિ, મંત્રદાતા ગુરુદેવ, પ્રિયજન, પૂર્ણચંદ્ર, સૂર્ય, સમુદ્ર, જલથી ભરેલી નદી, કમલસહિત સરોવર કે તળાવ, યંત્રરાજ, સુમેરુ પર્વત, નૌકાવિહાર, અગ્નિજવાલા, હંસ, ચક્રવાક, સારસ, મોર, બે ઘોડાના રથમાં આરોહણ, શ્વેતછત્રધારણ, દીપ પંક્તિ, માલાધારણ, દિવ્ય સ્ત્રીઓનું દર્શન, શ્વેત ઘોડો, શ્વેતબળદ, શ્વેત હાથી, હાથી પર સવારી, વિમાનમાં બેસવું, રત્નનાં આભૂષણ તથા રાજ્યાભિષેક વગેરે દેખાય તો સમજવું કે સિદ્ધિ અવશ્ય થશે અને તે ટૂંકા સમયમાં જ થશે.

કોઈને પૂર્વના અધ્યવસાયથી ખરાબ કે ભયંકર સ્વપ્ન આવે તો ગભરાવું નહિ. તેણે એ કુસ્વપ્ન–દુઃસ્વપ્નની શાંતિ નિમિત્તે ચાર લોગસ્સનો કાયોત્સર્ગ કરવો તથા ક્ષ્રૌં મંત્રબીજની માળા ફેરવવી, તેથી કુસ્વપ્ન–દુસ્વપ્ન બંધ થઈ જશે.

[ ૨૮ ]

## સિદ્ધિની સમીપમાં

સૂર્યોદય થવાનો હોય, તે પહેલાં કેટલાંક ચિહ્નો થાય છે; અથવા મેઘરાજા વરસવાના હોય તો તેની કેટલીક તૈયારીઓ જોવામાં આવે છે. તે જ રીતે સાધનાપથ પર નિત્ય-નિયમિત પ્રયાણ કરી રહેલો સાધક જ્યારે સિદ્ધિની સમીપમાં આવે છે, ત્યારે કેટલાક પ્રત્યયો થાય છે. તે અંગે મંત્રગ્રંથોમાં કહ્યું છે કે—

चित्तप्रसादो मनसश्च तुष्टिरल्पाशिता स्वप्नपराङ्मुखत्वम् ।
स्वप्नेषु यानाद्युपलम्भनं च, सिद्धस्य चिह्नानि भवन्ति सद्यः ॥

'સાધક જ્યારે સિદ્ધ બને, ત્યારે તેનાં કેટલાંક ચિહ્નો તરત જ જોવામાં આવે છે. જેમ કે–ચિત્તની પ્રસન્નતા, મનનો અપૂર્વ સંતોષ, અલ્પ ભોજન, સ્વપ્નરહિત નિદ્રા વગેરે. કદાચ આ વખતે સ્વપ્ન આવે તો કોઈપણ વાહનની પ્રાપ્તિનું અને તેના પર સવારી કર્યાનું આવે છે.'

વિશેષમાં એ પણ જણાવ્યું છે કે—

ज्योतिः पश्यति सर्वत्र, शरीरं वा प्रकाशयुक् ।
निजं शरीरमथवा, देवतामयमेव हि ॥

'મંત્રસિદ્ધિ તદ્દન સમીપમાં હોય, ત્યારે સર્વત્ર જ્યોતિ દેખાય છે, અથવા પોતાનું શરીર પ્રકાશમય દેખાય છે, અથવા તો પોતાનું શરીર દેવતામય જણાય છે.'

આ સિવાય આનંદનાં અશ્રુ આવવાં, દેહ પુલકિત થવો, ગદ્‌ગદ્‌કંઠે ભાષણ થવું આદિ બીજાં પણ કેટલાંક લક્ષણો જોવામાં આવે છે.

કેટલાક લોકો એમ માને છે કે આ કાલમાં ગમે તેટલી કઠિન કે ઉગ્ર સાધના કરીએ તો પણ મંત્રદેવતા સાક્ષાત્ દર્શન આપતા નથી. અલબત્ત, તેઓ સ્વપ્નમાં દર્શન દે છે, રોગોનું નિવારણ કરે છે કે પુષ્પપ્રવેશ આદિથી તેનું પ્રમાણ આપે છે, પણ આ માન્યતા સર્વાંશે સાચી નથી. આજે પણ એવા મંત્રસાધકો જોવામાં આવ્યા છે કે જેમને મંત્ર-સાધનાના પરિણામે મંત્રદેવતાનાં દર્શન થયાં હોય અને તેમની વિવિધ પ્રકારની કામનાઓ અજબ રીતે પૂરી થઈ હોય.

ઘડીભર માની લઈએ કે આજે ખરેખર મંત્રદેવતા સાક્ષાત્ દર્શન આપતાં નથી, પણ સ્વપ્નદર્શન, રોગનિવારણ, પુષ્પપ્રવેશ આદિથી પ્રમાણ આપે છે અને સાધકના મનોરથની સિદ્ધિ કરે છે, તો એ હકીકત મંત્રસિદ્ધિની વિરુદ્ધની નથી, પણ તરફેણની જ છે. સાધકને તો એટલું જ જોવાનું કે જે ધ્યેયની સિદ્ધિ અર્થે તેણે સાધના કરી, તે સફલ થઈ કે નહિ?

નમસ્કારમંત્રની સાધના તો મુખ્યત્વે સંસારસાગર તરવા માટે જ થાય છે, એટલે તેના પરિણામે ચિત્તશુદ્ધિ-ભાવશુદ્ધિ થાય અને કર્મોની મહાન નિર્જરા થાય, તે જ જોવાનું છે. બીજી સિદ્ધિઓ તો ત્યાં વણમાગી આવી જાય છે અને તેના સાધકને જીવનની ઉચ્ચ ભૂમિકા પર મૂકી દે છે.

સિદ્ધિ થયા પછી સાધના કરવાની હોતી નથી, એટલે આ દિવસોને સાધનાના છેલ્લા દિવસો સમજવાના છે અને તેમાં દરેક ક્રિયા વિધિ-અનુસાર ખૂબ શુદ્ધિપૂર્વક કરવા માટે કાળજી રાખવાની છે.

કેટલીક વાર એમ પણ બને છે કે સિદ્ધિ હાથવેંતમાં હોય, પણ સાધક તરફથી કેટલીક ભૂલો થવા પામે અને તે દૂર હડસેલાઈ જાય, એટલે છેલ્લી ઘડી સુધી પ્રમાદ પેસી ન જાય કે કોઈ માનસિક દોષનું સેવન ન થઈ જાય, તેની ખાસ તકેદારી રાખવાની છે.

કેટલાક એમ માને છે કે મંત્રસિદ્ધિ એ વાસ્તવમાં આંતરિક શક્તિનો વિકાસ છે, તેમાં કોઈ દૈવી તત્ત્વ નથી કે ચમત્કાર નથી. ક્ષણભર માની લઈએ કે તેમનું આ મંતવ્ય સાચું છે, તો પણ તે મંત્રનો મહિમા ગાનારું છે; કારણ કે આંતરિક શક્તિનો આવો અદ્ભુત વિકાસ અન્ય કોઈ સાધનથી શક્ય નથી. મનુષ્યનો જે આંતરિક વિકાસ વિશ્વની ગૂઢતમ શક્તિઓ સાથે અનુસંધાન કરે અને અચિંત્ય કાર્યો કરવા સમર્થ થાય, તેથી વધારે સુંદર બીજું શું હોઈ શકે?

'કેટલો જપ કર્યા પછી નમસ્કારમંત્રની સિદ્ધિ થાય ?' એ પ્રશ્નના ઉત્તરમાં અમે ભટ્ટારક શ્રી સકલકીર્તિવિરચિત **'તત્ત્વાર્થસારદીપિકા'**નો નિમ્ન શ્લોક રજૂ કરીશું :

**वाचो वा विश्वकार्याणां, सिद्धयेऽत्र परत्र च ।**
**तथासंख्या विधेयास्य, सहस्रलक्षकोटिभिः ॥**

'વાણી તથા આલોક અને પરલોકનાં સમસ્ત કાર્યોની સિદ્ધિ માટે આ મંત્રનો હજાર, લાખ અને ક્રોડ સંખ્યા વડે જપ કરવો.'

તાત્પર્ય કે કોઈકને અમુક હજારપ્રમાણ જપ કરતાં જ તેની સિદ્ધિ થાય છે, કોઈકને અમુક લાખનો જપ કરતાં તેની સિદ્ધિ થાય છે, તો કોઈકને ક્રોડ કે તેથી પણ વધારે મંત્રનો જપ કરવો પડે છે. અન્ય શબ્દોમાં કહીએ તો સિદ્ધિનો મુખ્ય આધાર સંખ્યા પર નહિ, પણ ચિત્તની શુદ્ધિ અને એકાગ્રતા પર છે. તેનું પ્રમાણ જેટલું વધારે, તેટલી સિદ્ધિ વહેલી થાય છે. આનો અર્થ એમ પણ સમજવો કે જેનું ચિત્ત શુદ્ધ નથી કે સ્થિર નથી, તેને કદી પણ સિદ્ધિ થતી નથી.

# નમસ્કાર-મંત્રસિદ્ધિ

## ત્રીજો સિદ્ધિ-ખંડ

[ ૨૯ ]

# નમસ્કારમંત્રસિદ્ધિ

નમસ્કારમંત્રની સાધના કરતાં યોગનાં આઠેય અંગોની સિદ્ધિ થાય છે, તેથી જે જે ફલો યોગસિદ્ધિથી મળે છે, તે બધાં જ ફલો નમસ્કારમંત્રની સિદ્ધિથી મળે છે.

અહીં પ્રશ્ન થવા સંભવ છે કે 'નમસ્કારમંત્રની સાધના કરતાં યોગનાં આઠેય અંગોની સિદ્ધિ કેવી રીતે થાય છે?' તેનો ઉત્તર એ છે કે 'નમસ્કારમંત્ર'ના સાધકે જે ચર્યા પાળવાની છે, તેમાં **યમ**[1] અને **નિયમ**[2] નો સમાવેશ થાય છે. આ સાધના કરતાં લાંબા સમય સુધી એક આસને બેસવું પડે છે, તેથી **આસનસિદ્ધિ**[3] પણ થાય છે. તેમાં જપ તથા ધ્યાન કરતાં પહેલાં પ્રાણાયામ કરવાનો હોય છે. તેથી **પ્રાણાયામ**[4]ની સિદ્ધિ પણ થાય છે. વળી એ વખતે મનને અન્ય વિષયોમાંથી ખેંચી લેવાનું હોય છે, તેથી **પ્રત્યાહાર**[5]ની સિદ્ધિ પણ થાય છે અને વૃત્તિઓની

ધારા એક જ વિષય પ્રત્યે વહે છે, એટલે **ધારણા**[૬] પણ સિદ્ધ થાય છે. વિશેષમાં નમસ્કારમંત્રનું પદસ્થ આદિ ધ્યાન ધરતાં **ધ્યાન**[૭]ની સિદ્ધિ થાય છે અને એ રીતે ધ્યાનની સિદ્ધિ થતાં **સમાધિ**[૮]નો લાભ પણ અવશ્ય મળે છે. આ રીતે નમસ્કારમંત્રની સાધના કરતા યોગનાં આઠેય અંગોની સિદ્ધિ થાય છે.

યોગથી પ્રાપ્ત થતી સિદ્ધિઓમાં અષ્ટસિદ્ધિનો મહિમા ઘણો છે. નમસ્કારમંત્રની સિદ્ધિથી આ અષ્ટસિદ્ધિ પ્રાપ્ત થાય છે, તેથી જ કહ્યું છે કે 'આઠ સંપદાથી પરમાણો, અડસિદ્ધિ દાતાર.' આ અષ્ટસિદ્ધિઓ નીચે પ્રમાણે જાણવી :

(૧) **અણિમા**–શરીરને અતિ નાનું બનાવી દેવાની સિદ્ધિ. આ સિદ્ધિવાળો સોયના નાકામાં પણ પ્રવેશ કરી શકે તેવડી નાની કાયા બનાવી શકે છે.

(૨) **મહિમા**–શરીરને અતિ મોટું બનાવી દેવાની સિદ્ધિ. આ સિદ્ધિવાળો મેરુ પર્વત જેવડું મોટું શરીર બનાવી શકે છે કે જે પ્રમાણે વિષ્ણુકુમાર મુનિએ બનાવ્યું હતું.

(૩) **લઘિમા**–શરીરને અતિ હલકું બનાવી દેવાની સિદ્ધિ. આ સિદ્ધિવાળો પોતાના શરીરને પવનથી પણ હલકું બનાવી શકે છે.

(૪) **ગરિમા**–શરીરને અતિ ભારે બનાવી દેવાની સિદ્ધિ. આ સિદ્ધિવાળો પોતાના શરીરને પહાડ જેટલું વજનદાર બનાવી શકે છે.

(૫) **પ્રાપ્તિ**—પૃથ્વી પર ઊભાં ઊભાં જ મેરુ પર્વતના શ્રૃંગને સ્પર્શ કરી શકે તેવી સિદ્ધિ. કેટલાક એમ માને છે કે આ સિદ્ધિથી અહીં બેઠાં ચંદ્રમાને સ્પર્શ કરી શકાય છે.

(૬) **પ્રાકામ્ય**—ભૂમિમાં પણ જલની જેમ ઉન્મજ્જન-નિમજ્જન કરવાની સિદ્ધિ.

(૭) **ઈશિત્વ**—ચક્રવર્તી તથા ઇન્દ્રની ઋદ્ધિ વિસ્તારવાની સિદ્ધિ.

(૮) **વશિત્વ**—ગમે તેવા ક્રૂર જંતુઓને પણ વશ કરી શકે તેવી સિદ્ધિ.

નવપદાત્મક એવો નમસ્કારમંત્ર સિદ્ધ થતાં નવનિધિની પ્રાપ્તિ થાય છે. તે માપે 'નવપદ એના નવ નિધિ આપે' એ વચનો પ્રસિદ્ધ છે. આ નવ નિધિઓનાં નામ નીચે પ્રમાણે જાણવાં : (૧) નૈસર્પ, (૨) પાંડુક, (૩) પિંગલક, (૪) સર્વરત્ન, (૫) મહાપદ્મ, (૬) કાલ, (૭) મહાકાલ, (૮) માણવક અને (૯) શંખ.

'**પ્રવચનસારોદ્ધારની ટીકા**'માં કહ્યું છે કે આ નવનિધિઓમાં વિશ્વસ્થિતિનું કથન કરનારાં શાશ્વત કલ્પનાં પુસ્તકો હોય છે.

(૧) **નૈસર્પનિધિ**—ના કલ્પોમાં ગ્રામ, આકાર, નગર, પાટણ, દ્રોણમુખ, મડંબ, સ્કંધાવાર, ગૃહ વગેરેની સ્થાપનાનો વિધિ દર્શાવેલો હોય છે.

(૨) **પાંડુકનિધિના** કલ્પોમાં ગણિત, ગીત, ચોવીશ પ્રકારના ધાન્યનાં બીજ તથા તેની ઉત્પત્તિના પ્રકાર દર્શાવેલા હોય છે.

(૩) **પિંગલકનિધિના** કલ્પોમાં પુરુષ, સ્ત્રી, હાથી, ઘોડા વગેરેનાં આભરણનો વિધિ દર્શાવેલો હોય છે.

(૪) **સર્વરત્નનિધિના** કલ્પોમાં ચક્રવર્તીનાં ચૌદ રત્નોનું વિગતવાર વર્ણન હોય છે. ચક્રવર્તીનાં ચૌદ રત્નો આ પ્રમાણે ગણાય છે: (૧) સેનાપતિ, (૨) ગાથાપતિ (ગૃહપતિ), (૩) પુરોહિત, (૪) અશ્વ, (૫) ગજ, (૬) વર્ધકિ, (૭) સ્ત્રી, (૮) ચક્ર, (૯) છત્ર, (૧૦) ચર્મ, (૧૧) મણિ, (૧૨) કાકિણી, (૧૩) ખડ્ગ અને (૧૪) દંડ.

(૫) **મહાપદ્મનિધિના** કલ્પોમાં વસ્ત્ર તથા રંગની ઉત્પત્તિ, તેના પ્રકાર, તેને ધોવાની રીતો તથા સાત ધાતુઓનું વર્ણન હોય છે.

(૬) **કાલનિધિના** કલ્પોમાં સમગ્રકાલનું જ્ઞાન, તીર્થંકરાદિના વંશનું કથન તથા સો પ્રકારના શિલ્પોનું વર્ણન હોય છે.

(૭) **મહાકાલનિધિના** કલ્પોમાં લોહ, સુવર્ણ, મુક્તા, મણિ, સ્ફટિક, પરવાળાં વગેરેના વિવિધ ભેદો અને તેની ઉત્પત્તિ વગેરેનું વર્ણન હોય છે.

(૮) **માણવકનિધિના** કલ્પોમાં યોદ્ધાઓની ઉત્પત્તિ, શસ્ત્રસામગ્રી, યુદ્ધનીતિ તથા દંડનીતિ વગેરેનું વર્ણન હોય છે.

(૯) **શંખનિધિના** કલ્પોમાં ગદ્ય, પદ્ય, નૃત્ય, નાટક વગેરેનું વિગતવાર વર્ણન હોય છે.

'નવનિધિ' શબ્દથી સર્વસંપત્તિઓનું સૂચન પણ થાય છે, એટલે નમસ્કારમંત્રની સિદ્ધિ થતાં સર્વ સંપત્તિઓ પોતાની મેળે ચાલી આવે છે અને તેના સાધકને કોઈ પણ વાતની કમી રહેતી નથી.

વળી નમસ્કારમંત્ર સિદ્ધ થતાં તમામ તાંત્રિક કર્મોની સિદ્ધિ થાય છે. તે તાંત્રિક કર્મો મુખ્યત્વે આ પ્રમાણે જાણવાં :

જે પ્રયોગ કે કર્મથી વ્યાધિઓનું નિવારણ થાય, ઘાતક પ્રયોગોનો મૂલોચ્છેદ થાય તથા દુષ્ટ ગ્રહોની દૃષ્ટિનો પ્રતિકાર થાય, તે **શાંતિકર્મ.**

જે પ્રયોગ કે કર્મથી ધન-ધાન્ય, સંપત્તિ, ઐશ્વર્ય તથા કીર્તિમાં વધારો થાય, તે **પૌષ્ટિકકર્મ.** આમ તો તે શાંતિકર્મનો જ એક પ્રકાર ગણાય છે.

જે પ્રયોગ કે કર્મથી બીજાઓ આપણો હુકમ માનવા માટે તત્પર થાય, અથવા તો આપણી કોઈ પણ આજ્ઞાનું ઉલ્લંઘન કરી શકે નહિ, તે **વશ્ય કે વશીકરણકર્મ.**

જે પ્રયોગ કે કર્મથી બીજાની સ્વતંત્ર ગતિનો રોધ થાય અને તેની અપકારી ચેષ્ટાઓનાં લક્ષ્યને બદલી શકાય, તે **સ્તમ્ભનકર્મ.** શ્રી જંબૂકુમારે નમસ્કારમંત્રના ધ્યાનથી પ્રભવ ચોર વગેરેને સ્તંભિત કરી દીધા હતા, તે આ પ્રકારનું કર્મ જાણવું.

જે પ્રયોગ કે કર્મથી વિરોધી વ્યક્તિઓના સમૂહમાં ફૂટ પડે અને એ રીતે તેમનું વિઘાતક બળ તૂટી જાય, તે **વિદ્વેષણકર્મ.**

જે પ્રયોગ કે કર્મથી સામી વ્યક્તિની માન-મર્યાદા તૂટે તથા તેને ગામ કે દેશ છોડવાનો વખત આવે, તે **ઉચ્ચાટન-કર્મ.**

જે પ્રયોગ કે કર્મથી મનુષ્યનું મરણ નીપજે, તે **મારણકર્મ.**

અહીં એ સ્પષ્ટતા કરી દઈએ કે નમસ્કારમંત્રની સિદ્ધિ કરનારનું હૃદય વિશ્વમૈત્રીથી ભરપૂર હોય છે, એટલે તે કોઈ પણ પ્રાણીને પોતાનો વૈરી કે દુશ્મન ગણતો નથી અને તેથી તેના પર કોઈ વિઘાતક પ્રયોગ અજમાવતો નથી. એ તો તેનું પણ કલ્યાણ થાઓ, એમ જ ઇચ્છે છે. આમ છતાં ધર્મ કે શાસનરક્ષાના વિકટ પ્રસંગે કોઈ પ્રયોગ કરવાની જરૂર જ પડે તો તે નિષ્કામભાવે કરે છે અને તે પ્રયોગ કરવા માટે પ્રાયશ્ચિત્ત પણ ગ્રહણ કરે છે. આ પ્રયોગો અંગે '**મંત્રવિજ્ઞાન**'ના ત્રેત્રીશમા પ્રકરણમાં અમે વિસ્તારથી ચર્ચા કરેલી છે, તે જિજ્ઞાસુએ અવશ્ય જોઈ લેવી.

જૈન શાસ્ત્રોમાં કહ્યું છે કે—

**चौरो मित्रमहिर्माला, वह्निर्वारिर्जलं स्थलम् ।**
**कान्तारं नगरं सिंहः, शृगालो यत् प्रभावतः ॥**

'જેના (નમસ્કારમંત્રના) પ્રભાવથી ચોરી કરવા આવેલો ચોર મિત્ર બની જાય છે. સાપની પુષ્પમાલા બની જાય છે

અગ્નિનું પ્રબળ જળરાશિમાં પરિવર્તન થાય છે અને પ્રબલ જળરાશિનું સ્થળ તરીકે પરિવર્તન થાય છે. વળી અટવી હોય ત્યાં નગર વસે છે અને સિંહ શિયાળ જેવો બની જાય છે.'

ઇતિહાસમાં એવા દાખલાઓ નોંધાયેલા છે કે અમુક જૈન મુનિવરો જંગલમાંથી પસાર થતા હતા, તે વખતે સિંહ–વાઘ જેવા સિંહક પ્રાણીઓ સામે મળ્યા હતા અને તેમણે શ્રદ્ધાપૂર્વક નમસ્કારમંત્રનું ધ્યાન કરતાં એ પ્રાણીઓ તદ્દન શાંત બની અન્ય માર્ગે ચાલ્યા ગયા હતા.

વિશેષ શું ?

दूरयत्यापदः सर्वाः, पूरयत्यत्र कामनाः ।
राज्यस्वर्गाऽपवर्गास्तु, ध्यातो योऽमुत्र यच्छति ॥

'ધ્યાન કરાયેલ આ મંત્ર સર્વ આપદાઓને દૂર કરે છે તથા સર્વ કામનાઓને પૂર્ણ કરે છે. તેમજ આ લોકનાં રાજ્યાદિનાં અને પરલોકનાં સ્વર્ગાપવર્ગાદિનાં (સ્વર્ગ અને મોક્ષ વગેરેનાં) સુખોને આપે છે.'

નમસ્કારમંત્રમાંથી ઉદ્ભવેલા અનેક કાર્યસાધક મંત્રો હવે પછીનાં પૃષ્ઠોમાં આમ્નાય સાથે આપેલા છે; તેનો પાઠકો શાંત–સ્વસ્થ ચિત્તે અભ્યાસ કરે અને તેનો લાભ લઈ પોતાના જીવનને સુખી બનાવે, એ અમારી આંતરિક અભિલાષા છે.

[ ૩૦ ]

## ૐકાર અથવા પ્રણવમંત્ર

**પ્રવચનસારોદ્ધારવૃત્તિ** માં કહ્યું છે કે 'નમસ્કાર સર્વ મંત્રરત્નોની ઉત્પત્તિનું સ્થાન છે' એટલે કે આર્ય ભૂમિમાં–આર્યવર્ત્તમાં આજે જે જે પ્રભાવશાળી મંત્રો જોવામાં આવે છે, તે બધાયે નમસ્કારમંત્રમાંથી ઉદ્ભવેલા છે. ૐકાર અથવા પ્રણવમંત્ર કે જે જિનશાસનમાં અતિ પ્રસિદ્ધ છે + તથા અન્યત્ર પણ જેની મોટા પ્રમાણમાં ઉપાસના થાય છે, તેની ઉત્પત્તિ પણ નમસ્કારમંત્રમાંથી જ થયેલી છે. તેનો નિર્દેશ કરતી એક પ્રાચીન ગાથા શ્વેતામ્બર તથા દિગમ્બર સાહિત્યમાં નીચે પ્રમાણે દૃષ્ટિગોચર થાય છે :

**अरिहंता असरीरा, आयरिय उवज्झाय मुणिणो ।**
**पंचक्खरनिप्फन्नो, ओंकारो पंचपरमिट्ठी ॥**

'ઓંકારમંત્ર પંચપરમેષ્ઠીસ્વરૂપ છે, કારણ કે તે અરિહંત, અશરીરી (સિદ્ધ), આચાર્ય, ઉપાધ્યાય અને મુનિના પ્રથમ અક્ષરથી બનેલો છે.

---

+ ૐકાર તથા હ્રીંકારની ઉપાસનાનો વિસ્તૃત પરિચય અમારા તરફથી પ્રગટ થયેલ '**ૐકાર ઉપાસના**' અને '**હ્રીંકાર ઉપાસના**' ગ્રંથમાં અપાયેલો છે.

અરિહંતનો પ્રથમ અક્ષર अ છે અને અશરીરી (સિદ્ધિ)નો પ્રથમ અક્ષર પણ अ છે. તે બંનેની સંધિ કરીએ તો अ+अ=आ થાય છે. તેમાં આચાર્યનો પ્રથમ અક્ષર आ જોડીએ તો आ+आ=आ થાય છે. તેમાં ઉપાધ્યાયનો પ્રથમ અક્ષર उ જોડીએ તો आ + उ=ओ થાય છે અને તેમાં મુનિ (સાધુ) નો પ્રથમ અક્ષર म् જોડીએ તો ओम् થાય છે.

શ્રી પતંજલિ મુનિએ યોગદર્શનમાં 'तस्य वाचकः प्रणवः' એ સૂત્રથી ॐકારનો પ્રણવમંત્ર તરીકે નિર્દેશ કરેલો છે અને જૈનાચાર્યવિરચિત **'મંત્રવ્યાકરણ'** માં ઓંકારના જે પર્યાયશબ્દો આપવામાં આવ્યા છે, તેમાં પણ તે દૃષ્ટિગોચર થાય છે. જેમ કે—

**तेजो भक्तिर्विनयप्रणवब्रह्मदीपवामाश्च ।**
**वेदोऽब्जदहनध्रुवमादिद्युर्भिरोमिति स्यात् ॥**

ॐકારમંત્ર તેજસ્, ભક્તિ, વિનય, પ્રણવ, બ્રહ્મ, પ્રદીપ, વામ, વેદ, કમલ, અગ્નિ, ધ્રુવ, આદિ અને દ્યુઃ (આકાશ) સંજ્ઞાથી પ્રસિદ્ધ છે.'

તંત્રગ્રંથોમાં તેના અન્ય પણ અનેક સંકેતો પ્રાપ્ત થાય છે.

આ ॐકાર અથવા પ્રણવમંત્રનો મહિમા નીચેની ગાથામાં પ્રકટ થયેલો છે :

**ॐकारं बिन्दुसंयुक्तं, नित्यं ध्यायन्ति योगिनः ।**
**कामदं मोक्षदं चैव, ॐकाराय नमो नमः ॥**

બિંદુથી સંયુક્ત એવા ૐકારનું યોગીઓ નિત્ય ધ્યાન ધરે છે. તે આ લોકની સર્વ કામનાઓ પૂર્ણ કરનારો છે તથા (અક્ષય અનંત સુખના ધામરૂપ) મોક્ષની પ્રાપ્તિ કરાવનારો છે. આવા (અપૂર્વ મહિમાશાલી) ૐકારમંત્રને વારંવાર નમસ્કાર હો.'

મુનિ–મહાત્માઓના વ્યાખ્યાન પ્રસંગે પ્રારંભમાં આ શ્લોક પ્રાયઃ બોલાય છે, તે પરથી તેનું મહત્ત્વ સમજી શકાશે.

ભગવદ્‌ગીતામાં ૐકારને એકાક્ષરી બ્રહ્મ કહ્યો છે અને તેનું ઉચ્ચારણ કરવાથી પરમગતિ પ્રાપ્ત થાય છે, એમ જણાવેલું છે.× ઉપનિષદો વગેરેનો પણ આવો જ અભિપ્રાય છે. તાત્પર્ય કે ૐકારનું ઉચ્ચારણ, સ્મરણ તથા ધ્યાન કરવાથી મનુષ્યના અંતરમાં સુષુપ્ત રહેલી આત્મશક્તિ જાગ્રત થાય છે અને તે ચરમ સીમાએ પહોંચે છે; તેથી જ મુનિવરો તથા મુમુક્ષુઓ તેની ઉપાસના કરે છે.

યોગશાસ્ત્રના આઠમા પ્રકાશમાં કહ્યું છે કે–

तथा हृत्पद्ममध्यस्थं शब्दब्रह्मैककारणम् ।
स्वरव्यञ्जनसंवीतं वाचकं परमेष्ठिनः ॥
मूर्द्धसंस्थितशीतांशु कलामृतरसप्लुतम् ।
कुम्भकेन महामन्त्रं प्रणवं परिचिन्तयेत् ॥

'તથા હૃદયકમલમાં રહેલા સમગ્ર શબ્દબ્રહ્મની ઉત્પત્તિનું એક કારણ, સ્વર તથા વ્યંજનસહિત પંચપરમેષ્ઠિપદવાચક

× અધ્યાય ૮, શ્લોક ૧૩.

તથા મસ્તકમાં રહેલા ચંદ્રકલામાંથી ઝરતા અમૃતના રસે કરી ભીંજાતા મહામંત્ર પ્રણવને કુંભક કરીને અર્થાત્ શ્વાસોચ્છ્વાસ રોકીને ચિંતવવો.'

ત્યાં એ પણ જણાવ્યું છે કે–

**पीतं स्तम्भेऽरुणं वश्ये क्षोभणे विद्रुमप्रभम् ।**
**कृष्णं विद्वेषणे ध्यायेत् कर्मघाते शशिप्रभम् ॥**

'સ્તંભનકર્મ કરવું હોય તો ૐકારને પીળા રંગનો ચિંતવવો; વશીકરણ કરવું હોય તો આછા લાલ રંગનો ચિંતવવો; ક્ષોભ પમાડવા માટે પરવાળા સમ લાલ રંગનો ચિંતવવો; વિદ્વેષણકર્મમાં કાળા રંગનો ચિંતવવો અને કર્મોનો નાશ કરવા માટે ચંદ્રની કાંતિ સમ ઉજ્જવલ રંગનો ચિંતવવો.'

આ જ પ્રકાશમાં શ્રી હેમચંદ્રાચાર્યે ૐકારનું ધ્યાન ધરવા માટે એક વિશિષ્ટ યંત્રનું વિધાન કરેલું છે, તે જિજ્ઞાસુએ ત્યાંથી જોઈ લેવું અને ગુરુગમ મેળવી તે પ્રમાણે યંત્ર તૈયાર કરી તેનું ધ્યાન ધરવું. તેથી ઘણો લાભ થવા સંભવ છે.

અમે એક જૈન મુનિવરને ૐકારની ઉપાસનાથી અપૂર્વ કાવ્યશક્તિ પ્રાપ્ત થયેલી જોઈ છે, તેમજ અન્ય સાધુ-સંન્યાસીઓને પણ વિવિધ પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત કરતાં નિહાળેલા છે. વળી ૐકારનું વિધિપૂર્વક ઉચ્ચારણ કરતાં જે એકાગ્રતા અને આનંદનો અનુભવ થાય છે, તે અલૌકિક હોય છે. અન્ય રીતે કહીએ તો જેના મનમાં અહર્નિશ ૐકારનું રટણ હોય છે, તેને આ દુનિયામાં કોઈ દુઃખો સતાવી શકતાં નથી કે તેની આનંદમસ્તીનો ભંગ કરી શકતાં નથી.

"પંચનમુક્કારફલથુત્ત" કહ્યું છે કે—

संविग्गेणं मणसा अक्खलियफुडमणहरेण य सरेण ।
पउमासणिओ करबद्धजोगमुद्दो य काएणं ॥
सम्मं संपुन्नं चिय समुच्चरिज्जा सय नमुकारं ।
उस्सग्गेणेस विही अह बलगलणा तदा न पहू ॥
तन्नामाणुग असिआउस त्ति पंचक्खरे तहवि सम्मं ।
निहुयं पि परावत्तिज्ज कह वि अह तत्थ वि असत्तो ॥
ता झाएज्जा ओमिति संगहिया जं इमेण अरहंतो ।
असरीरा आयरिया उवज्झाया मुणिवरा सव्वे ॥
एयन्नामाइनिपन्नवन्नसन्धिप्पओगओ जम्हा ।
सव्वन्नुएहि एसो ओंकारो किर विणिद्दिट्ठो ॥

'અંત સમયે સંવિગ્ન મન વડે, અસ્ખલિત, સ્પષ્ટ અને મધુર સ્વર વડે તથા કરબદ્ધ યોગમુદ્રાથી યુક્ત પદ્માસને બેઠેલી કાયા વડે સમ્યક્ પ્રકારે સંપૂર્ણ નમસ્કારનું સ્વયં ઉચ્ચારણ કરવું એ ઉત્સર્ગવિધિ છે. અથવા બળ ઘટવાથી તેમ કરવા સમર્થ ન હોય, તો પરમેષ્ઠિઓના નામને અનુસરનારા 'अ सि आ उ सा' એવા પાંચ અક્ષરોનું સમ્યક્ પ્રકારે મૌનપણે પરાવર્તન કરવું. જો કોઈ કારણે તેમ કરવા પણ અશક્ત હોય, તો 'ૐ' એવા અક્ષરનું ધ્યાન કરવું, કારણ કે એ અક્ષર વડે અરિહંત, અશરીરી (સિદ્ધ), આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ મુનિવરો સંગ્રહિત થયેલા છે. એ પાંચેય નામોની આદિમાં રહેલા અક્ષરોની સંધિના પ્રયોગથી જ ૐકાર બનેલો છે, એમ સર્વજ્ઞ પરમાત્માએ ફરમાવેલું છે.'

તાત્પર્ય કે ૐકાર એ અંત સમયનો પણ સાથી છે અને તેનું ઉચ્ચારણ–સ્મરણ તથા અર્થચિંતન મનુષ્યની ગતિ સુધારે છે.

શ્રી સિંહતિલકસૂરિજીએ **'મંત્રરાજરહસ્ય'** માં કહ્યું છે કે—

**अर्हद्देहाचार्योपाध्यायमुनीन्द्रपूर्ववर्णोत्थः ।**
**प्रणवः सर्वत्रादौ ज्ञेयः परमेष्ठि–संस्मृत्यै ॥**

—ગાથા ૩૧૪

'અર્હત્, અદેહ (સિદ્ધ), આચાર્ય, ઉપાધ્યાય અને મુનીન્દ્રના પૂર્વે વર્ણોથી બનેલા પ્રણવ પરમેષ્ઠીના સ્મરણ અર્થે સર્વત્ર આદિમાં ભણવો.'

તાત્પર્ય કે કોઇપણ મંત્ર બોલતાં પહેલાં પ્રથમ તેનો ઉચ્ચાર કરવો અને પછી મંત્ર બોલવો. અન્ય મંત્ર વિશારદોએ પણ આવું જ વિધાન કરેલું છે અને તેને 'મંત્રસેતુ' ની વિશિષ્ટ સંજ્ઞા આપેલી છે. મંત્રસેતુ એટલે મંત્રોની મૂલભૂત શક્તિનું અનુસંધાન કરી આપનારો. તાત્પર્ય કે પ્રથમ ૐકાર બોલીને પછી મંત્ર બોલવામાં આવે તો તેની શક્તિ યથાર્થપણે જાગ્રત થાય છે અને તેથી ઈષ્ટ કાર્યો કરી શકાય છે.

ૐકારનું આવું માહાત્મય હોવાથી જ સર્વ મંત્રોની આદિમાં તેનું ઉચ્ચારણ થાય છે.

શ્રીસમંતભદ્રાચાર્યે ૐકારનો મહિમા દર્શાવવા માટે બાર શ્લોકોથી શોભતું એક સુંદર સ્તોત્ર બનાવ્યું છે, તે પાઠકોની જાણ માટે અહીં રજૂ કરીએ છીએ.

# ॐकारस्तोत्रम्

प्रणवस्त्वं परब्रह्मन् लोकनाथो जिनेश्वरः ।
कामदस्त्वं मोक्षदस्त्वं ॐकाराय नमो नमः ॥ १ ॥

'હે ૐકાર! તું પ્રણવ છે, તું પરબ્રહ્મ છે, તું લોકનાથ છે અને તું જ જિનેશ્વર છે. વળી સંસારની સર્વ કામનાઓ પૂરી કરનારો છે તથા મોક્ષસુખને આપનારો છે. એવા તને મારો પુનઃ પુનઃ નમસ્કાર હો.'

पीतवर्णः श्वेतवर्णो रक्तवर्णो हरिद्वरः ।
कृष्णवर्णो मतो देवः ॐकाराय नमो नमः ॥ २ ॥

'હે ૐકાર! તું પીતવર્ણનો, શ્વેતવર્ણનો, રક્તવર્ણનો, ધૂમ્રવર્ણનો તથા કૃષ્ણવર્ણનો એમ પાંચ વર્ણનો દેવ મનાયેલો છે. તને મારો પુનઃ પુનઃ નમસ્કાર હો.'

તાત્પર્ય કે ૐકારરૂપી દેવનું આ પાંચ વર્ણો વડે ધ્યાન ધરવામાં આવે છે. તેનું ફલ આગળ સાતમી તથા આઠમી ગાથામાં બતાવવામાં આવશે.

नमस्त्रिभुवनेशाय रजोऽपोहाय भावतः ।
पञ्चदेवाय शुद्धाय ॐकाराय नमो नमः ॥ ३ ॥

'હે ૐકાર! તું ત્રિભુવનનો સ્વામી છે અને ભાવથી કર્મરૂપી રજનું હરણ કરનારો છે. વળી તું (પંચપરમેષ્ઠી સ્વરૂપ હોવાથી) પંચદેવ તરીકે વિખ્યાત છે અને (તાત્ત્વિક દૃષ્ટિએ) અતિ શુદ્ધ છે. એવા તને મારો પુનઃ પુનઃ નમસ્કાર હો.'

मायाद्ये नमोऽन्ताय प्रणवान्तर्मयाय च ।
बीजराजाय हे देव ! ॐकाराय नमो नमः ॥ ४ ॥

'હે દેવ! તું માયાબીજની એટલે હ્રીંકારની આદિમાં રહેનારો છે, તારા છેડે નમઃ પદ લાગે છે અને તું પ્રણવમય છે. એવા બીજરાજસ્વરૂપ તને મારો પુનઃ પુનઃ નમસ્કાર હો.'

આ સ્તુતિ 'ૐ હ્રીં નમઃ ।' એ મંત્રને ઉદ્દેશીને કરાઈ છે. આ મંત્રની હ્રીંકારવિદ્યા તરીકે વિશેષ પ્રસિદ્ધિ છે અને તે અચિંત્ય ફલને આપનારી છે.

घनान्धकारनाशाय चरते गगनेऽपि च ।
तालुरन्ध्रसमायाते सप्रान्ताय नमो नमः ॥ ५ ॥

'હે ૐકાર! તું અજ્ઞાનરૂપી ગાઢ અંધકારનો નાશ કરનારો છે અને બ્રહ્મરંધ્રમાં પણ વિચરણ કરે છે અને જેઓ જપ–સ્મરણ વડે તાલુરંધ્રમાં લાવે છે, તેમને તું પ્રાપ્ત થાય છે, એવા તને મારો પુનઃ પુનઃ નમસ્કાર હો.'

गर्जन्तं मुखरन्ध्रेण ललाटान्तरसंस्थितम् ।
विधानं कर्णरंध्रेण प्रणवं तं वयं नुमः ॥ ६ ॥

'વળી મુખરંધ્રમાં ગર્જતા, લલાટના મધ્ય ભાગમાં સ્થિર થતા અને કર્ણરંધ્રથી ઢંકાતા એવા હે પ્રણવ! તને અમે નમસ્કાર કરીએ છીએ.'

ૐકારનું વિધિસર ઉચ્ચારણ કરીએ છીએ, ત્યારે તે મુખરંધ્રમાં ગાજવા લાગે છે; લલાટના મધ્યભાગમાં તેનું

ધ્યાન ધરીએ છીએ, ત્યારે ત્યાં સ્થિર થાય છે અને કાનના બે છિદ્રોપર હાથ દઈએ ત્યારે તેનો સ્વાભાવિક નાદ સાંભળવામાં આવે છે.

**श्वेते शान्तिकपुष्ट्याख्याऽनवद्यादिकराय च ।**
**पीते लक्ष्मीकरायापि ॐकाराय नमो नमः ॥ ७ ॥**

'હે ૐકાર ! શ્વેત વર્ણથી ધ્યાન ધરતાં નિર્દોષ શાંતિ, તુષ્ટિ અને પુષ્ટિ કરનાર તથા પીત વર્ણથી ધ્યાન ધરતાં લક્ષ્મી આપનાર એવા તને મારો પુનઃ પુનઃ નમસ્કાર હો.'

**रक्ते वश्यकरायापि कृष्णे शत्रुक्षयकृते ।**
**धूम्रवर्णे स्तम्भनाय ॐकाराय नमो नमः ॥ ८ ॥**

'હે ૐકાર ! રક્તવર્ણથી ધ્યાન ધરતાં વશીકરણ કરનાર, કૃષ્ણવર્ણથી ધ્યાન ધરતાં શત્રુનો નાશ કરનાર તથા ધૂમ્રવર્ણથી ધ્યાન ધરતાં સ્તમ્ભન કરનાર, એવા તને મારો પુનઃ પુનઃ નમસ્કાર હો.'

**ब्रह्मा विष्णुः शिवो देवो गणेशो वासवस्तथा ।**
**सूर्यचन्द्रस्त्वमेवातः ॐकाराय नमो नमः ॥ ९ ॥**

'હે ૐકાર ! તું જ બ્રહ્મા છે, તું જ વિષ્ણુ છે, તું જ શિવ છે, તું જ દેવ છે, તું જ ગણેશ છે, તું જ ઈન્દ્ર છે, તું જ સૂર્ય છે અને તું જ ચન્દ્ર છે. એવા તને મારો પુનઃ પુનઃ નમસ્કાર હો.'

તાત્પર્ય કે આ સર્વ વસ્તુઓમાં તું જ વ્યાપીને રહેલો છે અથવા આ બધાં તારાં જ ભિન્ન ભિન્ન સ્વરૂપો છે.

न जपो न तपो दानं न व्रतं संयमो न च ।
सर्वेषां मूलहेतुस्त्वं ॐकाराय नमो नमः ॥१०॥

'સર્વ સિદ્ધિઓનું મૂળ જપ નથી, તપ નથી, દાન નથી, વ્રત નથી, સંયમ નથી, પણ હે ૐકાર! તું જ છે. એવા તને મારો પુનઃ પુનઃ નમસ્કાર હો.'

इति स्तोत्रं जपन् वाऽपि पठन् विद्यामिमां पराम् ।
स्वर्गं मोक्षपदं धत्ते विद्येयं फलदायिनी ॥११॥

'આ સ્તોત્રને જપતો અથવા આ પરમ વિદ્યાનો પાઠ કરતો મનુષ્ય સ્વર્ગ અથવા મોક્ષપદને પામે છે. ખરેખર! આ ૐકારવિદ્યા શ્રેષ્ઠ ફલ આપનારી છે.'

करोति मानवं विज्ञमज्ञं मानविवर्जितम् ।
समानं स्यात् पंचसुगुरोर्विद्यैका सुखदा परा ॥१२॥

'આ ૐકારવિદ્યા અજ્ઞાન મનુષ્યને વિદ્વાન કરે છે તથા માનવિહીનને માનવાળો કરે છે. પંચ સુગુરુઓના પ્રથમાક્ષરોથી નિષ્પન્ન થયેલી આ વિદ્યા અદ્વિતીય અને પરમ સુખદાયક છે.'

પંચસુગુરુ એટલે પંચપરમેષ્ઠી, તેમના પ્રથમ અક્ષરોથી આ મંત્ર કેવી રીતે નિષ્પન્ન થાય છે, તે આ પ્રકરણના પ્રારંભમાં જ સમજાવેલું છે.

[૩૧]

## અર્હં મંત્ર

નમસ્કારમંત્રમાંથી ઉદ્ભવેલો અર્હં મંત્ર અત્યંત પ્રભાવશાળી છે. તેથી ખાસ પ્રકરણ દ્વારા તેનો પરિચય આપવામાં આવ્યો છે.

'ॐ ह्रीं अर्हं नमः' આ ચાર પદોની અક્ષરરચનાને અર્હં મંત્ર કહેવામાં આવે છે.*

આ મંત્રમાં માત્ર બીજો છે, પણ ઇષ્ટદેવનું નામ નથી, એટલે તે એક પ્રકારનો બીજમંત્ર છે.

આ બીજમંત્રમાં ॐ એ સેતુ છે, ह्रीं એ સહાયક બીજ છે, अर्हं એ મુખ્ય બીજ છે, અને नमः એ પલ્લવ છે. તાત્પર્ય કે ॐ અને ह्रीं એ મંત્રબીજો હોવા છતાં મુખ્ય બીજ તો अर्हं જ છે. છેડે नमः પલ્લવ લાગેલું છે, એટલે તે શાંતિ-તુષ્ટિ-પુષ્ટિ કરનારો મંત્ર છે.

अर्हं બીજનો મહિમા અનેરો છે. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે સિદ્ધહેમશબ્દાનુશાસનની સ્વોપજ્ઞબૃહદ્વૃત્તિમાં જણાવ્યું છે કે—

---

* 'ॐ अर्हं नमः'ની ગણના પણ अर्हं મંત્રમાં જ થાય છે.

'अर्हमित्येतदक्षरं परमेश्वरस्य परमेष्ठिनो वाचकं सिद्ध-चक्रस्यादिबीजं सकलागमोपनिषद्‌भूतमशेषविघ्नविघातनिघ्न-मखिलदृष्टाऽदृष्टसंकल्पकल्पद्रूमोपममाशास्त्राध्ययनाऽध्यापना-वधिप्रणिधेयम् ॥'

થોડા વિવેચનથી આનો અર્થ–ભાવ સ્પષ્ટ થશે.

'अर्हमित्येतदक्षरं'–અહીં अर्हं એવો જે અક્ષર છે, તે परमेश्वरस्य परमेष्ठिनो वाचकं–પરમેશ્વર એવા પરમેષ્ઠિનો વાચક છે. જે પોતાના સ્વરૂપથી ચલિત ન થાય, તે અક્ષર કહેવાય. તે અહીં બીજરૂપે પ્રયુક્ત છે. કદાચ પાઠકને પ્રશ્ન થશે કે 'અર્હં'માં દેખીતી રીતે જ વધારે અક્ષરો છે, તો અક્ષરો ન કહેતાં અહીં અક્ષર એવો પ્રયોગ કેમ કર્યો?' તેનું સમાધાન એ છે કે જે બીજ ઘણા અક્ષરોથી સંયુક્ત હોય–કૂટ હોય, તેને એક જ અક્ષર ગણવામાં આવે છે; જેમકે–ॐ, क्षं, हम्ल्व्र्यूं આદિ. વળી મંત્રવિદોનું કહેવું છે કે કૂટ મંત્રોમાં ઘણા અક્ષરો દેખાવા છતાં તેમાં વસ્તુતઃ એક જ અક્ષર મંત્ર-સ્વરૂપ હોય છે અને બાકીના તો તેમાં પરિકર કે પરિ-વારરૂપ હોય છે, તેથી પણ તેને એક અક્ષર કહેવામાં આવે છે. अर्हं બીજ અનેકાક્ષરી હોવા છતાં તેમાં ह અક્ષર જ મંત્રસ્વરૂપ છે, તેથી અહીં અક્ષર એવો શબ્દ-પ્રયોગ ઉચિત છે.

કદાચ અહીં બીજો પ્રશ્ન એમ પૂછાય કે 'પરમેશ્વર એવા પરમેષ્ઠિ એમ કહેવામાં શો હેતુ રહેલો છે?' તો તેનો ઉત્તર એ છે કે 'દેવતાઓ અને ગુરુઓનું નામ

ઉપપદ વિના–વિશેષણ વિના બોલવું ન જોઈએ, એવો શાસ્ત્રનો આદેશ છે'* અને અહીં પરમેષ્ઠી એ દેવતાનું નામ છે, માટે તેને પરમેશ્વર એવું ઉપપદ–વિશેષણ લગાડેલું છે. વળી પરમેષ્ઠી એ શબ્દ એવી મહાન વસ્તુનો સૂચક છે કે તેને શ્રી જેવું સામાન્ય કોટિનું વિશેષણ શોભે નહિ; તેથી અહીં પરમેશ્વર એવું યથાર્થ વિશેષણ લગાડેલું છે. પરમેશ્વર એટલે પરમ ઐશ્વર્યવાન્. પરમ ઐશ્વર્ય એટલે અષ્ટપ્રાતિહાર્ય અને સમવસરણાદિ અન્ય પ્રકારની સમૃદ્ધિ તથા યોગની સર્વ પ્રકારની સિદ્ધિ. પરમેષ્ઠી એટલે પરમ પૂજ્ય સ્થાને રહેલા. અહીં પરમેશ્વર પરમેષ્ઠિનો અર્થ સકલરાગાદિરૂપ મલરહિત સર્વ જીવોના યોગ અને ક્ષેમનું વહન કરનારા, શસ્ત્રાદિ ઉપાધિથી રહિત હોવાને લીધે પ્રસન્નતાના પાત્ર, જ્યોતિરૂપ, દેવાધિદેવ, સર્વજ્ઞ પુરુષવિશેષ સમજવાના છે.

આટલાં વિવેચનથી સ્વરૂપ અને અભિધેય કહેવાયું. હવે તેનું તાત્પર્ય કહે છે. જે વાચ્યાર્થને કહે, તે વાચક કહેવાય.

'सिद्धचक्रस्यादिबीजं सकलोपनिषद्भूतम्'–આ अर्हं એવો જે અક્ષર છે, તે સિદ્ધચક્રનું આદિબીજ છે અને

---

* देवतानां गुरूणां च, नाम नोपपदं विना ।
उच्चरेन्नैव जायायाः, कथञ्चन्नात्मनस्तथा ॥

'દેવતાઓ અને ગુરુઓનું નામ ઉપપદ એટલે વિશેષણ વિના બોલવું નહિ. તેમ જ સ્ત્રીનું નામ કે બનતાં સુધી પોતાનું નામ પણ સ્વયં બોલવું નહિ.'

સકલ આગમોનું રહસ્ય છે.' જેમ જૈનેતર શાસ્ત્રોમાં ત્રૈલોક્યવિજય, ઘંટાર્ગલ, સ્વાધિષ્ઠાન, પ્રત્યંગિરા વગેરે ચક્રો પ્રસિદ્ધ છે, તેમ જૈનશાસ્ત્રોમાં સિદ્ધચક્ર પ્રસિદ્ધ છે. તેમાં સિદ્ધ એવા પરમ તત્ત્વો ચક્રાકારે મંડલરૂપે ગોઠવાયેલા હોય, તે સિદ્ધચક્ર. એ પરમ તત્ત્વ નવ છે : અર્હત્, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ. આ સિદ્ધચક્રમાં બીજાં પણ પાંચ બીજો છે, જેવાં કે ह्राँ, ह्रीँ, ह्रूँ, ह्रौँ, ह्रः તેમાં अर्हँ એ મુખ્ય બીજ છે, તેથી તેને આદિ કહેવામાં આવ્યું છે.

જે પરમગુરુ એવા અરિહંતના મુખમાંથી નીકળ્યું હોય અને શ્રદ્ધાસંપન્ન વિનયવંત શિષ્યો પ્રત્યે ગયું હોય તે આગમ કહેવાય. આવાં આગમો મુખ્યત્વે બાર અને સમુદાયરૂપે ઘણાં છે. તે બધાંનો સાર 'अरिहंत–सिद्ध–आयरिय–उवज्झाय–साहू' એ ષોડશાક્ષરી વિદ્યામાં આવી જાય છે અને ષોડશાક્ષરી વિદ્યાનો સાર 'अर्हँ' બીજમાં નિહિત છે, એટલે તેને સકલ આગમોનું રહસ્ય કહેવામાં આવ્યું છે.

આ अर्हँ બીજ 'अशेषविघ्नविघातनिघ्न' એટલે સર્વ વિઘ્નોનો નાશ કરવામાં સમર્થ છે અને 'अखिलदृष्टाऽदृष्टसंकल्पकल्पद्रुमोपम' એટલે સર્વ પ્રકારના દૃષ્ટ અને અદૃષ્ટ એવા જે સંકલ્પો તેને પૂરવા માટે કલ્પવૃક્ષ સમાન છે. અહીં દૃષ્ટ સંકલ્પથી રાજ્યઋદ્ધિ વગેરે અને અદૃષ્ટ સંકલ્પથી સ્વર્ગાદિ સુખો અભિપ્રેત છે.

છેવટે કહ્યું છે કે 'आशास्त्राध्ययनाध्यापनावधिप्रणिधेयम्'-

આ બીજનું શાસ્ત્રના અધ્યયન અને અધ્યાપનસમયે અવશ્ય પ્રણિધાન કરવું જોઈએ.'

અહીં શબ્દશાસ્ત્રની રચનાનો પ્રસંગ છે, એટલે અધ્યયન–અધ્યાપનનો નિર્દેશ કર્યો છે, પણ સર્વ મુમુક્ષુઓએ આધ્યાત્મિક વિકાસમાં આગળ વધવા માટે તેનું પ્રણિધાન કરવાનું છે, તેનો જપ તથા અર્થભાવના કરવાની છે.

શ્રીજયસિંહસૂરિએ **ધમ્મોવએસવિવરણમાલા**'માં अर्हं રૂપ અક્ષરતત્ત્વનું વર્ણન કરતાં કહ્યું છે કે–

**अकारादि–हकारान्ता, प्रसिद्धा सिद्धमातृका ।**
**युगादौ या स्वयं प्रोक्ता, ऋषभेण महात्मना ॥३॥**

'અ'થી શરૂ થતી અને 'હ'માં અંત પામતી એવી સિદ્ધ–માતૃકા પ્રસિદ્ધ છે કે જેને યુગના પ્રારંભમાં પરમાત્મા શ્રી ઋષભદેવ ભગવંતે સ્વયં કહી હતી.'

**एकैकमक्षरं तस्यां, तत्त्वरूपं समाश्रितम् ।**
**तत्रापि त्रीणि तत्त्वानि, येषु तिष्ठति सर्ववित् ॥४॥**

'તે સિદ્ધમાતૃકાનો એક એક અક્ષર તત્ત્વરૂપને સમાશ્રિત (પ્રાપ્ત) છે, અર્થાત્ પ્રત્યેક અક્ષર તત્ત્વરૂપ છે. તેમાં પણ 'अ', 'र' અને 'ह' એ ત્રણ તત્ત્વો એવાં (વિશિષ્ટ) છે કે જેમાં સર્વજ્ઞ પરમાત્મા રહેલા છે.'

'अ' **તત્ત્વનું વર્ણન :**

**अकारः प्रथमं तत्त्वं, सर्वभूताभयप्रदम् ।**
**कण्ठदेशं समाश्रित्य, वर्तते सर्वदेहिनाम् ॥५॥**

'તેમાં અકાર પ્રથમ તત્ત્વ છે, તે સર્વ પ્રાણીઓને અભય આપનારું છે અને સર્વ દેહધારીઓના કંઠસ્થાનને આશ્રીને રહેલું છે.'

सर्वात्मकं सर्वगतं सर्वव्यापि सनातनम् ।
सर्वसत्त्वाश्रितं दिव्यं, चिन्तितं पापनाशनम् ॥६॥

'તે તત્ત્વ સર્વસ્વરૂપ, સર્વગત, સર્વવ્યાપી, સનાતન અને સર્વ પ્રાણીઓને આશ્રીને રહેલું છે. તેનું દિવ્ય ચિંતન (સર્વ) પાપનો નાશ કરે છે.'

सर्वेषामपि वर्णानां, स्वराणां च धुरि स्थितम् ।
व्यञ्जनेषु च सर्वेषु, ककारादिषु संस्थितम् ॥७॥
पृथिव्यादिषु भूतेषु, देवेषु समयेषु च ।
लोकेषु च सर्वेषु, सागरेषु च सरित्सु च ॥८॥
मन्त्र–तन्त्रादियोगेषु, सर्वविद्याधरेषु च ।
विद्यासु च सर्वासु, पर्वतेषु वनेषु च ॥९॥
शब्दादिसर्वशास्त्रेषु, व्यन्तरेषु नरेषु च ।
पन्नगेषु च सर्वेषु, देवदेवेषु नित्यशः ॥१०॥
व्योमवद् व्यापिरूपेण, सर्वेष्वेतेषु संस्थितम् ।
नातः परतरं ब्रह्म, विद्यते भुवि किञ्चन ॥११॥

'તે તત્ત્વ (અકાર) બધાય વર્ણો અને સ્વરોમાં અગ્રસ્થાને રહેલું છે અને કકારાદિ સર્વ વ્યંજનો (ના ઉચ્ચારણ) માં રહેલું છે. તે તત્ત્વ પૃથ્વી આદિ પાંચ મહાભૂતો (પૃથ્વી,

જલ, તેજસ્, વાયુ અને આકાશ), દેવો, સમયો, સર્વલોકો, સમુદ્રો, નદીઓ, મંત્રો અને તંત્રાદિ યોગો, સર્વ શાસ્ત્રો, સર્વ વિદ્યાઓ, પર્વતો, વનો, વ્યાકરણ આદિ સર્વ શાસ્ત્રો, વ્યંતરો, મનુષ્યો, સર્પો અને સર્વ દેવાધિદેવો—એ બધામાં આકાશની જેમ સર્વવ્યાપીરૂપે રહેલું છે. વિશ્વમાં એનાથી શ્રેષ્ઠ બીજું કોઈ બ્રહ્મ વિદ્યમાન નથી.'

इदमाद्यं भवेद् यस्य, कलाऽतीतं कलाश्रितम् ।
नाम्ना परमदेवस्य, ध्येयोऽसौ मोक्षकाङ्क्षिभिः ॥१२॥

'કલારહિત અથવા કલાસહિત એવું આ (પરમ) તત્ત્વ નામવડે જે પરમદેવની આદિમાં છે, તે (પરમદેવ)નું મોક્ષની આકાંક્ષાવાળા પુરુષોએ ધ્યાન કરવું જોઈએ.'

'र' તત્ત્વનું વર્ણન :

दीप्तपावकसङ्काशं, सर्वेषां शिरसि स्थितम् ।
विधिना मन्त्रिणा ध्यातं, त्रिवर्गफलदं स्मृतम् ॥१३॥

'સર્વ પ્રાણીઓના મસ્તકમાં રહેલ પ્રદીપ્ત અગ્નિસમાન આ તત્ત્વનું મંત્રધારક વડે જો વિધિપૂર્વક ધ્યાન કરાય તો તે ધર્મ, અર્થ અને કામ એ ત્રિવર્ગની પ્રાપ્તિરૂપ ફળને આપનારું છે, એમ (જ્ઞાની પુરુષોએ) કહ્યું છે.'

यस्य देवाभिधानस्य, मध्ये ह्येतद् व्यवस्थितम् ।
पुण्यं पवित्रं माङ्गल्यं, पूज्योऽसौ तत्त्वदर्शिभिः ॥१४॥

'પુણ્ય, પવિત્ર અને મંગલ એવું આ તત્ત્વ જે

પરમાત્મા (अर्हँ)ના નામની મધ્યમાં રહેલું છે, તે પરમાત્મા તત્ત્વદર્શીઓને પૂજ્ય છે.'

'ह्' **તત્ત્વનું વર્ણન :**

**सर्वेषामपि भूतानां, नित्यं यो हृदि संस्थितः ।**
**पर्यन्ते सर्ववर्णानां, सकलो निष्कलस्तथा ॥१५॥**

**हकारो हि महाप्राणः, लोकशास्त्रेषु पूजितः ।**
**विधिना मन्त्रिणा ध्यातः सर्वकार्यप्रसाधकः ॥१६॥**

'સર્વ પ્રાણીઓના હૃદયમાં સદા રહેલ, સર્વ વર્ણોની અંતે રહેલ, કલાસહિત, કલારહિત અને લૌકિક શાસ્ત્રોમાં 'મહાપ્રાણ' તરીકે પૂજિત એવા 'હ'કારનું મંત્રધારકવડે જો વિધિપૂર્વક ધ્યાન કરાય, તો તે સર્વ કાર્યોનું સાધક છે.'

**यस्य देवाभिधानस्य पर्यन्त एष वर्तते ।**
**मुमुक्षुभिः सदा ध्येयः स देवो मुनिपुङ्गवैः ॥१७॥**

'જે દેવના નામના અંતમાં આ ('હ'કાર) રહે છે, તે (अर्हँ) દેવનું મુમુક્ષુ-મુનિવરોએ સદા ધ્યાન ધરવું જોઈએ.'

**બિંદુનું વર્ણન :**

**सर्वेषामपि भूतानां, नित्यं यो हृदि संस्थितम् ।**
**बिन्दुकं सर्ववर्णानां, शिरसि सुव्यवस्थितम् ॥१८॥**

**हकारोपरि यो बिन्दुर्वर्तुलो जलबिन्दुवत् ।**
**योगिभिश्चिन्तितस्तस्थौ, मोक्षदः सर्वदेहिनाम् ॥१९॥**

'જે સર્વ પ્રાણીઓની નાસિકાના અગ્ર ભાગને વિશે રહેલ છે, જે સર્વ વર્ણોના મસ્તકે સુવ્યવસ્થિત છે, જે 'હ'કાર ઉપર જલબિંદુની જેમ વર્તુલાકારે રહેલ છે અને જે યોગીઓ વડે સદા ચિન્તિત છે, તે બિંદુ સર્વ જીવોને મોક્ષ આપનાર છે.'

त्रीण्यक्षराणि बिन्दुश्च, यस्य देवस्य नाम वै ।
स सर्वज्ञः समाख्यातः 'अर्हँ' तदिति पण्डितैः ॥२०॥

'ત્રણ અક્ષરો અને બિંદુ મળીને જે દેવનું નામ થાય છે, તે દેવ પંડિતો વડે સર્વજ્ઞ પરમાત્મા 'अर्हँ' (અરિહંત) કહેવાય છે.'

અન્યત્ર કહેવાયું છે કે—

अकारेणोच्यते विष्णु, रेफे ब्रह्मा व्यवस्थितः ।
हकारेण हरः प्रोक्तस्तदन्ते परमं पदम् ॥

'अ'કારથી વિષ્ણુ કહેવાય છે, રેફમાં બ્રહ્મ રહેલા છે, હકારથી શિવનું કથન છે, અને તેના છેડે આવું જે અનુસ્વાર છે, એ પરમપદનું વાચક છે.'

તાત્પર્ય કે આ રીતે अर्हँ પદ સર્વવ્યાપી અને સર્વ શક્તિમાન હોવાથી તેનું પ્રણિધાન કરવું ઇષ્ટ છે. અહીં એટલી સ્પષ્ટતા કરી દઈએ કે બીજનું જપરૂપ પ્રણિધાન કરતી વખતે મંત્રસ્વરૂપે જ કરાય છે, એટલે કે ત્યાં માત્ર બીજ નહિ, પણ તેને લગતો જે મંત્ર હોય, તેનો જપ કરવો જોઈએ.

શ્રી સિંહતિલકસૂરિજીએ **'મન્ત્રરાજરહસ્ય'** **માં** કહ્યું છે કે—

**अर्हं जपात् क्षयमरोचकमग्निमांद्यं,**
**कुष्ठोदरामकसनश्वसनानि हन्ति ।**
**प्राप्नोति चाप्रतिमवाक् महतीं महद्भ्यः**
**पूजां परत्र च गतिं पुरुषोत्तमाप्ताम् ॥**

'अर्हं' મંત્રરાજ જપ દ્વારા ક્ષય, અરુચિ, અપચો, કોઢ, આમરોગ, ખાંસી, શ્વાસ વગેરેનો નાશ કરે છે.×તેનો જપ કરનાર અપ્રતિમ વાણીવાળો બને છે, મહાપુરુષોની પૂજાને પ્રાપ્ત કરે છે અને પરલોકમાં ઉત્તમ પુરુષોએ પ્રાપ્ત કરેલી ગતિને મેળવે છે.'

× કેટલાક વર્ષો પહેલાં અમે શ્વાસના દર્દીઓને અમુક આયુર્વૈદિક દવાઓ આપવા ઉપરાંત થોડો પ્રાણાયામ કરવા કહ્યું હતું તથા **अर्हं** મંત્રની સવાર–સાંજ અમુક માળાઓ ગણવાનું સૂચન કર્યું હતું. એ પ્રમાણે ત્રિવિધ સાધનાથી એ દર્દીઓને ઘણો લાભ થયો હતો. તેમાંના એક દર્દીને ધાર્યો ફાયદો થયો નહિ. તેમાં તેની શ્રદ્ધાનો દોષ હોય, તે બનવા જોગ છે.

એકવાર ટ્રેનમાં પ્રવાસ કરતાં અમારા મિત્રને પેટનો સખ્ત દુઃખાવો ઉપડયો, તે આ મંત્રની ધૂન લગાવતાં જ મટી ગયો હતો અને આખાયે પ્રવાસમાં તેને ફરી દુઃખાવો થયો ન હતો. આ મંત્રની ધૂનથી સાધ્વીજીના દાંતના પેઢામાં થએલું અતિ દર્દકારી ગડ થોડી જ વારમાં ફૂટી ગયું હતું અને તેમને શાંતિ થઈ હતી.

कनककमलगर्भे कर्णिकायां निषण्णं
विगततमसमर्हं सान्द्रचन्द्रांशुगौरम् ।
गगनमनुसरन्तं सञ्चरन्तं हरित्सु
स्मर जिनपतिकल्पं मन्त्रराजं यतीन्द्र ! ॥

'હે મુનિવર ! તું અજ્ઞાનરૂપ અંધકારથી રહિત ઘન એવા ચંદ્ર કિરણોના જેવી ગૌર કાંતિવાળા અને સાક્ષાત્ જિનપતિ સમાન એવા મંત્રરાજ अर्हं (નાભિગત) સુવર્ણ કમલની મધ્યમાં વિરાજમાન છે, એમ પ્રથમ ચિંતવ. તે પછી તે આકાશમાં જાય છે અને સર્વ દિશાઓમાં સંચરે છે, એમ ચિંતવ.'

इति सर्वत्रगं ध्यायन्नर्हमित्येकमानसः ।
स्वप्नेऽपि तन्मयो योगी किञ्चिदन्यन्न पश्यति ॥

આ પ્રકારે સર્વત્ર જતા એવા 'अर्हं નું' એક ચિત્તથી ધ્યાન કરતો અને તેમાં લીન થતો યોગી સ્વપ્નમાં પણ એ (अर्हं) સિવાય બીજું જોતો નથી.'

શ્રી ભદ્રગુપ્તાચાર્યે 'અનુભવસિદ્ધમંત્રદ્વાત્રિંશિકા' માં अर्ह् બીજના યોગવાળા એક મંત્ર સંબંધી કહ્યું છે કે–

ॐ ह्रीं श्रीं अर्हं नमः એ સર્વજ્ઞાભમંત્ર છે અને સર્વ કર્મ સિદ્ધ કરનારો છે. આ મંત્ર ૧૨૫૦૦ સંખ્યા-પ્રમાણ જપ કરવાથી અને તેના દશમા ભાગનો એટલે ૧૨૫૦ સંખ્યાપ્રમાણ હોમ કરવાથી ગુરુકૃપા વડે સિદ્ધ થાય છે.'

કર્મનો ક્ષય કરવા માટે અર્હં મંત્રનું ચંદ્ર સમાન શ્વેત વર્ણે ધ્યાન ધરવું, સ્તંભનકાર્ય માટે પીતવર્ણે ધ્યાન ધરવું, ક્ષોભ ઉત્પન્ન કરવા માટે રક્તવર્ણે ધ્યાન ધરવું અને વિદ્વેષણ માટે કૃષ્ણવર્ણે ધ્યાન ધરવું.

આ મંત્રનો સવા લાખ જપ કરવામાં આવે તો એ મૃત્યુંજયમંત્રનું કામ આપે છે, એવો અમારો અનુભવ છે. આપત્તિનિવારણ તથા ઇષ્ટકાર્ય સિદ્ધિ માટે પણ આ મંત્ર અકસીર છે.

[૩૨]

## 'असिआउसा' ગર્ભિત સત્તર મંત્રો

**અરિહંત**, **સિદ્ધ**, **આચાર્ય**, **ઉપાધ્યાય** અને **સાધુ** એ પાંચ પરમેષ્ઠીના પ્રથમ અક્ષરોને ગ્રહણ કરતાં 'अ सि आ उ सा' એવી પંચાક્ષરી વિદ્યા ઉત્પન્ન થાય છે, જે મનુષ્યોના સર્વ મનોરથોને પૂર્ણ કરનારી છે અને મોક્ષમહાલયનું દ્વાર દર્શાવનારી છે. બીજબુદ્ધિના ધારક એવા મુનિવરોએ શ્રુત સાગરમાંથી તેનો ઉદ્ધાર કરેલો છે.

કેટલાંક મંત્રાનુષ્ઠાનોમાં આ પાંચ અક્ષરોને પાંચ-મંત્રબીજ ગણી તેનો અંગન્યાસ કરવામાં આવે છે. **પંચ-નમસ્કૃતિદીપક**માં કહ્યું છે કે 'अथाङ्गन्यासः--तत्सिद्धयर्थ-मुअसिआउसा । 'अ' वर्ण नाभिकमले, 'सि' मस्तककमले, 'आ कण्ठकजे, 'उ' हृदये, 'सा' मुखकमले । હવે અંગ-ન્યાસનો અધિકાર કહીએ છીએ. તેની સિદ્ધિ માટે असिआ उसा એ પાંચ મંત્રાક્ષરો અતિ ઉપયોગી છે. તેમાંના 'अ' અક્ષરનો નાભિકમલમાં ન્યાસ કરવો, 'सि' અક્ષરનો મસ્તકના

ઉપરના ભાગમાં ન્યાસ કરવો, 'आ' અક્ષરનો કંઠકમલમાં ન્યાસ કરવો, 'उ' અક્ષરનો હૃદયકમલમાં ન્યાસ કરવો અને 'सा' અક્ષરનો મુખકમલમાં ન્યાસ કરવો.

શ્રી હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રમાં આ અક્ષરોનું ધ્યાન કરવા જણાવ્યું છે. જેમ કે—

नाभिपत्रे स्थितं ध्यायेदकारविश्वतोमुखम् ।
सिवर्णं मस्तकाम्भोजे आकारं वदनाम्बुजे ॥
उकारं हृदयाम्भोजे साकारं कण्ठपंकजे ।
सर्वकल्याणकारिणि बीजान्यन्यान्यपि स्मरेत् ॥

'નાભિકમલમાં રહેલા સર્વવ્યાપી अ કારને ચિંતવવો, મસ્તક ઉપર सि વર્ણને ચિંતવવો, મુખકમલમાં आ વર્ણને ચિંતવવો, હૃદયકમલમાં उ વર્ણને ચિંતવવો અને કંઠમાં सा વર્ણને ચિંતવવો તથા સર્વથા કલ્યાણ કરનારાં એવાં બીજા પણ મંત્રબીજો ચિંતવવાં.'

'તત્ત્વાનુશાસન' માં કહ્યું છે કે—

हृत्पङ्कजे चतुःपत्रे, ज्योतिष्मन्ति प्रदक्षिणम् ।
'अ-सि-आ-उ-सा' क्षराणि ध्येयानि परमेष्ठिनाम् ॥

'ચાર દલવાળા હૃદયકમલમાં જ્યોતિર્મય એવા अ–स–आ–उ–सा અક્ષર પરમેષ્ઠીઓના આદ્ય અક્ષરોનું પ્રદક્ષિણામાં ધ્યાન કરવું જોઈએ.' તે આ રીતે :

| | | |
|---|---|---|
| | सि | |
| सा | अ | आ |
| | उ | |

તાત્પર્ય કે આ અક્ષરોનો અંગન્યાસ થાય છે, તેમ તેનું ધ્યાન પણ ધરાય છે. વળી આ દરેક અક્ષરનું વિશિષ્ટ ફલ શાસ્ત્રોમાં નીચે પ્રમાણે વર્ણવ્યું છે :

**बन्दिमोक्षे च प्रथमो, द्वितीयः शान्तये स्मृतः ।**
**तृतीयो जनमोहार्थे, चतुर्थः कर्मनाशने ॥**
**पञ्चमः कर्मषट्केषु, पञ्चैव मुक्तिदाः स्मृताः ।**

‘બંદિખાનામાં કેદ પડેલાને છોડાવવો હોય તો પ્રથમ અક્ષર એટલે अ નો જપ કરવો, શાંતિકર્મ કરવું હોય તો બીજા અક્ષર સિનો જપ કરવો અને લોકોનું આકર્ષણ કરવું હોય તો ત્રીજો અક્ષર એટલે आ જપવો; કર્મનો નાશ કરવો હોય તો ચોથો અક્ષર એટલે उ જપવો અને તાંત્રિક ષટ્કર્મમાં સિદ્ધિ મેળવવી હોય તો પાંચમો અક્ષર એટલે सा જપવો. જો પાંચેય અક્ષરોનો સાથે જપ કરવામાં આવે તો તે મુક્તિ આપનારો થાય છે.’

હવે अ सि आ उ सा એ પાંચ અક્ષરોના યોગથી

બનતા કેટલાક મંત્રોનો નિર્દેશ કરીશું, જેથી તેનું મહત્ત્વ સમજાશે અને તેની સાધના કરવાનો ઉત્સાહ પ્રગટશે.

(૨) 'ॐ असिआउसा नमः' એ સર્વ સિદ્ધિપ્રદ મહામંત્ર છે. તેનો વિધિસર સવાલાખ જપ કરવાથી સિદ્ધ થાય છે. સિદ્ધ થયેલો મંત્ર સર્વ પ્રકારની સંપત્તિને તથા સિદ્ધિને આપનારો થાય છે.

(૩) 'ॐ अर्हं असिआउसा नमः' એ શાંતિદાયક મંત્ર છે અને સર્વ ક્લેશોનો નાશ કરે છે.

(૪) 'ॐ अर्हं असिआउसा नमो अरिहंताणं नमः' એ પરમ કલ્યાણકારી મંત્ર છે. હૃદયકમલમાં ૧૦૮ વાર ધ્યાન કરવાથી એક ઉપવાસનું ફલ પ્રાપ્ત થાય છે.

(૫) 'ॐ ह्रीं श्रीं अर्हं असिआउसा नमः' એ સર્વકામદ નામનો મહામંત્ર છે અને તે કલ્પવૃક્ષની જેમ મનુષ્યની સર્વ કામનાઓ પૂર્ણ કરે છે.

(૬) 'ॐ ह्रां ह्रीं ह्रूं ह्रौं ह्रः असिआउसा नमः।' એ સર્વાર્થસિદ્ધિકરી વિદ્યા કહેવાય છે અને તે પણ ઉપરના મંત્રોની જેમ જ સર્વકાર્યની સિદ્ધિ કરે છે. તે સવાલાખ જપથી સિદ્ધ થાય છે.

(૭) 'ॐ असिआउसा चुलु चुलु हुलु हुलु कुलु कुलु मुलु मुलु इच्छियं मे कुरु कुरु स्वाहा' એ ચિંતામણિ-મંત્ર છે અને ૧૨૦૦ જપથી સિદ્ધ થાય છે.

(૮) ॐ ऐँ ह्रीँ श्रीँ क्लीँ ॐ अ सि आ उ सा नमः ।

આ મંત્ર ત્રિભુવનસ્વામિની વિદ્યા તરીકે પ્રસિદ્ધ છે અને તે મહાત્મા પુરુષોને પુણ્યવડે જ પ્રાપ્ત થાય છે.

પૂર્વસેવામાં આ મંત્રનો એકલાખ જપ કરવાથી અને ઉત્તરસેવામાં તેના દશાંશભાગે દશ હજારનો હોમ કરવાથી મહાસત્ત્વશાળીઓને આ મંત્ર સિદ્ધ થાય છે.

આ મંત્ર મેઘનું આકર્ષણ, ઘટનું સ્તંભન અને પ્રતિમાનું ચાલન કરી શકે છે અને મનુષ્યોના મનોવાંછિત પૂરે છે.

વશીકરણ અને આકર્ષણમાં આ મંત્ર સમર્થ છે, તેથી બધાને વશ કરી શકે છે.

(૯) ભૂતપ્રેતાદિના નાશ માટે નીચેનો મંત્ર ૪૨ વાર ભણવો : 'ॐ ह्रीँ अ सि आ उ सा प्रेतादिकान् नाशय नाशय ठ : ठ : ।'

(૧૦) કોઈ ઝેરી જંતુ કરડયું હોય કે વિષપ્રયોગ થયો હોય તો નીચેના મંત્રનો અસ્ખલિત જપ કરવો : 'ॐ ह्रीँ अर्हँ अ सि आ उ सा क्लीँ नमः ।

(૧૧) તાવ ઉતારવા માટે નીચેનો મંત્ર ૧૦૮ વાર ગણવો જરૂરી છે : 'ॐ नमो भगवते नमो अरिहंताणं नमो ओहिजिणाणं ह्राँ ह्रीँ ह्रूँ ह्रौँ हः अप्रतिचक्रे फट् विचक्राय ह्रीँ अ सि आ उ सा झ्रौँ झ्रौँ स्वाहा ।'

[ॐ ह्रीँ नमो लोए सव्वसाहूणं' એ અક્ષરોને ઉલટા ક્રમથી જપતાં પણ તાવ ઉતરે છે.]

(૧૨) વિષુચિકા એટલે કોલેરા લાગુ પડયો હોય તો નીચેનો મંત્ર ૧૦૮ વાર બોલી પાણી અભિમંત્રિત કરવું અને તે દરદીને પાઈ દેવું. 'ॐ नमो भगवते, नमो अरिहंताणं, नमो जिणाणं, ह्राँ ह्रीँ ह्रूँ ह्रौँ ह्रः अ सि आ उ सा झ्रौँ झ्रौँ स्वाहा।'

(૧૩) વાદમાં જય મેળવવા માટે નીચેનો મંત્ર ઉપયોગી છે 'ॐ ह्रंसः ॐ ह्रीँ अर्हँ ऐँ श्रीँ अ सि आ उ सा नमः।'

(૧૪) આવો જ બીજો મંત્ર નીચે પ્રમાણે સમજવો: 'ॐ ह्रीँ अ सि आ उ सा नमोऽर्हँ वद वद वाग्वादिनी सत्यवादिनि मम वक्त्रे व्यक्तवाचा ह्रीँ सत्यं ब्रूहि सत्यं ब्रूही सत्यं वदास्खलितप्रचारं सदेव मनुजा सुरसदसि ह्रीँ अ सि आ उ सा नमः।'

(૧૫) અગ્નિને શાંત કરવા માટે નીચેનો મંત્ર અતિ ઉપયોગી છે: 'ॐ नमो ॐ अर्हँ अ सि आ उ सा नमो अरिहंताणं नमः।

(१६) ॐ ह्रीँ अर्हँ अ सि आ उ सा अनाहत विजये अर्हँ नमः।' આ મંત્રને સિદ્ધ કરવાથી તથા દીવાળીના દિવસે ૧૦૮ વાર તેની ગણના કરવાથી જીવનપર્યંત સર્પનો ભય રહેતો નથી.

(૧૭) 'ॐ ह्रीँ वरे सुवरे असिआउसा नमः।' આ મંત્રની સતત ગણના કરવાથી સર્વ પ્રકારના ઐશ્વર્યની પ્રાપ્તિ થાય છે.

[ ૩૩ ]

# આઠ વિદ્યાઓ

## ૧—પંચપરમેષ્ઠિવિદ્યા

'अरिहंत–सिद्ध–आयरिय–उवज्झाय–साहू' એ સોળ અક્ષરોને પરમેષ્ઠિવિદ્યા કહેવામાં આવે છે. કેટલાક ગ્રંથોમાં તેને ષોડશાક્ષરી વિદ્યા પણ કહી છે; કારણ કે તેના અક્ષરો સોળ છે. તેનો જપ કરતાં તથા તેનું ધ્યાન ધરતાં ઘણો લાભ થાય છે. યોગશાસ્ત્રનું એ કથન છે કે–

गुरुपञ्चकनामोत्था विद्या स्यात् षोडशाक्षरी ।
जपन् शतद्वयं तस्याश्चतुर्थस्याप्नुयात्फलम् ॥

'પાંચ ગુરુ અર્થાત્ પરમેષ્ઠીના નામથી ઉત્પન્ન થયેલી સોળ અક્ષરની એક વિદ્યા છે. તેને જો બસો વાર જપવામાં આવે તો એક ઉપવાસનું ફળ મળે છે.'

પંચનમસ્કારચક્ર અપરનામ વર્ધમાનચક્રમાં આ સોળ અક્ષરોની પરમાક્ષર કે બીજાક્ષર તરીકે ખાસ સ્થાપના થાય છે. આ સોળ અક્ષરોમાં લોકોત્તમ મંત્રનો યોગ છે

અને તેના ધ્યાનથી અદ્ભુત જ્યોતિનાં દર્શન થાય છે. તે અંગે '**અરિહાણાઇથુત્ત**' માં કહ્યું છે કે–

**विज्जुव्व पज्जलंति सव्वेसु वि अक्खरेसु मत्ताओ ।**
**पंचनमुक्कारपए इक्किक्के उवरिमा जाव ॥**
**ससिधवलसलिल निम्मल आयारसहं च वण्णियं बिन्दुं ।**
**जोयणसयप्पमाणं जालासयसहस्स दिप्पंतं ॥**
**सोलससु अक्खरेसु इक्किक्कं अक्खरं जगुज्जोयं ।**
**भवसयसहस्समत्थणो जम्मि ठिओ पंचनवक्कारो ॥**

'પંચનમસ્કારના સર્વ અક્ષરોમાં એટલે કે 'अरिहंत–सिद्ध–आयरिय–उवज्झाय–साहू' એ સોળ અક્ષરોમાં પણ દરેક અક્ષર ઉપર રહેલી માત્રાઓ વીજળી જેવી જાજ્વલ્યમાન (ઝળહળતી) છે અને દરેક ઉપર ચંદ્રમા જેવું ઉજ્જવળ, જળ જેવું નિર્મળ, નિયત આકારવાળું, વર્ણયુક્ત, સેંકડો યોજનપ્રમાણ લાખો જ્વાળાઓથી દીપતું એવું બિંદુ છે.

આ સોળ અક્ષરોમાંનો દરેક અક્ષર જગતને પ્રકાશ કરનારો છે અને જેમાં–જે અક્ષરોમાં આ નમસ્કારમંત્ર સ્થિત છે, તે લાખો ભવ (જન્મ–મરણ)નો નાશ કરનાર છે.'

તાત્પર્ય કે આ ષોડશાક્ષરી વિદ્યાનો જપ કરતાં તથા તેનું ધ્યાન ધરતાં એવી અવસ્થા આવે છે કે જ્યારે તેનો પ્રત્યેક અક્ષર જ્યોતિર્મય ભાસે છે અને તેના પર અપ્રતિમ પ્રકાશવાળું બિંદુ જણાય છે.

વિશેષે તો આ વસ્તુ અનુભવગમ્ય છે. જો કોઈ સાધક મહાત્મા આ વિદ્યાની સાધના પરત્વે પોતાનો અનુભવ પ્રકટ કરે તો અન્ય સાધકોને ઘણું જાણવાનું મળે. આ મંત્રનો સવા લાખ જાપ કરવાથી દ્રવ્યની પ્રાપ્તિ થાય છે તથા વિદ્યાધ્યયનમાં સહાય મળે છે, એવા ઉલ્લેખો પણ અમારા જોવામાં આવ્યા છે.

'**પંચનમસ્કૃતિદીપક**'માં 'अर्हत्सिद्धाचार्योपाध्याय सर्वसाधुभ्यो नमः' એ સોળ અક્ષરોને ષોડશાક્ષરી વિદ્યા કહી છે અને તેનું માહાત્મ્ય પણ લગભગ આ પ્રમાણે જ વર્ણવ્યું છે.

## ૨–પંચદશાક્ષરી વિદ્યા

શ્રી હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રના આઠમા પ્રકાશમાં કહ્યું છે કે 'मुक्तिसौख्यप्रदां ध्यायेद्विद्यां पञ्चदशाक्षराम्–મુક્તિસુખને આપનારી એવી પંચદશાક્ષરી વિદ્યાનું ધ્યાન ધરવું'. આ વિદ્યા એવી મહાન છે કે એના પ્રભાવનું વર્ણન થઈ શકે એમ નથી. અન્ય શબ્દોમાં કહીએ તો એ સર્વજ્ઞ ભગવાન સમી છે. આ વિદ્યાનો મૂલ પાઠ નીચે પ્રમાણે સમજવો :

'ॐ अरिहंत–सिद्ध–सयोगिकेवलि स्वाहा ।'

## ૩–કેવલી વિદ્યા

'ॐ ह्रीँ अर्हँ नमो अरिहंताणं ह्रीँ नमः' એ ચૌદ અક્ષરોને કેવલિવિદ્યા કહેવામાં આવે છે. અન્યત્ર 'ॐ नमो अरिहंताणं श्रीमद्वृषभादिवर्धमानान्तेभ्यो नमः' એ બાવીશ

અક્ષરોને પણ કેવલિવિદ્યા કહેવામાં આવી છે. તો કેટલાક ગ્રંથોમાં 'श्रीमद्वृषभादिवर्धमानान्तेभ्यो नमः' એ ચૌદ અક્ષરોને કેવલિવિદ્યા તરીકે ઓળખાવેલ છે. આ વિદ્યાનો આમ્નાય ગુરુગમથી જાણવો.

## ૪–કર્ણપિશાચિની વિદ્યા

કર્ણપિશાચિની વિદ્યાના પાઠો વિવિધ પ્રકારના મળે છે અને સાધકો તે અનુસાર વિદ્યા સાધે છે. જેને આ વિદ્યા સિદ્ધ થાય તે કાને હાથ મૂકતાં જ નજીકના ભૂતકાળની, તેમજ વર્તમાનકાલની વાતો જાણી શકે છે અને તે પ્રગટ કરતાં યશ તથા લાભનો અધિકારી થાય છે. પણ આખરી જીવનમાં તેને ઘણું શોષવું પડે છે, એવો મંત્રવિશારદોનો અભિપ્રાય છે. પરંતુ આ પ્રકારના ભયથી મુક્ત એવી કર્ણપિશાચિની વિદ્યા જિનશાસનમાં વિદ્યમાન છે. તેનો મૂલ પાઠ આ પ્રમાણે સમજવો: 'ॐ नमो अरिहंताणं ॐ' તેનો વિશિષ્ટ આમ્નાય ગુરુગમથી જાણવો.

## ૫–અષ્ટાક્ષરી વિદ્યા

યોગશાસ્ત્રના આઠમા પ્રકાશમાં કહ્યું છે કે–

अष्टपत्राम्बु ध्यायेदात्मानं दीप्ततेजसम् ।
प्रणवाद्यस्य मन्त्रस्य वर्णान् पत्रेषु च क्रमात् ॥
पूर्वाशाऽभिमुखं पूर्वमधिकृत्याऽऽदिमं दलम् ।
एकादशशतान्यऽष्टाक्षरं मन्त्रं जपेत्ततः ॥

'આઠ પાંખડીવાળાં કમળમાં ઝળહળાટ કરતા તેજવાળા આત્માને ચિંતવવો અને ॐકારપૂર્વક પહેલા મંત્રના અક્ષરોને એટલે કે नमो अरिहंताणं એ સાત અક્ષરોને અનુક્રમે પાંખડીઓ ઉપર સ્થાપવા. તેમાં પહેલી પાંખડી પૂર્વ દિશા તરફથી ગણવી અને તેમાં ॐકાર મૂકવો. પછી ક્રમશઃ અન્ય અક્ષરોને સ્થાપવા. પછી આ આઠ અક્ષરવાળા મંત્રનો ૧૧૦૦ વાર જપ કરવો.

અહીં મંત્ર શબ્દ વિદ્યાના પર્યાય તરીકે સમજવો. '**પંચ નમસ્કૃતિદીપક**'માં પણ આ વિદ્યાનો ઉલ્લેખ થયેલો છે.

જો ॐકાર વિના માત્ર 'नमो अरिहंताणं' એ પદનું સ્મરણ કરીએ તો એ સપ્તાક્ષરી વિદ્યા કે સપ્તાક્ષરી મંત્ર બને છે અને તે સંસારરૂપ દાવાનલનો શીઘ્ર ઉચ્છેદ કરે છે. શ્રી હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રના આઠમા પ્રકાશમાં આ વસ્તુ સ્પષ્ટ કરી છે.

## ૬–ષડક્ષરી વિદ્યા

'अरिहंतसिद्ध' એ ષડક્ષરી વિદ્યા છે. તે ત્રણસો વાર જપવાથી એક ઉપવાસનું ફળ આપે છે. કેટલાક ગ્રંથોમાં 'अरिहंतसाहु' અને 'जिनसिद्धसाहु' ને પણ ષડક્ષરી વિદ્યા કહેલી છે અને તેનું ફલ આ પ્રમાણે જણાવ્યું છે. જેમકે–

विद्यां षड्वर्णसम्भूतामजय्यां पुण्यशालिनीम् ।
जपन् चतुर्थमभ्येति, फलं ध्यानी शतत्रयम् ॥

'જો ધ્યાની પુરુષ ષડ્વર્ણમાંથી ઉત્પન્ન થયેલી અજેય અને પુણ્યશાલિની એવી વિદ્યાનો ત્રણસો વાર જપ કરે તો ઉપવાસનું ફલ પામે છે.'

'**પંચનમસ્કૃતિદીપક**'માં 'ॐ ह्रीं अर्हं नमः' એ છ અક્ષરોને પણ ષડક્ષરી વિદ્યા કહી છે.

## ૭–ચતુરક્ષરી વિદ્યા

'अरिहंत' એ ચતુરક્ષરી વિદ્યા છે. તે ચારસો વાર જપવાથી ઉપવાસનું ફલ પ્રાપ્ત થાય છે. તે અંગે મંત્રશાસ્ત્રોમાં કહ્યું છે કે–

**चतुर्वर्णमयं मन्त्रं, चतुर्वर्गफलप्रदम् ।**
**चतुःशतीं जपन् योगी, चतुर्थस्य फलं लभेत् ॥**

'अरिहंत' એવો જે ચતુર્વર્ણ મંત્ર છે, તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર વર્ગનું ફલ આપનારો છે. જે યોગી તેનો ચારસો વાર જપ કરે છે, તે ઉપવાસનું ફલ પામે છે.

કેટલાક ગ્રંથોમાં 'अर्हत्सिद्ध' એ ચાર અક્ષરને પણ ચતુરક્ષરી વિદ્યા માનવામાં આવી છે અને તેનું ફલ પણ ઉપર મુજબ જ કહેલું છે.

અહીં અમે પાઠકોનું એ વસ્તુ પ્રત્યે ધ્યાન દોરવા ઇચ્છીએ છીએ કે अरिहंत ને એક સાદો શબ્દમાત્ર ન સમજતાં ચતુરક્ષરી વિદ્યા સમજવામાં આવે અને 'अरिहंत' 'अरिहंत' એ પ્રમાણે જપ કરવામાં આવે તો થોડા જ

વખતમાં તેનો પ્રભાવ દૃષ્ટિગોચર થશે. આ વિદ્યાનો પાઠ ઘણો નાનો હોવાથી રોજ તેનો ૧૦૦૮ જપ કરવાનું કામ જરાયે અઘરું નથી, પણ તે મન પર લેવું જોઈએ.

જેના જીવનમાં अरिहंत શબ્દ વ્યાપી ગયો છે, તે આખરે अरिहंत બને છે.

## ૮–દ્વયક્ષરી વિદ્યા

'सिद्ध' એ દ્વયક્ષરી વિદ્યા છે. તેનો વિશિષ્ટ આમ્નાય ગુરુગમથી જાણવો.

[૩૪]

# ઉપયોગી મંત્રસંગ્રહ

## ૧–ચોરનો ભય દૂર કરનારો મંત્ર

ॐ ह्रीँ नमो सिद्धाणं, ॐ ह्रीँ सिद्धदेवं नमः' આ મંત્ર સાત વાર બોલીને વસ્ત્રના છેડે ગાંઠ બાંધવી. પછી ગમે તેવા મોટા જંગલમાં પ્રવાસ કરતાં પણ ચોરનો ભય ઉપસ્થિત થતો નથી. અથવા 'ॐ नमो अरिहंताणं आभिणि मोहिणी मोहय मोहय स्वाहा' એ મંત્રનો માર્ગમાં જપ કરવાથી ચોરનો ભય ઉત્પન્ન થતો નથી.

## ૨–વિપત્તિનું નિવારણ કરનારો મંત્ર

'ॐ ह्रीँ नमो अरिहंताणं, ॐ ह्रीँ नमो सिद्धाणं, ॐ ह्रीँ नमो आयरियाणं, ॐ ह्रीँ नमो उवज्झायाणं, ॐ ह्रीँ नमो लोए सव्वसाहूणं' એ પીસ્તાલીશ અક્ષરવાળા મંત્રનો પરમેષ્ઠિમુદ્રાએ જપ કરતાં દુષ્ટ મનુષ્યો તથા ચોરો તરફનો ભય ટળે છે તથા મહાન વિપત્તિનું નિવારણ થાય છે.

## ૩–વરસાદ લાવનારો મંત્ર

વર્ષા ઋતુ બેસી ગઈ હોય, છતાં વરસાદ આવતો ન હોય અને સર્વેના મન ઊંચાં થઇ ગયાં હોય ત્યારે પંચપરમેષ્ઠિમંત્રનું નિત્ય–નિયમિત સ્મરણ કરનાર જો ઉપરના મંત્રનો અસ્ખલિત ઉપાંશુ જપ કરે તો વરસાદ આવે છે અને સર્વત્ર આનંદ પ્રસરે છે. વરસાદ લાવવા માટે જૈન શાસ્ત્રોમાં બીજા પણ મંત્રો છે, તે ગુરુગમથી જાણવા. આજે પણ મંત્રપ્રયોગથી વરસાદ લાવનારા જૈન મુનિઓ કોઇ કોઈ સ્થળે મળી આવે છે.

## ૪–જ્ઞાનવૃદ્ધિના મંત્રો

(१) ॐ ह्रीँ अरिहंताणं ह्रीँ नमः ।

(२) ॐ नमो अरिहंताणं श्रीमद्वृषभादिवर्धमानान्तेभ्यो नमः ।

(३) श्रीमद्वृषभादि–वर्धमानान्तेभ्यो नमः ।

આ ત્રણ મંત્રોને કેવલિવિદ્યા કહેવામાં આવે છે.

(१) 'ॐ नमो अरिहंताणं ॐ' એ કર્ણપિશાચી વિદ્યા છે.

(२) 'ॐ नमो आयरियाणं 'એ શકુનપિશાચી વિદ્યા છે.

(३) 'ॐ नमो सिद्धाणं'' એ સર્વકર્મપિશાચી વિદ્યા છે.

જિનાગમોનું અધ્યયન કરનાર મુનિને આ ત્રણ કેવલિવિદ્યા તથા ત્રણ પિશાચી વિદ્યાથી ગણિત વગેરે વિષયોમાં સિદ્ધાંત સંબંધી વિશિષ્ટ જ્ઞાન થાય છે, પરંતુ ઘણો પ્રયત્ન કરવા છતાં હજી તેના સંબંધી વિશેષ માહિતી મળી શકી નથી.

## ૫–બુદ્ધિ વધારનારો મંત્ર

'ॐ नमो अरिहंताणं वद वद् वाग्वादिनी स्वाहा'
આ મંત્રથી અભિમંત્રિત કરેલી માલકાંગણીનું તેલ એક માસ સુધી સેવન કરવાથી બુદ્ધિમાં વધારો થાય છે. અહીં એ જણાવવું પ્રાસંગિક લેખાશે કે માલકાંગણીનું સંસ્કૃત નામ જ્યોતિષ્મતી છે. તેનું તેલ સ્મૃતિ વધારવા માટે ઘણું અકસીર મનાય છે. સોળમાં સૈકામાં તૈલંગણ દેશમાં થઈ ગયેલા ઇલેશ્વર ઉપાધ્યાયે આ તેલના પ્રયોગથી પોતાની પાઠશાળામાં ભણતા ૫૦૦ વિદ્યાર્થીઓને ઘણા બુદ્ધિમાન, સ્મૃતિમાન, બનાવ્યા હતા તથા તેની નાચી નામની પુત્રી પણ એનાથી ઘણી જ તીવ્ર સ્મૃતિવાળી થઈ હતી.

તેનો પ્રયોગ સામાન્ય રીતે નીચે પ્રમાણે કરવામાં આવે છે : માલકાંગણીના તેલનાં ૧૦ ટીપાં પતાસાં પર નાખવાં, પછી તે પતાસું ખાઈને દૂધ પીવું. ખોરાકમાં જૂના ચોખા તથા દૂધ વાપરવું. પાણી બિલકુલ ન વાપરવું અથવા અતિ અલ્પ વાપરવું. તેલનું પ્રમાણ બબ્બે ટીપાંથી વધારતાં જવું, પણ ૦l તોલા જેટલું થાય, એટલે આગળ ન વધારવું. પરંતુ આ પ્રયોગ કોઈ કુશળ વૈદ્યની દેખરેખ નીચે કરવો.

આ સંયોગોમાં અભિમંત્રિત કરેલી માલકાંગણીના સેવનથી ઘણો લાભ થવા સંભવ છે.

## ૬–સર્પ વગેરેનું ઝેર ઉતારવાનો મંત્ર

'ॐ ह्राँ ह्रीँ ह्रूँ ह्रैँ ह्रौँ ह्रः नमो सिद्धाणं विषं निर्विषीभवतु फट्ट ।'

પ્રથમ આ મંત્રનો ગુરુદત્ત આમ્નાય મુજબ જપ કરવો જોઈએ. ત્યાર બાદ આ મંત્રનો પ્રયોગ કરવાથી સર્પ વગેરેનું ઝેર ઉતરે છે.

## ૭–સ્વપ્નમાં જવાબ મેળવવાનો મંત્ર

'ॐ ह्रीँ अर्हँ क्ष्वीँ स्वाहा' કપાળમાં ચંદનનું તિલક કરીને આ મંત્રનો ૧૦૮ વાર જપ કરવો. ત્યારબાદ નિદ્રાધીન થવું. તે રાત્રે સ્વપ્નમાં શુભાશુભનો જવાબ મળશે. કદાચ તે રાત્રિએ સ્વપ્ન ન થાય તો ત્રણ દિવસ સુધી આ પ્રયોગ ચાલુ રાખવો.

## ૮–સંઘની રક્ષા કરનારો મંત્ર

યાત્રાનિમિત્તે સંઘ નીકળ્યો હોય અને ચોરોનો ઉપદ્રવ થવા સંભવ હોય, ત્યારે નીચેના મંત્રનું લલાટપ્રદેશમાં ધ્યાન ધરવું : 'ॐ नमो अरिहंताणं धणु धणु महाधणु महाधणु स्वाहा ।' તેનાથી ચોરોનો ઉપદ્રવ થતો નથી.

## ૯–સર્વ કાર્યની સિદ્ધિ કરનારો મંત્ર

'ॐ ह्रीँ श्रीँ क्लीँ व्लूँ अर्हँ नमः' આ મંત્રનો સતત જપ કરવાથી સર્વ કાર્યની સિદ્ધિ થાય છે.

## ૧૦–ઋદ્ધિ–સિદ્ધિ આપનારો મંત્ર

'ॐ ह्रीँ नमो अरिहंताणं मम ऋद्धिं वृद्धिं समीहितं कुरु कुरु स्वाहा ।' પવિત્ર થઈને સવારે તથા સાંજે બત્રીશ વાર આ મંત્રનો જપ કરવાથી સર્વ પ્રકારની ઋદ્ધિ અને સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

## ૧૧-બંદીખાનામાંથી છોડાવનારો મંત્ર

'ॐ नमो अरिहंताणं, ॐ नमो सिद्धाणं, ॐ नमो आयरियाणं, ॐ नमो उवज्झायाणं, ॐ नमो लोए सव्वसाहूणं, झुलु झुलु कुलु कुलु चुलु चुलु मुलु मुलु स्वाहा ।

કોઈ માણસને બંદીખાનેથી છોડાવવો હોય તો આ મંત્રનો સવા લાખ જપ કરવો જોઈએ. એ જપ પૂરો થતાં જ કે તે પહેલાં તે બંદીખાનામાંથી છૂટો થાય છે. આ જપ કરતી વખતે ધૂપ-દીપ અવશ્ય રાખવાં.

આ મંત્ર પ્રથમ સપ્તધાતુ અથવા ત્રાંબાની થાળી ઉપર અષ્ટગંધથી લખીને તેનો સવા લાખ જાપ કરવો. પછી ૨૧ કાંકરીઓ લઈને તેને એક એક મંત્ર બોલવાપૂર્વક તથા ફુંક મારવાપૂર્વક માછીની જાળ પર તે ન જુએ તે રીતે નાંખવી, તો એ જાળમાં એક પણ માછલું આવે નહિ.

## ૧૨-સૂર્ય અને મંગલની પીડા દૂર કરનારો મંત્ર

'ॐ ह्रीँ नमो सिद्धाणं ।' આ મંત્રનો પ્રતિદિન ૧૦૦૦ જપ કરવાથી સૂર્ય અને મંગલ ગ્રહ તરફથી કોઈ પીડા થતી હોય તો તે દૂર થાય છે.

## ૧૩-ચન્દ્ર અને શુક્રની પીડા દૂર કરનારો મંત્ર

'ॐ ह्रीँ नमो अरिहंताणं ।' એ મંત્રનો પ્રતિદિન ૧૦૦૦ જપ કરવાથી ચંદ્ર અને શુક્રગ્રહનીપીડા દૂર થાય છે.

## ૧૪-બુધની પીડા દૂર કરનારો મંત્ર

'ॐ ह्रीँ नमो उवज्झायाणं ।' એ મંત્રનો પ્રતિદિન ૧૦૦૦ જપ કરવાથી બુધગ્રહની પીડા દૂર થાય છે.

## ૧૫–ગુરુની પીડા દૂર કરનારો મંત્ર

'ॐ ह्रीँ नमो आयरियाणं ।' એ મંત્રનો પ્રતિદિન ૧૦૦૦ જપ કરવાથી ગુરુગ્રહની પીડા દૂર થાય છે.

## ૧૬–શનિ, રાહુ અને કેતુની પીડા દૂર કરનારો મંત્ર

'ॐ ह्रीँ नमो लोए सव्वसाहूणं ।' એ મંત્રનો પ્રતિદિન ૧૦૦૦ જાપ કરવાથી શનિ, રાહુ કે કેતુગ્રહ તરફથી થતી પીડા દૂર થાય છે.

# નમસ્કાર-મંત્ર સિદ્ધિ

## ચોથો-સ્વાધ્યાય ખંડ

[ ૧ ]

# શ્રી નમસ્કારમંત્રનો મહિમા

શ્રી નવકાર સમો જગિ, મંત્ર ન યંત્ર ન અન્ય,
વિદ્યા નવિ ઔષધ નવિ, એહ જપે તે ધન્ય;
કષ્ટ ટલ્યાં બહુ એહને, જાપે તુરત કિદ્ધ,
એહના બીજની વિદ્યા, નમિ-વિનમિને સિદ્ધ. ૧

સિદ્ધ ધર્માસ્તિકાયાદિ દ્રવ્ય;
તિમજ નવકાર ભણે એ ભવ્ય;
સર્વ શ્રુતમાં વડો એ પ્રમાણ્યો,
મહાનિશીથે ભલી પરિ વખાણ્યો. ૨

ગિરિમાંહિ જિમ સુરગિરિ, તરુમાંહિ જિમ સુરસાલ,
સારસુગંધમાં જિમ ચંદન, નંદન વનમાં વિશાલ;
મૃગમાં મૃગપતિ ખગપતિ, ખગમાં તારા ચંદ્ર;
ગંગ નદીમાં અનંગ સરૂપમાં, દેવમાં (હિ જિમ) ઇંદ્ર. ૩

જિમ સ્વયંભૂરમણ ઉદધિ માંહિ,
શ્રી રમણ જિમ સકલ સુભટમાંહિ;

જિમ અધિક નાગમાંહિ નાગરાજ,
શબ્દમાં જલદ ગંભીર ગાજ.
રસમાંહિ જિમ ઈક્ખુરસ, ફૂલમાં જિમ અરવિંદ,
ઔષધમાંહિ જિમ સુધા, વસુધા–ધવમાં રઘુનંદ;
સત્યવાદિમાં યુધિષ્ઠિર, ધીરમાં ધ્રુવ અવિકંપ,
મંગલમાંહિ જિમ ધર્મ, પરિચ્છિદ સુખમાં સંપ. ૫

ધર્મમાંહિ દયા ધર્મ મોટો,
બ્રહ્મવ્રતમાંહિ વજ્જર–કછોટો;
દાનમાંહિ અભયદાન રૂડું,
તપમાંહિ જે કહેવું ન કૂડું. ૬

રતનમાંહિ સારો હીરો, નીરોગી નરમાંહિ,
શીતલમાંહિ ઉસીરો, ધીરો વ્રતધરમાંહિ;
તિમ સવિ મંત્રમાં સારો, ભાખ્યો શ્રી નવકાર,
કહ્યા ન જાયે રે એહના, જેહ છે બહુ ઉપકાર. ૭

તજે એ સાર નવકારમંત્ર,
જે અવરમંત્ર સેવે સ્વતંત્ર;
કર્મ પ્રતિકૂલ બાઉલ સેવે,
તેહ સુરતરુ ત્યજી આક લેવે. ૮

એહને બીજે રે વાસિત, હોય ઉપાસિત મંત,
બીજે પણિ ફલદાયક, નાયક છે એ તંત;
અમૃત ઉદધિ કુસારા, સારા હરત વિકાર,
વિષના તે ગુણ અમૃતનો, પવનનો નહીં રે લગાર. ૯

જેહ નિર્બીજ તે મંત્ર જૂઠા,
ફલે નહીં સાંહમૂં હુઈ અપૂઠા;
જેહ મહામંત્ર નવકાર સાધે,
તેહ દોઅ લોક અલવે આરાધે. ૧૦

રતન તણી જિમ પેટી, ભાર અલ્પ બહુ મૂલ્ય,
ચૌદ પુરવનો સાર છે, મંત્ર એ તેહને તુલ્ય;
સકલ સમય અભ્યંતર, એ પદ પંચ પ્રમાણ,
મહસુઅખંધ તે જાણો, ચૂલા સહિત સુજાણ. ૧૧

પંચપરમેષ્ઠિ–ગુણગણ પ્રતીતા,
જિમ ચિદાનંદ મોજે ઉદ્દીતા;
**શ્રી યશોવિજય વાચક** પ્રતીતા,
તેહ એ સાર પરમેષ્ઠિગીતા. ૧૨

[ ૨ ]

## શ્રી નવકારમંત્રનો છંદ

### દુહા

વાંછિત પૂરે વિવિધ પરે, શ્રી જિનશાસન સાર;
નિશ્ચે શ્રી નવકાર નિત્ય, જપતાં જય જયકાર–૧

અડસઠ અક્ષર અધિક ફલ, નવ પદ નવે નિધાન;
વીતરાગ સ્વયં મુખ વદે, પંચપરમેષ્ઠી પ્રધાન–૨

એક જ અક્ષર એક ચિત્ત, સમર્યા સંપત્તિ થાય;
સંચિત સાગર સાતનાં, પાતિક દૂર પલાય–૩

સકલમંત્રશિરમુકુટમણિ, સદ્ગુરુ ભાષિત સાર;
સો ભવિયાં મન શુદ્ધ શું, નિત્ય જપીયે નવકાર–૪

છંદ

નવકાર થકી **શ્રીપાલ** નરેસર, પામ્યો રાજ્ય પ્રસિદ્ધ,
સ્મશાન વિષે **શિવ**નામ કુમરને, સોવન પુરસો સિદ્ધ;
નવ લાખ જપંતા નરક નિવારે, પામે ભવનો પાર,
સો ભવિયાં ભત્તેં, ચોકખે ચિત્તેં, નિત્ય જપીયે નવકાર–૫
બાંધી વડ શાખા શિંકે બેસી, હેઠળ કુંડ હુતાશ,
તસ્કરને મંત્ર સમર્પ્યો શ્રાવકે, ઉડયો તે આકાશ;
વિધિએ તે જપતાં વિષધર વિષ ટળે, ઢાળે અમૃત ધાર,
સો ભવિયાં ભત્તોં, ચોકખે ચિત્તોં, નિત્ય જપીયે નવકાર–૬
બીજોરા કારણ રાય **મહાબલ**, વ્યંતર દુષ્ટ વિરોધ,
જેણે નવકારે હત્યા ટાલી, પામ્યો યક્ષ પ્રતિબોધ;
નવ લાખ જપંતાં થાયે જિનવર, ઇસ્યો છે અધિકાર,
સો ભવિયાં ભત્તોં, ચોકખે ચિત્તોં નિત્ય જપીયે નવકાર–૭
**પલ્લીપતિ** શિખ્યો મુનિવર પાસે, મહામંત્ર મન શુદ્ધ,
પરભવ તે **રાજસિંહ** પૃથ્વીપતિ, પામ્યો પરિગલ રિદ્ધ;
એ મંત્ર થકી અમરાપુર પહોતો, **ચારુદત્ત** સુવિચાર,
સો ભવિયાં ભત્તોં, ચોકખે ચિત્તોં, નિત્ય જપીયે નવકાર–૮
સંન્યાસી કાશી તપ સાધંતો, પંચાગ્નિ પરજાલે,
દીઠો શ્રી **પાર્શ્વકુમારે** પન્નગ, અધબલતો તે ટાલે;
સંભલાવ્યો શ્રી નવકાર સ્વયંમુખ, ઇન્દ્રભુવન અવતાર,
સો ભવિયાં ભત્તોં, ચોકખે ચિત્તોં, નિત્ય જપીયે નવકાર–૯

મન શુદ્ધે જપતાં **મયણાસુંદરી**, પામી પ્રિય સંયોગ,
ઇણ ધ્યાન થકી કષ્ટ ટળ્યું **ઊંબરનું**, રક્તપિત્તનો રોગ;
નિશ્ચેં સુજપતાં નવનિધિ થાયે, ધર્મ તણો આધાર,
સો ભવિયાં ભત્તેં, ચોકખે ચિત્તેં, નિત્ય જપીયે નવકાર–૧૦
ઘટમાંહિ કૃષ્ણ ભુજંગમ ઘાલ્યો, ઘરણી કરવા ઘાત,
પરમેષ્ઠી પ્રભાવે હાર ફૂલનો, વસુધામાં વિખ્યાત;
**કમલવતીયેં** પિંગલ કીધો, પાપ તણો પરિહાર,
સો ભવિયાં ભત્તેં, ચોકખે ચિત્તેં, નિત્ય જપીયેં નવકાર–૧૧
ગયણાંગણ જાતિ રાખી ગ્રહીને, પાડી બાણપ્રહાર,
પદપંચ સુણતાં **પાંડુપતિ** ઘર, તે થઈ **કુંતા** નાર;
એ મંત્ર અમૂલક મહિમામંદિર, ભવદુઃખ ભંજણહાર,
સો ભવિયાં ભત્તેં, ચોકખે ચિત્તેં, નિત્ય જપીયેં નવકાર–૧૨
**કંબલસંબલે** કાદવ કાઢયાં, શકટ પાંચસેં માન,
દીધેં નવકારે ગયા દેવલોકેં, વિલસે અમર વિમાન;
એ મંત્ર થકી સંપત્તિ વસુધામાં લહી, વિલસે જૈન વિહાર,
સો ભવિયાં ભત્તેં, ચોકખે ચિત્તેં, નિત્ય જપીયેં નવકાર–૧૩
આગે ચોવીસી હુઈ અનંતી, હોશે વાર અનંત,
નવકાર તણી કોઇ આદિ ન જાણે, એમ ભાખે અરિહંત;
પૂરવ દિશિ ચારે આદિ પ્રપંચે, સમરે સંપત્તિ થાય,
સો ભવિયાં ભત્તેં, ચોકખે ચિત્તેં, નિત્ય જપીયેં નવકાર–૧૪
પરમેષ્ઠી સુરપદ તે પણ પામે, જે કૃત કર્મ કઠોર,
**પુંડરિકગિરિ** ઉપર પ્રત્યક્ષ પેખ્યો, **મણિધરને** એક મોર;
સદ્ગુરુ સન્મુખ વિધિયેં સમરતાં, સફલ જનમ સંસાર,
સો ભવિયાં ભત્તેં, ચોકખે ચિત્તેં, નિત્ય જપીયેં નવકાર–૧૫

શૂલિકારોપણ તસ્કર કીધો, **લોહખુરો** પરસિદ્ધ,
તિહાં શેઠે નવકાર સુણાવ્યો, પામ્યો અમરની રિદ્ધ;
શેઠને ઘર આવી વિઘ્ન નિવાર્યાં, સુરે કરી મનોહાર,
સો ભવિયાં ભત્તેં, ચોકખે ચિત્તે, નિત્ય જપીયેં નવકાર–૧૬

પંચપરમેષ્ઠી જ્ઞાન જ પંચહ, પંચ દાન ચારિત્ર,
પંચ સજ્ઝાય મહાવ્રત પંચહ, પંચ સમિતિ સમકિત;
પંચે પ્રમાદ વિષય તજો પંચહ, પાલો પંચાચાર,
સો ભવિયાં ભત્તેં, ચોકખે ચિત્તેં, નિત્ય જપીયેં નવકાર–૧૭

**કલશ** (છપ્પય)

નિત્ય જપીયેં નવકાર, સારસંપત્તિ સુખદાયક,
સિદ્ધમંત્ર એ શાશ્વતો, એમ જપે શ્રી જગનાયક;
શ્રી અરિહંત સુસિદ્ધ, શુદ્ધ આચાર્ય ભણીજે,
શ્રી ઉવજ્ઝાય સુસાધુ, પંચપરમેષ્ઠી થુણીજે;
નવકાર સાર સંસાર છે, **કુશલલાભ વાચક** કહે,
એક ચિત્તે આરાધતાં, વિવિધ ઋદ્ધિ વાંછિત લહે–૧૮

[ ૩ ]

## શ્રી નવકારમંત્રનો છંદ

સુખકારણ ભવિયણ, સમરો નિત નવકાર,
જિનશાસન આગમ, ચૌદે પૂરવ સાર;
ઇણ મંત્રનો મહિમા, કહેતાં ન લહુ પાર,
સુરતરુ જિમ ચિંતિત, વાંછિત ફલ દાતાર. ૧

સુર દાનવ માનવ, સેવ કરે કર જોડ,
ભૂમંડલ વિચરે, તારે ભવિયણ કોડ;
સુર છંદ વિલસે, અતિશય જાસ અનંત,
પહિલે પદ નમીએ, અરિગંજન અરિહંત. ૨
જે પનરે ભેદે, સિદ્ધ થયા ભગવંત,
પંચમી ગતિ પહુંતા, અષ્ટકર્મ કરી અંત;
કલ અકલ સરૂપી, પંચાનંતક જેહ,
**સિદ્ધ**ના પાય પ્રણમું, બીજે પદ વળી તેહ. ૩
ગચ્છભાર ધુરંધર, સુંદર શશહર સોમ,
કરે સારણ–વારણ, ગુણ છત્રીસે થોમ;
શ્રુતનાણ શિરોમણિ, સાગર જેમ ગંભીર,
ત્રીજે પદ નમીએ, **આચારજ** ગુણધીર. ૪
શ્રુતધર ગુણ આગમ, સૂત્ર ભણાવે સાર,
તપ વિધિ સંયોગે, ભાખે અરથ વિચાર;
મુનિવર ગુણ જુત્તા, તે કહીએ **ઉવજ્ઝાય**,
ચોથે પદ નમીએ, અહનિશ તેના પાય. ૫
પંચાશ્રવ ટાલે, પાલે પંચાચાર,
તપસી ગુણધારી, વારી વિષયવિકાર;
ત્રસ થાવર પીહર, લોકમાંહિ જે સાધ,
ત્રિવિધ તે પ્રણમું, પરમારથ જિણે લાધ. ૬
અરિ–હરિ–કરિ–સાઇણી, ડાઇણી–ભૂત–વેતાલ,
સબ પાપ પણાસે, વિલસે મંગલમાલ;
ઇણ સમર્યાં સંકટ, દૂર હુવે તતકાલ,
જંપે **જિણ** ગુણઇમ, સુરિવર સીસ રસાલ. ૭

[ ૪ ]

## શ્રી નવકારમંત્રનો છંદ

પંચપરમેષ્ઠી નવકાર જપ જીવડા,
જાપ સમ અવર નહિ પુણ્ય કોઈ;
ધ્યાન નવકાર મન નિશ્ચલ રાખતાં,
મુક્તિનો માર્ગ જે સુલભ હોઇ. ૧
જાપ જે કોઈ કરે પાતક તે દહે,
સાગર સાત દુઃખ સોઈ જાય;
આખું જે પદ ગણે પચાસ સાગર હણે,
દુઃખ ને પાપ સહુ દૂર થાય,
દિવસ થોડામાંહિ મુક્તિ જાય. ૨
પાંચસે સાગર તણું દુઃખ તેનું ગયું,
શ્રી નવકાર સુખ પૂર્ણ ભાખ્યો;
અડસઠ અક્ષર પદ નવ ઉચ્ચરે,
મુક્તિ–તરુફલ–રસ તેણે ચાખ્યો,
જીવ ચિહુંગતિ તેણે ભમત રાખ્યો. ૩
નવકારવાલીએ જેહ નવપદ જપે,
તેહથી અધિક ફલ અનાનુપૂર્વી;
તપ છ માસ સંવત્સર કર્મ દહે,
તેટલું કર્મ ખપે કહત કવિ,
એહ જિનશાસને વાત કહેવી. ૪

### ચોપાઈ

મુક્તિ તણો અર્થી હોય, નવકાર લય લગાવે સોય;
શુભધ્યાને મન રાખે સાર, શ્રાવક એહ તુજ આચાર.

### દુહા

સાર વચન શ્રવણે સુણી, પહેરી અંબર સાર;
**ઋષભ** કહે નિત્ય સમરીયે, આદિમંત્ર નવકાર. ૫

[ ૫ ]

## શ્રી નવકારમંત્રની સજઝાય

( ગિરુઆરે ગુણ તુમ તણા–એ રાગ )

સમરો ભવિયણ ભાવસ્યુ, મહામંત્ર નવકારો રે;
સમરંતા સુખ પામીઈં, ભવોભવ એ આધારો રે. સમરો–૧
પૂરવ ચઉદતણું કહ્યું, સાર એ શ્રી જિનરાયો રે;
એક મનાં આરાધતાં, પાતક દૂરિ પલાયો રે. સમરો–૨
અડસઠ અક્ષર એહના, સંપદા આઠ તે સારો રે;
આપઇ અનંતી સંપદા, ભવિજનનઇં હિતકારો રે. સમરો–૩
ઉજ્વલ ધ્યાન ધરી કરી, લાખ એક જપઈ જેહો રે;
તીરથંકર પદ તે લહઇં, એહમાં નહીં સંદેહો રે. સમરો–૪
સુખ સંતતિ અરથઈ કરી, પૂજી શ્રી જિનરાયો રે;
ચઢતો એક લાખ સમરતાં, મનવંછિત સુખ થાયો રે. સમરો–૫
કમલબંધ કરી જે જપઈ, એક મનાં નવકારો રે;
દિન પ્રતિ તે જીમતો ફલ,લહઇ ચોથનું સારો રે. સમરો–૬
નંદાવર્ત કરઇં કરી, શંખાવર્ત કરેઇ રે;
ધ્યાન ધરઇ નવકારનું, વંછિત સુખ લહેઇ રે. સમરો–૭
બંધન કષ્ટઈ જે જપઇ, વિપરીત ઇ એક લાખો રે;
સંકટ કષ્ટ તેહનું ટલઇ, એહવી જિનવર ભાખો રે. સમરો–૮

અણુપૂરવી કે પાટલી, અહનિશિ જે ગણંતો રે;
વરસાવરસી તપતણું, ફલ સહી તેહ લહંતો રે. સમરો-૯
વયરી રુઠે તરજની, અંગુઠઇ મોખ્ય જાપો રે;
વશી કરવા ટચી અંગુલી, અનામિકાન્યશ વ્યાપ્યો રે. સમરો-૧૦
શિવકુમાર સંકટ માંહિ, ચિત્ત ધર્યો નવકારો રે;
સોનાનો પુરિસો થયો, ત્રિદંડીઓ તિણી વારો રે. સમરો-૧૧
સમલી વ્યાધઇ અપહણી, મુનિ દીધો નવકારો રે;
તતખિણ રાજસુતા થઈ, પામી સદ્ગતિ સારો રે. સમરો-૧૨
ચોર થયો વલી દેવતા, નવપદ મહિમા તેણે રે;
ભીલ-ભીલડી સુર થયાં, પાપી હૂંતા જેહો રે. સમરો-૧૩
ધ્યાન ધરંતી અહનિશિ, શ્રીમતિ અતિ સુકમાલા રે;
સંકટ તસ દૂરિ થયું, ભુઅંગ થઇ ફૂલમાલા રે. સમરો-૧૪
મન-વચન-કાયા વશિ કરી, નવપદનું કરે ધ્યાનો રે;
**હરખવિજય** કહઈ હરખસ્યું, તસ ઘર નવય નિધાનો રે. સમરો-૧૫

[ ૬ ]

## શ્રી નવકારમંત્રની સજ્ઝાય

સમર જીવ એક નવકાર નિજ હેજશું,
અવર કાંઈ આળ-પંપાળ દાખે;
વર્ણ અડસઠ નવકારના નવપદ,
સંપદા આઠ અરિહંત ભાખે. સમર૦ ૧
આદિ અક્ષર નવકારના સ્મરણથી,
સાત સાગર ટળી જાય દૂરાં;
એક પદ ઉચ્ચરે દુરિત દુઃખડાં હરે,
સાગર આયુ પંચાસ પૂરાં. સમર૦ ૨

સર્વ પદ ઉચ્ચરતાં પાંચસે સાગર,
સહસ ચોપન નવકારવાલી;
સ્નેહે મન સંવરી હર્ષભેર હેજ ધરી,
લાખ નવ જાપથી કુગતિ ટાલી. સમર૦ ૩

લાખ એક જાપ જન પુન્યે પૂરા જપે,
પદવી પામે અરિહંત કેરી;
અશોક વૃક્ષ તલે બાર પર્ષદ મલે,
ઝડગડે દુંદુભિ નાદ ભેરી. સમર૦ ૪

અષ્ટ વલી અષ્ટ સય અષ્ટ સહસ્રાવલી,
અષ્ટ લાખ જપે અષ્ટ કોડી;
**કીર્તિવિમલ** કહે મુક્તિ લીલા લહે,
આપણાં કર્મ આઠે વિછોડી. સમર૦ ૫

[ ૭ ]

## શ્રી નમસ્કારમંત્રનું ગીત

સમરો મંત્ર ભલો નવકાર, એ છે ચૌદ પૂરવનો સાર;
એના મહિમાનો નહિ પાર, એનો અર્થ અનંત ઉદાર.
સમરો મંત્ર....૧

સુખમાં સમરો દુઃખમાં સમરો, સમરો દિવસ ને રાત;
જીવતાં સમરો મરતાં સમરો, સમરો સૌ સંઘાત.
સમરો મંત્ર....૨

જોગી સમરે ભોગી સમરે, સમરે રાજા-રંક;
દેવો સમરે દાનવ સમરે, સમરે સૌ નિઃશંક.
સમરો મંત્ર....૩

અડસઠ અક્ષર એના જાણો, અડસઠ તીરથ સાર;
આઠ સંપદાથી પરમાણો, અડસિદ્ધિ-દાતાર.
સમરો મંત્ર....૪

નવપદ એનાં નવનિધિ આપે, ભવભવનાં દુઃખ કાપે;
ચંદ્રવચનથી× હૃદયે વ્યાપે, પરમાતમ પદ આપે.
સમરો મંત્ર....૫

[ ૮ ]

## નોકારવાલીનું ગીત

બાર જપું અરિહંતના ભગવંતનારે, ગુણ સૂરિ છત્રીશ;
સિદ્ધ આઠ ગુણ જાણીઇં, વરવાણીઈં રે, ગણું હું નિસદિસ.નો૦૧
નોકારવાલી વંદીઈં ચિર નંદીઈંરે, ઉઠી ગુણઈં સવેર;
સૂત્ર તણા ગુણ ગુંથીયા, મણિયા મોહન મેર. નો૦૨
પંચવીશ ગુણ ઉવજ્ઝાયના, સત્તાવીસરે ગુણ શ્રી અણગાર;
એકસો આઠ ગુણે કરી ઈમ ગુણ્યાં રે, ભવીયણ નવકાર.નો૦૩

* આ ગીત સિનોરનિવાસી શ્રી ચંદુલાલ નાનચંદ માસ્તરે રચેલું છે. તેમણે ચન્દ્ર શબ્દ વડે પોતાના નામનો સંકેત કરેલો છે. આમ છતાં કેટલાક ચંદ્રની જગાએ વીર શબ્દ બોલે છે. આવા મનસ્વી સુધારા કેટલા અંશે ક્ષંતવ્ય ગણાય ? તે વિચારવા જેવું છે.

મોક્ષ જાપ અંગુઠડે વૈરી રૂઠડે રે, તર્જનાંગુલી હોય;
બહુસુખદાયક મધ્યમા અનામિકારે, વસ્યારથ હોય. નો૦૪
આકર્ષણ ચટી આંગુલી વલી સુણુયો રે, ગણવાની રીતિ;
મેરૂ ઉલ્લંઘન મત કરો મત કરયો રે, નખ અગ્રે પ્રીતિ. નો૦૫
નિશ્ચલ ચિત્તે જે ગુણે વલી, સંખ્યાદિકથી એકંત;
તેહને ફલ હોવે ઘણો ઇમ બોલે રે, જિનવર સિદ્ધાંત. નો૦૬
સંખ પ્રવાલા સ્ફટિક મણિ, પત્તાજીવ રતાંજણી સાર;
રૂપ્ય સોવન્ન રયણતણી ચંદનાડગર, નૈ ઘનસાર. નો૦૭
સુંદર ફલ રૂદ્રાખની જપમાલિકારે, રેશમની અપાર;
પંચવર્ણ સમસૂત્રની વલી વિશેષૈ, સૂત્રતણી ઉદાર. નો૦૮
ગોયમ પૂછ્યાથી કહ્યો મહાવીરજીરે, એ સયલ વિચાર;
લબ્ધિ કહે ભવીયણ તુમે ઇમ ગુણયોરે, નિત્ય શ્રી નવકાર૦૯

[ ૯ ]

## સંસ્કૃત સુભાષિતો

वीतरागसमो देवः, शत्रुञ्जयसमो गिरिः ।
नमस्कारसमो मन्त्रो, न भूतो न भविष्यति ॥१॥
अपवित्रः पवित्रो वा, सुस्थितो दुःस्थितोऽथवा ।
ध्यायेत् पञ्चनमस्कारं, सर्वपापैः प्रमुच्यते ॥२॥
अनादिमूलमन्त्रोऽयं, सर्वव्याधिविनाशकः ।
मङ्गलेषु च सर्वेषु, प्रथमं मङ्गलं मतः ॥३॥

स्वस्थाने पूर्णमुच्चारं, मार्गे चार्धं समाचरेत् ।
पादमाकस्मिकातङ्के, स्मृतिमात्रं मरणान्तिके ॥४॥
मन्त्रपञ्चनमस्कारः, कल्पकारस्कराधिकः ।
अस्ति प्रत्यक्षराष्टाग्रोत्कृष्टविद्यासहस्रकः ॥५॥
चौरो मित्रमहिर्माला, वह्निर्वारिर्जलं स्थलम् ।
कान्तारं नगरं सिंहः, शृगालो यत् प्रभावतः ॥६॥
अहो पञ्चनमस्कारः, कोऽप्युदारो जगत्सु यः ।
सम्पदाऽष्टौ स्वयं धत्ते, यत्तोऽनन्तास्तु ताःसताम् ॥७॥
मन्त्रं संसारसारं त्रिजगदनुपमं सर्वपापारिमन्त्रं,
संसारोच्छेदमन्त्रं विषमविषहरं कर्मनिर्मूलमन्त्रम् ।
तन्त्रं सिद्धिप्रधानं शिवसुखजननं केवलज्ञानमन्त्रं,
मन्त्रं श्रीजैनमन्त्रं जपजपजपितं जन्मनिर्वाणमन्त्रम् ॥८॥
अर्हन्तो भगवन्त इन्द्रमहिताः सिद्धाश्च सिद्धिस्थिता,
आचार्या जिनशासनोन्नतिकराःपूज्या उपाध्यायकाः ।
श्री सिद्धान्तसुपाठका मुनिवरा रत्नत्रयाराधकाः,
पञ्चैते परमेष्ठिनः प्रतिदिनं कुर्वन्तु वो मङ्गलम् ॥९॥
अर्हन्तो ज्ञानभाजः सुरवरमहिताःसिद्धिसिद्धाश्च सिद्धाः,
पञ्चाचारप्रवीणाः प्रवरगुणधराः पाठकाश्चागमानाम् ।
लोके लोकेशवंद्याः प्रवरयतिवराः साधुधर्माभिलीनाः,
पञ्चाप्येते सदा नः विदधतु कुशलं विघ्ननाशं विधाय ॥१०॥

# અનાનુપૂર્વી

નમસ્કારમંત્રની ગણના કરવા માટે અનાનુપૂર્વી એક ઉત્તમ સાધન છે. તે અંગે જૈન શાસ્ત્રોમાં કહેવાયું છે કે–

અનાનુપૂર્વી ગણજો જોય, છમ્માસી તપનું ફલ હોય;
સંદેહ નવ આણો લગાર, નિર્મળ મને જપો નવકાર. ૧
શુદ્ધ વસ્ત્રે ધરી વિવેક, દિન દિન પ્રત્યે ગણવી એક;
એમ અનાનુપૂર્વી જે ગણે, તે પાંચસો સાગરનાં પાપને હણે. ૨

અનાનુપૂર્વીમાં કુલ ૨૦ યંત્રો હોય છે અને તે દરેક યંત્રમાં આડા પાંચ અને ઊભા છ ખાનાં મળી કુલ ૩૦ ખાનાં હોય છે. તેની એક આડી હારમાં ૧ થી ૫ સુધીના આંકડા અમુક રીતે ગોઠવીને મૂકેલા હોય છે. તેમાં અનુપૂર્વી એટલે અનુક્રમ નથી, એટલે તે અનાનુપૂર્વી કહેવાય છે. તેના વ્યુત્ક્રમવાળાં પદોની ગણના કરતાં મન જ્યાં ત્યાં જઈ શકતું નથી, અર્થાત્ એકાગ્રતા અનુભવે છે અને તેજ એની સાચી મહત્તા છે. તેમાં ૧ હોય ત્યાં नमो अरिहंताणं, ૨ હોય ત્યાં नमो सिद्धाणं, એ રીતે ૫ હોય ત્યાં नमो लोए सव्वसाहूणं મનમાં બોલવાનું છે. શ્રાવક–શ્રાવિકાએ શુદ્ધ વસ્ત્રો પહેરીને પ્રતિદિન એક અનાનુપૂર્વી અવશ્ય ગણવી જોઈએ.

યંત્ર પહેલો

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૨ | ૧ | ૩ | ૪ | ૫ |
| ૧ | ૩ | ૨ | ૪ | ૫ |
| ૩ | ૧ | ૨ | ૪ | ૫ |
| ૨ | ૩ | ૧ | ૪ | ૫ |
| ૩ | ૨ | ૧ | ૪ | ૫ |

યંત્ર બીજો

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૪ | ૩ | ૫ |
| ૨ | ૧ | ૪ | ૩ | ૫ |
| ૧ | ૪ | ૨ | ૩ | ૫ |
| ૪ | ૧ | ૨ | ૩ | ૫ |
| ૨ | ૪ | ૧ | ૩ | ૫ |
| ૪ | ૨ | ૧ | ૩ | ૫ |

યંત્ર ત્રીજો

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૩ | ૪ | ૨ | ૫ |
| ૩ | ૧ | ૪ | ૨ | ૫ |
| ૧ | ૪ | ૩ | ૨ | ૫ |
| ૪ | ૧ | ૩ | ૨ | ૫ |
| ૩ | ૪ | ૧ | ૨ | ૫ |
| ૪ | ૩ | ૧ | ૨ | ૫ |

યંત્ર ચોથો

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૩ | ૪ | ૧ | ૫ |
| ૩ | ૨ | ૪ | ૧ | ૫ |
| ૨ | ૪ | ૩ | ૧ | ૫ |
| ૪ | ૨ | ૩ | ૧ | ૫ |
| ૩ | ૪ | ૨ | ૧ | ૫ |
| ૪ | ૨ | ૩ | ૧ | ૫ |

### યંત્ર પાંચમો

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૫ | ૪ |
| ૨ | ૧ | ૩ | ૫ | ૪ |
| ૧ | ૩ | ૨ | ૫ | ૪ |
| ૩ | ૧ | ૨ | ૫ | ૪ |
| ૨ | ૩ | ૧ | ૫ | ૪ |
| ૩ | ૨ | ૧ | ૫ | ૪ |

### યંત્ર છઠ્ઠો

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૫ | ૩ | ૪ |
| ૨ | ૧ | ૫ | ૩ | ૪ |
| ૧ | ૫ | ૨ | ૩ | ૪ |
| ૫ | ૧ | ૨ | ૩ | ૪ |
| ૨ | ૫ | ૧ | ૩ | ૪ |
| ૫ | ૨ | ૧ | ૩ | ૪ |

### યંત્ર સાતમો

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૩ | ૫ | ૨ | ૪ |
| ૩ | ૧ | ૫ | ૨ | ૪ |
| ૧ | ૫ | ૩ | ૨ | ૪ |
| ૫ | ૧ | ૩ | ૨ | ૪ |
| ૩ | ૫ | ૧ | ૨ | ૪ |
| ૫ | ૩ | ૧ | ૨ | ૪ |

### યંત્ર આઠમો

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૩ | ૫ | ૧ | ૪ |
| ૩ | ૨ | ૫ | ૧ | ૪ |
| ૨ | ૫ | ૩ | ૧ | ૪ |
| ૫ | ૨ | ૩ | ૧ | ૪ |
| ૩ | ૫ | ૨ | ૧ | ૪ |
| ૫ | ૩ | ૨ | ૧ | ૪ |

### યંત્ર નવમો

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૪ | ૫ | ૩ |
| ૨ | ૧ | ૪ | ૫ | ૩ |
| ૧ | ૪ | ૨ | ૫ | ૩ |
| ૪ | ૧ | ૨ | ૫ | ૩ |
| ૧ | ૪ | ૧ | ૫ | ૩ |
| ૪ | ૨ | ૧ | ૫ | ૩ |

### યંત્ર દશમો

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૫ | ૪ | ૩ |
| ૨ | ૧ | ૫ | ૪ | ૩ |
| ૧ | ૫ | ૨ | ૪ | ૩ |
| ૫ | ૧ | ૨ | ૪ | ૩ |
| ૨ | ૫ | ૧ | ૪ | ૩ |
| ૫ | ૨ | ૧ | ૪ | ૩ |

### યંત્ર અગિયારમો

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૪ | ૫ | ૨ | ૩ |
| ૪ | ૧ | ૫ | ૨ | ૩ |
| ૧ | ૫ | ૪ | ૨ | ૩ |
| ૫ | ૧ | ૪ | ૨ | ૩ |
| ૪ | ૫ | ૧ | ૨ | ૩ |
| ૫ | ૪ | ૧ | ૧ | ૩ |

### યંત્ર બારમો

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૪ | ૫ | ૧ | ૩ |
| ૪ | ૨ | ૫ | ૧ | ૩ |
| ૨ | ૫ | ૪ | ૧ | ૩ |
| ૫ | ૨ | ૪ | ૧ | ૩ |
| ૪ | ૫ | ૨ | ૧ | ૩ |
| ૫ | ૪ | ૨ | ૧ | ૩ |

યંત્ર તેરમો

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૩ | ૪ | ૫ | ૧ |
| ૩ | ૧ | ૪ | ૫ | ૨ |
| ૧ | ૪ | ૩ | ૫ | ૨ |
| ૪ | ૧ | ૩ | ૫ | ૨ |
| ૩ | ૪ | ૧ | ૫ | ૨ |
| ૪ | ૩ | ૧ | ૫ | ૨ |

યંત્ર ચૌદમો

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૩ | ૫ | ૪ | ૨ |
| ૩ | ૧ | ૫ | ૪ | ૨ |
| ૧ | ૫ | ૩ | ૪ | ૨ |
| ૫ | ૧ | ૩ | ૪ | ૨ |
| ૩ | ૫ | ૧ | ૪ | ૨ |
| ૫ | ૩ | ૧ | ૪ | ૨ |

યંત્ર પંદરમો

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૪ | ૫ | ૩ | ૨ |
| ૪ | ૧ | ૫ | ૩ | ૨ |
| ૧ | ૫ | ૪ | ૩ | ૨ |
| ૫ | ૧ | ૪ | ૩ | ૨ |
| ૪ | ૫ | ૧ | ૩ | ૨ |
| ૫ | ૪ | ૧ | ૩ | ૨ |

યંત્ર સોળમો

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | ૪ | ૫ | ૧ | ૨ |
| ૪ | ૩ | ૫ | ૧ | ૨ |
| ૩ | ૫ | ૪ | ૧ | ૨ |
| ૫ | ૩ | ૪ | ૧ | ૨ |
| ૪ | ૫ | ૩ | ૧ | ૨ |
| ૫ | ૪ | ૩ | ૧ | ૨ |

યંત્ર સત્તરમો

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૩ | ૪ | ૫ | ૧ |
| ૩ | ૨ | ૪ | ૫ | ૧ |
| ૨ | ૪ | ૩ | ૫ | ૧ |
| ૪ | ૨ | ૩ | ૫ | ૧ |
| ૩ | ૪ | ૨ | ૫ | ૧ |
| ૪ | ૩ | ૨ | ૫ | ૧ |

યંત્ર અઢારમો

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૩ | ૫ | ૪ | ૧ |
| ૩ | ૨ | ૫ | ૪ | ૧ |
| ૨ | ૫ | ૩ | ૪ | ૧ |
| ૫ | ૨ | ૩ | ૪ | ૧ |
| ૩ | ૫ | ૨ | ૪ | ૧ |
| ૫ | ૩ | ૨ | ૪ | ૧ |

યંત્ર ઓગણીસમો

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૪ | ૫ | ૩ | ૧ |
| ૪ | ૨ | ૫ | ૩ | ૧ |
| ૨ | ૫ | ૪ | ૩ | ૧ |
| ૫ | ૨ | ૪ | ૩ | ૧ |
| ૪ | ૫ | ૨ | ૩ | ૧ |
| ૫ | ૪ | ૨ | ૩ | ૧ |

યંત્ર વીશમો

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | ૪ | ૫ | ૨ | ૧ |
| ૪ | ૩ | ૫ | ૨ | ૧ |
| ૩ | ૫ | ૪ | ૨ | ૧ |
| ૫ | ૩ | ૪ | ૨ | ૧ |
| ૪ | ૫ | ૩ | ૨ | ૧ |
| ૫ | ૪ | ૩ | ૨ | ૧ |

# નમસ્કારમંત્રસિદ્ધિ

## પાંચમો–માહાત્મ્ય ખંડ

## શ્રીસિદ્ધિસેનાચાર્યવિરચિત શ્રીનમસ્કારમાહાત્મ્ય સંક્ષિપ્ત ભાવાનુવાદ.

### પ્રથમ પ્રકાશ

જે ત્રણ જગતના ગુરુ છે, જગતના કામિત પૂરણ માટે જે કલ્પવૃક્ષ સમાન છે અને જે મુક્તિરૂપ મહિલાને જ ઈચ્છનારા છે, તે શ્રી **ઋષભદેવ** સ્વામિને નમસ્કાર થાઓ. ૧. જે તપ અને જ્ઞાનરૂપી ભાવધનથી કુબેરભંડારી જેવા છે, જેમના ચરણમાં દેવેન્દ્રો પણ પ્રણામ કરે છે અને જે **સિદ્ધસેન** (ગ્રંથકર્તા)ના અનુપમ નાથ થાય છે, તે **શ્રી શાંતિનાથ**-સ્વામિને નમસ્કાર થાઓ. ૨. શ્રી**મુનિસુવ્રતસ્વામિને, શ્રીઅનન્તનાથસ્વામિને, શ્રીઅરિષ્ટનેમિપ્રભુને,** શ્રીમાન્ **પાર્શ્વનાથ**સ્વામિને, શ્રી**મહાવીર**સ્વામિને અને ત્રણ કાળના સર્વ અરિહંત પરમાત્માને નમસ્કાર થાઓ. ૩. ધર્મનિષ્ઠ આત્માઓને માતાની જેમ સહાય કરનારી **અચ્છુપ્તા, અમ્બિકા, બ્રાહ્મી** (સરસ્વતી), **પદ્માવતી** અને **અંગિરા** વગેરે દેવીઓ મને પુરુષાર્થની પરંપરાને આપો. ૪. જે માતાની જેમ પુણ્યરૂપી શરીરને ઉત્પન્ન કરે છે, પાલનપોષણ કરે છે, પવિત્ર રાખે છે અને જીવનરૂપી હંસને વિશ્રામ લેવા માટે કમલની શોભાને ધારણ કરે છે, તે પંચપરમેષ્ઠિનમસ્કૃતિ હંમેશાં જયવંતી રહો. ૫. જન્મ અને મરણ આપવાવાળો હોવાથી કડવો એવો પણ આ સંસાર મારે મન કડવો નથી પણ માનનીય છે, કારણ કે એ સંસારના આશ્રયથી જ મને જૈન-શાસનની પ્રાપ્તિ થઈ છે. અર્થાત્ જે સંસારમાં જૈન-શાસનની પ્રાપ્તિ ન થઇ હોય તે જ કડવો છે, પણ બીજો નહિ. ૬. શ્રી જૈનશાસનરૂપી મનુષ્યક્ષેત્રને

વિષે પાંચ મેરુપર્વતસમાન અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુઓને નમસ્કાર થાઓ. જે ભવ્ય જીવો ભાવપૂર્વક "**नमो अरिहंताणं, नमो सिद्धाणं, नमो आयरियाणं, नमो उवज्झायाणं** અને **नमो लोए सव्वसाहूणं**" એ પાંચ પદનું સ્મરણ કરે છે, તેમને ભવભ્રમણ ક્યાંથી હોય? અર્થાત્ ન જ હોય. ૮–૯ મૂર્તિમાન તીર્થંકરની વાણીના પાંત્રીશ અતિશયો જ જાણે ન હોય! તેવા આ પંચપરમેષ્ઠિનમસ્કારના પાંત્રીશ અક્ષરો તમારા કલ્યાણને માટે થાઓ. ૧૦. શાશ્વત એવા તે પંચપરમેષ્ઠિના અક્ષરોની 'ત્રણ લોકને પવિત્ર કરનાર શ્લોકો દ્વારા' સ્તુતિ કરવાવડે સિદ્ધસેનની (કર્તાની) વાણી પોતાના આત્માની શુદ્ધિને કરે છે. ૧૧

નરનાથો–રાજાઓ પણ તેઓને વશ થાય છે, દેવેન્દ્રો પણ તેઓને પ્રણામ કરે છે અને સર્પો (નાગકુમારો)થી પણ તેઓ ભય પામતા નથી કે જેઓ ભાવપૂર્વક અરિહંત પરમાત્માને શરણ તરીકે સ્વીકારે છે. ૧૨.

મોહ તેના ઉપર રોષાયમાન થતો નથી, તે હંમેશાં આનંદમાં રહે છે અને તે અલ્પકાળમાં જ મોક્ષ પામે છે, કે જે ભવ્ય પુરુષ અરિહંત પરમાત્માને ભાવપૂર્વક પૂજે છે. ૧૩.

અનન્ત ગુણસ્વરૂપ જે અરિહંત પરમાત્માને કેવલજ્ઞાનીઓ પણ પ્રદક્ષિણા કરવાદ્વારા પૂજે છે, તેમના પ્રભાવને કોણ જાણી શકે? અર્થાત્ કોઈ વિરલા જ જાણી શકે. ૧૪.

રિપુઓની (શત્રુઓની) જેમ દુઃખ આપનારા રાગદ્વેષઆદિ ભાવશત્રુઓ કે જેનાથી બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવઆદિ જે સામાન્ય જનસમૂહમાં દેવો તરીકે ગણાય છે, તે પણ પરાભવિત થયા છે, તે રાગદ્વેષાદિ શત્રુઓને એક જિનેશ્વરદેવે જ હણી નાખ્યા છે. ૧૫.

હંસ એકમેક થઈ ગયેલ દૂધ અને પાણીને જેમ અલગ કરે છે,

તેમ એકમેક થઇ ગયેલ આત્માને અને કર્મને અરિહંત પરમાત્મા જ વિશેષે કરીને અલગ કરે છે. ૧૬. स्मृ (સ્મરણ કરવું), ध्यै (ચિંતન કરવું) વગેરે જોડાક્ષરવાળા ધાતુઓના અક્ષરો, જેમ સ્વભાવથી જ સંબંધવાળા છે, તેમ આત્મા અને કર્મનો સંબંધ પણ સ્વભાવથીજ સંબંધિત છે. આ નક્કર સત્યને અન્યતીર્થિકો વડે મહંત ગણાતાઓ પણ દુઃખે કરીને જાણી શકે છે. ૧૭. બીજ અને અંકુરાની જેમ તથા કૂકડી અને ઇંડાની જેમ, આત્મા અને કર્મનો પરસ્પર સંબંધ અનાદિ કાલનો છે. તેમાં અમુક પહેલાં હતો અને અમુક પછી હતો, એવો પૂર્વાપર સંબંધ સર્વ પ્રકારે છે જ નહિ. ૧૮.

તાયિનો એટલે કર્મના પાશમાં ફસાયેલા આત્માઓનું રક્ષણ કરનારા, સંસારસમુદ્રમાં ડૂબતા પ્રાણીઓને તારનારા અને તત્ત્વજ્ઞાનીઓના પણ સ્વામી એવા જિનેશ્વરોનું અમે ધ્યાન કરીએ છીએ. ૧૯.

णं એ અક્ષર ત્રણ ઊભી લીટીવાળો અને માથે મીંડાવાળો છે, એ એમ સૂચવે છે કે–દેવ, ગુરુ અને ધર્મરૂપ ત્રણ તત્ત્વની આરાધનાવડે પોતાના આત્માને પવિત્ર કરનાર ભવ્ય જીવ શાશ્વત સ્થાન–મોક્ષને પામે છે. ૨૦. માથું બાંધેલા, ત્રણ સરલ રેખાવાળા અને મીંડાવાળા 'णं' એવા અક્ષરને જે નિરંતર બોલે છે, તે ત્રિકરણ (મન, વચન અને કાયા) શુદ્ધિવડે સરલ બનીને ત્રણ કાલમાં ત્રિભુવનના મુગટરૂપ બને છે. ૨૧. [1]સાત ક્ષેત્રની જેમ સફળ તથા [2]સાત–ક્ષેત્રની જેમ શાશ્વત એવા નમસ્કાર–મહામંત્રના પ્રથમ नमो अरिहंताणं" પદના સાત અક્ષરો મારા સાત પ્રકારના ભયોનો નાશ કરો. ૨૨.

**ઇતિ પ્રથમ પ્રકાશ સમાપ્ત.**

---

૧. જિનમૂર્તિ, જિનમંદિર, જિનાગમ, સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ સાતક્ષેત્ર. ૨. ભરત, હૈમવત, હરિવર્ષ. મહાવિદેહ, રમ્યક, હૈરણ્યવત અને ઐરાવત આ સાત ક્ષેત્રો.

## બીજો પ્રકાશ

**ન**થી જ્યાં જન્મ, નથી મરણ, નથી ભય, નથી પરાભવ અને નથી કોઈ પણ દિવસ ક્લેશનો લેશ, ત્યાં સિદ્ધના જીવો રહેલા છે. ૧.

મોચાસ્તંભ (કેળના થડ)ની જેમ સર્વ પ્રકારે અસાર એવો સંસાર ક્યાં ? અને લોકથી શ્રેષ્ઠ હોવાથી લોકના અગ્રભાગ ઉપર રહેલ સિદ્ધના જીવોનો વૈભવ ક્યાં ? ૨.

સિત એટલે ઉજ્જવળ ધર્મવાળા, શુકલલેશ્યાવાળા, શુકલધ્યાન-વાળા, સ્ફટિકરત્ન કરતાં પણ અત્યંત ઉજ્જવલ યશવાળા, સિદ્ધશિલા-રૂપ છે સ્થાન જેઓનું તે સિદ્ધના જીવો અમોને સિદ્ધિને માટે થાઓ. અહિં ધર્મ, લેશ્યા અને ધ્યાન યદ્યપિ સિદ્ધ પરમાત્માને નથી હોતા, પરંતુ ઉપચારથી એટલે કે કાર્યમાં કારણનો ઉપચાર કરવાથી અથવા તો અતીત (ભૂત) નયની અપેક્ષાએ મોક્ષ પામવા પૂર્વે એ ધર્મ, લેશ્યા અને ધ્યાન હોય છે એ દૃષ્ટિએ, અથવા એ ધર્મ, લેશ્યા અને ધ્યાનનું કાર્ય જે આત્માના શુદ્ધસ્વભાવમાં રમણતાસ્વરૂપ છે, તેની પરાકાષ્ઠા સિદ્ધપરમાત્મામાં હોય છે, એ અપેક્ષાએ પણ આ ત્રણ વિશેષણો ઘટી શકે છે. ૩.

द्धा એ વર્ણ જે **सिद्धाणं** પદમાં છે, તે द्धा વર્ણ दा અને धा ધાતુના સંયોગથી બનેલો છે. એ ઉપરથી ગ્રંથકાર મહર્ષિ એમ કહે છે કે–સત્પુરુષોને સ્વર્ગ–મોક્ષનું દાન કરવામાં તથા દુર્ગતિપાતથી ધારણ કરવામાં 'सिद्धाणं' પદમાં રહેલ 'द्धा' વર્ણથી સિદ્ધપરમાત્મા-ઓમાં યુગપત્ શક્તિ રહેલી છે, એમ હું માનું છું. અથવા તો આ સિદ્ધશબ્દની અંદર રહેલ 'द्धा' વર્ણમાં 'द्' અને 'ध' આ બે વર્ણનો સંયોગ છે, એ સંયોગ કાનની આકૃતિ જેવો હોવાથી **'सकर्ण'** છે, તે સકર્ણોને (નિપુણ માણસોને) યોગથી (જીવાત્મા અને પરમાત્માના ઐક્યરૂપ યોગથી, અથવા મલિનચિત્તવૃત્તિનિરોધરૂપ

યોગથી અથવા સમાધિરૂપ યોગથી) ઉત્પન્ન થયેલા મોક્ષના ફલને જાણે કહેતો જ ન હોય એમ લાગે છે. ૪-૫ સ્ત્રી અને પુરુષનો સંયોગ જેમ કામી આત્માને આનંદ ઉત્પન્ન કરે છે, તેમ મોક્ષાભિલાષિને જ્ઞાન અને ક્રિયાનો પરસ્પર અપૂર્વ સંયોગ શુદ્ધ આત્મિક આનંદને ઉત્પન્ન કરે છે. ૬. પુરુષોનું ભાગ્ય એ પંગુ (પાંગળા) જેવું છે અને ઉદ્યમ એ આંધળા જેવો છે. આમ છતાં ય એ બંનેનો સંયોગ થાય તો કાર્યસિદ્ધિ થાય છે. એ જ રીતિએ જ્ઞાન એકલું પાંગળા જેવું છે અને ક્રિયા એકલી અંધ જેવી છે, પરંતુ જ્ઞાન અને ક્રિયા બન્નેનો સુયોગ મળે તો મોક્ષપ્રાપ્તિરૂપ કાર્યસિદ્ધિ અવશ્ય થાય છે. ૭. વીર લડવૈયો તલવાર અને ઢાલને હાથમાં રાખીને અને બખ્તરથી સજ્જ થઈને જેમ યુદ્ધના પારને પામે છે. તેમ જ્ઞાનરૂપી ખડ્ગ, ચારિત્રરૂપ ઢાલ અને સમ્યગ્દર્શન રૂપી બખ્તર ધારણ કરીને કર્મશત્રુ સાથે સંગ્રામ ખેલનાર પરાક્રમી આત્મા સંસારના પારને પામે છે. ૮. જેમ પક્ષીને સંકોચ અને વિસ્તાર પામતી પોતાની બે પાંખો ઇષ્ટ સ્થાને પહોંચાડે છે, તેમ શ્રેષ્ઠ તપ અને શમ જીવને મોક્ષરૂપી ઈષ્ટ સ્થાને પહોંચાડે છે. જોડાયેલા શ્રેષ્ઠ બે બળદ જ જાણે ન હોય તેવા ઉત્સર્ગ અને અપવાદ, શીલાંગરથ ઉપર આરૂઢ થયેલાને ક્ષણવારમાં મોક્ષને પ્રાપ્ત કરાવે છે. ૧૦. સૂર્ય દિવસે અને ચંદ્ર રાત્રિના સમયે હંમેશા પ્રકાશ આપવા માટે જેમ જાગ્રત છે, તેમ નિશ્ચય અને વ્યવહાર એ બે. આલોક અને પરલોકમાં આબાદી માટે હંમેશાં જાગ્રત રહે છે. ૧૧. મનઃશુદ્ધિ એ અભ્યંતર તત્ત્વ છે અને સંયમ એ બાહ્ય તત્ત્વ છે. એ ઉભયનો સંયોગ થવાથી મોક્ષ મળે છે, માટે હે ચેતન ! બન્નેનું સેવન કરનારો તું થા. ૧૨. જેમ એક પૈડાવાળો રથ ચાલી શકતો નથી અને એક પાંખવાળું પક્ષી ઉડી શકતું નથી, તેમ એકાંત-માર્ગમાં રહેલો માણસ મોક્ષને પામી શકતો નથી. ૧૩ દશની અંદર જેમ એકથી નવ સુધીની સંખ્યાનો સમાવેશ થઈ જાય છે, સમુદ્રની અંદર જેમ નદીઓનાં પૂરો સમાઈ જાય છે, તેમ અનેકાંતવાદની

અંદર એકાન્તવાદ પણ સમાઈ જાય છે, પરંતુ નિઃસાર અગર જૂઠા એવા એકાંતવાદમાં અનેકાંતવાદની સંપદાઓ સમાતી નથી, કારણ કે દરિદ્રીના ઘરમાં ચક્રવર્તીની સંપદાઓ સમાઈ શકે જ નહિ. ૧૪–૧૫. જેમ દીવેટ, તેલ અને કોડિયા વગેરે અનેક વસ્તુના સમુદાયથી ઉત્પન્ન થયેલો દીપક શોભા પામે છે, તેમ અનેકાંતપક્ષના સંસર્ગથી કોઈ કોઈ સ્થળે એકાંતપક્ષમાં પણ શોભા દેખાય છે, તે અનેકાંતપક્ષને જ આભારી છે, એમ સમજવું. ૧૬. સત્ત્વાસત્ત્વ, નિત્યાનિત્ય અને ધર્માધર્મ વગેરે ગુણો જે પ્રમાણે પરસ્પર સંબંધવાળા થાય છે, તે રીતે માનવામાં આવે તો જ સજ્જનોને સિદ્ધિ આપવાવાળા થાય છે. તેથી કરીને હે ભવ્ય જીવો ! જો તમારે મુક્તિ મેળવવાની ઈચ્છા હોય તો એકાન્તવાદરૂપી ભૂતના વળગાડને બુદ્ધિના આઠ ગુણરૂપી મંત્રના જાપથી દૂર કરી તત્ત્વને માટે પ્રયત્ન કરો. ૧૭–૧૮.

**णं** એ અક્ષર ત્રણ રેખાવાળો છે અને માથે શૂન્ય (અનુસ્વાર) વડે શોભે છે, એ એમ દેખાડે છે કે–જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ રત્નત્રયસ્વરૂપ બનેલો આત્મા શૂન્યસ્વભાવપણાને (મોક્ષને) પામે છે. (આ સ્થળે શૂન્યનો અર્થ મોક્ષ સમજવાનો છે, કારણ કે ત્યાં આત્માની સર્વ વિભાવદશાની શૂન્યતા છે.) ૧૯. શુભાશુભ સર્વ કર્મનો ક્ષય થવાવડે કેવળ આત્માની જે ચિદ્રૂપતા–ચૈતન્યસ્વભાવતા મોક્ષમાં છે, તે જ શૂન્યસ્વભાવપણું છે. ૨૦. પાંચ (ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ) શરીરનો નાશ કરનારા અને મોક્ષરૂપી પાંચમી ગતિને આપનારા આ '**नमो सिद्धाणं**,' પદના પાંચ અક્ષરો તમે મારું મરણ વગેરેના પ્રપંચથી રક્ષણ કરો. ૨૧.

## ઇતિ દ્વિતીય પ્રકાશ સમાપ્ત

## ત્રીજો પ્રકાશ

નથી તેઓમાં તમોગુણ, નથી રજોગુણ, નથી બાહ્ય મુખવાળો સત્ત્વગુણ અને નથી માનસિક, વાચિક કે કાયિક કષ્ટ તેઓને, કે જેઓએ આચાર્યના ચરણોને સેવ્યા છે. ૧.

મોહના પાશોવડે બંધાયેલા પ્રાણીઓને પણ આચાર્ય ભગવાન, કેશિગણધરની જેમ મોહથી મૂકાવે છે, એ મોટું આશ્ચર્ય છે. ૨.

આચાર્યો જેનામાં સુંદર છે, જેમના આગમો (શાસ્ત્રો) મોક્ષ આપનારા છે અને જેઓ ખોટ વિનાના કેવળ લાભના જ ઉપાયવાળા છે, તેમને ડાહ્યા માણસો, આચાર્ય કહે છે. ૩

યથાસ્થિત અર્થની પ્રરૂપણા કરનારા, યમનિયમાદિના પાલનમાં યત્ન કરનારા અને આત્મરૂપી યજ્ઞનું યજન—પૂજન કરનારા આચાર્ય ભગવાન નિરંતર મારે પ્રમાણ હો, અથવા આધાર હો. ૪

રિપુ—શત્ર અને મિત્ર, સુખ અને દુઃખ, દુર્જન અને સજ્જન મોક્ષ, અને સંસાર તથા ધનાઢ્ય અને દરિદ્રી, આવી રાગદ્વેષ ઉત્પન્ન કરનારી વસ્તુઓમાં પણ જેઓ સમાનદષ્ટિ રાખે છે, તે પવિત્ર પુરુષોજ સંયમીઓના સ્વામી આચાર્ય તરીકે મનાય છે. ૫.

યા—જે કોઈ પવિત્ર સિદ્ધિઓ છે અને જે કોઈ ઉજ્જવલ લબ્ધિઓ છે, તે સર્વ, કમલને ભમરીની જેમ આચાર્યને સ્વયં વરે છે. ૬.

णं—આ અક્ષર ત્રણ રેખાવાળો અને માથે અનુસ્વારવાળો છે, એ એમ બતાવે છે કે ધર્મ, અર્થ અને કામરૂપ ત્રણ વર્ગમાં સમદષ્ટિવાળા પુરુષો જ સજ્જનોના શિરોમણિપૂજ્ય બને છે. ૭. ધર્મ, અર્થ અને કામ અથવા મિત્ર, ઉદાસીન અને શત્રુ અથવા રાગ, દ્વેષ અને મોહ એ પ્રમાણે ત્રણ વર્ગ કહેવાય છે. સાત તત્ત્વરૂપ કમલના વનને વિકસિત કરવામાં સૂર્યના કિરણ જેવા આ **નમો आयरियाणं**,' ત્રીજા પદના સાત અક્ષરો સાત નરકપૃથ્વીનાં દુઃખોનો નાશ કરો. ૯.

**ઇતિ તૃતીય પ્રકાશ સમાપ્ત**

# ચોથો પ્રકાશ

નથી ખંડન કરાતો તે સુજ્ઞપુરુષ કુપાખંડીઓ વડે, નથી વિડંબના પમાડાતો મન, વચન અને કાયાના દંડવડે, તથા નથી દંડાતો ક્રોધાદિ કષાયોવડે, જે ઉપાધ્યાયનો આશ્રય કરે છે. ૧.

**મોમા**–'**મા**' એટલે લક્ષ્મી અને 'ઉમા' એટલે પાર્વતી, શ્રી, હ્રી, ધૃતિ, અને બ્રાહ્મી આદિ દેવીઓ, જેઓ ઉપાધ્યાયની ઉપાસના કરે છે, તેઓના શરીરમાંથી દૂર જતી નથી સિદ્ધ એ પ્રમાણે યોગસિદ્ધ મહર્ષિઓનો આદેશ છે. ૨.

ઉપાધ્યાય તે કહેવાય છે કે જેઓ મૂર્તિમાન ઉદયરૂપ છે, સમ્યગ્-દૃષ્ટિ આત્માઓના ઉત્સવરૂપ છે અને શ્રેષ્ઠ બુદ્ધિમાનોના ઉત્સાહરૂપ છે. ૩.

વચન, શરીર, વય અને હૃદય આ ચારે વસ્તુ–ઉપાધ્યાય મહાત્માની, વધની વાર્તાથી પણ રહિત છે તથા શાસ્ત્રને આધીન છે. ૪.

ज्झा એ અક્ષર 'ઉવજ્ઝાયાણં' પદમાં રહેલ છે, તે શું સૂચવે છે ? એકાન્ત–અનિત્ય–દ્રષ્ટિને જીતી લેવાથી ઉત્પન્ન થયેલ ઉપાધ્યાયના યશરૂપી ભંભા(ભેરી)નો ज्झं કાર (ગુંજારવ) દિશાઓને વ્યાપ્ત કરે છે.૫.

या=જે (સાધુઓને) સાત નયના જ્ઞાનમાં ચતુરાઇ પ્રાપ્ત થાય છે, જે પરશાસ્ત્રોમાં નિપુણતા પ્રાપ્ત થાય છે અને જે દ્વાદશાંગી સૂત્રની પ્રાપ્તિ થાય છે, તે ઉપાધ્યાય સિવાય ક્યાંથી થાય ? અર્થાત્ ન જ થાય. ૬.

णं–અક્ષર ત્રણ રેખાવાળો અને માથે અનુસ્વારવાળો છે, એ એમ જણાવે છે કે વિનય, શ્રુત અને શીલાદિ ગુણો મહાનન્દમોક્ષ પ્રાપ્તિ માટે જાગ્રત છે. ૭. સાત રાજલોક પ્રમાણ ઊર્ધ્વલોકના માર્ગને પ્રકાશ કરવામાં દીપકની જેમ અત્યન્ત ઉજ્જવલ આ ચોથા '**नमो उवज्झायाणं**' પદના સાત અક્ષરો મારા સાત વ્યસનોનો નાશ કરો. ૮.

**ઇતિ ચતુર્થ પ્રકાશ સમાપ્ત.**

# પાંચમો પ્રકાશ

નથી તે મનુષ્યોને વ્યાધિ, નથી દરિદ્રતા, નથી ઈષ્ટ વસ્તુનો વિયોગ, નથી દુર્ભાગીપણું અને નથી ભય કે ત્રાસ કે જેઓ નિરંતર સાધુઓની ઉપાસના–સેવા કરનાર હોય છે. ૧. સાધુપદના ધ્યાનરૂપી અમૃતરસના અંજનવડે જેઓના મનરૂપી નેત્રો અંજાયા છે, તે મનુષ્યોને ચાર ગતિમાં ઉત્પન્ન થતા ચાર પ્રકારનાં દુઃખરૂપી અંધકારો અંધપણાનું કારણ થતા નથી. ૨.

મોકતા એટલે સર્વસંસારનો ત્યાગ કરનારા, રાગ–દ્વેષાદિ આન્તર શત્રુઓથી નાશ નહિ પામનારા અને મોહલક્ષ્મી વડે કટાક્ષપૂર્વક જોવાયેલા મુનિઓ અત્યન્ત હર્ષ પામે છે. ૩.

લોભરૂપી વૃક્ષને ઉખેડી નાંખવા માટે નદીના વેગ જેવા, લોકોત્તર ચરિત્રવાળા, લોકોને વિષે ઉત્તમ અને ત્રીજા સ્થાનમાં રહેલા (પહેલું સ્થાન આચાર્યનું, બીજું ઉપાધ્યાયનું અને ત્રીજું સાધુનું) તે મુનિઓ અમારા પાપોનો નાશ કરો. ૪.

એકાન્તમાં મુનિ મહાત્માઓ મૂલોત્તર ગુણના સમૂહરૂપ બગીચામાં મનરૂપી મૃગની સાથે સ્વેચ્છાપૂર્વક ક્રીડા કરે છે. ૫. સંવિગ્ન અને શ્રુતના પારગામી ગીતાર્થ સાધુને વિષે જ એકાકીપણું છે, તે સાક્ષાત્ દક્ષિણાવર્ત શંખમાં ગંગાનદીના પાણી જેવું છે. સંવિગ્ન અને ગીતાર્થ એવો એકાકી સાધુ ક્રોધ વડે વિહ્વલ થતો નથી, માન કરતો નથી, માયા–કપટ કરતો નથી અને તૃષ્ણા એને લૂટતી નથી. ૬–૭ રાજર્ષિઓમાં શ્રેષ્ઠ **નમિરાજર્ષિ** વગેરે પ્રત્યેકબુદ્ધો પરાક્રમપૂર્વક એકત્વ ભાવનામાં આરૂઢ થઈને જ મોક્ષમાં ગયા છે. ૮.

સર્વ પ્રકારે જીવાદિક તત્ત્વોને જાણનારા અને હંમેશાં વૈરાગ્ય-વાસિત ચિત્તવાળા ગીતાર્થ સાધુઓનું એકાકીપણું શ્રેષ્ઠ સમતારૂપી અમૃતની નીક જેવું છે. ૯.

च्व અક્ષરની જેમ બે બે સાથે રહેલા આ યુગના સાધુઓ જો તેઓ ઈન્દ્રિયો અને મનને વશ કરનારા હોય તો જ સ્વાર્થને (સ્વપ્રયોજન મોક્ષને) સાધનારા થાય છે. ૧૦ च्व સંજ્ઞાવડે એમ જણાય છે કે મન, વચન અને કાયાના વર્તનવડે ઈન્દ્રિયોને વશ રાખનારા સાધુઓ બે બે સાથે રહેલા હોય તો જ મોક્ષને સાધી શકે છે. એ પ્રમાણે ગુરુપરંપરાથી પ્રાપ્ત થયેલ ઉપદેશ છે. ૧૧. ઈન્દ્રિયો અને મનને વશ રાખનારા હોય તે બે માણસોમાં પણ એકત્વ નિઃશંકપણે ઘટી શકે છે, કારણ કે- બન્ને જિતેન્દ્રિય હોવાથી એક જ વિચારના હોય છે, પરંતુ ઈન્દ્રિયો અને મનને પરવશ બનેલો એકલો હોય તો પણ તે દુઃખે કરીને જાણી શકાય તેવા હજાર જેવો છે. ૧૨. નેત્રની જેમ સંકોચ અને વિસ્તારમાં તથા નિદ્રા અને જાગ્રતિમાં સરખે સરખી સ્થિતિવાળા બે સાધુઓ દર્શન માટે (સમકિતની પ્રાપ્તિ માટે) સમર્થ બને છે. પરંતુ એકલો સાધુ સંપૂર્ણપણે કાર્ય કરી શકતો નથી, કારણ કે એકલો માણસ વિડમ્બનાનું સ્થાન બને છે, એકલો માણસ સ્વાર્થ સિદ્ધિ માટે પણ અસમર્થ બને છે અને એકલા માણસનો લોકમાં તથા લોકોત્તર જૈનશાસનમાં પણ કોઈ વિશ્વાસ કરતું નથી. ૧૩-૧૪. ભાવના તથા ધ્યાન દ્વારા નિર્ણીત કરેલા તત્ત્વમાં લયલીન બની ગયેલા મમતા વિનાના સાધુનું એકાકીપણું લાખ માણસોની અંદર રહેવા છતાં નાશ પામતું નથી, કારણ કે એ તો તત્ત્વોની વિચારણામાં જ મસ્ત હોય છે. ૧૫.

સામ્ય (સમતા) રૂપી અમૃતના તરંગોથી સંતોષી બની ગયેલા, સારા ખોટાનો વિવેક કરનારા અને નિર્મલ આશયવાળા સાધુઓ ઘણા હોય તો પણ તેમને પોતપોતાના કાર્યમાં કોઈપણ જાતની હરકત આવતી નથી. ૧૬. મનની સ્થિરતાવડે નિશ્ચલ બનેલા અને વૃક્ષની જેમ ક્રિયારહિત બનેલા સાધુઓનો સહવાસ એ ભાવનારૂપી વેલડીના મંડપ જેવો છે. ૧૭. ચિત્રમાં ચિત્રેલા સૈન્યની જેમ મન, વચન અને કાયા

વડે વિકારવિનાના મુનિઓ ઘણા હોય તો પણ પરસ્પર અપ્રીતિ થતી નથી. ૧૮. જેમ અનેક નિર્જીવ પદાર્થો એકઠા કરવામાં આવે તો પણ તેમાં ચૈતન્ય ઉત્પન્ન થતું નથી, ઘણા કાયર માણસોને ભેગા કરવા છતાં તેમનામાં સાહસ–પરાક્રમ ઉત્પન્ન થતું નથી, તેમ સાધુઓ પણ ઘણા હોય તોય તેઓમાં પરસ્પર કલહ (ઝઘડો) થતો નથી. ૧૯. જે મૂઢબુદ્ધિવાળો સાધુ પાંચ–છ સાધુઓની સાથે રહેવાથી પણ ગ્લાનિ (ખેદ) પામે છે, તે મૂઢ એકજ સ્થાનમાં રહેલા અનંત સિદ્ધોની સાથે રહેવાની ઈચ્છા કયી રીતે કરી શકશે ? ૨૦. જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી ત્રણ મહારત્નને ધારણ કરનાર મુનિઓને રાગાદિ શત્રુઓના ઉપદ્રવોથી ભયંકર એવા સન્માર્ગમાં એકલા ચાલવું એ કલ્પ બને માટે થતું નથી. ૨૧. એકલાને ધર્મકાર્યમાં ઉલ્લાસ થતો નથી, એકલાને સંપૂર્ણપણે કાર્યસિદ્ધિ થતી નથી, એકલાને સંપૂર્ણરીતે ઈચ્છિતની પ્રાપ્તિ થતી નથી અને એકલો મોક્ષમાર્ગની આરાધના માટે સમર્થ બનતો નથી. ૨૨. જેમ કફના રોગમાં સાકર આપવી અને તાવમાં ઘીવાળું ભોજન આપવું યોગ્ય નથી, તેમ અગીતાર્થ સાધુમાં એકાકીપણું યોગ્ય નથી. ૨૩. એકલો પ્રાયઃ ચોર જેવો ગણાય છે, બે માણસ સાથે હોય તો તેમના ઉપર ઠગપણાની શંકા કરાય છે, ત્રણ મનુષ્ય સાથે હોય તો તે વિશ્વાસનું પાત્ર બને છે અને ઘણાનો સમુદાય હોય તો તે રાજાની જેમ શોભે છે. ૨૪. 'તીર્થંકર તથા પ્રત્યેકબુદ્ધ વગેરે એકલાજ વિચરે છે.' એવા દૃષ્ટાંતો આપી બીજા મુનિઓએ એકાકીપણાનો આશ્રય ન કરવો જોઈએ, કારણ કે–જ્ઞાનચક્ષુવાળાઓની સાથે ચર્મચક્ષુવાળાઓએ સ્પર્ધા કરવી એ યોગ્ય નથી. ૨૫. અથવા તો ચાર ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરનારા સર્વ પ્રાણીઓને પુણ્ય અને પાપ નિરંતર સાથે જ હોવાથી તેઓમાં એકલાપણું કદિ પણ ઘટતું જ નથી. ૨૬. ચર્ચિકા (દુષ્ટ વ્યંતરીઓ) જેવી આહારાદિ સંજ્ઞાઓ, કૃષ્ણલેશ્યા વગેરે દુષ્ટ લેશ્યાઓ અને રાજકથા વગેરે વિકથાઓ

જેમના અંતઃકરણને નિરંતર ચપલ બનાવે છે, તે એકાકી કઇ રીતિએ થઈ શકે? ૨૭. જીવરૂપી પતિને નચાવવાના સ્વભાવવાળી અવિરતિ નામની દુષ્ટ સ્ત્રી શાકિનીની જેમ જેને ગળી જવા નિરન્તર પ્રયત્ન કરે છે, તે એકલો શી રીતે રહી શકે? ૨૮. હંમેશાં પંચાગ્નિના જેવું અસંતુષ્ટ પાંચ ઇંદ્રિયોરૂપી કુટુંબ જેના શરીરને નિઃશંકપણે બાળ્યા કરે છે, તે એકલો કેમ રહી શકે? ૨૯. ભાગીદાર જેવાં દુર્દાન્ત (દુઃખે કરીને દમન કરી શકાય તેવા) કષાયો ક્ષણવાર પણ જેના શરીરને છોડતા નથી, તેને એકાકીપણાનું સુખ શી રીતે હોય? ૩૦ પોતાના મન, વચન અને કાયાથી ઉત્પન્ન થયેલા અશુભ વ્યાપારો સ્વેચ્છાચારી પુત્રની જેમ જેના નાશ માટે પ્રયત્ન કરી રહ્યા છે, તેને એકાકીપણાનું સુખ શી રીતિએ હોય? ૩૧. છળને જ જોનારા પ્રમાદ, મિથ્યાત્વ અને રાગાદિક જેવા આન્તરશત્રુઓ જેને દુષ્ટ પાડોશીનું કામ કરે છે, તેને એકાકીપણાનું સુખ ક્યાંથી હોય? ૩૨. જેમ મનુષ્યથી ભરપુર એવા નગરમાં પણ પરદેશી માણસ (કોઈની સાથે સંબંધવાળો નહિ હોવાથી) એકલો જ કહેવાય છે, તેમ જે પુરુષ ઉપર કહેલા દોષોથી રહિત હોય તે જનસમૂહમાં રહ્યો હોય તો પણ એકાકી જ છે અને જે મુનિ આ સર્વ સંજ્ઞા, દુષ્ટ લેશ્યા, વિકથા, ઇંદ્રિય, કષાય, દુષ્ટ યોગ, મિથ્યાત્વ અને રાગાદિની આધીનતાદિ દોષયુક્ત હોય તો તેનું એકાકીપણું ફોગટ છે. કેમકે વંઠ, ધૂર્ત, ગુપ્તચર અને ચોર એ સર્વે શું એકલા નથી ભમતા? ૩૩-૩૪. જેમ દૂધ દૂધની સાથે, પાણી પાણીની સાથે, દીવો દીવાની સાથે અને અમૃત અમૃતની સાથે મળીને એકપણાને પામે છે, તેમ મુનિ પણ મુનિની સાથે મળી જઇ એકલાપણાને પામે છે. ૩૫. પુણ્યપાપનો ક્ષય થવાથી મુક્ત બનેલા અને કર્મ વિનાના હોવાથી એકાકી બનેલા પરમાત્માને વિષે જ અનાહારપણા વડે હંમેશાં જ સાચું એકાકીપણું પ્રતિષ્ઠા પામેલું છે. ૩૬. અથવા તો આ શ્રીજિનાગમને વિષે કોઈ પણ વસ્તુનો સર્વ પ્રકારે વિધિ કે નિષેધ

છે જ નહિ. તેથી કરીને શ્રેષ્ઠ મુનિઓ સારી રીતે લાભાલાભ જાણીને લાભવાળા કાર્યને વિષે જ પ્રયત્ન કરે છે. ૩૭. શૈલેશી અવસ્થામાં (અયોગી ગુણસ્થાનમાં) રહેલા નિષ્ક્રિય સાધુઓ કોઇની પણ પૂજા કરતા નથી, દાન દેતા નથી, તપ તપતા નથી અને જપ જપતા નથી, તો પણ આશ્ચર્યની વાત છે કે તેઓ પરમપદને સાધે છે. આ શ્લોકમાં ગ્રન્થકારનો કહેવાનો આશય એ લાગે છે કે– જગતમાં કોઇ નાનામાં નાના કાર્યની પણ સિદ્ધિ ત્યારે જ થાય છે કે જ્યારે તેની અવ્યવહિત પૂર્વક્ષણમાં કાંઈને કાંઈ ક્રિયા હોય. આમ હોવા છતાંયે મોટામાં મોટું પરમપદપ્રાપ્તિરૂપ કાર્ય નિષ્ક્રિય બનેલા સાધુઓ સાધી શકે છે, એ એક આશ્ચર્યની વાત છે. ૩૮.

हू हू નામના ગન્ધર્વોના મનોહર ગાયન સાંભળવાવડે, અમૃત રસનો આસ્વાદ લેવાવડે, કલ્પવૃક્ષના પુષ્પોની સુગંધ લેવાવડે, દેવશય્યાનો સુખકારક સ્પર્શ કરવા વડે અને દેવાંગનાઓનું રૂપ જોવા વડે પણ જેઓ આકર્ષાતા નથી, તેઓ શું વૃક્ષો છે ? બાળકો છે ? કે શું હરણીયાં છે ? ના ! ના ! ના ! તેઓ વૃક્ષ, બાળક કે મૃગલાં નથી, પરંતુ એ તો નિરંજન મુનિઓ છે. ૩૯–૪૦.

णકાર ત્રણ રેખાવાળો અને માથે અનુસ્વારવાળો, તે અહિં એમ જણાવે છે કે ત્રણ ગુપ્તિના પાલનમાં રેખાને (પરાકાષ્ઠાને) પામેલા મહામુનિઓ સંપૂર્ણ સદાચારી હોય છે. ૪૧. નવ પ્રકારના જીવોની રક્ષા કરવા માટે અમૃતના કુંડ જેવી આકૃતિવાળા આ '**नमो लोए सव्वसाहूणं** ।' એ પ્રકારના નવ અક્ષરો મને ધર્મને વિષે નવો નવો ભાવ આપો. ૪૨.

**ઇતિ પંચમ પ્રકાશ સમાપ્ત.**

# છઠ્ઠો પ્રકાશ

આ પંચપરમેષ્ઠી નમસ્કાર સર્વ પાપોનો નાશ કરનાર છે અને સર્વ મંગલોમાં શ્રેષ્ઠ મંગલ છે. ૧. સમ્યક્પ્રકારે પાંચ સમિતિને વિષે પ્રયત્નવાળો અને ત્રણ ગુપ્તિથી પવિત્ર થયેલો જે આત્મા આ પંચપરમેષ્ઠિનમસ્કારનું ત્રિકાલ ધ્યાન કરે છે, તેને શત્રુ મિત્રરૂપ થાય છે, વિષ પણ અમૃતરૂપ બને છે, શરણરહિત મોટું જંગલ પણ રહેવા લાયક ઘર જેવું બની જાય છે, સર્વે ગ્રહો તેને અનુકૂળ થઈ જાય છે, ચોરો યશ આપનારા થાય છે, બીજાએ પ્રયોગ કરેલા મંત્ર, તંત્ર અને યંત્રાદિક તેનો પરાભવ કરી શકતા નથી, સર્વ પ્રકારની શાકિની પણ માતાની જેમ રક્ષણ કરનારી થાય છે, સર્પો તેની પાસે કમલના નાળ જેવા થઈ જાય છે, અગ્નિ ચણોઠીના ઢગલારૂપ થાય છે, સિંહો શિયાળ જેવા થાય છે, હાથીઓ હરણ જેવા થાય છે, રાક્ષસ પણ તેનું રક્ષણ કરે છે, ભૂતોનો સમૂહ પણ તેની ભૂતિ (આબાદી)ને માટે થાય છે, પ્રેત પણ પ્રાયઃ કરીને તેને પ્રીતિ કરનારો થાય છે, ચેટક (વ્યંતર) પણ તેનો ચેટ (દાસ) બની જાય છે, યુદ્ધ તેને લાભ આપનારું થાય છે, રોગો તેને ભોગ આપનારા થાય છે, વિપત્તિ પણ તેને સંપત્તિને માટે થાય છે અને સર્વ પ્રકારનું દુઃખ તેને સુખ આપનારું થાય છે. ૨–૩–૪–૫–૬—૭–૮ જેમ ગરુડનો સ્વર સાંભળીને ચંદનનાં વૃક્ષો સર્પોથી મુક્ત થાય છે, તેમ પંચનમસ્કારનો ગંભીર સ્વર સાંભળવાથી માણસ સર્વ કર્મનાં બંધનોથી મુક્ત થાય છે. ૯. જેઓનું ચિત્ત નમસ્કારમાં જ એકતાન છે, તેઓને જલ, સ્થલ, શ્મશાન, પર્વત, દુર્ગ અને તેવાં બીજા પણ સ્થાનોમાં ઉત્પન્ન થતાં કષ્ટો ખરેજ મહાઉત્સવરૂપ બની જાય છે. ૧૦ પુણ્યાનુબંધી પુણ્યવાળો જે પુરુષ વિધિપૂર્વક પંચપરમેષ્ઠીનમસ્કારનું ધ્યાન કરે છે, તે તિર્યંચ કે નારક થતો નથી. ૧૧. ચક્રવર્તી, વાસુદેવ, પ્રતિવાસુદેવ.

અને બળદેવ વગેરેના ઐશ્વર્યની સંપદાઓ નમસ્કારના પ્રભાવરૂપી સમુદ્રના કિનારે રહેલા મુક્તાફળ (મોતી) સમાન છે. ૧૨ વિધિપૂર્વક આરાધન કરાયેલો આ મંત્ર વશીકરણ, ઉચ્ચાટન, અભિચારકર્મ, ક્ષોભ, સ્તંભન અને મૂર્ચ્છા વગેરે કાર્યોમાં પણ સિદ્ધિને આપનારો થાય છે. ૧૩. વિધિપૂર્વક સ્મરણ કરેલો આ મંત્ર અર્ધનિમેષ માત્રમાંજ પરવિદ્યાઓનો ઉચ્છેદ કરે છે અને ક્ષુદ્ર આત્માઓ વડે કરાયેલ રૂપાદિકના પરાવર્તનને વીંધી–વિખેરી નાંખે છે. ૧૪. સ્વર્ગ, મૃત્યુ અને પાતાલ એ ત્રણ ભુવનરૂપી રંગમંડપને વિષે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવને આશ્રયીને જે કોઈ પણ આશ્ચર્યકારક અતિશય કોઈ પણ સ્થળે, કોઈ પણ પ્રકારે, કોઈ પણ પ્રાણીને થયેલો જોવામાં કે સાંભળવામા આવે છે, તે સર્વ નમસ્કારમંત્રની આરાધનાના પ્રભાવથી જ ઉત્પન્ન થયો છે, એમ જાણવું. ૧૫–૧૬ તિર્ચ્છાલોકમાં જે ચંદ્ર વગેરે જ્યોતિષીઓ છે, પાતાલ લોકમાં ચમર વગેરે ઈન્દ્રો છે, ઊર્ધ્વલોકમાં સૌધર્માદિ દેવલોકને વિષે જે શક્ર વગેરે ઇન્દ્રો છે અને તેની ઉપર પણ જે અહમિન્દ્ર વગેરે દેવતાઓ છે, તેઓની સર્વ સમૃદ્ધિઓ પંચપરમેષ્ઠિરૂપ કલ્પવૃક્ષના અંકુરા, પલ્લવો, કળીઓ કે પુષ્પ સમાન છે. ૧૭–૧૮. જેઓ નમસ્કારરૂપી મહાન રથ ઉપર આરૂઢ થાય છે, તેઓ જ દુઃખના લેશથી પણ રહિત એવા મોક્ષમાં જાય છે, ગયા છે અને જવાના છે. ૧૯. જો આ મંત્ર અત્યન્ત દુર્લભ એવા પરમપદને પણ આપે છે, તો પછી પ્રસંગવશાત્ પ્રાપ્ત થનારા બીજા સામાન્ય ફળો આપે તેમાં તો આશ્ચર્ય જ શું ? ૨૦. જેઓ ત્રિકરણ શુદ્ધિવડે એક લાખ નવકારનો જાપ કરે છે, તે જિનેશ્વર દેવ અને શ્રી સંઘને પૂજવાવાળા ભવ્યાત્માઓ તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરે છે. ૨૧. હે મિત્ર ! જો તારું મન નમસ્કારનું ધ્યાન કરવામાં લયલીન નથી થતું, તો ચિરકાલ સુધી આચરણ કરેલા તપ, શ્રુત અને ચારિત્રની ક્રિયાઓનું શું ફળ ? અર્થાત્ નમસ્કારના ધ્યાન વિના એ બધુંય ફોગટ–નિષ્ફળ છે. ૨૨. જે અસંખ્ય દુઃખોના ક્ષયનું કારણ ગણાય

છે, જે આ લોક અને પરલોકના સુખ આપવામાં કામધેનુ ગાય સમાન છે, એ મંત્રાધિરાજનો જાપ પ્રાણીઓ શા માટે આદરપૂર્વક નથી કરતા ? ૨૩. જે અંધકાર દીવાથી, સૂર્યથી, ચંદ્રથી કે બીજા કોઈપણ તેજથી નાશ નથી પામતો, તે અંધકાર પણ નમસ્કારના તેજ વડે નામશેષ થઈ જાય છે. ૨૪. હે આત્મન્ ! તું કૃષ્ણ અને **શાંબ** વગેરેની જેમ ભાવનમસ્કાર કરવામાં તત્પર થા, પણ કૃષ્ણના સેવક **વીરસાળવી** અને કૃષ્ણના અભવ્ય પુત્ર **પાલક** વગેરેની જેમ દ્રવ્યનમસ્કાર કરી ફોગટ આત્માને વિડંબના ન પમાડ. ૨૫. જેમ નક્ષત્રોના સમુદાયનો સ્વામી ચન્દ્ર છે, તેમ સર્વ પુણ્યસમૂહનો સ્વામી ભાવનમસ્કાર છે. ૨૬. આ જીવે અનંતી વાર દ્રવ્યલિંગો (સાધુવેષ) ગ્રહણ કર્યાં છે અને છોડયાં છે, પણ ભાવનમસ્કારની પ્રાપ્તિ વિના તે સર્વમોક્ષરૂપી કાર્ય સાધવામાં નિષ્ફળ નિવડયા છે. ૨૭. શાસ્ત્રોક્ત વિધિપૂર્વક નમસ્કારમંત્રનો આઠ કરોડ, આઠ લાખ, આઠ હજાર, આઠસો આઠવાર જાપ કર્યો હોય તો તે માત્ર ત્રણ જ ભવની અંદર મોક્ષ આપે છે. ૨૮. હે ધર્મબંધુ ! સરલભાવે વારંવાર તને પ્રાર્થનાપૂર્વક હું કહું છું કે સંસારરૂપી સમુદ્રને તરવા માટે જહાજ સમાન આ નમસ્કાર મંત્ર ગણવામાં તું પ્રમાદી ન થા. ૨૯. નક્કી, આ ભાવનમસ્કાર ઉત્કૃષ્ટ–સર્વોત્તમ તેજ છે, સ્વર્ગ અને મોક્ષનો સાચો માર્ગ છે તથા દુર્ગતિનો નાશ કરવામાં પ્રલયકાળના પવન સમાન છે. ૩૦. ભવ્ય પુરુષો વડે હંમેશાં સમ્યક્ પ્રકારે ભણાતો, ગણાતો, સંભળાતો અને ચિંતવન કરાતો આ નમસ્કારમંત્ર સુખ અને મંગલની પરંપરાનું કારણ થાય છે, માટે અંતિમ આરાધનાના સમયે તો આ મંત્રને વિશેષે કરીને ભણવો, ગણવો, સાંભળવો અને ચિંતવન કરવો જોઈએ. ૩૧. જેમ ઘરમાં આગ લાગે ત્યારે બુદ્ધિશાળી ઘરનો માલીક બીજી બધી વસ્તુ મૂકીને આપત્તિ સમયે રક્ષણ કરવામાં સમર્થ એવા એક સારભૂત મહાકિંમતી રત્નનેજ ગ્રહણ કરે છે, અથવા કોઈ મોટા સુભટ અકાળે ઉત્પન્ન થયેલા રણસંગ્રામમાં વજ્રદંડની જેવા સારભૂત

અમોઘ શસ્ત્રનેજ ધારણ કરે છે, એ જ પ્રમાણે મરણસમયે પ્રાય : સર્વ શ્રુતસ્કંધનું (સર્વ શાસ્ત્રોનું) ચિંતવન કરી શકાતું નથી, તેથી કરીને ધીર બુદ્ધિવાળો અને દેદીપ્યમાન શુભ લેશ્યાવાળો કોઈક સાત્ત્વિક જીવ દ્વાદશાંગીના સારભૂત આ પંચપરમેષ્ઠિ–નમસ્કારનું જ એકાગ્રચિત્તે સ્મરણ કરે છે. ૩૨–૩૩–૩૪–૩૫. સમુદ્રમાંથી અમૃતની જેમ, મલયાચલ પર્વતમાંથી ચંદનની જેમ, દહીંમાંથી માંખણની જેમ અને રોહણાચલ પર્વતમાંથી વજ્રરત્નની જેમ, આગમમાંથી ઉદ્ધરેલા સર્વ શ્રુતના સારભૂત અને કલ્યાણના ખજાના સમાન આ પંચપરમેષ્ઠિ–નમસ્કારનું કોઈક ધન્ય પુરુષો જ મનન–ચિંતવન કરે છે. ૩૬–૩૭. શરીરથી પવિત્ર બનીને, પદ્માસને બેસીને, હાથવડે યોગમુદ્રા ધારણ કરીને અને સંવેગયુક્ત (મોક્ષની અભિલાષાવાળા) બનીને ભવ્ય પ્રાણીએ સ્પષ્ટ, ગંભીર અને મધુર સ્વરે સંપૂર્ણ પંચનમસ્કારનો ઉચ્ચાર કરવો. આ ઉત્સર્ગ વિધિ જાણવો. ૩૮–૩૯. (હવે અપવાદ વિધિ કહે છે.) જો શારીરિક માંદગીના કારણે પોતે સંપૂર્ણ નમસ્કારનો ઉચ્ચાર કરવા સમર્થ ન હોય તો એ જ પંચપરમેષ્ઠિના પહેલા પહેલા અક્ષરથી ઉત્પન્ન થયેલા '**असिआउसा**' આ પ્રમાણેના મંત્રનું સ્મરણ કરે. કારણ કે–આ પાંચ અક્ષરના સ્મરણથી પણ અનંત જીવો મરણનાં બંધનથી મુક્ત થાય છે. ૪૦. હવે કદાચ તેવી કોઈ ગંભીર માંદગીમાં ઉપર કહેલા પાંચ અક્ષરરૂપ મંત્રનું પણ સ્મરણ ન થઈ શકે તો અર્હત્, અરૂપી (સિદ્ધ), આચાર્ય, ઉપાધ્યાય અને મુનિ એ પાંચ પરમેષ્ઠિનાં પહેલા પહેલા અક્ષર લઈ, તેને વ્યાકરણના સંધિનિયમો લગાડી, આ પ્રમાણે સિદ્ધ થયેલો '**अ+अ=आ, आ+आ=आ, आ+उ= ओ, ओ+म्=** 'ॐ' કાર જિનેશ્વરોએ કહેલ છે, તેનું સ્મરણ કરવું. કારણ કે–તેમાં પાંચે પાંચ પરમેષ્ઠિ આવી જાય છે. ૪૧. જિનેશ્વરોએ કહેલો આ 'ॐ' કાર મુક્તાત્માઓની પ્રગટ મુક્તિ સમાન છે, મોહરૂપી હાથીને વશ કરવામાં અંકુશ સમાન છે અને સંસારની પીડાને છેદવામાં કાતર સમાન છે. ૪૨. સ્વર્ગના દરવાજા ઉઘાડવા માટે કુંચી

સમાન 'ૐ' કારરૂપી તત્ત્વનું ધ્યાન કરનાર મહાત્માઓને જીવે ત્યાં સુધી ભોગો મળે છે અને મર્યા પછી મુક્તિ મળે છે. ૪૩. અથવા તો ભાગ્યવશાત્ મૃત્યુસમયે, સર્વ પ્રકારે આ ૐ કારનું સ્મરણ કરવામાં પણ પોતે અશક્ત હોય તો તે સાધર્મિક બંધુ પાસેથી આ મંત્રનું શ્રવણ કરે અને તે વખતે ચિત્તમાં આ પ્રમાણે ભાવના ભાવે. ૪૪. શું કોઈ પુન્યશાળી બંધુએ અકાળે મારા સમગ્ર શરીરે અમૃત છાંટયું ? અથવા તો શું હું તેના વડે સંપૂર્ણ આનંદસ્વરૂપ કરાયો ? કારણ કે હમણાં મને તેણે શ્રેષ્ઠ પુણ્યરૂપ, શ્રેષ્ઠ કલ્યાણરૂપ અને શ્રેષ્ઠ મંગળના કારણરૂપ પંચપરમેષ્ઠિ નમસ્કારમંત્ર સંભળાવ્યો. ૪૫–૪૬. અહો ! આ પંચપરમેષ્ઠિ નમસ્કારનું શ્રવણ કરવાથી મને દુર્લભ વસ્તુનો લાભ થયો. અહો ! મને પ્રિય વસ્તુનો સમાગમ થયો. અહો ! મને તત્ત્વનો પ્રકાશ થયો અને અહો ! મને સારભૂત ઉત્તમ વસ્તુનું સંપૂર્ણ રહસ્ય પ્રાપ્ત થયું. ૪૭. આ પંચપરમેષ્ઠિ–નમસ્કારના શ્રવણથી આજે મારાં કષ્ટો નાશ પામ્યાં, મારું પાપ દૂર ચાલ્યું ગયું અને આજે હું સંસારસાગરના પારને પામ્યો. ૪૮. પંચપરમેષ્ઠિ–નમસ્કારમંત્રનું શ્રવણ કરવાથી આજે મારો પ્રશમરસ, દેવ તથા ગુરુની આજ્ઞાનું પાલન, નિયમ અને તપ એ સઘળું ય સફળ થયું. ૪૯. અગ્નિનો સંયોગ જેમ સુવર્ણને નિર્મળ કરે છે, તેજ રીતિએ આ માંદગીની વિપત્તિ પણ મારે કલ્યાણને માટે થઈ, કારણ કે આજે પંચપરમેષ્ઠિસ્વરૂપ અમૂલ્ય તેજ મેં પ્રાપ્ત કર્યું. ૫૦. આ પ્રમાણે પ્રશમરસના ઉલ્લાસપૂર્વક પંચપરમેષ્ઠિ-નમસ્કારનું શ્રવણ કરી અને કિલષ્ટ કર્મનો નાશ કરી, બુદ્ધિમાન પુરુષ સદ્‌ગતિને પામે છે. ૫૧. નમસ્કારમંત્રની ભાવપૂર્વક ભક્તિ કરનાર પ્રાણી ઉત્તરદેવપણે ઉત્પન્ન થઈ, ત્યાંથી ચ્યવી, શ્રેષ્ઠ કુલમાં મનુષ્ય જન્મ ધારણ કરી, આઠ ભવની અંદર સિદ્ધિપદને પામે છે. ૫૨.

**ઇતિ ષષ્ઠ પ્રકાશ સંપૂર્ણ.**

## સાતમો પ્રકાશ

સર્વ કાલ અને સર્વ ક્ષેત્રમાં નિરંતર નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવનિક્ષેપાવડે ત્રણ લોકને પવિત્ર કરનારા જિનેશ્વરો મને શરણ હો. ૧. તે જિનેશ્વરો અતીતકાળે **કેવળજ્ઞાની** વગેરે થયા હતા, વર્તમાનકાળે **ઋષભદેવ**સ્વામી વગેરે થયા છે અને આગામીકાળે **પદ્મનાભ**સ્વામી વગેરે થવાના છે. ૨. **સીમંધર**સ્વામી વગેરે વીસ વિહરમાન તીર્થંકરો છે. **ચંદ્રાનન, વારિષેણ, વર્ધમાન** અને **ઋષભદેવ** એ નામના ચાર શાશ્વત તીર્થંકરો છે. ૩. વર્તમાનકાળે સર્વમહાવિદેહ, સર્વભરત અને સર્વ ઐરાવત મળીને સંખ્યાતા જિનેશ્વરો હોય છે. અને અતીત તથા અનાગત કાળને આશ્રયીને અનંતા જિનેશ્વરો હોય છે. ૪. તે સર્વ તીર્થંકરો કેવળજ્ઞાનના પ્રકાશથી દેદીપ્યમાન હોય છે, અઢાર દોષના ઉપદ્રવોથી રહિત હોય છે, તેમના ચરણકમળને અસંખ્ય ઈન્દ્રો વંદન કરે છે. ઉત્તમ પ્રકારના આઠ પ્રાતિહાર્ય અને ઉત્તમ પ્રકારના ચોત્રીસ અતિશયો વડે તેઓ આશ્રય કરાયેલા હોય છે. ૫. ત્રણ જગતના પ્રાણીઓને સમકિત આપનારી તેમની ધર્મદેશના, વાણીના પાંત્રીસ ગુણોવડે અલંકૃત હોય છે. અનુત્તર વિમાનમાં રહેલા દેવો તેમનું હંમેશાં સ્મરણ (ધ્યાન) કરે છે તથા બીજાઓ ન આપી શકે તેવા મોક્ષમાર્ગને તેઓ આપનારા હોય છે. ૬. જ્યારે જિનેશ્વરનું સમ્યક્પ્રકારે દર્શન થાય છે, ત્યારે પ્રાણીઓના પાપો અત્યંત દૂર નાશી જાય છે, આધિ (મનની પીડા) અને વ્યાધિ (શરીરની પીડા) નાશ પામે છે, તથા દરિદ્રતાની ઘડીઓ જતી રહે છે. ૭. જે જીભ જિનેશ્વરના માહાત્મ્યની ક્ષણે ક્ષણે સ્તુતિ ન કરે, તે નિંદવા લાયક માંસના ટુકડારૂપ જિહ્વા શા કામની? ૮. જે કાન અરિહંતના ચારિત્રરૂપી મીઠા અમૃતના સ્વાદથી અજાણ હોય, તે કાન અથવા છિદ્રમાં કાંઈ તફાવત નથી. ૯. સર્વ અતિશયોથી ભરપૂર એવી જિનેશ્વરની પ્રતિમાને જે નેત્રો જોતાં નથી, તે નેત્ર નથી; પરંતુ મુખરૂપી

ઘરનાં જાળિયા છે. ૧૦. અનાર્ય દેશમાં રહેવા છતાં પણ શ્રીમાન **આર્દ્રકુમાર** અરિહંતની પ્રતિમાને નિહાળીને સંસારસાગરનો પારગામી થયો. ૧૧. જિનપ્રતિમાનાં દર્શનમાત્રથી તત્ત્વજ્ઞાન પામી **શય્યંભવ** નામના બ્રાહ્મણે સુગુરુના ચરણકમળની સેવા કરીને ઉત્તમાર્થ મોક્ષને સાધ્યો. ૧૨. અહો ! સાત્ત્વિકશિરોમણિ **વજ્રકર્ણ** નામના રાજાએ રાજ્ય વગેરે સર્વ વસ્તુનો નાશ ઉપસ્થિત થવા છતાં પણ એક જિનેશ્વરદેવ વિના બીજાને નમસ્કાર ન કર્યો, તે ન જ કર્યો. ૧૩. દેવ, ગુરુ અને ધર્મરૂપી તત્ત્વત્રયીમાં સ્થિર ચિત્તવાળા વાનરદ્વીપના સ્વામી **વાલી** રાજાનું તેજ–પરાક્રમ ખરેખર પૂજવાલાયક હતું. ૧૪. ત્રણ જગતના ગુરુ શ્રી**મહાવીર** પરમાત્માએ પણ સુખશાતાના સમાચાર કહેવરાવવામાં જેણીને યાદ કરી હતી, તે મહાસતી **સુલસાના** હું ઓવારણાં લઉં છું. (?) ૧૫. **સેડૂક** નામના બ્રાહ્મણનો જીવ અને **નંદમણિયારનો** જીવ દર્દુર (દેડકો) થયા પછી શ્રીમહાવીર પરમાત્માને ભાવથી વંદન કરવા જતાં માર્ગમાંજ (શ્રેણિક રાજાના ઘોડાના પગ તળે દબાઈને) મરણ પામી પ્રભુવંદનનું ધ્યાન હોવાથી સૌધર્મ દેવલોકમાં શક્રેન્દ્રનો સામાનિક દેવ થયો. ૧૬. **કુમારનંદી** સોનીનો જીવ મરીને દેવલોકમાં **હાસા** અને **પ્રહાસા** નામની દેવીઓનો પતિ થવા છતાં પણ આભિયોગિક દેવને યોગ્ય હલકાં કાર્યો કરવાથી મનમાં અત્યંત ખેદ પામ્યો હતો, તેથી તેણે પોતાના આત્માને તે દુષ્કર્મથી મુક્ત કરવા માટે દેવાધિદેવની પ્રતિમા પૃથ્વી ઉપર પ્રસિદ્ધ કરી હતી. ૧૭. શ્રી **ચેટક** (ચેડા) નામના મહારાજાએ શ્રીજિનેશ્વરના ચરણ-કમળની સેવાવડે પોતાના સર્વ પાપના તાપનો નાશ કર્યો હતો, તેથી તેનો સુંદર પ્રતાપ ત્રણે ભુવનમાં પ્રસરી ગયો હતો. અને તે ઈન્દ્રના હૃદયમાં પણ સ્થાનને પામ્યો હતો. ૧૮. સર્વે દેવેન્દ્રો સંસારનો પાર પામવા માટે **નંદીશ્વરાદિક** તીર્થના અલંકારરૂપ શાશ્વતા જિનમંદિરોમાં અઠ્ઠાઈમહોત્સવ કરે છે. ૧૯. વળી શાસ્ત્રોમાં સંભળાય છે. કે **સ્વયં-ભૂરમણ** નામના છેલ્લા સમુદ્રમાં જિનબિંબના આકારવાળા મત્સ્યને

જાતિસ્મરણ જ્ઞાન થયું અને નમસ્કારમંત્રનું ધ્યાન કરી, ત્યાંથી મરીને દેવલોકમાં ગયો. ૨૦. મનુષ્ય, દેવ અને અસુરકુમારનું સ્વામીપણું જે નિઃશંકપણે ભોગવાય છે, તે લીલાપૂર્વક આચરેલ જિનેશ્વરના ચરણની ઉપાસનાથી ઉત્પન્ન થયેલ કૃપાનો એક લેશ માત્ર છે. ૨૧. મનુષ્યલોકમાં ચક્રવર્તી વગેરે રાજાઓ, સ્વર્ગલોકમાં ઈન્દ્રાદિ દેવો અને પાતાલલોકમાં ધરણેન્દ્ર વગેરે ભુવનપતિના ઈન્દ્રો જિનેશ્વરની ભક્તિથી જ જયવંતા વર્તે છે. ૨૨. જિનેશ્વરની આજ્ઞાને મુકુટની જેમ મસ્તકે ધારણ કરીને અહો ! અગિયારે રુદ્રોમાંથી કેટલાક એ જ ભવમાં મોક્ષે ગયા છે અને બાકીના આગામી ભવોમાં મોક્ષે જવાના છે. ૨૩. જેમ પાણીમાં અગ્નિની જ્વાલા' નાશ પામી જાય છે અને જેમ અમૃતને વિષે વિષનો પ્રભાવ નષ્ટ થઈ જાય છે; તેમ જિનેશ્વરની કથા આગળ શંકર વગેરે દેવોની કથાનો વિસ્તાર નષ્ટ થઈ જાય છે. ૨૪. જિનેશ્વરોના ચરિત્રોને સમ્યક્પ્રકારે વિચાર કરનારા સત્પુરુષો આ સંસારમાં પણ આનંદમગ્ન રહે છે અને તેથી ખરેખર ! તેઓને મોક્ષમાં પણ સ્પૃહા રહેતી નથી. ૨૫. જેમ જલવડે તૃષ્ણા શાન્ત થાય છે, તથા અન્ન વડે ક્ષુધા શાન્ત થાય છે, તેમ જિનેશ્વરના એક દર્શન માત્રથી જ સંસારની સર્વ પીડાઓ શાન્ત થઈ જાય છે–નાશ પામે છે. ૨૬. સમ્યક્પ્રકારે મનની એકાગ્રતાપૂર્વક ક્રોડો વર્ષ સુધી ઈન્દ્રિયોને વશમાં રાખનારા મહાત્માઓ પણ અરિહંતની આજ્ઞા પાળ્યા વિના મોક્ષે જઈ શકતા નથી. ૨૭. રાગાદિ શત્રુને જિતનારા જિન અરિહંત પરમાત્મા જેઓના દેવ નથી, તેઓ ભલે નિયાણારહિત દાન કરે, નિર્મળ શીલ પાળે, તથા પ્રશંસા કરવા યોગ્ય તપ કરે, તો પણ તેમને પરમપદની પ્રાપ્તિ થતી નથી. ૨૮. જેમ સૂર્યવડે દિવસ થાય છે, ચન્દ્રવડે પૂર્ણિમા થાય છે અને વૃષ્ટિવડે સુભિક્ષ (સુકાળ) થાય છે, તેમ જિનેશ્વરવડે જ અવિનાશી તેજની–કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ૨૯. જેમ જુગાર પાસાને આધીન છે અને ખેતી વૃષ્ટિને આધીન છે, તેમ શિવપુરમાં વસવું તે જિનેશ્વરના ધ્યાનને આધીન છે. ૩૩. ત્રણ જગતની લક્ષ્મી પ્રાપ્ત થવી સુલભ

છે, તથા અણિમાદિક આઠ સિદ્ધિઓની પ્રાપ્તિ થવી સુલભ છે, પરંતુ જિનેશ્વરના ચરણકમળના રજકણો પ્રાપ્ત થવા અત્યંત દુર્લભ છે. ૩૧. અહો ! ખેદની વાત છે કે જિનેશ્વરને પામીને પણ કેટલાક જીવો, સૂર્યને પામીને ઘુવડની જેમ, ગાઢ મિથ્યાદૃષ્ટિ રહે છે. ૩૨. જિનેશ્વર જ મહાદેવ છે, બ્રહ્મા છે, વિષ્ણુ છે, પરમાત્મા છે, સુગત (બુદ્ધ) છે, અલક્ષ્ય છે તથા સ્વર્ગ, મૃત્યુ અને પાતાલના સ્વામી છે. ૩૩. બુદ્ધ અને મહાદેવ વગેરે લૌકિક દેવોને સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણના વિષયવાળું જ જ્ઞાન છે, પરંતુ લોકોત્તર સત્ત્વથી ઉત્પન્ન થવાવાળું સર્વ જ્ઞાન તો માત્ર જિનેશ્વરોને વિષે જ રહેલું છે. ૩૪. **રોહણાચલ** પર્વતની જેવા જિનેશ્વર પરમાત્મા પાસેથી વિવિધ નામરૂપી રત્નો લઈને પંડિતોરૂપી વેપારીઓએ શીઘ્ર સારા વર્ણવાળા નામરૂપી આભૂષણો બનાવી પોતપોતાના માનેલા હરિહરાદિક દેવોને વિષે સ્થાપન કર્યાં, તેથી તે સારા વર્ણવાળાં નામો કાલાન્તરે તે તે દેવોના નામથી પ્રસિદ્ધ થયાં છે. ૩૫–૩૬. જેમ મેઘનું જળ જ તળાવ વગેરેમાં પડયું હોય છે, તો પણ લોકો કહે છે કે 'આ પાણી તળાવમાં ઉત્પન્ન થયું છે' તેજ પ્રમાણે લોકાગ્ર ઉપર આરૂઢ થયેલા અરિહંતનાજ પર્યાયવાચી નામો હરિહરાદિકને વિષે છે, છતાં તે નામો હરિહરાદિકનાં છે, એમ અજ્ઞાની લોકો બોલે છે. ૩૭–૩૮. વળી જે જે નામો પ્રમાણપૂર્વક લોકોત્તર સત્ત્વને કહેનારાં છે, તે તે નામો અરિહંતને જણાવે છે, એમ તું જાણ. ૩૯. રજોગુણ, તમોગુણ અને સત્ત્વગુણના આભાસથી ઉત્પન્ન થયેલાં બ્રહ્માદિકનામો ક્રોડોવાર અનંત સંસારમાં ભમતા મારા જેવાને પણ પ્રાપ્ત થયાં છે. ૪૦. પોતાના દેવના (વિષ્ણુના) હજાર નામ સાંભળીને મૂઢ માણસ હર્ષિત થાય છે, કમકે શીયાળને તો બોરની પ્રાપ્તિ થવાથી પણ મોટો ઉત્સવ થાય છે. ૪૧. સિદ્ધના અનંત ગુણો હોવાથી જિનેશ્વરના અનંત નામો છે. અથવા તો નિર્ગુણ (સત્ત્વાદિ ગુણરહિત) હોવાથી એકે નામ નથી, એવા તે જિનેશ્વરના નામની સંખ્યા કોણ કહી શકે ? ૪૨. રજોગુણ, તમોગુણ

અને બાહ્ય–સત્ત્વ–ગુણથી રહિત એવા પરમેષ્ઠિના પ્રભાવથીજ આ જગત અજ્ઞાનરૂપી કાદવમાં ડૂબી જતું નથી. ૪૩. હું માનું છું કે આ જગતને પાપથી બચાવવા માટે ત્રણે લોકના નાથ અરિહંત પરમાત્માએ મોક્ષમાં જતી વખતે વહાલા એવા પણ પુણ્યને અહીંજ મૂક્યું છે. ૪૪. સમિતિમાં રક્ત એવા પ્રભુ પાસેથી નાશીને પાપ ભવરૂપી અરણ્યમાં ભાગી ગયું, તેથી તેનો નાશ કરવા માટે સઘળુંય પુણ્ય પણ સૈન્યની જેમ તેની પાછળ પડયું, આ કારણથીજ પુણ્ય-પાપ રહિત થયેલા જિનેશ્વર દેવ લોકાગ્રરૂપી મહેલમાં આરૂઢ થઈ મુક્તિરૂપી સ્ત્રી સાથે ક્રીડા કરે છે. ૪૫–૪૬. જિનેશ્વર દાતાર છે, જિનેશ્વર ભોક્તા છે, આ સર્વ જગત જિનરૂપ છે, જિનેશ્વર સર્વત્ર જયવંતા છે અને જે જિન છે, તે જ હું છું. ૪૭. આ પ્રમાણે ધ્યાનરસના આવેશથી પંચપરમેષ્ઠિમાં તન્મય (તલ્લીન) પણાને પામેલા ભવ્ય પ્રાણીઓ આલોક અને પરલોકમાં નિર્વિઘ્નપણે સમગ્ર લક્ષ્મીને પામે છે. ૪૮.

**ઈતિ સપ્તમ પ્રકાશ સમાપ્ત.**

---

## આઠમો–પ્રકાશ

અરિહંતોને પણ માનનીય તથા જેનાં આઠે કર્મો ક્ષીણ થઇ ગયાં છે, એવા પંદર પ્રકારના સિદ્ધોનું કયા સત્પુરુષો સ્મરણ નથી કરતાં ? કર્મના લેપ વિનાના, ચિદાનંદ સ્વરૂપ, રૂપાદિથી રહિત, સ્વભાવથી જ લોકના અગ્રભાગને પામેલા, સિદ્ધ થયેલ છે અનંત ચતુષ્ટય જેમને એવા, સાદિ–અનંત સ્થિતિવાળા, એકત્રીશ ગુણોવાળા, પરમેશ્વરરૂપ અને પરમાત્મસ્વરૂપ સિદ્ધ ભગવંતોનું નિરંતર મને શરણ હો. ૨–૩. છત્રીસ ગુણોવડે શોભતા ગણધરોનું (આચાર્યો) મને શરણ હો. સર્વ સૂત્રોનો ઉપદેશ કરનારા (ભણાવનારા) ઉપાધ્યાયોનું મને શરણ હો. ૪. ક્ષમાદિ દશ પ્રકારના ધર્મમાં લીન થયેલા હંમેશાં સામાયિકમાં સ્થિર, જ્ઞાનાદિક ત્રણ રત્નને ધારણ કરનાર તથા ધીર

એવા સાધુઓનું મને શરણ હો. ૫. જેમ ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય (નાશ)ને કરનાર બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરને વિષે પરમાર્થથી પરસ્પર ભેદ નથી, તેમ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુમાં પણ પરમાર્થથી ભેદ નથી, એમ આગમમાં કહ્યું છે. ૬. જે ચરાચર જગતના આધારભૂત કહેલો છે એવો કેવલિભાષિત ધર્મ મને શરણ હો. ૭. ધર્મરૂપી હિમાલય પર્વત જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ રત્નત્રયીરૂપ ગંગા નદીના તરંગો વડે ત્રણભુવનને પવિત્ર કરનારો છે. ૮. વિવિધપ્રકારના દૃષ્ટાંતો, હેતુઓ, યુક્તિયુક્ત વચનો(તર્ક)અને અબાધિત નિર્ણયો(સિદ્ધાન્તો)ના સમૂહવડે મનોહર અને એકાંતદર્શન તરફના પૂર્વ પક્ષોનું ખંડન કરનારા એવા પારમાર્થિક અનેકાંતવાદમાં હું લીન થયો છું. ૯. નવતત્ત્વરૂપી અમૃતનો કુંડ જેમાં રહેલો છે અને જે ગંભીરતાનું સ્થાન છે, તે શ્રીજિનાગમ મને પાતાળ જેવો ઊંડો ભાસે છે. ૧૦. શ્રીમાન્ જૈનાગમ સર્વ બુદ્ધિમાનોને માન્ય છે, કારણકે તે મધ્યસ્થપણાનો આશ્રય કરનાર છે, ગુણરૂપી રત્નના સમૂહવડે વીંટાયેલ છે અને અનંતજ્ઞાનનો ખજાનો છે. ૧૧. પંડિતો માટે અજોડ સ્થાનરૂપ બન્ને ય લોકમાં રહેનારી તથા વિકસ્વર શાશ્વત જ્યોતિરૂપ, પરમેષ્ઠિની વાણી શોભે છે. ૧૨. શ્રીધર્મરૂપી રાજાની રાજધાનીરૂપ, દુષ્કર્મોરૂપી કમળના વનને બાળી નાખવામાં હિમના સમૂહરૂપ અને સંદેહના સમૂહરૂપ લતાને છેદવામાં કુહાડી સમાન જિનેશ્વરની વાણી અમારા કલ્યાણનું પોષણ કરો. ૧૩. આ પ્રમાણે નમસ્કારના ધ્યાનરૂપ સમુદ્રમાં જેનો અંતરાત્મા મગ્ન થયો હોય છે, તેની સર્વ કર્મગ્રન્થિ કાચા માટીના ઘડાની જેમ વિલય પામે છે. ૧૪. શ્રી, હ્રી, ધૃતિ, કીર્તિ, બુદ્ધિ અને લક્ષ્મીની લીલાને પ્રકાશ કરનાર તથા સ્વર્ગ અને મોક્ષને આપનાર પંચનમસ્કાર મંત્ર નિરંતર જયવંત રહો. ૧૫. શ્રી **સરસ્વતી** નદીને કાંઠે આવેલ શ્રી **સિદ્ધપુર**નગરમાં શ્રી**સિદ્ધસેન**સૂરિની વાણીએ આ શ્રી**સિદ્ધચક**નું માહાત્મ્ય ગાયું છે. ૧૬.

**ઇતિ અષ્ટમ પ્રકાશ સમાપ્ત.**

# આધારભૂત સાહિત્યની યાદી

## [ અ-કારાદિ ક્રમે ]


૧. અનુભવસિદ્ધમંત્રદ્વાત્રિંશિકા
૨. અનુયોગદ્વારચૂર્ણિ
૩. અભિધાનચિંતામણિકોષ
૪. અરિહાણાઈથુત (પંચ-નમસ્કારચક્ર)
૫. આરાધનાસ્તવન
૬. આવશ્યકનિર્યુક્તિ
૭. ઉત્તરાધ્યયનસૂત્ર
૮. ઉપદેશતરંગિણી
૯. ઉપદેશમાલા અપરનામ પુષ્પમાલા
૧૦. ઉપસર્ગહરસ્તોત્ર-વૃત્તિ
૧૧. ઋષિમંડલસ્તવયંત્રાલેખનસ્તવ
૧૨. ચેઈઅવંદણમહાભાસ
૧૩. જિનોપાસના
૧૪. જ્ઞાનાર્ણવ
૧૫. તત્ત્વાનુશાસન
૧૬. તત્ત્વાર્થસારદીપિકા
૧૭. દશવૈકાલિકસૂત્ર
૧૮. ધમ્મોવએસવિવરણમાલા
૧૯. ધ્યાનવિચાર
૨૦. ધ્યાનશતક
૨૧. નમસ્કાર-ગીતગંગા
૨૨. નમસ્કાર-મહામંત્ર
૨૩. નમસ્કાર-મહિમા
૨૪. નમસ્કાર-માહાત્મ્ય
૨૫. નમસ્કારમંત્રકલ્પસ્વોપજ્ઞ-વૃત્તિ
૨૬. નમસ્કારલઘુપંજિકા
૨૭. નમસ્કાર-સ્વાધ્યાય ભા-૧
૨૮. નમસ્કાર-સ્વાધ્યાય ભાગ-૨
૨૯. નવકારસારથવણ
૩૦. નવતત્ત્વદીપિકા
૩૧. પરમાત્મ-પંચવિંશતિકા
૩૨. પરમેષ્ઠિ-નમસ્કાર
૩૩. પંચનમસ્કૃતિદીપક
૩૪. પંચનમસ્કૃતિસ્તુતિ
૩૫. પંચનમુક્કારફલં
૩૬. પંચનમુક્કારફલથુત્તં
૩૭. પંચપરમેષ્ઠિગીતા
૩૮. પંચપરમેષ્ઠિધ્યાનમાલા
૩૯. પ્રવચનસારોદ્ધારવૃત્તિ

૪૦. બૃહત્કલ્પભાષ્ય
૪૧. ભૈરવપદ્માવતીકલ્પ
૪૨. મહાનિશીથસૂત્ર
૪૩. મહામંત્રનાં અજવાળાં
૪૪. મહામંત્રની સાધના
૪૫. મંત્રરાજરહસ્ય
૪૬. મંત્રવિજ્ઞાન
૪૭. મંત્રવ્યાકરણ
૪૮. મંત્રાધિરાજચિંતામણિ-
બૃહત્કલ્પ
૪૯. યતિદિનચર્યા
૫૦. યોગદર્શન
૫૧. યોગબિન્દુ
૫૨. યોગવિંશિકા
૫૩. યોગશાસ્ત્ર
૫૪. લલિતવિસ્તરાચૈત્યવંદનાવૃત્તિ
૫૫. વિવિધ પૂજાસંગ્રહ
૫૬, વિશેષાવશ્યકભાષ્ય
૫૭. વીતરાગસ્તોત્ર
૫૮. શ્રાદ્ધદિનકૃત્ય
૫૯. શ્રી પ્રતિક્રમણસૂત્રપ્રબોધ—
ટીકા ભાગ ૧
૬૦. ,, ,, ,, ,, ૨
૬૧. ,, ,, ,, ,, ૩
૬૨. શ્રી નમસ્કારમહામંત્ર
૬૩. સંબોધપ્રકરણ
૬૪. સિદ્ધહેમશબ્દાનુશાસન-
સ્વોપજ્ઞબૃહદ્વૃત્તિ

**ઉપરાંત:**

**કોષો, લેખો વગેરે.**

## શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ શાહે રચેલું
## જૈનધર્મનું મહત્ત્વનું સાહિત્ય
### અલભ્ય

(૧) બાલગ્રંથાવલી ૬ શ્રેણી ૧૨૦ પુસ્તિકાઓ
(૨) ધર્મબોધ ગ્રંથમાલા ૨૦ પુસ્તકો
(૩) જૈન શિક્ષાવલી ૩ શ્રેણી–૩૬ પુસ્તિકાઓ
(૪) જૈન ચરિત્રમાલા ૨૦ પુસ્તકો
(૫) વીરવચનામૃત
(૬) Teachings of Lord Mahavira
(૭) જૈન ધર્મપરિચય ભા ૧–૨
(૮) જૈન ધર્મસાર (હિન્દી)
(૯) શ્રી પ્રતિક્રમણસૂત્ર–પ્રબોધટીકા ભાગ–૧–૨–૩
(૧૦) હ્રીંકારકલ્પતરુ
(११) श्री महावीर–वचनामृत (हिन्दी)
(૧૨) જિનોપાસના
(૧૩) જીવવિચારપ્રકાશિકા યાને જૈનધર્મનું પ્રાણીવિજ્ઞાન (આ. બીજી)
(૧૪) નવતત્ત્વદીપિકા યાને જૈનધર્મનું અદ્ભુત તત્ત્વજ્ઞાન (આ. બીજી)
(૧૫) શ્રી ઋષિમંડલ આરાધના (આ. બીજી)
(૧૬) સામાયિકવિજ્ઞાન
(૧૭) સિદ્ધિદાયક સિદ્ધચક્ર
(૮૧) લોગસ્સમહાસૂત્ર યાને જૈનધર્મનો ભક્તિવાદ

**લભ્ય સાહિત્યની યાદી પૂંઠા પર જોઈ શકાશે.**

: પ્રાપ્તિસ્થાન :

**નરેંદ્રકુમાર ડી. શાહ**

સરસ્વતી બીલ્ડીંગ (લવાભાઈ ગણપત બીલ્ડીંગ), બીજે માળે.

કેશવજી નાયક રોડ, (ચીંચ બંદર),

**મુંબઈ–૪૦૦૦૦૯.**

## 卐 ઓગણપચાસમી વંદના 卐

જેઓ
સંતોના શિરોમણિ છે,
યોગીઓના અગ્રણી છે,
સિદ્ધોના સ્વામી છે
તથા
જગબંધુ અને જગન્નાથની
પનોતી પદવી
પામેલા છે,
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**મનુભાઇ પી. મહેતા**
તથા
**હંસાબેન એમ. મહેતા**
પૃથ્વી એપાર્ટમેન્ટ, ૧૦ મે માળે,
અલ્ટ્રામાઉન્ટ રોડ,
ઓગસ્ટ ક્રાંતિ માર્ગ,
**મુંબઇ-૪૦૦ ૦૩૬**

卐 પચાસમી વંદના 卐

જેઓ
અનંત જ્ઞાન
તથા
અનંત શક્તિના
અધિનાયક છે
તથા
આત્માનંદની અનેરી મોજ
માણીને
'આનંદઘન' પદને સાર્થક
કરી રહેલા છે,
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**ઇંદુમતી વિનુભાઇ શાહ**
સી-૫/૧૬-જીવન વિમાનગર
બોરીવલી (વેસ્ટ),
મુંબઈ-૧૦૩
ટે. નં. ૬૬૧૬૬૯

## 卐 એકાવનમી વંદના 卐

જેઓ
સર્વ મંગલોનાં મંગલ છે,
સર્વ કલ્યાણોનાં કારણ છે
અને
સર્વ દુરિતોનું દમન
કરીને
અપૂર્વ આનંદનો વિસ્તાર
કરનારા છે,
તે
આનંદઘનરૂપ
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐


ખોડિયાર કેમિકલ કોર્પોરેશન
૨૧૦–સુજાતા ચેમ્બર્સ,
૧/૩–અભેચંદ ગાંધી માર્ગ,
નરસીનાથા સ્ટ્રીટ,
મુંબઇ–૪૦૦ ૦૦૯
ટે. નં. ૩૩૮૫૦૮
૩૪૫૫૩૬
૩૩૭૨૫૧

## 卐 બાવનમી વંદના 卐

જેમનું
શુભ ભાવે
સ્મરણ કરતાં
સર્વે દુષ્ટ ગ્રહોની અસર
શમી જાય છે,
સર્વે રોગોનો નાશ થાય છે
તથા
મહામારી જેવા
ભયંકર ઉપદ્રવો પણ
દૂર થાય છે,
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હે..

卐


**એચ. એમ. ટ્રેડીંગ**
૨૧૦–સુજાતા ચેમ્બર્સ,
૧/૩–અભેચંદ ગાંધી માર્ગ,
નરસી નાથા સ્ટ્રીટ,
મુંબઈ–૪૦૦ ૦૦૯
ટે. નં. ૩૩૮૫૦૮
૩૩૭૨૫૧

## 卐 ત્રેપનમી વંદના 卐

જેમની
સેવા-પૂજા-ભક્તિ
ઐહિલૌકિક
સર્વે મનોરથોને સિદ્ધ
કરનારી છે
તથા
સ્વર્ગ અને અપવર્ગને
સત્વર
સમીપ લાવનારી છે,
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**ખીમજી ભાણજી ગંગર**
૮-૧૨, ભાસ્કર લેન,
ભૂલેશ્વર,
**મુંબઇ-૪૦૦ ૦૦૨**
ટે. નં. ૨૯૫૯૯૮

卐 ચોપનમી વંદના 卐

જેમને
પરમ ભક્તિથી કરેલો
નમસ્કાર
સંસારસાગરને
તારનારો
થાય છે
તથા
નરને નારાયણ
બનાવે છે,
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐


જયેન્દ્ર એચ. શેઠ
૧૪૬/૯-જવાહરનગર,
રોડ નં. ૯
ગોરેગાંવ (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૬૨
ટે. નં. ૬૯૪૭૭૯

卐 પંચાવનમી વંદના 卐

જેમનું
ધ્યાન ધરતાં
ભવોભવનાં
કર્મબંધનો
તૂટે છે
અને
આત્મપ્રકાશનાં
અનેરાં અજવાળાં
પ્રકટે છે,
તે
શ્રી અરિહંત દેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

શિરીષકુમાર હર્ષદરાય શાહ
૪–બી, ગીતા એપાર્ટમેન્ટ,
ગ્રાઉન્ડ ફ્લોર,
ચંદાવરકર રોડ,
બોરીવલી (વેસ્ટ),
મુંબઇ–૪૦૦ ૦૯૨
ટે. નં. ૬૫૩૨૮૩

卐 છપ્પનમી વંદના 卐

---

જેમણે

સકલ કર્મોનો

ક્ષય કરીને

આત્માનું સંપૂર્ણ

શુદ્ધ સ્વરૂપ

પ્રકટ કર્યું છે

તથા

અક્ષય-અવિચલ

સુખની પ્રાપ્તિ કરી છે,

તે

શ્રી સિદ્ધ ભગવંતોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**સતીશભાઈ ચુનીલાલ ધ્રુપેલિયા**

૨૮-બી, નોબલ ચેમ્બર, ૪ થે માળે,

ઘોઘા સ્ટ્રીટ, ફોર્ટ,

મુંબઈ-૪૦૦ ૦૦૧

ટે. નં. ૨૫૯૨૨૨

## 卐 સત્તાવનમી વંદના 卐

જેઓ
સકલ કર્મના
ક્ષય-પૂર્વક
સિદ્ધ, બુદ્ધ, નિરંજન
થયા છે
અને
લોકના અગ્રભાગે આવેલી
સિદ્ધશિલામાં
વિરાજી રહ્યા છે,
તે
શ્રી સિદ્ધ ભગવંતોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**દિનેશભાઈ પન્નાલાલ મશાલિયા**
૩૮, વસંત વિલાસ, ૨ જે માળે.
ડૉ. ડી. ડી. સાઠે માર્ગ,
( બનામ હોલ લેન )
મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટે. નં. ૩૮૧૪૮૯

## 卐 અઠ્ઠાવનમી વંદના 卐

જેઓ
અનંત જ્ઞાન અને
અનંત દર્શનથી યુક્ત છે,
સઘળાં કાલ્પનિક
સુખ દુઃખોથી મુક્ત છે
તથા
સર્વ અંતરાયોનો ક્ષય
કરીને
અનંત શક્તિથી
અલંકૃત થયેલા છે
તે
શ્રી સિદ્ધ ભગવંતોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**કાંતિલાલ માણેકચંદ વેજાણી**
૩૦૧, કુલીન એપાર્ટમેન્ટ,
મહન્ત રોડ, વીલેપાર્લે (વેસ્ટ),
મુંબઇ–૪૦૦ ૦૫૬.
ટે. નં. ૬૧૪૯૭૯૩

卐 ઓગણસાઠમી વંદના 卐

જેઓ
ચંદ્રોથી વધારે
નિર્મળ છે,
સૂર્યોથી વધારે
તેજસ્વી છે,
તથા
સ્વયંભૂરમણ સમુદ્ર
કરતાં ચે
અધિક ગંભીર છે,
તે
શ્રી સિદ્ધ ભગવંતોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**જીવણભાઈ ગોરધનભાઈ પટેલ**
સંજય એપાર્ટમેન્ટ, ૪ થે માળે,
મંડપેશ્વર રોડ, બોરીવલી (વેસ્ટ).
ટે. નં. ૬૬૫૦૬૯
૬૫૪૯૭૬

卐 સાઠમી વંદના 卐

જેમણે

સ્વરૂપ – રમણતાની

અપૂર્વ આનંદમય

સ્થિતિ પ્રાપ્ત કરેલી છે

અને

અનંત કાલ સુધી

એજ સ્થિતિમાં

રહેનારા છે,

તે

શ્રી સિદ્ધ ભગવંતોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**લક્ષ્મીબેન રતનશી નાગડા**

બી–૨, હેન્ડઝ હોમ સોસાયટી,

૪૪, જુહુ કોલલેન,

અંધેરી (વેસ્ટ),

મુંબઈ–૪૦૦ ૦૫૮

## 卐 એકસઠમી વંદના 卐

જેમણે
ચોરાશીનું ચક્કર
ભેદેલું છે,
ચાર ગતિનો
સર્વથા અંત કરેલો છે,
તથા
પુદ્ગલની સર્વ લીલાનો
પાર પામીને
અતિ ઉજ્જવલ આત્મસ્વરૂપ
પ્રાપ્ત કરેલું છે,
તે
શ્રી સિદ્ધ ભગવંતોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**મનસુખલાલ ડી. વોરા**
**એસ. મનસુખલાલ એન્ડ કું.**
એકસપોર્ટ રેપરીન્ઝેટીવ્સ
પો. બો. નં. ૨૩૬૬, રુબિઆ બિલ્ડીંગ,
૩૯૫, કાલબાદેવી રોડ,
**મુંબઈ–૪૦૦ ૦૦૨.**
ઘર ટે. નં. ૩૫૬૪૮૮ ઓફિસ ટે. નં. ૩૧૯૫૬૪
૩૬૪૦૭૪ ૩૧૯૫૬૬

## 卐 બાસઠમી વંદના 卐

જેઓ
સમગ્ર દેવોના
સમગ્ર કાલના
સર્વ સુખો કરતાં
અનંતગણું સુખ
માણી રહ્યા છે,
તે
આનંદઘનસ્વરૂપ
સિદ્ધ પરમાત્માઓને
અમારી
કોટિ કોટિ વંદના હો

卐


**મહાવીર જૈન મહિલા મંડળ (બોરીવલી)**
હ. કુમુદબેન શાહ, વસુબેન શાહ, જસુબેન ચિકાણી
દરેક પ્રકારની પૂજા, ભાવના તથા
સાંજીનાં ભક્તિનાં ગીતો ગાનાર
૨/૧૬, વિવેકાનંદનગર,
કોરા કેન્દ્રની બાજુમાં,
એસ. વી. રોડ, બોરીવલી (વેસ્ટ),
મુંબઈ–૪૦૦ ૦૯૨.
ટે. નં. ૬૫૪૩૫૯, ૬૮૨૬૮૪

## 卐 ત્રેસઠમી વંદના 卐

જેઓ
તીર્થંકર પરમાત્માના
પરંપરાગત
પ્રતિનિધિ છે
અને
શ્રમણ સંઘનું
સૂકાન સંભાળી
તેને
શુદ્ધ માર્ગે
પ્રવર્તાવે છે,
તે
શ્રી આચાર્ય ભગવંતોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**સ્વ. હિતેશકુમાર લીલાધર**
સાવલાના સ્મરણાર્થે
C/o. રીટા એન્ટરપ્રાઈઝ
૧૦૧–સંગીતા તાવડે વાડી,
એલ. ટી. રોડ, દહીંસર (વેસ્ટ),
મુંબઈ–૪૦૦ ૦૬૮.
ટે. નં. ૬૫૨૪૭૭

卐 ચોસઠમી વંદના 卐

જેઓ

જિનશાસનની ઉન્નતિ માટે

અનેકવિધ ઉપાયો

યોજે છે

તથા

શાસન પર થતા

વિવિધ આક્રમણોને

સર્વશક્તિથી ખાળે છે,

તે

શ્રી આચાર્ય ભગવંતોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**સ્વ. જેઠાલાલ હંસરાજના સ્મરણાર્થે**

(ગામ મુન્દ્રા–કચ્છવાલા)

૨–કૃષ્ણકુંજ, દાદાભાઈ રોડ નં. ૩

વિલેપારલે (પશ્ચિમ),

મુંબઇ–૪૦૦ ૦૫૬

ટે. નં. ૬૨૯૭૮૭

સ્વ. યુગદિવાકર પરમ પૂજ્ય આચાર્ય

શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજનાં

# ❋ વચનામૃતો ❋

- o **શ્રી વીર પ્રભુની વાણી** ક્ષણે ક્ષણે ભાવમરણને આધીન બનેલા સંસારી આત્માઓને અજર—અમર બનાવનાર છે.
- o **શ્રી વીર પ્રભુની વાણી** ભયંકર દ્રવ્ય-ભાવ રોગોના નિવારણ માટે સંજીવની ઔષધિ છે.
- o **શ્રી વીર પ્રભુની વાણી** ચિરકાલના સંચિત થયેલાં પાપ-પુંજને ભસ્મીભૂત કરવામાં પ્રચંડ અગ્નિ સમાન છે.
- o **શ્રી વીર પ્રભુની વાણી** અધમાધમ આત્માને પણ ઉત્તમોત્તમ બનાવનાર છે.
- o **શ્રી વીર પ્રભુની વાણી** પામર આત્માને પણ પરમાત્મ દશાની પ્રભુતા પ્રાપ્ત કરાવનાર છે.
- o **શ્રી વીર પ્રભુની વાણી** આત્માના અજ્ઞાન અંધકારમાં દિવ્ય જ્યોતિ પ્રકટાવનારી છે.
- o **શ્રી વીર પ્રભુની વાણી** વિષય – કષાયના દાવાનલથી સંતપ્ત બનેલા સંસારી જીવો માટે પુષ્કરાવર્ત મેઘ સમાન છે.
- o **શ્રી વીર પ્રભુની વાણી** ભવસાગરમાં ડૂબતા આત્માઓને માટે પ્રવહણ સમાન છે.

卐

#卐 શ્રી મહાવીર પ્રભુને વંદના 卐

**વાચકશેખર શ્રી ઉમાસ્વાતિ મહારાજ**

મોહરહિત, પૂજ્યતમ, પરમ ઋષિ ભગવાન મહાવીરને મન–વચન–કાયાથી શુદ્ધિપૂર્વક નમસ્કાર કરું છું.

—તત્ત્વાર્થાધિગમસૂત્રકારિકા

**શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણ**

જેમણે શુક્લ ધ્યાનરૂપી અગ્નિથી દુષ્ટ કર્મરૂપી ઇંધિનોને દગ્ધ કરી નાખ્યાં, તે યોગીશ્વર વીરને પ્રણામ કરું છું.

—ધ્યાનશતક, મંગલાચરણ

**શ્રી દેવવાચકગણિ**

જગત અને જીવયોનિના વિજ્ઞાપક, જગતના ગુરુ, જગતના જીવોને આનંદ આપનાર, જગન્નાથ, જગબંધુ, જગત્ પિતામહ અપૂર્વ આત્મતેજથી યુક્ત, સર્વશ્રુતના પ્રભવસ્થાન, લોકોને ધર્મની શિક્ષા આપનાર, ચરમ તીર્થંકર મહાત્મા મહાવીર જય પામે છે.

—નન્દિસૂત્ર

**શ્રી હરિભદ્રસૂરિ**

સંસારરૂપી દાવાનળનો દાહ ઓલવવામાં નીર સમાન, સંમોહરૂપી ધૂલને ઉડાડવા માટે પવન સમાન, માયારૂપી પૃથ્વીના પડોને તોડવા માટે તીક્ષ્ણ હલ સમાન અને ધૈર્યમાં મેરુ પર્વત સમાન શ્રી વીર પ્રભુને હું નમસ્કાર કરું છું.

—શ્રી મહાવીર સ્તુતિ

**આચાર્ય શ્રી મલયગિરિ**

કેવલજ્ઞાન વડે સર્વત્ર અબાધિત પ્રકાશ કરનાર, સદા ઉદયવંત, સ્થિર અને તાપરહિત એવા વિશ્વના શ્રેષ્ઠ ભાનુ શ્રી વર્ધમાન જિન જય પામે છે.

—નન્દિવૃત્તિ

## 卐 પાંસઠમી વંદના 卐

જેઓ
પાંચ ઇન્દ્રિયોને
જિતનારા છે,
બ્રહ્મચર્યની નવ વાડોનું
પાલન કરનારા છે
ચાર પ્રકારના કષાયોનો
નિગ્રહ કરનારા છે
તથા
પંચ મહાવ્રતની
સાત્વિક સાધનાથી
સંયમને શોભાવનારા છે,
તે
શ્રી આચાર્ય ભગવંતોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐


**શીટેલ મીલ્સ ક્લોથ સ્ટોર્સ**
હા. હીરજી ચનાભાઈ સાવલા
૨-મીસ્ત્રી બીલ્ડીંગ,
જરબાઈ વાડીયા રોડ, પરેલ
મુંબઈ-૪૦૦ ૦૧૨
ટે. નં. ૮૮૨૧૬૭૨
૮૮૨૮૦૪૧

# 卐 છાસઠમી વંદના 卐

જેઓ

જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્ર્યાચાર

તપાચાર તથા વીર્યાચારનું

પાલન કરવામાં પ્રવીણ છે

તથા

સાધુસમૂહને પણ

એ પંચાચાર પળાવવામાં

પ્રબલ પ્રેરણા કરનારા છે,

તે

શ્રી આચાર્ય ભગવંતોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**બેન ચંપાબેન પ્રેમજી**

તથા

**રળિયાતબેન પાનાચંદ ચેરીટી ટ્રસ્ટ**

હ. ટ્રસ્ટી શ્રી નવીનચંદ્ર છ. કંપાણી

હીરદોશ, ૨ જે માળે, બ્લોક નં. ૯

૫૬–મરીન ડ્રાઇવ,

મુંબઈ–૪૦૦ ૦૨૦

卐 સડસઠમી વંદના 卐

જેઓ

સંયમના શુદ્ધ પાલન માટે

પાંચ સમિતિઓ

તથા

ત્રણ ગુપ્તિઓનું

અનન્ય આલંબન

લે છે,

તથા

સમત્વસાધનાની

સબલ સુંદર ભૂમિકા

રચે છે,

તે

શ્રી આચાર્ય ભગવંતોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**શ્રીમતી શકરીબેન કોદરલાલ**

**આગલોડ**

( જી. મહેસાણા )

# 卐 અડસઠમી વંદના 卐

જેઓ
વીતરાગ મહાપુરુષોનાં વચનોનું
વિશદ
વ્યાખ્યાન કરીને
તેમાં છૂપાયેલાં
અનેકવિધ રહસ્યોને
પ્રકાશમાં લાવે છે
તથા
શિષ્યવર્ગના જ્ઞાનમાં
સમૃદ્ધ ઉમેરો
કરે છે,
તે
શ્રી આચાર્ય ભગવંતોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**શ્રીમતી કમલાબેન પોપટલાલ**
હે. પોપટલાલ મોહનલાલ ગાંધી
મોઢેરા
( જી. મહેસાણા )

卐 ઓગણસીત્તરમી વંદના 卐

જેઓ
સાધુ, સાધ્વી,
શ્રાવક તથા શ્રાવિકા,
એ
ચતુર્વિધ શ્રીસંઘનું
સુંદર સંચાલન કરીને
તેની
ધર્મભાવના જાગૃત
રાખે છે તથા
તેનો અસ્ખલિત
ઉમદા પ્રવાહ
વહેવડાવે છે,
તે
શ્રી આચાર્ય ભગવંતોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**ચીમનલાલ જી. શેઠ**
શિવપ્રસાદ
૯૭-મરીન ડ્રાઈવ,
એમ. ક્રોસ રોડ,
**મુંબઈ-૪૦૦ ૦૨૦**

# 卐 સીત્તેરમી વંદના 卐

જેઓ

વાચના, પૃચ્છના, પરાવર્તના

આદિ

પાંચ પ્રકારના

સ્વાધ્યાય વડે

સાધુસમુદાયના અંતરમાં

શાસ્ત્રીય જ્ઞાનનો

દીવડો

પ્રકટાવે છે,

તે

શ્રી ઉપાધ્યાય ભગવંતોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**વેલજી લખમશીની કું.**
૮૩–લીલાધર લખમશી શાહ માર્ગ,
દાણા બંદર,
મુંબઇ–૪૦૦ ૦૦૯
ટે. નં. ૩૨૮૯૯૧

卐 એકોતેરમી વંદના 卐

જેમની
શાસ્ત્રોનું
અધ્યયન-અધ્યાપન કરવાની
પ્રશસ્ત પ્રવૃત્તિ
શ્રુતજ્ઞાનનો સ્રોત
અસ્ખલિત
અવિચ્છિન્ન
રાખે છે,
તે
શ્રી ઉપાધ્યાય ભગવંતોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐


શાહ રતનચંદ ગણેશમલ એન્ડ કું.
ડીલર્સ ઈન-ડ્રગ્સ, મેડીસીન
એન્ડ
પ્રોવીઝન્સ (માંડવી)
૧૩-૧૮-મસ્જીદ બંદર રોડ,
મુંબઈ-૪૦૦ ૦૦૯
ટે. નં. ૩૩૨૨૪૧

## 卐 બોંતેરમી વંદના 卐

જેઓ
અરિહંતોએ ઉપદેશેલી
અને સૂત્રથી
ગણધર ભગવંતોએ ગુંથેલી
દ્વાદશાંગીનું
ઊંડું અધ્યયન કરીને
તેનો
શિષ્યસમુદાયને
સ્વાધ્યાય કરાવે છે,
તે
શ્રી ઉપાધ્યાય ભગવંતોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**અ. સૌ. શાન્તાબેન વાડીલાલ દોશી**
તથા
**વાડીલાલ શિવલાલ દોશી**
તથા
હસમુખલાલ, જીતેન્દ્રકુમાર તથા
મુકેશકુમાર વાડીલાલ દોશી.
અનંત બીલ્ડીંગ,
૨૧૭–પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ–૪૦૦ ૦૦૨

# 卐 તેંતેરમી વંદના 卐

જેઓ
અગિયાર અંગશાસ્ત્રો
તથા
બાર ઉપાંગશાસ્ત્રોનું
શિષ્ય સમુદાયને
શિક્ષણ આપે છે,
તથા તેમને
ચારિત્ર અને ક્રિયાના
નિયમો સમજાવે છે,
તે
શ્રી ઉપાધ્યાય ભગવંતોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**અંકિત, આશા, રશ્મિકાન્ત, દેવેન, જસ્મીન**
**તથા જયાલક્ષ્મી હિંમતલાલ મોદી.**
એ-૩૫. સર્વોન્નતિ સોસાયટી,
કામાલેન, ઘાટકોપર (વેસ્ટ),
મુંબઇ-૪૦૦૦ ૮૬

## 卐 ચુમ્મોતેરમી વંદના 卐

જેઓ
સાધુ પદમાંથી
આગળ વધીને
પાઠકનું પવિત્રપદ
મેળવે છે
તથા
આચાર્યપદની
યોગ્યતા કેળવવા
પૂરતો પ્રયત્ન
કરે છે,
તે
શ્રી ઉપાધ્યાય ભગવંતોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐


**પોક્ષીવીર કોરપોરેશન**
ડી. એસ. પટવા એન્ડ કું.
ફેક્ટરી : પ્લોટ નં. ૨-૪-૬-૮/૨
૧૧૨, GLDC
ટે. નં. ૩૧૧, ૫૪૫
ઉંબરગામ (જી. વલસાડ)
ઓફિસ : ૧૦૧, અરિહંત,
અમદાવાદ સ્ટ્રીટ, લોખંડ માર્કેટ,
મુંબઈ-૪૦૦ ૦૦૯

## 卐 પંચોતેરમી વંદના 卐

જેઓ
કંચન અને કામિનીના
ત્યાગી છે,
શમ અને દમને
વરેલા છે
તથા
સ્વહિત–પરહિતની
સાધના
કરી રહેલા છે,
તે
શ્રી સાધુ ભગવંતોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**ભૂપતરાય નાગરદાસ શાહ**
જે. આર. ડી. ટ્રેડીંગ કું.
હાર્ડવેર, ઇલેકટ્રીકલ્સ એન્ડ કેમીકલ્સ
૫૧, હરિયાસ્થાન સ્ટ્રીટ,
મુંબઇ–૪૦૦ ००૩
ટે. નં. ઓ. ૩૨૦૩૭૧
ઘર. ૫૧૨૭૬૬૩

## 卐 છોંતેરમી વંદના 卐

જેઓ

સર્વશ્રેષ્ઠ

પંચમહાવ્રત

ધારણ કરીને

તેના પાલનમાં

તત્પર બનેલા છે

તથા તેને

સંયમ અને તપથી

શોભાવી રહેલા છે,

તે

શ્રી સાધુ ભગવંતોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

એક શુભેચ્છક

મુંબઈ

હા. કે. ડી. શાહ

## 卐 સિત્તોતેરમી વંદના 卐

જેમણે
સંસારને અસાર માની
તેનો
ત્યાગ કરેલો છે
તથા
આત્મકલ્યાણને અગ્રપદ આપી
તેની પ્રગતિ માટે
પ્રશસ્ત પુરુષાર્થ
આદરેલો છે,

તે

શ્રી સાધુ ભગવંતોને
અમારી
કોટિ કોટિ વંદના હો

卐

**અનંતરાય ભાયચંદ સંઘવી**
૧/સી–નવિન મંજુ,
ઝવેર રોડ, મુલુંડ,
મુંબઇ–૪૦૦ ૦૮૦
ટે. નં. ૫૬૧૪૦૩૨

## 卐 અઠ્ઠોતેરમી વંદના 卐

જેમણે
ક્રોધ ઉપર કાબૂ મેળવી
શાંતિ ધારણ કરેલી છે,
માનનું મર્દન કરીને
નમ્રતા પ્રકટાવેલી છે,
માયાનો ત્યાગ કરીને
સરલતા સ્વીકારેલી છે,
તથા
લોભનો ત્યાગ કરીને
સંતોષવૃત્તિ કેળવેલી છે,
તે શ્રી સાધુ ભગવંતોને
અમારી કોટિ કોટિ વંદના હો.

卐


**રાજસ્થાન જનરલ સ્ટોર્સ**
જૈન ધર્મશાળા, મેન બજાર,
રાણી (રાજસ્થાન)
તથા
**જૈન હેન્ડીક્રાફ્ટસ**
૧૩૮૫-બાબા હરીશચંદ્ર માર્ગ,
ખાતીવારા, ગુંદીકા ચૌક, જયપુર (રાજસ્થાન)
તથા
**અશોકકુમાર કુંદનલાલ એન્ડ સન્સ**
૩૫-ગુલાલવાડી, કીકાસ્ટ્રીટ
મુંબઈ-૪૦૦ ૦૦૪

卐 ઓગણએંશીમી વંદના 卐

---

જેમનો
સંગ કરવાથી
ભવોભવનાં પાતક
ખપે છે,
પુણ્યની
પવિત્ર સરિતા વહેવા
લાગે છે
તથા
કલ્યાણરૂપી કલ્પવૃક્ષ
ઊગી નીકળે છે,
તે
શ્રી સાધુ ભગવંતોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**ડો. ધનવંત ટી. શાહ**
એફ-૭૬, વિનસ એપાર્ટમેન્ટ
વરલી સી ફેઈસ,
(ફ્લોરા હોટેલની બાજુમાં)
મુંબઈ-૪૦૦ ૦૧૮
ટે. નં. ૩૭૫૭૫૪

## 卐 અંશીમી વંદના 卐

જેમના ઉપદેશથી
પાપના પુંજ પ્રજલવા
લાગે છે
તથા
પુણ્યનો પ્રવાહ
ગનિમાન થાય છે,
તેમજ
ચેતનની ચીનગારીઓ વડે
અવનવો
અદ્ભુત
પ્રકાશ છવાય છે,
તે
શ્રી સાધુ ભગવંતોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**અમિત રતિલાલ દેશાઈ**
૧૦૧-ડી, આનંદનગર,
ફોરજેટ સ્ટ્રીટ,
ભાટિયા હોસ્પીટલ સામે,
મુંબઇ-૪૦૦ ૦૩૬
ટે. નં. ૩૬૬૮૬૯

## 卐 એકાશીમી વંદના 卐

જેમના સ્પર્શથી-

દર્શનથી-

સહવાસથી

ગમે તેવા પાપી હૃદયોનું

પણ પરિવર્તન

થાય છે

અને

સાચી માનવતા

મહેકવા લાગે છે,

તે

શ્રી સાધુ ભગવંતોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

કેલિકો ઈન્ડસ્ટ્રીયલ એન્જીનીયર્સ

ઠે. નંદલાલ રૂપચંદ શાહ

ચકાલા વર્કસ,

અંધેરી (ઇસ્ટ),

મુંબઇ-૪૦૦૦૯૯

卐 બ્યાસીમી વંદના 卐

જે
સર્વ લોકોનું
સમાન ભાવે
કલ્યાણ કરે છે
અને
કદી
કોઈ પણ
અન્યાય—અનીતિના
કામમાં
ભાગ લેતા નથી,
તે
શ્રી સાધુ ભગવંતોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

ઝવેરચંદ જે. રાજા
રાજા ટ્રેડીંગ કું,
૪૦૧-હિમાલયા હાઉસ,
૭૯—પલ્ટન રોડ,
મુંબઈ-૪૦૦૦૦૧

卐 ભાવભરી વંદના 卐

જેઓ
સતત
આત્મનિરીક્ષણ કરતા જ
રહે છે
અને પોતાના
નાના-મોટા દોષો
શોધીને
તેની શુદ્ધિ કરતા રહે છે,
તથા
ખાસ દોષો માટે
દંડ અને પ્રાયશ્ચિત
પણ લે છે,
**તે**
શ્રી સાધુ ભગવંતોને
અમારી
કોટિ કોટિ વંદના હો.


卐
**લોર્ડ એન્ડ ટેલર**
સીકેસલ,
૨૯-ચોપાટી સી ફેઈસ,
શુટીંગ, સટીંગ, ટેલરીંગ
રેડીમેડસ, ટાઈ એન્ડ બેલ્ટસ.
મુંબઈ-૪૦૦૦૦૭
ટે. નં. ૩૬૨૪૫૬

## 卐 ચોરાશીમી વંદના 卐

જે ૐકાર સ્વરૂપ છે,

હ્રીંકાર દ્વારા વ્યક્ત થાય છે,

ક્લીં બીજથી કલિત છે

તથા

મંત્રસમૂહમાં શિવશક્તિરૂપે

બિરાજે છે,

તે

પરમ બ્રહ્મસ્વરૂપ

શ્રી પાર્શ્વનાથ ભગવાનને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**શ્રી કેમીકલ્સ**

૫૦/૫૮–ગરીબદાસ સ્ટ્રીટ,

દાદાજી ધાકજી બીલ્ડીંગ,

મુંબઇ–૪૦૦૦૦૩

ટે. નં. ૩૩૬૨૮૧

卐 પંચાશીમી વંદના 卐

જેમણે
અઢાર દોષોને
દૂર કરીને
પવિત્રતાની પરમ જ્યોત
પ્રકટાવી
તથા
અક્ષય ગુણોના ભંડાર બન્યા,
તે
પુરુષોત્તમ
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**ડગલી કેમીકલ્સ**

૨૦૮–સેમ્યુઅલ સ્ટ્રીટ,
ડીલર્સ ઈન–કેમીકલ્સ,
સોલવેન્ટ, ઈન્ટરમિડીએટીસ વગેરે.
મુંબઈ–૪૦૦૦૦૩
ઘર-ટે. નં. ૫૭૮૧૦૪, ૫૭૪૨૧૯
ઓફિસ ટે. નં. ૩૩૬૬૫૩, ૩૪૮૩૨૪

卐 છયાશીમી વંદના 卐

જેમણે
સર્વ જીવોને મિત્ર માન્યા,
મહાન ઉપસર્ગો કરનાર ઉપર
પણ
કરુણાદૃષ્ટિ રાખી
અને
અહિંસાધર્મનો
અનન્ય ઉપદેશ આપ્યો,
તે
શમરસનિધિ
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐


**જેઠાલાલ મોહનલાલ શાહ**
બી–૬, જલારામ જ્યોત
વલ્લભબાગ લેન,
ઘાટકોપર (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦૦૭૭
ટે. નં. ૫૧૨૭૫૭૮

# 卐 સત્યાશીમી વંદના 卐

અનંતજ્ઞાન તથા શક્તિના
અધિનાયક,
પરમ જ્યોતિ સ્વરૂપ,
સર્વજ્ઞ અને સર્વદર્શી
એવા
પુરુષાદાનીય
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**પદ્માવતી ઈલેક્ટ્રીક સ્ટોર્સ**
**હ. હરેશ એમ. બારભાયા**
**ડીલર્સ** ઈન-ક્રાયસ્ટલ કેબલ્સ,
ઈન્ડસ્ટ્રીયલ ફીટીંગ્સ, કોન્ડયુટ પાઈપ્સ
એન્ડ ઈલેક્ટ્રીકલ એસેસરીઝ
૩૩-પાઠકવાડી, ઈસ્માઈલ બીલ્ડીંગ,
બીજે માળે,
લોહાર ચાલ,
મુંબઈ-૪૦૦૦૦૨
ટે. નં. C/o, ૩૧૦૬૪૧

卐 વંદના અઠ્યાસીમી 卐

જેમના
ચરણની સેવા કરવામાં
શ્રી પાર્શ્વયક્ષ, શ્રી ધરણેન્દ્ર
શ્રી પદ્માવતી, શ્રી વૈરોટ્યા
વગેરે
દેવ-દેવીઓ
અનન્ય આનંદ માને છે,
તથા
ભક્તજનોને સહાય કરવા
તત્પર રહે છે,
તે
ત્રિલોકપૂજ્ય
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો

卐

પ. પૂ. આ. શ્રી વિજયજયાનંદ સૂરિજી મ.ના સદુપદેશથી

**મહેન્દ્રકુમાર રતનજી શાહ**

ડી/૨-જીવા નગર,
બોરીવલી (વેસ્ટ),
મુંબઈ-૪૦૦૦૯૨
ટે. નં. ૬૬૨૫૫૨, ૬૬૧૨૬૮

## 卐 નવ્યાશીમી વંદના 卐

જેઓ
સકલ કર્મના સમૂહથી
મુક્ત છે,
આત્માની અનંત શક્તિથી
યુક્ત છે
તથા
મંગલ અને કલ્યાણના
પરમ ધામ છે,
તે
અચિંત્ય પ્રભાવશાલી
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

પ. પૂ. આ. શ્રી વિજયજયાનંદસૂરિજી મ.ના સદુપદેશથી

**એન. સી. કે. સન્સ**

એક્સપોર્ટ પ્રા. લી.
નાગરી બીલ્ડીંગ,
શહીદ ભગતસિંહ રોડ,
મુંબઈ–૪૦૦૦૦૧
ટે. નં. ૨૯૬૬૩૮

# 卐 નેવુંમી વંદના 卐

જેમના
વિષધર–સ્ફુલિંગ-મંત્રનું
સદા સ્મરણ કરતાં
સર્વ ગ્રહોની પીડા
શમી જાય છે
તથા
સર્વ રોગોનો નાશ થાય છે,
તેમજ
મહામારી જેવા ભયંકર
ઉપદ્રવો
દૂર થાય છે,
તે પરમોપકારી
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

પ. પૂ. આ. શ્રી વિજયજયાનંદસૂરિજી મ.ના સદુપદેશથી
**કિશોરચંદ્ર જમનાદાસ શાહ**
૧૮૮/સન્મતિ, પંતનગર,
ઘાટકોપર (ઇસ્ટ),
મુંબઇ–૪૦૦૦૭૫
ટે. નં. ૫૧૩૭૮૬૦

# 卐 એકાણુંમી વંદના 卐

જેમનો
નામમંત્ર
આ વિષમકાલમાં પણ
કલ્પતરુ, કામધેનુ
તથા
ચિંતામણિરત્નથી પણ
અધિક ફલદાથી છે,
તે
સદા સ્મરણીય
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

પ. પૂ. આ. શ્રી વિજયજયાનંદસૂરિજી મ.ના સદુપદેશથી

**શશીકાંત વાડીલાલ કોઠારી**
૪૧–જ્ઞાન નગર, એલ. ટી. રોડ.
બોરીવલી (વેસ્ટ),
મુંબઇ–૪૦૦૦૯૨
ટે. નં. ૬૬૨૫૧૫

## 卐 બાણુંમી વંદના 卐

જેમનું
પવિત્ર નામસ્મરણ
બાહ્ય-અભ્યંતર
સર્વ પ્રકારના ઉપસર્ગોને
હરનારું છે
તથા
સકલ મનોરથોની
સિદ્ધિ કરી
સ્વર્ગ-અપવર્ગને સત્વર
સમીપ લાવનારું છે.
તે
દેવાધિદેવ
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

પ. પૂ. આ. શ્રી વિજયજયાનંદસૂરિજી મ.ના સદુપદેશથી
**જયેન્દ્રકુમાર ભાઈચંદભાઈ વોરા**
વોરા બ્રધર્સ
૩૨૩-હિમાલયા હાઉસ, ૩ જે માળે.
૭૯-પલ્ટન રોડ.
**મુંબઈ-૪૦૦૦૦૧**
ઓ. ટે. નં. ૨૬૩૭૮૬ ઘર-ટે. નં. ૨૯૨૮૭૪
૨૬૪૫૯૮

## 卐 ત્રાણુંમી વંદના 卐

જેમની

સેવા–ભક્તિ કરવામાં

સુરેન્દ્રો,

નરેન્દ્રો,

તથા

અસુરેન્દ્રો

જીવનની કૃતકૃત્યતા

લેખે છે,

તે

શ્રી પાર્શ્વનાથ ભગવાનને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

પ. પૂ. આ. શ્રી વિજયજયાનંદસૂરિજી મ.ના સદુપદેશથી

**ચંદ્રકાન્ત કાંતિલાલ શાહ**

૧૭–૧૮–પિતૃછાયા, એસ. વી. રોડ.

કાંદીવલી (વેસ્ટ),

મુંબઈ–૪૦૦૦૬૭

ટે. નં. ૩૧૦૯૮૨

## 卐 ચોરાણુંમી વંદના 卐

જેમને
ભોગમાર્ગનો ત્યાગ કરી
મુક્તિસાધક મહાયોગનું
અદ્વિતીય આલંબન લીધું
અને
પરમ વીતરાગદશા
પ્રાપ્ત કરી,
તે
મંગલમૂર્તિ
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

પ. પૂ. આ. શ્રી વિજયજયાનંદસૂરિજી મ.ના સદુપદેશથી

**ગુણવંતલાલ ચંદુલાલ શાહ**

કિશોર એન્ટરપ્રાઈઝ
દુકાન નં. ૩, મનીષ એપાર્ટમેન્ટ,
ડૉ. દળવી રોડ,
કાંદીવલી (વેસ્ટ),
મુંબઈ–૪૦૦૦૬૭

## 卐 પંચાણુંમી વંદના 卐

જેમણે
મૈત્રી ભાવથી
વિશ્વને વ્યાપ્ત કર્યું,
પ્રમોદ ભાવનાનો
સર્વત્ર વિસ્તાર કર્યો,
કારુણ્ય ભાવનાનું
અનુપમ દૃષ્ટાન્ત પૂરું પાડ્યું
તથા માધ્યસ્થ ભાવનાનું
સતત સેવન કરીને
સમભાવની સિદ્ધિ કરી.
તે ધર્મનાયક
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

પ. પૂ. આ. શ્રી વિજયજયાનંદસૂરિજી મ.ના સદુપદેશથી

**શાંતિલાલ માણેકચંદ દોશી**
(સાવરકુંડલાવાળા)
૨૦૫–શ્રીનાથ એપાર્ટમેન્ટ,
શાંતિલાલ મોદી રોડ,
કાંદીવલી (વેસ્ટ),
મુંબઈ–૪૦૦૦૬૭
ટે. નં. ૩૨૪૧૭૮

## 卐 છન્નુંમી વંદના 卐

જેમની
મધુર દેશનાએ
લાખો હૈયાનાં
મિથ્યાત્વમલને ધોઈ નાખ્યો,
કષાયરૂપી કાદવને દૂર કર્યો
તથા
સમ્યક્ત્વની સુધાવર્ષા કરી.
તે
મહાન ઉપદેશક
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

પ. પૂ. આ. શ્રી વિજયજયાનંદસૂરિજી મ.ના સદુપદેશથી


**અર્પીપા એન્ટરપ્રાઈઝીસ**
૧૯-૨૧ આર. સી. મામાપથ.
૨ જે માળે,
લોહારચાલ,
મુંબઈ-૪૦૦૦૦૨
ટે. નં. C/o, ૨૫૧૧૧૬૭

## 卐 સત્તાણુંમી વંદના 卐

જેમણે
લોકાલોકનું
સ્વરૂપ પ્રકાશ્યું,
ષડ્દ્રવ્યની
પ્રરૂપણા કરી
તથા
ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યનો
સિદ્ધાંત સમજાવી
અનેકાન્તવાદને આગળ કર્યો,
તે
મહાન ધર્મદેશક
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

પ. પૂ. આ. શ્રી વિજયજયાનંદસૂરિજી મ.ના સદુપદેશથી
મે. જયદીપ ટ્રેડર્સ
"કોમલ"
૨૦–ન્યુ જાગનાથ રોડ,
રાજકોટ–૧

## 卐 અઠ્ઠાણુંમી વંદના 卐

જેમણે
પૌદ્‌ગલિક તત્ત્વોના પ્રવાહથી
પર થઈને
આત્મરમણતાની
અનેરી મોજ માણી
અને
આનંદઘનપદ પ્રાપ્ત કર્યું,
તે
પરમાત્મસ્વરૂપ
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

પ. પૂ. આ. શ્રી વિજયજયાનંદસૂરિજી મ.ના સદુપદેશથી

**શાહ ઉમેદચંદ પાનાચંદ**
(વાંકાનેરવાળા)

૭–ડી, કૃષ્ણનગર,
ચંદાવરકર લેન,
બોરીવલી (વેસ્ટ),
મુંબઈ–૪૦૦૦૯૨
ટે. નં. ૬૬૩૮૬૭

## 卐 નવ્વાણુંમી વંદના 卐

જેમનો
નામમંત્ર
જલમાં, સ્થલમાં તથા આકાશમાં
અપૂર્વ રક્ષણ આપે છે
તથા
જેમનું ધ્યાન
અંતરની સર્વ અશુચિ
દૂર કરીને
પવિત્રતાનો પરમ પ્રકાશ
પાથરે છે,
તે
વિશ્વવંદ્ય
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

પ. પૂ. આ. શ્રી વિજયજયાનંદસૂરિજી મ.ના સદુપદેશથી

**ધીરજલાલ હરખચંદ શાહ**
બી-૨, બ્લોક નં.-૬, ૧લે માળે,
૯૦-ફૂટ રોડ, ઘાટકોપર (ઈસ્ટ),
મુંબઇ-૪૦૦૦૭૭
ટે. નં. ૫૧૨૭૮૬૮

## 卐 સોમી વંદના 卐

જેમના પ્રભાવે
દુર્ગમ કાર્યો સુગમ બને છે,
લોકપ્રીતિ સાંપડે છે,
યશનો વિસ્તાર થાય છે,
તથા
અચિંત્ય લાભ મળે છે,
તે
મહાદેવી શ્રી પદ્માવતીને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

પ. પૂ. આ. શ્રી વિજયજયાનંદસૂરિજી મ.ના સદુપદેશથી

શા. કુંવરજી હરગણ
જોશીબાગ,
સુંદર પંડિત ચાલ, ૩જે માળે.
કલ્યાણ
(જી. થાણા)
ટે. નં. ૪૪૭૪

## 卐 એકસો એકમી વંદના 卐

જેના
સતત સ્મરણ વડે
રાજા તથા પ્રજાનું
સંમોહન થાય છે,
અરિગણનું ઉચ્ચાટન થાય છે
તથા
સર્વ વિદ્યાની
સિદ્ધિ થાય છે,
તે
મહાદેવી શ્રી પદ્માવતીને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

પ. પૂ. આ. શ્રી વિજયજયાનંદ સૂરિજી મ. ના સદુપદેશથી

**પ્રકાશ ઈન્ડસ્ટ્રીઝ**
લાભ ચેમ્બર, ગ્રાઉન્ડ ફ્લોર,
મ્યુનિસીપલ કોર્પોરેશન સામે,
ઢેબર રોડ,
રાજકોટ

## 卐 એકસો બેમી વંદના 卐

જેમના કૃપાકટાક્ષથી
શાંતિ અને તુષ્ટિ થાય છે,
જેમની પ્રસન્નતાથી
સૌભાગ્યનું આકર્ષણ થાય છે
તથા
જેમની સહાયથી
શત્રુઓનું સ્થંભન થાય છે,
તે
મહાદેવીશ્રી પદ્માવતીને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐


પ. પૂ. આ. શ્રી વિજય જયાનંદ સૂરિજી મ.ના સદુપદેશથી
**શામજી વિશ્રામ ઝવેરી**
આર્ટ જ્વેલર્સ
૧૨૫-શેખ મેમન સ્ટ્રીટ,
ઝવેરી બજાર,
મુંબઈ-૪૦૦૦૦૨
ટે. નં. ૩૨૭૨૨૬

## 卐 એકસો ત્રણમી વંદના 卐

જે

ઇચ્છિત ફલ આપવાથી

'કામદા' કહેવાય છે,

જે

પરમ ઐશ્વર્યશાલી હોવાથી

'ભગવતી' તરીકે પ્રસિદ્ધ છે,

તથા જે

દુષ્ટોના માનમર્દન વડે

'કાલી' તરીકે ખ્યાતિ પામેલી છે,

તે

મહાદેવી શ્રી પદ્માવતીને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

પ. પૂ. આ. શ્રી વિજયજયાનંદ સૂરિજી મ.ના સદુપદેશથી

**દિલપ્રકાશ ટ્રેડીંગ કું.**

મનોર રોડ,

**પાલઘર**

(જી. થાણા)

## 卐 એકસો ચારમી વંદના 卐

જે
કમલના જેવા
રુચિર વર્ણવાળી છે;
જે
કમલના જેવા
સુંદર મુખવાળી છે,
જે
કમલ જેવી
મધુર સુગંધથી યુક્ત છે,
તે
મહાદેવી શ્રી પદ્માવતીને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

પ. પૂ. આ. શ્રી વિજયજયાનંદ સૂરિજી મ.ના સદુપદેશથી

**શર્મિષ્ઠાબેન મનુભાઇ ગાંધી**
' મુક્તિ નિકેતન ' ૨ જે માળે.
કાર્ટર રોડ નં. ૩,
બોરીવલી (ઈસ્ટ),
મુંબઈ–૪૦૦૦૬૬
ટે. નં. ૬૬૩૬૮૩

## 卐 રત્નકણિકાઓ 卐

- નમસ્કાર મહામંત્ર જગતનો શ્રેષ્ઠ મંત્ર છે.
- થોડો પણ ધર્મ જીવને દુર્ગતિમાં પડતો અટકાવે છે.
- અજબ લીલા છે કર્મની !
- દુર્જનથી દૂર ભાગો.
- આશા સદા યૌવનવંતી હોય છે.
- તૃષ્ણાને છેડો હોતો નથી.
- બીજાનું ભલું ચિંતવનાર પોતાનું ભલું કરે છે.
- મોટાઓની ઈર્ષ્યા કરશો નહિ.
- વધુ રાગથી ભોગવાતાં સુખો વધારે દુઃખો આપનારાં હોય છે.
- કોઈના દોષો જોવા નહિ, ગુણો બધાના જોવા.
- આત્મકલ્યાણ વિના લોકકલ્યાણ થતું નથી.
- દુઃખપૂર્ણ સંસારમાં વૈરાગ્ય એ વિશ્રાંતિસ્થાન છે.
- માતા-પિતાની સેવા ન કરનારની પ્રભુભક્તિ ફળતી નથી.
- સહનશક્તિ કેળવવી એ સુખી થવાનો રસ્તો છે.
- નાનાઓનું અપમાન કરશો નહિ.
- ઈર્ષ્યા અને નિંદા સજ્જનને દુર્જન બનાવે છે.
- મોટાઈનું માપ ગુણોથી છે, વય કે વૈભવથી નહિ.
- જેવું કરશો તેવું પામશો.

- પ્રતિષ્ઠા કરતાં પવિત્રતા ઘણી મહાન છે.
- બાળકોના કુસંસ્કારો માટે માતા-પિતા જવાબદાર છે.
- સૌનું ભલું કરવું, કોઈનું બૂરું કરવું નહિ.
- પાપથી દૂર રહો, પુણ્યની નજીક જાઓ.
- સુખમાં છકી નવ જવું, દુઃખમાં ન હિંમત હારવી.
- લાખો મણ શિખામણ કરતાં આચરણની એક રતિ શ્રેષ્ઠ છે.
- કેવલ સુખની સામગ્રીથી જ સુખી થવાતું નથી.
- ઊંચે ચડવું કે નીચે પડવું એ માણસના હાથની વાત છે.
- યુવાની દિવાની છે.
- સંતોષી સદા સુખી.
- આત્મા તેજ પરમાત્મા.
- પ્રમાદનો પરિહાર કરો.
- માનવતાનો વિકાસ કરો.
- અભિમાન અનર્થ કરાવે છે.
- સ્ત્રીની સાચી શોભા શિયલ છે.
- વિનય વડો સંસારમાં.
- પીપા પાપ ન કીજિયે, પુણ્ય કર્યું સો વાર.
- આત્મ નિરીક્ષણ કરવાની ટેવ પાડો.
- ગમ ખાઓ, કમ ખાઓ.
- ધર્મ વધતાં ધન વધે, વધત વધત વધી જાય.
  ધર્મ ઘટતાં ધન ઘટે, ઘટત ઘટત ઘટી જાય.
- સંચય કરવો હોય તો ગુણનો કરો.

## 卐 એકસો પાંચમી વંદના 卐

જેને માંત્રિકો
મહાદેવી તરીકે સ્તવે છે,
જેને તાંત્રિકો
વિવિધ ઉપચારો વડે પૂજે છે,
તથા
જેનું યોગીઓ પણ
અનન્ય નિષ્ઠાથી
ધ્યાન ધરે છે,
તે
મહાદેવી શ્રી પદ્માવતીને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

પ. પૂ. આ. શ્રી વિજયજયાનંદસૂરિજી મ.ના સદુપદેશથી

**જશવંતલાલ રતનચંદ સુતરીયા**
૧૧૯/૫-મસ્કતી મહાલ,
લોહારચાલ,
મુંબઇ-૪૦૦૦૦૨
ટે. નં. ૩૧૧૯૮૩

卐 એકસો છમી વંદના 卐

જે
સૌભાગ્યની વૃદ્ધિ
કરનારી છે,
જે
ઉજ્જવલ યશનો
વિસ્તાર કરનારી છે,
તથા જે
પ્રસાદ અને પ્રસન્નતાને
આપનારી છે,
તે
મહાદેવી શ્રી પદ્માવતીને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

પ. પૂ. આ. શ્રી. વિજયજયાનંદસૂરિજી મ. ના સદુપદેશથી

**સ્વ. માતુશ્રી વ્રજકુંવરબાઇ ના સ્મરણાર્થે**

ડા. હરસુખલાલ રણછોડદાસ શાહ
એ/૮–નેમિનાથ એપાર્ટમેન્ટ,
સીમ્પોલી રોડ, બોરીવલી (વેસ્ટ),
મુંબઇ–૪૦૦૦૯૨
ટે. નં. ૬૬૪૬૦૨

## 卐 એકસો સાતમી વંદના 卐

જેમનું સ્મરણ
સુખકારી છે,
જેમનું વંદન
ત્રિવિધ કષ્ટોને કાપનારું છે
તથા
જેમનું પૂજન
પ્રભુતાના શિખરે
પહોંચાડનારું છે,
તે
મહાદેવી શ્રી પદ્માવતીને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

પ. પૂ. આ. શ્રી વિજય જયાનંદ સૂરિજી મ.ના સદુપદેશથી


**વિજય બેરીંગ કંપની**

૧૫૫-નારાયણ ધ્રુવ સ્ટ્રીટ,
ગ્રાઉન્ડ ફ્લોર,
મુંબઈ—૪૦૦૦૦૩
ઓ. ટે. નં. ૩૨૩૨૨૦
૩૩૭૨૦૧
ઘર ટે. નં. ૫૬૧૫૨૭૦

卐 એકસો આઠમી વંદના 卐

જેમની

આરાધના-ઉપાસના

સર્વ સિદ્ધિઓને આપનારી છે,

મંગલ અને કલ્યાણનું

અનન્ય આકર્ષણ

કરનારી છે

તથા

ભુક્તિ અને મુક્તિનાં

સુખોને

આપનારી છે,

તે

મહાદેવી શ્રી પદ્માવતીને,

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

પ. પૂ. આ શ્રી વિજયજયાનંદસૂરિજી મ.ના સદુપદેશથી

**ઇન્દિરાબહેન ચંદ્રકાન્ત દેઢી**

૩૪, જ્ઞાનનગર,

એસ. ટી. રોડ, બોરીવલી (વેસ્ટ),

મુંબઈ-૪૦૦૦૯૨

## 卐 એકસો નવમી વંદના 卐

જે

સર્વ મંગલોનું

મંગલ છે.

જે

સર્વે કલ્યાણોનું

કારણ છે

અને જે

સદા–સર્વદા

જયવંતુ વર્તે છે.

તે

શ્રી જિનશાસનને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

પ. પૂ. આ. શ્રી વિજયજયાનંદ સૂરિ મ.ના સદુપદેશથી

**નવીનચંદ્ર જી. શાહ**

સાંઈ છાયા, બ્લોક નં. ૪૧, ૪થે માળે,

૪થો રસ્તો, ખાર (વેસ્ટ),

**મુંબઈ–૪૦૦૦૫૨**

ટે. નં. ૫૩૪૭૬૮

## 卐 એકસો દશમી વંદના 卐

શ્રી અરિહંત ભગવંતોને,

શ્રી સિદ્ધ ભગવંતોને,

શ્રી આચાર્ય ભગવંતોને,

શ્રી ઉપાધ્યાય ભગવંતોને

તથા

લોકમાં રહેલા

સર્વ સાધુ ભગવંતોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**વિરપાર સામત શાહ સપરિવાર**

C/o. આરતી, બી-૨૪.
જુના નાગરદાસ રોડ,
અંધેરી (પૂર્વ),
મુંબઈ-૪૦૦૦૬૯
ટે. નં. ૬૩૨૬૯૧૧

## 卐 એકસો અગિયારમી વંદના 卐

જે

જગતનો સહુથી

પ્રાચીન અને સ્વતંત્ર

ધર્મ છે

તથા

જેણે

માનવમાત્રને

આત્મકલ્યાણ કરવાનો

એકસરખો અધિકાર

આપ્યો છે.

તે

જૈન ધર્મને

અમારી કોટિ કોટિ વંદના હો.

卐

**નવીનચંદ્ર પુનશી ગંગર**

૪૩, જૈના બાગ

દહીંસર (ઈસ્ટ),

મુંબઈ

## 卐 એકસો બારમી વંદના 卐

જેનું

પરમ-તારક એવા

તીર્થંકર પરમાત્મા દ્વારા

અનાદિકાલથી

પ્રવર્તન થતું રહ્યું છે

તથા

જેણે

જગતના જીવમાત્રનું

કલ્યાણ કર્યું છે,

તે

જૈન ધર્મને

અમારી કોટિ કોટિ વંદના હો.

卐

પ. પૂ. આ. શ્રી વિજયજયાનંદસૂરિજી મ.ના સદુપદેશથી

**રમણીક વી. શાહ**

૧૦૫,૧૧૭ શામળદાસ ગાંધી માર્ગ,

દામોદર બીલ્ડીંગ, બીજે માળે,

મુંબઈ—૪૦૦૦૦૨

## 卐 એકસો તેરમી વંદના 卐

જેણે

લોકોને

શ્રદ્ધા અને સંકલ્પના

પાઠે પઢાવ્યા છે

તથા

મંગલ અને કલ્યાણના

અનેકવિધ ઉપાયો

દર્શાવી

પરમ લોકોપકાર

કર્યો છે,

તે

જૈન ધર્મને

અમારી કોટિ કોટિ વંદના હો.

卐

**સ્વ. ડાહ્યાભાઈ ઉત્તમચંદ માટલીવાલાના**

**સ્મરણાર્થે**

મુ. પાટણ (ઉ. ગુજરાત)

## 卐 એકસો ચૌદમી વંદના 卐

જેણે

ભક્તિની શક્તિ

પ્રકાશી છે,

તથા

આરાધના-ઉપાસના માટે

વિવિધ પ્રકારના

અનુષ્ઠાનો યોજીને

મુમુક્ષુઓનું

મહાકલ્યાણ કર્યું છે,

તે

જૈન ધર્મને

અમારી કોટિ કોટિ વંદના હો.

卐

**જુલિયેટ ટ્રેડીંગ**

૪૦૩, આશીષ ઇન્ડસ્ટ્રીઝ એસ્ટેટ

દાદર (વેસ્ટ),

મુંબઈ

## 卐 એકસો પંદરમી વંદના 卐

જેણે

સર્વ ક્રિયાઓમાં

અને

સકલ અનુષ્ઠાનોમાં

આત્મશુદ્ધિને

અગ્રતા આપી છે

તથા

તેની પૂર્ણતામાં

જીવનની કૃતકૃત્યતા

માની છે,

તે

જૈન ધર્મને

અમારી કોટિ કોટિ વંદના હો.

卐

**વલ્લભ ફ્રેન્ડ્સ**

નવજીવન કો. ઓ. હાઉસીંગ સોસાયટી

રૂમ નં–૧૦૨, બીલ્ડીંગ નં. ૮

લેમિંગ્ટન રોડ,

**મુંબઈ–૪૦૦૦૦૮**

卐 એકસો સોળમી વંદના 卐

જેણે

જિનભક્તિનો

જ્વલંત ઉપદેશ આપ્યો છે,

તથા

ભારતની ભવ્ય ભૂમિને

વિવિધ તીર્થો

તથા

હજારો મંદિરોથી

મંડિત કરી છે,

તે

જૈન ધર્મને

અમારી કોટિ કોટિ વંદના હો.

卐

**નરેન્દ્રકુમાર ધીરજલાલ શાહ**

**તથા**

**શ્રીમતી રંજનબહેન એન. શાહ**

સરસ્વતીસદન, બીજે માળે,

૧૧૩-૧૫ કેશવજી નાયક રોડ,

મુંબઈ–૪૦૦૦૦૯

## 卐 એકસો સત્તરમી વંદના 卐

જેણે
દાન અને શીલ
તથા
તપ અને ભાવ
એ
ચતુર્વિધ ધર્મની
પ્રરૂપણા કરીને
માનવમાત્રને માટે
મુક્તિનાં દ્વાર
ખુલ્લાં મૂકી દીધાં છે,
તે
જૈન ધર્મને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

પૂ. પ. પ્ર. શ્રી સૂર્યોદયવિજયજી મ.ના સદુપદેશથી

**રામજીભાઈ મેઘજી ગુઢકા શાહ**

પ્રકાશ ૧૯૬/૩, પહેલે માળે,
આર. વી. મહેતા માર્ગ
ઘાટકોપર (ઇસ્ટ),
**મુંબઈ–૪૦૦૦૭૭**

## 卐 એકસો અઢારમી વંદના 卐

જેણે
આત્માની અમરતા
સ્વીકારીને
અધ્યાત્મની
આલિશાન ઈમારત
ખડી કરી છે
તથા
પુણ્ય—પાપનાં
શુભાશુભ ફ્લો
દર્શાવીને
લોકોને સન્માર્ગે
દોર્યા છે,
તે
જૈન ધર્મને
અમારી
કોટિ કોટિ વંદના હો

卐

પૂ. પં. પ્ર. શ્રીસૂર્યોદયવિજયજી મ.ના સદુપદેશથી

**સ્વ. પ્રદીપકુમાર ધીરજલાલ મહેતા**

C/o. ધીરજલાલ મનજી મહેતા
સાંઈકૃપા સોસાયટી, બ્લોક નં—૧
કામા લેન,
ઘાટકોપર (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦૦૭૭
ટે. નં. ૫૧૨૧૫૦૭

## 卐 એકસો ઓગણીસમી વંદના 卐

જેણે
ભક્તિની ભવ્યતા
પ્રકાશી છે,
યોગની ઉત્કૃષ્ટતા
દર્શાવી છે
તથા
મંત્રોપાસનાના
મંગલ માર્ગને
મંજૂરીની મહોર મારી છે,
તે
જૈન ધર્મને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

પૂ. પં. પ્ર. શ્રી સૂર્યોદયવિજયજી મ.ના સદુપદેશથી

**ભોગીલાલ ગીરધરલાલ શાહ**
૧૯—નીલાંબર
કીરોલ રોડ, કામાગલી,
ઘાટકોપર (વેસ્ટ),
મુંબઈ—૪૦૦૦૮૬
ટે. નં. ૫૧૩૩૩૬૨

卐 એકસો વીશમી વંદના 卐

જેણે

ચૌદ રાજલોકમાં

રહેલા

સર્વ જીવોનું

વ્યવસ્થિત વર્ગીકરણ

કરીને

જીવદયાનું વિજ્ઞાન

વિસ્તાર્યું છે,

તે

જૈન ધર્મને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

પૃ. પં. પ્ર. શ્રી સૂર્યોદયવિજયજી મ.ના સદુપદેશથી

**શાંતિલાલ છોટાલાલ શાહ**

એ ૪. જિનેશ્વર દર્શન

નવરોજી લેન

ઘાટકોપર (વેસ્ટ)

મુંબઈ-૪૦૦૦૮૬

## 卐 એકસો એકવીસમી વંદના 卐

જેણે
જડ અને જીવની
જુદાઈ જણાવવા
નવતત્ત્વની પ્રરૂપણા
કરી છે
અને
મોક્ષનો માર્ગ
પ્રકાશ્યો છે,
તે
જૈન ધર્મને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

પૂ. પં. પ્ર. શ્રી સૂર્યોદયવિજયજી મ.ના સદુપદેશથી

**ભોગીલાલ બી. શાહ**

૧–ગીતા ભુવન
કારાણી લેન,
આગ્રા રોડ,
ઘાટકોપર (વેસ્ટ),
મુંબઈ–૪૦૦૦૮૬
ટે. નં. ૫૧૩૯૬૩૭

卐 એકસો બાવીશમી વંદના 卐

જેણે
પંચપરમેષ્ઠી પ્રત્યે
પરમ ભક્તિ
દર્શાવીને
પરમેશપૂજાનો
એક નવો
આદર્શ પ્રવર્તાવ્યો છે,
તે
જૈન ધર્મને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

પૂ. પં. પ્ર. શ્રી સૂર્યોદયવિજયજી મ.નાં સદુપદેશથી


**કાંતિલાલ ભાઈચંદ મહેતા**
બી-૮, મુનિસુવ્રત દર્શન
નવરોજી લેન,
ઘાટકોપર (વેસ્ટ),
મુંબઈ-૪૦૦૦૮૬
ટે. નં. ૫૧૩૨૭૧૧

## 卐 એકસો ત્રેવીશમી વંદના 卐

જેણે
બાહ્ય ભક્તિ કરતાં
અભ્યંતર ભક્તિને
ઘણું ઊંચું સ્થાન
આપ્યું છે
અને એ રીતે
ભાવભક્તિનો
ભવ્ય વિસ્તાર કર્યો છે,
તે
જૈન ધર્મને
અમારી
કોટિ કોટિ વંદના હો,

卐

પૂ. પં. પ્ર. શ્રી સૂર્યોદયવિજયજી મ.ના સદુપદેશથી

**ગાંધી ગોરધનદાસ લવજી**

પરમાનંદ ભુવન, પાંચમે માળે,
નવરોજી લેન,
ઘાટકોપર (વેસ્ટ),
**મુંબઇ–૪૦૦૦૮૬**

## 卐 એકસો ચોવીશમી વંદના 卐

જેણે
નિશ્ચય સામે
દૃષ્ટિ રાખીને
વ્યહારનો ઉપદેશ
કર્યો છે
અને
દરેક ભૂમિકાવાળાને
આગળ વધવાની
અનેરી તક
પૂરી પાડી છે.
તે
જૈન ધર્મને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

પૂ. પં. પ્ર. શ્રી સૂર્યોદયવિજયજી મ.ના સદુપદેશથી

**જયકુમાર અનંતરામ શાહ**
૩-સત્યમ્, ૧લે માળે,
હાંસોટી લેન, કામાગલી.
ઘાટકોપર (વેસ્ટ),
મુંબઈ-૪૦૦૦૮૬
ટે. નં. ૫૧૩૪૫૧૮

## 卐 એકસો પચીશમી વંદના 卐

જેની
આધ્યાત્મિક આરાધનાઓ
માનવને મહામાનવ
બનાવે છે,
મહામાનવને દેવ
બનાવે છે
તથા
દેવને દેવાધિદેવ
બનાવે છે,
તે
જૈન ધર્મને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

પૂ. પં. પ્ર. શ્રી સૂર્યોદયવિજયજી મ.ના સદુપદેશથી

**જયંતિલાલ અમીચંદ શાહ**
**(ચોગઠવાળા)**


૧૫–એ, મુનિસુવ્રત દર્શન
ચોથે માળે,
ઘાટકોપર (વેસ્ટ),
મુંબઈ–૪૦૦૦૮૬
ટે. નં. ૫૧૩૪૮૨૬

## 卐 એકસો છવ્વીસમી વંદના 卐

જેણે
અહિંસાધર્મના
પાલન માટે
અનેક પ્રકારનાં
આત્મબલિદાનો
આપ્યાં છે
અને
સત્યમાં સ્થિર
થવા માટે
દિવ્ય દેશના
આપેલી છે,
તે
જૈન ધર્મને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

પૂ. પં. પ્ર. શ્રી સૂર્યોદયવિજયજી મ.ના સદુપદેશથી

**જયંતિલાલ નેમચંદ ગુંદરવાલા**

સત્યમ, ૩જે માળે, બ્લોક નં. ૧૫
કામાગલી,
ઘાટકોપર (વેસ્ટ),
મુંબઈ-૪૦૦૦૮૬
ટે. નં. ૫૧૩૩૦૯૬

卐 એકસો સત્તાવીશમી વંદના 卐

જેણે
સર્વ હતાશાઓને
હણીને
સર્વ નિરાશાઓનો
નાશ કરીને
અનન્ય
'આશાવાદી બનવાનો
અણમોલ ઉપદેશ
આપ્યો છે,
તે
જૈન ધર્મને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

પૂ. પં. પ્ર. શ્રી સૂર્યોદયવિજયજી મ.ના સદુપદેશથી

**શ્રી પરમાનંદ રાયચંદ શાહ**

**(દાણાવાલા)**

હાંસોટી એપાર્ટમેન્ટ,
કામાગલી, ઘાટકોપર (વેસ્ટ),
મુંબઈ–૪૦૦૦૮૬
ફોન–૫૧૩૪૦૩૬

卐 એકસો અઠ્ઠાવીશમી વંદના 卐

જેણે
પ્રમાદનો પરિહાર
કરી
જીવનને જયશાલી
બનાવવા માટે
પાંચ પ્રકારનો
પુરુષાર્થ
ઉપદેશ્યો છે,
તે
જૈન ધર્મને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

પૂ. પં. પ્ર. શ્રી સૂર્યોદયવિજયજી મ.ના સદુપદેશથી

**શ્રી મોહનલાલ માલશી દોશી**
૯, 'અમૃત' પહેલે માળે,
કામાગલી, ઘાટકોપર (વેસ્ટ).
મુંબઈ-૪૦૦૦૮૬
ફોન-૫૧૩૩૮૦૧

## 卐 એકસો ઓગણત્રીશમી વંદના 卐

જેણે

અજ્ઞાનરૂપી અંધકારમાં

આથડતા જીવોને

પૂર્ણ પ્રકાશ

આપવા માટે

શ્રુતરૂપી

જ્વલંત જ્યોત

પ્રકટાવી છે,

તે

જૈન ધર્મને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

પૂ. પં. પ્ર શ્રી મહાનંદવિજયજી મ.ના સદુપદેશથી

**શ્રી ગોડી પાર્શ્વનાથ ટેમ્પલ ટ્રસ્ટ**

૧૧૦/૧૧૧ ગુરુવારપેઠ

પૂના-૪૧૧૦૦૨

卐 એકસો ત્રીશમી વંદના 卐

જેણે

શ્રદ્ધા સંયુત

જ્ઞાન અને ક્રિયા

વડે

મુક્તિમહાલયના

દિવ્ય દ્વારોમાં

પ્રવેશ કરવાનો

મંગલ માર્ગ

દર્શાવ્યો છે,

તે

જૈન ધર્મને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

પૂ. પં. પ્ર શ્રી મહાનંદવિજયજી મ.ના સદુપદેશથી

**શ્રી આદિનાથ સોસાયટી જૈન ટેમ્પલ ટ્રસ્ટ**

(ટ્રસ્ટ રજીસ્ટર નં. F ૬૮૧)

આદિનાથ સોસાયટી

સતારા રોડ; પૂના-૯

## 卐 એકસો એકત્રીશમી વંદના 卐

જેણે

'જીવો અને જીવવા દો'ની

જોરદાર

ઘોષણા વડે

જગતના જીવોને

અનેરું

અભયદાન

આપ્યું છે,

તે

જૈન ધર્મને

**અમારી**

કોટિ કોટિ વંદના હો.

卐

પૂ. પં. પ્ર. શ્રી મહાનંદવિજયજી મ.ના સદુપદેશથી

**ચંદુલાલ સ્વરૂપચંદ શાહ**

અરુણા સેલ્સ એજન્સી

પ્લોટ નં. ૧૮/૧૯ રવિવાર પેઠ

પૂના-૪૧૧૦૦૨

## 卐 એકસો બત્રીશમી વંદના 卐

જેણે
મનુષ્યોના મતભેદોનું
નિરાકરણ
કરવા માટે
અનેકાન્તદૃષ્ટિ આપી છે
તથા
સ્યાદ્વાદની
સફલ ઘોષણા કરી છે.
તે
જૈન ધર્મને
અમારી
કોટિ કોટિ વંદના હે.

卐

પૂ. પં. પ્ર. શ્રી મહાનંદવિજયજી મ.ના સદુપદેશથી

**શાંતિલાલ મોરગાંવકર**
૧૬૦૬ શાહ બીલ્ડીંગ,
શુક્રવાર પેઠ-પૂના ૪૧૧ ૦૦૨
ફોન : ૪૪૫૧૯૯

## 卐 એકસો તેત્રીશમી વંદના 卐

જેણે
ભારતની ભૂમિને
ભવ્ય તીર્થોથી
મંડિત કર્યું છે
તથા
છત્રીશ હજારથી યે
વધુ
જિનમંદિરો નિર્માણ
કરીને
ભક્તિના ક્ષેત્રમાં
વિક્રમ સ્થાપ્યો છે.
તે
જૈન ધર્મને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

પૂ. પં. પ્ર. શ્રી મહાનંદવિજયજી મ.ના સદુપદેશથી

**ડી. સારાભાઈ એન્ડ બ્રધર્સ**


૯૦૧, બુધવાર પેઠ
પૂના–૪૧૧ ૦૦૨
ફોન ઓ. : ૪૪૫૨૯૯
ઘર : ૪૭૦૯૦૯

## 卐 એકસો આત્રીશમી વંદના 卐

જેણે

અઢાર દોષોથી રહિત

પરમ વીતરાગ અવસ્થાને

પામેલા

શ્રી અરિહંતદેવની

આરાધના દ્વારા

મુક્તિનો માર્ગ

સાધ્ય

બનાવ્યો છે,

તે

જૈન ધર્મને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

પૂ. પં. પ્ર. શ્રી મહાનંદવિજયજી મ.ના સદુપદેશથી

**સંઘવી પૂનમચંદ રતનચંદ બ્રધર્સ**

૪૩૭, ભીપંરૂ ચોક,

પૂના કેમ્પ–૪૧૧૦૦૧

ફોન : ૬૩૫૬૯

## 卐 એકસો પાંત્રીશમી વંદના 卐

જેણે
માનવમાત્રને
આગળ વધારવા માટે
માર્ગાનુસારીના
પાંત્રીશ નિયમો
નિર્માણ કર્યા છે
અને
ન્યાય-નીતિને
અનુસરવાનો
અનન્ય અનુરોધ
કર્યો છે.
તે
જૈન ધર્મને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

પૂ. પં. પ્ર. શ્રી મહાનંદવિજયજી મ.ના સદુપદેશથી

**શાંતિલાલ બી. શાહ**
૧૯૬, સેમ્યુઅલ સ્ટ્રીટ
ભગવાન ભુવન, મુંબઈ-૪૦૦૦૦૯
ફોન: ૩૨૫૩૫૧, ૩૨૫૭૭૨

With
Best Compliments
From :

**Indo - Nippon**
**Chemical Co. Ltd.**

Manufacturers
of

**Plasticizers**

Maker Bhavan No. 2,
18, New Marine Lines,
**BOMDAY-400 020,**

Phone : 251723
Grams : Plasticizer : Bombay
Telex : INNIPON 011(2081)

'નમો'

પદનું બટન દબાવવાથી
આત્મપ્રકાશ કરનારી
મહાવિદ્યુત્ શક્તિનો
આંતર પ્રવાહ વહેવા લાગે છે.

'નમો'

એ

રાગદ્વેષ અને મોહને
જિતવાનો મંત્ર છે.

## મે. દર્શન એન્ટરપ્રાઇઝ

ગાલા એન્ડ ગાલા

卐

ભાગીદારો :

વીરજી ગાલા — દેવજીભાઇ ગાલા
વસંત ભેદા — ગિરિશ કાપડિયા

૪૧૦/૪૧૧/૪૧૨ નવરત્ન બીલ્ડીંગ,
પી. ડી'મેલો રોડ,
કર્નાક બંદર, મુંબઇ-૪૦૦૦૦૯
ફોન નં. ૩૨૬૫૧૧, ૩૪૭૦૨૧, ૩૪૧૧૯૫.

# ઉત્તમ વસ્તુભંડાર

૩ રેખાવાળા દક્ષિણાવર્ત વિષ્ણુશંખ
વિધિ વિધાન કરેલા દરેક ધર્મના ૪૦
પ્રકારના ૩ ઇંચથી માંડી ૨૬ ઇંચ
સુધીના—શિયાલશૃંગી, હાથાજોડી.
એકમુખી રુદ્રાક્ષ, એકાક્ષી શ્રીફલ
તથા જૈન ધર્મનાં ઉપકરણો—મંદિર
ઉપાશ્રયને ઉપયોગી દરેક ધર્મની
વસ્તુઓ મળશે.

પ્રાપ્તિસ્થાન :

## ઉત્તમ વસ્તુભંડાર

ધાર્મિક ઉપકરણો વેચનાર

**પ્રો. વર્ધમાન એસ. શાહ**

20.–Lawyer Chinne Taambi St.
MADRAS 79. pin 600079

# અમારે ત્યાંથી મળતા યંત્રો

**પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ ભગવાનના યંત્રો**

(૧) **શ્રી ચિંતામણિ યંત્ર**—આપત્તિ નિવારણ તથા અભિષ્ટસિદ્ધિ માટે ૩½"×૩½" ત્રાંબાના જાડા પતરા પર. સાદો ૧૧૦, અભિ. ૧૭૫, સ્પે. રૂા. ૩૦૦.

(૨) **શ્રી કલિકુંડ પાર્શ્વનાથ યંત્ર**—શત્રુ નિગ્રહ માટે અકસીર. ૩½"×૩½" સાદો રૂા. ૧૧૦, અભિ. રૂા. ૧૭૫, સ્પેશ્યલ રૂા. ૩૦૦.

**મહાદેવી શ્રી પદ્માવતીના યંત્રો**

(૩) **શ્રી પદ્માવતીનો સૌભાગ્ય આકર્ષણ યંત્ર**—ઈષ્ટપતિ તથા પત્નીની પ્રાપ્તિ માટે અકસીર. ૩½" × ૩½" સાદો રૂા. ૧૧૦, અભિમંત્રિત રૂા. ૧૭૫, સ્પેશ્યલ રૂા. ૩૦૦.

(૪) **પદ્માવતી ઋદ્ધિ - સિદ્ધિ - જયકર યંત્ર**—ઋદ્ધિ-સિદ્ધિની પ્રાપ્તિ માટે તથા કોઈ પણ કાર્યમાં જય મેળવવા માટે અકસીર. ૩½"×૩½" સાદો રૂા. ૧૧૦, અભિમંત્રિત રૂા. ૧૭૫, સ્પે. રૂા. ૩૦૦.

(૫) **શ્રી મહાલક્ષ્મી પદ્માવતી યંત્ર**—લક્ષ્મીની વૃદ્ધિ માટે ઉપયોગી. ૩½" × ૩½" સાદો રૂા. ૧૧૦, અભિમંત્રિત રૂા. ૧૭૫, સ્પે. રૂા. ૩૦૦.

મોટી સાઈઝના સોનેરી ઢાળવાળા યંત્રો ખાસ ઓર્ડરથી બનાવવામાં આવે છે.

(૬) **શ્રી પદ્માવતી સર્વભય હર યંત્ર**—દરેક પ્રકારના ભયના નિવારણ માટે ઉપયોગી. ૩½"×૩½" સાદો રૂા. ૧૧૦, અભિમંત્રિત રૂા. ૧૭૫, સ્પે. રૂા. ૩૦૦.

(૭) **શ્રી પદ્માવતી સર્વરોગ હર યંત્ર**—રોગનિવારણ માટે ઉપયોગી. ૩½" × ૩½" સાદો રૂા. ૧૧૦, અભિમંત્રિત રૂા. ૧૭૫, સ્પે. રૂા. ૩૦૦.

(૮) **શ્રી સિદ્ધચક્ર મહાયંત્ર**—શાંતિ, તૃષ્ટિ, પુષ્ટિ માટે અકસીર. ૫¼"×૪" સાદો ૧૨૦, અભિ. ૨૦૦.

(૯) **શ્રી ઋષિમંડલ મહામંત્ર**—શાંતિ, તૃષ્ટિ, પુષ્ટિ માટે અકસીર. ૫¼"×૪" સાદો ૧૨૦, અભિ. ૨૦૦.

(૧૦) **હ્રીંકાર પટ**—સૌભાગ્યની વૃદ્ધિ કરનાર ૩½"× ૩½" સાદો રૂા. ૧૧૦, અભિમંત્રિત રૂા. ૧૭૫, સ્પે. રૂા. ૩૦૦.


**પ્રાપ્તિસ્થાન :**

## નરેન્દ્રકુમાર ડી. શાહ

સરસ્વતી સદન, બીજે માળે,
૧૧૩-૧૫ કેશવજી નાયક રોડ, મુંબઇ-૪૦૦ ૦૦૯.

## શતાવધાની પંડિતશ્રી ધીરજલાલ ટોકરશી શાહે રચેલું

### પ્રાણવાન પ્રતિષ્ઠિત સાહિત્ય

[તા. ૧-૮-૮૪થી નીચેના ભાવો અમલમાં છે.]

| | | |
|---|---|---|
| ૧ | ૐકાર-ઉપાસના (ત્રીજી આવૃત્તિ) | ૧૨-૫૦ |
| ૨ | હ્રીઁકાર-ઉપાસના (ત્રીજી આવૃત્તિ) | ૧૨-૫૦ |
| ૩ | મંત્રદિવાકર (ત્રીજી આવૃત્તિ) | ૨૫-૦૦ |
| ૪ | જપ-ધ્યાન-રહસ્ય (બીજી આવૃત્તિ) | ૧૨-૫૦ |
| ૫ | આત્મદર્શનની અમોઘવિદ્યા | ૧૫-૦૦ |
| ૬ | અર્હં મંત્રોપાસના | ૧૫-૦૦ |
| ૭ | મહા પ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર (ત્રીજી આ.) | ૨૦-૦૦ |
| ૮ | શ્રીપાર્શ્વ-પદ્માવતી-આરાધના (ચોથી આવૃત્તિ) | ૧૫-૦૦ |
| ૯ | શ્રીજિનભક્તિકલ્પતરુ | ૧૫-૦૦ |
| ૧૦ | જૈનચરિત્ર-કથામાલા (પ્રથમ શ્રેણી) | ૧૨-૫૦ |
| ૧૧ | લક્ષ્મીકૃપા | ૨૦-૦૦ |
| ૧૨ | ભક્તામર રહસ્ય (ત્રીજી આવૃત્તિ) | ૩૦-૦૦ |
| ૧૩ | શ્રીપદ્માવતી પ્રસન્ન | ૩૦-૦૦ |
| ૧૪ | નમસ્કારમંત્રસિદ્ધિ (પાંચમી આવૃત્તિ) | ૨૦-૦૦ |

### અમૃતમહોત્સવ-પ્રકાશન

| | | |
|---|---|---|
| ૧૫ | ભારતની એક વિરલ વિભૂતિ શ્રી ધીરજલાલ શાહ | ૧૫-૦૦ |

—: પ્રાપ્તિસ્થાન :—

૦ ૦ ૦ નરેન્દ્ર પ્રકાશન ૦ ૦ ૦

સરસ્વતીસદન, બીજે માળે,

૧૧૨-૧૫, કેશવજીનાયક રોડ, ચીંચબંદર, મુંબઈ-૪૦૦ ૦૦૯.

આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ-૩૮૦ ૦૦૧